તત્ત્વજ્ઞાન વિષયક ૩૫૦ સવાલ-જવાબનો સંગ્રહ

# પ્રશ્નોતર રત્નમાલા

## ભાગ - ૨




સુબોધી સતીશ મસાલીયા.....

## પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨ ચોથી આવૃત્તિના ૨૦૦૦ પુસ્તકોના લાભાર્થી



(૧)
રૂપલબેન ઉદયનભાઈ
ઈશ્વરલાલ પારેખ
ગામ- જામનગર
હાલ - સાંતાક્રુઝ (મુંબઈ)



(૨)
સ્વ. માતુશ્રી શારદાબેન
મનહરલાલ મહેતા
પરિવાર





(૩)
શાંતાબેન ચત્રભૂજભાઈ ઘેટીવાલા
તથા
ચંદ્રાબેન લહેરચંદભાઈ મહુવાવાળા

(૪) સુશીલાબેન સેવંતીલાલ શાહ – બેંગકોક

(૫) ચંદુલાલ રાયચંદ દોશી –
હ.: જાગૃતિ શૈલેશભાઈ જોગાણી U.S.A.

(૬) સ્વ. પદ્માબેન કાંતિલાલ શાહ –
હ.: લીના ચંદ્રકાંત શાહ U.S.A.

(૭) સ્વ. મંજુલાબેન છગનલાલ શાહ –
હ.: નિપૂર્ણાબેન પ્રકાશચંદ્ર શાહ U.S.A.

(૮) નલીનીબેન શાહ U.S.A.

(૯) સ્વ. જીતેન્દ્રભાઈ કલ્યાણભાઈ રાવ –
હ.: સોનલ જીતેન્દ્ર રાવ – અમદાવાદ

(૧૦) બીના શીરિષ દેસાઈ પરિવાર તરફથી

(૧૧) જ્યોતિષ મોતીલાલ શાહ

(૧૨) Vatsal Pallav Kirit Makani

(૧૩) મુકેશ ચીમનલાલ ગાંધી

(૧૪) હર્ષિદાબેન ભરતભાઈ મહેતા

(૧૫) પાંચ સુશ્રાવક તરફથી

તત્વજ્ઞાન વિષયક ૩૫૦ સવાલ-જવાબ નો સંગ્રહ

# પ્રશ્નોત્તર રત્નમાલા

## ભાગ - ૨

લેખિકા : સુબોધી સતીશ મસાલીયા ...

રાધનપુરવાળા

આવૃત્તિ ચોથી | કિંમત વિનામુલ્ય | પ્રત ૨૦૦૦

**પ્રાપ્તિ સ્થાન**

**સુબોધી સતીશ મસાલીયા :** સૌરભ એપાર્ટમેન્ટ, ફ્લેટ નં.૧, કાર્ટર રોડ નં.૫, સ્વાગત હોલની બાજુની ગલીમાં, બોરીવલી (ઈસ્ટ). મો.: 8850088567 / 9892163609 (**પુસ્તક માટે 8850088567 નંબર પર whatsapp કરો**)

**બાબુભાઈ મફતલાલ પારેખ :** ૫૦૨/૫૦૩, દ્વારકા બિલ્ડીંગ, થાનાવાલા લેન, શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર પાસે, વિલેપાર્લા (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૭. ફોન : 26176794 મો.: 9870986020 / હિમાંશુભાઈ 9892213206

**જતિન એમ. મસાલીયા / ઋત્વિક નાણાવટી :** તપોવન સંસ્કૃત પાઠશાળા, ઓફિસ નં. 2, આયંબિલ ભવન, પહેલા માળે, જનતા વેફર્સની ઉપર, દફતરી રોડ, મલાડ (ઈ), મુંબઈ - 400097. મો.: 9820326110 સમય : 10 થી 6.

**હિતેશ એમ. સંઘવી :** ૧૦૦૫, નાડિયાવાડ, લુંસાવાડ, દરિયાપુર, અમદાવાદ- ૩૮૦૦૦૧. મો.: 9429461594 / 8320641461 (**બહારગામ કોઈને પુસ્તક જોઈતું હોય તો હિતેશભાઈ સંઘવીનો સંપર્ક કરવો**)

**નીપા જયેશ ઝવેરી :** ૩/સી, મંગલદાસ બીલ્ડીંગ, ત્રીજે માળે, રૂમ નં.૩૧૯, જામનગર ફરસાણ વાળાની સામે, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૨, મો. 9137107139

## પ્રાપ્તિ સ્થાન

**મીનાબેન દસરડા :** એ-૪૦૧, શ્રધ્ધાસુમન બિલ્ડીંગ, મંડપેશ્વર રોડ, ગોકુલ હોટલની સામે, બોરીવલી ફોન : 28918350 / 9821116250

**ધર્મેશ દિનેશભાઈ પારેખ :** A/604, શાલીભદ્ર એપાર્ટમેન્ટ, પંચેશ્વર ટાવર રોડ પાસે, ત્રિશલાજી ભાજી સામે, જામનગર - 361001 મો.: 98252 64829

**જતીન મનહરલાલ મહેતા :** B/1103, આરાધ્ય વન, પેસ્ટન સાગર રોડ નં.૧, અમન મહલ, ચેમ્બૂર, મુંબઈ - 400089 મો.: 75062 42815

**ચંદ્રકાંત કાંતીલાલ શાહ :** 46, રીજ રોડ, રેખા કો.ઓ.હા.સો., બીલ્ડીંગ નં.૧, ફ્લેટ નં.૧/૧બી, ગ્રાઉન્ડ ફ્લોર, વાલકેશ્વર, મુંબઈ - 400006. મો.: 98211 45551 / R.: 2362 5098

**આરતી મહેતા :** 2B/173/174, કલ્પતરૂ, એલ.બી.એસ.રોડ, આર.સીટી મોલની સામે, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - 86. મો.: 92235 76811

**વિકાસ હંસરાજ નાગદા :** 005, શ્રી તુળજાઈ સોસાયટી, સમજ મંદિર હોલની બાજુમાં, ટિલક વિદ્યામંદિર રોડ, ટિલક નગર, ડોમ્બિવલી પૂર્વ, પિન કોડ - 421201. મો.: 8879201007

**સમીર કાંતિલાલ શાહ :** M-14, પારેખ કોમ્પલેક્ષ, નવાપુરા કારવા રોડ, ચોકસી બાજાર, ભાગેલ, સુરત. મો.: 9374049534

**અરૂણા જ્યોતિન્દ્ર શાહ :** 302, લવકુશ એપાર્ટમેન્ટ, મકાનજી પાર્કની બાજુમાં, જય અંબે રોડ, સુરત. મો.: 09825693467

**જૈન મંદિર :** R-1, C-2, વસંતકુજ, વસંત વાટિકા પાર્કની સામે, કામ્યુનિટી સેંટર પાસે, ન્યુ દિલ્લી - 110070. મો.: 9320306187 / 9820306187

**દીપિકા વીરેન દોશી :** દર્શિલ, ૧ મહાવીર સોસાયટી, નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ, મો.: 9428157737 ઘર : 0281-2459122

**હીના કામદાર :** H2 - 401, હર્ષ પેરેડાઈઝ, નાગરસ રોડ, ઔંધ, પુણે - 411007. મો.: 9921513345

**દુબઈ : શ્રેયશ મસાલીયા :** +971506402282
**સ્મીતા મહેતા :** +971504831290

**જેમને ત્યાં બુક લેવા જાવ તેમને ફોન કરી કન્ફર્મ કરી ટાઈમ લઈને જવું.**

# પ્રસ્તાવના

**બહુ નાની ઉંમરમાં સિધ્ધિના શિખર સર કરનાર, સૌમ્ય સ્વભાવી, દીર્ઘદ્રષ્ટિ ધરાવનારા વિદ્વાન શ્રી ડૉ.સેજલબેન શાહ, જે મુંબઈ જૈન યુવક સંઘનું મોભાદાર સામાયિક ''પ્રબુધ્ધ જીવન''ના માનદ્ તંત્રી છે. પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨નું વિમોચન એમના શુભહસ્તે થયું છે. એમની શુભભાવના તથા શુભ પરમાણું આત્માના ઉત્કર્ષમાં નિમિત્ત બનો.)**

**ડૉ. સેજલ શાહ**

રત્નમાલા રત્નોનો ઢગ : આત્માને પ્રકાશિત કરતો પૂંજ છે. આજના સમયમાં ધર્મ છે. પણ એનો સંચાર ક્યાંક લુપ્ત થઈ ગયો છે, પોથીના શબ્દો સહુ માટે અઘરા અને પહોંચ બહાર બન્યા છે. ત્યારે મૂંઝવણનો ઉકેલ ક્યાં મેળવવો ? કેટલીયે ભ્રમણાઓ મનને ઘેરી વળે છે. ત્યારે પ્રશ્ન લઈને ક્યાં જવું ? જીવનને મોક્ષનો અર્થ આપવાની અભિલાષા છે પણ મોક્ષનો મારગ ખબર નથી. રોજીંદા જીવનમાં જીવાતા કર્મોનો ઓછામાં ઓછો ભાર સહન કરવો પડે એમ ઈચ્છા છે. પણ કર્મનો ભાર ઓછો થતો નથી. કર્મના ચક્રવ્યુહમાં ફસાયા જ કરીએ છીએ. ત્યારે આ કપરા સમયમાં મનના અંધારાને દૂર કરવા માટે જ્ઞાનનો પ્રકાશ લાવતું એક મહત્વનું પુસ્તક મળે છે, સુબોધીબેન મસાલીયા દ્વારા, 'પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨.'

સુબોધીબેન મસાલીયા ખૂબજ વિદ્વાન અને ધર્મ-તત્ત્વના જાણકાર છે. અહીં તેમણે તત્વજ્ઞાન વિષયક મુંઝવણને ખુબજ સરળ શબ્દોમાં 'પ્રશ્નોત્તર રત્નમાલા' નામ હેઠળ મુકી સવાલ-જવાબના સ્વરુપે પ્રકાશ ફેલાવ્યો છે. આ સવાલો માત્ર રોજીંદી ક્રિયા ઉપરાંત મહત્વના જૈન પરિપ્રેક્ષ્યને ઉજાગર કરી આપે છે. આ સવાલો તો એક પ્રકાશ છે, જ્ઞાન અને આત્માને સમજવાનો. એમાં જેમ જેમ આગળ વધીએ છીએ ત્યારે ધર્મના સૂક્ષ્મ તત્વને ઉજાગર કરતાં અનેક નવા સંદર્ભો અહીંથી મળી આવે છે. સુબોધીબેનની ભાષામાં સરળતા છે, અને વિષયની ઉંડી સૂઝ છે. એટલે વ્યવહાર જીવનના અનેક ઉદાહરણો આપી વાતને સ્પષ્ટ કરી આપે છે. સુબોધીબેન જેવા જ્ઞાની સાથેનો મારો પરિચય મારા કોઈ સારા કાર્યની ફળશ્રુતિ રૂપે નિશ્ચિત હશે. વધુ ગાઢ પરિચય 'પ્રબુધ્ધ જીવન' સામયિકને કારણે થયો. પ્રબુધ્ધ જીવનના વાચકો તેમના જ્ઞાનથી ખૂબજ સમૃધ્ધ થતા રહ્યા છે. સુબોધીબેને પ્રબુધ્ધ જીવનમાં લેખના મણકાઓ આપ્યા. તેને કારણે વાચકોને સંતોષ અને આત્માને સમજવાનો મારગ મળ્યો છે. વાચકો ત્યારથી પ્રશ્નોત્તર ભાગ-૨ની આતુરતાપૂર્વક રાહ જોતા હતા. આ પુસ્તકમાં આત્માને સમજવાની, જાતને

સમજવાની, સ્થિર કરવાની અનેરી રીત મળી આવે છે. પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧થી લોકોમાં ખૂબ જાગરૂકતા અને સમજ લાવવાનો પ્રયત્ન કર્યો, અને લોકોને રસ પણ પડ્યો. એટલે સ્વાભાવિક રીતે જ લોકોની અપેક્ષા આ પુસ્તક અંગે વધે પણ આનંદની વાત એ છે કે લોકોની જીજ્ઞાસા સંતોષવામાં આ પુસ્તક ક્યાંય પાછું પડશે નહિ.

આમ તો સુબોધીબેનની સાદગીને કારણે અનેક વ્યક્તિ તેમની પાસે આવીને પોતાના તત્વ વિષયક પ્રશ્નો પૂછતી હોય છે. તેમના વિચારોમાં મૂળને ઉંડાણથી સમજવાની શક્તિ છે. દરેક ક્રિયાનું કોઈક પરિણામ અને ફળ હોય. પરંતુ એ ક્રિયાનો ઉદેશ્ય પણ સ્પષ્ટ હોવો જરૂરી છે. બીજી વાત કે જે ક્રિયા કે વ્યવહાર કરીએ છીએ તેની પાછળ સમજ અને મનનો ભાવ ક્યો છે? બંને બાબત અત્યંત આવશ્યક છે. જો જીવનમાં એકવાર કર્મને નિર્જરવાને આત્માને સ્થિર કરવા માટેનો માર્ગ જાણી જાવે પછી મોટા ભાગના વિઘ્નો સાથે લડવાની , ફાવટ આવી જતી હોય છે.

સુબોધીબેન સાથે રહેવું એટલે જીવનને વધુને વધુ શુધ્ધ કરીને રહેવું. તેઓ માત્ર જ્ઞાન નહિ પણ તેનો જીવનમાં વ્યવહારિક ઉપયોગ કરવા સુધીની વાત લઈને આવે છે. તેમણે પોતે પોતાના જીવનનો આચાર પણ એવોજ રાખ્યો છે. ખૂબજ નિર્મળ અને નિર્મોહી જ્ઞાન અને શુધ્ધ ક્રિયા સિવાય સંસારના મોટાભાગના મોહથી નિવૃત્તિ લઈ લીધી છે. પરંતુ સાથે સંસારની પ્રત્યેક જવાબદરી ખૂબજ નિષ્ઠાથી અને મનને મુક્ત રાખીને બજાવી છે. તેમની સાથે જોડાવું એટલે જ્ઞાનના એક ઉપક્રમને જીવનનો ભાગ બનાવવો. આવી વિદ્વાન વ્યક્તિ આજે આ પુસ્તક આપી સમગ્ર સમાજ અને પ્રજા પર બહુ મોટો ઉપકાર કરી રહી છે. તેમણે તો પોતાની સાથે અનેક જીવ ને તારવાની અને તરવાની ચાવી આ પુસ્તકમાં આપી છે. આ પુસ્તક આજે અનેક ગ્રંથાલય અને લોકોના ઘરમાં પહોંચીને તેમને ઘેરબેઠા ગંગા મળ્યાનો અનુભવ કરાવે તો નવાઈ નહિ. 'પ્રશ્નોત્તર રત્નમાલા' એ તો ખરા અર્થમાં રત્નોનો ઢગ જ છે. આ રત્નની આધ્યાત્મિકતા જીવને / આત્માને જે આપશે તેનું મુલ્ય અનેરૂં છે.

**સેજલશાહના પ્રણામ**
તંત્રી - ''પ્રબુધ્ધ જીવન''
M.A. Ph.D (ગુજરાતી સાહિત્ય)
મણીબેન નાણાવટી કોલેજમાં
ગુજરાતી વિભાગના અધ્યક્ષ

## શુભેચ્છા...અનુમોદના...અભિનંદન...

**(જેની કોઈ ઉપમા ન આપી શકાય એવા અનોપચંદભાઈ જેના દિલમાં હંમેશ પરોપકારની ભાવનાજ રમતી હોય, જેની દીર્ઘદ્રષ્ટિની કોઈ તુલના થઈ શકે એમ ન હોય, જેના હૃદયમાં કરૂણાના ઝરણા વહેતા હોય, જેની દૃષ્ટિમાં અમીદૃષ્ટિ હોય, અનોખી સુઝબુઝ ધરાવતા પોતાની વિલક્ષણ બુધ્ધિથી લોકોની તકલીફો દૂર કરવા હંમેશ તત્પર હોય, જેનામાં ક્યારેય દંભ, આડંબર કે મોટાઈ જોઈ નથી. એવા મુરબ્બી શ્રી અનોપચંદભાઈ શાહના શુભ હસ્તે પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ નું વિમોચન થયેલું જે તેમના શુભ આશીર્વાદથી ખૂબજ લોકપ્રિય બન્યું)**



સુશ્રાવિકા - વિદ્વાન લેખિકા - તત્ત્વજ્ઞાનના અભ્યાસુ એવા - સુબોધીબેનનું બીજુ પુસ્તક ''પ્રશ્નોત્તર રત્નમાલા - ભાગ ૨'' પ્રકાશિત થઈ રહ્યું છે આવા જ્ઞાનસભર પ્રકાશનોની આજના સમયને તાતી જરૂરિયાત છે. ''પ્રશ્નોત્તર રત્નમાલા - ભાગ ૧''ની ૧૧ આવૃત્તિઓ પ્રકાશિત થઈ - માત્ર ૧૦ વર્ષના સમયગાળામાં. આ પુસ્તકની આજ તો સાચી ઓળખ અને સખત સમજણ છે.

ગહન વિષયને પણ સરલ બનાવી સમાજ સમક્ષ મૂકવા માટેના - સુશ્રાવિકા સુબોધીબેને કરેલા પ્રયાસો કદાચ આ યુગમાં - આ સમયમાંજ નહિ પરંતુ આવતા અનેક વર્ષો સુધી માત્ર જૈન સમાજને જ નહિ - સમગ્ર વિશ્વને માટે યાદગાર બની રહેશે.

વિવિધ ગહન વિષયોના સવાલોના તેઓએ આપેલા જવાબો માત્ર બાળકો માટેજ કે શ્રાવકો માટેજ ઉપયોગી છે તેમ માનવું કે કહેવું ''અધુરાપણા''ની નિશાની છે. અભ્યાસુ સાધુ-સાધ્વીજી ભગવંતો માટે બે-ચાર પુસ્તકોના અભ્યાસમાંથી મળતુ જ્ઞાન - સમજ કદાચ આ એકજ પુસ્તકમાંથી મળી જશે.

સુશ્રાવિકા સુબોધીબેનને શુભાશિષ આપીએ કે તેઓના માધ્યમથી ''જીવતત્ત્વદર્શન'' વિષે આવતા વર્ષોમાં જૈન સમાજને આવુ ને આવુ સાહિત્ય મળતુ રહે. ખૂબ ખૂબ અભિનંદન - અનુમોદના - શુભેચ્છા.

**અનોપચંદ શાહ** - ભૂતપૂર્વ મેમ્બર ઓફ પાર્લામેન્ટ
તંત્રી - ''ઝાલાવાડ જૈન દર્શન'' - ''વઢવાણ મિત્ર મંડળ'' પત્રિકા

**(હિતેશભાઈ ''પંચઘોળ સમાજ દર્પણ'' પત્રિકાના તંત્રી છે. હૃદયમાં ખૂબ અત્યંત જ્ઞાનભક્તિ રહેલી છે. આ બંને પુસ્તકોનું વિતરણ વધુમાં વધુ લોકો સુધી પહોંચે એ જાણે એમનું ધ્યેય બનાવી લીધું છે. અત્યંત બીઝી લાઈફમાં પણ ઓલઓવર ઈંડીયામાંથી કોઈપણ પુસ્તક મંગાવે તેને કુરીયરથી પણ મોકલી આપે છે. સાધુ-સાધ્વીજી ભગવંતોને વિનયપૂર્વક પહોંચાડે છે. હિતેશભાઈની ખૂબ ખૂબ અનુમોદના)**



''પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ તથા ભાગ-૨'' બંને મળીને ૭૦૦ સવાલ તથા તેના આગમો દ્વારા ફલિત થતા જવાબો લોકભોગ્ય ભાષામાં આપવા એ બહુજ અઘરૂં કામ શ્રીમતી સુબોધીબેને સફળતાપૂર્વક કર્યું છે. આ પુસ્તકની લોકપ્રિયતા ભારતના સીમાડા વટાવી ચૂકી છે.

જે લોકો કર્મકાંડથી ઉપર પહોંચી ગયા છે એમને જાણવા માટે આવા સાધનોને સાધ્યોની ખાસ જરૂર છે. અને સુબોધીબેનનું જે આ પુસ્તક છે બંને ભાગ એ લોકોને એટલા બધા મદદરૂપ થાય છે કે જેની કોઈ સીમા નથી. આ પુસ્તકો વાંચનારના અનુભવોનું પણ એક આખું પુસ્તક બની શકે એમ છે. નવી ટેક્નોલૉજીથી બંને પુસ્તકો આંગળીના ટેરવા ઉપર વાંચી શકો છો. આ પુસ્તકની EPUB File કે PDF માટે સુબોધીબેનને ૮૮૫૦૦૮૮૫૬૭ નંબર ઉપર whatsapp કરો. સુબોધીબેનનું જ્ઞાન પ્રસારનું શાસન સેવાનું આ કાર્ય અત્યંત અનુમોદનીય છે.

**બહારગામ કોઈને પુસ્તક જોઈતું હોય તો હિતેશભાઈનો સંપર્ક કરવો.**

**મો.: 9429461594 / 8320641461**

**હિતેશભાઈ સંઘવી (અમદાવાદ)** તંત્રી - પંચઘોળ સમાજ દર્પણ

Treasurer 'Indian Epilepsy Association - Ahmedabad

**(શ્રી ભૂપેન્દ્રભાઈ મહેતા ''જૈન પત્રકાર સંઘ''ના પ્રમુખ, બીજી કેટલીયે સંસ્થામાં માનભર્યું સ્થાન ધરાવે છે. છતાં ખૂબજ સરળ-આડંબર રહિત હંમેશ અન્યને મદદરૂપ થવાની ભાવનાવાળા છે. પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ હિન્દીનું વિમોચન ભૂપેન્દ્રભાઈના શુભહસ્તે કરવામાં આવ્યું. એમની શુભાશિષ વાચકોને પથપ્રદર્શક બની રહો.)**



સુબોધીબેનનું પ્રથમ પુસ્તક ''પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧''ની માંગ જૈનોના ચારેય સંપ્રદાયમાં ને સાધુ-સાધ્વીજી ભગવંતોમાં પણ એટલી રહી. વિદેશમાં પણ લોકોએ ખૂબજ પસંદ કરી. ઘણાં લોકોના જીવનમાં પરિવર્તન આવ્યું. પ્રશ્નોતર રત્નમાલા ભાગ-૨ના પ્રશ્નોના ઉત્તરો પણ અત્યંત તાર્કિક, બુધ્ધિગમ્ય, હૃદયસ્પર્શી અને સમાધાન કારી છે. સાથે નવી બુધ્ધિશાળી પેઢીને સ્વીકાર્ય બને તેવા છે. સમભાવી દેવી નાંણદેવીમાંના મુખેથી ઝરેલી અમૃતવાણી જીવન જીવવાની ટોચ પર લઈ જાય છે. સુબોધીબેનનો આ પ્રયાસ અનેક લોકોની મુંઝવણનું તત્વની જીજ્ઞાસાનું સમાધાન કારી બની રહો એજ શુભેચ્છા.

**ભૂપેન્દ્રભાઈ મહેતા**

**પ્રમુખ :** ''જૈન પત્રકાર સંઘ'' ઓલ ઈંડિયા હ્યુમન રાઈટ્સ

# અનુવાદક પ્રત્યે ભાવાભિવ્યક્તિ

**(પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ ની હિન્દી સંસ્કરણનો પૂરેપૂરો લાભ શ્રીમતી મીનાબેન ભંવરલાલ દસરડાએ લીધેલો એ શ્રુતભક્ત પરિવારની ભૂરી ભૂરી અનુમોદના કરૂં છું. મીનાબેનને મેં વાત કરી કે તમારા મારવાડી સમાજમાં, કોલેજીયનોમાં, દુબઈમાં, ફોરેનમાં બધેજ હિન્દી બુકની માંગ છે માટે આ વખત ભાગ-૨ હિન્દી ગુજરાતી બંને બુક સાથે જ છપાવવી છે. મીનાબેને સહર્ષ કહ્યું કે ''હું હિન્દી ભાષાંતર કરી આપીશ.'' મીનાબેનનો હિન્દી-ગુજરાતી બંને ભાષા પર સારૂં એવું પ્રભુત્વ છે. એમણે પોતાના વ્યસ્ત જીવનમાં પણ થોડો થોડો સમય કાઢીને હિન્દી અનુવાદકનું કાર્ય કર્યું તે બદલ તેમનો અંતરનાય અંતરથી આભાર વ્યક્ત કરૂં છું. મીનાબેનનો અનુભવ એમનાજ શબ્દોમાં જાણીએ.)**



પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨નું હિન્દી રૂપાંતર મારા જીવનની એક અમુલ્ય નિધિ છે. લેખિકા સુબોધીબેને અથક પરિશ્રમથી આ પુસ્તકને તત્વરત્નોથી ભર્યું છે. મારા કોઈક પુણ્યુનુબંધી પુન્ય ના સંયોગથી મને આ પુસ્તકનું હિન્દી અનુવાદનો સોનેરી અવસર મળ્યો.

**''કરત કરત અભ્યાસસે જડમતિ હોય સુજાણ''** કબીરદાસજીની આ ઉક્તિ મારા પર ચરિતાર્થ થઈ રહી છે. અને લેખન કાર્ય કરતાં કરતાં મારા વિચારો, ભાવનાઓ, માન્યતાઓ, વૃત્તિયોમાં શુભ પરિવર્તન આવ્યું છે. એટલા માટે આશા રાખું છું કે પાઠકગણ આ પ્રશ્નોત્તરી રત્નમાલા ભાગ-૨નું વાંચન કરે ચિંતન મનન કરે અને પોતાના આત્માને દોષમુક્ત બનાવવાનો પ્રયત્ન કરે. એજ પ્રભુને પ્રાર્થના.

પ્રશ્નોત્તર રત્નમાલાના ભાગ-૧ને પાઠકો દ્વારા જે અનુમોદન મળ્યું એના પ્રેરણારૂપજ ભાગ-૨નું પ્રકાશન થયું છે. ગુજરાતીની સાથેસાથે હિંદી સંસ્કરણની પણ એટલી જ માંગ રહી છે. ફોન દ્વારા વાંચકોએ આ પુસ્તકને જૈન ધર્મના તત્વનો ખજાનો કહ્યો છે અને લેખિકાની પણ ખૂબ ખૂબ અનુમોદના કરી છે.

**મીનાબેન દસરડાના જયજીનેન્દ્ર.**

# અભ્યર્થના



**(જીતુભાઈ ખૂબજ મહેનતુ સ્પષ્ટવક્તા પત્રકાર છે. મારા દરેક લેખનમાં એમનો ખૂબજ સાથ સહકાર અને પ્રેરણા રહ્યા છે.)**

લગભગ છેલ્લા ૧૫ વર્ષથી શ્રીમતી સુબોધીબેન મસાલિયાના જ્ઞાનસભર લેખો મારા માસિક મુખપત્ર 'રાધનપુર જૈન દર્શન'માં અવિરતપણે પ્રગટ થઈ રહ્યાં છે. દર મહિને વાંચકોને એમના લેખ વાંચવાની આતુરતા હોય છે. તત્વજ્ઞાન શબ્દ સાંભળીને બહુ ભારે લાગે છે. પરંતુ એમના લેખ એટલા સરળ, સચોટને સુંદર ભાષામાં રજૂ થાય છે કે દરેકના મગજમાં સરળતાથી ઉતરી જાય છે. સાધુ-સાધ્વીજી ભગવંતો પણ એમના લેખ વાંચવા માટે મંગાવતા આવા સુંદર લેખનો સંગ્રહ પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨. એ ખરેખર ધર્મની રૂચીવાળાને દીવાદાંડી રૂપ બની જશે. શ્રીમતી સુબોધીબેન એમના જ્ઞાનની લ્હાણી ચીરકાળ સુધી કરતા રહે એવી અભ્યર્થના...

**જીતેન્દ્રભાઈ વિરવાડીયા** તંત્રી - રાધનપુર જૈન દર્શન

---

**(અમેરિકા સ્થિત લીનાબેન જૈન તત્વજ્ઞાનમાં ઉંડો રસ ધરાવે છે. સુબોધીબેન સંચાલિત ''પ્રવચન ગ્રુપ''** (Whatsapp Group **માં) ધર્મચર્ચામાં સારો એવો ભાગ લે છે હૃદયમાં અત્યંત જ્ઞાનભક્તિ અને અન્યને મદદરૂપ થવાની ભાવનાવાળા લીનાબેન અમેરિકામાં બેનોને સ્વાધ્યાય પણ કરાવે છે)**

લીનાબેનનો અભિપ્રાય એમના શબ્દોમાં......

પૂજ્યશ્રી સુબોધીબેનના Podcast સાંભળવાનો મને ચાન્સ મળ્યો. એ પછી Whatsapp Group માં જોડાણ થયું એમની સહાયથી મને બંને પુસ્તકોની (પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ - ૧-૨) પ્રાપ્તિ થઈ. એમના તત્વજ્ઞાનની ઉંડાણથી સમજ અને સરળભાષામાં સમજાવવાની શૈલીએ જાણે જ્ઞાનના રત્નનો ઢગલો પીરસી દીધો છે. એમના જ્ઞાનની ખૂબ ખૂબ અનુમોદના. પ્રભુ એમને દીર્ઘાયુ બક્ષે અને આપણને બધાને એમના જ્ઞાનની ગંગાનો પ્રવાહ મળતો રહે એજ પ્રભુ પાસે પ્રાર્થના.

એમના બંને પુસ્તકો અમારા Allentown ના સ્વાધ્યાય ગ્રુપને ખૂબજ ઉપયોગી નિવડશે. એવી શ્રધ્ધા સાથે શુભ ભાવના......

**લીના શાહ (U.S.A.) અમેરિકા**
**Samayik Swadhyay group of Allentown**

## પ્રશ્નોત્તરી દ્વારા શ્રુતભક્તિ

**(ડૉ.હસમુખભાઈ એટલે હમેશા હસતો ચહેરોજ જોવા મળે. વ્યવસાયે ડોક્ટર હોવા છતાં જૈન તત્વજ્ઞાનના ઉંડાણથી જાણકાર તથા તત્વજ્ઞાનમાં ખૂબજ રસ ધરાવનાર, એવા શાંત-સરળ સ્વભાવી શ્રી હસમુખભાઈનો અભિપ્રાય જાણીએ)**



શ્રાવિકા સુબોધીબહેન મસાલીયા તરફથી પ્રશ્નોત્તર માલા ભાગ-૨ તત્વજ્ઞાન આપતું પુસ્તક અવલોકનાર્થે પ્રાપ્ત થયું છે. સ્વ પર હિત એ તેમનું લક્ષ્ય સ્પષ્ટ સમજાય છે. જ્ઞાનધર્મનું ફળ અતિ વિશિષ્ટ પ્રકારનું હોય છે. આજના કાળમાં પૂર્વાચાર્યો પ્રણિત અનેક શાસ્ત્રો સામાન્ય જ્ઞાન ધરાવતા લોકો સમજી શકતા નથી; તેવા કાળમાં આ પુસ્તક પ્રકાશનું એક કિરણ આપે છે. ઉત્તરોનું સંતુલન ''નિશ્ચય અને વ્યવહાર માર્ગ''ને લક્ષમાં રાખીને કરવામાં આવ્યું છે. જિજ્ઞાસાવૃત્તિવાળા પ્રશ્નકારો માટે આ પુસ્તક પદાર્થના ચરમઅર્થ સુધી પહોંચવા માટે પગથીયાં સમાન છે.

પ્રશ્નોત્તર પદ્ધતિમાં વિધિ માટે તેમજ અન્ય સામાન્ય મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ થઈ જાય છે. વાચકની જિજ્ઞાસાવૃત્તિ અને સાતત્યતા હોવી જરૂરી છે. આ પદ્ધતિનો ઉપયોગ જૂજ છે. આપે આ દિશામાં પ્રયાણ કર્યુ છે તે પ્રશંસનીય અને અનુમોદનીય છે.

રાધનપુર નિવાસી ડૉ.હસમુખભાઈ શાહ ના જયજીનેન્દ્ર

## પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨ના પ્રકાશન સમયે

**(શ્રીમતી સ્મીતાબેન બાબુભાઈ મફતલાલ પરિવાર...જેમણે પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ની પંદર હજાર પુસ્તકોનો લાભ લીધો છે. એવા શ્રુતભક્ત પરિવારની ભૂરી ભૂરી અનુમોદના....)**



સુશ્રાવિકા સુબોધીબેન મસાલીયા તરફથી ''પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧'' આજથી ૯ વર્ષ પહેલા પ્રગટ થયેલ તેનો લાભ અમારા પરિવારને મળેલ તે બદલ અમો તેઓશ્રીના ખૂબજ આભારી છીએ.

ખરેખર આ પુસ્તકની ૬ આવૃત્તી પ્રગટ થયા પછી અને તેની ચાહના દેશ-વિદેશના વાંચકો તરફથી ઉત્તરોત્તર વધતી જ રહી છે અને વાંચકો તરફથી પ્રશ્નોના સચોટ જવાબો વાંચ્યા પછી પ્રશંસાના અવિરત ફૂલ વરસતા રહેલ છે. અમો આશા રાખીએ છીએ કે ''પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨''નો રત્નોથી ભરેલો કરંડીયો પ્રગટ થયા પછી વાંચકો તરફથી જબરજસ્ત પ્રતિસાદ મળશે અને તેના વાંચનથી ધર્મનો સાર જાણી દરેકને જીવન જીવવાની નવીન પ્રેરણા મળશે.

અંતમાં સુશ્રાવિકા સુબોધીબેન તેઓશ્રીના ધાર્મિક જ્ઞાનની લહાણી ચીરકાળ સુધી કરતા રહે તેવી અભ્યર્થના પૂર્વક..

**લિ.બાબુભાઈ મફતલાલ પારેખ પરિવાર**
પ્રમુખ : શ્રી જૈન યુથ ગ્રુપ મુંબઈ

**(દિપકભાઈ વ્યવસાયે જ્વેલર છે. કુળથી અજૈન છે. પરંતુ કર્મથી જૈન છે. નાની ઉંમરમાં ઘણું ઉંડુ તત્વજ્ઞાન ધરાવે છે. એક આનંદની વાત છે કે આ પુસ્તકે ઘણા અજૈનોને પણ આકર્ષ્યા છે.)**



જીવનમાં સમજણ કેળવાની થઈ ત્યારથી જૈનધર્મનું આકર્ષણ રહ્યુ છે. પરજીયા સોની વૈષ્ણવ જ્ઞાતિમાં મારો જન્મ થયો. માતા-પિતા, પરિવાર તેમજ મિત્રવર્તુળનું મને હંમેશા પ્રોત્સાહન રહ્યું ધર્મ અનુસરવામાં.

'તત્વજ્ઞાન' મેળવવાની ઝંખના મનમાં કુદરતી ઉદ્‌ભવતી. પ્રવચનો સાંભળુ, પંડિતના ક્લાસમાં જઉં પણ થતું એવું કે ક્યાંક વ્યાખ્યા અઘરી લાગતી તો ક્યાંક સમજણના સવાલ કરી ના શકતો.

એ દરમ્યાન મારા મિત્ર વર્તુળ પાસેથી ''પ્રશ્નોત્તરી રત્નમાલા ભાગ-૧'' પુસ્તક મારી પાસે આવ્યુ. જે વાંચતા મારા જ્ઞાનનો પ્રતરો ઉઘડતા લાગ્યા. જ્ઞાન એકદમ નિખાલસ અને સરળ શબ્દોમાં સમજાતુ થયુ. આમ આ પુસ્તકથી શ્રી સુબોધીબેનના પરિચયમાં આવ્યો. તેઓના સત્સંગ વર્ગમાં હાજરી પુરાવતો થયો.

આગમો, શાસ્ત્રો કે મોટા ધર્મગ્રંથનો ટુંકમાં સર્વત્ર ભાવાર્થ, નિચોડ સુગ્મય ભાષામાં મને મળ્યો. આજ જ્ઞાનગંગાને આગળ વધારતા ''પ્રશ્નોત્તર રત્નમાલા'' પુસ્તકનો ભાગ-૨ પ્રકાશિત થઈ રહ્યો છે. જેમા પણ ૩૫૦ સવાલ જવાબ છે. બાર પ્રકારના તપ, સમ્યક્ જ્ઞાન, માનવમન અને તેના પ્રકાર, મહત્વ અને વિશેષ 'વિપશ્યના'ની સમજ મહત્વ કેવી રીતે જૈન ક્રિયાઓમાં પણ વણાયેલી છે. વગેરે ઘણા વિષયો આવરી લેવાયા છે. શ્રી સુબોધીબેનના આ ભગીરથ કાર્યને, આપના જ્ઞાનને દરેક જીવને 'ધર્મ'ની સમજ આપવાની મહેનતને હું પ્રણામ કરૂં છું, અનુમોદના કરૂ છું.

**- દિપક વાયા -મુંબઈ**

**મનોહર શિશોદિયા, શારજાહ - દુબઈ**



જયજીનેંદ્ર....પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧નું સ્વાધ્યાય અમે શારજાહ - દુબઈ સ્વાધ્યાય ગ્રુપમાં લગભગ એક વરસથી વધારે કર્યું. લોકોને સરલ-સરસ અને ગંભીર પ્રશ્નોત્તરથી જૈન ધર્મના સિધ્ધાંતોનો પરિચય થયો. કેટલાક પ્રશ્નોત્તર તો એટલા માર્મિક હતા કે એ પ્રશ્નોત્તર પર વારંવાર ચિંતન-મનન સાથે બેસીને કર્યું અને એ પ્રશ્નોત્તરના ભાવને જીવનમાં ઉતારવાની કોશિષ કરી. સ્વાધ્યાય ગ્રુપમાં જ્યારે અમે સ્વાધ્યાય કરતા હતા ત્યારે બધાની પાસે હાથમાં આ પુસ્તક રહેતું હતું, કેટલાક જણ ઘરેપણ સ્વાધ્યાય કરતા હતા. આ પુસ્તક માટે અમે બધા સુબોધીબેનના ખૂબજ આભારી છીએ.

દુબઈમાં લગભગ ૫૩ ભાઈબહેનોએ વર્ષીતપ કર્યો હતો. તેમની અનુમોદના માટે ''તપોત્સવ'' નામનો પ્રોગ્રામ રાખ્યો હતો. એ બધાજ તપસ્વીઓને આ પુસ્તક ભેટરૂપે આપી હતી.

સુબોધીબેને પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨ ખૂબજ મહેનત કરીને પૂરી કરી છે. આ પુસ્તકથી જૈન ધર્મના સિધ્ધાંતોને ઓર વધારે વિસ્તારથી લોકોને સમજવા મળશે. શારજાહ (દુબઈ) ગ્રુપ સુબોધીબેન પ્રતિ હાર્દિક આભાર પ્રકટ કરે છે અને શુભકામના કરીએ છીએ કે આ નવા પુસ્તકથી વધુમાં વધુ લોકોને લાભ મળે. **ભાગ-૨ નો સ્વાધ્યાય અમારા ગ્રુપમાં ચાલુ થઈ ગયો છે અને ખૂબજ આનંદ આવી રહ્યો છે.**

**-મનોહર શિશોદિયા શારજાંહ (દુબઈ)**

---

આજના આ વૈજ્ઞાનિક જમાનામાં દરેકના મનમાં ધર્મ અંગે, તત્વ અંગે પ્રશ્નો હોય છે. આ પુસ્તિકામાં રોજ-બરોજ મુંઝવતા તથા તત્વજ્ઞાન પ્રશ્નોના જવાબખૂબ સુંદરરીતે દરેક વ્યક્તિને લોજીકલી ગળે એ ઉતરી જાય એવા સરળ શબ્દોથી આપ્યા છે. નાના-મોટા-વૃધ્ધ દરેક માટે આ પુસ્તક અમુલ્ય ભેટ સમાન છે. પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨ તત્વ જીજ્ઞાસુને ખૂબજ ઉપયોગી નીવડશે એવી શ્રધ્ધાને શુભભાવના સાથે..

**- વિનોદભાઈ ગાંધી (શ્રી નાંણ શારદામાઁ ટ્રસ્ટ)**

---

પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨ દ્વારા આપે દુબઈની 'સોહમ સ્વાધ્યાય ગ્રુપ'ની બેનોને બહુ બધા તત્વરત્ન આપ્યા છે. સ્વાધ્યાયના રૂપમાં આ પુસ્તક ખૂબજ મનોમંથનીય રહ્યું. આપે હર પ્રશ્નનો જવાબ ખૂબજ સરળ અને સુંદર રૂપથી આપ્યો છે. આ પુસ્તકથી નવી પેઢીને સાંસ્કૃતિક રક્ષા અને ધર્મરક્ષાનો રસ્તો તત્વજ્ઞાન દ્વારા સમજમાં આવશે. આ પુસ્તક વાંચવાથી કોઈપણ જીવને જીવન જીવવાની કલા જરૂર આત્મસાત થશે. પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨ જીજ્ઞાસુ જીવોને મોક્ષપથ પ્રદર્શક બની રહો એજ શુભેચ્છા.

**(સોહમ સ્વાધ્યાય ગ્રુપની શ્રાવિકાઓ - દુબઈ)**

પ્રશ્નોત્તર રત્નમાલા બુક નથી પણ ગ્રંથ છે. આગમનો સરળ અનુવાદ છે. આમાં જે સહજ સરળ ને સચોટ રીતે પ્રભુવીરની વાણીનું પ્રરૂપણ થયું છે તે ખૂબજ અદ્વિતીય છે. તેમાં પણ તપધર્મની જે સમજ આપી છે તે અનુપમ અજોડ છે. પ્રશ્નોત્તર રત્નમાલા મનના સંશય દૂર કરનાર, સાચી રાહ બતાવનાર ને મનન દ્વારા સ્વભાવ સુધારનાર છે. જ્ઞાનનો ખજાનો છે. મનન દ્વારા આત્મ અનુભૂતિની ઝલકનો અનુભવ કરાવે છે. આ પુસ્તકથી જીવનમાં ઉપસ્થિત થતા સવાલોના જવાબ મળી જાય છે. જાણ્યે અજાણ્યે થતા પાપની સમજ મળે છે. તેના ઉપાયનો માર્ગ મળે છે. આ અદ્‌ભૂત પુસ્તક દ્વારા જીવનને સાચી દિશા મળે છે. એક વખત પુસ્તક હાથમાં આવ્યા પછી પૂર્ણ અભ્યાસ - મનન કર્યા વગર તમે મૂકી જ ન શકો.

વિપશ્યના સાધના એ માત્ર બૌધ ધર્મનું અંગ નથી. પણ જૈન આગમ શાસ્ત્રમાં પણ તેનો ઉલ્લેખ છે. તે દૃષ્ટાંત સભર માહિતિ આપીને, પ્રતિપાદિત કરીને સુબોધીબેને સહજરીતે સમ્યક્‌દર્શન પ્રાપ્ત કરવાનો માર્ગ દર્શાવ્યો છે. સ્વાધ્યાય, ધ્યાન, કાઉસગ્ગ અને સામાયિક સાચા અર્થમાં શું છે તેનું રહસ્ય જીજ્ઞાસુઓ પાસે લેખિકાએ ખૂબજ સૂક્ષ્મતાપૂર્વક સમજાવીને, જ્ઞાતા-દૃષ્ટા બનીને સમતાભાવમાં સ્થિર રહેવા માટે ખૂબજ સરસ આપનું અનુભવેલુ જ્ઞાન આપીને અમારા જેવા બાલજીવો પર અનંત ઉપકાર કર્યો છે. પ્રશ્નોત્તર રત્નમાલા ફરી ફરી વાંચીને ચીંતન-મનન-મનોમંથન કરતાં કરતાં આ અમૂલ્ય એવા મનુષ્યભવની કિંમત બહુ સરસ રીતે સમજાય છે. જીવ શું છે ?, તત્વ શું છે ?, રાગ-દ્વેષ-કષાય કઈ રીતના રોકવા, શું બંધ ?, શું અનુબંધ ?, શું બાહ્યમન ?, શું અંતરમન ? જે વસ્તુ જાણતા ન હતાં તે આ પુસ્તક અને સુબોધીબેનના ઓડિયો પ્રવચન દ્વારા જાણી, સાંભળી અમારા પર ખૂબજ પ્રભાવ પડ્યો છે. અમારા કોઈ જન્મના પુણ્યે અમને આવા ગુરૂની પ્રાપ્તિ થઈ છે આ જ્ઞાન યાત્રા ચાલુ રાખીને શક્ય એટલી ઝડપે અમોને નવી પુસ્તક પ્રસાદી પ્રાપ્ત થાઓ એવી નમ્ર વિનંતી.

---



**પંડિત સૂર્યવદનભાઈ ઝવેરી**

પૂછો તો પામો ! પૂછતો નર પંડિત થાય. પ્રશ્નોત્તરથી આડી અવળી વાત નહિ કરતાં કે વાતમાં મોણ નાખી એને ગોળ ગોળ ન ફેરવતા સીધો સંવાદ રચાય છે. આપ-લે નો ડાયરેક્ટ - સીધેસીધો સંપર્ક સ્થાપાય છે. માટે જ તે લોકપ્રિય નિવડે છે અને જોતજોતામાં હજારો પ્રતો ચપોચપ ઉપડી જાય છે.

વળી આપે પુસ્તક નિઃશુલ્ક રાખીને તો કમાલ કરી છે. જ્ઞાનના પ્રવાહને ધસમસતો રાખ્યો છે. આ પુસ્તકનો લાભ મેળવી નિઃશંક થાઓ ! તો ભગવાન બનો ! સહુ પાઠકો શીઘ્રાતિશીઘ્ર સ્વયં નિઃશંક - ભગવાન બને એવી અભ્યર્થના !

**-પંડિત સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરીની આત્મવંદના !!!**

# મારા મનની વાત

**જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમસુખ હેત..**
**જ્ઞાન વિના જગજીવડા નલહે તત્વ સંકેત...**

પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ ૧, ૨૦૧૦ માં પ્રકાશીત થઈ. શ્રી સ્મિતાબેન બાબુભાઈ પારેખે પ્રથમ આવૃત્તિની ૨૦૦૦ બુકસ છપાવી. ત્યારે મને એમ થતું હતું કે શુ કરશું આટલી બધી બુક ને ? દુનિયા માં બુક ની કયાં કમી છે ? કેટલાએ ધુરંધરો મહાત્માઓને પંડીતોની બુકસ નો મહાસાગર છે. પણ મારા આશ્ચર્ય ની વચ્ચે એકજ વરસમાં ૬૦૦૦ બુકસ લોકો કયાંથી ને કયાંથી ઘરે આવી આવીને લઈ ગયા. ભલે બુક વિનાનુલ્ય હતી, પણ પુસ્તક લેવા ઘરે આવતા લોકો ૨૦૦-૩૦૦ ખર્ચીને આવતા. ત્યારે થતું કે પુસ્તક ખરેખર લોકપ્રિય બની રહ્યું છે. તે પછી બીજી ૫૦૦૦ બુકસ છપાવી આમ ૧૧૦૦૦ બુકસ દેશ વિદેશમાં દૂર દૂર સુધી ગઈ. કેટલીએ જગ્યાએ લોકોએ સ્વાધ્યાય ના રૂપમાં આ પુસ્તકનો ઉપયોગ કર્યો. એક જગ્યાએ બધા ભેગા થતા...બધાના હાથમા પુસ્તક રહેતુ, એક જણ વાંચે ને પછી બધા વચ્ચે એની ચર્ચા થાય. કાઈ ન સમજાય કે નવો સવાલ થાયતો મને વોટસઅપ પર પુછતા. આમ લોકોની જ્ઞાનાભીવૃધ્ધિમાં આ પુસ્તક નિમિત બન્યુ. મને થતું...આ મોબાઈલ ને લેપટોપ ના યુગમાં કોણ પુસ્તકો વાંચસે ? પણ હજી આજ સુધી એની ડિમાંડ ઓછી નથી થઈ. વાચક વર્ગમાં યંગસ્ટર, કૌલેજીયનો થી લઈને ૯૫ સુધીના શામેલ હતા. વધારે આનંદની વાત એ છે કે જયારે આપણા જૈનમાં આટલા બધા સંપ્રદાય પડી ગયા હોવા છત્તા આ પુસ્તકને દરેક સંપ્રદાયનાં સાધુ સાધ્વીજી ભગવંતો તથા દરેક શ્રાવક-શ્રાવીકાઓએ અકલ્પનીય આવકાર આપ્યો છે. બે થી અઢી હજાર બુકસ ફકત સાધુ-સાધ્વીજી ભગવંતોમાં ગઈ છે. એનુ મુખ્ય કારણ એ લાગે છે કે લોકો જણાવેછે, 'અમને બહું ભારે ખમ લાગતુ તત્વજ્ઞાન ખુબજ સરળ ભાષામાં આ પુસ્તકમાં પીરસાયુ છે. આ પ્રશ્નો ના જવાબ વાચતા અમને એવુ લાગે છે બેન અમારી સાથે વાતો કરી રહ્યા છે.' કેટલાક લખે છે 'આ પુસ્તકથી ઘણુ નવુ જાણવા મળયું છે. અમારા જીવન પરીવર્તન થયા છે. બેન હવે ભાગ-૨ કયારે આપો છો ? ભાગ ૧ વાંચ્યા પછી ભાગ ૨ વાંચવાની ઘણી ઉત્કંઠા થઈ છે અને ખરેખર ભાગ ૨ આપતા ઘણો સમય નીકળી ગયો. કેમકે કેટલાક સાંસારીક, શારીરીક, સામાજીક એવા કાર્યો આવી ગયા કે ભાગ ૨ આપવાનુ લંબાઈ ગયું. બીજું ખરૂં કારણ એ હતું કે મારે ભાગ ૨ માં જે આપવુ હતુ તે અનુભવની એરણ પર ઉતરીને આપવુ હતુ ખાલી વાતો નહોતી કરવી. ભાગ ૨ માં તત્વના બહુ ગહન વિષયપર પ્રકાશ પાડયો છે. એટલે સ્વભાવિક છે

કે એના સવાલોના જવાબ પણ વધુ ગહન હોય. એટલે પુસ્તક પણ ભાગ ૧ કરતાં વધુ દળદાર બન્યું છે. એમાં સવાલના જવાબ લાંબા લાગશે, પણ છે સરળ ભાષામાં એટલે દરેકજણ નાના કે મોટા સરળતાથી સમજી શકશે. ભાગ ૧ માં બૌધિક માહિતિછે જયારે ભાગ ૨ માં પ્રેકિટકલ માહિતિ આપવામા આવી છે તે જો અમલમાં મુકવા માં આવેતો ચોકકસ પોતાના આંતરશત્રુ ક્રોધ-માન-માયા-રાગ-દ્વેષ-લોભ-ઈર્ષ્યા, અહંકાર, હઠાગ્રહ, દુરાગ્રહ સામે લડવાનો ભગીરથ પ્રયત્ન જરૂર થઈ શકે. લોકોના સમજમાં એટલું તો જરૂર આવી ગયુ છે કે, સ્વાધ્યાય, ધ્યાન, કાર્યોત્સર્ગ સિવાય મુકતિપંથ નથી. તો લોકો ધ્યાન માટે આડાઅવળા માર્ગે ફંટાઈ રહયા છે. તો આમા સચોટ ધ્યાન પધ્ધતિ જે જૈન સિધ્ધાંતોને અનુરૂપ છે તે આપવા નમ્ર પ્રયાસ કર્યો છે.

આમા મેં જે લખ્યું છે તે મને જે શાસ્ત્ર સંગત લાગ્યું, તર્ક સંગત લાગ્યું, અનુભવ સંગત લાગ્યું તે મેં મુકયું છે. આપ વાચોં, સમજો, ન ખ્યાલ આવે તો મારી સાથે વોટસઅપ દ્વારા સવાલ જવાબ કરો, એ પછી આપને જે ઠીક લાગે, આપનુ મન કબુલ કરે તે અપનાવો. ભાગ ૧ જેણે ન વાચ્યો હોય તો મારી પાસે થી લઈ વાંચી લેવો. બન્ને પુસ્તક ના સમન્વય થી વધુ લાભ થશે.

આ પુસ્તકના ખર્ચના મુખ્યદાતાં દિપક ફાઉન્ડેશન. નરિમન પોઈન્ટ, મુંબઈ વાળા અને અન્ય દાતાઓની ભુરી ભુરી અનુમોદના કરુ છું. આ બધ્ધાજ દાતાઓની વિશેષતા એ છે કે આમાંથી કોઈનેપણ પોતાના નામનો કે સન્માનનો મોહ નથી.

બોમ્બે જૈન યુવક સંઘના પ્રબુધ્ધ જીવનના તંત્રી ડાં. સેજલબેન શાહ તથા રાધનપુર જૈન દર્શન ના તેત્રી શ્રી જીતેન્દ્રભાઈ વિરવાડીયા એ મારા લેખ દર મહિને અવિરતપણે પોતાના મેગેઝીન માં છાપીને મને જે પ્રોત્સાહન આપ્યુ છે તે બદલ હુ તેમનો ખુબ ખુબ આભાર માનુ છુ. ખુબજ પ્રેમાળ એવા દાદાશ્રી અનોપચંદ ભાઈ તથા શ્રી ભુપેન્દ્ર ભાઈએ તથા તંત્રીશ્રી હિતેશભાઈ સંઘવીએ વિવિધ મેગેઝીનોમાં આ પુસ્તકની જાહેરાત આપી એનો પ્રસાર કરવામા જે સહાય કરી છે એ બદલ હું એ દરેકનો ખુબ આભાર વ્યકત કરુ છુ.

શ્રી સ્મીતાબેન બાબુભાઈ પારેખ ગુજરાતી ભાગ-૧માં ૧૫૦૦૦ બુક તથા શ્રી મીનાબેન ભંવરલાલ દસરડા એ પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ ૧ હિંદી માં ૫૦૦૦ બુક ધન દાન કરી જે સહયોગ આપ્યો તેની અનુમોદના કરું છું. જેમણે પુસ્તકો પોતાને ત્યાં રાખી લેવા આવનારને ખુબજ પ્રેમથી આપ્યા છે. તે દરેકને તથા આ પુસ્તક આટલી સુંદર રીતે છાપી આપવા બદલ લકકી પ્રિંટર્સ નો આભાર માનુ છું.

આ સીવાય બીજા કેટલાય નાના મોટા નામ છે જેમણે પોતપોતાની રીતે

ધર્મપ્રચારમાં ખુબજ સહયોગ આપ્યો છે. મસ્કતથી પાર્થભાઈનો ખૂબ ખૂબ આભાર જેમણે આ બંને પુસ્તકની EPUB File બનાવી છે જેનાથી આ પુસ્તક તમે મોબાઈલ કે આઈપેડ કે લેપટૉપમાં પણ સરળતાથી વાંચી શકો. આપને EPUB File કે PDF જોઈતી હોય તો મને 88500 88567 નંબર પર whatsapp કરો.

જ્ઞાનની દેવી નાણમાંની આજ્ઞા લઈ કલમ ઉપાડીને દેવી શકતિએ એવી સહાય કરી કે મારે જે લખવુહોય, ઢેર સારા પુસ્તકમાંથી એજ પુસ્તક હાથમાં આવે ને એજ પાનુ ખુલે જે મને જોઈતું હોય...આ પુસ્તક લખવામાં હું તો ફકત નિમિત બની છું બાકી આ બધાના સહયોગ થી આ કાર્ય થયું છે. આ પુસ્તકમાંથી કોઈને કાઈ મળશે કે નહિ તે હું નથી જાણતી પણ આના માટે મે જે મનોમંથન કર્યું છે ને તેમાંથી મને જે માખણ મળયું છે તેનુ શબ્દમાં વર્ણન કરવા હું અસમર્થ છુ. વિતરાગ પરમાત્મા ની આજ્ઞા વિરૂધ્ધ કાઈપણ પ્રતિપાદન થયું હોય તો અંતઃકરણથી ત્રિવિધે ત્રિવિધે મિચ્છામી દુકકડમ.

**સુબોધી સતીશ મસાલીયા ના જય જીનેન્દ્ર.**

## ચોથી આવૃત્તિ વેળાએ

બહુ આનંદની વાત છે કે પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨ ની ચોથી આવૃત્તિ છપાઈ રહી છે. આમ ભાગ-૧ અને ભાગ-૨ ની મળીને કુલ ૨૨,૦૦૦ પુસ્તક લોકો ઘરે આવીને લઈ ગયા. આ એ લોકો હતા જે ખરેખર વાંચનમાંને તત્વમાં રસ ધરાવતા હતા. જેથી દૂર દૂરથી પુસ્તક લેવા માટે આવતા હતા. આમ બંને પુસ્તક દેશ તથા વિદેશમાં દૂર દૂર સુધી ગયા. જેણે ભાગ-૨ વાંચ્યો પણ ભાગ-૧ નહોતો વાંચ્યો. એમને ભાગ-૧ વાંચવાની ઉત્કંઠા જાગી. સરસ્વતીને ઉડવા માટે પણ લક્ષ્મીની પાંખ જરૂરી છે. માટે બંને પુસ્તકના જ્ઞાનદાનના લાભાર્થીની ખૂબ ખૂબ અનુમોદના કરૂં છુ. ઘણાને પુસ્તક વાંચતા વાંચતા એવી ભાવના થાય છે. ને ફોન આવે છે કે ''બેન તમારૂં પુસ્તક મારા હાથમાં છે મને લાભ લેવાની ઈચ્છા છે.'' આમ લક્ષ્મીનો જ્ઞાનદાન માટેનો પ્રવાહ પણ ક્યાંય અટક્યો નથી. પુસ્તક વાંચીને લોકોના જે પત્ર આવી રહ્યા છે તે પરથી લાગે છે કે લોકોને ખરેખર તત્વજ્ઞાનની ભૂખ છે, જો કોઈ સરળભાષામાં ને તર્કસંગત પીરસે તો.... આ પુસ્તકમાંથી જે યોગ્ય લાગે તે ગ્રહણ કરી સહુ આત્મકલ્યાણ સાધે તે ભાવના સાથે...

**- સુબોધી મસાલીયા**

# અનુક્રમણિકા


સ. ૧ માનવભવ વિશિષ્ટ કેમ છે ?

સ. ૨ લોક વ્યવહારમાં જે મગજ કહેવાય છે તેજ આપણું મન છે ને ?

સ. ૩ શું એ દ્રવ્યમન જોઈ શકાય છે ?

સ. ૪ ભાવમન શું છે ?

સ. ૫ ઉપયોગમન અને લબ્ધિમન સમજાવો ?

સ. ૬ મનને સમજવું શા માટે જરૂરી છે ?

સ. ૭ કર્મબંધ માટે તો ઈન્દ્રિય જ વધારે જવાબદાર છે ને ?

સ. ૮ શું આપણે જેનો વિચાર કરીએ તેમાંજ મન પરોવાયેલું રહે છે તે જ ખરૂં મન છે ?

સ. ૯ લબ્ધિમનમાં એવી શું માન્યતાઓ છે ? તે તેનાથી શું થાય છે ? તે ઉદાહરણ સાથે સમજાવો ?

સ.૧૦ આપણી માન્યતા ને મિથ્યાત્વને શું સંબંધ છે ?

સ.૧૧ અધ્યાત્મ એટલે શું ?

સ.૧૨ ''એક પણ માન્યતા ઉંધી ગોઠવાય તો તે આત્મા પર ભયંકર દોષ છે.'' સમજાવો ?

સ.૧૩ અભવિ મોક્ષે કેમ ન જાય ?

સ.૧૪ માન્યતા પરિવર્તન કેવી રીતે ?

સ.૧૫ માન્યતા બદલતાની સાથે વર્તન બદલાઈ જશે ?

સ.૧૬ આપણા બધાના મનનો પ્રિય વિષય કષાય છે કેવી રીતે ? સમજાવો ?

સ.૧૭ ધર્મના ક્ષેત્રમાં પહેલા માન્યતાનું પરિવર્તન માંગતો હોય એવી એક-બે રોજની ક્રિયાઓ જણાવો ?

સ.૧૮ લબ્ધિમનના કેટલા વિભાગ છે ?

સ.૧૯ લબ્ધિમનના ચાર વિભાગમાંથી પહેલો વિભાગ ''માન્યતારૂપ ભાવ'' વિષે ઘણી માહિતી મેળવી હવે બીજો વિભાગ 'પરિણતિ' સમજાવો ?

સ.૨૦ માન્યતારૂપ ભાવ અને પરિણતિરૂપ ભાવની ભેદરેખા સમજાવો ?

સ.૨૧ લબ્ધિમનનો ત્રીજો વિભાગ ''યોગ્યતારૂપ કષાયાત્મક ભાવો'' સમજાવો.

સ.૨૨ લબ્ધિમનનો ચોથો વિભાગ સંસ્કારરૂપ ભાવો એટલે શું ?

સ.૨૩ શું જીવ 'સંસ્કારરૂપ ભાવ' સાથે જ લઈને જન્મે છે ?

સ. ૨૪ ‘ચિત્તશુદ્ધિ’ની સાધનાના પાંચ સ્ટેપ કયા છે?

સ. ૨૫ ચિત્તશુધ્ધિનું પહેલું સ્ટેજ આત્મશ્રધ્ધાન સમજાવો.

સ. ૨૬ ક્યારેક એવું લાગે છે કે કર્મ બળવાન છે.

સ. ૨૭ શું મનનું પરિવર્તન શક્ય છે?

સ. ૨૮ શું ભાવમન અને આત્મા બંને એક જ છે?

સ. ૨૯ મન અને આત્માનો ભેદ જરા ઉદાહરણ સાથે સમાજવો?

સ.૩૦ ‘‘મનશુદ્ધિ એ સાધ્ય નથી, પણ આત્મશુદ્ધિનું સાધન છે, સાધ્ય તો આત્મશુદ્ધિ છે’’ તે સમજાવો.

સ. ૩૧ શું આત્મશુદ્ધિથી મનશુદ્ધિ થાય?

સ. ૩૨ આપણે સદ્‌ગુણ કેળવીએ એટલે એ દુર્ગુણ તો મૂળમાંથી જ ગયો કહેવાય ને, એટલે આત્મશુદ્ધિ થઈ કહેવાય ને?

સ. ૩૩ કેવો વ્યક્તિ આત્મશુધ્ધિ માટે લાયક છે?

સ. ૩૪ હવે મૂળમાં પહેલો પ્રહાર ક્યાં કરવાનો?

સ. ૩૫ રાગ-દ્વેષ તો સમજ્યા, પણ આ સહજ રાગ-દ્વેષ શું છે? તેની તીવ્રતા એટલે શું? કાંઈ સમજીએ તો તેના પર પ્રહાર કરીએ ને?

સ. ૩૬ સુખ પમાડવાનો ધર્મ છે. પછી સુખની નિંદા શા માટે?

સ. ૩૭ જે ઊંધી માન્યતા આપણે પલટી નાંખી હોય તો બીજા ભવમાં પછી એ જ માન્યતા રહે?

સ. ૩૮ શું વાઘ - સિંહના ભવમાં જાય તો પણ રહે?

સ. ૩૯ મિથ્યાત્વ, નવું મિથ્યાત્વ, નિકાચિત કરી શકે ખરૂં?

સ. ૪૦ ઉદાહરણ સાથે સમજાવો.

સ. ૪૧ ઘણા આ બધું માને, માન્યતામાં હોય પણ વર્તન ન કરે એ કેવું?

સ. ૪૨ વિચારોની ચંચળતા શેને કારણે છે?

સ. ૪૩ કષાયો કેમ જન્મે છે?

સ. ૪૪ કયા કર્મનું ફળ ધર્મમાં ઉમળકો-રસ પેદા થવા નથી દેતું?

સ. ૪૫ સમકિતીને ચારિત્ર મોહનીય નુકશાન કરી શકે?

સ. ૪૬ સમકિતની હાજરીમાં રોગ પણ ન આવે?

સ. ૪૭ સમકિતીને કર્મ બંધાય?

સ. ૪૮ સમકિતીને મનોયોગ અશુભ થાય તો પણ પાપ ન બંધાય?

સ.૪૯ આત્મા સમકિત પામ્યો એટલે ગ્રંથિભેદ થઈ ગયો?

સ.૫૦ શરીરનું સ્વરૂપ કેવું છે?

સ.૫૧ ઈન્દ્રિયોનું સ્વરૂપ કેવું છે?

સ.૫૨ મનનું સ્વરૂપ કેવું છે?

સ.૫૩ જીવ સમકિત ભણી ક્યારે ડગ ભરે છે?

સ.૫૪ સમકિતી હોય તેને ૧૮ પાપસ્થાનકમાં ૧૮ મિથ્યાત્વ નામના પાપસ્થાનકની ક્ષમાપના આલોચના હોય?

સ.૫૫ અનુબંધ અને માન્યતાને શું સંબંધ છે? બંધ એટલે શું? અનુબંધ એટલે શું?

સ.૫૬ બંધ અનુબંધના ફળ એક વાર્તા દ્વારા સમજાવો.

સ.૫૭ જૈન શાસ્ત્રકારોએ લોક કોને કહ્યું છે? તે કેવડું છે? તેનો આકાર કેવો છે?

સ.૫૮ આ 'રાજલોક' શું છે? તે કેવડું મોટું છે?

સ.૫૯ આ 'લોક' ક્યાં આવેલો છે? મેરૂ પર્વત ક્યાં છે?

સ.૬૦ શું આ 'ત્રસનાડી'માં જ આ બધા જીવ રહેલા છે? તેની બાહર કોઈ જીવ નથી?

સ.૬૧ આ લોકાકાશના કેટલા ભાગ છે? કયા કયા?

સ.૬૨ આ તિર્ચ્છાલોક કેટલા વિસ્તારવાળો છે? અત્યારે આપણે ક્યાં રહીએ છીએ?

સ.૬૩ મેરૂપર્વત કેવો છે? કેવડો છે? તેનું નામ મેરૂપર્વત કેમ પડ્યું?

સ.૬૪ મેરૂ પર્વતના ત્રણેય કાંડ (ભાગ) સમજાવો તેને સ્નાત્રમાં જે ત્રિગડું મુકીએ છીએ તેની સાથે શું સંબંધ છે?

સ.૬૫ શું કોઈ ક્ષેત્ર આપણા વિચારો પર અસર કરી શકે છે?

સ. ૬૬ આપણા જૈન ધર્મમાં કેમ આટલા પંથ પડી ગયા? કોની વાત સાચી માનવી?

સ. ૬૭ ફક્ત આપણા આત્માનું જ વિચારવું તે સ્વાર્થીપણું નથી?

સ. ૬૮ મહાવીરની સામે કોઈ બે માણસ એકબીજાને મારી નાખવાનો પ્રયત્ન કરતા હોય કે કોઈ એક પ્રાણીને મારતું હોય તો મહાવીર બચાવવા જાય કે નહિ? (ઘણા કહે છે કે જૈનોના ભગવાન તો કેવા કહેવાય એમનામાં આટલીએ જીવદયા નથી?)

સ. ૬૯ જેમ ભવિતવ્યતા નક્કી થઈ છે ને જેમ જ્ઞાનીના જાણમાં આવ્યું છે તેમજ થવાનું છે તો પુરૂષાર્થ કરીને શું કામ છે?

સ. ૭૦ જૈન ધર્મમાં દેવી-દેવતાઓને માનવું મિથ્યાધર્મ છે તો દેરાસરમાં દેવી-દેવતાઓની મૂર્તિ કેમ?

સ. ૭૧ આગમમાં સમ્યક્દૃષ્ટિ દેવ-દેવીનું માહાત્મ્ય બતાવાયું હોય એવું કાંઈ ધ્યાનમાં છે?

સ. ૭૨ આપણા પૂર્વજો કે પૂર્વાચાર્યો દેવ-દેવીની સહાય લઈ આગળ વધ્યા હોય એવા એક-બે ઉદાહરણ આપો.

સ. ૭૩ નારકી અને દેવલોકના દેવો સાથે મનુષ્યોનો કોઈ જ દેખીતો સંબંધ નહિ હોવા છતાં સાત લાખ સૂત્રથી ક્ષમાપના કેમ?

સ. ૭૪ દેવોને સ્વર્ગના દેવી સુખનો થાક લાગતો હશે કે નહીં?

સ. ૭૫ દેવગતિને નરકગતિને બધું આપણે ક્યાં જોવા ગયા છીએ? આપણે તો અહીં ખાઈ-પીને જલસા ન કરીએ?

સ. ૭૬ અમારે મહાવીરની જેમ આટલા દુઃખો સહન કરીને મોક્ષે નથી જવું. મને તો મહાવીરની દયા આવે છે.

સ. ૭૭ કેવળજ્ઞાન પછી ભગવાન સાથે ઓછામાં ઓછા કેટલા દેવ-દેવી હોય? વધારે ઓછા થાય?

સ. ૭૮ દેરાસરમાં પ્રતિમાઓ મુખ્ય બે જ અવસ્થા... કાં તો પદ્માસન કાં કાઉસગ્ગ મુદ્રા જ કેમ?

સ. ૭૯ શ્રી તીર્થંકર પરમાત્માને ઓળખવાની, તેમના આંતર ગુણસ્વરૂપને જાણવાની વાસ્તવિક ઈચ્છા ક્યારે થાય?

સ. ૮૦ આ લોકમાં આ કાળે કોઈ પ્રદેશમાં તીર્થંકર વિચરે છે?

સ. ૮૧ મહાવિદેહમાં વિદ્યમાન તીર્થંકરો ક્યારે થયા અને તેમનું આયુષ્ય કેટલું?

સ. ૮૨ કેવળી ભગવંતોને નિર્વાણ ન પામે ત્યાં સુધી હરતાં ફરતાં કર્મનો બંધ પડે કે નહિ? અને પડે તો કર્મનો બંધ ક્યારે ભોગવે?

સ. ૮૩ સૌથી ઉત્કૃષ્ટ પૌદ્‌ગલિક વૈભવ જીવને કઈ ગતિમાં મળે? કેટલા સમય સુધી? તેમાં એ જીવનો કેવો ભાવ રહે?

સ. ૮૪ ભરતક્ષેત્રના બીજા ખંડોમાં તીર્થંકરોનું વિચરણ હોય કે નહીં? બીજા ખંડોમાં ધર્મ છે કે નહિ?

સ. ૮૫ દ્રવ્ય કોને કહેવાય? તે કેટલા છે? કયા કયા?

સ. ૮૬ ગુણ કોને કહે છે? ગુણોના ભેદ કેટલા? કયા કયા?

સ. ૮૭ આકાશ દ્રવ્ય કોને કહે છે?

સ. ૮૮ જીવ દ્રવ્ય કોને કહે છે?

સ. ૮૯ પુદ્‌ગલ દ્રવ્ય કોને કહે છે?

સ. ૯૦ ધર્મદ્રવ્ય કોને કહે છે? અધર્મદ્રવ્ય કોને કહે છે?

સ. ૯૧ પર્યાય એટલે શું?

સ. ૯૨ કાળ દ્રવ્ય કોને કહે છે?

સ. ૯૩ છ એ દ્રવ્યમાં રહેલો સામાન્યગુણ ''અસ્તિત્વ ગુણ'' કોને કહે છે? તે જાણવાથી શો લાભ?

સ. ૯૪ ''વસ્તુત્વ'' ગુણ કોને કહે છે? પ્રદેશત્વ ગુણ કોને કહે છે?

સ. ૯૫ ''દ્રવ્યત્વ'' ગુણ કોને કહે છે? તેના પરથી શું સમજવું?

સ. ૯૬ પ્રમેયત્વ ગુણ એટલે શું? તેનું મહત્વ શું?

સ. ૯૭ અગુરુ લઘુત્વ ગુણ કોને કહે છે? તે પરથી વિશેષ શું સમજવું?

સ. ૯૮ પુદ્‌ગલ પરાવર્તન એટલે શું? જીવે કેટલા પુદ્‌ગલ પરાવર્તન કીધાં?

સ. ૯૯ મોક્ષ પ્રાપ્તિ માટે ગુરૂ કોને ગણવા? સદ્‌ગુરૂ સિવાય આત્મસ્વરૂપ થવાતું નથી. સમકિતી તથા સમપરિણામી હોય તેવા ગુરૂ ગોતવા ક્યાં?

સ. ૧૦૦ જ્યારે કોઈ એકની પ્રગતિ થાય કે તેનું સારૂં બોલાતું હોય તે બીજાથી સહન થતું નથી અને ઈર્ષ્યા રૂપી આગમાં તે તેને બદનામ કરવા, નિંદા કરવા લાગી જાય છે. આ નિંદા પચાવવી ખૂબ અઘરી છે. તો તે માટે શું કરવું?

સ. ૧૦૧ યોગ કેટલા? એમાં સૌથી શક્તિશાળી કયો? કેમ?

સ. ૧૦૨ આવેલી સુખદ કે દુ:ખદ પરિસ્થિતીનો સમભાવે સ્વીકાર થાય તે માટે શું કરવું?

સ. ૧૦૩ એનેસ્થેસિયાનું ઈંજેક્શન કરોડરજ્જુમાં આપ્યા પછી પગને કાપી નાખીએ તો પણ ખબર પડતી નથી તો શું ત્યાં આત્માની હાજરી નથી? જો આત્મા છે તો ખબર કેમ પડતી નથી?

સ. ૧૦૪ આરંભ પરિગ્રહ આત્માને આગળ જતાં અટકાવે છે. તો તે માટે શું કરવું? પરિગ્રહ ન હોય તો અત્યારે વીલ પાવર ખતમ થઈ જાય.

સ. ૧૦૫ આ દુષમ કાળને ''હુંડા અવસર્પિણી કાળ'' કેમ કહ્યો છે?

સ. ૧૦૬ ઉત્પત્તિ-સ્થિતી-લયની વૈદિક દર્શનની માન્યતા અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની જૈન દર્શનની માન્યતામાં શું તાત્વિક ભેદ છે?

સ. ૧૦૭ પરિવારની સૌતેલી વ્યક્તિને જીવનમાં આગળ લાવવા માટે નૈતિક ફરજ સમજીને મદદ કરેલી હોય, અને તે વ્યક્તિ કરેલી મદદ ભૂલી જાયને આપણી સાથે દુશ્મન જેવો વ્યવહાર કરે તો શું કરવું?

સ. ૧૦૮ આપણે તિથિ શા માટે પાળવી જોઈએ?

સ. ૧૦૯ ધર્મ એટલે શું? ધર્મ થયો ક્યારે કહેવાય?

સ.૧૧૦ મને તો મારો ક્રોધ વિકાર, લોભ વિકાર એકદમ ઓછો થઈ ગયો હોય એવું લાગે છે?

સ.૧૧૧ પર્યુષણમાં બધાને મિચ્છામિ દુક્કડમ્ આપી દઈએ એટલે આપણામાં ક્ષમા નામનો ગુણ કેળવાયને?

સ. ૧૧૨ અષ્ટપ્રકારી પુજાની રચના શા માટે કરી?

સ. ૧૧૩ દેરાસર, મંદિર, પ્રતિમા એ પણ પ્રતિકરૂપે છે...સમજાવો...

સ. ૧૧૪ ગભારામાં અત્યંત અંધકાર હોય છે ને ત્યાં ઘી ના દીવાની અખંડ જ્યોત જલતી હોય છે તે શેનું પ્રતિક છે?

સ.૧૧૫ પૂજાની ક્રિયા શેનું પ્રતિક છે?

સ. ૧૧૬ : અષ્ટ પ્રકારી પૂજાના રહસ્ય જણાવો. ધૂપ પૂજા શેનું પ્રતીક છે?

સ. ૧૧૭ : હવે દિપક પૂજા સમજાવો. તે શેનું પ્રતીક છે? શું કહે છે?

સ. ૧૧૮: પહેલા ધૂપપૂજા પછી દિપકપૂજા કેમ?

સ.૧૧૯ : 'શાસ્ત્રમાં વિધિ છે કે જિનાજ્ઞા પ્રમાણે, ભવ્યતાપૂર્વક દ્રવ્યપૂજા કરીને, ધર્માત્મા શ્રાવક મનમાં વિચારે કે આ પરમતત્ત્વની આકર્ષક અંગરચના કે ઉત્તમ વિધિપૂર્વકની ઉદારતાયુક્ત દ્રવ્યપૂજા જોઈ લાયક જીવો બોધીબીજ પ્રાપ્ત કરે અને તેના દ્વારા આગળ વધીને ભવિષ્યમાં આ છકાયના રક્ષક બને, તેમ જ મને પણ પરમાત્માના પૂજાના ફળરૂપે શીઘ્રતાથી ચારિત્રની પ્રાપ્ત થાય અને હું પણ આ છકાય જીવોનો રક્ષક બનું.' આ વાત ઉંડાણથી સમજાવો.

સ.૧૨૦ તો હવે સવાલ એ થાય કે દ્રવ્યને આટલું બધું મહત્ત્વ કેમ?

સ.૧૨૧ આંગી જોઈને બોધીબીજની પ્રાપ્તિ થાય?

સ. ૧૨૨ : સ. ૧૧૯ માં આવ્યું કે - મને પણ પરમાત્મા પૂજાના ફળસ્વરૂપે શીઘ્રતાથી ચારિત્રની પ્રાપ્ત થાય અને હું પણ આ છકાયજીવોનો રક્ષક બનું... તો શું પૂજાનું ફળ માંગવું જોઈએ?

સ. ૧૨૩ : 'અક્ષર જ્ઞાન ભુંસાઈ જશે પણ પ્રતિકરૂપે જ્ઞાન જીવંત રહેશે.' શું પ્રતિક ને શું જ્ઞાન તે જણાવો.

સ. ૧૨૪: આ બધા પ્રતિક આપણને શું જ્ઞાન આપે છે, શું કહે છે તે જણાવો.

સ.૧૨૫ : સમુદ્‌ઘાત કોને કહે છે? તે કેટલા પ્રકારના છે?

સ.૧૨૬: વેદના સમુદ્‌ઘાત એટલે શું?

સ.૧૨૭ :કાષાય સમુદ્રઘાત કોને કહે છે?

સ.૧૨૮: વિક્રિયા (વૈક્રિય) સમુદ્‌ઘાત સમજાવો?

સ.૧૨૯ : મરણાંતિક સમુદ્‌ઘાત એટલે?

સ.૧૩૦ : તૈજસ સમુદ્‌ઘાત કેટલા પ્રકારના? કોને હોય?

સ.૧૩૧ આહારક સમુદ્‌ઘાત એટલે શું?

સ.૧૩૨ : કેવલી સમુદ્‌ઘાત કોને કહે છે?

સ.૧૩૩: ગુણસ્થાનક (ગુણઠાણું) એટલે શું?

સ.૧૩૪ :ચૌદ ગુણસ્થાનકોના નામ આપો.

સ.૧૩૫ :મિથ્યાત્વ ગુણસ્થાનક સમજાવો.

સ.૧૩૬ :બીજું ગુણસ્થાનક સાસદન (સાશ્વાદન) સમજાવો.
સ.૧૩૭ :ત્રીજું મિશ્ર ગુણસ્થાનક પર પ્રકાશ પાડો.
સ.૧૩૮: દરેક જીવ કોઈને કોઈ ગુણસ્થાનકે હોય જ?
સ.૧૩૯: પહેલું ગુણસ્થાનક મિથ્યાત્વ વિષે થોડા દાખલા દલીલ સાથે સમજાવો.
સ.૧૪૦: આપણે અત્યારે ક્યા ગુણસ્થાનકે છીએ?
સ.૧૪૧: એક સમયે જીવને કેટલા ગુણસ્થાન હોય? એક ગુણસ્થાનવાળા જીવોની જ્ઞાન શક્તિ એકસરખી હોય?
સ.૧૪૨: કેવા કર્મો કે ગુણથી જીવ ઉંચા છે, ને કેવા કર્મથી નીચા છે?
સ.૧૪૩: ચક્રવર્તી રાજા આદિ ક્રોધાદિભાવે યુધ્ધોલડે છે, છતાં તે જ ભવે મોક્ષે જાય છે. જો આ અનંતાનુબંધી કષાય હોય તો અનંત સંસારની વૃધ્ધિ થવી જોઈએ તેને બદલે મોક્ષ કેવી રીતે થાય?
સ.૧૪૪: ગુણસ્થાનકમાં સાધક આત્માની યાત્રા ટૂંકમાં વર્ણવો.
સ.૧૪૫: કર્મ કોને કહેવાય? દ્રવ્યકર્મ ને ભાવકર્મ સમજાવો.
સ.૧૪૬: મોહનીય કર્મ કોને કહેવાય?
સ.૧૪૭: સિધ્ધ જીવ ઉર્ધ્વગતિજ કેમ કરે? તીરછી કે અધોગતિ કેમ નહિ?
સ.૧૪૮: ક્ષાયિક સમકિતીના અધિકમાં અધિક કેટલા ભવ હોય? તેમની કઈ ગતિ થાય?
સ.૧૪૯: પ્રભુ વીરે અંતિમ દેશનામાં અર્થ-કામ-ધર્મ-મોક્ષ આ ચાર પુરુષાર્થ બતાવ્યા છે. તેમાં અર્થ અને કામ ગૃહસ્થ શ્રાવક-શ્રાવિકા માટે તથા ધર્મને મોક્ષ સંત માટે છે એવી મારી સમજ છે...અર્થ અને કામને પ્રભુ વીરે પુરુષાર્થ માન્યા છે તો એ ઈષ્ટ છે કે અનિષ્ટ?
સ.૧૫૦: આપણે કર્મની નિર્જરા માટે ઉપવાસ આદિ પ્રથમ બાહ્યતપ કરીએ છીએ તો ખરેખર તપથી નિર્જરા થાય છે? કેવી રીતે? સમજાવો...
સ.૧૫૧: કરેલો તપ શૂન્ય કેવી રીતે થાય?
જ.૧૫૨: ઉપવાસ દરમ્યાન બચેલી ઉર્જાનો ઉપયોગ શેમાં કરવાનો છે?
સ.૧૫૩: શાસ્ત્રમાં "ઈચ્છાનિરોધ તપ" એમ કેમ કહ્યું છે? આપણે કોઈ તપ કરીએ તો મેં કર્યું એમતો થાય તો એમા શું?
સ.૧૫૪: શું છે આ બાહ્યતપ ઉણોદરી?
સ.૧૫૫: આજનું આપણું જીવન જ ઘડિયાળના કાંટા પર થઈ ગયું છે તો આવું ઉણોદરી વ્રત કરવું કઈ રીતે? ઑફિસ વગેરેમાં તો ટાઈમ ટુ ટાઈમ જ જમવા બેસવું પડે...ધંધા કે અન્ય કામકાજ માટે ટાઈમ પર જ નીકળવું પડે તો ટાઈમ પર જ જમવું પડેને?

સ.૧૫૬: ઉણોદરી વ્રતમાં સૌથી વધારે કર્મ ખપાવવાનો મોકો ક્યારે આવશે ?
સ.૧૫૭: આવું ઉણોદરી વ્રત તો ક્યારેક જ થઈ શકે. રોજ માટે કેવી રીતે કરવું ?
સ.૧૫૮: વસ્તુઓનો ત્યાગ કરવો એજ વૃત્તિ સંક્ષેપને ?
સ.૧૫૯: વૃત્તિઓતો ભાગેજને ? એ તો સ્વાભાવિક છે.
સ.૧૬૦: તો સ્વભાવને પલટવો કઈ રીતે ?
સ.૧૬૧: કોઈ કોઈ જગ્યાએ પ્રવચન આપતાં એ સવાલ આવે છે કે 'બેન વૃત્તિસંક્ષેપ તો બહુ અઘરૂં છે, અમારા માટે તો અશક્ય છે.'
સ.૧૬૨: શાસ્ત્રમાં લખ્યું છે કે ''સ્વાદનો ત્યાગ એ જ તપ છે.'' તો એ આપણો ચોથો બાહ્ય તપ 'રસત્યાગ' એ શું છે તે જરા વિસ્તારથી સમજાવો.
સ.૧૬૩: તો શું મનને મારી શકાય ?
સ.૧૬૪: રસપરિત્યાગ સાધવા શું કરવું ?
સ.૧૬૫: કાયક્લેશ નામનો પાંચમો બાહ્યતપનો શબ્દાર્થ તથા ગૂઢાર્થ સમજાવો ?
સ.૧૬૬: કાયક્લેશ જરા ઊંડાણથી સમજાવો ?
સ.૧૬૭: મહાવીરે પોતાની કાયાને કષ્ટ આપ્યું કે નહિ ?
સ.૧૬૮: સંલીનતાં એટલે હાથપગ સંકોચી રાખવા એમજને ?
સ.૧૬૯: સંલીનતાનો અભ્યાસ કેવી રીતે કરવો ?
સ.૧૭૦: સંલીનતાથી અંતરમુખી યાત્રા થાય ?
સ.૧૭૧ બાહ્ય તપથી કર્મની નિર્જરા થાય કે અભ્યંતર તપથી ? છ અભ્યંતર તપના નામ આપો.
સ.૧૭૨ અત્યારે સામાન્ય રીતે પ્રાયશ્ચિત નામના તપનો કયો અર્થ પ્રચલિત છે ?
સ.૧૭૩ આલોચના લીધા પછી પણ આ તપ ઘટિત નહિ થવાનું કારણ શું ?
સ.૧૭૪ મહાવીરે પ્રાયશ્ચિતને અભ્યંતર તપનું પહેલું પગથિયું કેમ ગણ્યું ?
સ.૧૭૫ આપણે અત્યારના જે પ્રાયશ્ચિતને સમજ્યા છીએને મહાવીરે જે અર્થમાં કહ્યું છે, તે બેમાં શું ફરક છે ?
સ.૧૭૬ પ્રાયશ્ચિતની દુનિયામાં પ્રવેશ ક્યારે કરી શકાય ?
સ.૧૭૭ નિયમસારમાં પ્રાયશ્ચિતની વ્યાખ્યા જુદી આપી છે ને ?
સ.૧૭૮ સામાન્યપણે વિનયતપના શું અર્થ થાય છે ?
સ.૧૭૯ વિનય તપના પ્રકાર ટૂંકમાં સમજાવો ?
સ.૧૮૦ આપણે જે અર્થમાં વિનય તપ સમજીએ છીએ તે બરાબર છે ?
સ.૧૮૧ મહાવીર કયા અર્થમાં વિનય તપ સાધવાનું કહે છે ?
સ.૧૮૨ જે આજે શ્રેષ્ઠ છે તે ભૂતકાળમાં ન હતા... આ વાક્ય ઉદાહરણ સાથે સમજાવો ?

સ.૧૮૩ પહેલા પ્રાયશ્ચિત પછી વિનય તપ રાખવાનું શું કારણ?

સ.૧૮૪ વિનય તપની સાધના માટે કર્મની થિયરી સમજાવો?

સ.૧૮૫ જીવ માત્ર પ્રત્યે આદર... એ બોલવું ને સાંભળવું ગમે છે. ઝાડ-પાન-પશુ-પક્ષી પ્રત્યે આદર રાખવો સહેલો છે, કેમકે તે આપણને સામે બોલતા નથી, ક્રોધ કરતા નથી, પરંતુ જે આપણી નિંદા કરે છે, ક્રોધ કરે છે, ગાળો આપે છે, તેના પ્રત્યે આદર-બહુમાન કેવી રીતે જાગૃત થાય?

સ. ૧૮૬ ત્રીજું અભ્યંતર તપ વૈયાવચ્ચ (વૈયાવૃત્ત) એટલે શું? તેનાં ભેદ સાથે સમજાવો.

સ. ૧૮૭ વૈયાવચ્ચથી કેવા ગુણો પ્રગટે? સેવા કરતી વખતે કઈ વસ્તુ લક્ષ્યમાં રાખવી?

સ. ૧૮૮ 'સેવા ભવિષ્યોન્મુખ' ન હોવી જોઈએ. સમજાવો.

સ. ૧૮૯ સેવાનું કામ તો ગર્વ લેવા જેવું જ કામ છે ને તેમાં ખોટું શું?

સ. ૧૯૦ સેવા કરીએ તો પુન્યનો ભાવ તો પેદા થાય જ ને?

સ. ૧૯૧ મહાવીરે વૈયાવૃત્ત સેવાને બાર તપમાં છેક આઠમા સ્થાને કેમ મૂક્યું?

સ. ૧૯૨ મહાવીર જે વૈયાવચ્ચની વાત કરે છે તે દવા જેવી છે અને આપણે જે વૈયાવચ્ચ કરીએ છીએ તે ટોનિક જેવી છે. - સમજાવો.

સ. ૧૯૩ મહાવીરે બતાવેલું વૈયાવચ્ચ તપ તો ખૂબ અઘરૂં છે.

સ. ૧૯૪ જો વૈયાવચ્ચ તપ સમજાઈ જાય તો અડધું જગત શાંત થઈ જાય, કેવી રીતે ?

સ. ૧૯૫ દરરોજની દિનચર્યામાં વૈયાવચ્ચ તપ કેવી રીતે અમલમાં લાવશો?

સ.૧૯૬ આત્માનું રૂપાંતરીત થયા વગર વિનય નામનો તપ સાધી શકાય નહિ. સમજાવો.

સ. ૧૯૭ જીવો પ્રત્યે અવિનય કરીને આપણે આપણા જ આત્મા પ્રત્યે જ અવિનય કરીએ છીએ. - સમજાવો.

સ. ૧૯૮ ચોથા અભ્યંતર તપ 'સ્વાધ્યાય' નો આપણે સામાન્ય અર્થ શું કરીએ છીએ? તેના પ્રકાર જણાવો.

સ. ૧૯૯ શું મહાવીર શાસ્ત્રના અધ્યયનને સ્વાધ્યાય કહેવા માંગે છે?

સ. ૨૦૦ તો આજે કેમ સ્વાધ્યાય એટલે શાસ્ત્રનો જ અભ્યાસ એવો અર્થ કરવામાં આવે છે?

સ. ૨૦૧ મહાવીરના સ્વાધ્યાયનો અર્થ થાય છે ''અપ્રમાદમાં જીવો'' આ વાક્ય સમજાવો.

સ. ૨૦૨ ''ક્રોધ કરનારને જુઓ, ઘૃણા કરનારને જુઓ'' આ વાત કંઈક ઉદાહરણ સાથે સમજાવો.

સ. ૨૦૩ 'વસ્તુગત પાસું અને આત્મગત પાસું' જરા વિસ્તારથી સમજાવો.

સ. ૨૦૪ આપણું મન કેમ બહારની ઘટનાઓ જ વધારે અનુભવ કરે છે ને અંદરનો નહિ?

સ.૨૦૫: તમે કહેશો કે સ્વાધ્યાય તપમાં શું છે? થોડી નવકારવાળી ગણી લીધી, થોડી ગાથા ગોખી લીધી કે શાસ્ત્ર અધ્યયન કરી લીધું એટલે થઇ ગયું સ્વાધ્યાય તપ.

સ.૨૦૬: જન્મ-મરણના ચક્કરનો અંત કેમ આવતો નથી? જો ભગવાનના કહેવા પ્રમાણે આપણે પર્વતના ઢગલા થાય એટલી વાર ઓઘા લીધા તો પણ આપણે હજી સુધી ભવનો નિસ્તાર કેમ પામી શકતા નથી?

સ.૨૦૭: આપણે જોયું કે કેવી રીતે જન્મ-મરણના ચક્કરમાંથી છૂટીજ નથી શકાતુ. હવે એ જણીએ કે સ્વાધ્યાય તપના ઉંડાણમાં કોણ ઉતરી શકે?

સ.૨૦૮: આ કર્મનો બાંધનાર તો આત્મા છે, તો કર્મની નિર્જરા માટેય આત્માસુધી જ પહોંચવું પડશે?

સ.૨૦૯: આ વાત એક ઉદાહરણ સાથે સમજાવો.

સ.૨૧૦: ચેતન મન અને અવચેતન મન નો સ્વાધ્યાય તપમાં શું રોલ છે?

સ.૨૧૧: અવચેતન મનને નિર્મળ કરવાનો ઉપાય શું?

સ.૨૧૨: સ્વાધ્યાય માટે શું કરવું?

સ.૨૧૩: જો કોઈની કૃપા થઈ જાય તો બેડો પાર થઈ જાય ને? સ્વાધ્યાય તપમાં ઉતરી શકાય?

સ.૨૧૪: વિકારોને જડમૂળથી કાઢવા કઈ રીતે?

સ.૨૧૫: એક ભૌતિક ઉદાહરણથી શાસ્ત્રજ્ઞાન ને સમ્યક્જ્ઞાન વચ્ચેનો ભેદ સમજાવો?

સ.૨૧૬: સ્વાધ્યાયના એક એક સ્ટેપ સમજાવો

સ.૨૧૭: સ્વાધ્યાયનું અંતિમ લક્ષ્યતો ચિત્તને એકાગ્ર કરવાનું જ ને?

સ.૨૧૮: નિર્વિકાર મન શા માટે?

સ.૨૧૯: મને કોઈ-કોઈ વ્યક્તિ એવું પણ પૂછતા હોય છે કે "બેન, તમે ધ્યાનમાં બેસતા હશો ત્યારે તો ક્યાંય ખોવાઈ જતાં હશો ને? ક્યાંક બહાર તમારૂં મન ચાલ્યું જતું હશે ને? ખૂબ આનંદ આવતો હશે ને? મજા આવતી હશે ને?"

સ.૨૨૦: તો મનને ભટકાવનાર કોણ છે?

સ.૨૨૧: પહેલું પાપસ્થાનક પ્રણાતિપાત સમજાવો?

સ.૨૨૨: ઘણી વખત એવો જવાબ મળે છે કે અન્યધર્મીને આકર્ષવા માટે આવું બધું કરીએ છીએ.

સ.૨૨૩: બીજુ પાપસ્થાનક મૃષાવાદ સમજાવો ?

સ.૨૨૪: ત્રીજું પાપસ્થાનક અદત્તાદાન સમજાવો ?

સ.૨૨૫ :શું બધા પાપસ્થાનક વિષે આ રીતે ચીંતન કરવું ?

સ.૨૨૬ :મનની સ્થિરતા માટે પૂર્વાચાર્યોએ શું પ્રયોગ કર્યા ?

સ.૨૨૭: શ્વાસોશ્વાસનું અવલંબન અને ચિત્તને સ્થિર કરવાનો પ્રયોગ જૈન સાધનામાં છે ખરો ?

સ.૨૨૮: આપણા શ્વાસને ને વિકારોને શું સંબંધ છે ?

સ.૨૨૯: શ્વાસનું જ આલંબન લેવાના બીજા કારણો શું ?

સ.૨૩૦: મનની સ્થિરતા માટે શું કરવું ?

સ.૨૩૧: એના માટે કયા નિયમો પાળવા ?

સ.૨૩૨: શ્વાસને અવલોકતી વખતે શું ધ્યાનમાં રાખવાનું છે.

સ.૨૩૩: આ મનુષ્ય જન્મ પામીને આપણું પહેલું કાર્ય શું છે ?

સ.૨૩૪: સ્વનો અધ્યાય કરતાં કરતાં અંતરયાત્રા થશે ?

સ.૨૩૫: શું છે આ સંવેદના ?

સ.૨૩૬: સંવેદનાના રૂપમાં કર્મ પ્રગટ થશે ત્યારે શું થશે ?

સ.૨૩૭: કર્મની નિર્જરા થવાથી શું થશે ?

સ.૨૩૮: સંવેદના કેમ બે જ પ્રકારે અનુભવાય ? કાં સુખદ કાં દુઃખદ ?

સ.૨૩૯: શું સ્વાધ્યાય, ધ્યાન કાયોત્સર્ગ તપ એકબીજા સાથે જોડાયેલા છે ?

સ.૨૪૦: વિપશ્યનાનું નામ સાંભળતા તમને પહેલો સવાલ એ થશે કે આપણે બીજાના ધર્મનું શીખવા જવાનું ?

સ.૨૪૧: તો સવાલ એ થાય કે આ સાધના આપણા આપણા ધર્મમાંથી કેમ લુપ્ત થઈ ગઈ ? ને કેવી રીતે પાછી ફરી ?

સ.૨૪૨: દસ દિવસ દર્શન-પૂજા ન થાય તેનું શુ ?

સ.૨૪૩: ઘણા વાચક કહેશે કે અમે તો વિપશ્યનાની પાંચ-દસ-શીબીર કરી છે, પણ કોઈ ઉપલબ્ધિ થઈ નથી ?

સ.૨૪૪ :આ પ્રક્રિયાનું વિપશ્યના - ધ્યાન - સ્વાધ્યાયનું લક્ષ્ય શું છે ?

સ.૨૪૫ :ઘણી બધી ધ્યાન સાધના પ્રચલિત છે જેવી કે પ્રેક્ષાધ્યાન, બ્રહ્મધ્યાન વગેરે વગેરે... એમાંથી વિપશ્યના ધ્યાન સાધનાની જ પસંદગી શા માટે ?

સ.૨૪૬: બૌધદર્શન નિત્ય આત્માને તો માનતું જ નથી. ક્ષણિકવાદનું પ્રતિપાદક છે. બસ માત્ર જડ શરીરને જોયા કરો અને શ્વાસ પર ધ્યાન રાખો. એનાથી શું વળે ?

સ.૨૪૭: બીજો સવાલ છે જડ શરીરને જોવાથી શું મળે ? ચિત્તને કાયામાં જ પરોવી

રાખી મસ્તકથી પાની સુધી શા માટે ઘુમાવવું ?

સ.૨૪૮: આપણા રોજીંદા જીવનમાં બોલાતા કોઈ દુહાનું ઉદાહરણ આપીને વિપશ્યના સમજાવો.

સ.૨૪૯: ત્રણેક વર્ષથી વિપશ્યના સાધના કરૂં છું, પણ શિબિરોમાં એની એજ વાત આવે છે તો શું વર્ષોવર્ષ માત્ર સંવેદનાઓ જ જોયા કરવી?

સ.૨૫૦: આ સાધના ક્યાં સુધી કરવી? નિર્વાણની પ્રથમ અનુભૂતિ ક્યારે મળે?

સ.૨૫૧: ક્યારેક બાહ્ય કશા કારણ વિના અંતરમાં ભય, ગ્લાનિ, ઉદ્વેગ, હતાશા આદિનો અનુભવ થાય છે તો ક્યારેક બંધ આંખે તારા જેવો તેજસ્વી પ્રકાશ દેખાય, આસનથી અધ્ધર ઉંચકાઈ ગયાનો અનુભવ વિપશ્યના સાધના વખતે થાય છે.

સ.૨૫૨: સાધનામાં આગળ વધતા સાધકમાં શું બદલાવ આવે છે?

સ.૨૫૩: આપણે જીનાજ્ઞા વિરૂદ્ધ તો કાંઈ નથી કરતા ને?

સ.૨૫૪: કેવી માયાજાળથી ચેતવાનું છે વિપશ્યના સાધનામાં?

સ.૨૫૫: શું આ સાધનાથી રોગ પણ શમી જાય છે?

સ.૨૫૬: કિંતુ, આવી ઉત્તમ કોટિની સાધનાનો જૈન સમાજના એક વર્તુળમાં વિરોધ પણ એટલો જ થઈ રહ્યો છે?

સ.૨૫૭: વિપશ્યના માટે દસ દિવસ ફાળવવા અઘરૂ પડે છે? આટલો સમય ક્યાંથી લાવવો?

સ.૨૫૮: ધ્યાન શીખવાની શરૂઆત ક્યારે કરવી જોઈએ?

સ.૨૫૯: બધું જ વિપશ્યના સાધનાની જેમ... મૌન, વચન-કાયાની સ્થિરતા બધું જ બરાબર હોય પણ એકદમ અંતરમાં ઈષ્ટદેવનું સ્મરણ ચાલુ હોય તો કર્મની નિર્જરા થાય કે નહિ?

સ. ૨૬૦ મહાવીરે બતાવેલા બાર તપમાંનો દસમો તપ સ્વાધ્યાય અને અગ્યારમો તપ 'ધ્યાન' બંને એક જ?

સ. ૨૬૧ પાંચમું અભ્યંતર તપ 'ધ્યાન' એટલે શું? તેના કેટલા પ્રકાર છે? કયા કયા?

સ. ૨૬૨ આર્તધ્યાનના ચાર પાયા જણાવો.

સ. ૨૬૩ આર્તધ્યાનનો પહેલો અને બીજો પાયો સમજાવો?

સ. ૨૬૪ પ્રિય વસ્તુની અભિલાષા અને અપ્રિયનો વિયોગ ચિંતવવો તે આર્તધ્યાનનો પહેલો અને બીજો પાયો થોડાંક ઉદાહરણ સાથે સમજાવો.

સ. ૨૬૫ અનુકૂળતા ગમે તેમાં પણ આર્તધ્યાન?

સ. ૨૬૬ મનમાં આવી વિચારધારા તો ચાલ્યા જ કરતી હોય, તો આર્તધ્યાન કે રૌદ્રધ્યાનમાં ગરકાવ ક્યારે કહેવાય?

સ. ૨૬૭ પ્રતિકૂળ વસ્તુ, વ્યક્તિ કે સંયોગો તે દૂર હટાવી દઈએ અથવા આપણે

તેનાથી દૂર હટી જઈએ તો આર્તધ્યાનથી બચી ન જવાય ?

સ. ૨૬૮ રૌદ્રધ્યાનથી બચવા માટે શું કરવું ?

સ. ૨૬૯ રોગ આવ્યે આર્તધ્યાનથી બચવા શું ચિંતવન કરવું ?

સ. ૨૭૦ આ બધું તો બરાબર સમજાય છે, પરંતુ જ્યારે પોતાના પર કોઈ મહારોગ કે કષ્ટ આવે ત્યારે સહન કરવાની શક્તિ રહેતી નથી ને આર્તધ્યાનમાં ડૂબી જ જવાય છે તો શું કરવું ?

સ. ૨૭૧ આપણે મોક્ષની ઈચ્છાથી ધર્મ કરીએ તો તે પણ નિયાણું જ કહેવાય ને ?

સ. ૨૭૨ સામાયિક જેવી બાબતમાં પણ આર્તધ્યાન થઈ શકે ?

સ. ૨૭૩ ધર્મધ્યાન માટે અનુકૂળતા તો જોઈએ ને ?

સ. ૨૭૪ નિયાણું (નિદાન) કેટલા પ્રકારનું છે ? સમજાવો.

સ. ૨૭૫ આર્તધ્યાનથી બચવા શું કરવું ?

સ. ૨૭૬ આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનનું સ્વરૂપ જાણ્યા પછી એ સમજાવો કે ધર્મધ્યાન એટલે શું ?

સ. ૨૭૭ બે ચાર ઉદાહરણ સાથે શુભ ચિંતવન સમજાવો.

સ. ૨૭૮ સામાન્યથી જીવ ધર્મધ્યાનમાં પ્રવેશ પામ્યો છે તે ક્યારે ખબર પડે ? ધર્મધ્યાનના આલંબન પણ જણાવો.

સ. ૨૭૯ ધર્મધ્યાન સવિકલ્પ છે કે નિર્વિકલ્પ ? પરમાત્માએ ધ્યાન કરવાનું કીધું છે તે કેવી રીતે ?

સ.૨૮૦ઃ શુભલેશ્યા વિના શુભ ધ્યાન નથી, શુભધ્યાન વિના સમતા નથી. સમજાવો ?

સ.૨૮૧ઃ ધ્યાનમાં ચાર સ્ટેજ વર્ણવો ?

સ.૨૮૨ઃ ચિંતન માટેના થોડાક વિચારો જણાવો ?

સ.૨૮૩ઃ પરમાત્માના મિલન માટે ધ્યાન જરૂરી છે ? ધ્યાન માટે મેરૂદંડનું મહત્ત્વ સમજાવો.

સ.૨૮૪ઃ શરીરમાં રહેલા ચક્રોના નામ આપો ? તથા મૂલાધાર અને સ્વાધિષ્ઠાન ચક્ર વિષે સમજાવો ?

સ. ૨૮૫ મણિપુર ચક્ર, અનાહત ચક્ર તથા વિશુદ્ધિ ચક્ર વિષે જણાવો.

સ. ૨૮૬ આજ્ઞા ચક્ર તથા સહસ્ત્રાર ચક્ર પર પ્રકાશ પાડો.

સ. ૨૮૭ દેહની સ્થિરતા કાયોત્સર્ગ છે. અને ચિત્તની સ્થિરતા ધ્યાન છે. સમજાવો.

સ. ૨૮૮ દેહની સ્થિરતા માટેના ત્રણ આસન (મુદ્રા) જણાવો.

સ.૨૮૯ ધ્યાનની મુખ્ય થીમ સમજાવો.

સ.૨૯૦ ધ્યાનથી અંતરયાત્રા પર પ્રકાશ પાડો.

સ.૨૯૧ ધ્યાનમાં ચમત્કાર સંભવિત છે ? ચમત્કાર થાય એ સાધક ધ્યાનમાં ઘણો આગળ છે એવું હોઈ શકે ?

સ.૨૯૨ સાધના કરનાર સાધકે આહારનું શું ધ્યાન રાખવું ?

સ.૨૯૩ ધર્મ પામવાનું ધ્યાન ઉત્તમ અનુષ્ઠાન છે, કેવી રીતે ?

સ.૨૯૪ ધ્યાનથી કેવી રીતના ધર્મ ?

સ.૨૯૫ ધ્યાનમાં ટકી રહેવું બહુ મુશ્કેલ લાગે છે.

સ. ૨૯૬ મોક્ષમાર્ગ આરાધનાના દસ અધિકાર જણાવો ?

સ. ૨૯૭ સંલેખના એટલે શું ? આવું સંલેખના વ્રત ક્યારે ઉચ્ચરવું ?

સ. ૨૯૮ સંલેખના વ્રત ગ્રહણ કરવામાં શું ભયસ્થાન છે ?

સ.૨૯૯ સંલેખના વ્રત લેવું જોઈએ કે નહિ ?

સ.૩૦૦ ચેતન સમાધિ ઈચ્છતું હોય પણ અંત સમય દુઃખ પારાવાર હોય, ત્યારે આવા વિચાર આવવા દુર્લભ હોય અથવા તો આયુષ્ય કર્મ બંધાઈ ગયું હોય ને તેવી લેશ્યા આત્માને લેવા આવે તો શક્ય છે કે જીવ સંલેખના કરી શકે ?

સ.૩૦૧ પ્રભુએ બતાવેલા દસ અધિકારમાં સંલેખના છે જ. માટે કરવું જોઈએ. આપણે બાળજીવો છીએ તો તે વખતે આવા વિચાર કે આવા વ્રત અમલમાં મુકવા જીવ શું કરે ?

સ. ૩૦૨ અમુક મત પંથ સંપ્રદાય પ્રત્યે શ્રદ્ધા રાખવાથી સમ્યકદર્શન પ્રાપ્ત થઈ જાય ?

સ. ૩૦૩ શું છે સમ્યક્ દર્શન ?

સ. ૩૦૪ સમ્યક્ દર્શન પામેલી વ્યક્તિ દેહ અને આત્માને કઈ રીતે અનુભવે છે ?

સ. ૩૦૫ સ્વાનુભૂતિની દશા વાણી દ્વારા સમજાવી શકાય ?

સ. ૩૦૬ શું આ સમ્યકદર્શનનો અનુભવ ઓચિંતો જ આવે છે ?

સ. ૩૦૭ સમ્યક્દર્શનના અનુભવનું જરા વર્ણન કરો.

સ. ૩૦૮ સમ્યક્દર્શન પ્રાપ્ત કરનાર વ્યક્તિની સમ્યક્દર્શન પ્રાપ્ત થયા પહેલાની ને પછીની માનસિક સ્થિતિ કેવી હોય છે ?

સ. ૩૦૯ સમ્યક્દર્શન પામેલી વ્યક્તિને મૃત્યુનો ભય પણ સ્પર્શતો નથી ?

સ. ૩૧૦ સમ્યક્દર્શન પામનાર દરેકનો અનુભવ સરખો હોય છે ?

સ. ૩૧૧ સમ્યક્દર્શન ધ્યાન વખતે જ પ્રાપ્ત થાય ?

સ. ૩૧૨ બહિરાત્મ દૃષ્ટિ ક્યારે હટે છે ? ને અંતરદૃષ્ટિ ખીલી ઉઠે છે ?

સ. ૩૧૩ સમ્યક્દૃષ્ટિ કયા ગુણસ્થાનકની સ્પર્શના કરે છે ?

સ. ૩૧૪ સમ્યક્દર્શનની પ્રાપ્તિ એ આત્મવિકાસની ચરમ અવસ્થા છે ?

સ. ૩૧૫ સમ્યકત્વનું મંડાણ શેના પર છે?

સ. ૩૧૬ શું છે વ્યવહાર સમ્યક્દર્શન?

સ. ૩૧૭ જ્ઞાનસહિત ક્રિયા કોને કહેવાય?

સ. ૩૧૮ જે સમ્યક્દર્શન વિના વિપુલ શ્રુતજ્ઞાન પણ 'જૂઠું' જ રહે છે એ અનુભવ જ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રત્યેક મુમુક્ષુને કેવું આકર્ષણ હોવું જોઈએ?

સ. ૩૧૯ સમ્યક્દર્શનની પ્રાપ્તિ, આત્મઅનુભવની પ્રાપ્તિ આ ક્ષેત્રે વર્તમાનકાળમાં શક્ય છે ખરી?

સ. ૩૨૦ સમ્યક્દર્શનનો મહિમા શું છે?

સ. ૩૨૧ ચોર્યાસી ચોવીશી સુધી લોકો સ્થૂલીભદ્રજીને યાદ કરશે એમ કેમ કહ્યું છે?

સ. ૩૨૨ બ્રહ્મચર્ય રક્ષક, બ્રહ્મચર્યની નવ વાડો કઈ છે? સવિસ્તાર સમજાવો?

સ. ૩૨૩ બ્રહ્મચર્ય વ્રતને ઉત્તમ વ્રત તરીકે કેમ ગણાવ્યુ છે? નિશ્ચયનયથી બ્રહ્મચર્ય કોને કહે છે?

સ.૩૨૪ જૈન ધર્મના અમુક સંતો આત્મકલ્યાણને વધારે મહત્વ આપે છે અને પર આત્મ કલ્યાણને ગૌણ સ્થાન આપે છે તે કેટલું તોગ્ય છે?

સ.૩૨૫ છઠ કરીને સાતજાત્રા કરીએ એટલે મોક્ષની પ્રાપ્તિ થાય એ સાચી વાત છે ?

સ.૩૨૬ શું એવો નિયમ છે કે ૪૮ ભવ માનવના કર્યા પછી નિયમથી જીવ નિગોદ - એકેન્દ્રિયમાં ચાલ્યો જાય? તો પછી ભગવાને કીધું છે કે ''આપણા જીવે પર્વતના ઢગલા જેટલા ઓઘા લીધા છે''આ કેવી રીતના શક્ય બને?

સ. ૩૨૭ એવા કેટલા ને ક્યાં કર્મ હોય જે અનંતા કાળચક્ર સુધી એકેન્દ્રિયમાં પડ્યા રહી જીવે ભોગવવા પડે?

સ. ૩૨૮ અકામ નિર્જરા એટલે શું? સકામ નિર્જરા એટલે શું? આ કર્મો ઝડપથી ભોગવી લેવા માટે એટલે કે નિર્જરવા માટે બીજો કોઈ ઉપાય નથી?

સ. ૩૨૯ શું કહ્યું છે પ્રદક્ષિણાના ત્રણ દુહામાં?? જરા સવિસ્તાર સમજાવો?

સ. ૩૩૦ દ્રવ્ય હિંસા અને ભાવ હિંસા વચ્ચે શું ભેદ છે તે સમજાવો?

સ.૩૩૧ ૨૨ અભક્ષ્ય સિવાય બીજા કયા પદાર્થ અભક્ષ્ય છે? અભક્ષ્ય પદાર્થ પેટમાં જવાથી શું થાય છે?

સ. ૩૩૨ વહેલી સવારે દેરાસરમાં જે ફૂલવાળો ફૂલ લઈને આવે છે તે વાસી ફૂલ હોય છે, તો તે ભગવાનને ચડાવાય?

સ. ૩૩૩ ફૂલ તો આમેય એક-બે દિવસમાં મરી જ જવાનું છે, તો પછી તોડીને ભગવાનને ચઢાવવામાં શું વાંધો છે? એને તો ઉંચુ સ્થાન મળે છે ને? કોઈ ભિખારીને સમ્રાટને મિલાવીએ તો તે ખુશ થાય કે નહીં?

સ. ૩૩૪ રાજા કુમારપાળે આગલા ભવમાં ફક્ત પાંચ કોડીના ફૂલડે ભગવાનને પૂજ્યા હતા. તેના ફળ સ્વરૂપે તેઓ અઢાર દેશના રાજા બન્યા, તો આપણે તો દરરોજ આટલા રૂપિયાના ફૂલ ચડાવીએ છીએ તો...કેટલું પુન્ય ?

સ. ૩૩૫ આપણે ઘરમાં તો વનસ્પતિ જીવોની હિંસા કરીએ છીએ શાકભાજી વગેરે એકેન્દ્રિય જીવો જ છે ને ? તો પછી ભગવાનને ફૂલ ચઢાવવામાં થોડી હિંસા વધારે થાય તો શું વાંધો છે ?

સ. ૩૩૬ આપણા પૂર્વાચાર્યો તો ખૂબ જ્ઞાની હતા, જાણકાર હતા...તો તેમણે આ પૂષ્પપૂજાને મહત્વ કેમ આપ્યું ?

સ. ૩૩૭ શાસ્ત્રમાં તો આવે છે કે નાગકેતુ ભગવાનની પુષ્પ પૂજા કરતાં કરતાં કેવળજ્ઞાન પામ્યા...

સ. ૩૩૮ ફૂલ ભગવાન પર ચઢે છે તે ભવિ બને છે તે સાચું નથી ?

સ. ૩૩૯ અભવિ આત્મા, અર્થાત્, મહાઅશુભ કર્મોનો કર્તા એવો આત્મા કાળે કરીને અજીવ બને છે ? કે કાયમ પરિભ્રમણ કરે છે ? અથવા શાશ્વત કાળ માટે અભવિ તરીકે ચોક્કસ યોનીમાં રહે છે ?

સ. ૩૪૦ દેરાસરમાં 'સ્ત્રી-પુરૂષનો સંઘટ્ટો ટાળો' એમ બોલતાં હોય છે...તે તો મહારાજ સાહેબ માટેને આપણે શું ?

સ. ૩૪૧ તો સજાતિય આભામંડળમાં પણ વિચારોની આપ-લે તો થાય ને ?

સ. ૩૪૨ તીર્થ સ્થાનમાં લોકો બૂમ બરાડા પાડીને વચ્ચે ઘૂસીને, ધક્કામુક્કી કરીને પૂજા કરે છે તે કેટલું યોગ્ય છે ?

સ. ૩૪૩ ઘણા ભાગી ભાગીને પ્રદક્ષિણા દેતા હોય છે. યોગ્ય છે ?

સ. ૩૪૪ દેરાસરમાં પૂજા-પ્રક્ષાલ કરતી વખતે યાદ રાખવા જેવી બીજી બાબતો કહો.

સ. ૩૪૫ આજકાલ પુરૂષોના વસ્ત્રોમાં પણ ભાતભાતની ડીઝાઈન ને રંગબેરંગી પૂજાની જોડી, ભરતકામવાળી પૂજાની જોડી... આ બધું યોગ્ય છે ?

સ. ૩૪૬ દેવ-દેવીઓ પણ આપણા દેરાસરમાં આવે ? એ લોકો તો એમના દેવલોકના દેરાસરમાં જ જાયને ?

સ. ૩૪૭ નમસ્કાર મહામંત્રના અધિષ્ઠાયક દેવ કોણ છે ? એના રચયિતા કોણ છે ? શું આ મંત્ર સતત ગણ્યા કરવાથી જાતિ સ્મરણ જ્ઞાન થઈ શકે ?

સ. ૩૪૮ કેમ ધર્મી જીવને મોટા-મોટા કષ્ટ પડતા હોય ને વધુ તકલીફો આવતી હોય એવું દેખાય છે ? તેથી ધર્મ ઉપર શંકા થાય છે ?

સ. ૩૪૯ સમભાવી દેવી નાણંદેવી માઁ આ પુદ્ગલને ચાર પ્રકારના ડબ્બાનું રૂપક આપીને શું કહે છે તે જણાવો ?

સ. ૩૫૦ સમદૃષ્ટિ દેવી શ્રી નાંણદેવીમાઁ જ્ઞાનપાંચમનું મહત્વ સમજાવતા શું કહે છે ?

**સ. ૧ માનવભવ વિશિષ્ટ કેમ છે ?**

જ. ૧ પુણ્ય અને ભોગસામગ્રીની અપેક્ષાએ દેવનો ભવ વિશિષ્ટ છે. પરંતુ માનવભવની વિશિષ્ટતાઓમાં તેનું મન આવે છે. દેવતાઓનું મન, શક્તિ અને ક્ષમતાની દ્રષ્ટિએ ઘણું હીન છે. જ્યારે માનવમન અગાધ શક્તિવાળું છે. ૮૪ લાખ જીવાયોનીમાંથી અન્ય કોઈપણ ભવ એવો નથી જેમાં મન આટલું ઉંચેથી નીચે અને નીચેથી ઉંચે જઈ શકે. દેવ ગમે તેટલો પુરૂષાર્થ કરે તો પણ ભારેમાં ભારે અશુધ્ધિ તરફ તેનું મન જઈ શકે નહિ. અને ઉંચી શુધ્ધિ સુધી પણ તે ભવમાં તે જઈ શકે નહીં. દેવતાઈ ભવમાં મનના બે છેડા સુધી જવું શક્ય નથી. જ્યારે માનવમન ઉંચામાં ઉંચુ અને નીચામાં નીચું ભાવ પ્રયાણ કરી શકે છે. આજ માનવભવની મોનોપોલી છે. આ ભવમાં તમે તમારા મનનું, પુરૂષાર્થ દ્વારા આમૂલ પરિવર્તન કરી શકો છો. રૂપ - શરીરબળ વગેરે બધું જ દેવભવ કે પશુભવમાં વધારે હોઈ શકે છે, પરંતુ શુધ્ધિ-અશુધ્ધિના ચરમ શિખરોને સ્પર્શ કરવાની મનની પ્રચંડ શક્તિ તો ફક્ત માનવ ભવમાં જ છે. જો આપણે મનના રહસ્યો સમજી શકીએ તો આ માનવભવને સફળ કરી શકીએ. મન આખી દુનિયામાં એક ક્ષણમાં ફરીને પાછું આવી શકે છે. અને જો રસ પડી જાય તો એક જ વસ્તુમાં એકાગ્રતા પણ લાવી શકે છે. મનની શક્તિ અજબ-ગજબની છે. બીજી બાહ્ય ઈંદ્રિયોની શક્તિ મન આગળ અંશમાત્રપણ ન આવે. આ શક્તિનો પરિચય ન હોવાથી જ સાધના કરવામાં આપણે ઉત્સાહિત થઈ શકતા નથી ઉંચામાં ઉંચો શુધ્ધભાવ ને હલકામાં હલકો સંકલિષ્ટ ભાવ મનુષ્યના મનમાં શક્ય છે, અને એનો કંટ્રોલ પણ આપણા હાથમાં છે. આપણે કઈ બાજુ ગતિ કરવી છે તે આપણો નિર્ણય છે. મનની સાધના માત્રથી જ પરમાત્મા બની શકાય છે, અને તે માનવ ભવમાં જ શક્ય છે.

**સ. ૨ લોક વ્યવહારમાં જે મગજ કહેવાય છે તેજ આપણું મન છે ને ?**

જ. ૨ ના... જૈન ફિલોસોફી પ્રમાણે જે અતિશય સૂક્ષ્મ રચનાવાળું જ્ઞાનતંતુઓનું સૂક્ષ્મ માળખું છે કે જેને લોક વ્યવહારમાં મગજ કહેવાય છે. તેને જૈન શાસ્ત્રીય ભાષામાં મનઃપર્યાપ્તિ કહે છે. અને તેનાથી પણ અતિશય સૂક્ષ્મ મનોવર્ગણાના પુદ્‌ગલોમાંથી બનેલું સાધન તે દ્રવ્યમન છે.

**સ. ૩	શું એ દ્રવ્યમન જોઈ શકાય છે ?**

જ. ૩	દ્રવ્યમન એ જડ અણુ પરમાણુની રચનામાંથી બનેલો ખાસ આકાર છે. દ્રવ્યમનનો આકાર આપણા વિચારોને ભાવો મુજબ સતત બદલાયા કરે છે. જેની પાસે મનઃપર્યવ જ્ઞાન છે તે જ્ઞાનીઓ, રૂપી (જોઈ શકાય તેવું) એવા આ મનને સ્પષ્ટ જોઈ શકે છે. આપણી આ સામાન્ય ઈન્દ્રિયોથી દ્રવ્યમન જોઈ શકાતું નથી, ભલે તે રૂપીદ્રવ્ય છે પણ અતિશય સૂક્ષ્મ હોવાથી આપણી ઇન્દ્રિયોથી અતીત છે. છતાં તે જડ પુદ્ગલ છે એટલે મનઃપર્યવજ્ઞાની તેનો સાક્ષાત્કાર કરી શકે છે. તમારા વિચારો-ભાવો મુજબ દ્રવ્યમનનો આકાર બદલાતો હોવાથી મનઃપર્યવજ્ઞાની તમારા વિચારોનું વાંચન કરી શકે છે. પરંતુ અરૂપી એવા આત્માનું પ્રત્યક્ષ તો કેવળજ્ઞાની જ કરી શકે છે. આ દ્રવ્યમનની અસરોનો આપણે ચોવીસે કલાક અનુભવ કરી શકીએ છીએ. પરંતુ દ્રવ્યમન તો સાધન છે જ્યારે ખરૂં મહત્વનું તે ભાવમન છે. જે આત્મા સાથે જોડાયેલું છે. આ ભાવમય ચૈતન્યમય છે, જ્યારે દ્રવ્યમન જડ છે.

**સ. ૪	ભાવમન શું છે ?**

જ. ૪	ભાવમન, અંદરમાં રહેલ આત્માના ભાવો છે. દ્રવ્યમન અણુપરમાણુની સરંચના છે. ભાવમન એ દ્રવ્યમન દ્વારા આત્મામાં પેદા થયેલા ભાવો છે. જીવનમાં દરેક વસ્તુ સંબંધી સાચા ખોટાનો નિર્ણય તમારૂં ભાવમન જ કરે છે. ભાવમન ચોવીસે કલાક પુણ્યપાપનો બંધ કરાવે છે. ભાવમન સતત સક્રીય છે. અર્થાત તમારો આત્મા એક ક્ષણ પણ મનોભાવથી શૂન્ય હોતો નથી. પ્રતિક્ષણ તમારા આત્મામાં મનોભાવો જન્મે છે, અને વિલિન થાય છે. જો ભાવમનને ઓળખી શકીએ તો જીવનમાં જબરજસ્ત પરિવર્તન આપણે કરી શકીએ. જેને પણ આધ્યાત્મની સાધના કરવી છે, તેણે ભાવમન પર વિજય મેળવ્યા વગર ઉધ્ધાર નથી. દ્રવ્યમન એ વિચાર કરવાનું સાધન છે. આ સાધન દ્વારા અંતરઆત્મામાં પેદા થતાં ભાવોના સમૂહને ભાવમન કહેવાય છે. ભાવમન એ એકલા ખાલી વિચારો નથી. એ ખાલી વિચારાત્મક છે ? ના, મનની સીમા વિશાળ છે. દુનિયાભરના ભાવો-પ્રતિભાવો મનમાં સંઘરાયેલા છે. મનોભાવથી શૂન્ય કોઈપણ આત્મા આ જગતમાં નથી. પ્રતિક્ષણ પેદા થતાં મનોભાવને ઉપયોગમન કહે છે. ભાવમનના મુખ્ય બે ભેદ છે. (૧) ઉપયોગમન (Concious Mind) (૨) લબ્ધિમન (Subconcious Mind)

**સ. ૫	ઉપયોગમન અને લબ્ધિમન સમજાવો ?**

જ. ૫ મનનો સમગ્રતાથી વિચાર કરતાં ઉપયોગ મન તે નાનો ભાગ બની જાય છે. મનમાં ઉપયોગ મન એ સપાટીનો ભાગ છે. તમારા મનની સપાટીને જાણી લો તો તમારા આખા મનને જાણ્યું છે તેમ ન જ કહેવાય. ઉપયોગ મન તે મનની સપાટી પર ઉપયોગરૂપે વર્તતાભાવો જ છે. ઉપયોગ મન ધારાબધ્ધ રીતે વહી રહ્યું છે. મનની ચંચળતાને તરલતા ઉપયોગ મનને આભારી છે. ઉપયોગ મનનો ગતિશીલતાનો સ્વભાવ છે. જ્યારે પણ નિમિત્ત મળે છે, ત્યારે તે પ્રમાણે સપાટી પર ભાવો જાગે છે. ધંધા કે પૈસાના વિચાર આવે ત્યારે ધંધાના આંદોલનો ચાલુ થાય, પરંતુ નિમિત્ત મળતાં તરત બીજા વિચારોમાં પરોવાઈ જાઓ, તે ઉપયોગ મન છે. આ ઉપયોગ મનને જ સમગ્ર મન માની લો તો મૂર્ખાઈ છે. જ્યારે લબ્ધિમન ઉંડું છે. તેમાં આ વિચારોથી થોડુંક પરિવર્તન આવે છે. જેમ કે કોમ્પ્યુટર કે ટી.વી. વગેરે ઓન કરો ત્યારે સ્ક્રીન પર તો તેટલું જ આવે છે. જેટલી એની સ્ક્રીન છે. પરંતુ ટી.વી. કોમ્પ્યુટર બંધ હોય ત્યારે પણ માહિતી સ્ટોરેજ તો હોય જ છે. આજે સ્ક્રીન છે તે ઉપયોગમન છે. ને જે માહિતી સ્ટોરેજ છે. તે લબ્ધિમન છે. મનને કુવાની ઉપમા આપી છે, ટાંકીની ઉપમા આપી નથી. જેમ કે એક ટાંકીમાં દસ ફૂટ પાણી છે તે ઉલેચો એટલે ટાંકી ખાલી થઈ જશે. તેમજ તેજ સાઈઝના એક કુવામાં પણ ૧૦ ફૂટ પાણી છે. પરંતુ જેમ કુવામાંથી પાણી કાઢતા જાઓ તેમ નીકોમાંથી પાણી આવતું જાય જ્યારે આખા એરીયાનું તળનું પાણી ઓછું થશે ત્યારે જ કુવામાં પાણીનો સ્ટોક ઓછો થશે. તેમ આપણા મનની સપાટી પરના ઉપયોગ મનના ભાવો છે જે દેખાય છે, તેના કરતાં અનેક ભાવો અંદર લબ્ધિમનમાં સંગ્રહિત છે. જેમ કે કોઈએ ગાળ આપી તો ક્રોધના વિચાર આવ્યા, હવે સપાટી પર જે ક્રોધ દેખાય છે (ઉપયોગમન પર) તેટલો જ ક્રોધ છે કે પછી અંદર ઘણો ક્રોધ ધરબાયેલો છે? આપણા મનની જે ઉંડાઈ દેખાય છે તેટલી જ છે કે કુવાની જેમ અગાધ છે? આવું નિમિત્ત મળ્યું માટે આવા ભાવ આવ્યા તેવું નથી, હકીકતમાં અંદર હતું તે બહાર આવ્યું છે. પેલાએ આમ કર્યું માટે મને આમ થયું તેવું નથી. બહારના નિમિત્તો ભાવ પેદા કરતાં નથી. પરંતુ બહારના નિમિત્તોથી અંદર મેલ હતો તે સપાટી પર આવ્યો છે. જો તમારી પાસે તે ભાવનો સ્ટોક જ નથી તો ગમે તેવું નિમિત્ત મળશે તોય તે ભાવ બહાર આવશે જ નહિ. જે ખતમ થઈ ગયું છે તે ક્યાંથી આવશે? ને જ્યાં સુધી આવશે ત્યાં સુધી સ્ટોક તમારી પાસે જ

છે. માટે ઉપયોગ મન અને લબ્ધિમનને જાણ્યા પછી આ માન્યતાને ધરમૂળથી બદલવાની છે કે ફલાણા નિમિત્ત મળ્યા ફલાણા સંયોગ આવ્યા માટે મને ક્રોધ આવ્યો, માટે મને માયા થઈ એમ નહિ, ક્રોધ, લોભ, માન, માયા મારામાં ભરેલા જ પડ્યાં હતા તે જ બહાર આવ્યા છે. મારા લબ્ધિમનમાં પડેલ કષાયની ગાંઠને ફૂટીને બહાર આવવાનો ટાઈમ થઈ ગયો હતો માટે જ બહારના સંજોગો એને અનુકૂળ આવી મળ્યા છે. આ માન્યતા બદલાય તો જ મનમાં પરિવર્તન આવે. તમારા લબ્ધિમનમાં રહેલ વિષય-કષાય અત્યારે ઉપરથી શાંત છે પરંતુ અંદરથી શાંત નથી માટે તેનાથી કર્મબંધ ચાલુ જ છે. વિચારોમાં ઉપયોગ મનમાં ક્રોધ આવે તો કર્મ બંધાય પણ પ્રકૃતિમાં (લબ્ધિમન) ક્રોધ હોય તો પણ ચોવીસ કલાક કર્મનો બંધ ચાલુ છે. તમે આખી દુનિયાથી અળગા થઈ શકો છો પરંતુ મનથી અળગા નથી થઈ શકતા. મનોભાવ પ્રમાણે સુખ-દુઃખ, કર્મબંધ છે. મનનો તાગ મેળવ્યા વગર સાધનામાં સફળતા મળતી નથી.

**સ. ૬ મનને સમજવું શા માટે જરૂરી છે ?**

જ. ૬ મનનું અસ્તિત્વ આત્મા સાથે સંકળાયેલું છે. મનની પ્રત્યેક પ્રવૃત્તિની આપણા આત્મા પર અસર છે.અધ્યાત્મની સાધનામાં મનની સાધનાનું રહસ્ય છે તે પણ સમજવું મહત્વનું છે. જે મનને નથી જીતતા તેમનું જીવન નકામું છે. મોક્ષ પામવા માટે દરેકે પોતાના મનનો તાગ પામવો જ પડશે. મન જ મુક્તિની સાધના માટેની મુખ્ય કડી છે. ફક્ત કાયા, વાણી કે ઈન્દ્રિયોને લીધે કર્મનો બંધ નથી થતો, પણ બધી જ પ્રવૃત્તિમાં મન ભળે તોજ કર્મનો બંધ કે કર્મની નિર્જરા થાય છે. આથી જ મનનું મહત્વ અતિશય છે. કષાય વિકારોથી વાસિત મન એ સંસાર, અને તેનાથી મુક્ત મન એ મોક્ષ.

**સ. ૭ કર્મબંધ માટે તો ઈન્દ્રિય જ વધારે જવાબદાર છે ને ?**

જ. ૭ ના... આંખ ટીકી ટીકીને વિકારી દૃશ્યો જુએ તો તેમાં મુખ્ય ગુનેગાર તમારી આંખ નથી પણ તમારૂં ભાવમન છે. કારણ કે વિકારોનો જન્મ તમારા મનમાં છે. આંખો તો તેની વાહક છે. એક ડૉક્ટરને ખાવાપીવાની ખૂબ આશક્તિ હતી. તેમને થયું ''દાંત છે એટલે જાતજાતની વસ્તુ ચાવીને તેના ટેસ લેવાના નખરા સૂઝે છે. જો દાંત ન હોય તો નરમ ખોરાક, વગર સ્વાદ લીધે પેટમાં ઉતરી જાય ને આશક્તિ તૂટી જાય. એટલે એમણે આખી બત્રીસી કઢાવી નાખી. થોડા વખત પછી ખ્યાલ

આવ્યો કે મેં જલદ ઉપાય કર્યો તો પણ હું નિષ્ફળ ગયો.'' જરા સમજો... આંખ ફોડી નાખવાથી કાંઈ રૂપ જોવાની આકાંક્ષા મટી નથી જવાની. જીભને ઇંજેક્શન આપીને સંવેદનહીન બનાવી દેવાથી કાંઈ સ્વાદ માણવાની ઈચ્છા મરી નથી જવાની. કારણ કે સ્વાદનો સીધો સંબંધ મન સાથે છે. જો મન સાથેનો સંબંધ તૂટે તો સ્વાદ છૂટે. જે માણસને ફાંસીએ લટકાવવા પાંચ મીનીટની વાર છે, તે વખતે તેને ખૂબ જ ભાવતા રસગુલ્લાં લાવીને આપો તો પણ તેને સ્વાદ નહી લાગે. કારણ કે તેનો મન સાથેનો સંબંધ તૂટી રહ્યો છે. આમ દરેક પ્રવૃત્તિમાં જો મનોભાવ ન ભળે તો કોઈપણ ઈન્દ્રિય કર્મબંધ માટે જવાબદાર નથી.

**સ. ૮ શું આપણે જેનો વિચાર કરીએ તેમાંજ મન પરોવાયેલું રહે છે તે જ ખરૂં મન છે ?**

**જ. ૮** ના.. આ તો આપણા મનની અધૂરી ઓળખાણ છે. મનની સપાટી પરના નાના-મોટા આવેગો જે વ્યક્ત રીતે વિચાર રૂપે સ્પષ્ટ અનુભવાય છે તે તો ઉપયોગ મન (Concious Mind) છે. જેમ કોમ્પ્યુટરના પડદા પર જેટલું દેખાય તેના કરતાં અંદર ઘણું સ્ટોરેજ છે. તેમ લબ્ધિ મનમાં પણ દુનિયાભરના ભાવો-પ્રતિભાવો સ્ટોરેજ છે. જેમ કે ધારો કે ''અમેરિકામાં ઘણા ફરવા લાયક સ્થળો છે. મોજમજાની સામગ્રી છે.'' આ બધાના. આપણે અત્યારે વિચાર પણ નથી કરતાં છતાં પણ તેના પ્રત્યેના કોઈક ભાવો કાંતો રાગ, કાંતો દ્વેષ, કાંતો ઉપેક્ષા ભાવ મનમાં પડ્યો જ છે. તે લબ્ધિમનમાં છે જ. ઉપયોગ મનમાં ચોવીસે કલાક ચેતના પ્રવર્તમાન છે, જ્યારે લબ્ધિમનમાં પ્રવર્તમાન નથી. દુનિયામાં ઘણી વસ્તુઓ છે, તેના પ્રત્યે રાગ, દ્વેષ, ઈર્ષ્યાનો પ્રતિભાવ અંદર ધરબાયેલો પડ્યો છે. દા.ત. રસ્તે જતાં સારૂં મકાન, બંગલો, સારો ડ્રેસ, ફર્નીચર વગેરે જુઓ તો શું થાય? ભલે બંગલામાં કોઈ પેસવા દેવાનું નથી છતાં પણ રાગ ઉભો થાયને? એનો તમે લબ્ધિમનમાં (Subconcious Mind) સંગ્રહ કર્યો, જુના અંદર નાખેલા ઉભરાઈને બહાર આવે છે ને નવા અંદર સંગ્રહ કરતા જાઓ છો. ઉપયોગ મન કરતાં કરોડ ગણું વિશાળ લબ્ધિમન છે. મનનું ગોડાઉન લબ્ધિમન છે. ''સ્વાર્થી ભાઈ ભીટકાઈ ગયો છે તો ગુસ્સો તો આવે જ ને? આવા દશ્યો જોયા માટે વિકાર થયો.'' આ બધી મિથ્યા વાત છે. આવું નિમિત્ત મળ્યું માટે આવા ભાવ થયા તેવું નથી, હકીકતમાં અંદર હતું તે બહાર આવ્યું છે. બહારના નિમિત્તો ભાવ પેદા કરતા નથી, પરંતુ

બહારના નિમિત્તોથી અંદરમાં જે મેલ હતો તે સપાટી પર આવ્યો છે. જો લોભ ન હોય તો પૈસા મળે તો આનંદ થાય? પૈસાના વિચાર માત્રથી કર્મબંધ નથી થતો, પણ મનમાં રહેલી પૈસાની આસક્તિથી વગર વિચારે પણ ચોક્કસ કર્મબંધ થાય છે.

**સ. ૯ લબ્ધિમનમાં એવી શું માન્યતાઓ છે ? તે તેનાથી શું થાય છે ? તે ઉદાહરણ સાથે સમજાવો ?**

જ. ૯ ધારો કે એક વ્યક્તિ બહુ સરળ સ્વભાવની છે, પણ મનમાં માનતી હોય કે ''અવસરે થોડી લુચ્ચાઈ તો કરવી જ જોઈએ, અને જો કાયમ સરળ રહેવા જઈએ તો આપણને બધા ઠગી જાય'' આવું મનમાં ઊંડે ઊંડે પણ પડ્યું હોય તો તે માણસના મનમાં લુચ્ચાઈ માટેનું સમર્થન છે. એની માન્યતામાં તેને એકાંતે દોષ માનતો નથી. પરંતુ લુચ્ચાઈને કર્તવ્ય માને છે. આને લીધે તેને સતત લુચ્ચાઈની અનુમોદનાનું પાપ લાગ્યા જ કરે છે. તમારા લબ્ધિમનમાં માન્યતા શું છે? તેની સાથે સમકિતને સંબંધ છે. દા.ત. વિજ્ઞાનની શોધખોળ લોકોના ભલા માટે છે. વિજ્ઞાન માટે સારાપણાની માન્યતા, ધર્મ તો નવરા લોકોનું કામ ધર્મ માટે ખોટાપણાની માન્યતા, પૈસાથી અમોદ-પ્રમોદ પ્રાપ્ત થાય છે. માખી-મચ્છર દ્વારા રોગ ફેલાતો હોય તો તેને મારી નાખવા તે માનવતાનું કાર્ય છે. દુનિયામાં બધા શાકાહારી થઈ જાય તો અનાજની કેટલી તંગી પડશે તમને પણ પુરૂ ખાવા નહિ મળે... આવું બોલનારા બધાની અહિંસા વિષે માન્યતા શું ? આનંદ પ્રમોદ વિષેની માન્યતા શું ? તેઓ આડકતરી રીતે હિંસાને સારી માને છે. જડ વસ્તુમાં આનંદ માને છે. આ બધી ખોટી માન્યતાઓની અનુમોદનાનું પાપ જે લબ્ધિમનમાં ઊંડે ઊંડે ભર્યું છે તે ચોવીસે કલાક ગાઢ પાપ બંધાવે છે. પછી ભલે તે વ્યક્તિ તે પાપ ક્રિયા કરતો હોય કે ન કરતો હોય આ માન્યતા તેને પાપ બંધાવે છે. ભગવાને જેને સારૂં કહ્યું છે, તેને જ સારૂં માનવું તો જ માન્યતા શુધ્ધ થાય. જીનેશ્વરના વચનને અનુરૂપ માન્યતા તે સમકિત છે નહિ તો મિથ્યાત્વ છે. આપણી માન્યતા જીનેશ્વરના વચનો સાથે ૧૦૦ ટકા ટેલી થવી જોઈએ. માન્યતા શુદ્ધિ એટલે જ મિથ્યાત્વનો નાશ.

**સ.૧૦ આપણી માન્યતા ને મિથ્યાત્વને શું સંબંધ છે ?**

જ.૧૦ દરેક વ્યક્તિ પોતાની આગવી માન્યતા લઈને ફરતી હોય છે. આપણામાં એવી કેટકેટલી ખોટી માન્યતા ભરેલી છે જે વિતરાગ વાણી સાથે ભલે બહુ થોડા અંશે પણ વિરૂદ્ધ છે. તે આંશિક રૂપે પણ મિથ્યાત્વ છે. ધર્મના

ક્ષેત્રમાં પહેલા જ માન્યતાનું પરિવર્તન કરવાનું છે. ઘણા લોકો પાપ-પુણ્ય-આત્મા-કર્મ-મોક્ષ વગેરે માને પરંતુ મોક્ષમાં અનંત સુખ છે અને સંસારનું સુખ આભાસિક છે તેવું અંદરથી માનતો ન હોય. જે મનની માન્યતા બદલી ન શકે તે ધર્મમાં ડૂબી શકે નહિ. સંસારમાં તમામ ઉગ્ર પાપ અને પાપના બંધ અશુદ્ધ માન્યતાને જ આભારી છે. ધારો કે તમે માંદા પડો ત્યારે કોઈ સાચવે નહિ તો લાગે કે બધા લુચ્ચા છે, સ્વાર્થી છે, અને બધા ખડા પગે ઉભા રહેતો લાગે કે બધા મારી ચિંતા કરવાવાળા છે, હું એકલો અટૂલો નથી. હવે વિચારજો... અંદરની માન્યતા શું ? લોકો પડ્યો બોલ ઝીલે ત્યારે પણ અનાથતા લાગે ખરી? અશરણ છું એમ લાગે ? ભગવાને આપેલી એકત્વ-અશરણ ભાવના સાથે તમારી માન્યતા ટેલી થઈ ? તમે સમકિતિ છો કે મિથ્યાત્વી તે જાણવા માટે તમારી માન્યતા શું છે તે જોવાનું છે તમે શું કરો છો તે જોવાનું નથી. તમે માનવામાં ૯૯ ટકા માનતા હોય તો પણ મિથ્યાત્વ છે. સમકિત એકેક અશુદ્ધ માન્યતાને શુદ્ધમાં પલટાવવાની તાકાત ધરાવે છે. જેમ કોઈને 'બીડી ખરાબ છે' આ વાત ૨૪ કલાક લબ્ધિમનમાં પડી છે. જ્યારે બીજાને બીડી પીવામાં કાંઈ ખરાબ વાત નથી, ગમે તો મોજ શું કામ ન કરીએ ? એટલે બીડી પીવી તે સારી છે, એવી માન્યતા અંદર પડી છે. એટલે કે બીડી પીવાની અનુમોદના અંદર સતત પડી છે. તેથી એ બીડી પીવાની પ્રવૃત્તિ કરે કે ન કરે સતત એને પાપ લાગી રહ્યું છે. બાળક કે નોકરને ટેડકાવ્યા પછી લાગે કે 'એને તો ટેડકાવવા જેવો જ હતો' તેથી આંશિક રૂપે પણ તમે ક્રોધને સારો માનો છો ને ત્યાં સુધી ક્રોધને અંદરથી બળ મળે છે. પરંતુ ક્રોધ ખરાબ છે, પીડા છે, એવું માનતા હોય (અંદરથી) અને કદાચ ક્યારેક ક્રોધ કરી પણ બેસો તો પણ તેને અંદરથી બળ નથી મળતું. જેટલી તમે માન્યતાને પલટી તેટલું મનનું સંશોધન થયું. આ રીતે તમામ સાચી માન્યતાનું ઘડતર કરી જગતનું વાસ્તવિક સ્વરૂપ સ્વીકારવું તેનું જ નામ સમકિતનો પાયો છે. યાદ રાખો : તીર્થંકરો જીવમાત્રના ભાવમનરૂપ અધ્યવસાયના રહસ્યોને સમજાવવા જ ઉપદેશ આપે છે.

**સ.૧૧ અધ્યાત્મ એટલે શું ?**

જ.૧૧ તમારી ચેતના ચેતન સ્વરૂપે આત્મામાં, આત્મા દ્વારા, આત્મા માટે, આત્માને જુએ, જાણે, અનુભવે એનું જ નામ અધ્યાત્મ. જ્યારે અધ્યાત્મ શૂન્યદશામાં તમારી ચેતના જડસ્વરૂપે, જડમાં, જડ દ્વારા, જડ માટે,

જડને જાણવા-અનુભવવા સક્રિય બને છે. તેનું જ નામ અધ્યાત્મ શૂન્યદશા છે. ટૂંકમાં ચેતનાનું કર્તૃત્વ જે બહાર પુદ્ગલમાં જડમાં છે તેને અંદર આત્મામાં લઈ જવું તે અધ્યાત્મ છે. આત્માને ઉપયોગી જ વિચારવું, બોલવું અને વર્તન કરવું તે જ ધર્મ છે. તેનાથી ઉલટું તે અધર્મ છે. અધ્યાત્મની સાધના દ્વારા આ લબ્ધિમનનું જ મૂળમાંથી પરિવર્તન કરવાનું છે. તેમાં ઘર કરી ગયેલી માન્યતાનું સમજીને, ઓળખીને, વિચારીને, પરિવર્તન કરવાનું છે. તો જ અધ્યાત્મની દિશામાં એક પગલું ભરાશે.

**સ.૧૨ ''એક પણ માન્યતા ઉંધી ગોઠવાય તો તે આત્મા પર ભયંકર દોષ છે.'' સમજાવો ?**

જ.૧૨ અનંતકાળમાં જીવ પાંગળો પામર થઈને ૯૯ ટકા એકેન્દ્રિયમાં જ ફર્યો છે. નિગોદનો ભવ હોય કે ઝાડપાન હોય કે કીડી-મંકોડાનો ભવ. આ બધાનો આંખ-કાન-મન નથી. સૃષ્ટિમાં બહુ ઓછા જીવોને જ આશક્તિ મળે છે. તેનું મુખ્ય કારણ પુણ્ય છે. પુણ્યથી જે શક્તિ મળી છે, તેનો જો સદુપયોગ ન કરો તો કુદરત તે શક્તિ ઝૂંટવી લે છે, કુદરતનો આ સનાતન કાયદો છે. એક પણ માન્યતા આપણા ભાવમનમાં ઉંધી ગોઠવાય તો તે પાપનો બંધ કરાવે છે. જેમકે તમે પ્રભુભક્તિ કરી, ત્યારે પણ તમારામાં ભગવાનની આજ્ઞા વિરૂદ્ધ જેટલી ઉંધી માન્યતાઓ છે તે તમને પાપનો બંધ કરાવે છે. દા.ત. ''ગાજર તો શરીર માટે, આંખ માટે બહુ સારૂં માટે ખાવા જોઈએ. આરોગ્ય સારૂં હશે તો ધર્મ આરાધના થશે.'' હવે આ ઉંધી માન્યતા પડી છે તેથી તમને ચોવીસે કલાક, ગાજરનો રસ પીઓ કે ન પીઓ પણ દુનિયામાં આ જીવોની જે હિંસા થાય છે, તેમાં તમારી અનુમોદના ચાલુ છે માટે પાપબંધ ચાલુ છે. આ જગતમાં અનેક પ્રકારની હિંસા ચાલુ છે. જે હિંસાને તમે વ્યાજબી માનો છો તેમાં તમારી રૂચિ છે એટલે પાપ બંધાય, ને જે હિંસાને તમે ગેરવ્યાજબી માનો છો, તેમાં તમારી અરૂચિ છે એટલે પુણ્ય બંધાય. તમે કહેશો કે અમે વળી હિંસાને સારી માનતા હોઈશું ?... હા તમે તમારી માન્યતાને પકડી નથી શકતા. જુઓ તમે બંગલો બાંધો તેને ખરાબ કહેશો ? એકને બદલે બે ગાડી આવે કે બે દુકાન થાય તો ખુશ ને ? તેથી તમારા મનમાં આવી હિંસા સારી તેવી માન્યતા વણાઈ ગઈ છે. બધી હિંસાને ખરાબ માનનારો કોઈ વિરલો જ નીકળશે. તેવા માણસને તો ચાર બંગલા આવે તોય હરખાય નહિ, અંદરથી તટસ્થ

હોય બંગલા-ગાડીથી થતી હિંસાનું અંદર પારાવર દુઃખ હોય તે ગમે તેવા બંગલામાં રહે પણ તેને હિંસા નિમિત્તે પાપનો બંધ ન હોય. કારણ કે હિંસા માત્ર પ્રત્યે એની સંપૂર્ણ અરૂચિ એની માન્યતામાં વણાઈ ગઈ છે. જ્યારે આપણને ગાડી-બંગલો મળે કે ન મળે પાપનો બંધ ચાલુ છે. જો તટસ્થપણે તમે તમારા જીવનમાં આવું અવલોકન કરશો તો ઘણી ખોટી માન્યતાઓ મળી આવશે. જેમકે ગૃહસ્થજીવનમાં પૈસા વગર ન ચાલે એટલે પૈસા મેળવવા જેવા અનાજ વગર ન ચાલે એટલે ખેતી કરવા જેવી, પૈસા વેપાર વ્યવસાય વગર ન મળે એટલે વેપાર કરવા જેવો... જેમાં જેમાં હિંસા, જૂઠ વગેરે સમાયેલું છે તે ભલે આવશ્યક હોય, તો પણ ખરાબ જ છે, જીનાજ્ઞા વિરૂદ્ધ છે. તે સ્વીકારવું જ પડે, નહિ તો તમે જેને સારૂં માનો છો તે દુનિયાના કોઈ પણ ખૂણે થતું હોય તેનો પાપનો બંધ તમને થયા જ કરે છે. ઉંધી માન્યતા તે જ મિથ્યાત્વ જન્મોજન્મથી ગાઢ થઈને પડેલી મિથ્યાત્વની ગાંઠને તોડવાનો જ પુરૂષાર્થ કરવાનો છે.

**સ.૧૩ અભવિ મોક્ષે કેમ ન જાય ?**

જ.૧૩ અભવિનો જીવ, પોતાની બધી માન્યતાને ભગવાનની આજ્ઞા પ્રમાણે મેચ કરી શકતો જ નથી. તે પોતાના મનમાં બીજી બધી શુદ્ધિ કરે છે, પણ ગરબડ ક્યાં ? કદાચ ૨૫-૫૦ ટકા તેની માન્યતા ટેલી થાય પણ ૧૦૦ ટકા તો ટેલી થતી જ નથી. અને આજ એનો મોટો ડ્રોબેક છે. મથામણ કરીને થાકી જાય પણ મનને કબૂલ કરાવી શકે તેમ નથી કે વિષય-કષાય દુઃખરૂપ છે, અને આત્મામાં અનુપમ સુખ છે. બસ આજ મિથ્યાત્વરૂપી ગાંઠ તે તોડી શકતો નથી. ને તેને કારણે અભવિનો જીવ રખડે છે. તે શ્રદ્ધાથી જીનવચનને માની લે છે પણ તેનું મન અનુભવથી કબુલ કરતું નથી. માટે જ વિચારજો સાધનામાં માન્યતાનું કેટલું મહત્ત્વ છે તેના કારણે જ તેનો પુરૂષાર્થ નકામો જાય છે. તેના ઉપદેશથી બીજા લોકો તરી જાય છે, પણ પોતે મોક્ષ પામી શકતો નથી. ભવિ આત્મા પણ માન્યતાની શુદ્ધિ ન કરે તો તેનો પુરૂષાર્થ એળે છે. ઘણા જીવ ધ્યાન કરે છે, ભાવના, ચિંતન, મનન પણ કરે છે પણ મુશ્કેલી એ છે કે મનમાં ગોટાળારૂપે માન્યતા ખોટી પડેલી છે. આ જ મિથ્યાત્વ છે, માટે લાખો પ્રયત્ન પણ નિષ્ફળ જવાના. આ એક ગભરાઈ જવાય એવું ભારેખમ નિદાન છે. પણ સત્ય છે. મિથ્યાત્વ તોડ્યા વગર અને સમકિત પામ્યા વગર આત્મા ગમે તેટલો ચારિત્રથી ભાવિત થાય કે ગમે તેટલું

જ્ઞાન મેળવે, પણ તે જ્ઞાન મિથ્યાજ્ઞાન છે અને ચારિત્ર પણ દ્રવ્ય ચારિત્ર છે. માટે માન્યતાનો મહિમા સમજો.

**સ.૧૪ માન્યતા પરિવર્તન કેવી રીતે ?**

**જ.૧૪** મનમાં ચાર પ્રકારની શક્તિ રહેલી છે. (૧) સંવેદન શક્તિ તેથી અનુભવ કરી શકાય (૨) વિચાર શક્તિ (૩) સમજણ શક્તિ (૪) પરિવર્તન શક્તિ. વિચાર, સમજણ અને પુરૂષાર્થ દ્વારા માન્યતા બદલી શકાય છે. બંગલામાં સિક્યોરિટી હોય, બેંકમાં મોટું બેલેન્સ ગોઠવેલું હોય ત્યારે આપણને તો આપણી બધી સલામતી લાગે ને? આપણી માન્યતા શું છે તે પકડજો. ત્યારે પણ આપણે અસલામત છીએ, અનાથ છીએ એવું લાગે છે? રિધ્ધિ, સિધ્ધિ, વૈભવમાં સલામતીની માન્યતા છે. જ્યાં જ્યાં ખોટી ભાવના ઘર કરીને બેઠી છે, તેનું બાર ભાવનાથી પરિવર્તન કરવાનું છે. દા.ત. એકત્વભાવના છે, ''હું એકલો છું, મારૂં કોઈ નથી, હું કોઈનો નથી, જેમ મને કોઈના પર સાચો રાગ નથી તેમ મારા પર કોઈને સાચો રાગ નથી. જ્યાં સ્વાર્થ સર્યો કે અપેક્ષા પૂરી ન થઈ ત્યાં તે જ વ્યક્તિ કે વસ્તુ પર દ્વેષ આવી જાય છે. ગમે તેવા નિકટના સંબંધીનો ભવ પૂરો થયા પછી શું? ધારો કે આપણને ખબર પડે કે તે વાઘ-સિંહ-સાપ કે ભૂંડ થયો છે પછી ઘરમાં રાખીએ ખરા? ત્યારે વહાલ થાય? રાગ થાય? માટે આ બધા સંસારના રાગ સાચા રાગ નથી.'' આ રીતે બારે બાર ભાવનામાં માન્યતાનું ઘડતર કરી જગતનું વાસ્તવિક સ્વરૂપ સ્વીકારવું પડે. જેમકે નયસારનો જીવ મહાત્માના પરિચયમાં આવી, દેશના સાંભળી અને એમનામાં પરિવર્તન આવ્યું એટલે શું થયું? અત્યાર સુધી તેઓ જે તત્ત્વને માનતા હતા તેને ખોટું માનીને છોડ્યું, નવું સાચું તત્ત્વ માન્યતારૂપે અપનાવ્યું. તેથી જ તે સમકિત પામ્યા માન્યતાને તેમણે મૂળમાંથી પલટી નાખી. માન્યતા બદલવા દરરોજ વિચાર કરવો પડે કે ભગવાને શેને સાચું કહ્યું છે, શેને ખોટું કહ્યું છે. આપણને તે સાચું-સારૂં કેમ નથી લાગતું? આ રીતે અવલોકન દ્વારા ખ્યાલ આવે પછી જ તેની શુદ્ધિ કરવાની પ્રક્રિયા થાય છે જેમ અંદર મંથન કરતા જાઓ તેમ માન્યતા બદલાય જ. દૃઢ થયેલી માન્યતાઓ અંદર લબ્ધિમનમાં ગ્રંથિરૂપે ગોઠવાયેલી છે. માટે તેમાં સામાન્ય પુરૂષાર્થથી નોંધપાત્ર પરિવર્તન લાવી શકાતું નથી. જન્મથી મૃત્યુ સુધી માંડ બે-પાંચ ટકા પરિવર્તન આવતું હશે. જેમ કોમ્પ્યુટરમાં એક નાની ચીપ્સ ગોઠવતો વોલ્યુમો ભરાય તેટલો ડેટા ઉભો થાય ને? તેમ તમારા

મનમાં એક ઉંધી માન્યતા પણ હજારો પાપનું મૂળ છે. તેનાથી કર્મના ગંજનાગંજ બંધાયા જ કરે.

**સ.૧૫ માન્યતા બદલતાની સાથે વર્તન બદલાઈ જશે ?**

જ.૧૫ વર્તનમાં પહેલે જ દિવસે આવી જશે તેવું નથી. જેની માન્યતા સાચી છે, તેને વહેલું મોડું પણ વર્તનમાં આવશે ખરૂં. જેમ કોઈ વ્યક્તિ હૃદયપૂર્વક કોઈ કષાયને ખરાબ માને અને તરત જ તે કષાય તૂટી જાય તેવું નથી. જીવનમાં જેવો પુરૂષાર્થ હોય તેવી પ્રવૃત્તિ થાય છે. પુરૂષાર્થના પ્રેરકબળ તમારા મનના ભાવો છે. તેમાં પણ પ્રબળ પ્રેરક બળ માન્યતા છે. જેને સારૂં માનો તેને કરવા અંદરથી પ્રેરણા મળે. જેને સારૂં ન માનો તે કરવાની મન પ્રેરણા આપશે નહિ. હા માન્યતા જેન્યુઈન હોવી જોઈએ. ખાલી બોલવા ખાતર બોલો તેનો મીનીંગ નથી. પરંતુ ''હું હૃદયપૂર્વક માનું છું, અથવા નથી માનતો'' જે સારૂં માનશો તેના તરફ મનનું વલણ થશે. માન્યતા પલટાય તો વૃત્તિ બદલાય છે. સાચો પુરૂષાર્થ કરવાની દિશા ઉઘડે છે. તપ-ત્યાગ-સંયમ કરો પણ માન્યતા શું ? ''સુખ તો ભોગમાં જ છે, ત્યાગમાં નથી'' આવી માન્યતાવાળા ઉપવાસ કરી લે પણ આનંદ ક્યાં ? પારણામાં જ ને ? ધર્મ વિષયક માન્યતા પરિવર્તન માટે આપણા આત્માએ આજ સુધી નિષ્ઠાપૂર્વક પ્રયત્ન જ નથી કર્યો ને કદાચ પ્રયત્ન કર્યો તો અનુભવ સાથે વિરોધ પડ્યો. દા.ત. ક્ષમા, સમતા, નમ્રતા કેવળતા મનમાં શું થાય ? આપણે દબાવાનું આવશે. આપણો રૂઆબ પાવર નહિ રહે, ઉદાર બનવાનું આવે ત્યારે લાગે ધન ગુમાવવું પડશે. માટે અંદરમાં સંઘર્ષ છે. તમે તેને સારૂં કહો પણ અનુભવ શું કહે ? કે ક્ષમામાં કષ્ટ-પીડા ઘણી છે માટે તેમાં દુઃખ છે, તેવી માન્યતા છે, સુખ છે તેવી માન્યતા નથી. ગુણોમાં સુખનો અનુભવ માનવા તૈયાર નથી. અનુભવ બદલાશે તો માન્યતા બદલાશે. ખોટી માન્યતા બદલાશે એટલે એને અંદરથી બળ મળવાનું બંધ થશે...! બળ નહિ મળે એટલે ધીરે ધીરે નિર્બળ થતાં તે માન્યતામાં પરિવર્તન આવશે તેથી પરિણતિ શુદ્ધિ થશે ને વર્તન બદલાઈ જશે.

**સ.૧૬ આપણા બધાના મનનો પ્રિય વિષય કષાય છે કેવી રીતે ? સમજાવો ?**

જ.૧૬ અનંત કાળથી આપણું મન માને છે કે વિષય-કષાયમાં જ મજા છે. કષાયો જ સુખના સાધન છે. આ દૃઢ થયેલી માન્યતા છે માટે ચોવીસે કલાક મન કષાય કરવા સક્રિય છે. દિવસ ઉગે ત્યારથી મન કષાય માટેનું

નિમિત્ત શોધતું હોય છે. કોઈ પણ નવી વસ્તુ સામે આવે તો આસક્તિ થાય, કોઈ અણગમતી વાત કે વર્તન કરે તો ક્રોધ આવે. અરે તમને કોઈ ન વતાવતું હોય તો પણ કંઈ ને કંઈ મનમાં નવી-જૂની વાત યાદ કરીને રાગ-દ્વેષના વિચારો કર્યા કરો. આમ આપણા બધાનો મનનો પ્રિય વિષય કષાય છે તમે જન્મ્યા ત્યારથી જીવનની એક ક્ષણ સમતા માણી નથી. જો એક ક્ષણ માટે પણ સમતાનો અનુભવ થઈ જાય તો જીવ પછી કોઈ પણ પદાર્થ સુખને ઝંખે નહિ કામ-ક્રોધ-લોભ-માયા-કપટ-ઈર્ષ્યા-વિષયાસક્તિ-અહંકાર વગેરે બધા કષાયો જ છે. દાન આપતા અહંકાર થાય ત્યારે વિચારો કે ''હું મારી પાસે રાખું છું વધારે કે આપું છું વધારે?'' વસ્તુપાલ-તેજપાલનું દાન જાણો છો? એમની મૂડી પાંચ લાખની હતી અને દાન અબજોમાં હતું. આપણને વાસ્તવિક દર્શન નથી માટે જ જીવ ભટકે છે. જે પોતાના વખાણ કરે ને પોતાની જાતને બહુ શ્રેષ્ઠ માને તેણે પોતાની જાતને પૂછવાનું કે ''હે જીવ! આત્મપ્રશંસા કરીને તારે શું મેળવવું છે? જો તું અધૂરો છે તો આત્મપ્રશંસા કરીને શેની બડાઈ મારે છે? અને પૂર્ણ છે તો વખાણ કરી નવું શું મેળવવું છે?'' આ તર્ક ગળે ઉતરી જાય તો જીવ બડાઈ મારતા અટકે. શું ત્રણે કાળમાં ને ત્રણે લોકમાં કોઈ દાવા સાથે કહી શકશે કે મેં ક્રોધ કર્યો ને મને ઠંડક થઈ? જીવ આવેશમાં કષાય કરે છે પણ જ્યારે ભોગવવાનું આવે છે ત્યારે કપાળ કૂટે છે. ધારો કે નહિ ભાવતું શાક ભાણામાં આવ્યું ત્યારે વિચારો કે જો આ શાક ખાઈ જઈશ તો મારા શરીરને કે મનને દુઃખ પહોંચશે પણ જો ક્રોધ કરીશ તો તેનાથી અનંતગણું દુઃખ મારા આત્માને પહોંચશે તો મારે શું કરવું? કષાય એક મનની ભૂખ છે. અનંત જન્મોથી જીવ કષાયનો રસ કેળવીને આવ્યો છે, માટે તેની ભૂખ છે. પરંતુ હકીકતમાં આ આત્મપીડન છે. કષાયો ભરપૂર અજ્ઞાનતાના પૂર્વકની બેવકૂફીનું ફળ છે. તેનું પ્રત્યક્ષ અને પરોક્ષ ફળ દુઃખ છે. તેનું સ્વરૂપ પણ દુઃખ તેનું કારણ પણ દુઃખ જેને આ બધી વાતો ગળે ઉતરી જાય ભલે પછી તે કષાય છોડી ન શકે પણ તેને તે અનર્થકારી સંતાપ આપનારા છે, આ મુર્ખાઈ છે તેવી માન્યતા તો આવી જ જાય.

**સ.૧૭ ધર્મના ક્ષેત્રમાં પહેલા માન્યતાનું પરિવર્તન માંગતો હોય એવી એક-બે રોજની ક્રિયાઓ જણાવો?**

જ.૧૭ આપણું સામાયિક જ જુઓ, તેમાં કરેમિભંતે ઉચ્ચરો ત્યારે જ સામાયિક

લીધુ કહેવાય. તેના પહેલા મુહપત્તિ પડી લેવાની આવે એમાં પહેલો બોલ શું મુક્યો ? ''સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું'' એટલે કે પહેલા જ એ શરત કરાવી કે ''જિનેશ્વર દેવોએ શાસ્ત્રરૂપે જે જિનવચનો કહ્યા છે, તેના સૂત્ર-અર્થની તત્ત્વરૂપે હું શ્રદ્ધા કરૂં છું'' આજ થયું માન્યતાનું પરિવર્તન જિનેશ્વરે કહેલું તત્ત્વ જે જગતનું સાચું તત્ત્વ છે, બાકી બધું નકામું છે આ માન્યતાને ગંભીરપણે બદલો પછી જ સામાયિક ઉચ્ચરવાનો અધિકાર મળે છે. આપણે આટલા સામાયિક કર્યા, કદી મુહપત્તિના બોલને ગંભીરતાથી લીધો ? કદી ચેક કરો છો કે મારામાં જિનાજ્ઞા વિરૂદ્ધ કેટલી માન્યતા છે ? મારે કોને બદલવાની છે ? જૈન શાસનની બધી ક્રિયામાં પહેલા શ્રદ્ધા-કબુલાત મુકી છે. જેમકે તમે દર્શન-પૂજા કરવા જાઓ ત્યારે પહેલા કોને તિલક કરો છો ? પહેલા તમારા કપાળે તિલક પછી ભગવાનને. જે ભગવાનની આજ્ઞાને હૃદયથી માને તેને જ દર્શન-પૂજાનો અધિકાર મળે છે. ભગવાનની આજ્ઞા ભલે કદાચ આચરણરૂપે પ્રાપ્ત ન થઈ હોય, તો પણ માન્યતારૂપે તો મારામાં છે જ, એની ખાત્રી માટે જ ચાંદલો કરૂં છું. દેરાસરમાં પ્રવેશતા જે ''નિસિહી નિસિહી'' બોલીએ છીએ તેનો અર્થ એટલો જ કરીએ છીએ ને કે ''અંદર સંસારનો કોઈ જ વિચાર નહિ કરૂં.'' આટલું પૂરતું નથી. તમારો અનુભવ શું કહે છે ? ભલે નિસિહી બોલીએ પણ અંદર સંસારનો વિચાર આવી જ જાય છે. કેમ ? કેમકે ''સંસાર છોડવા જેવો જ છે'' એ ભાવ લબ્ધિમનમાં માન્યતારૂપે પડ્યો નથી. ભલે કર્મના ઉદયને કારણે સંસારનું વેદન ચાલુ હોય, પણ માન્યતામાં અત્યંત ભાવરૂપે ''સંસાર છોડવા જેવો જ છે'' એ બેઠેલું હોય તે જ સાચી નિસિહી બોલ્યા કહેવાઈએ, નહિ તો ભક્તિ કરતા પણ પાપનો બંધ ચાલુ છે. દેરાસરમાં પણ વિકારો ઉત્પન્ન કરે તેવા કપડાં પહેરવા, હિંસક વસ્તુના ઉપયોગવાળા મેકઅપ કરવા, કોઈ વિધિ બરાબર ન કરતું હોય કે વચ્ચે આડો આવતો હોય તો તેના પ્રત્યે હીન-દ્વેષભાવ કરવા. નિરર્થક વાતો કરવી... આ બધું બતાવે છે કે જિનાજ્ઞાનો ચાંદલો ભલે કરો પરંતુ જીનાજ્ઞા માન્યતામાં બેઠેલી નથી. પછી ભલે ગમે તેટલી ભક્તિ કરો, નાચો-કૂદો પણ મિથ્યાત્વ તૂટ્યું નથી તેથી આરાધનાનું ફળ ફોતરા જેટલું જ મળે છે. મનનું સંશોધન ન કરો ત્યાં સુધી ઘણો પુરૂષાર્થ નકામો જાય છે.

**સ.૧૮ લબ્ધિમનના કેટલા વિભાગ છે ?**

જ.૧૮ લબ્ધિમનના ચાર વિભાગ છે. (૧) માન્યતારૂપ ભાવ (૨) પરિણતિરૂપ ભાવ (૩) યોગ્યતારૂપ કષાયાત્મક ભાવ (૪) સંસ્કારાત્મક ભાવ

**સ.૧૯ લબ્ધિમનના ચાર વિભાગમાંથી પહેલો વિભાગ ''માન્યતારૂપ ભાવ'' વિષે ઘણી માહિતી મેળવી હવે બીજો વિભાગ 'પરિણતિ' સમજાવો ?**

જ.૧૯ જેમકે અંદર કામવાસના પરિણતિરૂપે પડી છે એટલે કામના પદાર્થ સામે આવે તો ભોગવતા થોડી તૃપ્તિનો અનુભવ થાય છે, તે વખતે ટીપા જેટલી ભૂખ સંતોષાય છે, પણ સ્ટોકમાં દરિયા જેટલી ભૂખ પડી છે સળગતા અગ્નિમાંથી બહાર નીકળતી જ્વાળા એ ઉપયોગ મનના કષાય છે, જે અંદરથી સળગે છે પણ ભડકો દેખાતો નથી તે આ લબ્ધિમનની પરિણતિઓ ઢાંકેલા અગ્નિ જેવી છે. પ્રકૃતિમાં એટલે કે સ્વભાવમાં વણાઈ ગયેલા શુભ-અશુભ ભાવો, કષાયના ભાવોને પરિણતિ કહેવાય.

**સ.૨૦ માન્યતારૂપ ભાવ અને પરિણતિરૂપ ભાવની ભેદરેખા સમજાવો ?**

જ.૨૦ એક માણસ ક્રોધને ખરાબ માને છે, ક્રોધ ન જ કરવો જોઈએ તેમ માને છે (માન્યતા શુદ્ધિ) પરંતુ સ્વભાવ ક્રોધી છે. ક્રોધથી ભરેલો છે. (પરિણતિ અશુદ્ધ) તેવી રીતે બીજો એક માણસ શાંત પ્રકૃતિનો છે, વારે ઘડીએ ક્રોધ કરતો નથી (પરિણતિ શુદ્ધ) પરંતુ ક્રોધને ખરાબ માનતો નથી. કહે છે પ્રસંગે તો ક્રોધ કરવો જોઈએ. ન કરો તો ન ચાલે (માન્યતા અશુદ્ધ). કોઈ વ્યક્તિ લોભને મૂળથી જ ખરાબ માને છે (માન્યતા શુદ્ધિ) પરંતુ મહાલોભી છે, લોભ પ્રકૃતિમાં જ છે (પરિણતિ અશુદ્ધ) તેવી રીતે બીજી એક વ્યક્તિને અતિશય લોભની વૃત્તિ નથી. ખૂબ સંપત્તિ ભેગી કરવી છે તેવા આવેગ દેખાતા નથી (પરિણતિ શુદ્ધિ) પરંતુ લોભને સારો મને છે કહે છે... પૈસાની ઈચ્છા રાખી નીતિથી કમાયેલા પૈસાને સારા કહેવામાં શું વાંધો (માન્યતા અશુદ્ધ) આમાં માન્યતા શુદ્ધિવાળો પરિણતિ શુદ્ધિવાળા કરતા ઊંચો ગણાશે. પહેલા નંબરમાં માન્યતા શુદ્ધિવાળો આવે પછી પરિણતિ શુદ્ધિ આવે. માન્યતા એ ઝાડનું મૂળ છે. જ્યારે પરિણતિ એ ઝાડના ડાળી-ડાંખળાં-પાંદડા છે. જેની માન્યતાની શુદ્ધિ છે તેણે મૂળ પર પ્રહાર કર્યો છે. જે ઝાડનું મૂળ કપાઈ ગયું છે તેના ડાળી-ડાંખળા થોડો સમય જતાં ચાલ્યું જશે. પણ જેની માન્યતાની શુદ્ધિ નથી તેણે મૂળને સાબૂત રાખ્યું છે. પરિણતિમાં શુદ્ધિ છે, મતલબ કે ડાળી-ડાંખળાં કાપી નાખ્યા છે, પણ મૂળ સાબૂત છે માટે સમય જતા પાછું ફુલસે ફાલસે કેમકે એને તમારી માન્યતાનો

ટેકો છે. દા.ત. કોઈ વ્યક્તિ કંદમૂળ ખાતો નથી પણ માનેછે કે કોઈ દિવસ ખાઈ લઈએ તેમાં શું થઈ ગયું ? લસણ વગેરે દવા તરીકે તો લેવાય. બીજો એક વ્યક્તિ કંદમૂળ ખાય છે પણ હૃદયથી માને છે કે આ ભગવાનની આજ્ઞા વિરૂદ્ધ છે. મારો આસ્વાદ ક્યારે છૂટશે ? આ ખોટું જ છે ક્યારે છૂટશે. એની માન્યતા શુદ્ધિ છે. એ જે કરશે તે બળતા હૃદયે કરશે, રંજ સાથે કરશે. તો જ તેનો એ વિચાર બે પાંચ વર્ષે કે બે પાંચ ભવે ચાલ્યો જશે. અને જો માન્યતાની શુદ્ધિ નહિ હોય તો આજે પરિણતિમાં પાતળો પડી ગયેલો વિકાર બે-પાંચ વર્ષે કે બે-પાંચ ભવે ઘટાદાર વૃક્ષ બનીને ફુલસે ફાલસે. માટે સમજપૂર્વક માન્યતાને બદલો.

**સ.૨૧ લબ્ધિમનનો ત્રીજો વિભાગ ''યોગ્યતારૂપ કષાયાત્મક ભાવો'' સમજાવો.**

**જ.૨૧** જે વસ્તુને તમે જાણતા જ નથી, કદી જોઈ પણ નથી, પણ એ જાણો તો હમણાં જ રાગ-દ્વેષ થાય તેવી યોગ્યતા, લાયકાત પડી છે માટે અજ્ઞાત વસ્તુ પર સંભવિત કષાયોને ''યોગ્યતારૂપ કષાયાત્મક ભાવો'' કહે છે. જેમકે પેરીશના બંગલા-બગીચા તમે જોયા નથી, દેવલોક પણ જોયાં નથી, પણ હમણાં જોવા મળે તો રાગ ઉભો થાય. જેમકે દુનિયામાં ઘણી વાનગી એવી છે કે તમે ખાધી નથી, જોઈ પણ નથી તેવો વિચારાત્મક ભાવ કદી કર્યો નથી, પરંતુ તે બધું જોવા જાણવા મળે તો રાગ ઉમટે. આ જગતમાં જાણકારીરૂપે તમારા મનમાં જેટલી દુનિયા છે, તેના કરતા અજ્ઞાત વિશ્વ અનંતગણું છે તેમાં રહેલી ભૌતિક વસ્તુના સંભાવનારૂપે રાગ-દ્વેષ લબ્ધિમનમાં પડ્યા છે. તે રાગ-દ્વેષ સીધા જલતા નથી તે અંદરમાં ધરબાયેલા દારૂગોલાની જેમ પડ્યા છે. તેને જો ચીનગારી લગાડો તો આખા બળીને ખાક થઈ જાઓ, એવી કષાયોની આગ અંદરમાં છે. એટલે જે દુનિયા તમે કદી જોઈ નથી, જાણી નથી, ભોગવી નથી, અનુભવી નથી, કદાચ જોવાના પણ નથી. પણ તેના પ્રત્યે શક્યતારૂપે જે રાગ-દ્વેષ પડ્યા છે તેનાથી પણ ૨૪ કલાક કર્મ બંધાય માટે જ જૈન શાસ્ત્રોમાં અવિરતિનો વિશાળ કર્મબંધ કહ્યો છે.

**સ.૨૨ લબ્ધિમનનો ચોથો વિભાગ સંસ્કારરૂપ ભાવો એટલે શું ?**

**જ.૨૨** આ સંસારના પરિભ્રમણમાં આપણે કોઈપણ ભવમાં પર્યટન ન કર્યું હોય તેવું નથી. જે જે જન્મમાં ગયા, ત્યાં જે જે પ્રવૃત્તિ કરી, ભાવો કર્યા, આ બધાના અનુભવરૂપે સંસ્કાર આત્મા પર આધાન થયા. વાઘ-સિંહના ભવમાં ગયા તો બધાને ફાડી ખાવાનો એટલે કે ક્રુરતાના સંસ્કાર,

સાપના ભવમાં ફુંફાડા મારવાનો એટલે કે ઝેરીલો સ્વભાવ, બિલાડીના ભવમાં ગયા તો ઉંદર પર જ નજર એટલે કે શાંતતાનો ડોળ કરી તરાપ મારવાનો સ્વભાવ - આ ભવોના આત્મા પર સંસ્કાર પડ્યા કરે છે. આ બધી વૃત્તિ અંદર પડી છે. તે જેવું તે ભવરૂપી નિમિત્ત મળે કે તરત જ તે સંસ્કાર ઉભા થાય છે. તે બધા 'સંસ્કારરૂપ ભાવ' લબ્ધિમનમાં પડ્યા છે.

સ.૨૩ **શું જીવ 'સંસ્કારરૂપ ભાવ' સાથે જ લઈને જન્મે છે ?**

જ.૨૩ આ જગતમાં જન્મે ત્યારથી જ જીવ અનંતા જન્મના સંસ્કારો લઈને જ જન્મે છે. તાજા જન્મેલા બાળકમાં પણ આ બધી વૃત્તિ અંદર પડી જ હોય છે. તેને ભાષા હાલતા-ચાલતા બધુ શીખવવું પડે છે, પણ ગુસ્સો કેમ કરવો, રાગ-દ્વેષ કેમ કરવા તે શીખવાડવું પડતું નથી. કારણ અનંતકાળથી પડેલી વૃત્તિઓ છે. પવિત્ર કે નિર્દોષ મનવાળા કોઈ જન્મતા જ નથી. ઘણા બોલે છે કે બાળકો નિર્દોષ છે. પરંતુ બાળક નિર્દોષ નથી. બાળકમાં કામ-ક્રોધ-ઈર્ષ્યા-કષાયોની વૃત્તિ વિકસિત નથી. કારણ અબુધતા છે. **આ જગતમાં 'નિર્દોષ કદી જન્મે નહિ અને જન્મે તે કદી નિર્દોષ હોય નહિ' જન્મ એ જ કર્મની સજા છે. સજા દોષિતને જ હોય.** સમતામાં રહેલા મહામુનિઓ અને વિતરાગ મુનિભગવંતો નિર્દોષ હોય છે. પણ પંખીઓ કે બાળકો નિર્દોષ નથી. શાસ્ત્રમાં લક્ષ્મણા સાધ્વીજીનું દૃષ્ટાંત આવે છે. રાજકન્યા હતા, વૈરાગ્ય સાથે દીક્ષા લીધી. સુંદર ચારિત્ર પાળતા હતા પણ એક વખત ચકલા-ચકલીના યુગલને પ્રેમની હુંફ સાથે ક્રિડા કરતું જોઈને 'આ યુગલ કેવો નિર્દોષ-મુક્ત આનંદ માણી રહ્યું છે' એવા મિથ્યાત્વના પરિણામ પેદા થયા. જે આનંદને ભગવાને વિકૃત આનંદ બતાવ્યો, તે આનંદ તેમને નિર્દોષ અને મુક્ત દેખાયો જેમાં કોઈ વિકારવાસના પ્રેરકબળ તરીકે ન હોય તેવી આનંદદાયક પ્રવૃત્તિમાં મળતો આનંદ નિર્દોષ આનંદ છે. જીવ જ્યારે જન્મે છે ત્યારે અનંતા જન્મોના સંસ્કારો અકબંધ રાખીને જ જન્મે છે. માટે મનના આ વિભાગનું પણ સંશોધન કર્યા વગર તેની ચુંગલમાંથી બહાર નીકળાય નહિ. તમે વિચારોની શુદ્ધિ કરી લીધી. પણ જો માન્યતા, પરિણતિ, યોગ્યતા અને સંસ્કારોની શુદ્ધિ ન કરી તો આમુલ પરિવર્તન ન પામી શકો. આજ સુધી જેટલા મોક્ષે ગયા છે તે બધા આ જ પ્રક્રિયાનું અનુકરણ કરી, મનના સ્વામી બની ચિત્તશુદ્ધિ અને આત્મશુદ્ધિ કરી મોક્ષપદને પામ્યા છે.

**સ.૨૪ 'ચિત્તશુદ્ધિ'ની સાધનાના પાંચ સ્ટેપ કયા છે ?**

જ.૨૪ (૧) આત્મશ્રદ્ધાન :- આત્માની અનંત શક્તિ પર શ્રદ્ધા. મન કરતા આત્મામાં અનંત શક્તિ છે તેવો વિશ્વાસ. (૨) નિર્વેદ-સંવેગ :- નિરંકુશ મનના તોફાનો-વાસના-વિકારોથી ઉદ્વેગ તથા તીવ્ર મોક્ષભિલાષા. (૩) સંકલ્પબળ :- 'મારે મનને જીતવું જ છે'તો મોક્ષાભિલાષનો પ્રબળ સંકલ્પ. (૪) સમજણ :- મનને દબાણથી નહિ પણ સમજાવટથી કાબુમાં લેવું. (૫) સાધના : ચિત્તશુધ્ધિને આલંબને કે અનુષ્ઠાનોમાં સતત પ્રયત્ન, મથામણ, પુરૂષાર્થ જારી રાખવો તે તીર્થંકરોએ પણ શું કર્યું ? તેમણે આત્મ પરિવર્તન જ કર્યું છે. ભલે આખા વિશ્વના કલ્યાણની કામના કરી પણ પરિવર્તન માટેનો મુખ્ય પુરૂષાર્થ તો જાતમાં જ કર્યો. આપણે કેવા બનવું તે આપણા હાથની વાત છે.

**સ. ૨૫ ચિત્તશુધ્ધિનું પહેલું સ્ટેજ આત્મશ્રધ્ધાન સમજાવો.**

જ. ૨૫ અગાધ શક્તિવાળું મન પણ આત્માની શક્તિ પાસે માયકાંગલું છે. આત્મામાં એક નહિ, અનંત કર્મોને તોડવાની શક્તિ છે. આત્માની શક્તિ વિકસાવો તો અનાદિના અશુભ સંસ્કારોને બદલી શકો આત્માની શક્તિ વિષે શ્રધ્ધા થવી જોઈએ કે આવી શક્તિ વિશ્વમાં બીજે ક્યાંય નથી આજના ભૌતિક સાધનો પ્લેન, કોમ્પ્યુટર વગેરે જોઈને અંજાઈ જઈએ છીએ, પણ વિચારો કે આ બધાનો સર્જક કોણ ? માણસનું મગજને ? તેમાં મૂળભૂત શક્તિ કોની ? તેનો સર્જક આત્મા જ છે. સર્જન મહાન તો સર્જક તેથી અધિક મહાન. પહેલા કપડાં હાથથી વણાતા, હવે મીલો આવી, એટલે કહેશો કે વિકાસ થયો. પણ રૉ મટેરીયલ વગર મીલો ચાલે ખરી ? તેના માટેનું રૂ કોણ બનાવે છે ? રૂ બનાવવામાં જડની શક્તિ કે ચેતનની ? એક ઘઉંના દાણામાંથી કોઠાર ભરીને ઘઉં બનાવવાની શક્તિ જડની કે ચેતનની ? આપણને સાજા-નરવા-ફ્રેશ રાખનાર પણ અંદરનો આત્મા જ છે. પ્રાણ નીકળે એટલે સેકંડોમાં દેહમાં બગાડ ચાલુ થાય આમ આત્માની અનંત શક્તિ પર શ્રધ્ધા રાખીને આત્મા પર જડ કર્મ લાગ્યું છે તેને પલટાવવાનુ છે, તેનાથી છૂટા પડવાનું છે.

**સ. ૨૬ ક્યારેક એવું લાગે છે કે કર્મ બળવાન છે.**

જ. ૨૬ કારણ આત્મા અજાગ્રત હોય તો જડ કર્મ પણ ચઢી બેસે છે. ગમે તેવો બળવાન માણસ પણ અભાનદશામાં હોય તો નબળો માણસ તેના

પર જોર જમાવી શકે પણ જો આત્માની જાગ્રત દશા આવે તો પછી કર્મનું પ્રભુત્વ નથી જેને આત્માની શક્તિ પર અગાધ શ્રધ્ધા છે. તેવી જ વ્યક્તિ મન ઉપર વિજય પ્રાપ્ત કરી શકે છે. ચિલાતીપુત્ર, ગોશાળો કે દઢપ્રાહરીએ જેવા પાપ કર્યા હતા, તેના કરતા પણ ઉગ્ર પાપ કર્યા હોય તો, તેને પણ ઉખાડવાની શક્તિ મૂળભૂત રીતે આત્મામાં પડી છે. માટે ધર્મના ક્ષેત્રમાં નિરાશ થવાની કોઈ જરૂર નથી ઘણાને પ્રયત્ન કરવા છતાં બે ચાર વાર નિષ્ફળતા મળે તો લાગે કે આમાં મારૂં કામ નહિ, આ મારા હાથમાં નથી. આવી વૃત્તિ હોવાથી જ આપણે પાણીમાં બેઠા છીએ. પરંતુ પોતાના મનની ખામીઓ કાઢવાની શક્તિ આપણા હાથમાં જ છે. આ વિશ્વાસ જગાવો તો તમારા મનના અહંકાર, માયાવીવૃત્તિ, ઈર્ષ્યાભાવ વગેરે બધું શાંત કરી શકો તેમ છો.

**સ. ૨૭ શું મનનું પરિવર્તન શક્ય છે ?**

જ. ૨૭ મનુષ્યનું મન તો પ્રચંડ શક્તિ ધરાવે છે. શાસ્ત્રમાં દાખલા છે કે જે મહાવિકારી હતા તે નિર્વિકારી થઈ ગયા મહાક્રોધી હતા તે ક્ષમાશીલ થઈ ગયા તેથી પરિવર્તન શક્ય છે. કર્મની શક્તિ કરતાં આત્માની શક્તિ અનંત ગણી છે, પણ જાગ્રત થવું પડે અંદરથી તરવરાટ, ખુમારી, ઉત્સાહ આવવો જોઈએ અંદર કેવળજ્ઞાન પડ્યું છે. અને તેને પ્રગટાવવાની શક્તિ પણ આત્મામાં જ છે. માટે પોતાની શક્તિનો ઝાંખો પણ પરિચય જોઈએ, શ્રધ્ધાન જોઈએ અને જો તે ન હોય તો વ્યક્તિત્વનો વિકાસ કરી શકાતો નથી ભગવાનને જ્યારે જુઓ ત્યારે થવું જોઈએ કે પ્રભુ પાસે જે ગુણો છે જે શક્તિ છે તે બધું સત્તારૂપે મારા આત્મામાં પડ્યું છે ધારીએ તો આપણે ત્યાં પહોંચી શકીએ તેમ છીએ જૈન ફિલોસોફીનું તત્વ કેવું છે ? તમે સુખી છો તેમાં કારણ પણ તમે છો, તમે દુઃખી છો તેમાં પણ કારણ તમે જ છો. તમારા અન્ડરડેવલપમેન્ટની કે તમારા વિકાસની જવાબદારી પણ તમારી છે. એટલે બધાનું મૂળ અંદર છે. જેમ કે આફત આવી ત્યારે દુઃખનું કારણ ક્યાં ? તમે કહેશો કે બહાર છે, ત્યારે ભગવાન કહેશે કે ના કારણ અંદરમાં જ છે તમે તમારી જાતે જ પાપ બાંધો છો. તમારા પુરૂષાર્થ વિના બીજું કોઈ તમને પાપ ન બંધાવી શકે તમે દુનિયાને નહિ બદલી શકો પરંતુ તમારી જાતને અવશ્ય બદલી શકો તેમ છો.

**સ. ૨૮ શું ભાવમન અને આત્મા બંને એક જ છે ?**

જ. ૨૮ મોટા દર્શનકારો પણ મન અને આત્માનો ભેદ સમજવામાં ગોથું ખાઈ

ગયા છે. ઘણા ધર્મોએ મન અને આત્માને એક માન્યો છે, પરંતુ જૈન દર્શને આત્મા અને મન ભિન્ન છે તેની સ્પષ્ટ વિચારણા કરી છે. બંનેના સ્વરૂપને જુદા પાડીને બતાવ્યા છે. પૂ. ઉપધ્યાયજી યશોવિજયજીએ 'અધ્યાત્મસાર'માં 'સમ્યકત્વ અધિકાર'માં લખ્યું છે કે ''મનશુધ્ધિગમે તેટલી હોય, પણ જો અધ્યાત્મ શુધ્ધિ ન હોય તો, મનશુધ્ધિની ફૂટી કોડીની કિંમત નથી.'' માટે આત્મશુધ્ધિ જુદી વસ્તુ છે. મનઃપર્યાપ્તિ અને દ્રવ્યમન જડ છે, માટે સહેલાઈથી આત્માથી જુદું પાડી શકાય છે, પરંતુ પ્રશ્ન ભાવમનનો છે. અત્યારે ચોવીસ કલાક જે ચેતનાનો ઉપયોગ ચાલુ છે તે ચેતનાને આપણે ભાવમન કહીએ છીએ. જેમાં અસંખ્ય ભવની વૃત્તિઓ - કુસંસ્કારો ધરબાયેલા છે, તે અશુધ્ધ-વિકૃત-મોહાત્મક ચેતના તે ભાવમન છે. ભાવમનથી શુભ-અશુભ બંને વિકારી ભાવો લેવાના છે, જ્યારે શુધ્ધ ચેતના-જ્ઞાનચેતના તે આત્મા છે, શુધ્ધ ચેતનામય આતમાનું સ્વરૂપ છે જેમાં ફક્ત શુધ્ધ ભાવનો જ સમાવેશ થાય છે. યાદ રાખો - ભાવમન એટલે કે અશુધ્ધ ચેતના એટલે કે અશુધ્ધ ભાવ એટલે કે શુભ - અશુભ ભાવ, આત્મા એટલે કે શુધ્ધ ચેતના-જ્ઞાનચેતના એટલે કે ફક્ત શુધ્ધભાવ.

**સ. ૨૯ મન અને આત્માનો ભેદ જરા ઉદાહરણ સાથે સમાજવો ?**

**જ. ૨૯** હવે ભાવમનથી શુભ-અશુભ બંને વિકારી ભાવો લેવાના છે. આ અશુધ્ધ ચેતના અનંતકાળથી આત્મા સાથે જોડાયેલી છે. તે જ્વલેજ છૂટે છે અને છૂટે છે ત્યારે જીવ વિતરાગતા પામે છે. મન ગમે તેટલું શાંત-સ્વસ્થ-નિર્મળ બનાવો પણ તેનાથી આત્મા નિર્મળ ન બને તો તે સાધના નિષ્ફળ થશે. આત્મશુધ્ધિ પેદા થાય ત્યારે જ સમકિત આવે. માટે ખાલી મનશુધ્ધિનું મહત્વ નથી. ઘણા માણસો ઉદાર, સૌજન્યશીલ, નિતીમાન, સરળ, શાંત મનના હોય. સજ્જન પ્રકૃતિ મૂળભૂત જ હોય, છતાં જીવનમાં અધ્યાત્મ ન હોય, મોક્ષ લક્ષિતા ન હોય, સંસારથી તે વિરક્ત ન હોય તો તે આત્મકલ્યાણનું સાધન ન બને. જેમ કે યુગલિકોનો સમભાવ કેવો ? તેમને કષાયો આવેગો ઓછા હોય છે. જીવનમાં કદી ક્લેશ-ઝગડા થતાં જ નથી. છતાં શાસ્ત્રની દૃષ્ટિએ આ આત્મશુધ્ધિ નથી. યુગલિકોના મનની શુધ્ધિનું ફળ શું ? એક વખત દેવલોકના સુખ ભોગવીને પછી સંસારમાં રખડવાનું. નવગ્રૈવેયકના મિથ્યાદૃષ્ટિ દેવતાઓના મન પણ શાંત હોય છે. માન-પાન કે અહંકારને પોષવાની કે કોઈની સંપત્તિ લઈ લેવાની તેમને ઈચ્છા નથી. મૃત્યુલોકને ચપટીમાં

ચોળી નાખવાની શક્તિ ધરાવે છે, છતાં કોઈનેય પરચો બતાવવાની ઈચ્છા નથી. હવે અભવિ જીવો પણ નવમા ગ્રૈવેયકે જાય છે. ત્યાં તેમનું મન નિર્વિકારી, શાંત, નિર્મળ સ્વરૂપે અબજો વર્ષ સુધી હોય છે. આટલી મનશુધ્ધિ હોવા છતાં અભવિના જીવનું રતીભાર આત્મકલ્યાણ થતું નથી. મનના વિકારો-આવેગો તો દરિયાની ભરતી અને ઓટ જેવા છે. દરિયામાં અમુક ટાઈમ ભરતી આવે ને અમુક ટાઈમ ઓટ આવે છે, તેમ અનંતકાળમાં ઘણી વખત મનમાં જબરજસ્ત આવેગો આવ્યા, ઘણી વખત આવેગો એટલા શાંત થઈ ગયા કે જીવ ડાહ્યો ડમરો થઈ ગયેલો લાગે પરંતુ તે મન શુદ્ધિ જ હતી. આત્મશુદ્ધિ ન હતી અને તેથી જ રખડીએ છીએ. **મનશુદ્ધિ એ સાધન છે જ્યારે આત્મશુદ્ધિ એ સાધ્ય છે.** વર્તમાનમાં કેટલાક સાધકો અધ્યાત્મયોગમાં ધ્યાન આદિની પ્રવૃત્તિ કરતા હોય છે પણ મન અને આત્માનો ભેદ સ્પષ્ટ સમજતાં નથી માટે જ ગોટાળા ઊભા કરે છે.

**સ.૩૦ ''મનશુદ્ધિ એ સાધ્ય નથી, પણ આત્મશુદ્ધિનું સાધન છે, સાધ્ય તો આત્મશુદ્ધિ છે'' તે સમજાવો.**

જ.૩૦ વિષય કષાયો શાંત બને, મન શાંત થાય, નિર્મળ બને તો સાધન સારૂં મેળવ્યું, પણ સાધ્ય તો જુદું જ છે. આવું સાધન ભૂતકાળમાં ઘણી વખત મેળવ્યું છે. આપણે નિરતિચાર ચારિત્ર પાળ્યું છે, તેમાં મનશુદ્ધિ હતી પણ આત્મશુદ્ધિ ન હતી. માટે જ હવા ખાતા રખડીએ છીએ. આત્મશુદ્ધિ કરવા માટે મનશુદ્ધિ કેળવીને તેનો સાધન તરીકે ઉપયોગ કરવાનો છે. અનંતા ભવોમાં આ જ કડી ખૂટી છે. **જે આત્માને વિકારોમાં દુઃખનું સંવેદન નથી થતું, તેવો જીવ ગમે તેટલા વિકારો શાંત કરે, તેનાથી મનશુદ્ધિ મળે પણ આત્મશુદ્ધિ ન મળે. કારણકે તેને આત્મામાં વિકારોનો મૂળ બેઝ અક્ષત છે.** તેથી અશુદ્ધ ચેતનાનો જ અનુભવ થાય. એટલે જે વિકાર તૂટ્યો હોય, તે વિકાર કદી પણ આત્મામાં પેદા ન થાય તો તેટલા અંશે તે આત્મશુદ્ધિ થઈ ગણાય. એકપણ વિકાર દોષ મૂળમાંથી ન નીકળે ત્યાં સુધી આત્માની પા ટકો પણ ઓરીજીનલ લાઈટ બહાર આવતી નથી, આત્માની આખી અશુદ્ધતા નીકળી જાય તો, તો મોક્ષ થઈ જાય. પણ જો તે ન કરી શકો ત્યાં સુધી અંશથી તેને શુદ્ધ કરવાનો છે. એટલે થોડી અશુદ્ધતા પણ મૂળથી નીકળવી જોઈએ. એકપણ વિષય-કષાય મૂળમાંથી તૂટવો જોઈએ.

**સ. ૩૧ શું આત્મશુદ્ધિથી મનશુદ્ધિ થાય ?**

જ. ૩૧ હા....અવશ્ય થાય. પણ તરત જ આવી જાય એવો એકાંતે નિયમ નથી. થોડી વહેલી મોડી થાય. ઘણી વખત આત્મશુદ્ધિ વધારે હોય પણ મનશુદ્ધિ ઓછી હોય તેવું પણ બને. **આત્માને દુર્ગતિમાં રખડતાં રખડતાં ઘણા કર્મો ભોગવાઈ જાય અને બીજા નવા કર્મો ઘણા ન બંધાતા હોય, તેથી કર્મો હળવા થઈ જાય, દુષ્ટ ભાવોનો આવેગ ઘટી જાય, આને કર્મની ઓટ કહેવાય.** આત્માને અનંતકાળથી કર્મના આવરણ લાગ્યા છે, માટે અનંત દોષો જામ થઈને બેઠા છે તેમાં એક દોષ પણ જો અંશથી પણ મૂળમાંથી નાબૂદ થાય તો તેટલા અંશે આત્મામાં શુદ્ધિ થઈ ગણાય. અંશથી પણ મૂળમાંથી દોષ જવો જોઈએ. માત્ર દોષો પાતળા પડે, મંદ થાય તેને અધ્યાત્મનો વિકાસ કહેતા નથી.

**સ. ૩૨ આપણે સદ્‌ગુણ કેળવીએ એટલે એ દુર્ગુણ તો મૂળમાંથી જ ગયો કહેવાય ને, એટલે આત્મશુદ્ધિ થઈ કહેવાય ને ?**

જ. ૩૨ ધારો કે તમે સગા ભાઈ માટે ઉલ્લાસથી કરોડોનું નુકસાન સહન કરી લો. પાંચ પચ્ચીસ વધારાના આપી દો. ત્યારે એ ઉદારતા થઈ. લોભના દુર્ગુણ સામે ઉદારતાનો સદ્‌ગુણ કેળવ્યો. પણ આવું કરતાં ભાવ શું ? 'મારો ભાઈ ફરી કમાઈ-ખાઈ-પીને મોજથી રહે એટલે બસ. મારૂં કરેલું બધું લેખે લાગે. પણ આ લોભ-વિકાર, આ પૈસાની આસક્તિ જ ખરાબ છે. મારે લોભ આસક્તિને જ તોડવી છે. આ આસક્તિ જ મોક્ષમાર્ગમાં રૂકાવટ છે. આ લોભ વિકારને મૂળમાંથી તોડવા માટે જ હું આનો ત્યાગ કરૂં છું....મારે આ લોભ આસક્તિને મૂળમાંથી જ તોડીને મોક્ષ તરફ જ પ્રયાણ કરવું છે.' શું આવા કોઈ ભાવ સાથે તેણે ભાઈને મદદ કરી છે ? શું લોભ વિકારમાં જ એને દુઃખનું સંવેદન છે ? જેને લોભ જ છોડવા જેવો છે - એવું ભાન હોય તેને દીધેલું દાન ફરી યાદ પણ ન આવે. બદલાની અપેક્ષા પણ ન હોય અને ઉપકારની ભાવના પણ ન હોય. **આ તો ફક્ત લોભના વિરોધી ગુણ ઉદારતાને કેળવીને લોભને શાંત પાડ્યો. પણ મૂળમાંથી જ લોભને કાઢવાનો વિચાર - ભાવ કર્યો નહીં. એટલે કે સર્જનનું વિસર્જન કર્યું પણ સર્જનશક્તિનું વિસર્જન ન કર્યું.** માટે અનુકૂળ સંજોગો મળતાં એ લોભ નામનો દુર્ગુણ ફરીથી ફૂલશે-ફાલશે. માટે આને મનશુદ્ધિ કહેવાય પણ આત્મશુદ્ધિ કહેવાય નહિ. એક વખત એવું બનેલું કે 'મા'ની નજર સામે જ એની દિકરીના બોયફ્રેન્ડે એની દિકરીને મારી નાંખી. કોર્ટમાં કેસ ચાલ્યો. જો 'મા' સાક્ષી આપે તો પેલાને

ફાંસીની સજા થાય. મા એ વિચાર્યું દિકરી તો ચાલી ગઈ, તે કાંઈ પાછી આવવાની નથી. હું આ છોકરાનું જીવન શા માટે બરબાદ કરૂં ? મા એ સાક્ષી આપવાની ના પાડી. અને કહ્યું, 'હું આને માફ કરી દઉં છું' વિચાર કરો...કેવો ક્ષમાનો ગુણ કેળવ્યો ! પણ એની આ ક્ષમાને આધ્યાત્મિક ક્ષમા જોડે ન જોડાય. એ બાઈએ એ જાણીને ક્ષમા નથી આપી કે 'ક્રોધ વિકાર જ છોડવા જેવો છે, મારે કદી પણ કોઈ ભવમાં પણ, કોઈપણ સંજોગોમાં ક્રોધ કરવો નથી. મારે મૂળમાંથી જ ક્રોધને કાઢવો છે...કેમકે **જ્યાં સુધી ક્રોધ છે ત્યાં સુધી મોક્ષ કરોડો માઈલ દૂર છે...'** આમ ક્રોધ વિકારમાં તેને દુઃખનું સંવેદન નથી. શુભ ભાવના કારણે દયા ભાવ આવ્યો. ક્ષમા નામનો સદ્ગુણ કેળવ્યો પણ મૂળીયું સાબૂત છે, અનુકૂળ સંજોગો મળતાં આ વિકાર માથું ઉચકશે.. માટે મનશુધ્ધિ થઈ પણ આત્મશુધ્ધિ એક ટકો પણ થઈ નથી. માટે જ જીવ રખડે છે.

**સ. ૩૩ કેવો વ્યક્તિ આત્મશુધ્ધિ માટે લાયક છે ?**

જ. ૩૩ જેને વિષયોમાં-કષાયોમાં-વિકારોમાં દુઃખનો અનુભવ શક્ય છે, તે વ્યક્તિ આત્મશુધ્ધિ માટે લાયક છે. પહેલા એ સમજો કે આત્માની અશુધ્ધિ કર્મના પ્રભાવે છે. કર્મના આઠ પ્રકાર બતાવ્યા છે. એ આઠે કર્મનો બંધ મોહ દ્વારા માન્યો છે. માટે આત્માના તમામ દોષો મુખ્યત્વે મોહમાં સમાયા છે. મોહ આખો મનમાં સમાયેલો છે. હવે મોહના જેટલા ભાવો છે તેમાંથી એક ભાવને પણ મૂળમાંથી નાબૂદ કરો, એટલે અંશાત્મક આત્મશુધ્ધિ થઈ કહેવાય. દા.ત. વડલા જેવું લીલુંછમ ઘટાદાર વૃક્ષ છે. તેને તોડી પાડવું છે તો શું કરશો ? ડાળી, પાંદડા, ફળ તોડશો, થડ પણ તોડશો પણ મૂળિયા રહેવા દો તો ? દેખાવમાં ભલે ઠૂંઠા જેવું થઈ જાય પણ વસંતઋતુ આવે એટલે પાછું ઘટાદાર થઈ જાય. કારણ અંદર મૂળિયા સાબૂત છે. તેથી પોષણ બરાબર મળી શકે તેમ છે. તેમ આપણા આત્મા પર અનંતીવાર આજ બન્યું છે. ઘણીવાર એક પણ દોષ શોધ્યો ન જડે તેવો આત્માને બનાવ્યો, અહીં ઝાડ હતું એવી ખબર પણ ન પડે તેવી સપાટ ભૂમિ કરી નાંખી. પણ મૂળિયા પર પ્રહાર જ ન કર્યો. માટે ફરી કૂંપળો ફૂટી, ડાળીઓ આવી, ફળ આવ્યા..પાછું ઘટાદાર વૃક્ષ બની ગયું. આવી રીતે સદ્ગુણો કેળવીને પણ સંસારરૂપી વૃક્ષના મૂળિયા પર પ્રહાર ન કરે તેનો સંસાર પાછો લીલોછમ બની જાય.

**સ. ૩૪ હવે મૂળમાં પહેલો પ્રહાર ક્યાં કરવાનો ?**

જ. ૩૪ એક ઘટાદાર વૃક્ષની કલ્પના કરો. તેના પર જે ફળ-ફૂલ ને પાંદડા છે, તે

છે. માન - માયા - ક્રોધ - અહંકાર - જડતા - વિષયો - સંકુચિતતા - લોભ - ઈર્ષ્યા - અસહિષ્ણુતા - વાસના - સ્વાર્થ - આસક્તિ - રાગ-દ્વેષ - જૂઠ - ચોરી વગેરે બધા જ આત્માના દોષો તેના પર ફૂલ્યા ફાલ્યા છે. આ બધા દોષો કોના સંતાનો છે ? તો કહે છે મોહના સંતાનો છે. આ ઘટાદાર વૃક્ષ આ મોહના સંતાનોથી ફૂલ્યું ફાલ્યું છે. આ મોહને આ ઝાડના થડ તરીકેની કલ્પના કરો. તો કે ભાઈ આ મોહ શેને લીધે છે ? ભાઈ અનાદિ કાળથી આ આત્માને જડ વસ્તુનું આકર્ષણ છે..શરીર તો કે જડ, ગાડી, બંગલા-જડ, કપડાં, આભૂષણ-જડ, સંસારની સર્વ વસ્તું જડ - જડ વસ્તુંનું જીવને આકર્ષણ એનું જ નામ મોહ... માટે જ જડ કર્મ ખેંચાઈને ચોંટે છે. મોહ નથી તેને કર્મ ચોંટતું નથી. માટે મોહ તમામ કર્મબંધનું કારણ. હવે આ ઘટાદાર વૃક્ષનું થડ - મોહ તો સમજાયું. પણ મોહને પોષણ આપનારૂં કોણ ? તો કે મિથ્યાત્વ. આ મિથ્યાત્વ શું કરે ? તો ભાઈ મિથ્યાત્વ એવી બુધ્ધિ કરાવે કે જીવને મોહમાં જ મજા આવે, મોહ જ ગમે. મોહ જ સારો લાગે આમ ઘટાદાર વૃક્ષનું થડ છે મોહ ને, મોહનું મૂળ છે મિથ્યાત્વ. મિથ્યાત્વનું મૂળ છે ગ્રંથિ...કેવી રીતે ? તો કે આ ગ્રંથિને કારણે જ મિથ્યાત્વ આત્મામાં દૃઢતાથી ટક્યું છે. આ ગ્રંથિ એટલે તમોગ્રંથિ - અંધકારમય ગ્રંથિ - અજ્ઞાનતાનું પડ - ભાવાત્મક મિથ્યાત્વની ગાંઠ. કયો ભાવ ? તો કે સહજ રાગ-દ્વેષની તીવ્રતા. આનું જ નામ મિથ્યાત્વની ગાંઠ. આ મિથ્યાત્વનું મૂળ ગ્રંથિ. ગ્રંથિનું મૂળ સહજ રાગ-દ્વેષની તીવ્રતા, કદાગ્રહ, સંસાર રસિકતા, આ મૂળ પર જ પ્રહાર કરવાનો છે.

**સ. ૩૫ રાગ-દ્વેષ તો સમજ્યા, પણ આ સહજ રાગ-દ્વેષ શું છે ? તેની તીવ્રતા એટલે શું ? કાંઈ સમજીએ તો તેના પર પ્રહાર કરીએ ને ?**

જ. ૩૫ આખી દુનિયામાં જેટલા રાગ-દ્વેષ છે તેના બે પ્રકાર છે. (૧) કૃત્રિમ રાગ એટલે ઔપચારિક રાગ (૨) અસલી રાગ એટલે સહજ રાગ. દુનિયામાં જડ વસ્તુ કે વ્યક્તિ પર જે રાગ થાય છે તે કૃત્રિમ રાગ છે. જેમ કે નવો ડ્રેસ લાવ્યા તેના પર રાગ-આકર્ષણ છે. પણ ક્યાં સુધી ? જ્યાં સુધી તેના કલર-ડીઝાઈન સારા, તમને સુખ આપે ત્યાં સુધી. જ્યારે ફાટે કે ફેડ થાય કે જુનું થાય પછી ફેંકી દો ને ? માટે પહેલાં જે રાગ હતો તે કપડાં પર તે કાંઈ કાયમી હતો ? ના કૃત્રિમ રાગ હતો. જ્યારે ડ્રેસ નવો હતો ત્યારે તેના પર કોઈ એક ડાઘો પાડે તો ચિડાઈ જાવ ને ? કારણ રાગ છે. જ્યાં રાગ છે ત્યાં તેનું નુકશાન થાય તો દ્વેષ.

શરીરનો રાગ પણ ક્યાં સુધી? તેના તરફથી અનુકૂળતા મળે ત્યાં સુધી. તેના દ્વારા કષ્ટ મળવાનું ચાલુ થાય પછી તેમાંથી છૂટવાનું મન થાય. આ થયો કૃત્રિમ રાગ. ઘણા આપઘાત કરતાં હોય છે. દિકરો જન્મે એટલે કેટલો રાગ? તેને કેવો સાચવો? તેજ દિકરો મોટો થઈને તમારી ઉપેક્ષા કરે, વાત વાતમાં આડો ઉતરે પછી ગમે ખરો? માટે તમારા મનમાં વસ્તુ કે વ્યક્તિ પરનો રાગ તે કૃત્રિમ છે, સહજ નથી. તો સહજ રાગ એટલે શું? ખરો રાગ... હવે ખરો રાગ ક્યાં છે? સહજ રાગ તમને કોઈ વ્યક્તિ કે વસ્તુ પર નથી, પરંતુ તેના દ્વારા તેમાંથી મળતા ભૌતિક સુખ-દુઃખ પર જ મૂળભૂત રાગ-દ્વેષ છે, જેમાંથી ભૌતિક સુખ મળે તે સુખ પર ચોંટવું. એટલે કે વસ્તુ કે વ્યક્તિમાંથી મળતા ભૌતિક સુખ પર રાગ તે સહજ રાગ કહેવાય. વ્યક્તિ પરનો રાગ તે કૃત્રિમ રાગ...તેમાંથી મળતા ભૌતિક સુખ પરનો રાગ તે સહજ રાગ...એટલે થઈ ગયો રાગનો ય રાગ. હવે સહજ રાગમાં જ મજા આવે છે, સારો લાગે છે, ગમે છે માટે તીવ્રતાથી જામે છે. એટલે આ સહજ રાગ જ ગમે. રાગ પરનો ય રાગ એટલે થઈ ગઈ રાગની તીવ્રતા - સંસાર રસિકતા. એજ છે મિથ્યાત્વની ગાંઠ. ગ્રંથિનું મૂળ જે રાગ-દ્વેષ પરનો જે રાગ છે તે ખરાબ લાગવો જોઈએ. તે ખરાબ કેમ નથી લાગતો? કારણ કે અનંતકાળથી જીવને રાગનો ખોટો આગ્રહ છે. આ સહજ રાગ-દ્વેષનો રાગ સુખ જ જોઈએ સુખ જ જોઈએ દુઃખનો સહજ દ્વેષ દુઃખ ન જ જોઈએ ન જોઈએ. આ સહજ રાગ-દ્વેષનો રાગ એ મૂળ પર જ પ્રહાર કરવાનો છે. ગ્રંથિ ભેદવાની છે.

**સ. ૩૬ સુખ પમાડવાતો ધર્મ છે. પછી સુખની નિંદા શા માટે?**

જ. ૩૬ જ્ઞાનીઓએ સંસારના ભૌતિક સુખને નીંદ્યા છે. કેમ કે બધા સુખ વિકારમાંથી જ પામી શકાય છે. અબ્રહ્મના સુખ માટે પહેલા વાસના જોઈએ. ધનથી આનંદ પામવા માટે પહેલા અંદર ધનની તૃષ્ણા-આસક્તિ નામનો વિકાર જોઈએ. સંસારના સુખમાં વિકારો સેવવાના છે. આ બધું વિકારથી પેદા થતું સુખ છે, માટે નિંદા કરી છે. બાકી મૂળભૂત રૂપે સુખની નિંદા નથી. તીર્થંકરોને પણ સુખ જોઈતું હતું માટે સંસાર છોડ્યો છે. મોટા ભાગના જીવો, ધર્મ કરનારા - નહીં કરનારા એમ માને છે કે પ્રસંગે રાગ-દ્વેષ કરવા જોઈએ. એના વગર જીવનમાં મજા શું? અવસરે ક્રોધ પાપ કરવા જોઈએ. વળી ગુણ કેળવતા એમ થાય કે હેરાન થઈ જઈશું. ક્ષમા કેળવતાં લાગે કે નમાલા લાગશું. દાન આપવામાં

ગુમાવવાનું દેખાય. માટે રાગ-દ્વેષ કરવા લાયક છે, સારા છે. તે એમાં ઊંડે ઊંડે મજા પડે છે. એવો નિર્ણય છે. અનંતકાળથી જીવને સહજ રાગનો અસદ્ આગ્રહ છે તેજ સંસારની મા છે, કર્મની જનની છે. તેનાથી નવા કર્મ, તેનાથી વળી નવા કર્મ એમ ચક્કર ચાલ્યા જ કરે છે. જેને મૂળમાંથી રાગ-દ્વેષ ખરાબ નથી લાગતા તેને આત્મશુધ્ધિ આવતી નથી.

**સ. ૩૭ જે ઊંધી માન્યતા આપણે પલટી નાંખી હોય તો બીજા ભવમાં પછી એ જ માન્યતા રહે ?**

જ. ૩૭ અનુભવના સ્તર પર પલટી હોય તો આગલા ભવમાં રહે.

**સ. ૩૮ શું વાઘ - સિંહના ભવમાં જાય તો પણ રહે ?**

જ. ૩૮ શુધ્ધ માન્યતા સમકિતિને જ હોય. સમકિતિ દુર્ગતિમાં જાય નહીં. ભૂતકાળના નિકાચિત કર્મથી જાય. ભૂતકાળના કર્મનો પલટો ન થાય ત્યાં સુધી તેમાં રહે. પછી પાછો પલટો આવે. સમકિત એક વખત પામ્યા પછી આત્માને આગળ વધારવાની જવાબદારી તેની છે.

**સ. ૩૯ મિથ્યાત્વ, નવું મિથ્યાત્વ, નિકાચિત કરી શકે ખરૂં ?**

જ. ૩૯ મિથ્યાત્વ જેટલું પ્રબળ હોય તે પ્રમાણે નવું બંધાય. પ્રબળ ન હોય તો તેને જીવ કાપી શકે. તો નવું મિથ્યાત્વ ન બંધાય.

**સ. ૪૦ ઉદાહરણ સાથે સમજાવો.**

જ. ૪૦ જેમ ભગવાન મહાવીરનો આત્મા નયસારના ભવમાં સમકિત પામ્યો પછી મરીચિના ભવમાં અમુક સમય સુધી સમકિત છે. દીક્ષા લીધી ત્યારે છઠ્ઠા ગુણ સ્થાનકે છે. પણ શરીરની સુકોમળતાને કારણે ચારિત્ર ન પાળી શક્યા. ને ચારિત્ર તેમણે સ્વેચ્છાએ ત્યાગ કર્યું. તે વખતે પણ ભાવ શ્રાવકના ગુણો પાળે છે. ત્યારે તેમનામાં લાયકાત ઘણી છે. પણ જ્યારે કપિલે પૂછ્યું કે તમારી પાસે ધર્મ નથી? ત્યારે કહ્યું : ‘ધર્મ અહીંયાંય છે ને ત્યાં પણ છે.’ આ વાક્યથી શ્રી ઋષભદેવે કહેલા તત્ત્વથી ઊંધી માન્યતા તેમણે કેળવી. તેના કારણે તેમને મિથ્યાત્વ આવ્યું. ઉત્સૂત્ર ભાષણથી નવું મિથ્યાત્વ બાંધ્યું. સમકિતની ભૂમિકાથી નીચે પડ્યા. પાછું ઉત્સૂત્ર ભાષણનું મમત્વ અને આગ્રહ પણ છે. તેથી નવું ગાઢ મિથ્યાત્વ બાંધ્યું. જે એક, બે, ત્રણ નહિ અસંખ્ય ભવ સુધી મિથ્યાત્વ ચાલ્યું. ઝેર જેમ નવા ઝેરને પેદા કરે તેમ મિથ્યાત્વ મિથ્યાત્વને પેદા કરે. તે વિષચક્ર છે. માટે જ જીવ મિથ્યાત્વના ચક્રમાંથી જલદી બહાર ન નીકળી શકે. સમકિત એટલે પાપના અનુબંધને તોડવાનું સુદર્શન ચક્ર

છે. આ સંસાર સાગર પાર કરવા માટે સમકિત જેવું કોઈ અવલંબન નથી. આ સમકિત ન પામવા માટેનું મૂળ તમારી ઊંધી માન્યતા છે. એ માન્યતાને ગાઢ બનાવવાની પ્રબળ તાકાત મિથ્યાત્વ ધરાવે છે. તમે સમકિતિ છો કે મિથ્યાત્વી તે જોવા માટે તમે શું માનો છો તે જોવાનું છે. તમે શું કરો છો તે જોવાનું નથી. તમે માનવામાં ૯૯ ટકા માનતા હો તો પણ મિથ્યાત્વી છો. સમકિત પુણ્યાનુબંધી પુણ્યની શક્તિ ધરાવે છે. શ્રેણિક રાજાએ જીવનના અંત સુધી દિક્ષા લીધી નથી. સંસારમાં રહ્યા છે. છતાં માન્યતા ધરમૂળથી બદલાઈ ગઈ છે. પહેલાં તેઓ ''હું સત્તાધીશ, રાજવૈભવ ધારણ કરનારો, પ્રજાનું રક્ષણ કરનારો, પ્રજાનો નાથ છું'' એવું માનતા. પરંતુ અનાથી મુનિએ પ્રતિત કરાવ્યું કે ''તારી જાતને તું પ્રજાનો નાથ ભલે માનતો હોય, પણ તું સ્વયં અનાથ છો.'' અને આવી પ્રતિતી થવાથી તેમણે પોતાની જાતને અશરણ માની છે. જડ પુદ્ગલો આપત્તિમાં રક્ષણ કરવાની તાકાત ધરાવતા નથી. માટે તેમને ભૌતિક રિધ્ધિમાં અસલામતીનું ભાન થયું. માન્યતા ધરમૂળથી બદલાઈ ગઈ.

**સ. ૪૧ ઘણા આ બધું માને, માન્યતામાં હોય પણ વર્તન ન કરે એ કેવું ?**

**જ. ૪૧** હા, એવું બની શકે. ઘણા દઢપણે માનતા હોય છે કે બીડી પીવાથી ફેફસાં ખરાબ થાય છે. કેન્સર થાય છે. છતાં બીડી પીતા હોય છે. તે શું મોજથી બીડી પીવે છે ? તેને થતું હોય છે કે આ ટેવ છૂટે તો સારૂં. આના કારણે પાયમાલ થઈ ગયો છું. બલા વળગી છે. આ કાંઈ પીવા જેવી નથી. છોડવાનો પ્રયત્ન પણ કરે છે. આ તેની સમજણની નિશાની છે. છતાં પણ ન છુટે ક્યારે ? ખોટું આચરણ કરાવનાર કર્મ જો પ્રબળ હોય તો ન છૂટે.

**સ. ૪૨ વિચારોની ચંચળતા શેને કારણે છે ?**

**જ. ૪૨** વાસના-કુબુધ્ધિ અને ઊંધી માન્યતાને કારણે છે. સબકોન્સિયસ માઈન્ડમાં અશુધ્ધિ છે. તેને કારણે વિચારોની ચંચળતા છે. અમુક વસ્તુ સારી માની છે માટે તેમાં તમારૂં મન દોડે છે. વિચાર સારા હોય તેને સ્થિર કરવા પ્રયત્ન કરો. ચંચલ મન પાસે શુભ યોગમાં પરિશ્રમ કરાવો.

**સ. ૪૩ કષાયો કેમ જન્મે છે ?**

**જ. ૪૩** કષાયોનો જન્મ અજ્ઞાનતામાંથી થાય છે. જેમ કે રાગ પેદા થાય છે, ત્યારે જે તમારૂં નથી તેને તમે તમારૂં માનો છો. તેથી મમતા થાય છે,

'જડ પુદ્‌ગલ આપણા નથી' તે નક્કર સત્યછે. કેમકે જેને આપણે આપણું કહીએ તેના પર આપણી માલિકી હોવી જોઈએ. શું શરીર પર આપણી માલિકી ખરી? આપણે ઈચ્છીશું ત્યાં સુધી રહેશે? આપણે કહીશું ત્યારે જ છૂટું પડશે? હાર્ટ-કીડની આપણી મરજીથી ચાલે છે? પેટ સાફ આવે તેમ ઈચ્છીએ છીએ, પણ એ આપણા હાથની વાત છે? આમ શરીર પણ આપણો કંટ્રોલ નથી છતાં તેને મારૂં માનીએ છીએ એ મિથ્યાત્વ-અજ્ઞાનતા છે, માટે એમાંથી જ કષાયો જન્મે છે. જગતની દરેકે દરેક વ્યક્તિ કે પુદ્‌ગલ કે વસ્તુ માટે આ રીતે વિચારશો તો ખબર પડશે કે જે મારૂં નથી તેને મારૂં માનું છું. તેમાંથી જ કષાયો જન્મે છે.

**સ. ૪૪ કયા કર્મનું ફળ ધર્મમાં ઉમળકો-રસ પેદા થવા નથી દેતું?**

**જ. ૪૪** સંસારમાં રાગ પેદા કરાવનારૂં ચારિત્ર મોહનીય કર્મ છે જ્યારે દર્શન મોહનીય કર્મ સંસારમાં રસ અને જીજ્ઞાસા પેદા કરાવે છે. અને ધર્મમાં જીજ્ઞાસાને બદલે અજ્ઞાનનો રસ પેદા કરાવે છે. તે તમને ધર્મમાં એવી સલાહ આપે છે કે ''આ બધું જાણીને શું કરવું છે? જે થવાનું હશે તે થશે.'' હવે તેને કહીએ કે તો પછી દુકાને કે ધંધા પર જવાની શું જરૂર છે? જે થવાનું હશે તે થશે. તો કહેશે કે, ''ના હો ત્યાં તો અરજન્ટ જવું પડશે. નહિ તો ઊંધુ વળી જશે.'' એટલે પાછું ભવિષ્ય નિશ્ચિત છે એવું પ્રામાણિકપણે માનતો નથી. ફક્ત ધર્મમાં બહાના કાઢવા તેનો ઉપયોગ કરે છે. આવી ઊંધી બુદ્ધિ દર્શન મોહનીય કર્મ કરાવે છે.

**સ. ૪૫ સમકિતીને ચારિત્ર મોહનીય નુકશાન કરી શકે?**

**જ. ૪૫** ચારિત્ર મોહનીયની અસરથી તેને સમકિત ખોવાનો વખત ન આવે. સમકિત આવ્યા પછી તેને કોઈપણ કર્મ તેના આત્માની મોક્ષમાર્ગની સાધનાને રોકી શકતું નથી.

**સ. ૪૬ સમકિતની હાજરીમાં રોગ પણ ન આવે?**

**જ. ૪૬** સમકિતની હાજરીમાં રોગ આવે પણ રોગનો હુમલો તેને ભાન ન ભૂલાવે. જો ભાન ભૂલાવે તો સમજવું કે સમકિતની હાજરી જ નથી. મિથ્યાત્વ જ ભાન ભૂલાવે છે.

**સ. ૪૭ સમકિતીને કર્મ બંધાય?**

**જ. ૪૭** સમકિતીને જોખમી કર્મ ન બંધાય. પણ કર્મ તો બંધાય જ. જેટલા પણ કેવળજ્ઞાન પામ્યા તેમને બે ઘડી પહેલાં આત્મા પર અસંખ્ય ભવ સુધી રખડાવે તેટલા કર્મ હતા..પણ અપ્રમત્ત દશામાં બંધાય છે એટલે અડીને ખરી જાય છે.

**સ. ૪૮ સમકિતીને મનોયોગ અશુભ થાય તો પણ પાપ ન બંધાય ?**

**જ. ૪૮** પાપ બંધાય. મનોયોગ જેટલી માત્રાનો અશુભ થયો હોય, તેટલી માત્રાનો અશુભ કર્મબંધ થાય. સમકિતીને અશુભ ભાવ કરતો હોય ત્યારે પણ બંધ ભલે પાપનો પડે પરંતુ અનુબંધ તો પુન્યનો પડતો હોય છે. સમકિત પામ્યા પછીની બાજી આખી પલટી જાય છે. ૯૫% અનુબંધ પુન્યનો પડે છે.

**સ.૪૯ આત્મા સમકિત પામ્યો એટલે ગ્રંથિભેદ થઈ ગયો ?**

**જ.૪૯** હા. એક વખત આત્મા સમકિત પામે એટલે એનો ગ્રંથિભેદ થઈ જાય. પછી તે સંસારમાં ગમે તેટલું રખડે, પણ ગ્રંથિભેદ તેને ફરી કરવાનો રહેતો નથી. તેણે મિથ્યાત્વનું મૂળિયું કાપી નાખ્યું હોવાથી મિથ્યાત્વ આત્મા પર કદાચ ટકે તો પણ સંસારમાં અમુક સમયથી વધારે તેને ન રખડાવે. કદાચ આત્મા દુષ્ટ બને, ઉગ્ર પાપ કરે તો પણ મિથ્યાત્વની ગાંઠ ફરી જામતી નથી. જ્યાં સુધી ગાંઠ ભેદાતી નથી ત્યાં સુધી સમકિતના દરવાજા બંધ છે.

**સ.૫૦ શરીરનું સ્વરૂપ કેવું છે ?**

**જ.૫૦** શરીર પોતે, ભૂખ-તરસ-થાક-ગંદકી આ ચારનું ઉત્પાદન કેન્દ્ર છે. તમે મળની ગંદકી કાઢી કે બીજી જ મિનિટે આંતરડામાં નવા મળનો સંચય કરવાનું ચાલુ... તરસ લાગી, પાણી પીધું, તૃપ્તિ થઈ (સુખ લાગ્યું) બીજી જ મિનિટે તરસ લાગવાની પ્રક્રિયા ચાલુ. એક-બે કલાકે અસહ્ય તરસ થાય (દુઃખ) એટલે પાછું પાણી પીવું પડે. તમે પાંચ-છ કલાકે ઉંઘીને ઉભા થાઓ તો ફ્રેશ બીજી જ પળે થાક લાગવાનું શરૂ. સાંજ સુધીમાં અસહ્ય થાક થાય એટલે પાછી ઉંઘ આવે. ભૂખનું પણ એવું જ. ભૂખ લાગી, જમ્યા, પેટ ભરાઈ ગયું (સુખ) બીજી જ મિનિટે ભૂખ લાગવાની પ્રક્રિયા શરૂ... તે ધીમે ધીમે ત્રણ-ચાર કલાકે ભૂખ અસહ્ય થાય... (દુઃખ) શરીરના બધા સુખોમાં આજ વાત છે. શરીરની ગંદકી, થાક, ભૂખ, તરસનું કામચલાઉ નિવારણ કરવું તેનું નામ શારીરિક સુખ. અંદર તો આ માટેનું પ્રોડક્શન ચાલુ છે. આ આગ... ભૂખ-તરસ-ગંદકીને થાકની આગ... જન્મ્યા ત્યારથી મૃત્યુ પામશું ત્યાં સુધી ચાલવાની છે. ૮૪ લાખ જીવાયોનીમાં બધા શરીરોનું મૂળભૂત સ્વરૂપ આજ છે. નારકીમાં સૌથી વધુ પછી પશુ, પછી મનુષ્ય ને પછી દેવ. એક બાજુ આ ભૂખ-તરસ-ગંદકીને થાકના દુઃખના ઉત્પાદનની ક્રિયા

અવિરતપણે ચાલુ છે ને બીજી બાજુ તેમાં ટેમ્પરરી રાહતના ઉપાયો જેવી ભોગની પ્રક્રિયા ચાલુ છે. જેનાથી આપણને જીવનમાં સુખનો આભાસ થાય છે. તે સિવાય ભૌતિક જગતમાં બીજી કોઈ સુખ નામની ચીજ છે જ નહિ. આ વેધક સત્ય છે, અંતિમ સત્ય છે.

**સ.૫૧ ઈન્દ્રિયોનું સ્વરૂપ કેવું છે ?**

જ.૫૧ ઈન્દ્રિયોની ભૂખ તો શરીર કરતા અનેકગણી છે. આંખને નવા-નવા દૃશ્યો, ડીઝાઈનો, રૂપ, રંગ, દેખાવ, હજારો દૃશ્યો જોવાની ભૂખ પડી છે. પહેલા તમે મીઠાઈ ખાધી તો એટલાથી જીભને સંતોષ ન થયો - એટલે કહેશે ફરસાણ - પછી ચટણી - પછી શરબત - છેલ્લે કાંઈ નહિ તો પાન મસાલો - પછી ચીંગમ - હજી કાંઈ જોઈએ... શરીરની ડીમાંડ તો થોડા સમય માટે શાંત રહે છે પરંતુ ઈન્દ્રિયોની ૨૪ કલાક ભૂખ છે. દેહની ભૂખ કરતા ઈન્દ્રિયોની હજારગણી વિકરાળ છે.

**સ.૫૨ મનનું સ્વરૂપ કેવું છે ?**

જ.૫૨ જેમ કોઈ સ્વાદ ચાખો તો જીભ તૃપ્ત થાય, ખોરાક ખાઓ તો હોજરી તૃપ્ત થાય, પરંતુ સ્વાદનો સંગ્રહ કરવાની મનની ભૂખ તો કાયમ ભરેલી છે. કામ-ક્રોધ-માન-માયા વગેરે મનની ભૂખના જ જુદા પ્રકારો છે. આ શરીર - ઈન્દ્રિય અને મનની ભૂખના ત્રાસથી આત્મા બેચેન અને આકુળ-વ્યાકુળ છે. છતાં આપણી કમનસીબી કે આ બધાને જ આપણે સુખના સાધન માનીએ છીએ.

**સ.૫૩ જીવ સમકિત ભણી ક્યારે ડગ ભરે છે ?**

જ.૫૩ (૧) જ્ઞાનથી સાચી વસ્તુ સમજીને અને અનુભવથી જાણીને ભૌતિક સુખ પ્રત્યેનો રાગ કપાતો જાય છે ને જીવ સમકિત જાણી ડગ ભરે છે. આ છે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય. (૨) ક્યારેક જીવને એવું અકલ્પ્ય, અસહ્ય દુઃખ પડે છે કે તેને સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. આને દુઃખ ગર્ભિત વૈરાગ્ય કહે છે. આ દુઃખ નિમિત્તે તેને સંસાર પ્રત્યેનો, સુખ પ્રત્યેનો સહજ રાગ તૂટે છે ને જીવ સમકિત ભણી ડગ ભરે છે. માટે સાંસારિક કોઈ અનિચ્છનિય પ્રસંગ બને... જેમકે ધંધામાં ખૂબ મોટી ખોટ જવી, સ્વજનનું મૃત્યુ થવું, એકદમ નજદીકના સ્વજન તરફથી દુર્વ્યવહાર થવો ત્યારે વિચારવું કે 'જીવ... તારો કરોડો વર્ષ જૂનો મોહ તોડવા માટે જેવો કે પતિમોહ, પત્નીમોહ, પુત્રમોહ વગેરે તોડવા માટે જ કુદરતે આ સંયોગો ઉભા કર્યા છે. તેમાંથી જ્ઞાન પામી, સમતામાં

રહી, દુઃખ આપનારને ફક્ત નિમિત્ત તરીકે જાણી જાતને સંસારથી અલિપ્ત કરવી. જે કાંઈ પરિસ્થિતિમાં તમે છો તેનો સહજ ભાવે સ્વીકાર કરી... રાગ દ્વેષથી મુક્ત થવા પ્રયત્ન કરવો. તો જ મિથ્યાત્વની ગાંઠ ભેદાશે અને આત્મ કલ્યાણ તરફ ડગ ભરાશે...' આત્મશુદ્ધિ થાય ત્યારે જ સમકિત આવે. ખાલી ચિત્તશુદ્ધિનું મહત્ત્વ નથી.

**સ.૫૪ સમકિતી હોય તેને ૧૮ પાપસ્થાનકમાં ૧૮ મિથ્યાત્વ નામના પાપસ્થાનકની ક્ષમાપના આલોચના હોય ?**

જ.૫૪ સમકિતીને મિથ્યાત્વની ગાંઠ ભેદાઈ છે, માન્યતામાં પરિવર્તન આવ્યું છે, પણ વર્તનમાં કાંઈ રાતોરાત પરિવર્તન નથી આવી જવાનું. ક્ષાયિક સમકિત પામ્યા એટલે હવે નવી ગાંઠ નહિ બંધાય, પણ જૂની સમાપ્ત નથી થઈ ગઈ... ઝાડને મૂળમાંથી ઉખેડી નાખવાથી ઝાડ કાંઈ તાત્કાલિક સુકાઈ નથી જવાનું. ભલે મૂળમાંથી કાઢ્યું હોય છતાં દરેક ઝાડની ફળદ્રુપતા પ્રમાણે એને સુકાતા અલગ અલગ સમય લાગશે. ભગવાને તો આપણને સમજાવવા માટે અલગ અલગ પાપ સ્થાનક બતાવ્યા છે. બાકી મિથ્યાત્વ એટલે અઢારે અઢાર પાપનો સરવાળો જ છે. તમે પ્રાણાતિપાત કરો કે મૃષાવાદ એ બધું જિનાજ્ઞા વિરૂદ્ધ જ છે. માટે મિથ્યાત્વ જ છે. સમકિતીને પણ અઢારે પાપસ્થાનકની આલોચના હોય જ. ગુણસ્થાનકથી સમજો તો સમકિત ચોથે ગુણઠાણે આવે અને દેશવિરતિ પાંચમે ગુણઠાણે. જો દેશવિરતિને અઢારે પાપસ્થાનકની આલોચના હોય તો સમકિતીને કેમ નહિ ?

**સ.૫૫ અનુબંધ અને માન્યતાને શું સંબંધ છે ? બંધ એટલે શું ? અનુબંધ એટલે શું ?**

જ.૫૫ તમે વર્તમાનમાં જે કર્મ બાંધી રહ્યા છે તે બંધ છે. પણ એ કર્મ બાંધતી વખતે અંદરનો જે ભાવ છે, જે માન્યતાઓ પડેલી છે તે પ્રમાણે અનુબંધ પડે છે. આ બાંધેલું કર્મ જ્યારે ઉદયમાં આવે છે. ત્યારે પૂછડાની જેમ અનુબંધ પણ એની સાથે જ હાજર થઈ જાય છે. હવે જે કર્મ ઉદયમાં આવ્યું ત્યારે નવું કર્મ કેવું બાંધશો તેનો આધાર અનુબંધ પર છે. ટૂંકમાં તમે વર્તમાનમાં જે કર્મ બાંધો છો (શુભ કે અશુભ) તે કર્મમાં ભવિષ્યમાં જે કર્મ બંધાવવાની પ્રજનનશક્તિ પડી છે તે અનુબંધ છે. માટે બંધ કરતા પણ અનુબંધની મહત્તા વધારે છે. થોડા દાખલા-દલીલો સાથે આ વસ્તુ સમજીએ. દા.ત. તમે દર્શન-પૂજા-પઠન વગેરે ધાર્મિક ક્રિયા

કરી રહ્યા છો તેથી કર્મબંધ શુભ પડશે. પુણ્યનો બંધ પડશે પરંતુ તે વખતે પણ જેટલી જેટલી માન્યતા (અંદરમાં) જીનાજ્ઞા વિરૂદ્ધ ગોઠવાયેલી છે તે દ્વારા અનુબંધ સતત પાપનો પડી રહ્યો છે. હવે જ્યારે આ પુણ્યનો બંધ ઉદયમાં આવશે ત્યારે તે પુણ્યના પ્રભાવે એને ધર્મ માટેની બધી સામગ્રી મળશે પણ અનુબંધ પાપનો હોવાથી ધર્મમાં રૂચિ જ નહિ થાય. જુઓ આમાં બંધ અને અનુબંધને પકડજો. (૧) આખું વરસ ખાઈ ખાઈને ખડક્યું હોય તો ચોમાસામાં થોડું તપ-જપ કરશું એટલે શરીર ઉતરે. આમાં તપ કરવાથી બંધ પુણ્યનો પરંતુ ભાવના શરીર ઉતારવા માટે અનુબંધ પાપનો. પુણ્યનો બંધ ધારો કે સારૂ રૂપ આપે પણ પાપનો અનુબંધ તેની સાથે જ ઉદયમાં આવશે ને કદાચ વેશ્યા વડે ધકેલી દેશે. (૨) આ તો વેવાઈ બાજુમાં બેઠા હતા એટલે રૂા.૫૦૦૦/- લખાવ્યા બાકી હું તો પાંચ રૂપિયા પણ આપું નહિ. આમાં રૂા.૫૦૦૦/- નું દાન કર્યું એટલે બંધ પુણ્યોનો પણ આશયશુદ્ધિ ન હોવાને કારણે અનુબંધ પાપનો. આ પુણ્યનો બંધ કદાચ ભવિષ્યમાં ધનનું સુખ આપી શકે પરંતુ અનુબંધ ખોટો હોવાને કારણે એ ધન એને જુગારખાને કે દારૂખાને ઘસડી જાય. દાન દેતા પણ દાનમાં નહિ પણ પરિગ્રહમાં રસ વધુ હોય છે તેથી અશુભ અનુબંધ પડે છે. રૂચિમાં કે માન્યતામાં ફેરફાર વગર અનુબંધમાં ફેરફાર કરવાનું શક્ય નથી. ધાર્મિક ક્રિયા કરવા છતાં રૂચિ જો સંસારની જ હોય અને મોક્ષની ન હોય તો અનુબંધ સંસારનો જ પડશે. ક્રોધને દૂર કરવાની ભાવના કે પ્રયત્ન એટલે બંધ શુભ પરંતુ એ દોષ કેમ કાઢવો છે ? હાર્ટએટેક ન આવે માટે તેથી અનુબંધ અશુભ. ધાતુક્ષયથી પીડાતા દર્દીને બ્રહ્મચર્ય પાળવું પડે માટે... બંધ પુણ્યનો. પણ આશય શુદ્ધિ નથી માટે અનુબંધ પાપનો. જે સંસાર વૃદ્ધિનું કારણ બનશે. ધર્મક્રિયામાં જો કદાગ્રહ ભળી ગયો હોય તો સંસારનો અનુબંધ પડ્યા કરશે. જે તમને અનંત વર્ષો સુધી દુર્ગતિમાં ધકેલી દેશે. વર્ષો સુધી તપ કર્યો હોય પણ અંદરની ભાવના લોકોને દેખાડવાની, માન મેળવવાની, બદલો લેવાની, શરીર ઉતારવાની એવા અશુભ આશય હોય તો તે અનુબંધ ખોટો પડશે. તેથી એ પુણ્ય જ્યારે ઉદયમાં આવશે ત્યારે ભૌતિક સુખ આપશે પણ તેની સાથે જ ખોટો અનુબંધ હાજર થશે જ જે અહંકાર, ક્રોધ, માન, મદ કરાવશે જે સંસારવૃદ્ધિને દુર્ગતિના મહેમાન બનાવશે... માટે બંધ કરતા પણ અનુબંધથી ચેતો. એથી ઉલટું પાપનો બંધ પડ્યો હોય તો પણ ત્યારે જો અનુબંધ પુણ્યોનો પડે તો

જીવ બાજી જીતી જાય છે. અશુભ અનુબંધ પડે તો પાપની લીંક ચાલુ થાય છે. ને તેનું વિષચક્ર ચાલે.

**સ.૫૬ બંધ અનુબંધના ફળ એક વાર્તા દ્વારા સમજાવો.**

**જ.૫૬** પૂષ્કર દ્વિપના ભરતક્ષેત્રમાં કુસુમપુર નામના નગરમાં શ્રીકાંત તથા શ્રીકાંતા નામે પતિ-પત્ની રહે. બન્ને ખૂબ ધર્મિષ્ઠ શ્રાવક-શ્રાવિકા એટલે બન્નેને બંધ પુણ્યોનો પરંતુ બન્નેનો અનુબંધ અલગ. એકને પુણ્યનો અનુબંધ પડેલો ને બીજાને પાપનો. બંધ બન્નેનો પુણ્યનો હોવા છતાં અનુબંધ એકને ક્યાં લઈ ગયો ને બીજાને ક્યાં ? ? ? આ ભવ પૂર્ણ કરી શ્રીકાંત ગંધારપુર નગરનો રાજકુમાર વિજયસેન બન્યો ને શ્રીકાંતા રાજપૂરોહિતના દિકરા તરીકે જન્મી. તેનું નામ વિભાવસુ જે પૂર્વભવના સ્નેહના કારણે રાજકુમાર વિજયસેન અને વિભાવસુ (શ્રીકાંત ને શ્રીકાંતા) અતિ નીકટના મિત્ર બન્યા. નગરમાં વસંતોત્સવ ચાલી રહ્યો હતો. યુવાનોની જુદી જુદી ટોળીઓ વિચિત્ર વેષભૂષા કરી ગીત-ગાન-વાજીંત્રોના સુર સાથે નાચી રહ્યા હતા. રાજકુમાર વિજયસેન, વિભાવસુ ને તેના મિત્રો પણ નગરના મધ્યભાગમાં વસંતક્રીડા કરી રહ્યા હતા. ત્યાં એક ઘટના બની. નગરના એ મધ્યભાગમાંથી ધોબી યુવાનોની ટોળી ગાતી-નાચતી પસાર થવા લાગી. તે જોઈને વિભાવસુ બરાડી ઉઠ્યો, અરે નીચ હલકટ ધોબીડાઓ, તમે કેમ અહીંથી પસાર થાઓ છો ? જોતા નથી અહીં અમે રાજ પરિવારના યુવાનો નાચી રહ્યા છીએ ! ઉષદત્ત નામનો જવાન ધોબી બોલ્યો અમને ખબર નહિ આપ અહીં ખેલી રહ્યા છો. વિભાવસુએ કહ્યું શું તમારે આંખો નથી ધોબીડાઓ ? આંધળા છો ? ત્યારે ઉષદત્ત ધોબીએ જરા કડક અવાજે જવાબ આપ્યો કે, ''પણ નગર બહાર જવાનો આ જ તો રસ્તો છે, બીજે કયા રસ્તે બહાર જઈએ ?''... ''અલ્યા તારી જીભ લાંબી લાગે છે, લપ લપ બોલ્યે જાય છે.'' એમ કહી વિભાવસુએ (શ્રીકાંતાનો જીવ) રાજસૈનિકોને કહ્યું આ ઉષદત્તને મજબૂત દોરડાથી બાંધો. સૈનિકોએ ઉષદત્ત ધોબીને આખા શરીરને દોરડાથી કચકચાવીને બાંધ્યો, ત્યારબાદ વિભાવસુએ એક સળિયો તપાવ્યોને ઉષદત્તના શરીર પર ડામ દેવા લાગ્યો. ઉષદત્ત ચીસો પાડવા લાગ્યો. ''તું બચ્ચા આજ લાગનો છે.'' એમ કહીને ઉષદત્તના શરીરે ઉઠી આવેલા ફોલ્લા પર ખાર ભભરાવ્યો. ઉષદત્તની ચીસોથી ત્યાં ઉભેલા બધા કમકમી ઉઠ્યા, પણ વિભાવસુ ને બધા રાજકુમારના મિત્ર તરીકે ઓળખતા હતા એટલે કોણ છોડાવે ? વિભાવસુએ ઉષદત્તને

ખૂબ રંજાડીને કારાવાસમાં બંધ કરાવી દીધો. આ જ વખતે વિભાવસુએ કુતરાની પશુયોનિમાં જનમવાનું આયુષ્યકર્મ બાંધી લીધું હતું. હજી તો આ વાર્તાની શરૂઆત છે. આગળ હજી ઘણું છે પણ અહીંથી તમે બંધ-અનુબંધનો હિસાબ લગાવતા જાઓ. શ્રાવક-શ્રાવિકા, શ્રીકાંત અને શ્રીકાંતાનો બંધ જરૂર પુણ્યનો હશે તેથી તરત જ માનવભવ મળ્યો. એક રાજાનો દીકરો બન્યો, બીજો પણ શ્રીમંત પરિવારનો પુત્ર ને રાજકુમારનો મિત્ર... સ્ત્રીપણામાંથી પુરૂષપણું પામ્યો. આ બધું કોણે આપ્યું ? પુણ્યના બંધે... પણ સાથે સાથે જ અનુબંધ કેવો હશે ? પાપનો, મિથ્યાત્વનો... એ અનુબંધ આ બંધની સાથે જ પુંછડાની જેમ હાજર થયો. એ અનુબંધે શું આપ્યું ? જાતિ-મદ-અહંકા ને ક્રોધ... ને એને કારણે કુતરાની પશુયોનિમાં જવાનું કર્મ બાંધ્યું... ક્યાં ધર્મમય શ્રાવિકાનું જીવન, ક્યા સુખ વૈભવ પામેલો વિભાવસુ અને ક્યાં દુઃખમય કુતરાનું જીવન... તો સમજો... બંધના ઉદય વખતે નવું કર્મ કેવું બંધાશે તેની તાકાત અનુબંધમાં છે માટે અનુબંધમાં સજાગ રહો. હવે આગળની વાર્તા સાંભળો, તમારૂ હૃદય હચમચી જશે. થોડા જ મહિનાઓ પછી વિભાવસુ મૃત્યુ પામે છે. તેના મૃત્યુથી દુઃખી બનેલો રાજકુમાર કોઈક કેવલી ભગવંતને પુછે છે કે મારો મિત્ર વિભાવસુ મરીને કઈ ગતિમાં ઉત્પન્ન થયો છે ? એનો વિયોગ મને કેમ સંતાપે છે ? ત્યારે કેવલી ભગવંત કહે છે કે કુમાર, તારો ને વિભાવસુનો પૂર્વ જન્મનો ગાઢ પ્રેમસંબંધ હતો. પતિ-પત્નીનો સંબંધ હતો ! માટે તેનો વિયોગ તને સંતાપે છે. હે કુમાર... આ નગરમાં ઉષદત્ત નામના ધોબીને ત્યાં પાળેલી કુતરી છે તેના પેટે તારા મિત્રનો જીવ કુતરા તરીકે જન્મ્યો છે. કુતરો તોફાની હોવાથી અને અજાણ્યા માણસોને કરડતો હોવાથી ધોબી તેને મજબૂત દોરડાથી બાંધી રાખે છે. ખાવાનું પુરૂ આપતો નથી. કુતરાની પાસે બાંધેલા ગધેડાની વારંવાર લાતોથી અધમુઓ થઈ ગયો છે. પોતાની ગતજન્મની પત્ની અને આ જન્મના મિત્ર વિભાવસુના કુતરાના ભવની વાત સાંભળી રાજકુમાર વિજયસેનને તીવ્ર વૈરાગ્ય પેદા થયો. હવે મુલ્યાંકન કરો વિજયસેનના બંધ અને અનુબંધનું... શ્રાવકપણામાં કરેલા પુણ્યના બંધને કારણે રાજકુમારપણું, સુખ, વૈભવ, પંચાગપૂર્ણપણે મળ્યા અને અનુબંધ પણ શુભ હશે જેણે આટલી સુખસમૃદ્ધિમાં વૈરાગ્ય જગાવ્યો. એટલે સમજો અનુબંધનું મહત્ત્વ કેટલું છે. શ્રીકાંતને અનુબંધ એને ઉપર લઈ જશે જ્યારે શ્રીકાંતાનો અનુબંધ

એને નીચે લઈ જશે. હજી તો તમે જુઓ શ્રીકાંતાના અનુબંધે એક પછી એક દુર્ગતિની કેવી શ્રેણી સર્જે છે. એક કુતરાના ભવથી પતી નથી ગયું. વિજયસેન કેવળજ્ઞાનીને એના આગલા ભવ વિષે પૂછે છે, ત્યારે કેવળજ્ઞાની મુનિ કહે છે. હે કુમાર... વિભાવસુએ એવા ચીકણાં કર્મ બાંધ્યા છે કે આવી અનેક દુર્ગતિમાં એને જન્મવું પડશે. જેટલી તીવ્રતાથી એણે ઉષદત્તને ત્રાસ આપ્યો હતો એના કરતા હજારગણો ત્રાસ એણે સહેવો પડશે. (૧) થોડા દિવસમાં કુતરો મૃત્યુ પામી ઉષદત્તના ઘરે જે ગધેડી છે તેના પેટે ગધેડા તરીકે જન્મશે. ઉષદત્તને એ ગધેડો દીઠો નહીં ગમે ઉષદત્ત એને દંડાથી મારશે. પથ્થરથી મારશે. એના પર ખૂબ માલ ભરી એને દોડાવશે, નહીં દોડે, બેસી જશે તો ખૂબ મારશે. ભૂખ્યો તરસ્યો બાંધી રાખશે. એને ત્રાસપૂર્વક આયુષ્ય પૂર્ણ થતા પાછો આ જ નગરમાં જન્મશે. (૨) આ નગરમાં માતૃદત્ત નામનો ચંડાળ વસે છે. તેની પત્ની ઉષદત્ત ધોબીની સાથે વ્યભિચાર સેવતા ગર્ભવતી થશે. ગધેડાનો જીવ (શ્રીકાંતા-વિભાવસુ) તેના પેટે જન્મશે. નપુસંક હશે. અત્યંત કદરૂપો હશે. તેના માત-પિતાને દીઠો નહિ ગમે, કોઈનોય પ્રેમ નહિ મળે, તીરસ્કાર-અનાદર મળશે. ચંડાળ એને રોજ મારશે, ખૂબ ત્રાસ અનુભવશે, યુવાન થશે ત્યારે જંગલમાં ભાગી જશે. વૃક્ષ નીચે બેઠો હશે ત્યાં સિંહ એનો કોળિયો કરી જશે. પાછો એનો જીવ એ જ ચંડાલણીના પેટમાં પહોંચી જશે. (૩) ચંડાળની પુત્રી તરીકે જન્મશે. કોઈને નહીં ગમે. ચંડાલણી એને રોજ મારશે, પુરતુ ખાવાનું નહિ આપે. માંડ છ-સાત વરસની થશે ત્યાં ઉકરડામાં રમતી હશે ત્યારે લીલોછમ વિષધર કરડશે ને મૃત્યુ પામશે. જુઓ આ પાડેલા ખોટા અનુબંધ શ્રીકાંતાની શું દશા કરી છે. શ્રીકાંતાની જગ્યાએ તમારી જાતને મૂકીને જોજો. મેં તો આવા કેટલાય ખોટા અનુબંધ પાડ્યા હશે ને હજી પાડું છું. મારૂ શું થશે ? (૪) શ્રીકાંતાની તકલીફોનો હજી અંત નથી આવ્યો. ફરી પાછું એ જ ઉષદત્ત ધોબીનું ઘર... ધોબીની દત્તિકા નામની દાસીના પેટે ફરી નપુંસક તરીકે જન્મ, જન્મથી જ અંધ... ઉંમર વધશે પણ શરીર નહીં વધે. શરીર એક હાથનું રહેશે. ઠીંગણો, આંધળો, નપુંસક છોકરો કોને ગમે ? ઠોકરો ખાશે, જમીન પર પટકાશે, લોહી નીકળશે, રૂદન કરશે. આ રીતે જીવન જીવતા એક દિવસ આગમાં બળીને મરી જશે. (૫) પાછો એ જ દાસીના પેટે જન્મ. પગ વિનાની છોકરીના રૂપમાં જન્મ પીઠ ઘસડીને ચાલશે એટલે પીઠ સર્પી કહેવાશે. પેટ પૂરતું

ખાવા નહિ મળે. મા-બાપ રોજ મારશે. કડકડતી ઠંડીમાં રાતભર ઘરની બહાર રાખશે. એક દિવસ પીઠ ઘસડતી રાજમાર્ગ પરથી પસાર થતી હશે ત્યારે એક ઉન્મત્ત હાથી દોડતો આવશે એને કચડી નાખશે. (૬) મરીને પાછી ઉષદત્તની પત્ની જનીકા ધોબણના પેટે પુત્રીરૂપે જન્મશે. પારાવાર દુઃખ, ત્રાસ, વેદનાઓ સહેતી મોટી થશે. હજી યૌવનનો પ્રારંભ પણ નહિ થયો હોય ત્યાં ધોબી એને અતિ દરિદ્ર યુવક સાથે પરણાવી દેશે. ગર્ભવતી થશે, પ્રસુતી સમયે મૃત્યુ પામશે. (૭) ફરી એ જ ધોબણના પેટે પુત્રરૂપે જન્મશે. હવે એના પાપકર્મ ઘણા ભોગવાઈ જશે એટલે માત-પિતાનો થોડો સ્નેહ મળશે. પણ આયુષ્ય ટૂંકું હશે. નદી કિનારે રમતો હશે ત્યારે તેના પિતાનો શત્રુ તેના ગળે પથ્થર બાંધી નદીના ઉંડા પ્રવાહમાં ફેંકી દેશે. જોયું આ ખોટા અનુબંધે શ્રીકાંતાને કેવા કર્મ બંધાવ્યા... નીચગોત્ર કર્મ, દુર્ભાગ્ય નામ કર્મ, અપયશ નામ કર્મ, આનાદેય કર્મ, દુઃસ્વર નામ કર્મ, અંતરાય કર્મ વગેરે અનેક પાપ કર્મ બાંધી લીધા. હવે તમને સમજમાં આવ્યું કે જ્યારે બંધનો ઉદય થશે ત્યારે અનુબંધ પૂછડાની જેમ એની સાથે જ આવશે... તે બંધના ઉદય વખતે નવું કર્મ કેવું બંધાવવુ તે તાકાત અનુબંધમાં છે. માટે અનુબંધને શુદ્ધ કરો. માન્યતાને બદલો જિનાજ્ઞા સાથે મેચ કરો. સમજી લો કે મેં ઉપધાન કર્યા બંધપુન્યનો - પણ તેમાંય જગ્યા અનુકૂળ મળી તો રાગ નહિ તો દ્વેષ બાજુનુ વ્યક્તિ બરાબર મળ્યું તો રાગ નહિ તો દ્વેષ કોઈ મળવા આવ્યું તો સુખ નહિ તો દુઃખ કોઈ એ શાતા પૂછી તો સુખ નહિ તો દુઃખ, ગુરૂ, ગુરૂણી કે વૈયાવચ્ચવાળાએ બરાબર ધ્યાન રાખ્યું તો સુખ નહિ તો દુઃખ. આવા રાગ-દ્વેષમાં રમતા આપણે બંધ ભલે પુણ્યનો પાડીએ પણ અનુબંધ પાપનો પડે છે. જે વિભાવસુ જેવી દશા કરી નાખે છે. માટે જ જ્ઞાનીઓ આવી ક્રિયાને ગરલ ક્રિયા, વિષ ક્રિયા કહે છે. જે થોડું પુન્યફળ આપે છે. પણ અનંતગણું પાપનું ફળ આપે છે. પાછો એ પાપનો ગુણાકાર થયા કરે છે. તમે જુઓ વિભાવસુએ તો બે-ચાર કલાક સુધી ઉષદત્તને સંતાપ્યો હતો, માર્યો હતો પણ ઉષદત્ત દ્વારા કેટલાય ભવો સુધી માર ખાશે. નવ નવ ભવ સુધી દારૂણ દુઃખ આપે છે. તે પછી વ્યંતર દેવનો ભવ થશે તે પછી મનુષ્ય જન્મ પામી પાછો પશુયોનિમાંય જશે. નરકમાંયે જશે. આમ હજારો ભવ સંસારમાં ભટકશે. છેવટે આ જ ગંધાર દેશનો રાજા બનશે. સંસાર સુખ પ્રત્યે વિરક્ત થઈ મુક્તિ પામશે. આ બાજું શ્રીકાંતનું મુલ્યાંકન

કરો... બંધ તો બન્નેના શુભ હતા... પણ આનો અનુબંધ પણ શુભ હોવાને કારણે એને કેવળી ભગવંતનો સંયોગ મળ્યો... વિભાવસુના ભવોનું વર્ણન સાંભળી એ વિચારે છે કે ગૃહવાસમાં કષાય થઈ જતા વાર ના લાગે. ગઈકાલે મારા મિત્રે કષાય પરવશ થઈ મોટી ભૂલ કરી આવતીકાલે હું પણ કષાયાધીન બની આવી કે બીજી મોટી ભૂલ કરી બેસું તો ? મારી પણ એ જ દુર્ગતિ થાય, મારે મારા કષાયોને કાઢવા છે તેના ઉપર વિજય મેળવવો હોય તો મારે ગૃહવાસ છોડી જ્ઞાન-ધ્યાનમાં લીન થવું જોઈએ. મારો આત્મા જાગી ગયો છે. મારામાં તીવ્ર વૈરાગ્ય જન્માવી દીધો છે. કેવળજ્ઞાની ગુરૂએ વિભાવસુની ભવયાત્રા બતાવી મારા પર અનંત ઉપકાર કર્યો છે. તેથી હું સંયમનો સ્વીકાર કરી આત્મકલ્યાણ કરીશ. હવે જુઓ પુણ્યના બંધ બન્નેને ખાનદાન ઘરમાં જન્મ, સુખવૈભવ, ઉત્તમ ચરિત્રવાળા માત-પિતા, સુંદર રૂપ, નિરોગી શરીર, કોઈ બંધન નહિ, પરાધીનતા નહિ, લોકોમાં માન-સન્માન આપ્યું જ્યારે બંધની સાથે જ હાજર થયેલા અનુબંધે એકને દુર્ગતિના ભવોની હારમાળા જ્યારે બીજાને આશય શુદ્ધિવાળા અનુબંધે આપી મોક્ષમાળા.

**સ.૫૭ જૈન શાસ્ત્રકારોએ લોક કોને કહ્યું છે ? તે કેવડું છે ? તેનો આકાર કેવો છે ?**

**જ.૫૭** આખી જીવસૃષ્ટિના નિવાસ સ્થાનને જૈન શાસ્ત્રકારોએ લોક કહ્યું છે. તે 'ચૌદ રાજલોક' પ્રમાણ છે. તેનો આકાર બે પગ પહોળા કરી, કમ્મર પર હાથ રાખી, ઉભા રહેલા પુરૂષના આકાર જેવો ચૌદ રાજલોકનો આકાર છે.

**સ.૫૮ આ 'રાજલોક' શું છે ? તે કેવડું મોટું છે ?**

**જ.૫૮** જૈન ગણિતમાં એક પ્રકારના માપને 'રાજલોક' કહેવાય છે તેનું પ્રમાણ ઘણું મોટું છે. તેને આપણે શ્રદ્ધાથી સ્વીકારવું જોઈએ. કારણકે એક રાજલોક બરાબર અસંખ્ય ક્રોડાક્રોડી યોજન પ્રમાણ છે. આપણા શાસ્ત્રમાં રાજલોકનું પ્રમાણ દેવની શક્તિના ઉદાહરણથી બતાવ્યું છે. (૧) એક આંખના પલકારામાં એક લાખ યોજનની ગતિ કરનારો દેવ, છ મહિનામાં જેટલો રસ્તો કાપે તેટલી લંબાઈ એક 'રાજ' કહેવાય છે. અથવા તો (૨) કોઈ દેવ ૩,૮૧,૨૭,૯૭૦ મણ (૧ મણ એટલે ૨૦ કીલો) વજનવાળા લોખંડના નક્કર ગોળાને પોતાની પુરી શક્તિથી ઘુમાવીને ફેંકે અને તે ગોળો છ મહિના સુધી પડતો પડતો જ્યાં સુધી

જાય ત્યાં સુધીના માપને એક 'રાજ' કહેવાય. એવા ચૌદ રાજલોક પ્રમાણ આ વિશ્વ છે.

**સ.૫૯ આ 'લોક' ક્યાં આવેલો છે ? મેરૂ પર્વત ક્યાં છે ?**

**જ.૫૯** અલોકની મધ્યમાં લોક રહેલો છે. લોકની મધ્યમાં ત્રસનાડી છે. તે એકરાજ પહોળી ને ચૌદરાજ લાંબી છે. આ ત્રસનાડીની મધ્યમાં તિર્ચ્છાલોક છે. તિર્ચ્છાલોકની મધ્યમાં મનુષ્યલોક છે ને મનુષ્યલોકમાં જંબુદ્વીપની મધ્યમાં મેરૂપર્વત છે.

**સ.૬૦ શું આ 'ત્રસનાડી'માં જ આ બધા જીવ રહેલા છે ? તેની બાહર કોઈ જીવ નથી ?**

**જ.૬૦** જીવ બે પ્રકારના છે. ત્રસ અને સ્થાવર. પોતાની ઈચ્છા પ્રમાણે હલન-ચલન કરનારા ત્રસજીવો છે અને એક જ સ્થાન પર રહેનારા વૃક્ષ વિગેરે સ્થાવર જીવો છે. આ 'ત્રસનાડી'માં ત્રસ અને સ્થાવર બન્ને પ્રકારના જીવો રહેલા છે. કોઈપણ ત્રસ જીવ ત્રસનાડીની બહાર નથી.

**સ.૬૧ આ લોકાકાશના કેટલા ભાગ છે ? કયા કયા ?**

**જ.૬૧** આ લોકાકાશના ત્રણ ભાગ છે. ઉર્ધ્વલોક, તિર્ચ્છાલોક અથવા મધ્યલોક અને અધોલોક. ઉર્ધ્વલોકની ઉંચાઈ સાતરાજમાં ૧૮૦૦ યોજન ઓછી, તિર્ચ્છાલોક ૧૮૦૦ યોજન અને અધોલોક સાતરાજ ઉંચાઈવાળો છે. આમ ત્રણે લોક મળીને ચૌદરાજલોક ઉંચાઈ છે.

**સ.૬૨ આ તિર્ચ્છાલોક કેટલા વિસ્તારવાળો છે ? અત્યારે આપણે ક્યાં રહીએ છીએ ?**

**જ.૬૨** આ તિર્ચ્છાલોક એક રજુપ્રમાણ વિસ્તારવાળો છે. તેમાં એક દ્વીપ, એક સમુદ્ર, એક દ્વીપ, એક સમુદ્ર એમ ક્રમથી દ્વીપ સમુદ્ર છે. સૌથી પ્રથમ દ્વીપ છે તેને જંબુદ્વીપ કહેવાય છે. આ દ્વીપ એક લાખ યોજન લાંબો-પહોળો ને જાડો છે. તેને દ્વીપ એટલા માટે કહેવાય છે કે એની આસપાસ ચારે તરફ ચુડીના આકારનો લવણ નામનો સમુદ્ર છે. આ જંબુદ્વીપમાં એક પર્વત એક ક્ષેત્ર અને એક પર્વતનો ક્રમ છે. આવા છ કુલગિરી પર્વત છે. જેને વર્ષધરૂ પર્વત પણ કહેવાય છે. આ પર્વતને કારણે જંબુદ્વીપ અનેક ભાગોમાં વહેંચાઈ જાય છે. તેમાં ત્રણ કર્મભૂમિ અને છ અકર્મભૂમિઓ છે. કર્મભૂમિમાં ભરતક્ષેત્ર, મહાવિદેહક્ષેત્ર અને ઐરાવતક્ષેત્ર છે. આમાંના ભરતક્ષેત્રમાં અત્યારે આપણે રહીએ છીએ. આ એક ક્ષેત્ર પાર કરીને બીજા ક્ષેત્રમાં જવું મનુષ્ય માટે સંભવ નથી. આ વર્ષધર પર્વત એટલા મોટા પણ છે ને શાશ્વત પણ છે. જંબુદ્વીપની

બરાબર મધ્યમાં મેરૂ પર્વત છે. જેનાથી જંબુદ્વીપની મધ્યમાં રહેલા મહાવિદેહ ક્ષેત્ર બે વિભાગમાં વિભાજીત થઈ ગયું છે.

**સ.૬૩ મેરૂપર્વત કેવો છે ? કેવડો છે ? તેનું નામ મેરૂપર્વત કેમ પડ્યું ?**

જ.૬૩ મંદરદેવના નામથી આ પર્વતનું નામ મેરૂ પર્વત પડ્યું છે. મંદરદેવ એમના અધિષ્ઠાયક છે. આ સંપૂર્ણ પર્વત સોનાનો એક લાખ યોજન ઉંચાઈવાળો ત્રણ કાંડવાળો છે. (કાંડ એટલે ભાગ) તેનો ૧૦૦૦ યોજનનો ભાગ ભૂમિમાં રત્નપ્રભા નામની પહેલી નારકીમાં દબાયેલો છે. ૯૯,૦૦૦ યોજન બહાર છે. પૃથ્વી પર એનો વિસ્તાર દસ હજાર યોજન છે ઘટતો ઘટતો ઉપર ટોચ સુધી ૧૦૦૦ યોજન રહી જાય છે. તેના પછી ચાલીસ યોજનની ઉંચાઈવાળી ચુલિકા છે. આ પર્વત જ્યાં ભૂમિમાંથી બહાર આવે છે તે મેરૂપર્વતની તળેટીને સમભૂતલા પૃથ્વી કહે છે. જેમ આપણે ઉંચાઈનું માપ Sea Level થી ગણીએ છીએ તેમ જૈન જગતનું સંપૂર્ણ ગણિત-માપ-આ સમભૂતલા પૃથ્વીથી ગણાય છે.

**સ.૬૪ મેરૂ પર્વતના ત્રણેય કાંડ (ભાગ) સમજાવો તેને સ્નાત્રમાં જે ત્રિગડું મુકીએ છીએ તેની સાથે શું સંબંધ છે ?**

જ.૬૪ મેરૂ પર્વત એકહજાર યોજન જમીનમાં છે. તે ભાગને કન્દ કહેવાય છે. આ પર્વત જ્યાં ભૂમિમાંથી બહાર આવે છે ત્યાં ભદ્રસાલ નામનું વન છે (૧) આ ભદ્રસાલ તળેટીથી પાંચસો યોજન ઉપર જઈએ તો નંદનવન આવે છે. આ પહેલો ભાગ કહેવાય છે. આ પહેલો કાંડ માટી-પત્થર-વજ્રરત્ન-કાંકરાનો બનેલો છે. (૨) બીજો ભાગ નંદનવનથી ૬૨,૫૦૦ યોજન ઉપર જવાથી સોમનસ નામે વન આવે છે તે છે. આ બીજા કાંડમાં સ્ફૂટિક રત્ન, એકરત્ન, ચાંદી અને સુવર્ણ આ ચારેય વસ્તુની અધિકતા છે. (૩) સોમનસ વનથી છત્રીસ હજાર યોજન ઉપર જઈએ તો પાડુંકવન આવે છે. આ ત્રીજા કાંડમાં જંબૂનાદ સુવર્ણ અધિકમાત્રામાં છે. આનાથી ઉપર ચૂલિકા છે એટલે કે ચોટીનો ભાગ છે. ને પાંડુક વનની મધ્યભાગમાં છે. તીર્થંકર ભગવાનનો જન્મ મહોત્સવ મેરૂપર્વતના પાંડુકવનમાં થાય છે. પાંડુકવનમાં ચારે દિશામાં ચારે અભિષેક શિલાઓ છે. તેના ઉપર સિંહાસન છે. આ સિંહાસન પર પ્રભુના જન્મસમયે ચોસઠ ઈન્દ્ર મળીને જન્માભિષેક મહોત્સવ કરે છે. સ્નાત્ર માટેનું ત્રિગડું- તે મેરૂપર્વતના ત્રણેય ભાગનું પ્રતિનિધિત્વ કરે છે.

**સ.૬૫ શું કોઈ ક્ષેત્ર આપણા વિચારો પર અસર કરી શકે છે ?**

જ.૬૫ હા... ચોક્કસ કરે છે. પવિત્રભૂમિ પર જવાથી. તીર્થક્ષેત્ર જેવી પવિત્ર ભૂમિ પર વિચારોમાં શુદ્ધિ આવે છે. જ્યારે સિનેમા, થિયેટર, હોટલ, બાર જેવી અપવિત્ર ભૂમિ પર જવાથી વિચારોમાં વિકૃતિ આવે છે. દા.ત. શ્રવણ... માતપિતાનો અનન્ય ભક્ત હતો. પોતાના વૃદ્ધ અંધ માતપિતાને કાવડમાં બેસાડી પોતાના ખભા ઉપર ઉચકી અડસઠ તીર્થોની યાત્રા કરાવવા માટે નીકળી પડ્યો. શ્રવણે પોતાના માતપિતાની સાથે દંડક અરણ્યમાં પ્રવેશ કર્યો ને તેના વિચારોમાં પરિવર્તન આવ્યું. તેણે કાવડ નીચે મૂકી અને માત-પિતાને કહ્યું : ''હું તમારો નોકર નથી, કે તમને ખભા પર લઈને ચાલું, આ જ સુધી તમને મેં ખભા પર ઉંચકી ફેરવ્યા તેનું મહેનતાણું આપો, પછી જ હું આગળ ચાલીશ.'' અનુભવી માત-પિતાએ ભક્તિવાન પુત્રના વિચારોનું પરિવર્તન જાણીને કહ્યું : ''બેટા તારી વાત સાચી છે. પરંતુ આ દંડક અરણ્યમાં અમે રૂપિયા ક્યાંથી લાવીએ ? તું આ જંગલ પાર કરાવી આપ પછી અમે તારા બધા રૂપિયા ચુકવી દેશું.'' શ્રવણે પિતાની વાત માની જંગલ પાર કરાવ્યું... ફરીથી તેના વિચારોમાં પરિવર્તન આવ્યું. ''અરે... હું કેવો નાલાયક પુત્ર છું કે અંધ માત-પિતા પાસે રૂપિયા માંગ્યા... તે જ ક્ષણે માત-પિતાના ચરણોમાં પડીને પોતાના અપરાધની ક્ષમા માંગી.'' આ બધો પ્રભાવ ભૂમિનો-ક્ષેત્રનો છે. જેમ ભૂમિની અસર છે તેમ તમારી આસપાસ રહેલા લોકોના વિચારો તથા તેમના આભામંડળની અસર પણ તમારા વિચારો પર પડે છે - માટે જ સદ્‌ભૂમિમાં રહેવું ને સજ્જનનો સંગ કરવો.

**સ. ૬૬ આપણા જૈન ધર્મમાં કેમ આટલા પંથ પડી ગયા ? કોની વાત સાચી માનવી ?**

જ. ૬૬ અત્યારે આ કાળમાં કોઈ કેવળજ્ઞાની વિહરમાન ન હોવાથી આ વાત સાચી જ છે કે ખોટી જ છે તેનો નિર્ણય આપણે લઈ શકીએ નહિ. એક નાનકડી વાત દ્વારા આ વાતને સમજો... એક ઘરમાં એક સાસુ હતા. અને તેને ત્રણ વહુઓ હતી. સાસુએ વહુને કહ્યું કે ''માણસ જોઈને કચરો નાખજે.'' સાસુ તો સ્વર્ગે સિધાયા. ત્રણે વહુઓ પોતપોતાની રીતે આ વાતને અનુસરવા લાગી. એક વહુ કોઈ માણસ આવતું હોય તે જોઈને કચરો નાખતી...તો બીજી વહુ કોઈ માણસ જતું હોય તે જોઈને કચરો નાખતી... તો ત્રીજી વહુ કોઈ માણસ આવતું-જતું ન હોય તે જોઈને કચરો નાખતી... ત્રણે કહેતી કે હું જ સાચી છું મારી સાસુ કહીને ગયા એમજ હું કરૂં છું. મારી સાસુએ જ કહ્યું છે કે ''માણસ

જોઈને કચરો નાખજે.'' આમ એક જ વાક્યને ત્રણ રીતે લેનારાના ત્રણ જૂથ પડી ગયા. કારણ કે કોણ સાચું ને કોણ ખોટું તે કહેવાવાળી સાસુ તો હયાત હતા નહીં... બસ આમ જ ઉતરતા કાળે મહાવીરના ગણધરોના વાક્ય યથાર્થ રીતે ન સમજાયા... જેને જે રીતે સમજાયા એને એ રીતે અપનાવ્યા. આમ એક જ વસ્તુને અલગ અલગ રીતે માનવાવાળાના અલગ અલગ જૂથ પડી ગયા. દરેક જૂથ એમ માને છે કે અમે જ સાચા છીએ. હવે કોઈ કેવલી તો છે નહિ કે તમને સમજાવી શકે કે કોણ સાચું છે. એટલે જુદી જુદી માન્યતાવાળા જૂથો વચ્ચે વાદ-વિવાદ અને ચર્ચાઓ ચાલુ થઈ... ધર્મ એક ચર્ચાનો વિષય બની ગયો. (જે બિલ્કુલ ન હોવો જોઈએ) પોતાના જૂથ ઉપર રાગ અને બીજાના જૂથ ઉપર દ્વેષ ચાલુ થયા જે રાગ દેષને જીતવા માટે ધર્મ છે તે ધર્મના નામેજ રાગદ્વેષ ચાલુ થયા. (મહાવીરે કહેલું ''આત્મધર્મ'' ચારણીએ ચળાશે એ વાત સત્યપણે દેખાઈ રહી છે) માટે શાણપણ એમાં જ છે કે દિગમ્બરની માન્યતા સાચી છે કે, શ્વેતાંબરની કે સ્થાનકવાસીની.. એ પળોજણમાં પડ્યા વગર, આ હેતુ વગરની ચર્ચામાં પડ્યા વગર, આપણા આત્મનો ઉધ્ધાર આપણે કેવી રીતે કરવો... બહુ ટૂંકી જીંદગી મળી છે તેમાં આત્મસાધના કેવી રીતે કરી લેવી... રાગદ્વેષને ચાર કષાયોથી પાછા કેમ હઠવું તે જ આત્મસાત કરી લેવા જેવું છે.

**સ. ૬૭ ફક્ત આપણા આત્માનું જ વિચારવું તે સ્વાર્થીપણું નથી ?**

જ. ૬૭ જરા ઉંડાણથી વિચારો તો ખબર પડશે કે આપણા આત્માનું વિચારીને આપણે પ્રત્યક્ષ અને પરોક્ષરૂપે કેટલો બધો પરઉપકાર કરીએ છીએ, જ્યારે તમે પોતે પુરૂષાર્થ કરીને રાગદ્વેષમાંથી બહાર નીકળશો તો તમારા નિમિત્તે તમારા પર જેને જેને રાગદ્વેષ થતા હશે કે થવાના હશે, તેના રાગદ્વેષ પણ મોળા પડી જશે. કારણ કે જ્યારે સામેલો દ્વેષ કરશે, ત્યારે સામેથી તમારા તરફથી સહકાર નહી મળે તો તે ક્યાં સુધી તમારા પર દ્વેષ કર્યા કરશે ? પાંચ-પચ્ચીસ વરસ કે પાંચ-પચ્ચીસ ભવ... પછી તો તે તમારી સાથેના રાગદ્વેષના સંબંધથી મુક્ત થઇ જશે. આમ તમે પોતે રાગદ્વેષથી મુક્ત થઈને સંબંધથી મુક્ત થઈને કેટલાય જીવોને તમે તમારી સાથેના રાગદ્વેષથી મુક્ત કરો છો. આ શું પ્રત્યક્ષ પરોપકાર નથી? અને અગર તમે સંપૂર્ણ રાગદ્વેષથી મુક્ત થઈ ગયા તો તમારા પછીના કેટલાયને રાગદ્વેષથી મુક્ત થવાનો રાહ બતાવીને શું તમે પરોક્ષ પરોપકાર નથી કરતા? મહાવીરે પણ

આતમખોજ પોતે એકલાએજ આરંભી હતી. તો શું તમે મહાવીરને સ્વાર્થી કહેશો ? પોતે એકલાએ આરંભેલી સાધના જ્યારે ફળીભૂત થઈ ત્યારે અનેકોને માર્ગ બતાવી એમણે કેટલો બધો પરોપકાર કર્યો !!! તમારે શિક્ષક બનીને બીજાને શીખવવું હશે તો પહેલાતો તમારે એકલાએ જ ભણવું પડશે ને ? હવે સમજાઈ ગયું હશે કે આપણા આત્માનું વિચારવું તે સ્વાર્થીપણું નહી પરંતુ પરંપરાએ પરોપકારપણું છે.

**સ. ૬૮ મહાવીરની સામે કોઈ બે માણસ એકબીજાને મારી નાખવાનો પ્રયત્ન કરતા હોય કે કોઈ એક પ્રાણીને મારતું હોય તો મહાવીર બચાવવા જાય કે નહિ ? (ઘણા કહે છે કે જૈનોના ભગવાન તો કેવા કહેવાય એમનામાં આટલીએ જીવદયા નથી ?)**

જ. ૬૮ આપણે બધા પાંચમા આરાના વક્ર અને જડબુદ્ધિવાળા માણસો, માટે આપણને આવા સવાલ થવાના જ કારણ કે આપણે મહાવીરનું મુલ્યાંકન મહાવીરની આપણી કક્ષા સુધી નીચે ઉતારીને કરીએ છીએ. બે-ત્રણ દૃષ્ટિથી આ સવાલનું સમાધાન કરીએ.

કોઈપણ માનવવિશેષ જ્યારે તીર્થંકરના ભવ સુધી પહોંચે છે, તેના આગળના ત્રીજા ભવે સવિ જીવ કરૂં શાસન રસીની ઉત્કૃષ્ટ ભાવના એમના હૃદયમાં પરિણમે છે. એટલે કે દરેક દરેક જીવ પ્રત્યે અત્યંત કરૂણાને મૈત્રીનો ભાવ. દરેકે દરેકે જીવને સંસાર સાગરથી તારવાનો - સંપૂર્ણ દુઃખ મુક્ત કરવાનો ભાવ પરિણમે છે. આ ભાવ ઉત્કૃષ્ટ બનતાં બનતાં તીર્થંકરના ભવમાં એ કક્ષાએ આ ભાવનાના તરંગો વિસ્તરે છે, એ કક્ષાએ આ ભાવનું આભામંડળ રચાય છે કે તે યોજનો સુધી વિસ્તરે છે. તે આભામંડળમાં પ્રવેશ પામતાં કોઈપણ જીવ પછી તે મનુષ્ય હોય કે પશુ-પક્ષી હોય સર્વ જીવો પોતાનું વેર ભૂલી જાય છે. એમની કરૂણાના મૈત્રીના વાઈબ્રેશન તરંગો જ એટલા જોરદાર હોય છે કે એમની સામે આવતા, મનુષ્યો કે પશુ-પક્ષીઓમાં એકબીજાને મારવાની ભાવના જ પેદા થાય નહીં. પણ આપણે તો આપણી કક્ષાએ મહાવીરનું મૂલ્યાંકન કરીએ છીએ. તમારામાં મારામાં કે આપણામાં એવી કોઈ વિશિષ્ટ શક્તિ તો છે નહિ કે આપણી સાનિધ્યમાં આવતાં કોઈ પોતાનું વેર ભૂલી જાય... રાગદ્વેષથી ભરેલા આપણે તો દ્વંદમાં જીવી રહ્યાં છીએ... એક પર દયા કરીએ તો બીજા પર ક્રુરતા કરીએ છીએ. ઉંદરને મોંમા પકડીને લઈ જતી બિલાડી પાસેથી ઉંદર પર દયા કરીતેને બચાવવા માટે બિલાડી પર છૂટ્ટો પથ્થર કે લાકડું ફેંકી ક્રુરતા

આચરીએ છીએ. આપણી કક્ષાના જીવો આવું જ કરવાના. કોઈ ભવમાં મહાવીરનો જીવ આપણી કક્ષાએ હશે ત્યારે કદાચ એ પણ એવું જ કરતા હશે... જેવું આપણે આજે કરીએ છીએ... ને પાછું મનમાં હું પદ કરીએ છીએ કે મેં જીવને બચાવ્યો. મેં આ બંનેને ઝગડતા અટકાવ્યા... અરે ભાઈ...મેં, મેં, ને હું, હું વાળા આપણી કક્ષા ક્યાં અને મહાવીરની કક્ષા ક્યાં ? અરે...જેણે જન્મતાં જ પગના અંગૂઠા વડે મેરૂ પર્વતને ધ્રુજવી દીધો હતો. તેને તમારીને મારી જેમ મનુષ્યને પ્રાણીઓની નજીક જઈ તેને છોડાવવા જવું પડે ? અરે તેના કરૂણામય, મૈત્રીમય તરંગોમાં પ્રવેશતાં જ મનુષ્યોને પ્રાણીઓ અરે જીવમાત્ર એકબીજાને પ્રેમ કરવા લાગે... મૈત્રીમય બની જાય.

હવે જરા આનાથી આગળ વધીને વિચારીએ કે તમે કે હું કદાચ કોઈને છોડાવશું કે બચાવશું તો ટેમ્પરરી હશે. થોડા સમય માટેનું હશે... થોડા સમય પછી પાછા એ બે જીવ ક્યાંય મળશે તો પૂર્વના વેર ને કારણે મારવાના કે ઝગડવાના જ છે. એમને પરમેનન્ટ વેરમાંથી મુક્તિ તમે કે હું નથી અપાવી શકાવાના અરે... આપણે પોતે જ પરમેનન્ટ વેરમાંથી મુક્તિ નથી પામ્યા તો બીજાને શું અપાવી શકવાના હતા ? જ્યારે...મહાવીરે તો આ વેરનું મૂળ ક્યાં છે તે શોધવાનો પ્રયત્ન કર્યો. મનના-અંતરમનના-ચિત્તના કયા ખૂણેથી આ રાગ-દ્વેષનો આરંભ થાય છે. તે પોતાની સાધના દ્વારા શોધી કાઢ્યું. આ આરંભ સ્થાન પર કઈ રીતે રોક લગાવવી, અનાદિના આ રાગદ્વેષ જગાવવાના સ્વભાવને કેવી રીતે પલટવો... તે સાધના દ્વારા શોધી કાઢ્યું. વર્ષોની સાધના દ્વારા જે અનુભવ જ્ઞાન પ્રાપ્ત થયું તે જ્ઞાન લોકોને વહેંચ્યું... લોકોને એ દુઃખમુક્તિનો માર્ગ બતાવ્યો. જે માર્ગ પર ચાલીને લોકો પોતાના ભવોભવના વેર ભૂલી જાય... રાગ-દ્વેષથી મુક્ત થઈ જાય. તો દુઃખથી મુક્તિ મળી જાય... પરમેનન્ટ સુખ મળી જાય. હવે તમે મને કહો કે કોઈને મારતા-ઝઘડતા છોડાવનાર તમે વધારે કરૂણામય કે કાયમ મારવા ઝઘડવાનું છૂટી જાય એ માર્ગ બતાવનાર મહાવીર વધારે કરૂણામય ? કોઈ બેકારને ૧૦૦-૨૦૦ રૂ. નું દાન આપી દેનાર વધારે ઉપકારી કે તે બેકારને કાયમી નોકરી અપાવનાર વધારે ઉપકારી ? કોઈ વ્યક્તિ મેડિકલમાં અભ્યાસ કરી રહ્યું છે, છેલ્લા વરસમાં છે. છતાં પણ કોઈપણ વ્યક્તિ મરતું હશે તો પણ તે તેનું ઓપરેશન કરશે ? ડીગ્રી મેળવ્યા પહેલા ને પ્રેક્ટીશ કર્યા પહેલા તે જાણતો હશે, તો પણ

ઓપરેશન કરશે? તો તમે એમ કહેશો કે આ ડોક્ટર કરતાં તો અમે સારા... જરા સમજો સાધનાકાળ દરમ્યાન તીર્થંકરો મૌન હોય છે. કેવળજ્ઞાન થયા પહેલા, સર્વજ્ઞ બન્યા પહેલા મોઢું નથી ખોલતા... આપણી હાલત તો ખાલી ચણો વાગે ઘણો, જેવી છે. આપણી કક્ષા સુધી નીચે ઉતારીને મહાવીરનું મુલ્યાંકન ન થાય.

**સ. ૬૯ જેમ ભવિતવ્યતા નક્કી થઈ છે ને જેમ જ્ઞાનીના જાણમાં આવ્યું છે તેમજ થવાનું છે તો પુરૂષાર્થ કરીને શું કામ છે?**

જ. ૬૯ કાંઈ જ ન કરવું એજ સૌથી મોટો પુરૂષાર્થ છે. જેમ ભવિતવ્યતા હશે તેમજ થશે. મારે આજથી કાંઈ જ પુરૂષાર્થ કરવો નથી. એમ વિચારીને બેસી જાવ, ન ખાવું છે. ન પીવું છે. ન હાલવું છે. ન ચાલવું છે, ન ગાવું છે. ન દેરાસર જવું છે. ન પિક્ચર જોવા જવું છે. મારે કાંઈ જ (પુરૂષાર્થ) નથી કરવો કેમ કે જેમ ભવિતવ્યતા હશે તેમ થશે. જો કોઈ આ પ્રકારે સ્થિર થઈ જાય. તો શું એ સૌથી મોટામાં મોટો પુરૂષાર્થ નથી? શું આ પ્રમાણે કરવું સહેલું છે? પુરૂષાર્થ કરવાની જરૂર નથી. એમ કહેવાવાળા શું આ રીતે સર્વ પ્રકારે પુરૂષાર્થ છોડવાની ક્ષમતા ધરાવે છે? ના... મેં પહેલા કીધું તેમ આપણે પાંચમા આરાના વક્ર અને જડ બુદ્ધિવાળા માણસો પુરૂષાર્થનો મતલબ એટલો જ સમજીએ છીએ કે ધર્મ માટે, મોક્ષ માટે, કાંઈ કરવું તે જ પુરૂષાર્થ છે... અરે ભાઈ સાંસારિક ક્રિયાઓ જે કાંઈ કરો છો તે પણ પુરૂષાર્થ જ છે... ધર્મ માટે કાંઈ કરવું તે સવળો પુરૂષાર્થ છે તો સંસાર માટે કાંઈ કરવું તે અવળો પુરૂષાર્થ છે. પણ છે તો પુરૂષાર્થ જ. કમાવા જવું તે ય પુરૂષાર્થ તો ભીખ માંગવી તે પણ પુરૂષાર્થ, ઉંઘવું એય પુરૂષાર્થ, જાગવું તેય પુરૂષાર્થ જો તું સર્વ પ્રકારનો પુરૂષાર્થ છોડી શકતો હોય તો આજ ઘડીથી છોડી દે... તો તે તારો સૌથી મહાન પુરૂષાર્થ ગણાશે.

પુરૂષાર્થ એ શું છે? પ્રારબ્ધ એ શું છે? જે કાંઈ પુરૂષાર્થ ભૂતકાળમાં કર્યો તે આજનું વર્તમાનનું પ્રારબ્ધ છે. જે કાંઈ પુરૂષાર્થ વર્તમાનમાં કરી રહ્યો છે તે જ ભવિષ્યનું પ્રારબ્ધ છે. જ્ઞાનીના જ્ઞાનમાં એજ જણાય છે જે થવાનું જ છે. તારો પુરૂષાર્થ પણ એજ રીતના થશે કે જે કાંઈ થવાનું છે. માટે જ તો કહ્યું છે કે **''હું કરૂં હું કરૂં એજ અજ્ઞાનતા, શકટનો ભાર જ્યમ શ્વાન તાણે.''**

બીજી એક વસ્તુ ખાસ ધ્યાનમાં રાખૌ કે જ્યારે કાંઈપણ વસ્તુ બને છે તેની પાછળ પાંચ કારણો જવાબદારહોય છે, એક જ નહિ. તેને શાસ્ત્રની

ભાષામાં પાંચ સમવાય કહે છે. (૧) ભવિતવ્યતા (૨) સ્વભાવ (૩) કાળ (૪) કર્મ (૫) પુરૂષાર્થ. આ પાંચમાંનું કોઈપણ એક કારણ મુખ્ય હોય છે બાકીના ચાર ગૌણ હોય છે. પણ પાંચેય કારણોની હાજરી વગર વિશ્વમાં કોઈપણ કાર્ય બનતું નથી. ધારો કે કોઈ જીવ મોક્ષે જાય છે. તો તે પ્રમાણે તેની ભવિતવ્યતા હતી જ. (જેમકે આદેશ્વરદાદાએ ત્રીજા આરાના અંતમાં કહી દીધું હતું કે મરીચી છેલ્લા તીર્થંકર ચોથા આરાના અંતમાં થશે.) તો બીજું સમવાય પણ હતું કે એ ભવિ જીવ હતો. જો એ જીવનો સ્વભાવ જ અભવિ હોત મોક્ષ જવાનો ન હોત તો ક્યાંથી જાત? એમનો એ માટેનો કાળ-સમય પણ ચોથા આરાના અંતમાં જ પાકવાનો હતો. કાળ પાક્યા પહેલાં મોક્ષે ન જાય. તો તેમણે કર્મ પણ એ જ રીતે બાંધ્યા ને પુરૂષાર્થ કરીને કર્મની નિર્જરા પણ એ જ પ્રમાણે કરી કેતે ચોથા આરાના અંતમાં મોક્ષે ગયા. એમ કોઈ અભવિ જીવ હોય તો એનો પુરૂષાર્થ જ અવળો થાય સવળો થાય જ નહિ. કારણકે તેનો સ્વભાવ જ મોક્ષે જવાનો નથી. અહીં સ્વભાવ મુખ્ય કારણ બની જાય છે ને બીજા ચારેય ગૌણ બની જાય છે. પણ હાજરી તો પાંચેય કારણની હોય જ. હવે સમજાઈ ગયું હશે કે મુખ્ય કારણ ભલે ભવિતવ્યતા હોય પણ ગૌણ ચાર કારણમાંનો એક પુરૂષાર્થ હોય જ. પાંચેય કારણોની- સમવાયોની હાજરી વગર વિશ્વમાં કોઈ કાર્ય બને નહિ.

**સ. ૭૦ જૈન ધર્મમાં દેવી-દેવતાઓને માનવું મિથ્યાધર્મ છે તો દેરાસરમાં દેવી-દેવતાઓની મૂર્તિ કેમ?**

જ. ૭૦ જૈન ધર્મમાં સમ્યક્દૃષ્ટિ, સમભાવી, સમકિત દેવી-દેવોને માનવામાં કોઈ મિથ્યા ધર્મ કહ્યો નથી. હા...મિથ્યાદૃષ્ટિ દેવોને સંસારસુખ ખાતર માનવામાં પૂજવામાં આવે તો જરૂર મિથ્યાધર્મ છે. આ પ્રશ્ન મેં મારૂં પુસ્તક 'પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧' ના સવાલ નં ૨૪૦ માં સવિસ્તર સમજાવેલો છે. તે જરૂર વાંચી જવો.

જો દેવ-દેવીને માનવું મિથ્યાત્વ હોય તો દરેક થોયના જોડાની ચોથી ગાથામાં દેવ-દેવીની જ સ્તુતિ છે. તો તો પછી પ્રતિક્રમણમાં થોય બોલવી એ પણ મિથ્યાત્વ થઈ જાય. પણ એવું નથી થોડી સમજફેર છે. અનાદિકાળથી ચાલ્યા આવતા મહાપૂજન જેવા કે શાંતિસ્નાત્ર, સિદ્ધચક્રજી પૂજન વગેરેમાં પણ અનેક સમ્યક્ દેવ-દેવીના પૂજન - આહ્‌વાન વગેરે થાય છે. આચાર્ય ભગવંત જ્યારે સૂરિમંત્ર પિઠિકા

જાપ કરે કે અંજન શલાકા પ્રતિષ્ઠામાં પણ દેવ-દેવીના પૂજન થાય છે. સંતિકરં, તિજયપહુત્ત, મોટી શાંતિ તથા ગણધર ગૌતમ સ્વામીએ રચેલા ઋષિમંડલ સ્તોત્રમાં પણ દેવ-દેવીનું રક્ષણ માંગ્યું છે. મંદિરમાં પણ શાસન માન્ય દેવ-દેવીનું પ્રતિષ્ઠા એટલા માટે કરવામાં આવે છે કે કોઈ દુષ્ટ મિથ્યાદૃષ્ટિ દેવ-દેવી આપણા દેરાસર, ઉપાશ્રય, સંઘ, આરાધક આદિને હાની ન પહોંચાડે. સમ્યક્ દૃષ્ટિ, સમભાવી દેવ પણ તીર્થંકરના ભક્ત છે અને આપણે પણ તીર્થંકરની ભક્તિ કરતાં હોવાથી એ આપણને એમના સાધર્મિક ગણીને આપણને ધર્મ આરાધનામાં સહાય કરે છે. ધર્મમાં સ્થિર કરે છે. ને આત્મકલ્યાણના માર્ગમાં આગળ વધારે છે. આમ તો ગમે તેવી તકલીફ ને સમતાભાવે સહન કરવું એ જ નિશ્ચય ધર્મ છે પરંતુ આપણા પાંચમા આરાના માણસોના સંઘયણ જ એટલા નબળા છે કે આપણને અમુક હદ બહારની શારીરિક-માનસિક કે સામાજિક તકલીફ ઊભી થાય છે તો આપણે સમતુલન ગુમાવી દઈએ છીએ. સમતાભાવે સહન નથી કરી શકતા અને આર્તધ્યાનમાં ઉતરી જઈ કર્મ ખપાવવાને બદલે કર્મના પોટલા બાંધી દઈએ છીએ. આવી પરિસ્થિતિમાં સમ્યક્દૃષ્ટિ-સમભાવી-સમકિતી દેવ-દેવીની મદદ થાય તો કર્મ હળવેથી ભોગવાઈ જાય છે ને આરાધનામાં મક્કમ રહી શકીએ છીએ. ..પરંતુ જો આ દેવ-દેવીની સહાયથી વિકટ પરિસ્થિતિમાંથી બહાર નીકળી સંસારના રંગ-રાગમાં જ રંગાઈ જવાનું હોય તો જરૂર મિથ્યાત્વ લાગે. માટે આ બાબતમાં ઊંડી સમજ કેળવવી ખૂબ જરૂરી છે.

**સ. ૭૧ આગમમાં સમ્યક્દૃષ્ટિ દેવ-દેવીનું માહાત્મ્ય બતાવાયું હોય એવું કાંઈ ધ્યાનમાં છે ?**

જ. ૭૧ હા...ચૌદ પૂર્વમાંના એક પૂર્વમાં નીચે પ્રમાણેની ગાથા છે, કે જેનો વંદિત્તુ સૂત્રમાં ૪૭ મી ગાથા તરીકે સમાવેશ થયેલો છે.

''મમ મંગલ અરિહંતા, સિધ્ધા સાહુ સુઅં ય ધમ્મો અ,
સમ્મ-દિટ્ઠી દેવા દિંતુ સમાહિં ચ બોહિં ચ''

આ ગાથા એમ સૂચવે છે કે જીવને સમાધિ અને બોધિની પ્રાપ્તિમાં અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ તથા શ્રુતધર્મ જેટલા સહાયક છે તેટલા જ સમ્યક્દૃષ્ટિ દેવ-દેવીઓ સહાયક છે. એ સમ્યક્દૃષ્ટિ દેવોનું વિશ્વમાં શું સ્થાન છે તે હકીકત એટલા માટે મહત્વની છે કે આ વિશ્વમાં સર્વ જીવોમાં સર્વશ્રેષ્ઠ એવા તીર્થંકર પરમાત્મા તીર્થંકર

નામકર્મનો ભોગવટો મુખ્યતયા દેવ નૈમિત્તિક કરે છે. આ રીતે શાસન સ્થાપના, શાસન રક્ષા, અને શાસન પ્રભાવના માટે પણ દેવોનું સ્થાન એટલું જ મહત્વનું છે.

એટલું જ નહિ પણ ૧૫૦ ગાથાના સ્તવનમાં મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજાએ પણ સમકિતદૃષ્ટિ દેવોનું માહાત્મય વર્ણવ્યું છે.

'સમકિત દૃષ્ટિ સુરતણી આશાતના કરશે જેહ લાલ રે...
બોધિ દુર્લભ તે થશે, થાણાંગે ભાખ્યું એહ લાલ રે...'

**સ. ૭૨ આપણા પૂર્વજો કે પૂર્વાચાર્યો દેવ-દેવીની સહાય લઈ આગળ વધ્યા હોય એવા એક-બે ઉદાહરણ આપો.**

જ. ૭૨ શ્રીપાળ મહારાજાએ ઓળીની પહેલા સાત દિવસ શ્રી ચક્રેશ્વરી દેવીની આરાધના કરી હતી. તેથી દેવી પ્રસન્ન થઈને સિદ્ધચક્રજી પૂજન તથા ઓળીની સાધનાનો માર્ગ બતાવ્યો હતો...જેનું વચનોનું પાલન કરીને શ્રીપાળ મહારાજનો ચેપી રોગ દૂર થયો હતો. તે આરાધનામાં આગળ વધ્યા હતા.

મહાન આચાર્ય હરિભદ્રસૂરિ જેમણે ૧૪૪૪ ગ્રંથોની રચના કરી છે. તેમણે મહાનિષિથ આગમની મૂળપ્રત (ઓરીજીનલ આગમ) મેળવવા માટે મથુરામાં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના સ્તુપ આગળ પંદર દિવસ ચૌવિહાર ઉપવાસ કરી સાધના કરી હતી. શાસનદેવી પ્રસન્ન થઈ હરિભદ્રસૂરિએ કહ્યું કે, 'મા... મહાનિહિથની મૂળ પ્રત શોધી આપો.' ત્રણ દિવસની જહેમત બાદ આ પ્રત મળી પણ ખંડ ખંડ હાલતમાં નષ્ટ થયેલી. ઉધઈ દ્વારા સંપૂર્ણ ખવાયેલી. શાસનદેવીએ કહ્યું કે, 'હરિભદ્ર... તારા જ્ઞાનના સામર્થ્યના પ્રભાવથી તું જ આ ગ્રંથની ખૂટતી કડી પૂર્ણ કર ત્યાં સુધી હું સરસ્વતી સ્વરૂપે તારી જીભ પર બિરાજીત થઈશ.'

શ્રી હરિભદ્રસૂરિજીએ તેનો અભ્યાસ કરી, સંશોધન કરી સ્વમતિ અનુસાર સંકલન કરી રચના કરેલ કે જેને શ્રુતધર આચાર્યોએ તપાસી માન્યતા આપી. જે વર્તમાનનું મહાનિષિથ આગમ છે.

**સ. ૭૩ નારકી અને દેવલોકના દેવો સાથે મનુષ્યોનો કોઈ જ દેખીતો સંબંધ નહિ હોવા છતાં સાત લાખ સૂત્રથી ક્ષમાપના કેમ ?**

જ. ૭૩ આપણને ચારેય ગતિના જીવો સાથે કાંઈ ને કાંઈ સંબંધ તો છે જ. ફક્ત આપણને જ્ઞાન ન હોવાથી આપણે જાણી નથી શકતા કે કોની સાથે શું સંબંધ હતો ? અને ભવિષ્યમાં શું સંબંધ થશે ? આપણી પાંચ-

પચ્ચીસ પેઢી પહેલાનાં આપણા બાપ-દાદા શું અત્યારે દેવલોકમાં કે નરકમાં ન હોઈ શકે? એમનું તો પલ્યોપમ ને સાગરોપમમાં આયુષ્ય હોય, તેમનાં દેવ-નરકના એક ભવમાં આપણા મનુષ્યને તિર્યંચના તો ઘણા બધા ભવ થઈ જાય... અથવા તો આપણે જ્યારે દેવલોક, નરક કે તિર્યંચમાં હોઈશું ત્યારે એ જીવ સાથે શું સંબંધ હશે, આપણે જીવે એમના જીવને શું સુખ દુઃખ પહોંચાડ્યું હશે તે આપણે ક્યાં જાણીએ છીએ? તો આ ભવમાં થોડી સમજ મળી છે, થોડો ધર્મ મળ્યો છે. તો તે જીવની ક્ષમા માંગવાની કે નહિ? પાર્શ્વનાથ ભગવાનના જીવથી, કમઠના જીવને દુઃખ પહોંચ્યું ને તેના મનમાં પાર્શ્વનાથ ભગવાન પ્રત્યે જે વેર બંધાયું તે દસ-દસ ભવ સુધી જીવંત રહ્યું કે નહીં? એમ આપણે કયા ભવમાં કયા જીવ સાથે શું શું વેરભાવ બાંધીને આવ્યા છીએ તે આપણે ક્યાં જાણીએ છીએ? તો ભલે આપણને અવધિ જ્ઞાનેય નથી કે જાતિસ્મરણ જ્ઞાનેય નથી કે કેવળજ્ઞાનેય નથી...પરંતુ કેવળીના કહેલા વચનોમાં શ્રદ્ધા તો છે ને? કે આ જીવ દ્રવ્યના પર્યાય બદલાય છે પણ જીવ તો ધ્રુવ છે. તો દરેક જીવની ક્ષમા તો માંગવી કે નહીં? માટે સાત લાખ સૂત્રથી નારકી તથા દેવલોકના જીવોની ક્ષમા માંગવી તે યોગ્ય જ છે.

**સ. ૭૪ દેવોને સ્વર્ગના દેવી સુખનો થાક લાગતો હશે કે નહીં?**

જ. ૭૪ દેવોનું સુખ એ ભૌતિક, ઈન્દ્રિયજન્ય સુખ છે. જે પણ કોઈ ઈન્દ્રિયજન્ય સાંસારિક સુખ છે, તેમાં પરાધિનતા છે. દુઃખ મિશ્રિત હોવાને કારણે અશુદ્ધ સુખ છે. મિથ્યાત્વી દેવો એ તો અતિન્દ્રિય સુખનો એક અંશ પણ ચાખ્યો નથી તો ભૌતિક, સાંસારિક સુખ-દુઃખનો થાક ક્યાંથી ઉતરે? મતલબ કે તેઓ થાકેલા ને કંટાળેલા છે. દેવોમાં પણ સૌથી વધારે સુખ સર્વાર્થ સિદ્ધના દેવોને છે. જેઓ એક અવતારી છે. છતાં પણ તે ઉદાસીન છે કારણકે હજુ મોક્ષ નથી મળ્યો. એમને ભવમાં રહેવાપણું અને મોક્ષનું છેટાપણું એનો થાક છે. બાકી અન્ય ઉતરતી કક્ષના દેવોમાં રાગ-દ્વેષનું પ્રમાણ વધુ છે માટે તેઓને ફક્ત સુખ જ સુખ છે એમ માની લેવાની જરૂર નથી. તેઓમાં પણ સ્વામિ-સેવક ભાવ ઈર્ષ્યા, ઝઘડા, યુદ્ધો, એકબીજાની દેવીઓને ઉપાડી જવી, વગેરે દુઃખદાયક કાર્યો જીવંત જ છે. દેવોના આયુષ્યના છ મહિના બાકી રહે ત્યારે તેમની ફૂલની માળા કરમાવા લાગે છે. (આભામંડળ તિરોહિત્ત થવા લાગે છે) અવધિજ્ઞાનથી જાણીને કે પોતાને હવે ક્યાં જવાનું છે,

આ બધું છોડીને જવાનું છે માટે ઘણા દુઃખી થઈ જાય છે. આમ દેવગતિમાં સુખ અને દુઃખ બંને છે, બંને ભૌતિક છે. ભૌતિકનો તો હંમેશ થાક લાગવાનો જ છે. જેમકે કેટલાય અમેરિકનો અતિશય ભૌતિક સુખથી કંટાળીને ભારતમાં આધ્યાત્મિક સુખની શોધ માટે આવે છે. તેમ દેવોને પણ દૈવી સુખનો થાક લાગે જ છે. પર થકી મળતાં પરાધીન સુખમાં ઈન્દ્રિયજનીત થાક હોય જ.

**સ. ૭૫ દેવગતિને નરકગતિને બધું આપણે ક્યાં જોવા ગયા છીએ? આપણે તો અહીં ખાઈ-પીને જલસા ન કરીએ?**

**જ. ૭૫** અરે...દેવગતિ નરકગતિ ભલે તમે જોવા ન ગયા હો પણ આ તિર્યંચગતિની અવદશા તમને આંખ સામે નથી દેખાતી? જીવતે જીવ જ ચામડી ઉતારે, જીવતે જીવ જ કાપવામાં આવે, જીવતે જીવ જ વેરવામાં આવે, જીવતે જીવજ પારાવાર અખતરા. નહીં કોઈ બચાવનાર, સાંભળનાર કે જોનાર જે પશુ પોતે ખોરાકની શોધમાં નીકળે તે પોતે જ કોઈકનો ખોરાક બની જાય. ન ક્યાંય આશરો, ન ક્યાંય વિસામો, ભૂખ, તરસ, ઠંડી, ગરમી, ડાંસ અને મચ્છર, સતત ઉપદ્રવો ચાલુ, નિરાધાર અસહાય દશા. વરસાદમાં ભીંજાવાનું, પાણીમાં તણાવાનું, કીચ્ચડમાં ખૂંપવાનું, આગમાં બળવાનું, હવા વિના ગૂંગળાવાનું, રિબાઈને મરવાનું, જન્મ થાય ત્યારથી જ મોત એમનો કોળિયો કરવા તૈયાર હોય. કોઈ વાર ભૂખી થયેલી માં પોતે જ પોતાના બચ્ચાને ફાડી ખાય, સર્પ કે વીંછી કરડી ખાય... શરીરમાં જીવાતો પડે, ચાર દિવસના ભૂખ્યા તરસ્યા હોય તો પણ કોઈને કહી ન શકે, કૂતરાના કાનમાં જીવાતો પડે તેતમે જોયું હશે...? સહન થાય કે ન થાય ડંખ માર્યા જ કરે.. એ બધાથી બચવા માટે જાય ક્યાં? તમારા, મારા કે આપણા કોઈને માટે પણ આવી પળ આવી શકે.. અરે... અનંતીવાર આવા દુઃખો પરાધીનપણે ભોગવીને આવ્યા છીએ અને જેમ લુહાર લોઢાને ટીપે એમ આ જીવ અનંતીવાર ટીપાયો છે. ચારેગતિમાં ભ્રમણ કરતાં આ જીવે એટલા આંસુ પાડ્યા છે કે એ એકઠા કરવામાં આવે તો આખો સમુદ્ર ભરાઈ જાય. આ કોઈ અતિશયોક્તિ નથી. ભગવાને કહ્યું છે કે ૮૪ લાખ યોનિમાંથી કોઈ યોનિ બાકી નથી કે ત્યાં તે જન્મ ન લીધો હોય કે એક તસુભાર પણ ક્ષેત્ર-ભૂમિ બાકી નથી કે તું ત્યાં જન્મયો ન હોય.

આ બધાનો સાર એ છે કે કર્મજન્ય દુઃખદ પરિસ્થિતિનો સમજણપૂર્વક

સહજભાવે સ્વીકાર કરવો. ભૂતકાળમાં બાંધેલા કર્મ વહેલા કે મોડા તારે ભોગવવાના તો છે જ. મળેલા મનુષ્ય જન્મનો સદુપયોગ કરીને જૂના કર્મ નહીં ખપાવે ને જલસા કરીને ઓર વધારે કર્મોના ઢગલા કરીશ તો તો છૂટવાની તો કોઈ વાત જ નથી. પરંતુ વધારે ને વધારે લેપાતો જઈશ. Now Choice is yours ભગવાનની જેમ સમતાભાવે સહન કરી મોક્ષાનંદ મેળવવો છે કે દુઃખના ગુણાકાર કરી સંસાર સાગરમાં ડૂબવું છે ?

**સ. ૭૬ અમારે મહાવીરની જેમ આટલા દુઃખો સહન કરીને મોક્ષે નથી જવું...મને તો મહાવીરની દયા આવે છે.**

જ. ૭૬ મહાવીરે જે દુઃખો સહન કર્યા તે તેણે પોતે જ ભૂતકાળમાં આચરેલા કર્મનું ફળ હતું. કોઈ બીજાએ કરેલા કર્મનું ફળ મહાવીરે નથી ભોગવ્યું. તેમાંય હળવા કર્મો તો તપ-જપ-મૌન-ધ્યાન થી ખપી ગયા ફક્ત નિકાચિત કર્મો (જે કર્મ ભોગવ્યા વગર ન છૂટે તે) જ એમને ભોગવવા પડ્યા. એ એમણે સમતાપૂર્વક સહન ન કર્યા હોત તો એનો ગુણાકાર થઈ અનંતગણા દુઃખો ભોગવવા પડ્યા હોત. યાદ રાખો કર્મના ઉદયથી આવેલ પરિસ્થિતિનો પ્રેમથી સ્વિકાર નહીં કરીએ તો કર્મસત્તા બળાત્કારે પણ પરિસ્થિતિનો સ્વિકાર કરાવશે. જે સ્વેચ્છાએ સહન નહીં કરો તો પરાધીનપણે સહન કરવું પડશે. હસતાં હસતાં સહન નહિ કરો તો રડતાં રડતાં સહન કરવું પડશે.

જીવો પ્રતિકૂળતાથી છૂટવા અને અનુકૂળતા મેળવવા માટે જ તરફડીયાં મારે છે. માટે જ જીવનમાં આર્ત રૌદ્ર ઘર કરી ગયું છે. આર્તધ્યાન અને તેનાં કારણોનું સ્વરૂપ સમજાઈ જાય અને તેનાથી બચવાનો નિર્ધાર થાય તો આવેલ પરિસ્થિતિનો સ્વીકાર કરવાનું શક્ય બને જો આવેલ પરિસ્થિતિનો સ્વીકાર ન કરીએ તો કર્મ સત્તા ફરજીયાત એવી ગતિમાં લઈ જશે અને એવી દુઃખદ વિષમ પરિસ્થિતિનો સ્વીકાર કરવાની ફરજ પાડશે જ્યાં એનાથી બચવાનો કોઈ માર્ગ જ નહિ હોય. મહાવીરતો પોતાના કર્મ ખપાવી બધા દુઃખમાંથી કાયમી મુક્તિ મેળવી લીધી. માટે મહાવીરની દયા ખાવાની જરૂર નથી. દયા ખાવી હોય તો આપણા આત્માની દયા ખાવ. કેમકે આપણા આત્માએ ક્યા ભવમાં કેવાકેવા કર્મ બાંધ્યા હશે ને ક્યા ભવમાં કેવા સ્વરૂપમાં ઉદયમાં આવશે તે ક્યાં ખબર છે ?

**સ. ૭૭ કેવળજ્ઞાન પછી ભગવાન સાથે ઓછામાં ઓછા કેટલા દેવ-દેવી હોય ? વધારે ઓછા થાય ?**

જ. ૭૭ કેવળજ્ઞાન પછી ભગવાન સાથે ઓછામાં ઓછા કરોડ દેવ-દેવીઓ હોય, તેઓ ભક્તિથી આવતા-જતા રહે છે. કોઈ જાય, કોઈ નવા આવે, પણ ઓછામાં ઓછા કરોડ તો રહે જ છે.

**સ. ૭૮ દેરાસરમાં પ્રતિમાઓ મુખ્ય બે જ અવસ્થા... કાં તો પદ્માસન કાં કાઉસગ્ગ મુદ્રા જ કેમ ?**

જ. ૭૮ ભગવાનની પ્રતિમા સિધ્ધ અવસ્થાની હોય છે, અને સિધ્ધ થતી વખતે ભગવાનની આ બે જ મુદ્રા હોય છે માટે. ઉપરાંત આ બે વિતરાગ મુદ્રા છે માટે આ બે મુદ્રામાં જ પ્રતિમા હોય છે. જેમકે ત્રણ અલગ અલગ આકારવાળી બોટલમાં પાણી ભરી બરફ બનવા મુકો. બરફ બન્યા પછી તે બોટલને ફોડી નાખો તો બોટલના આકાર જેવોજ બરફનો આકાર રહેશે. એમ છેલ્લા ભવમાં જે મુદ્રામાં હોય તેજ મુદ્રામાં સિધ્ધશિલા પર સ્થિત થશે.

**સ. ૭૯ શ્રી તીર્થંકર પરમાત્માને ઓળખવાની, તેમના આંતર ગુણસ્વરૂપને જાણવાની વાસ્તવિક ઈચ્છા ક્યારે થાય ?**

જ. ૭૯ આંશિક પણ ભવ વૈરાગ્ય ઉત્પન્ન થાય, ત્યાર પછી જ તીર્થંકર દેવોના સ્વરૂપને જાણવાની ઈચ્છા થાય. પ્રભુના સ્વરૂપની જાણકારીની ઈચ્છા પણ ચરમ યથાપ્રવૃતકરણવાળા અપુનર્બંધક ને થાય છે. બાકી સાચી પરમાત્મ ભક્તિ અને સાચી ઓળખ સમ્યકત્વ થયા પછી જ હોય.

**સ. ૮૦ આ લોકમાં આ કાળે કોઈ પ્રદેશમાં તીર્થંકર વિચરે છે ?**

જ. ૮૦ વર્તમાન કાળમાં મહાવિદેહ ક્ષેત્રમાં વીશ તીર્થંકરો વિચરે છે. મહાવિદેહ ક્ષેત્ર તીર્થંકર વગર ન હોય ત્યાં સદૈવ ચોથા આરા જેવી રચના હોય છે. મહાવિદેહમાં વધુમાં એકસો સાઈઠ તીર્થંકરો વિહરમાન હોય. તે સમયે જો ભરત અને ઐરાવત ક્ષેત્રમાં પણ તીર્થંકર વિહરમાન હોય તો પાંચ ભરતમાં પાંચ, પાંચ ઐરાવતના પાંચ, પાંચ મહાવિદેહમાં ૧૬૦ એમ થઈને વધુમાં વધુ ૧૭૦ (ઉત્કૃષ્ટા) તીર્થંકર વિહરમાન હોય. ત્યારે જ્યારે ભરતને ઈરાવતમાં એકપણ તીર્થંકર ન હોય ત્યારે જઘન્યથી (ઓછામાં ઓછા) વીશ તીર્થંકર તો મહાવિદેહમાં હોય જ. આમ અનંતા તીર્થંકર ભૂતકાળમાં થઈ ગયા. ૨૦ વર્તમાનકાળમાં છે અને અનંતા તીર્થંકર ભવિષ્યકાળમાં થશે.

**સ. ૮૧ મહાવિદેહમાં વિદ્યમાન તીર્થંકરો ક્યારે થયા અને તેમનું આયુષ્ય કેટલું ?**

જ. ૮૧ અહીં આપણે ભરતક્ષેત્રમાં સત્તરમાં તીર્થંકર શ્રી કુંથુંનાથજીના નિર્વાણ બાદ એક જ સમય ગાળામાં વીશેય તીર્થંકર થયા. અને અહીં આપણે વીશમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીના નિર્વાણ બાદ વીશે તીર્થંકરોએ એકી સમયે દીક્ષા અંગીકાર કરી. અને વીશેય એક મહિના સુધી છદ્મસ્થ રહીને કેવળજ્ઞાની થયા. અને અહીં આપણે આવતી ચોવીશીના સાતમા તીર્થંકર શ્રી ઉદયનાથજીના મોક્ષે ગયા બાદ મહાવિદેહના વીશેય તીર્થંકર એકીસાથે મોક્ષે જશે. (મતાંતરે અહીંના ૧૩ મા તીર્થંકરના વખતમાં મોક્ષે જશે.) આ વીશેય વિહરમાન તીર્થંકરનું દેહપ્રમાણ ૫૦૦ ધનુષ્યનું અને આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું છે. જેમાં ૮૩ લાખ પૂર્વ ગૃહવાસમાં રહ્યા અને એક લાખ પૂર્વ સંયમ પાળી મોક્ષે પધારશે.

**સ. ૮૨ કેવળી ભગવંતોને નિર્વાણ ન પામે ત્યાં સુધી હરતાં ફરતાં કર્મનો બંધ પડે કે નહિ ? અને પડે તો કર્મનો બંધ ક્યારે ભોગવે ?**

જ. ૮૨ કેવળી થયા પછી જ્યાં સુધી કેવળીને દેહ હોય છે, ત્યાં સુધી દેહની હાજતોને લઈને કર્મ કરતાં રહે છે. ઉદયાધીન સહજયોગ પ્રવર્તન અઘાતિકર્મની નિર્જરારૂપે હોય છે.પરંતુતેઓને કષાય ન હોવાથી માત્ર પ્રકૃતિ અને પ્રદેશબંધ હોય છે. પરંતુ સ્થિતિ અને અનુભાગ એ બે બંધ થતા નથી. આથી વીતરાગને પ્રથમ સમયે લાગેલા શાતા વેદનીય કર્મ પુદ્ગલો બીજે સમયે વેદી ત્રીજે સમયે નિર્જરે છે. અર્થાત્ દૂર કરે છે. આ ક્રિયાને ઈર્યાપથિકી ક્રિયા કહે છે. માત્ર એક સમયનો અકષાયિક કર્મબંધ હોય છે. અઘાતિ કર્મોની નિર્જરાના હેતુપૂર્વક હોય છે.

ઈર્યાપથિકી ક્રિયા એટલે જેમાં કષાયિક વૃત્તિ ન ભળી હોય એવી માત્ર કાયાની હલન-ચલન વગેરે ક્રિયાઓ. સાંપરાયિકી ક્રિયા એટલે જે પ્રવૃત્તિ ક્રોધ આદિ કષાય પ્રેરિત હોય તે ક્રિયા. (જે સમકિતિ જીવ હોય તે જ કષાયથી મુક્ત હોય છે. તેથી જ સમકિતી જીવ કોઈ મિથ્યાદષ્ટિ જીવ જેવા જ આચાર કદાચ કર્મના ઉદયે કરતો હોવા છતાં દોષથી બંધાતો નથી.)

**સ. ૮૩ સૌથી ઉત્કૃષ્ટ પૌદ્ગલિક વૈભવ જીવને કઈ ગતિમાં મળે ? કેટલા સમય સુધી ? તેમાં એ જીવનો કેવો ભાવ રહે ?**

જ. ૮૩ મનુષ્ય ગતિમાં કેવળજ્ઞાની તીર્થંકર પરમાત્માને જે ઉત્કૃષ્ટ પૌદ્ગલિક વૈભવ હોય છે તેવો બીજા કોઈને હોતો નતી. તે પછી ઉતરતો અનુત્તર

દેવતાઓને ૩૩ સાગરોપમ સુધી હોય છે. આ બધા જીવો પૌદ્ગલિક વૈભવમાં ઉદાસીન ભાવવાળા જ હોય છે.

**સ. ૮૪ ભરતક્ષેત્રના બીજા ખંડોમાં તીર્થંકરોનું વિચરણ હોય કે નહીં ? બીજા ખંડોમાં ધર્મ છે કે નહિ ?**

**જ. ૮૪** છ ખંડના ૩૨૦૦૦ દેશો છે. તેમાં મધ્યખંડ દક્ષિણાર્ધમાં પાંચથી સાડા પાંચ હજાર દેશો આવે. તેમાં પણ ફક્ત સાડા પચ્ચીસ દેશોમાં તીર્થંકર વિચરે. બાકીના દેશો અનાર્ય હોય. ત્યાં ધર્મ ન હોય. ત્યાં ભગવાનનો જન્મ કે વિચરણ ન હોય. કેવળજ્ઞાની પણ ત્યાં ન હોય. અને ત્યાં ધર્મ ઉપદેશ પણ ન હોય. હવે વિચાર કરો આપણે કેવા આર્ય દેશમાં જન્મ્યા છીએ કે જ્યાં ભગવાનનું વિચરણ હતું. અહીંની રજકણો એમના પવિત્ર ચરણ કમલથી પવિત્ર થયેલી છે. અહીંના આકાશમાં એમના શુદ્ધ પરમાણુના વાઈબ્રેશન આપણને મળી રહ્યા છે. કેવલીએ પ્રરૂપેલો શુદ્ધ ધર્મ આપણને મળ્યો છે... પાંચમા આરાની વિષમતા વચ્ચે એટલી તો સુંદરતા છે કે આપણને ધર્મ મળ્યો છે....ધર્મ પામી શકાય એવો માનવ દેહ મળ્યો છે. આટઆટલું પ્રાપ્ત થવા છતાં ય જો આપણે એનું મૂલ્ય ન સમજીએ ..ધર્મ માર્ગે આગળ વધી આધ્યાત્મિક વિકાસ ન સાધીએ તો આપણા જેવું અધમ બીજું કોણ હોઈ શકે ? હાથમાં આવેલ ચિંતામણી રત્ન કાગડો ઉડાડવા ફેંકી દેવા જેવી મૂર્ખામી છે.

**સ. ૮૫ દ્રવ્ય કોને કહેવાય ? તે કેટલા છે ? કયા કયા ?**

**જ. ૮૫** ગુણોના અને પર્યાયના સમૂહને દ્રવ્ય કહે છે. દ્રવ્યોના સમૂહને વિશ્વ કહે છે. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ છ દ્રવ્ય છે. તેમાંથી કદી ઓછા વધતા થતાં નથી. છ દ્રવ્ય કોઈ ઈશ્વરે બનાવ્યા નથી, સ્વભાવથી જ છે. છ દ્રવ્યમાં જીવ સિવાયના પાંચેય દ્રવ્ય અજીવ છે. છ એ દ્રવ્યમાં ફક્ત પુદ્ગલ દ્રવ્યના બાદર સ્કંધને દેખી શકાય છે. બાકીના પાંચેય દ્રવ્ય અરૂપી છે. (આંખેથી દેખી ન શકાય એવા)

**સ. ૮૬ ગુણ કોને કહે છે ? ગુણોના ભેદ કેટલા ? કયા કયા ?**

**જ. ૮૬** જે દ્રવ્યના બધા જ ભાગમાં હોય અને દ્રવ્યની બધી જ અવસ્થામાં રહે તેને ગુણ કહેવાય. જેમકે સાકર એ દ્રવ્ય અને ગળપણ એ ગુણ છે. જીવ એ દ્રવ્ય અને જ્ઞાન એ ગુણ છે. તેના બે ભેદ છે. સામાન્ય ગુણ અને વિશેષ ગુણ. જે ગુણ સર્વ દ્રવ્યમાં હોય તે સામાન્ય ગુણ. જે ગુણ પોત-પોતાના દ્રવ્યમાં જ રહે તે વિશેષ ગુણ. તે દ્રવ્યને ઓળખાવનારો દ્રવ્યનો

વિશેષ ભાવ છે. સામાન્ય ગુણ અનેક છે પરંતુ તેમાં મુખ્ય છ છે. (૧) અસ્તિત્વ (૨) વસ્તુત્વ (૩) દ્રવ્યત્વ (૪) પ્રમેયત્વ (૫) અગુરૂલઘુત્વ (૬) પ્રદેશત્વ.

**સ. ૮૭ આકાશ દ્રવ્ય કોને કહે છે ?**

જ. ૮૭ જે બાકીના પાંચેય દ્રવ્યોને રહેવા માટે જગ્યા આપે તેને આકાશ દ્રવ્ય કહે છે, આકાશ દ્રવ્ય સર્વવ્યાપક છે, સર્વત્ર છે. આકાશ એક જ અખંડ દ્રવ્ય છે. તેના બે ભેદ છે. લોકાકાશ તથા અલોકાકાશ જ્યાં સુધી જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને કાળ એ સમસ્ત દ્રવ્યો છે ત્યાં સુધીના આકાશને લોકાકાશ કહે છે. તેની બહારના અનંત આકાશને અલોકાકાશ કહે છે. લોક અને અલોક બંને મળીને લોકાલોક કહેવાય છે. લોક એટલે સમસ્ત વિશ્વલોક કરતાં અલોક મોટો છે. લોકમાં છ એ છ દ્રવ્ય છે અને એક આકાશ દ્રવ્ય લોક-અલોક બધે વ્યાપી રહેલ છે. આકાશ એક અખંડ દ્રવ્ય છે.

**સ. ૮૮ જીવ દ્રવ્ય કોને કહે છે ?**

જ. ૮૮ જેમાં ''ચેતના'' એટલે કે જ્ઞાન-દર્શન રૂપ શક્તિ છે તેને જીવ દ્રવ્ય કહે છે. જીવનો ગુણ ચૈતન્ય ઉપયોગ છે. દેવ, મનુષ્ય, નારક, તિર્યંચ આદિ તેના અનેક પર્યાય છે. પર્યાય ગમે તેટલા બદલાય, જીવભાવ ધ્રુવ (નિશ્ચિત) છે. તે નાશ પામીને કંઈ બીજો થતો નથી. દ્રવ્ય વિના ગુણ ન હોય, ગુણ વિના દ્રવ્ય ન હોય બંનેનો અભિન્ન ભાવ છે. શ્રધ્ધા, ચારિત્ર, સુખ, વીર્ય, ક્રિયવર્તી શક્તિ, વૈભાવિક શક્તિ વગેરે એના વિશેષ ગુણ છે.

**સ. ૮૯ પુદ્‌ગલ દ્રવ્ય કોને કહે છે ?**

જ. ૮૯ પુદ્‌ગલ અજીવ દ્રવ્ય છે. છતાં તે ગતિમાન દ્રવ્ય કહેવાય છે કેમકે તેમાં ક્રિયાની શક્તિનો ગુણ છે. તેથી તે પોતાની યોગ્યતા અનુસાર ગતિ-ક્ષેત્ર અંતર રૂપ પર્યાય થાય છે. જેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ ગુણો હોય તેને પુદ્‌ગલ; દ્રવ્ય કહે છે. શબ્દ, બંધ, સૂક્ષ્મ, સ્થુલ, સંસ્થાન, ભેદ, તમ, છાયા, ઉદ્યાંત અને આતપ. આ બધા પુદ્‌ગલ દ્રવ્યોની પર્યાયના દસ ભેદ છે. પુદ્‌ગલની પર્યાયનું અસ્તિત્વ સ્વતંત્ર છે. આત્મા માત્ર તેને જાણનારો છે, એવું યથાર્થ શ્રધ્ધા અને જ્ઞાન થવું તે ધર્મ છે.

**સ. ૯૦ ધર્મદ્રવ્ય કોને કહે છે ? અધર્મદ્રવ્ય કોને કહે છે ?**

જ. ૯૦ સ્વયં ગતિ કરતાં જીવ અને પુદ્‌ગલને ગતિ કરવામાં ઉદાસીન નિમિત્ત

હોય તેને ધર્મ દ્રવ્ય કહે છે. જેમ ગતિ કરતી માછલીને ગતિ કરવામાં ઉદાસીન નિમિત્ત પાણી. જીવ અને પુદ્‌ગલ જેમ સ્વયં ગતિ કરે છે તેમ સ્વયં સ્થિતિરૂપ પરિણમે છે. તેમને સ્થિત કરવામાં જે ઉદાસીન નિમિત્તરૂપ છે તે દ્રવ્યને ''અધર્મ દ્રવ્ય'' કહે છે. જેમ કે મુસાફિરને સ્થિર થવા માટે ઝાડનો છાંયો. જેમ છાંયો કાંઈ મુસાફિરને સ્થિર કરતો નથી. પણ છાંયાનું નિમિત્ત પામી મુસાફિર જાતે સ્થિર થાય છે તેમ ''અધર્મ દ્રવ્ય'' જીવ અને પુદ્‌ગલને સ્થિર કરવામાં નિમિત્તરૂપ છે.

**સ. ૯૧ પર્યાય એટલે શું ?**

**જ. ૯૧** જુદાં જુદાં નિમિત્તને લઈને દ્રવ્યની જુદી જુદી અવસ્થા થતી રહે છે. તેને પર્યાય કહે છે. જેમ કે... જીવ એ દ્રવ્ય અને મનુષ્ય, તિર્યંચ વગેરે પર્યાય. માટી એ દ્રવ્ય અને ઘડો એ તેની પર્યાય. જૈન દર્શનમાં દ્રવ્યની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે જે ગુણ અને પર્યાયનો આધાર છે તે દ્રવ્ય. દરેક દ્રવ્ય ત્રિકાળ જુદે જુદું સ્વતંત્ર છે. દ્રવ્યની ઉત્પત્તિ કે વિનાશ થતો નથી. ઉત્પત્તિ-વિનાશ દ્રવ્યના પર્યાયો છે. જેમ સોનાની બંગડીને તોડી તેની માલા બનાવવામાં આવે તો તેમાં સોનાનો નાશ થતો નથી. પરંતુ સોનાની બંગડી તરીકેની અવસ્થા (પર્યાય) છે તેનો નાશ થાય છે તેવી રીતે સોનાની ઉત્પત્તિ પણ થતી નથી પરંતુ માલા તરીકેની અવસ્થા (પર્યાય) ઉત્પન્ન થાય છે. સોનું (દ્રવ્ય) તો કાયમ રહે છે. આમ દરેક દ્રવ્યમાં પોતપોતાના કારણે પર્યાય અપેક્ષાએ નવી અવસ્થાનું ઉપજવું, પહેલાના પર્યાયનો નાશ થવો, અને દ્રવ્ય અપેક્ષાએ નિત્ય ટકી રહેવું એવી સ્થિતિ ત્રિકાળ થઈ રહી છે.

**સ. ૯૨ કાળ દ્રવ્ય કોને કહે છે ?**

**જ. ૯૨** જીવ, પુદ્‌ગલ આદિ દ્રવ્યો પોતપોતાની અવસ્થા રૂપે જાતે જ પરિણામે છે. આ પરિણમનમાં જે નિમિત્ત હોય તેને કાળદ્રવ્ય કહે છે. જેમકે કુંભારના ચાકને ફરવા માટે લોઢાનો ખીલો નિમિત્ત છે. પદાર્થમાં ઉત્પાદ અને વ્યય એવા બે પદ વર્તે છે. તેથી પૂર્વ પર્યાયનો વ્યય અને ઉત્તર પર્યાયનો ઉત્પાદ થયા કરે છે. આ પરિવર્તનથી કાળ જણાય છે. અથવા તે પર્યાયના પરિવર્તન થવામાં કાળ સહાયકારી છે. દરેક દ્રવ્યના અનંતા ધર્મ છે. તેમાં ઉર્ધ્વપર્યય તિર્યકપર્યય એવા બે ધર્મ છે. ઉર્ધ્વપર્યય એટલે પદાર્થમાં તે ધર્મનું ઉદ્‌ભવવું ને તિર્યકપર્યય કાળના સમયને તિર્યકપર્યય નથી. એક ઉર્ધ્વપર્યય ધર્મ જ છે. તેથી જે સમય ગયો તે પાછો આવતો

નથી. ''કાળદ્રવ્ય'' એ પાંચ અસ્તિકાયનો વર્તનારૂપ પર્યાય છે. એટલે ઔપચારિક દ્રવ્ય છે. પળ, વિપળથી માંડી, વર્ષ આદિ જે કાળ સૂર્યની ગતિ પરથી સમજાય છે, તે ''વ્યાવહારિક કાળ'' દિગંબર અભિપ્રાય મુજબ ''કાળદ્રવ્ય''ના લોકમાં અસંખ્યાત અણુ છે. તે અણુમાં ''રૂક્ષ'' અથવા ''સ્નિગ્ધ'' ગુણ નથી અને ક્રિયાવર્તી શક્તિ નથી. તેથી તે દરેક અણુ એકબીજામાં મળતા નથી. અને અલગ-અલગ રહે છે. પરમાણુ પુદ્‌ગલમાં તે ગુણ હોવાથી મૂળે સત્તા કાયમ રહ્યા છતાં તેનો સ્કંધ થાય છે.

અઢી દ્વીપની બહાર રાત્રિ, દિન વગેરે કાંઈ નથી. અઢી દ્વિપની બહાર જ્યોતિષ બધા સ્થિર છે. વૈમાનિક દેવમાં નિરંતર પ્રકાશ છે અને નરકોમાં નિરંતર અંધારૂ છે. અઢી દ્વીપમાં સૂર્ય, ચંદ્ર વગેરે બાહ્ય નિમિત્તથી કાળ માપી શકાય છે. પરંતુ અઢીદ્વીપની બહાર સર્વસ્થળે કાળનું માપ નથી પરંતુ અવધિજ્ઞાનથી અને આયુષ્યકર્મના દલિકો પરમાણુ પરથી કાળનું જ્ઞાન ત્યાં પણ થાય છે.

**સ. ૯૩ છ એ દ્રવ્યમાં રહેલો સામાન્યગુણ ''અસ્તિત્વ ગુણ'' કોને કહે છે ? તે જાણવાથી શો લાભ ?**

જ. ૯૩ જે શક્તિના કારણે દ્રવ્યોનો કદી પણ નાશ ન થાય, કોઈથી ઉત્પન્ન પણ ન થાય તેને અસ્તિત્વ ગુણ કહે છે. **એ જાણવાથી શ્રધ્ધા થાય છે કે ''હું સ્વતંત્ર, અનાદિ અનંત મારાથી ટકી રહેનારો છું કોઈ પરથી અને કોઈ સંયોગથી મારી ઉત્પત્તિ થઈ નથી તથા મારો કદી નાશ થતો નથી.''** એમ અસ્તિત્વ ગુણને જાણવાથી લાભ થાય છે. અને તેથી મરણનો ભય ટળી જાય છે.

**સ. ૯૪ ''વસ્તુત્વ'' ગુણ કોને કહે છે ? પ્રદેશત્વ ગુણ કોને કહે છે ?**

જ. ૯૪ જે શક્તિના કારણથી દ્રવ્યમાં અર્થક્રિયા કરવાપણું હોય તેને વસ્તુત્વ ગુણ કહે છે. જેમકે ઘડાની અર્થક્રિયા પાણી ધારણ કરવું. આત્માની અર્થક્રિયા જાણવું તે. **કોઈ દ્રવ્ય એક સમય પણ પોતાનું કામ કર્યા વિના નકામું રહેતું નથી. એમ વસ્તુત્વ ગુણ બતાવે છે.** જે શક્તિના કારણે દ્રવ્યનો કોઈને કોઈ આકાર જરૂર હોય, કોઈ વસ્તુ પોતાના સ્વ-ક્ષેત્રરૂપ આકાર વિના હોય નહિ એમ પ્રદેશત્વ ગુણ બતાવે છે.

**સ. ૯૫ ''દ્રવ્યત્વ'' ગુણ કોને કહે છે ? તેના પરથી શું સમજવું ?**

જ. ૯૫ જે શક્તિના કારણથી દ્રવ્યની અવસ્થાઓ (પર્યાય) નિરંતર બદલાયા

કરે છે, નિરંતર તેના પોતાનાથી પોતામાંથી જ પરિવર્તન થયા કરે છે તેને દ્રવ્યત્વ ગુણ કહે છે. દરેક દ્રવ્યમાં પ્રયોજનભૂત ક્રિયા પોતાનાથી જ થઈ રહી છે, બીજું કોઈ તેની અવસ્થા બદલતું નથી. એના પરથી એ સમજવાનું છે કે **જીવમાં જે અજ્ઞાનદશા છે તે સદાય એકસરખી રહેતી નથી. જીવમાં રહેલા દ્રવ્યત્વ ગુણને કારણે કેવળજ્ઞાન સુધી આ અજ્ઞાનદશા પરિવર્તન પામી શકે છે તે શ્રધ્ધા દઢ થાય છે.** તે તરફનો પ્રયત્ન ચાલુ થાય છે. દરેક દ્રવ્ય નિરંતર પ્રવાહક્રમે પરિણમતી પોતાની નવી નવી અવસ્થાઓને સદાય પોતે જ બદલે છે, એમ દ્રવ્યત્વ ગુણ બતાવે છે.

**સ. ૯૬ પ્રમેયત્વ ગુણ એટલે શું ? તેનું મહત્વ શું ?**

**જ. ૯૬** જે શક્તિના કારણથી દ્રવ્ય કોઈને કોઈ જ્ઞાનનો વિષય હોય, તેને પ્રમેયત્વ ગુણ કહે છે. જગતમાં જેટલાં દ્રવ્ય છે તે બધા જ પ્રમેયત્વ ગુણવાળા છે. કારણ કે તે ગુણ બધા દ્રવ્યોનો સામાન્ય ગુણ છે. **દરેક દ્રવ્યમાં જણાવા યોગ્યપણુંહોવાથી જ્ઞાનથી કાંઈ અજાણ્યું (ગુપ્ત) રહી શકે નહિ એમ પ્રમેયત્વ ગુણ બતાવે છે.** આત્મા તો અરૂપી (દેખાય નહિ તેવો) છે, અને આપણું જ્ઞાન ઘણું અલ્પ છે, છતાં પણ આત્મામાં રહેલા પ્રમેયત્વ ગુણને કારણે આત્માનું જ્ઞાન બરાબર થઈ શકે છે, તેમજ સમ્યક્ મતિ અને શ્રુતજ્ઞાનનો વિષય થઈ શકે છે. તે જ તેનું મહત્વ છે. **યથાર્થ સમજણનો પુરૂષાર્થ કરવામાં આવે તો આતમાનું જ્ઞાન અવશ્ય થઈ શકે તે પ્રમેયત્વ ગુણ બતાવે છે. જાણવાની જ્ઞાનશક્તિ અને જણાવવાની પ્રમેયત્વ શક્તિ બંને એકી સાથે જીવદ્રવ્યમાં છે.**

**સ. ૯૭ અગુરુ લઘુત્વ ગુણ કોને કહે છે ? તે પરથી વિશેષ શું સમજવું ?**

**જ. ૯૭** જે શક્તિના કારણથી દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે એટલે કે જે ગુણના કારણે એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં પરિણમે નહીં, એક ગુણ બીજા ગુણ બને નહિ, એક દ્રવ્યના અનેક ગુણ વિખરાઈને જુદા જુદા ન થઈ જાય, એક દ્રવ્યની શક્તિ બીજા દ્રવ્યનું કોઈ કામ કરી શકે નહિ, જે દ્રવ્યો છે તે બીજા દ્રવ્યમાં ભળતા નથી, દ્રવ્યનો એક ગુણ, તે જ દ્રવ્યના બીજા ગુણનું કાંઈ કરી શકે નહિ, તેને અગુરુ લઘુત્વ ગુણ કહે છે. દ્રવ્યમાં અગુરુ લઘુત્વ નામનો ગુણ છે તેથી તેના ગુણોની સંખ્યા કદી વધતી કે ઘટતી નથી. તેથી જ તો જીવ સંસાર દશામાં એકેન્દ્રિયપણાને પામે ત્યારે તેના ગુણો ઘટી જતાં નથી કે પંચેન્દ્રિપણાને પામે ત્યારે તેના ગુણો વધી જતાં નથી. એના પરથી એ સમજવું કે... **''હું જ્ઞાન સ્વભાવી આત્મા સર્વે**

**દ્રવ્યથી ભિન્ન અને સ્વતંત્ર છું. આ શરીર, તે 'હું' નથી. હું સિધ્ધ સ્વરૂપી આત્મા છું.''** તેવો ભેદજ્ઞાન રૂપી અપૂર્વ ધર્મ પ્રગટ થાય છે.

**સ. ૯૮ પુદ્‌ગલ પરાવર્તન એટલે શું ? જીવે કેટલા પુદ્‌ગલ પરાવર્તન કીધાં ?**

જ. ૯૮ પુદ્‌ગલ એટલે ઝીણામાં ઝીણા રજકણથી માંડીને મોટામાં મોટા જે પુદ્‌ગલ તે સર્વમાં અગર તે સર્વથી જીવે પરાવર્ત કીધું. એટલે કે સમગ્ર પ્રકારે ફરવું કર્યું. સર્વમાં ભ્રમણ કર્યું, તે સર્વને લઈ લઈને મુક્યા છે, મૂકી મૂકીને ફરી ફરીને લીધા છે. તે પણ સૂક્ષ્મપણે ને બાદરપણે, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી ને ભાવથી એમ એક પુદ્‌ગલ પરાવર્તનમાં લીધા છે ને મુક્યા છે.

એક પુદ્‌ગલ પરાવર્તનમાં અનંતા કાળચક્ર વહી જાય. અનંતા કાળચક્રે એક પુદ્‌ગલ પરાવર્તન થાય. આપણા જીવે સંસારમાં ભટકતાં અનંતા પુદ્‌ગલ પરાવર્તન કીધાં છે. હવે જરા કાળનું માપ તાજું કરીએ. એક યોજન લાંબો, પહોળો અને ઊંડો કૂવો હોય તેમાં યુગલિયાના અત્યંત બારીક વાળના અસંખ્ય ટુકડાથી તે કૂવો સજ્જડ ઠાંસી ઠાંસીને એવો ભર્યો કે તેના પરથી ચક્રવર્તીનું લશ્કર ચાલ્યું જાય, પણ એક વાળ નમે નહિ. તેવા કૂવામાંથી સો સો વર્ષે એકેક ટુકડો કાઢતાં કૂવો ખાલી થતાં જેટલો સમય લાગે તેને એક પલ્યોપમનો સમય કહેવાય. તેવા દશ ક્રોડા ક્રોડ પલ્યોપમે એક સાગરોપમ થાય. એવા વીસ ક્રોડા ક્રોડ સાગરોપમે એક કાલચક્ર થાય. હવે વિચાર કરો. એક કાલચક્ર એટલે કેટલા અનંતા અનંતા વર્ષો થયા. જેની કલ્પના પણ થઈ શકે તેમ નથી. એવા અનંતા કાળચક્ર વહી જાય ત્યારે એક પુદ્‌ગલ પરાવર્તન કાળ થાય...એવા અનંતા પુદ્‌ગલ પરાવર્તન આ જીવે કીધાં છે. ક્ષેત્રથી આ ચૌદ રાજલોકમાં કોઈ એવી જગ્યા રજકણ જેવી પણ છોડી નથી જ્યાં આ જીવે પુદ્‌ગલ લઈને મૂક્યા ન હોય. મૂકીને પાછા લીધા ન હોય. જન્મ-મરણના ફેરા ફર્યા ન હોય. ૮૪ લાખ યોનિમાં એવી કોઈ યોનિ નથી જ્યાં જન્મ મરણ ન કર્યા હોય... અનંતા પુદ્‌ગલ પરાવર્તન કાળ સુધી આવી ભટકણમાં ભટકવા છતાં આ જીવને આ ભટકણનો થાક કેમ નથી લાગતો ! ભટકણનો કંટાળો કેમ નથી આવ્યો...! એ આશ્ચર્યની વાત છે. ડુંગરા ને દરિયાને વનરાજી જોઈ જોઈને રાજી થતો ને મનમાં ફૂલાતો હે માનવ...! આ વનરાજીમાં તસુભાર પણ જગ્યા એવી નથી જ્યાં તારા જીવે જન્મ ન લીધો હોય... હે જીવ ! આ પુદ્‌ગલ પરાવર્તનથી

વિરામ પામ...વિરામ પામ...પરમાંથી, બાહ્યમાંથી મનને પાછું વાળી સ્વમાં પેસ...સ્વમાં બેસ...પ્રવેશ કર...આત્મામાં લીન થા...ને જન્મ સફળ કર...

**સ. ૯૯ મોક્ષ પ્રાપ્તિ માટે ગુરૂ કોને ગણવા ? સદ્‌ગુરૂ સિવાય આત્મસ્વરૂપ થવાતું નથી. સમકિતી તથા સમપરિણામી હોય તેવા ગુરૂ ગોતવા ક્યાં ?**

જ. ૯૯ તમારી વાત સાચી છે...આ હુંડા અવસર્પિણી કાળમાં સમકિતી-સમપરિણામી ગુરૂ મળવા બહુ મુશ્કેલ છે. કદાચ એવું પણ બને કે ગુરૂની શોધમાં આખી જીંદગી વહી જાય, તો પણ સદ્‌ગુરૂની પ્રાપ્તિ ન પણ થાય. જ્યાં થોડું મન લાગે ત્યાં સહસાનિધ્યમાં રહેતા ખ્યાલ આવે કે, અરે... આમાં તો હું ભૂલ ખાઈ ગયો ચલો હવે શોધો બીજા ગુરૂ. આમ, સાધના તો સાઈડ પર રહી જાય ને ગુરૂની શોધમાં ને શોધમાં પરલોક સીધાવી જઈએ એવું પણ બને. **ગુરૂ શોધવા માટે પુરૂષાર્થ જરૂરથી કરવાનો** છતાં અમુક મુદ્દાની વાત સમજી લો તેથી તમારી સાધના સરળ બને.

ગૌતમને મહાવીર મળ્યા, પ્રદેશીરાજાને કેશી ગણધર મળ્યા, શ્રેણિકને અનાથી મુનિ મળ્યા, આ બધા ગુરૂને શોધવા નહોતા નિકળ્યા. અનાયાસે જ મળી ગયા, ને તેમના જીવનનો ઉદ્ધાર થઈ ગયો. તેમ તમારી ઉત્કૃષ્ટ ભાવનાના બળે, તમને પણ કોઈ યોગ્ય ગુરૂ જરૂર મળી જશે. આ ભવે નહિ તો આવતા ભવે, પણ જો મોક્ષ માટેની ઉત્કૃષ્ટ તાલાવેલી લાગી હશે તો મોક્ષમાર્ગ ચીંધનાર, મોક્ષમાર્ગ સહાયક અનાયાસે જરૂર મળી જશે. બાકી આમ જુઓ તો મરીચીના ભવમાં મહાવીરના જીવને ખુદ આદીનાથ દાદા ગુરૂ તરીકે મળ્યા હતા... છતાં તે ભવમાં મરીચીનો ઉદ્ધાર થઈ ગયો ? તે પછી પણ મહાવીરના જીવને ત્રેવીશ ભવ મોટા ને એકેન્દ્રિયના અનેક ભવ ભમવા પડ્યાં... માટે કોઈ મારા માથે હાથ મુકી દેશે ને મારો ઉદ્ધાર થઈ જશે. એ વાત ભૂલી જાઓ... તારે તારા પુરૂષાર્થથી જ તારા દુર્ગુણોને મૂળથી નષ્ટ કરવાના છે.

ભગવાને અલગ અલગ નયથી ધર્મ સમજાવ્યો છે તેમાં મુખ્ય બે (૧) વ્યવહારનય (૨) નિશ્ચયનય... વ્યવહાર નયથી તો આખું જગત એક ગુરૂ છે. જે જીવ કે પદાર્થ પાસેથી જે કાંઈ સારૂ શીખવા મળે તે આપણો ગુરૂ છે. નિશ્ચયનયથી તારો ગુરૂ તારી અંદર જ છે, તે છે તારો આત્મા... તારો આત્મા જ તારો સૌથી મોટો ગુરૂ છે. કર્મના આવરણથી ઢંકાયેલા આત્માને આત્મા વડે જ જાગૃત કરવાનો છે. બધુ જ જ્ઞાન આત્મામાં જ પડેલું છે. આત્મા એટલે જ જ્ઞાન. મહાવીરનું જ્ઞાન મહાવીરના

આત્મામાંથી જ પ્રગટ થયું હતું. ક્યાંય બહારથી નહોતું આવ્યું. માટે આ પંચમ કાળમાં, જ્યાં કોઈ કેવલી વિચરતા નથી.. અરે ખાસ કોઈ અવધિજ્ઞાની પણ નથી તેવા સમયમાં તારા આત્માને ગુરૂ માની સીમંધરદાદાને ગુરૂ તરીકે સ્થાપના કરી તું તારી સાધના કર. બાકી ઋણાનુબંધ પ્રમાણે જે મળવાનું હશે તે મળી જશે. આ ગુરૂની વાત નીકળી છે. ત્યારે ક્યાંક સાંભળેલી વાત યાદ આવે છે.

એક સદ્‌ગૃહસ્થને દરરોજ સામાયિકનો નિયમ હતો. બન્યું એવું કે ગૃહસ્થ સામાયિક કરવા બેસતા ને જેવા ધ્યાનમાં સ્થિર થતાં કે કોઈ દિવ્ય વ્યક્તિના એમને દર્શન થતાં. એક દિવસ ધ્યાન પૂર્ણ થતાં શ્રાવક પુછે છે કે આપ કોણ છો ? ને દરરોજ શા માટે પધારો છો ? જવાબમાં એ દિવ્યશક્તિએ કહ્યું કે હું વૈમાનિક દેવ છું. એક દિવસ મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામીદાદાને પૂછ્યું કે હે ભગવાન મારો મોક્ષ ક્યારે થશે ? અને કોના હાથે થશે ? ત્યારે સીમંધરદાદાએ આપનું નામ દઈને જણાવ્યું કે આવતી ચોવીસીમાં આપના હાથે મારો મોક્ષ થશે. માટે આપ મારા ગુરૂ છો. તેથી જ હું દરરોજ આપના દર્શન કરવા આવું છું. આ ઉપરથી સમજવાનું કે ક્યારેક પૂર્વજન્મમાં પણ આપણે કોઈકને ગુરૂપદે સ્થાપેલા હોઈ શકે. ક્યારે કોનો ક્યાં મેળાપ થઈ જશે તે આપણે ક્યાં જાણીએ છીએ ? લેણ-દેણના સંબંધ પ્રમાણે બધો તખ્તો કુદરતી ગોઠવાયા જ કરે છે. માટે વ્યર્થ સમય બગાડ્યા વગર વધુમાં વધું પ્રયત્ન અશુભભાવમાંથી શુભ ભાવમાં આવવા માટે કરવો.. ને શુભમાંથી શુદ્ધ ભાવમાં રહેવાની સાધના કરવી.

વળી જે જે જીવો સિદ્ધિ પદને પામે છે તે મોક્ષના પંદર ભેદમાંથી કોઈપણ છ ભેદે યુક્ત હોય અને મોક્ષે જાય છે. તે ભેદ આ પ્રમાણે છે. (૧) જિણ સિદ્ધ (૨) અજિન સિદ્ધ (૩) તીર્થ સિદ્ધ (૪) અતીર્થ સિદ્ધ (૫) ગૃહસ્થલિંગ સિદ્ધ (૬) અન્ય લિંગ સિદ્ધ (૭) સ્વલિંગ સિદ્ધ (૮) સ્ત્રીલિંગ સિદ્ધ (૯) પુરૂષલિંગ સિદ્ધ (૧૦) નપુંષક લિંગ (૧૧) પ્રત્યેક બુદ્ધ સિદ્ધ (૧૨) સ્વયંબુદ્ધ સિદ્ધ (૧૩) બુદ્ધબોધિત સિદ્ધ (૧૪) એક સિદ્ધ (૧૫) અનેક સિદ્ધ.

આમાંથી ભેદ નં. ૧૧ પ્રત્યેક બુદ્ધ સિદ્ધનો અર્થ એ થાય છે કે જીવ પોતાની જાતે (કોઈ ગુરુની મદદ વિના) કોઈપણ પ્રકારનું નિમિત્ત પામીને (દા.ત. સંધ્યાના રંગ, વૃદ્ધત્વ વગેરે) જે મોક્ષે જાય તે. અને ભેદ નં. ૧૨ - સ્વયં બુદ્ધ સિદ્ધનો અર્થ એ થાય છે કે જે જીવ સ્વયં

સ્ફુરણાથી પોતાની મેળે કોઈપણ પ્રકારના નિમિત્ત વિના, કોઈ ગુરૂની મદદ વિના, જાતે વૈરાગ્ય પામીને મોક્ષે જાય તે સ્વયં બુદ્ધ સિદ્ધ કહેવાય. દા.ત. કપિલ કેવળી.

તો ભાઈશ્રી... આપણે ક્યાં જાણીએ છીએ કે આ પંદર પ્રકારના મોક્ષના ભેદમાંથી આપણો નંબર કયા પ્રકારમાં છે ? માટે એક વાત સમજી લો... આપણી પાસે સાધના કરવા માટે બહુ ઓછો સમય બચ્યો છે... તે વ્યર્થમાં વેડફાઈ ન જાય. સારૂં પુસ્તક પણ સારા ગુરૂ બની શકે છે. સિમંધરદાદાને ગુરૂપદે સ્થાપિત કરી કહેવું કે ''હે દાદા મારા માટે જે ગુરૂ યોગ્ય હોય તેમને મેળવી આપો.''

**સ. ૧૦૦ જ્યારે કોઈ એકની પ્રગતિ થાય કે તેનું સારૂં બોલાતું હોય તે બીજાથી સહન થતું નથી અને ઈર્ષ્યા રૂપી આગમાં તે તેને બદનામ કરવા, નિંદા કરવા લાગી જાય છે. આ નિંદા પચાવવી ખૂબ અઘરી છે. તો તે માટે શું કરવું ?**

જ. ૧૦૦ નિંદા સાંભળી માનસિક સંતુલન ગુમાવવું નહીં પણ સંતોના વચનો યાદ કરવા તે આ પ્રમાણે.

૧) જો ભગવાન મહાવીરની નિંદા કરવાવાળા, ગૌતમ બુદ્ધની નિંદા કરવાવાળા, ઈસુ ખ્રિસ્તની નિંદા કરવાવાળા આ પૃથ્વી પર છે તો હું તો કઈ વિસાતમાં ? જેની નિંદા ન થઈ હોય એવો કોઈ સંત આ જગતમાં તમને શોધ્યો જડશે નહીં... જીવતાં એની નિંદા ને મર્યા પછી પ્રશંસા જગતની આજ રીત છે.

૨) સંતો કહે છે ''નિંદક નિયરે રાખીએ'' જો નિંદા કરવાવાળો તમારી બાજુમાં હશે તો તે તમારા માટે અરીસા સમાન છે... નિંદાનું તટસ્થ રહી વિશ્લેષણ કરો. એમાં તમારો જો કોઈ દોષ તમને દેખાઈ આવે તો તેને દુર કરવાનો પ્રયત્ન કરો.... ને મનોમન એનો આભાર માનો કે જે દોષ મને આજ સુધી નહોતો દેખાયો તે દોષ તેં મને દેખાડી દીધો. હવે હું તે દોષમુક્ત થવા પ્રયત્ન કરીશ.

૩) જો તમને કોઇ દોષ નથી દેખાતો તો એની વાતોને મનમાં લઈને દુઃખી નહી થાઓ. વિચારો કે સૂર્ય સામે ધુળ ઉડાડવાથી સૂર્યને કોઇ ફરક નથી પડતો, પરંતુ ઉડાડનારની આંખમાં જ ધૂળ પડે છે. હા... થોડો સમય ધુળના ગોટાને કારણે સૂર્ય થોડો ઝાંખો દેખાય પણ અંતે તો સૂર્યનું તેજ જ ઝળકી ઉઠે છે. તેવી રીતે હાથી પાછળ કૂતરાઓના ભસવાથી હાથીને કોઈ ફરક નથી પડતો પરંતુ ભસી ભસીને અંતે થાકી ને કુતરાઓને જ ચુપ થવું પડે છે.

૪) વિચારો કે જો તેઓ મારા શરીરની નિંદા કરતા હશે તો લોહી-માંસને ગંદકીથી ભરેલા નાશવંત એવા શરીરની હું પણ નિંદા કરૂં છું. અને જો તેઓ મારા આત્માની નિંદા કરતા હશે તો મારો ને તેમનો આત્મા તો એક જ છે. તો મારે ચિંતા કરવાની શું જરૂર છે?

૫) કોલસાને ગમે તેટલી વાર ધુઓ છતાં પણ તે તેની કાળાશ છોડતો નથી તેમ નિંદા કરનાર પોતાના દુઃસ્વભાવને છોડી શકતો નથી તેવી જ રીતે ચંદનને ઘસી નાખો કે અગરબત્તીને બાળી નાખો તે તેનો સુગંધ આપવાનો સ્વભાવ છોડતો નથી.. તેમ હે જીવ.. તુ કોલસા જેવો નહી પણ ચંદન જેવો બનજે. વૃક્ષને પથ્થર મારો તોય તે તમને મીઠા ફળ જ આપે છે તેમ તું તારી નિંદા કરનાર પ્રત્યે પણ હૃદયમાંથી પ્રેમની ધારા જ વહેવડાવજે.

૬) હે આત્મન! જ્યારે હૃદયમાં અસહ્ય પરિતાપ ઉપજે ને નિંદક પ્રત્યે દુર્ભાવના જાગી ઉઠે ત્યારે વિચારજે કે (જેવું કર્મ કર્યું હોય તેવું જ ફળ મળે) મેં પણ કોઈ જન્મમાં જાણે-અજાણે એની નિંદા કરી તેને પરિતાપ ઉપજાવ્યો હશે. હવે એ કર્મ એનું ફળ આપવા આવ્યું છે ત્યારે સમતા ભાવે વેદી લે. નહી તો એનો ગુણાકાર થઈ જશે. નિંદા કરવાવાળો તો ફક્ત નિમિત્ત છે. નિમિત્તને શું બચકા ભરવા? નિંદક પ્રત્યે દ્વેષ ઉત્પન્ન ન થઈ જાય તે માટે સજાગ થઈ જા. ક્ષણે ક્ષણે એ જીવની અંતરથી ક્ષમાયાચના કર.

૭) મારી નિંદા કરવાથી, તિરસ્કાર કરવાથી તેઓને સુખ થાય છે તો ભલે થતું... કારણ કે પ્રેમથી, સમતાથી, દૃષ્ટાભાવે સહન કરવાથી મારા તો કર્મનો ક્ષય થઈ રહ્યો છે. પોતાના માથે જવાબદારી લઈ મારા કર્મક્ષયમાં નિમિત્ત બનનાર, વગર સાબુએ મારો મેલ ધોનાર તેઓ મારા પરમ ઉપકારી છે.

૮) જે લોકો કઠોર વચનો દ્વારા, માયા પ્રપંચ દ્વારા મારા દુષ્કર્મોની ગ્રંથીને ભેદવાની ચિકિત્સા કરે છે તે મારા પરમ મિત્રો છે. જેઓ પોતાના પુણ્યનો વ્યય કરીને મારા પાપોને દુર કરે છે એના જેવા હિતચિંતક બીજા કોણ હોય? પણ આ વસ્તુ એમના અનંત સંસારનું કારણ બની જશે એનું મને અત્યંત દુઃખ છે.

૯) હે જીવ! જો ખરેખર તને ધર્મ રૂચ્યો છે, ને સાધના પથમાં આગળ વધવું છે તો આવી બધી અડચણો તો આવશે... આવી પરીક્ષાઓમાંથી પાસ થવું જ પડશે. તારે તારી પ્રશંસા સાંભળીને ન

ખુશ થવાનું છે, તારી નિંદા સાંભળીને ન દુઃખી થવાનું છે.
નિંદા, સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણેરે, તે જોગીસર જગમેં પૂરા, નિત્ય ચડતે ગુણઠાણે રે..
હવે તું જ નક્કી કર કે તારે તારા આત્માને ઉપર ચઢાવવાનો છે કે ફરી એક મિથ્યાત્વના ગુણઠાણામાં ધકેલી દઈ સંસારના ચક્કર ખાવા છે?
Choice is yours.

**સ. ૧૦૧ યોગ કેટલા? એમાં સૌથી શક્તિશાળી કયો? કેમ?**

**જ. ૧૦૧** યોગ ત્રણ છે. મનયોગ, વચનયોગ, અને કાયયોગ. એ ત્રણેયમાં સૌથી વધુ શક્તિ મનયોગની છે.

મન જે દિશામાં જાય ત્યાં એ વચન અને કાયાને ઘસડી જાય છે. માટે જ મનને જીતવાની જરૂર છે. મન જીતાયા પછી વચન અને કાયાને જીતતા વાર નથી લાગતી. મન ચંચળ છે, એ ક્યાંક ને ક્યાંક દોડવાનું અને ક્યાંક ને ક્યાંક સ્થિર થવાનું છે. આપણે આપણા મનની ભૂમિકાને જાણવી હોય તો સતત મનના વિચારોને વાંચતા રહેવું જોઈએ. મન પ્રવૃત્તિશીલ છે તો કયા વિષયમાં પ્રવૃત્તિશીલ છે, ને સ્થિર છે તો કયા વિષયમાં સ્થિર છે? આર્તમાં છે? રૌદ્રમાં છે? ધર્મ કે શુકલમાં છે? પોતાના મનની સ્થિતીને સુધારવા માટે જાણવું બહુ જ જરૂરી છે એ વિના આત્મિક ઉત્થાન શક્ય બની શકે નહીં. એકવાર ઘરમાં પેઠેલા ચોરને જોઈ જાવ તો તે નિકળવાનો જ છે. નહિ તો એ ઘરમાં રહીને જલસા કરશે. એમ મનનું અવલોકન કરતાં ખબર પડશે કે મન આર્ત તરફ જઈ રહ્યું છે તો તરત જાગૃત થઈ જાવ... મનને રોકો કે હવે મારે તિર્યંચમાં નથી જવું અનંતાભવ તિર્યંચમાં રખડીને આવ્યો છું.. બસ બહુ થઈ ગયું હવે નહીં, તેમ રૌદ્ર તરફ જતાં મનને રોકો મનને ટોકો... હવે નરકમાં નથી જવું. જીવ તારી તાકાત છે નરકના દુઃખો સમભાવે સહન કરવાની જો નથી તો જીવ આ ચારે ગતિના ભટકણમાંથી બહાર નીકળ.. હવે તો મોક્ષથી ઓછું કાંઈ ન ખપે.. આમ મન પર ચોકી પહેરો લગાવી પળે પળે આર્ત રૌદ્રમાં સરકી જતા મનને રોકો.

મનઃ એવં મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયો...

મન એજ કર્મબંધનું કારણ છે, મન એજ મોક્ષનું કારણ છે. દેવગતિમાંથી મોક્ષ નથી પમાતું કારણ જે ઉચ્ચસ્થિતી સુધી મનુષ્યનું મન જઈ શકે છે તે હાઈ લેવલ સુધી દેવોનું મન જઈ શકતું નથી. અને દેવ મરીને નરકમાં જન્મતો નથી. કારણ કે જે નિમ્નકક્ષા (નીચામાં નીચી સ્થિતી) સુધી

મનુષ્યનું મન નીચે ઉતરી શકે છે તેટલું દેવોનું ઉતરતું નથી. માટે આપણે જો આપણા મનને ઓળખીએ અને મનને જીતીએ તો કામ થઈ જાય. મન સાધ્યું એણે સઘળું સાધ્યું. પૂ. ઉપાધ્યાયજી મહારાજે પણ શ્રી વાસુપુજ્ય સ્વામીજીના સ્તવનમાં કહ્યું છે કે **''ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર''** તો આવેલી સુખદ કે દુઃખદ પરિસ્થિતીનો સમભાવે સ્વીકાર કરી મનને નિયંત્રિત કરવું તે ધર્મસાધના છે.

**સ. ૧૦૨ આવેલી સુખદ કે દુ:ખદ પરિસ્થિતીનો સમભાવે સ્વીકાર થાય તે માટે શું કરવું ?**

**જ. ૧૦૨** તે માટે કર્મના સિદ્ધાંત પ્રત્યે અવિચળ શ્રદ્ધા હોવી જરૂરી છે. આ શ્રદ્ધામાંથી પરિસ્થિતીનો સ્વીકાર કરવાનું બળ પ્રગટે છે. મને જે કાંઈ થાય છે કે મારી સાથે જે કાંઈ થઈ રહ્યું છે તે ભૂતકાળમાં કરેલા મારા જ કોઈ કર્મનું ફળ છે. અગર સુખ આવ્યું તો મારા જ કરેલા કોઈ સુકૃતનું ફળ છે. એમાં નાચવાનું શું છે ? ખુશ થવાનું શું છે ? અહંકાર કરવાનું શું છે ? શું આ કાયમ રહેવાવાળું સુખ છે ? આ તો અનિત્ય છે. ક્યારે તે દુઃખમાં પલટી ખાશે તે ખબર નથી તો એ સુખમાં રાચીને હું તિર્યંચ ગતિનું આયુષ્ય શા માટે બાંધુ ? અગર દુઃખ આવ્યું તો કોઈ વ્યક્તિને કે વસ્તુને જવાબદાર ન ગણતાં એને નિમિત્ત તરીકે જુઓ. આ તો ભૂતકાળમાં કરેલા મારા જ કોઈ કર્મનું કોઈ દુષ્કૃતનું ફળ છે. મારા જ દુષ્કાર્યની રીર્ટન ગીફ્ટ છે. કોઈ વ્યક્તિ તો મારી રીર્ટન ગીફ્ટ આપવા આવનાર દલાલ માત્ર છે. તેને જ તેનું કારણ માની મારે આર્ત-રૌદ્ર ધ્યાનમાં નથી સરકવું. હવે બહુ થયું, આ સમજ આવ્યા પછી હવે નરક-તિર્યંચ કે કોઈ ગતિ જ ન જોઈએ... હવે તો હે નાથ... એવા બનવું છે કે મારે માથે કોઈ નાથ ન હોય... પરિસ્થિતી સુખદ હોય કે દુઃખદ તેનો કર્તા હું પોતે જ છું. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે જ નહિ. કર્મના સિદ્ધાંતને સમજે જાણે, તેમાં અવિરત શ્રદ્ધા જાગે, ને અનિત્ય ભાવનામાં સ્થિર થાય તો આવેલ પરિસ્થિતીનો સમભાવે સ્વીકાર કરવાની શક્તિ જાગે.

**સ. ૧૦૩ એનેસ્થેસિયાનું ઈંજેક્શન કરોડરજ્જુમાં આપ્યા પછી પગને કાપી નાખીએ તો પણ ખબર પડતી નથી તો શું ત્યાં આત્માની હાજરી નથી ? જો આત્મા છે તો ખબર કેમ પડતી નથી ?**

**જ. ૧૦૩** આત્મા તો ત્યાં ને ત્યાં જ છે. ક્યાંય જતો રહેતો નથી. શરીરના બધા જ

ભાગમાં લોહીનું ભ્રમણ ચાલુ છે, શ્વાસોશ્વાસ ચાલુ છે, તેજ બતાવે છે કે આત્માની હાજરી ત્યાં છે. જો આત્મા ક્યાંક જતો રહે તો લોહી ફરતું બંધ થઈ જાય. પરંતુ જડ એવી દવા કે ઈંજેક્શનની અસર ચેતન એવા આત્મા પર થાય છે. આત્મા એટલે ચેતન-ચેતન એટલે જ્ઞાન જડ એવી દવા જ્ઞાનતંતુની જાણવાની શક્તિને થોડા સમય માટે બુઠ્ઠી કરી નાખે છે. માટે આત્માની ત્યાં હાજરી હોવા છતાં કાપી નાખે છતાં ખબર પડતી નથી. જડની અસર ચેતન પર થાય જ છે, એમાં આશ્ચર્ય પામવા જેવું કશુંય નથી?

જડ એવો દારૂ ચેતનને નશો પેદા ન કરે? જડ એવો ખોરાક શરીરને શક્તિ ન આપે? જડ એવા અપશબ્દો ચેતનને ગુસ્સો ન કરાવે? અરે... જડ એવા કર્મ આત્માને ભવના ચક્કર નથી ફેરવતા? અરે... આખો સંસાર એના પર ઉભો છે કે જડની અસર ચેતન પર થાય છે. સંસારમાં આટલી વિચિત્રતા જોવા મળે છે. એનું કારણ જ એ છે કે જડ એવા કર્મોની અસર ચેતન પર થાય છે. હા.. એક વસ્તુ મગજમાં લખી રાખજો કે... ચેતન અને જડ બંને સ્વતંત્ર દ્રવ્ય છે. ચેતન મટીને ક્યારેય જડ નથી બની જતો કે જડ મટીને ક્યારેય ચેતન બની જતું નથી. જડ એવા પુદ્‌ગલમાં કાયમ વાસ કરવા છતાં પણ ચેતનનો એક અંશમાત્ર પણ ક્યારેય જડ બનતો નથી. જડ એવું ઝેર જો કોઈ ગટગટાવી જાય તો ચેતન, જડ એવા શરીરને છોડીને ચાલ્યો જાય છે, પણ ચેતન જડ બની જતો નથી. હવે વાચકને એટલી તો ખાતરી થઈ જ હશે કે જડની અસર તો ચેતન પર જરૂર થાય છે. એમ જડ એવા એનેસ્થેસિયાની અસર ચેતન (આત્મા) પર થવાથી આત્માની (જ્ઞાનતંતુ)ની શક્તિ થોડા સમય માટે શિથિલ થઈ જાય છે. માટે પગ કાપી નાખીએ તો ય ખબર પડતી નથી. પરંતુ જડ એવી દવાની અસર ચેતન પર ઓછી થતાં ફરી દુઃખાવા વગેરેની જાણ થાય છે. આમાં આત્મા ક્યાંય જતો નથી રહ્યો, આત્મા ત્યાં ને ત્યાં જ છે. ફક્ત જડ એવી દવા-ઈંજેક્શનને લીધે ચેતનની જાણવાની શક્તિ બુઠ્ઠી થઈ જાય છે. તેમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ જ નથી.

**સ. ૧૦૪ આરંભ પરિગ્રહ આત્માને આગળ જતાં અટકાવે છે. તો તે માટે શું કરવું? પરિગ્રહ ન હોય તો અત્યારે વીલ પાવર ખતમ થઈ જાય.**

જ. ૧૦૪ આરંભ શબ્દનો જે અર્થ તમે સમજો છો તે વ્યવહારથી છે. નિશ્ચયનયથી આરંભ એટલે કે, જીવને અનાદિકાળથી એવી ટેવ પડી ગઈ છે કે જે કાંઈ

ઘટના બને છે તેના પ્રતિ ત્વરિત ગતિએ રાગ-દ્વેષ કરવાનું આરંભ કરવું. ચેતનને અર્ધચેતન મનમાં આ રાગ દ્વેષ જન્માવવાનો આરંભ જે થાય છે તેને અટકાવવાનો, ભગીરથ પુરૂષાર્થ આ માનવ જન્મમાં કરવાનો છે. એજ સાધના.

બાહ્ય પરિગ્રહ ઓછો કરવાથી પણ આંતરિક પરિગ્રહ ઘટાડવા માટેનું બળ મળે છે. માટે જેટલો પરિગ્રહ ઓછો થાય તેટલો કરવો. વીસ જોડી કપડાંથી ચાલતું હોય તો એકવીસમી લેવી નહિં. તમે સવારે ઉઠો ત્યારથી સૂઈ જાવ ત્યાં સુધીમાં જે જે વસ્તુઓ વાપરો છો તેનો વિચાર કરી વસ્તુમાં લીમીટ મૂકી શકો. તમારી જરૂરીયાત કરતાં ભલે તમે ડબલ છૂટ રાખો છતાં પણ કરોડોમાંથી બચી જશો. દુનિયામાં કરોડો વસ્તુ બને છે પરંતુ તમારે ૨૫-૫૦ દ્રવ્ય જ છૂટ હશે તો બાકીની વસ્તુઓ (વેજ હોય કે નોનવેજ) સાથે તમારે લેવા દેવા નહિ. આમ બને તેટલી વસ્તુઓનો ત્યાગ કરી બાહ્ય પરિગ્રહમાંથી બહાર નીકળવું. ભરપૂર પરિગ્રહના પાપમાં બેઠેલો વ્યક્તિ આત્માની સાધના કેવી રીતે કરી શકશે ? પરંતુ એ યાદ રાખવું કે... મેં આટલું છોડ્યું છે, મારે તો આટલી બાધા છે, આવું મેં પણું, મારાપણું, હું પદ, અહંકારપણું, લોકોને દેખાડવાની ભાવના, આવું કદી પણ આપણામાં પ્રવેશવું જોઈએ નહિ. નહિ તો પ્લસને બદલે માઈનસ થઈ જશે. બીજું ખાસ એ યાદ રાખવાનું કે આત્માની જાગરૂકતા ખૂબ જ મહત્વની છે. જેટલો પરિગ્રહ છોડ્યો છે તે પ્રત્યેની જાગરૂકતા જરૂરી છે... જે નથી છોડ્યું તેના પ્રત્યેના મોહને છોડવો અત્યંત જરૂરી છે.

પરિગ્રહ ન હોય તો વીલપાવર ખતમ થઈ જાય. આ મિથ્યા માન્યતા છે. એને મગજમાંથી - મનમાંથી કાઢી નાખો. મહાવીર પાસે કેટલો પરિગ્રહ હતો ? તેનો વિલપાવર ખતમ થઈ ગયો કે વધ્યો ? આ પંચમ કાળને અને આ સંઘયણને ધ્યાનમાં રાખી આપણાથી જેટલો ત્યાગ થઈ શકે તેટલો કરો... પરંતુ આ મિથ્યામાન્યતાને મક્કમતાથી વિદાય કરો નહિ તો ભવસંસાર રખડાવશે. **''ધર્મનો માર્ગ છે, શૂરાનો નહિ કાયરનું કામ જો ને...''** તમે એમ વિચારો કે મારાથી ભલે પરિગ્રહનો ત્યાગ નથી થઈ શકતો... પણ જો થઈ જાય તો મારો વિલપાવર વધી જાય. અહીં એ પણ એક વાત કહી દઉં કે **કોઈપણ ત્યાગ વિલપાવર વધારવા કે ઘટાડવા માટે નથી કરવાનો... ફક્ત મોક્ષલક્ષિતાથી જ કરવાનો છે.**

**સ. ૧૦૫ આ દુષમ કાળને ''હુંડા અવસર્પિણી કાળ'' કેમ કહ્યો છે ?**

જ. ૧૦૫ આ કાળમાં પરમાર્થમાર્ગનું (આત્માર્થ માર્ગ, મોક્ષમાર્ગ) વિશેષ કરીને દુર્લભપણું છે. પરમાર્થ માર્ગને યોગ્ય પુણ્યવાળા બહુ ઓછા જીવો હોવાથી આ કાળને દુષમ કહ્યો છે. સારા નિમિત્તો ન મળે એવો કાળનો પ્રભાવ જીવના કર્મને લઈને બને જીવોના કર્મને લઈને કાળને પણ કલંક લાગ્યું છે.મુમુક્ષુપણું, સરળપણું, નિવૃત્તિ, સત્સંગ આદિ સાધનો પરમ દુર્લભ જાણી, આ દુષમ કાળને હુંડા અવસર્પિણી કાળ કહ્યો છે.

**સ. ૧૦૬ ઉત્પત્તિ-સ્થિતી-લયની વૈદિક દર્શનની માન્યતા અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની જૈન દર્શનની માન્યતામાં શું તાત્વિક ભેદ છે ?**

જ. ૧૦૬ વૈદિક દર્શનમાં ચાર યુગ કહ્યા છે. સત્‌યુગ, દ્વાપર, ત્રેતા અને કળીયુગ. અને દરેક ચાર યુગો પૂરા થાય ત્યારે પૃથ્વીનો સંહાર થાય એમ વૈદિકદર્શન માને છે. મતલબ કે પદાર્થ નવાનવા ઉત્પન્ન થાય છે, અમુક સમય સ્થિતી રહે છે, અને પછી તેનો લય, પ્રલય કે વિનાશ થાય છે. જ્યારે જૈન મત અનુસાર દ્રવ્ય કદીપણ નાશ પામતું નથી. તે ત્રણેય કાળ ધ્રુવ જ રહે છે. તે ત્રિકાળ સત્ છે. અને ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય ક્ષણિક સત છે. જે સમયે નવો પર્યાય ઉત્પન્ન થાય છે, તેજ સમયે જુના પર્યાયનો (નાશ) વ્યય થાય છે, તેજ સમયે દ્રવ્યનું દ્રવ્યપણું તો ધ્રુવ (નિશ્ચે-કાયમ) જ છે. અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણેય સમકાળ છે. જ્યારે ઉત્પત્તિ-સ્થિતી-લયમાં સમયાંતરપણું છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં નિરંતર ટકીને બદલવાપણું છે પણ નાશ નથી. જો પદાર્થ કેવળ નાશ પામતો હોત તો આજ કાંઈપણ હોત નહીં. દ્રવ્યની ઉત્પત્તિ કે વિનાશ થતો નથી તેનો અસ્તિ સ્વભાવ જ છે. કાળ પદાર્થને માત્ર રૂપાંતર આપે છે. તેવી રીતે એક જીવ બીજા જીવનો ઘાત કરી ન શકે અથવા મૃત્યુંથી બચાવી ન શકે કારણ કે જીવ અને શરીરનો વિયોગ પોતપોતાની યોગ્યતાથી થાય છે, તેમાં આયુકર્મ પુરું થયું તે નિમિત્ત છે આ જગતમાં કોઈ બીજાને (પરને) રક્ષા કરવાવાળો કે વિનાશ કરવાવાળો છે જ નહિં.

**સ. ૧૦૭ પરિવારની સૌતેલી વ્યક્તિને જીવનમાં આગળ લાવવા માટે નૈતિક ફરજ સમજીને મદદ કરેલી હોય, અને તે વ્યક્તિ કરેલી મદદ ભૂલી જાયને આપણી સાથે દુશ્મન જેવો વ્યવહાર કરે તો શું કરવું ?**

જ. ૧૦૭ (૧) ''મેં એનું કંઈક કર્યું છે'' એ વિચાર જ મનમાંથી કાઢી નાખવો. ''મેં તો ફક્ત કોઈક જન્મનો એનો હિસાબ ચૂકવ્યો છે'' એટલું જ વિચારી... ''એ વ્યક્તિએ મને ઋણ ફેડવાનો અવસર આપ્યો'' એમ

સમજીને મનોમન તેનો ખૂબ ખૂબ આભાર માનજો. આમ કરવાથી ''મેં એનું કંઈક કર્યું છે'' એવો એવો મનમાં રહેલો સુક્ષ્મ અહંકારભાવ ઓગળી જશે ને અપૂર્વ શાંતિનો અનુભવ થશે. (૨) જ્યારે કોઈ વ્યક્તિ તમારી સાથે વેર રાખતી હોય ત્યારે નિશ્ચિતપણે માનવું કે ભલે આ જનમના નહિ તો કોઈપણ જન્મના મારે એની સાથે વેર છે, છે ને છે જ. આપણે ફક્ત આ જન્મનું જ જાણી શકીએ છીએ કે ''મેં તો આનું સારૂં કર્યું ને એણે મને આમ કર્યું'' પરંતુ આગળના કેટલાય જન્મોમાં આપણે એને કેવું કેવું કર્યું હશે, એ આપણે ક્યાં જાણીએ છીએ? માટે ભગવાનના વચનો પર શ્રધ્ધા રાખી ''કારણ વગર કાંઈ બનતું જ નથી'' એનો સ્વીકાર કરી સમતાભાવે રહેવું. (૩) સામેલી વ્યક્તિનો વાંક ન જોતા... ''મારી કર્મસત્તા જ એને મારી સાથે આવો વ્યવહાર કરવા પ્રેરે છે'' એમ સમજવું (એજ સત્ય છે) માટે નિમિત્ત બનનાર એ જીવની મનોમન ખૂબ જ ક્ષમા માંગવી ને ક્ષમા આપવી તે આ રીતે... ''હે - વ્યક્તિમાં બિરાજમાન સિધ્ધ સ્વરૂપી આત્મા (દરેક જીવમાત્રમાં નાભિની આસપાસના આઠ રૂચક પ્રદેશો સંપૂર્ણ શુધ્ધ હોય છે, તેને ધ્યાનમાં રાખી ક્ષમા માંગવી) હું મારામાં રહેલા સિધ્ધ સ્વરૂપી આત્માની સાક્ષીએ આપની ક્ષમા ચાહું છું ને આપને ક્ષમા આપું છુ.'' દરરોજ મનોમન આવી પચાસ વખત માફી માગશોતો એક દિવસ આ વેર કપાઈ જશે અને તમને કલ્પના નહિ હોય એટલો સારો વ્યવહાર એ વ્યક્તિ કરશે. (૪) સામેની વ્યકૃતિ તમારી સાથે વેર રાખૈ છે ને તમે પણ રાખશો તો બંને બાજુનું ખેંચાણ સરખું થશે... પણ તમે જો મનોમન ક્ષમા માંગતા જશો તો તમારી બાજુનું ખેંચાણ ઢીલું પડશે પછી સામેની વ્યક્તિ ક્યાં સુધી ખેંચી શકશે...? વરસે નહિ તો પાંચ વરસે, પચ્ચીસ વરસે, એકભવે... બે ભવે ક્યારેક તો એનો અંત આવશે... બાકી તો આનો અંત જ નથી... ગુણાકાર જ છે. યાદ રાખજો ''એક વ્યક્તિની સાથે પણ વેર સંબંધ હશે કે પ્રેમ (રાગ) સંબંધ હશે ત્યાં સુધી તમે મોક્ષ નહી પામી શકો...'' મનથી પણ ખાલી એ વ્યક્તિ સાથેની અપેક્ષા છોડી દેવાથી મનને કેટલી શાંતિ મળે છે તેનો અનુભવ કરજો (૫) સામેલી વ્યક્તિની દુષ્ટ હરકતથી આપણી જાતને બચાવવા સમ્યક્ પ્રયત્ન કરવો પરંતુ કાદવ સામે કાદવ ઉછાળવો નહિ (૬) વિચારજો કે ''આ જીવ અત્યારે અજ્ઞાન દશામાં મારી સાથે વેર રાખી કેવા કેવા કર્મ બાંધે છે...'' હે ભગવાન આ આત્માનું પણ કલ્યાણ થાય... આમ વિચારોને પલટવાથી

ધીમે ધીમે આખી બાજી પલટાઈ જશે... મન શાંતિનો અનુભવ કરશે... યાદ રાખજો ''રાતોરાત કોઈ ચમત્કાર થવાનો નથી, પરંતુ દરરોજ આ રીતના ભાવના ભાવવાથી તમારા આત્માનો સંદેશ તેના આત્માને પહોંચી જશે.''

**સ. ૧૦૮ આપણે તિથિ શા માટે પાળવી જોઈએ ?**

**જ. ૧૦૮** જ્ઞાની પુરૂષોએ ખૂબજ સમજી વિચારીને તિથિની મર્યાદા કરી છે. તિથિ પાળવા પાછળ વૈજ્ઞાનિક, આધ્યાત્મિક અને સામાજિક કારણો રહેલા છે. અત્યારે તો આપણે મહિનાની પાંચ જ તિથિ માંડ માંડ પાળીએ છીએ. પણ ખરેખર તો દસ તિથિ પાળવી જોઈએ. તિથિનું નિરીક્ષણ કરશો તો માલુમ પડશે કે દર ત્રીજા દિવસે તિથિ આવે છે. ત્રીજ-ચોથ છોડો પાંચમની તિથિ, છઠ-સાતમ છોડો આઠમની તિથિ, નુમ-દસમ છોડો અગિયારસની તિથિ, બારસ-તેરસ છોડો ચૌદસની તિથિ અને અમાસ-એકમ છોડો બીજની તિથિ. આમ મહિનાના દર ત્રીજા દિવસે તિથિ આવે છે. હવે તમે જુઓ આપણા આયુષ્યનો બંધ (આગામી ભવનું) પણ આ જન્મના કુલ આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે છે ત્યારે જો પર્વ તિથિ હોય, આત્મા ત્રીજું ગુણસ્થાનક છોડી ૧ થી ૭ ગુણસ્થાનકમાં હોય, અને ભાવ સતત ચડતા જતાં ન હોય કે સતત પડતા જતા ન હોય... ચડ ઉતર થતાં હોય એવા સમયે આગામી આયુષ્યનો બંધ પડે છે. જો પહેલી વાર આયુષ્યબંધ ન પડે તો બાકી રહેતા આયુષ્યના બે તૃતિયાંશ ભાગ વીત્યા પછી આયુષ્યબંધનો અવસર આવે છે. આમ આઠ વખત એવો અવસર આવે છે. દા.ત. કોઈનું આયુષ્ય લગભગ ૯૦ વર્ષનું છે તો પહેલો અવસર ૬૦ મા વર્ષે - બીજો અવસર બાકીના ત્રીસ વર્ષનો બે તૃતિયાંશ ભાગ એટલે તેના ૨૦ વર્ષ પછી એટલે કે ૮૦ મા વર્ષે... આમ ગણતા આઠ વખત ગણતા જવું. એટલે તિથિ ના દિવસે આયુષ્યબંધ પડવાની ઘણી સંભાવના છે. માટે તિથિના દિવસે અન્ય આરંભ-સમારંભ બંધ કરી અથવા ઓછા કરી પૌષધમાં અથવા વધુમાં વધુ સમય સામાયિકમાં રહીએ તો આગામી આયુષ્યનો બંધ સારો પડે.

સામાન્ય રીતે આપણે તિથિના દિવસે શાકભાજી કરતાં નથી તેથી મહિનામાં દસેક દિવસ પર્યાવરણની રક્ષા થાય. તિથિ પાળવા પાછળનું આ એક વૈજ્ઞાનિક કારણ પણ સમાયેલું છે. જો બારેમાસ બે હાથે લીલોતરીનો ઉપયોગ કરવામાં આવે તો લીલોતરીની અછત થાય. આજે

આપણે આંખ સામે જોઈએ છીએ કે વૃક્ષ આદિ લીલોતરીનું નિકંદન કાઢી નાખી આપણે કેવા તાપમાં તપીએ છીએ ને પાણી વગર ટળવળીએ છીએ. તો કેવળજ્ઞાનીના જ્ઞાનમાં તો દરેક વસ્તુ આવી જ ગઈ હોય. આજે વૈજ્ઞાનિકો સફાળા જાગીને કહે છે કે વૃક્ષ બચાવો. ભગવાને તો ૨૫૦૦ વર્ષ પહેલાં કીધું કે મહિનામાં ૧૦ તિથિ પાળો ને લીલોતરીનું રક્ષણ કરો.

તિથિ પાળવા પાછળનો ભગવાનનો મૂળ ઉદ્દેશ તો એ હતો કે તમારા આત્માને કર્મોથી મુક્ત કરો. તો વિચારો... આત્મા કર્મોથી મુક્ત ક્યારે થાય? જ્યારે નવા કર્મો બાંધે નહિ ને જૂનામાંથી એક એક નિર્જરતો જાય... તો ભાઈ આત્મા નવા કર્મોની ગાંઠો કેવી રીતે બાંધે છે તે ખબર પડી જાય તો જૂની ગાંઠો ખોલતા આવડે... મહાવીર કહે છે કે કર્મને આવવાના ત્રણ ધોરી માર્ગ છે. મન - વચન ને કાયા... મનનું, વચનનું કે કાયાનું સહેજપણ હલન ચલન થયું કે આત્માનું કંપન થશે... ને જેવું આત્માનું કંપન થશે કે કર્મોનો આશ્રવ થશે. તો નવા કર્મ આવવા દેવા ન હોય તો મન - વચન ને કાયાને સ્થિર કરો... સામાયિક કરો, પૌષધ કરો ને સમતામાં સ્થિર થાવ. હવે વચન અને કાયા તો પ્રયત્ન કરવાથી સ્થિર થઈ શકશે. પણ મનને સ્થિર કરવું, આત્માનો ઉપયોગ આત્મામાં જ રાખવો ખૂબ જ કઠીન છે. આપણા શરીરમાં ૭૦ ટકા જેટલું પાણી તો છે જ. હવે લીલોતરી ખાવ એટલે શરીરમાં પાણીનું પ્રમાણ વધે... જેમ શરીરમાં પાણીનું પ્રમાણ વધે તેમ મનની ચંચલતા વધે... તો ચિત્ત એકાગ્ર કરવાની સાધના વધુ કઠીન બની જાય... માટે તિથિના દિવસે લીલોતરી ત્યાગવાનું આધ્યાત્મિક કારણ આ છે કે મનની સ્થિરતા વધારી શકાય. ને જો મન - વચન ને કાયા ત્રણેયથી સ્થિર થવાય તો નવા કર્મોનો આશ્રવ ન થાય, ને સમતામાં રમણતા કરી જૂના કર્મો નિર્જરી શકાય. માટે તિથિના દિવસે વધુમાં વધુ સામાયિક અથવા પૌષધ દ્વારા સમતામાં સ્થિર થવાની સાધના કરવાની છે.

ચોથા આરામાં ઘરમાં ૨૮ પુરૂષો ને ૩૨ સ્ત્રી હોય તો તે ઘર ગણત્રીમાં લેવાતું અને ૬૦ માણસોની રસોઈ કરતાં દિવસના બે પહોર વીતી જતા. પુરૂષો પણ ખેતરમાં, વેપારમાં ને પશુ પાલનમાં વ્યસ્ત રહેતા તેથી ધર્મસાધના માટે બહુ સમય કાઢી શકતા નહીં. માટે જ્ઞાનીપુરૂષોએ તિથિના નિયમ એવા બનાવ્યા કે મહિનામાં દસ દિવસ સાંસારિક, આરંભ-સમારંભ ઓછું કરી વધુમાં વધુ સમય આત્મ સાધનામાં લાગી

જાય. જેથી આત્માની મુક્તિનો મારગ બને ને કદાચ આયુષ્યનો બંધ પડે તો સારો પડે. આમા જ્ઞાનીપુરૂષોએ તિથિની મર્યાદા આત્માર્થે કરી છે. જો ચોક્કસ દિવસ નિશ્ચિત ન કર્યો હોત તો આવશ્યક વિધિઓનો નિયમ રહેત નહિ. આત્માર્થે તિથિની મર્યાદાનો લાભ લેવો.

હવે જરા આજની પરિસ્થિતિ પર નજર નાખીએ. આજે દસના બદલે પાંચ જ તિથિ પળાતી થઈ. તિથિ આવી એટલે લીલું શાક નહિ ખાવાનું (મોઢું બગાડીને) એટલું જ સમજીએ છીએ. ફક્ત શાક નહિ ખાવાથી તિથિ પળાઈ જાય ? લીલોતરીના રક્ષણાર્થે અને આત્માની સ્થિરતા કાજે લીલોતરી નથી ખાવાની એ વાત ભૂલાઈ ગઈ... સાપ ચાલ્યો ગયો ને કાંચળી હાથમાં રહી ગઈ. પાછા લીલોતરીના વિકલ્પ કેવા શોધી કાઢ્યા ? સુકવણી... કોના ભેજામાંથી આ નીકળ્યું હશે ? સુકવણી એટલે તો રીબાવી... રીબાવીને મારવાનો ધંધો થયો. ને એમાં લીલોતરીનું રક્ષણ ક્યાં રહ્યું ? વળી આપણી માનસિકતા જુઓ... આજે તિથિ છે... રાંધવામાં થોડી રાહત છે, ચલો આજે પીક્ચર જોઈ આવીએ. માર્કેટીંગનું પતાવી દઈએ... કીટીપાર્ટી ગોઠવી દઈએ. વળી, આજે તિથિ છે.. તો શાક તો નહિ ખવાય પણ બ્રેડ-બટર તો ખવાય ને ? પીઝા વીથ ચીઝનો તો વાંધો નહિ ને ? એ ક્યાં લીલોતરી છે ? અરે ભાઈ.. આ તો લીલોતરી કરતાંય અતિ ભયંકર છે.. જેમાં સતત બે ઈંદ્રિય જીવોની ઉત્પત્તિ થઈ રહી છે.. જે વાસી છે.. જે અભક્ષ્ય છે.. જેમાં માંસાહાર છે.. એવું બધું આ આત્માના ઘરમાં પધરાવીને શું આત્મસાધના કરવાના હતા ? જ્ઞાનીઓએ જે હેતુસર તિથિની મર્યાદા કરી તે હેતુ તો ક્યાંયનો ક્યાંય દૂર ચાલી ગયો. તેના બદલે તિથિઓનો વાંધો કાઢી જુદા પડી 'હું જ સાચો છું' એમ સિદ્ધ કરવા તકરાર કરે છે. તે મોક્ષ જવાનો રસ્તો નથી. જ્ઞાનીના વિરહ પછી ઘણો કાળ જાય એટલે અંધકાર છવાઈ જાય. અજ્ઞાનની પ્રવૃત્તિ થાય, જ્ઞાની પુરૂષોના વચનો ન સમજાય એટલે ભેદ પાડે. સંવત્સરીના દિવસ સંબંધી એક પક્ષ ચોથની તિથિનો આગ્રહ કરે તો બીજો પક્ષ પાંચમની. તિથિ-બિથિનો ભેદ મૂકી દેવો. ભાંગજડમાં પડવું નહીં. રાગ-દ્વેષ કરી નવા કર્મોના ઢગલા જમા કરવા નહિ. ઝાડને ભાન વગર કર્મો ભોગવવા પડે છે તો મનુષ્યને નહીં ભોગવવા પડે ? જ્ઞાનીઓએ તિથિની મર્યાદા આત્માર્થે કરી છે. જો ચોક્કસ દિવસ નિશ્ચિત ન કર્યો હોત તો આવશ્યક વિધિઓનો નિયમ રહેત નહીં. સુજ્ઞ તો એ છે કે આત્માર્થે તિથિની મર્યાદાનો લાભ લે છે. કદાગ્રહમાં કાંઈ જ હિત

નથી. કદાગ્રહથી દૂર રહેવું.
'છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ.
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ.'

**સ. ૧૦૯ ધર્મ એટલે શું ? ધર્મ થયો ક્યારે કહેવાય ?**

**જ. ૧૦૯** જે આપણા આત્માને દુર્ગતિમાં પડતો ધરી રાખે તે ધર્મ. આપણા આત્માને દુર્ગતિમાં પાડવાવાળા છે....? ક્રોધ, માન, માયા, લોભ, આગ્રહ, દુરાગ્રહ, હઠાગ્રહ, રાગ, દ્વેષ વગેરે આપણા મનની અંદર ઘર કરી ગયેલા અને પોલ ભાળી ગયેલા આપણા વિકારો જે આપણને દુર્ગતિમાં પાડે છે. આપણા આત્માને નીચે ધકેલીને આપણને અનંત દુઃખની ગર્તામાં ફેંકનાર દુશ્મનો તો આપણી અંદરજ બેઠેલા છે. જે ક્રિયાથી, જે સાધનાથી, જે ધ્યાનથી, જે તપથી, જે જ્ઞાનથી, જે દર્શનથી, જે ચારિત્રથી જો આપણા આ કષાયો પાતળા પડવા લાગે, તો સમજવું કે ધર્મ થઈ રહ્યો છે. અને ગમે તેટલી ક્રિયા કરો, ધ્યાન કરો, તપ કરો, સાધના કરો, પરંતુ એકેય વિકાર ઓછો થતો, પાતળો થતોના જણાતો હોય તો સમજવું કે ધર્મ થયો નથી. વિકારો તો અંદર બેઠા ફૂલી ફલી રહ્યા છે, તો ધર્મ થયો ક્યાંથી કહેવાય?

**સ.૧૧૦ મને તો મારો ક્રોધ વિકાર, લોભ વિકાર એકદમ ઓછો થઈ ગયો હોય એવું લાગે છે ?**

**જ.૧૧૦** એવું માની લેવાની જરૂર નથી - તમારી જાતને ચેક કરતા રહો. આમ તો આપણે બધા આપણને પોતાને બહુ ડાહ્યા ડમરા ને શાંત લાગતા હોઈએ છીએ. પણ ''સળી કરોને છંછેડાઈ જાય'' ત્યારે ખબર પડે કે અહો... આ કષાય તો એના પગ જમાવીને એમને એમજ બેઠા છે. અને લોભ વિકાર? ફલાણો બહુ લોભી છે, કંજુસીઓ છે એટલે એનામાં લોભ વિકાર છે ને મારામાં નથી એવું માની લેવાની જરૂર નથી.... તારા ૫૦,૦૦૦ કોઈએ દાબી દીધા ને હૃદયમાં જે વલોપાત થાય છે ને, એય લોભ વિકારનુંજ કામ છે. અને ક્યાંકથી પચાસ હજારનો અણધાર્યો ફાયદો થઈ જાય ને હૃદયમાં જે આનંદ આનંદ વ્યાપી જાયને એય લોભ વિકારજ. જે પગ જમાવીને અંદર બેઠો છે.

જ્યારે જ્યારે કોઈ વિકાર જાગે છે ને ત્યારે ત્યારે તું નિમિત્તને જ બચકા ભરે છે. ''તું આમ બોલી, તેં આમ કર્યું, એટલે મને ક્રોધ આવ્યો. બાકી હું કાંઈ ગુસ્સો કરૂં એવો નથી.'' અરે ભાઈ....તને ક્રોધ વિકાર

આવ્યો...ક્યાંથી? તારી અંદરથીજ ને? તારા ક્રોધરૂપી કુવામાં પેલીએ તો ફક્ત અપશબ્દ રૂપી બાલદીજ નાખી છે. તે બાલદી ભરાઈને બાર આવી કેમ? કેમકે તારા કુવામાં ક્રોધ રૂપી પાણી ભરેલું જ છે. જો તારામાં ક્રોધ રૂપી પાણી હોત જ નહી તો પેલી એકશું ત્રણ બાલદી નાખતને તોય ખાલી જ આવત. તો નિમિત્તને બચકા ભર્યા વગર સ્વીકાર કરકે ‘‘મેં ક્રોધ વિકારને ખતમ કર્યો જ નથી મારામાં જે ભરેલો છે તેજ બાર આવ્યો છે.’’ મહાવીરે એનો ક્રોધ વિકારનો કુવો જ ખાલી કરી નાખેલો.... પછી એને જૂતાનો હાર પહેરાવોને...અંદર ક્રોધ છેજ નહિ તો બહાર શું આવશે? ક્ષમા જ ને? અનંતા જન્મોથી આ આત્મા કર્મોના ભારથી લદાયેલો છે. ઉદયમાં આવતા કર્મોને નવા રાગ-દ્વેષનો ટેકો આપ્યા વગર સમતામાં સ્થિર થઈ નિર્જરવામાં આવે, અને નવા કર્મ આત્મા પર જમા ન થવા દઈએ, એવી જાગૃતિ કેળવીએ તોજ કર્મોના ભારથી હળવા થવાય. જેમ જેમ કર્મોના ભારથી હળવા થવાય તેમતેમ દુર્ગુણો પાતળા પડતા જાય.

**સ.૧૧૧ પર્યુષણમાં બધાને મિચ્છામિ દુક્કડમ્ આપી દઈએ એટલે આપણામાં ક્ષમા નામનો ગુણ કેળવાયને?**

**જ.૧૧૧** આપણા મિચ્છામિદુક્કડમ્ મોટાભાગે ફક્ત શબ્દોથી જ હોય છે. મિચ્છામિદુક્કડમ્ આપ્યા પછી જો આપણા વર્તનમાં કોઈ ફરકજ ન પડે તો મિચ્છામિ દુક્કડમ્‌થી ક્ષમા નામનો ગુણ કેળવવાને બદલે...‘‘મેં તો મિચ્છામિદુક્કડમ્’’ આપી દીધા કહીને અહંમ્ નામનો દુર્ગુણ કેળવાય છે. તમારાથી એકવાર કોઈને ભૂલથી લાત વાગી ગઈ. તમે કહેશો કે ‘સોરી’ તો સામેવાલો કહેશેકે કાંઈ વાંધો નહિ. બીજીવાર લાત મારસો ને કહેશો કે ‘સોરી’, ત્રીજીવાર, ચોથીવાર, પાંચમીવાર.... પછી તમારૂં સોરી કોણ સાંભળશે? કહેશે કે જૂઠો છે. આપણે આવાજ મિચ્છામિ દુક્કડમ્ આપીએ છીએ. વળી આપણે એવા લોકોને જોરશોરથી મિચ્છામિદુક્કડમ્ આપીએ છીએ જેની સાથે અત્યારે આપણો વ્યવહાર સુમેળ છે. પણ જેની સાથે અંતરમાં ઉંડે ઉંડે પણ ગાંઠો પડેલી છે, તેને મિચ્છામિદુક્કડમ્ આપતા નથી. આજકાલ મિચ્છામિ દુક્કડમ્ હાય-હલ્લો જેવું થઈ ગયું છે. ન એમાંથી કોઈ સંસાર રસિકતા તૂટી છે, કે ન એમાં કોઈ મોક્ષલક્ષિતા ગુંથાણી છે. આવા મિચ્છામિદુક્કડમ્‌થી ક્ષમા નામનો ગુણ કેળવાવો દુર્લભ છે.

જેની જોડે અંતરમનમાં ગાંઠો ગુંથાણી છે તેને યાદ કરીને દરરોજ એકસો

વખત તમારા શુધ્ધ આત્માની સાક્ષીએ મનોમન મિચ્છામિ દુક્કડમ્ આપો. અને જ્યારે તમને લાગે કે હવે એ વ્યક્તિ મારી સાથે કેટલો પણ દુર્વ્યવહાર કરશે તોય દિલમાં એના પ્રત્યે દ્વેષ તો નહિ જ જાગે :- હું એને નિમિત્ત સમજીને મારોજ દોષ જોઈશ. ત્યારે સમજવું કે કંઈક અંશે મિચ્છામિ દુક્કડમ્ પહોંચ્યા છે. જેથી મારામાં ક્ષમા નામનો ગુણ અવિર્ભાવ પામશે.

**સ. ૧૧૨ અષ્ટપ્રકારી પુજાની રચના શા માટે કરી ?**

**જ. ૧૧૨** જ્ઞાની પુરૂષોને જે જ્ઞાન મળ્યું હતું તે દૂર દૂરના ભવિષ્યકાળ સુધી મળતું રહે તે આશયથી પૂજાની રચના કરવામાં આવી છે. પહેલાનાં સમયમાં ગ્રહણશક્તિ ઘણી હતી માટે મુખપાઠ દ્વારા જ્ઞાનનું રક્ષણ કરવામાં આવતું. ત્યારબાદ ભોજ પત્ર કે કાગળ આદિમાં લિપી બદ્ધ કરવામાં આવતું. પરંતુ ધીમે ધીમે કાળક્રમે **જ્ઞાન વિસ્મૃત કે વિકૃત થવાની શક્યતાઓનો વિચાર કરીને જ્ઞાનને સાંકેતિક ભાષામાં આપણી ધાર્મિક ક્રિયાઓમાં એવી રીતે વણી લેવામાં આવ્યું કે જ્યાં સુધી સંઘનું અસ્તિત્વ હશે ત્યાં સુધી આ જ્ઞાનનું અસ્તિત્વ રહેશે.** પૂજાની ક્રિયાએ આત્મસાધનાનું પ્રતીક છે. આઠે આઠ પૂજા એ આત્મસાધકને કેવો કેવો અનુભવ થાય છે તે બતાવે છે. **પ્રક્ષાલ પૂજા** કરતાં આપણે બોલીએ છીએ કે 'મેરૂશિખર નવરાવે હો સૂરપતિ મેરૂ શિખરે નવરાવે' આ મેરૂ એ કરોડરજ્જુનું પ્રતિક છે. અને શિખર એટલે બ્રહ્મરંધ્ર. જે સાધકને આત્મદર્શન (આત્માનો અનુભવ) થાય છે તેને બ્રહ્મરંધ્રમાંથી અમૃતરૂપી ક્ષીરરસ ઝરે છે. તેનાથી થતાં અભિષેક દ્વારા આત્મા ઉપરના કર્મરૂપી મળ ધોવાય છે. આમ આત્મદર્શન થયા પછી સમ્યક્ દર્શન થયા પછી જે સુધારસનો સ્ત્રાવ સાધકને થાય છે તેને મેરૂશિખર ઉપરના ભગવાનના મસ્તક પર થતાં અભિષેક રૂપે વર્ણવ્યો છે. આમ આત્મદર્શનનો અધિકારી કોણ બને ? કોને થઈ શકે ? તો તે **જલપૂજા** ના દુહામાં વર્ણવ્યું છે. આપણે બોલીએ છીએ કે 'જ્ઞાન કળશભરી આત્મા સમતા રસ ભરપૂર, શ્રી જિનને નવરાવતાં કર્મ થાયે ચકચૂર...' આ બોલતાં કોઈ દિવસ વિચાર્યું છે કે આપણે બોલીએ છીએ અલગ ને કરીએ છીએ કંઈક અલગ... બોલીએ તો છીએ કે આત્મારૂપી જ્ઞાનનો કળશ ભરવાનો છે. ને હાથમાં તો સોના-ચાંદીનો કળશ લઈએ છીએ. આત્મારૂપી જ્ઞાનન કળશમાં સમતારૂપી રસ ભરવાનો એમ બોલીએ છીએ ને ભરીએ તો છે પાણી. તો આ પાણી એ હૃદયમાં રહેલી સમતાનું પ્રતિક છે. સોના-રૂપાના કળશ એ આત્મારૂપી જ્ઞાનનું કળશનું પ્રતિક છે. જે સાધક પોતાના

સુખના કે દુઃખના પ્રસંગમાં આત્મારૂપી કળશમાં એ જ્ઞાન હાજર કરે છે કે સુખ હોય કે દુઃખ કાંઈજ કાયમ નથી રહેવાનું. મારા જ કરેલા કર્મના વિપાક રૂપે આજે મને એ પ્રાપ્ત થયું છે. પણ એ બધું જ વિનાશી છે. દેર-સબેર ચાલી જવાનું છે. અનિત્ય છે. આવા જ્ઞાન સાથે જે સાધક, સુખમાં નાચી ઉઠતો નથી કે દુઃખમાં આક્રંદ કરતો નથી એ સાધક સંપૂર્ણ સમતામાં સ્થિર થાય છે. અને જે આવા સમતા રસથી પોતાના જિનને એટલે કે અંદર રહેલા આત્માને નવરાવે છે. તે સાધકના કર્મમલ ચકચૂર થાય છે. તમારા પોતાના આત્માનું પ્રતિક છે, પરમાત્માની મૂર્તિ. જેને આટલું સમજમાં આવ્યું હશે તેને તરત ખ્યાલ આવશે કે આ અભિષેક પૂજા શેનું પ્રતિક છે ને તેના દ્વારા જ્ઞાનીઓ આપણને શું સમજાવવા માંગે છે. જે વ્યક્તિ, જે સાધક, આ રીતે પોતાના આત્માને સમતા રસમાં રાખે છે. ઘટના પ્રિય હોય કે અપ્રિય, રાગ કે દ્વેષમાં ખેંચાતો નથી. તે જ સાધક એક પછી એક કર્મ ને ચકચૂર કરતાં કરતાં આત્મદર્શનની પ્રાપ્તિ થાય છે. અહીં ફક્ત પ્રક્ષાલપૂજા વર્ણવી છે. ને તેમાં પ્રતિકરૂપે જ્ઞાનીઓએ કેવું જ્ઞાનને જીવંત રાખ્યું છે તે જુઓ. અને જરા પોતાના તરફ દૃષ્ટિ કરો....પ્રક્ષાલપૂજા કરતાં પણ મન કેટલું સમતામાં સ્થિર હોય છે ? વિચાર તો કરો જરા કોઈએ ક્રિયા બરાબર ન કરી તો મનમાં તરત દ્વેષ જાગે છે. કોઈ ઓળખીતું આવી ગયું તો મનમાં રાગ જાગે છે. તમે આવ્યા ને પ્રક્ષાલપૂજા કરવા ન મળી તો દ્વેષ જાગે છે...કોઈ તમારી રાહ જોઈને ઊભું રહ્યું હોય તો તેના માટે રાગ જાગે છે...અરે જરા મનને ચેક તો કરો ...ભલે તમે કાંઈ બોલો કે ન બોલો મનમાં સૂક્ષ્મપણે કેટલા રાગ-દ્વેષને જન્મ આપો છો... ને પાછા મોઢેથી બોલો તો છો...'સમતા રસ ભરપૂર..' પણ હૃદયમાં સમતાનો છાંટો હોતો નથી... જે સ્થાન, જે મંદિર રાગ-દ્વેષ છોડવા માટેનું સ્થાન છે તે સ્થાન પર તમે રાગ-દ્વેષ જગાવીને ચિકણા કર્મ બાંધો છો. ..જેને ખરેખર આ પ્રતિક રૂપે મૂકાયેલી પ્રક્ષાલ પૂજાનું રહસ્ય સમજાયું હશે તેના ભાવ ચોક્કસ ફરી જશે. આત્માને ભૂલી ને બધી જ ક્રિયાઓ કરી રહ્યા છીએ. માટે જ ક્રિયાઓ નિષ્ફળ જાય છે. આજે આપણા માટે પુજાને પ્રતિમા મુખ્ય બની ગયા છે. તેના કેન્દ્રમાં રહેલ આત્મા ભૂલાઈ ગયો છે. દેરાસર, મંદિરો, પ્રતિમા, પૂજા એ બધું જ આત્માને ભૂલી ન જાવ તેના માટેનું પ્રતિક છે.

**સ. ૧૧૩ દેરાસર, મંદિર, પ્રતિમા એ પણ પ્રતિકરૂપે છે...સમજાવો...**

જ. ૧૧૩ પ્રતિમા એ દેહમાં રહેલ શુદ્ધ આત્મતત્ત્વનું પ્રતિક છે. દેરાસરમાં પ્રતિમા ગભારામાં હોય છે કેમ ? કેમકે દરેક નો આત્મા કાર્મણ અને તૈજસ શરીરથી પરે મહાતત્ત્વરૂપી ગભારામાં બિરાજે છે. (શરીર કુલ પાંચ પ્રકારના છે. દેવ અને નારકીને **વૈક્રિય** શરીર હોય છે. લબ્ધિધારી મુનિ પોતાની ઈચ્છા અનુસાર **આહારક** શરીર ઉત્પન્ન કરી શકે છે. મનુષ્ય અને તિર્યંચનું **ઔદારિક** શરીર છે. આ સિવાયના બે, **તૈજસ અને કાર્મણ** શરીર દરેકે દરેક જીવમાત્રને હોય છે.) આ રીતે જોતાં આપણને અત્યારે ત્રણ પ્રકારના શરીર છે. ઔદારિક, તૈજસ ને કાર્મણ. દેરાસરમાં જેમ પહેલાં પ્રવેશતાં મંડપ-રંગમંડપ હોય છે. તે આ દેહાલયના ઔદારિક શરીરનું પ્રતિક છે. ઔદારિક શરીરથી સૂક્ષ્મ તૈજસ શરીર હોય છે. ને કાર્મણ શરીર તેનાથી પણ સૂક્ષ્મ છે. આત્માનું જ્ઞાન કાર્મણ શરીરથી ઢંકાયેલું છે. કર્મની નિર્જરા કરતાં કરતાં આત્મા કર્મથી હળવો થતાં આત્મદર્શન થઈ શકે છે. રંગમંડપ પછી અંદર જઈએ એટલે પ્રાર્થના હોલ. જે તૈજસ શરીરનું પ્રતિક છે. તેની અંદર ગભારો હોય તે કાર્મણ શરીરનું પ્રતિક છે ને ગભારામાં બિરાજમાન પ્રતિમા તે શુધ્ધ આત્મસ્વરૂપનું પ્રતિક છે. તમે શંખેશ્વરનું દેરાસર નજર સમક્ષ લાવો એટલે આ ચારેય વસ્તુ સમજાઈ જશે... પહેલાં મંડપ-રંગમંડપ, પછી પ્રાર્થના હોલ, પછી ગભારો ને પછી તેમાં મૂર્તિ. તેવી જ રીતે જે બાહ્ય દેખાય છે તે (અનુક્રમે) આપણું ઔદારિક શરીર, તેમાં તૈજસ શરીર તેમાં કાર્મણ શરીર તેમાં બિરાજમાન આત્મા. હવે ખ્યાલ આવી ગયો હશે કે આ મંદિર શેનું પ્રતિક છે ? પ્રતિમા શેનું પ્રતિક છે ? માટે જ્યારે પ્રતિમાના દર્શન કરીએ છીએ ત્યારે 'હું મારામાં ને ઘટમાં વ્યાપેલા શુદ્ધ આત્મતત્ત્વનું દર્શન કરૂં છું. એ આત્માને હું જ્યારે મારા અનુભવથી પ્રાપ્ત કરીશ તેના માટે હું ધ્યાન સાધના દ્વારા મારા કર્મ ને ચકચૂર કરીશ ત્યારે જ સાચા અર્થમાં મને સમ્યગ્ દર્શન થશે..' એ વાત ભૂલાવી ન જોઈએ.

**સ. ૧૧૪ ગભારામાં અત્યંત અંધકાર હોય છે ને ત્યાં ઘી ના દીવાની અખંડ જ્યોત જલતી હોય છે તે શેનું પ્રતિક છે ?**

જ. ૧૧૪ ગભારામાં રહેલ અત્યંત અંધકાર એ આપણી અંદર રહેલ અજ્ઞાન રૂપી અંધકારનું પ્રતિક છે. આત્મા પોતે તો દેદિપ્યમાન છે. પરંતુ તેના ઉપર લાગેલા કર્મપડને લીધે અજ્ઞાન છવાયું છે. એ અજ્ઞાન એ જ અંધકાર જેમકે ફાનસમાં જ્યોત જલતી હોય પણ ફાનસના કાચ પર જામી ગયેલી કાળાશને લીધે જ્યોતિનો પ્રકાશ બાર આવતો નથી. તેમ આત્મા પર જામેલ કર્મને કારણે જ્ઞાનનો પ્રકાશ બહાર આવતો નથી. અને અજ્ઞાનનો

અંધકાર છવાઈ જાય છે. પરંતુ ગભારામાં ભલે ગમે તેટલો અંધકાર હોય પણ દિપક પ્રગટાવવાથી પ્રતિમાના, ભગવાનના દર્શન થાય છે. ગભારામાં રહેલ દીપક એ જ્ઞાનનું પ્રતિક છે. અને પ્રતિમાજી એ આપણી અંદર રહેલ શુદ્ધ આત્મ તત્ત્વનું પ્રતિક છે. ગભારામાં રહેલ દિપક બતાવે છે કે જો આપણામાં જ્ઞાન રૂપી દિપક પ્રગટે તો તેના પ્રકાશમાં અને ચિત્તશુદ્ધિની અવસ્થામાં જ આત્માના દર્શન થાય છે. આત્મદર્શન એટલે સમ્યક્ દર્શન.

**સ.૧૧૫ પૂજાની ક્રિયા શેનું પ્રતિક છે ?**

**જ. ૧૧૫** પૂજાની ક્રિયા આત્મસાધનાનું પ્રતિક છે. **આત્મસાધનામાં પ્રગતિ થતાં કેવા કેવા પ્રકારના અનુભવો સાધકને ક્રમવાર થાય છે તે દર્શાવવા ક્રમબદ્ધ કરીને પૂજા દર્શાવી છે. દા.ત. ચંદનપૂજા...** આ પહેલાં પ્રક્ષાલ પૂજા સમજાવ્યું કે સાધકને આત્મદર્શન થાય છે જે સ્રાવ થાય છે ત્યારે બ્રહ્મરંધ્રમાંથી તેનું આ પ્રતિક છે. ચંદન પૂજાનો ગુણ શીતલતા આપવાનો છે. જે સાધક આ રીતે સુધારસનું પાન કરે છે તે વ્યક્તિની મુખમુદ્રા પર દરેક જાતના કઠોર ભાવો અદૃશ્ય થઈને શાંત-શીતલ ભાવ રહે છે. અને એનો સ્વભાવ પણ શીતલ બની જાય છે... જે સાધક આત્મસાધના, ધ્યાનસાધનામાં આગળ વધ્યા છે ને થોડો પણ અનુભવ થયો છે તે સાધક આ વાત, આ અનુભવ ઘણો સારી રીતે સમજી શકશે... પરંતુ જેણે આ તરફ પગલું જ નથી ભર્યું તેને કઈ રીતે સમજાવવું ?

**સ. ૧૧૬ : અષ્ટ પ્રકારી પૂજાના રહસ્ય જણાવો. ધૂપ પૂજા શેનું પ્રતીક છે ?**

**જ. ૧૧૬ :** ધ્યાન સાધનામાં આગળ વધતાં સાધકને કેવા કેવા પ્રકારના અનુભવ થાય છે. તેના પ્રતીકરૂપે અષ્ટપ્રકારી પૂજા ક્રમવાર મૂકી છે. દરેક પૂજાના ગૂઢ રહસ્યો છે. પણ અમુક રહસ્યો તો જે સાધકે ધ્યાનસાધનામાં પ્રગતિ કરી છે તેજ સમજી શકે છે એમ છે... જેટલું સમજાવી શકાય તેટલું સમજાવવા પ્રયત્ન કરીશ... ધૂપપૂજામાં આપણે બોલીએ છીએ ને,

**'ધ્યાન ઘટા પ્રગટાવીએ, વામ નયન જીન ધૂપ'**
**'મિચ્છિત દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મ સ્વરૂપ.'**

ક્યારેય વિચાર કર્યો છે કે પ્રગટાવીએ છીએ તો ધૂપ, ઘટા તો ધૂપના ધૂમાડાની થાય છે પણ બોલીએ છીએ ધ્યાન ઘટા પ્રગટાવીએ. આ બોલવાને કરવા વચ્ચેનો તફાવત સમજમાં આવી જશે તોય એટલી તો ખાતરી થઈ જશે કે આ ક્રિયા તો કાંઈક બીજી ક્રિયા સમજાવવાના

પ્રતિકરૂપે મુકી લાગે છે!!! એમાં એમ કહેવા માંગે છે કે જો આપણા અંતરમનમાં ધ્યાનની ઘટા પ્રગટે... મૂર્તિનું ધ્યાનસ્થ સ્વરૂપ જોઈને, આપણે આપણા સ્વસ્વરૂપમાં ધ્યાનસ્થ થઈએ. મન વચન કાયાના વ્યાપાર બંધ કરી, આત્માનો ઉપયોગ આત્મામાં જ રાખીને સ્થિર થઈએ, મનને પ્રમાદમાં ન જવા દઈએ. તો જેવી ધૂપની ઘટા બાર પ્રગટી છે તેવી ધ્યાનની ઘટા અંદર પ્રગટે. પહેલી તો વાત એ છે કે... આપણા એક એક સૂત્રમાં એકેક દુહામાં... એકેક સજઝાયમાં ધ્યાનની વાત આવે છે... પણ જ્યારે કોઈ ધ્યાનની વાત કરે છે, ત્યારે આપણને લાગે છે કે... આ કંઈ આપણા ધરમનું નહીં બીજાના ધરમની વાત છે... આમ આપણું ઉત્કૃષ્ટ અગ્યારમું તપ 'ઝાણં' એટલે કે ધ્યાન તદ્દન વિસરાઈ ગયું છે. તે ખૂબજ દુઃખની વાત છે. પહેલા તો એ સમજો કે પ્રમાદ કોને કહેવાય?

આપણે એટલું જ સમજીએ છીએ ને કે, આળસ કરવી, ઊંઘી જવું એ બધું પ્રમાદ છે... પણ ના... તમે એટલું તો વિચારો કે ગૌતમ જેવા ગણધરને ભગવાને એમ કહેવું પડે કે 'હે ગૌતમ તું એક ક્ષણ માટે પણ આળસ ન કરતો, એક સમય માટે પણ ઊંઘી ન જાતો.' તો ભગવાને એમ કેમ કહ્યું કે, 'સમયં મા પમાયં ગોયમ્' હે ગૌતમ તું એક સમય માટે પણ પ્રમાદ ના કરતો??? સમય જતાં શબ્દોનાં અર્થ બદલાઈ જાય છે. ત્યારે પ્રમાદનો અર્થ એ હતો કે 'આત્માનો ઉપયોગ આત્મામાં જ રાખવો, આત્માની બહાર ન જવા દેવો' 'પર' માં ઉપયોગ જવા દેવો એનું નામ જ પ્રમાદ. તારૂં શરીર પણ તારા માટે 'પર' છે. તમારા શરીરમાં કે બીજા કોઈમાં કે બીજી કોઈ ચીજ-વસ્તુમાં તમારૂં મન ગયું હોય તો તેટલા સમય માટેનો પ્રમાદ થયો કહેવાય. ગૌતમનું મન તો તેના શરીરમાંય નતું જતું તો ક્યાં જતું હતું?? ખુદ મહાવીરમાં... કેમકે મહાવીર પર તેને રાગ રહી ગયો હતો... તમે ક્યાંય કોઈ પણ દેરાસરમાં એવી મૂર્તિ જોઈ કે તે અહીં તહીં ડાફોળિયા મારતી હોય કે એમના મોઢા પર પણ એવા કોઈ હાવભાવ જોયા કે જેથી એમ લાગે કે આ મૂર્તિનું મન બીજે ક્યાંય ચોંટ્યું છે? તો ધૂપ પૂજા એમ કહે છે કે... 'આ મૂર્તિનું અવલંબન લઈને, તું તારા આત્માનો ઉપયોગ તારી અંદર રાખીને તારામાં જ સ્થિર થા... તારી જ અંદર તું જો, તો જ આવી ધ્યાનની ઘટા પ્રગટશે..' જેમ સુગંધી ધૂપ પ્રગટાવવાથી અન્ય નહીં ગમતી દુર્ગંધ દૂર થાય છે ને વાતાવરણ સુગંધમય બને છે તેમ અંતરમનની

અંદર ધ્યાનઘટા પ્રગટાવવાથી 'મિચ્છત દુર્ગંધ દૂરે ટળે' એટલે કે નહી ઈચ્છવા યોગ્ય દુર્ગંધ જેવા કર્મો નિર્જરાપામી દૂરે ટળે છે. ને આ કર્મોરૂપી કાળાશ દૂર થાય, તો જ તે આત્માનું સ્વરૂપ છે તે પ્રગટ થાય... કર્મો શુભ હોય કે અશુભ હોય, કચરાના મોટા ઢગલા જેવા છે. ને આત્મા એ કચરામાં છુપાયેલ રત્ન સમાન છે. જો ધ્યાનની ઘટા પ્રગટે તો કર્મરૂપી કચરો દૂર થતાં થતાં ક્યાંકથી જરાક પણ આત્મરૂપી રત્નનું દર્શન થઈ જાય. આત્માનો પ્રકાશ બહાર આવે, આત્મદર્શન, સમ્યક દર્શન થઈ જાય. 'મિચ્છત દુર્ગંધ દૂરે ટળે તો પ્રગટે આત્મસ્વરૂપ'

**સ. ૧૧૭ : હવે દિપક પૂજા સમજાવો. તે શેનું પ્રતીક છે ? શું કહે છે ?**

જ. ૧૧૭ : **''દ્રવ્ય દિપક સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક...**
**ભાવ પ્રદિપ પ્રગટ હુએ, ભાસિત લોકાલોક...''**

એમ કહે છે કે એક દ્રવ્ય દિપક પ્રગટ કરવો હોય તોય કેટલી વિવેકની જરૂર પડે છે... જેમકે હવાના ઝપાટા આવતા હોય તો દિપક પ્રગટ ન થઈ શકે, તે માટે બારી-બારણા બંધ રાખવા પડે. છતાંય દ્રવ્ય દિપક પ્રગટ ન થાય તો આડો હાથ રાખવો પડે. વાટ બરાબર છે કે નહિ, ઘી પુરેલું છે કે નહીં તે જોવું પડે... તેવી જ રીતે અંતરમાં આતમનો ભાવપ્રદીપ પ્રગટ કરવા માટે શરીરરૂપી ઘરના પાંચેય ઈંદ્રિયરૂપી બારી-બારણા બંધ કરવા પડે. છતાં પણ મન જો તોફાને ચડ્યું હોય તો શ્વાસનું આલંબન લઈને મનને સ્થિર કરવું પડે. શ્રદ્ધારૂપી વાટને સમતા રૂપી ઘી પૂરવું પડે. ત્યારે... સમ્યક જ્ઞાનરૂપી જ્યોત પ્રગટ થાય ને જ્યોતના પ્રકાશમાં દુઃખ ઉત્પન્ન કરનાર આપણી અપેક્ષાઓ, ઈચ્છાઓ, રાગ, દ્વેષ, મોહનું દહન થવા લાગે છે. ને આ સંસારમાં આપણને દુઃખરૂપ ભાસે તે દુઃખ ફોક થવા લાગે છે ને આ ભાવ પ્રદીપ પ્રગટ થતાની સાથે લોક અને અલોક ખરેખર શું છે ? કેવું છે ? તેની જાણ થાય છે. ભાસિત લોકાલોક. 'જે પીંડે તે બ્રહ્માંડે' લોકનો આકાર પણ આ શરીરના આકાર જેવો છે. કમ્મર પર બે હથેળી ટેકવી, બે પગ પહોળા કરી ઉભેલા પુરૂષ જેવો આ લોકનો આકાર છે. આત્મજ્ઞાનનો દ્વીપ પ્રગટ થતાં એના પ્રકાશમાં લોકાલોક શું છે ? કેવું છે ? તે પોતાના આત્મઅનુભવથી જણાયછે. અત્યારસુધી જે જાણ્યું તે બીજાના અનુભવથી જાણ્યું. મહાવીરે જે જણાયું તે તેનો અનુભવ... મારા માટે તો એ પરાયું જ્ઞાન, શાસ્ત્ર જ્ઞાન... પણ એજ જ્ઞાન જો મારા આત્મામાંથી, મારા અનુભવમાંથી પ્રગટે તો તે મારા માટે સમ્યકજ્ઞાન. તો દિપકપૂજા એ બતાવે છે કે

આત્મસ્વરૂપ પ્રગટતાની સાથે આ શરીર શું છે? આત્મા શું છે? એક ક્ષણની અંદર અનંતીવાર ઉત્પન્ન થઈને નાશ પામનારા આ તરંગો શું છે? આ 'ઉપનેઈવા' 'વિગમેઈવા' શું છે? આ ક્ષણ ભંગૂરતા શું છે? શરીર-ચિત્ત અને મનના પ્રપંચો શું છે? જેને હું 'હું-હું' ને 'મારૂ-મારૂ' કરૂં છું એ શું છે? તો પછી આ બધાની પેલેપાર 'ધુવમેઈવા' શું છે? આ ત્રણ શબ્દ જેને ત્રીપદી કહેવાય છે, જે ત્રીપદી પરથી ગણધરોએ ચૌદપૂર્વની રચના કરી છે તે ત્રીપદીનું જ્ઞાન, સ્વ અનુભવથી, આત્મ અનુભવથી આત્મામાં પ્રગટ થાય છે તેને કહેવાય છે, જ્ઞાન દીપક પ્રગટ થયો. આ અનુભવ સમજાવવા માટે આપી દિપકપૂજા.

**સ. ૧૧૮: પહેલા ધૂપપૂજા પછી દિપકપૂજા કેમ?**

જ. ૧૧૮ : કેમકે જો ધ્યાનરૂપી ઘટા અંતરમનમાં પ્રગટ થાય... તો નહીં ઈચ્છવા યોગ્ય દુર્ગંધ સમાન કર્મો નાશ પામતા જાય, નિર્જરા થતા જાય, તો આત્મસ્વરૂપ પ્રગટે. જો આમ આત્મદર્શન, સમ્યકદર્શન થાય તો સ્વ આત્મ અનુભવમાંથી જ્ઞાન પ્રગટે. જે શાસ્ત્રનું જ્ઞાન છે, તે તમારૂં પોતાનું પોતાના અનુભવમાંથી ઉત્પન્ન થનારૂં જ્ઞાન બને. તોજ જ્ઞાનનો દિપક પ્રકટે, જેમાં સર્વ દુઃખના કારણો જે તમારી અંદરજ છે તેનો નાશ થાય ને લોકાલોકનું જ્ઞાન થાય. જો તત્ત્વને પકડી શકો તો એક એક શબ્દમાં તત્ત્વજ્ઞાન ભર્યું છે. પણ સ્વ અનુભવ વગરની સમજણ નકામી છે. આટલું જાણ્યા પછી કદાચ એટલી તો સમજ પડી જ હશે કે ધૂપ અને દીપ આમ આમ ફેરવીને મૂકી દેવા માટે નથી. તેમાંથી તત્ત્વ પકડીને આચરીએ તો કામ સધાય તેવું છે.

**સ.૧૧૯ : 'શાસ્ત્રમાં વિધિ છે કે જિનાજ્ઞા પ્રમાણે, ભવ્યતાપૂર્વક દ્રવ્યપૂજા કરીને, ધર્માત્મા શ્રાવક મનમાં વિચારે કે આ પરમતત્ત્વની આકર્ષક અંગરચના કે ઉત્તમ વિધિપૂર્વકની ઉદારતાયુક્ત દ્રવ્યપૂજા જોઈ લાયક જીવો બોધીબીજ પ્રાપ્ત કરે અને તેના દ્વારા આગળ વધીને ભવિષ્યમાં આ છકાયના રક્ષક બને, તેમ જ મને પણ પરમાત્માના પૂજાના ફળરૂપે શીઘ્રતાથી ચારિત્રની પ્રાપ્ત થાય અને હું પણ આ છકાય જીવોનો રક્ષક બનું.' આ વાત ઉંડાણથી સમજાવો.**

જ.૧૧૯ : આપણો ધર્મ આત્મધર્મ છે. મહાવીરે આત્માને જેટલી પ્રતિષ્ઠા આપી છે તેટલી કોઈએ પણ નથી આપી. ભગવાન શ્રી મહાવીરે પોતે ભૌતિક ચીજ-વસ્તુનો ત્યાગ કર્યો હતો. તે મહાવીર કોઈ ભૌતિક ભવ્યતાની વાત કરે નહીં. માટે જે ભવ્યતાપૂર્વક દ્રવ્યપૂજા કરવાની કીધી છે તે ભવ્યતા કોની આત્માની ભવ્યતા. આપણે સમજ્યા કે ભવ્યતા એટલે ઠાઠમાઠ,

આડંબર, કિંમતી ચીજ વસ્તુઓ ઢોલ નગારા...) તો આત્માની ભવ્યતા શું ? તમારા આત્માની એવી ભવ્યતા પ્રાપ્ત કરો કે જેમાંથી આડંબર, ખોટો દેખાડો, હું જ કાંઈક છું કે મારી પાસે કાંઈક છે એ બતાવવાની ભાવના, કોઈની ઈર્ષ્યા, નિંદા, દુરાગ્રહ, હઠાગ્રહ વગેરે દુર્ગુણો પાતળા પડી ગયા હોય... એવી આત્માની ભવ્યતાપૂર્વક દ્રવ્યપૂજા કરવાની કીધી છે. જેના આત્મામાં આવા દુર્ગુણો ભર્યા પડ્યા છે, તેને તો પોતે લાવેલા દ્રવ્યનો પણ મદ ચઢશે. 'આ મારૂં છે, હું લાવ્યો છું, મેં ચઢાવો લીધો છે.' આ 'હું મારૂં અને મેં' આ દ્રવ્યનું નિમિત્ત પામીને જે 'હું પદ' ઉભું થયું તે કેટલા કર્મોના ઢગલા તીર્થ સ્થાનમાં કરાવશે ? (જો તમે લાવેલું ઉત્તમ ફળ કે ફૂલ ભૂલથી કોઈ બીજાએ ચઢાવી દીધું તો તમારી અંદરની હાલત કેવી ? 'અરે... આ તો મારૂં હતું... હું લાવ્યો તો... ચઢાવતા પહેલા પૂછો તો ખરા...' આને તમે આત્માની ભવ્યતા કહેશો ? અરે ભગવાનની પૂજા કરતાં કરતાં પણ ધ્યાન તમે લાવીને મૂકેલા દ્રવ્યમાં... ભગવાનમાં નહીં... તો આ પૂજાને ભવ્યતાપૂર્વક પૂજા કરી ન કહેવાય... તો જે ભવના ફેરા ઓછા કરવા માટે આત્માની આવી ભવ્યતા પ્રાપ્ત કરવાની છે, તે ભવ્યતા એક બાજુ રહી ગઈ, પણ ભવ્યતા શબ્દ પકડી લીધો. પણ શબ્દની ભવ્યતા દૂર ફેંકાઈ ગઈ... ને ભૌતિક ભવ્યતામાં રમી રહ્યા... જે મહાવીરે ભૌતિકને છોડ્યું હતું, તે મહાવીર કદી પણ ભૌતિક ભવ્યતાની વાતો ન કરે... તો ભવ્યતાપૂર્વક દ્રવ્યપૂજાનો અર્થ એ છે કે આત્માની ભવ્યતા પ્રાપ્ત કરી હોય તો પછી દ્રવ્યપૂજા કરવામાં વાંધો નથી.

જૂઓ આમાંજ બીજી લાઈનમાં આજ વાતની સ્પષ્ટતા કરી છે કે 'દ્રવ્યપૂજા જોઈને લાયક જીવો બોધિબીજ પ્રાપ્ત કરે.' એટલે કે દ્રવ્યપૂજાનો લાભ એજ મેળવી શકે છે જે જીવોએ ભૌતિકમાંથી મન બાર કાઢી લીધું છે. જે ભૌતિક સામગ્રીમાં લપેટાતા નથી એવા લાયકજીવો જ અંગરચના વગેરે જોઈને એવો ભાવ કેળવી શકશે કે 'આવા કરોડો રૂપિયાના, સાવ સોના અને રત્નોથી મઢેલા, જરકસી જામાને મુકુટ છોડીને આ ભગવાન એકલપંડે જંગલમાં ચાલી નીકળ્યા... મારામાં આવી લાયકાત ક્યારે આવશે ? ને જેનામાં આટલી પણ લાયકાત પેદા નથી થઈ એવા આપણે પંચમકાળના છેવટના સંઘયણવાળા જીવો અંગરચના જોઈને શું વિચારીએ છીએ કે... આંગી કેટલી સરસ છે... ભગવાન કેટલા સુંદર દેખાય છે... પણ અહીં ટીકલાના બદલે મોતી વાપર્યા હોત તો સારૂં

લાગત. અહીં ગ્રીનના બદલે રેડ કલર વાપરવો જોઈતો હતો... (અરે... ભાઈ, ભગવાન તો એના એજ છે... ભગવાનની સુંદરતા છે તે છે એના ગુણોની... પરંતુ તને જે સુંદરતા દેખાય છે તે ભૌતિક વસ્તુની, ભગવાનની નહિ...' તો તમે જ કહો... આ પંચમકાળમાં, આંગીનું નિમિત્ત પામી ઓર કર્મના ઢગલા કરવાવાળા જીવો વધારે કે કર્મની નિર્જરા કરવાવાળા જીવો વધારે? આપણે ક્યાં છીએ એનો હિસાબ મૂકી જોજો. આવા લાયક જીવ બનવા માટે નાના તથા મોટામાં એ સમજ કેળવવી જરૂરી છે કે આપણો ધર્મ ત્યાગપ્રધાન ધર્મ છે. ભગવાને વસ્ત્ર, આભૂષણને આડંબરનો સ્વેચ્છાએ ત્યાગ કર્યો હતો. માટે આવા બાહ્ય દેખાવમાં રાચો-માચો નહિ. **ભગવાને એના એક એક દુર્ગુણોને ઉખાડીને સદ્‌ગુણોની આંગી અંગિકાર કરી હતી. એ મેળવવા માટે આપણે આપણા સદ્‌ભાવનાના પુષ્પો વડે આપણા હૃદયમાં, અંતરમાં આંગી રચવાની છે... થોડા સમય માટે ભૂલી જાવ કે હું શ્વેતાંબર છું, દિગંબર છું, સ્થાનકવાસી છું, અમુક સંઘાડાનો છું... એ બધું ભુલીને હું ફક્ત મહાવીરનો છું એ ધારણા કરી ફક્ત મહાવીર પર દૃષ્ટિ સ્થિર કરો તો તુરંત સત્ય સમજમાં આવી જશે.** બાકી ફક્ત શાસ્ત્રના શબ્દને પકડશો અને એના હાર્દને નહિ પકડો... તો... જેમ સિંહણનું દૂધ સોનાનું પાત્ર જ ઝીલી શકે, અન્ય પાત્રમાં કાણું પડી જાય... એવી આપણી હાલત થશે. તો હવે ભવ્યતાપૂર્વકની દ્રવ્યપૂજા અને લાયક જીવો કોને કહેવાય તેનો ખ્યાલ આવ્યો હશે.

**સ.૧૨૦ તો હવે સવાલ એ થાય કે દ્રવ્યને આટલું બધું મહત્ત્વ કેમ?**

જ.૧૨૦ સમય અને સંજોગોને આધિન થઈ, પૂર્વાચાર્યોએ દિર્ઘદૃષ્ટિ વાપરી ધર્મને ઉભો રાખવા માટે દ્રવ્યપૂજાની રચનાઓ કરવી પડી... તે પણ કેવી રીતે સમજો... વર્ષો પહેલા પૈસાનો વિનિમય હતો નહીં. જે વ્યક્તિ જે કામ કરતો તે વસ્તુ કે અનાજનો વિનિમય (લેવડ-દેવડ) કરી પોતાને જરૂરી વસ્તુ મેળવી લે તો, આમ દેરાસરનું ધ્યાન રાખવાવાળા પૂજારીના જીવન નિર્વાહ માટે લોકો જે કાંઈ ઘરમાં હોય, ફ્રૂટ, નિવેદ, અનાજ, કઠોળ, જેવું હોય તેવું સારૂં કે ખરાબ કે સડેલું કે ફણગાઈ ગયેલું જેવું હોય તેવું મુકી જતા તેથી એમ સમજાવવામાં આવ્યું કે ફક્ત ઉત્તમ વસ્તુ જ મુકવી. ઉત્તમ એટલે મોંઘી કે કિંમતી નહીં પણ સારી કંડીશનમાં હોય તેવું. બગડેલું, સડેલું કે ફણગી ગયેલું નહીં. વળી કઠોળ વગેરેને ફણગા ફૂટી જતા માટે ફક્ત ચોખા જ મૂકવા એવું નક્કી થયું. એટલે હવે ઉત્તમ

દ્રવ્યનો અર્થ સમજો. બીજી એક વસ્તુ એવી બની કે મહાવીરે ક્યારેય ભૌતિક સાજ-શણગાર-વસ્ત્ર વગેરેને મહત્ત્વ આપ્યું જ ન હતું. માટે મહાવીરને માનવાવાળો વર્ગ સાદાઈથી રહેવાવાળો આડંબર રહિત હતો. પણ અન્ય ધર્મીઓ શ્રીકૃષ્ણ વગેરેને માનવાવાળો વર્ગ તો નીતનવા વસ્ત્ર - આભૂષણથી એમના ભગવાનને શણગારતા. કેમકે શ્રીકૃષ્ણ હયાત હતા ત્યારે પણ લોકોએ શ્રીકૃષ્ણને સાજ-શણગાર સજેલા જ જોયા છે. ગોપીઓ સાથે નાચતા જ જોયા છે. હવે કાળનો પ્રભાવ કહો કે નબળું સંઘયણને કારણે કહો... આપણા ધર્મના લોકો બીજા ધર્મના આવા શ્રૃંગાર ધર્મ તરફ આકર્ષાવા લાગ્યો. એટલે એમને અટકાવવા માટે, પાછા વાળવા માટે આપણા પૂર્વાચાર્યોએ... વગર છૂટકે... આ શ્રૃંગારધર્મ આપણામાં દાખલ કર્યો. ને છેલ્લા હજારેક વર્ષોમાં જે રચના થઈ તે કોઈને કોઈ આવા કારણો સાથે સંકળાયેલી હતી. છતાં તમે આનંદઘનજી મહારાજ, ચિદાનંદજી મહારાજની રચનાઓ જુઓ તેમાં સ્પષ્ટ લખે છે કે 'હે આતમરામ તું બારણે મત જા' તું તારા અંતરઆત્મમાં પેસીને જ તારી સાધના કર...

ખેર... એવો સમય આવ્યો કે જ્યારે લોકો પોતાનો મૂળ આત્મધર્મ, અભ્યંતર તપ વગેરે વિસરવા લાગ્યા હતા. અથવા શારીરિક ક્ષમતા ઓછી થવાને કારણે નહોતા કરી શકતા. તેથી આ માળખાને ઉભું રાખવા માટે પૂર્વાચાર્યોએ શ્રૃંગારધર્મને મહત્ત્વ આપવું પડ્યું હતું. બાકી તમે પોતે જ કહો કે આંગી વગરની કેટલી શાંતમુદ્રા... કેવી ધ્યાનસ્થ મુદ્રા... આવી સાદી-સરળ મૂર્તિનું અવલંબન લઈને એમના જે ગુણો યાદ આવે... આધ્યાત્મિક ભાવ આવે તે ભાવ ટીકલા-ટીકલી ચોંટાડેલા જોઈને આવી શકે?

**સ.૧૨૧ આંગી જોઈને બોધીબીજની પ્રાપ્તિ થાય?**

**જ.૧૨૧** આંગી જોઈને બોધીબીજની પ્રાપ્તિ થાય, એવી પ્રરૂપણા મહાવીર કદી કરે ખરા? તમે ને અમે સૌ વિદિત છીએ કે તીર્થંકરોને એની સાથે કેટલાય શ્રાવકો જંગલમાં સાધના માટે ચાલ્યા જતા હતા. જંગલમાં એકલા રહી મૌન-ધ્યાનની સાધના કરતા આકરા પરિસહો વેઠતા... શું કામ? જો મૂર્તિને આંગીને જોઈને જ જો બોધીબીજની પ્રાપ્તિ થઈ જતી હોય તો આવી આકરી સાધના કરવાની શું જરૂર? રાજ્યમાં, નગરોમાં, દેરાસરો છોડીને જંગલમાં - ગૂફામાં જઈને રહેવાની શું જરૂર? જો આંગીના દર્શન કરવાથી બોધીબીજની પ્રાપ્તિ થઈ જતી હોય તો તો

બોધીબીજની પ્રાપ્તિ કરવી બહુ સરળ થઈ જાત. તો તો પૈસાવાળા લોકો બધા જ લગભગ બોધીબીજ પામી જ જાય. કેમકે દરરોજ ભવ્ય આંગી કરે ને દર્શન કર્યા કરે... શું તમને નથી લાગતું કે જે મહાવીરે ભૌતિકતાનો, સાજ-શણગારનો, વસ્ત્ર શુદ્ધાનો ત્યાગ કર્યો એ એમ કહે, એવી પ્રરૂપણા કરે કે મારી મૂર્તિને આંગી કરો... તેના દર્શન કરો ને બોધીબીજની પ્રાપ્તિ કરો... આ આંગી, આ દેરાસર, આ પ્રતિમા, આ સાથિયો... વગેરે તે જૈન તત્ત્વજ્ઞાન વરસોના વરસો સુધી, પેઢીઓની પેઢીઓ સુધી પ્રતિકરૂપે જળવાઈ રહે... અક્ષરજ્ઞાન ભુંસાઈ જશે પણ આ પ્રતિકરૂપે જ્ઞાન જીવંત રહેશે માટે એની રચના કરવામાં આવી છે... શું પ્રતિકને શું જ્ઞાન તે આગળ જોઈએ.

મહાવીરે પ્રરૂપેલો આત્મધર્મ થોડા-ઘણા અંશે લુપ્ત થઈ જવાનું બીજું એક કારણ હતું... ભસ્મગ્રહનો પ્રભાવ... શ્રી ઈન્દ્રમહારાજાએ કહ્યું, 'પ્રભુ આપના આયુષ્યની એક ક્ષણ વધારી દો નહીં તો આ ભસ્મગ્રહને કારણે લોકોમાં આત્મધર્મ લુપ્ત થશે.' (એક્ઝેટ શબ્દો યાદ નથી). ભગવાન કહે હું એક પણ ક્ષણ ન વધારી શકું, ન ઘટાડી શકું. (નીરૂપક્રમ આયુષ્ય હતું.) ને ખરેખર જે બનવાનું હતું તે બન્યું. મૌન-ધ્યાન-અભ્યંતર તપ વગેરે ગૌણ બનતું ગયું ને બાહ્ય આડંબરિક ધર્મની ભારમાર ચાલી. પરંતુ નીરાશ થવાની જરૂર નથી. ભસ્મગ્રહના ૨૫૦૦ વર્ષ પૂરા થયા છે. હવે પાછા આત્મધર્મ તરફ વળવા માટે આપણે જ પુરૂષાર્થ કરવાનો છે.

**માટે જો ખરેખર ભવસાગરથી તરવાની ભાવના હોય તો... ખુદ મહાવીરે પ્રરૂપેલો ત્યાગ-વૈરાગ્ય-સાદાઈ-સાદગી-આત્માની સરળતા - કષાયો સાથેનું આંતરિક યુદ્ધ - મૌન - ધ્યાન - બાહ્ય આડંબર નહિ, શ્રૃંગાર નહીં, ધર્મની ચર્ચાઓ ઓછી ને આત્માનો આત્મામાં ઉપયોગ વધારે - આ મહાવીરના સિધ્ધાંતો તરફ પાછા વળો...** બાકી વચ્ચેના સમયમાં ધર્મને ઉભો રાખવા માટે રચાયેલા શાસ્ત્રોમાંથી ફક્ત સાર તત્ત્વને પકડી લ્યો ને દરેક જીવ આત્મ કલ્યાણને સાધો...

**સ. ૧૨૨ : સ. ૧૧૯ માં આવ્યું કે - મને પણ પરમાત્મા પૂજાના ફળસ્વરૂપે શીઘ્રતાથી ચારિત્રની પ્રાપ્ત થાય અને હું પણ આ છકાયજીવોનો રક્ષક બનું... તો શું પૂજાનું ફળ માંગવું જોઈએ ?**

**જ. ૧૨૨ :** મહાવીરના સિદ્ધાંત અનુસાર કોઈપણ ધાર્મિક ક્રિયાનું ફળ માંગવાનું જ નથી. કોઈપણ પ્રકારનું નિયાણુ કરવાનું જ નથી. શાસ્ત્રમાં રાવણનું

દૃષ્ટાંત આવે છે કે રાવણે ખૂબ જ એકાગ્રતા પૂર્વક અઠ્ઠમ તપ કર્યો પણ એના ફળરૂપે એણે બહુરૂપી વિદ્યા માંગી. મહાવીરના નિર્વાણ પછી લગભગ ૫૩૦ વર્ષે થયેલા વિમલાચાર્ય લખે છે કે રાવણે આટલી જ એકાગ્રતા પૂર્વક ફક્ત કર્મ નિર્જરાને લક્ષ્યમાં રાખી અઠ્ઠમ તપ કર્યો હોત તો કર્મ ખપાવી રાવણ કેવળજ્ઞાન મેળવત એટલી તાકાત હતી. આ અઠ્ઠમ તપમાં... આવા તો કેટલાય ઉદાહરણો મૌજુદ છે શાસ્ત્રમાં. પણ આપણે સમજ્યા વિના બસ માંગણવેડા ચાલુ જ રાખીએ છીએ.

મહાવીર કહે છે કે આપણા જીવે આ ભવચક્રમાં અનેક વાર ચારિત્ર લીધું છે. કદાચ ઓઘાના ઢગલા કરો તો પર્વત જેટલા થઈ જાય. પણ હજી આપણા ભવનો નિસ્તાર થયો નથી. માટે માંગવું હોય તો મોક્ષ જ માંગો, આત્માની મુક્તિ જ માંગો. કેમકે એમાં જ ચારિત્ર સમાઈ ગયું. કેમકે અભ્યંતર ચારિત્ર્ય વિના મોક્ષ છે જ નહિ પછી દ્રવ્ય ચારિત્ર હોય કે ન હોય. માટે શાસ્ત્રના શબ્દોનો ગૂઢાર્થ જાણ્યા વગર ભીક્ષા માંગનારનું પાત્ર ખાલી જ રહે છે.

**સ. ૧૨૩ : 'અક્ષર જ્ઞાન ભુંસાઈ જશે પણ પ્રતિકરૂપે જ્ઞાન જીવંત રહેશે.' શું પ્રતિક ને શું જ્ઞાન તે જણાવો.**

**જ. ૧૨૩ :** દેરાસર એ આપણા શરીરનું પ્રતિક છે. અને તેમાં રહેલ મૂર્તિ તે આપણા આત્માનું પ્રતિક છે. આપણને અત્યારે ત્રણ પ્રકારના શરીર છે. જે બાહ્ય દેખાય છે તે ઔદારિક શરીર છે. ઔદારિક એટલે એવું શરીર કે જે શરીર સડી શકે, ગળી શકે, બળી શકે વગેરે... તેની અંદર તેજસ શરીર, જેને લીધે શરીર ગરમ રહે છે. તેની અંદર કાર્માણ શરીર કહે છે. એટલે કે આપણે કરેલા કર્મોનું શરીર જેનાથી આત્મા ઢંકાયેલો રહે છે.

હવે કોઈ પ્રાચીન દેરાસરને નજરસમક્ષ લાવો. દા.ત. શંખેશ્વરનું દેરાસર. તેને ધ્યાનમાં રાખી નીચેના પ્રતિકને સમજો.

(૧) દેરાસરનું રંગમંડપ - તે આપણા ઔદારિક શરીરનું પ્રતિક છે.
(૨) દેરાસરનો પ્રાર્થના હોલ - તે આપણા તેજસ શરીરનું પ્રતિક છે.
(૩) દેરાસરનો ગભારો - તે આપણા કાર્મણ શરીરનું પ્રતિક છે.
(૪) મૂર્તિ - તે આપણા આત્માનું પ્રતિક છે.
(૫) ગભારામાં રહેલો અંધકાર - તે આપણા અજ્ઞાનનું પ્રતિક છે.
(૬) દ્રવ્ય દિપક - સમ્યક જ્ઞાનનું પ્રતિક છે.
(૭) દિપક પ્રગટ થતાં મૂર્તિના દર્શન - તે આપણા સમ્યક દર્શનનું

પ્રતિક છે.

**સ. ૧૨૪: આ બધા પ્રતિક આપણાને શું જ્ઞાન આપે છે, શું કહે છે તે જણાવો.**

**જ. ૧૨૪:** તે કહે છે કે જો તારે ભગવાનની મૂર્તિના દર્શન કરવા હશે તે ત્યાં સુધી પહોંચવા માટે પહેલાં રંગમંડપ આવશે. જો તું રંગમંડપમાં જ અટકી ગયો, રંગમંડપના સાજ શણગાર કરવામાં કે તેની શોભા જોવામાં જ ભટકી ગયો ને મૂર્તિ તરફ આગળ વધ્યો નહીં તો આખી જીંદગી રંગમંડપમાં જ પૂરી થઈ જશે તોય તને મૂર્તિના દર્શન થઈ શકશે નહીં. તેવી રીતે કોઈ માણસ આ ઔદારિક શરીરના મોહમાં, તેના સાજ શણગારમાં આખી જીંદગી પસાર કરી દે છતાં પણ તેને ક્યારેય આત્મદર્શન થઈ શકતા નથી. જેમકે રંગમંડપમાં ઉભા રહી ગયેલા માણસને મૂર્તિના દર્શન થઈ શકતા નથી. કેમકે મૂર્તિ ગભારામાં છે અને ગભારામાં અંધકાર છે.

હવે કોઈને વળી એ સમજાયું કે રંગમંડપમાંથી તો મૂર્તિના દર્શન થતાં નથી જરા આગળ જવા દે. એમ કરી તે પ્રાર્થના હોલ (તેજશ શરીર) માં ગયો. ને ત્યાં જ પ્રાર્થના, ભજન-કીર્તન કરવા બેસી ગયો. આખી જીંદગી પ્રાર્થના કર્યા કરી પણ મૂર્તિના (આત્માના) દર્શન થયા જ નહીં કેમકે તેણે પ્રાર્થના હોલથી આગળ વધવાનો પ્રયત્ન જ ના કર્યો. ઠીક તેવી જ રીતે આપણો જીવ ક્યારેક ક્યારેક સ્મશાન વૈરાગ્ય પામી, આ ઔદારિક શરીર (રંગમંડપ) ના સાજ શણગારમાંથી બાર નીકળી આગળ વધી પોતાની અંદર ઝાંકવાનો પ્રયત્ન કરે છે પરંતુ ત્યાં પણ ભજન-કીર્તન-પ્રાર્થના-મનન-ચિંતન-શાસ્ત્રજ્ઞાન-ત્યાં સુધીમાં અટકી જાય છે. માટે આત્મદર્શન થઈ શકતા નથી.

એવી જ રીતે કેટલાક જીવો પ્રાર્થના હોલમાં અટકી નહીં જતાં... આગળ વધે છે. ગભારા સુધી પહોંચી જાય છે. પરંતુ અહીં અત્યંત અંધારૂં (કાર્મણ શરીર) હોવાથી મૂર્તિના દર્શન થઈ શકતા નથી. તેવી રીતે આપણે આ ઔદારિક શરીરના (રંગમંડપ) સાજ શણગાર છોડી, ભજન-કીર્તન-પ્રાર્થના-શાસ્ત્રજ્ઞાન-મનન-ચિંતન (તેજશ શરીર - પ્રાર્થના હોલ) વગેરે દ્વારા આગળ વધીએ છીએ. પણ કર્મના ગાઢ અંધકાર રૂપી આવરણમાં (ગભારો - અંધકાર) બિરાજમાન આપણા આત્માના દર્શન - સમ્યક્દર્શન પામી શકતા નથી. કારણકે કર્મના ગાઢ આવરણને કેમ ભેદવા તેનું સમ્યક્જ્ઞાન ન હોવાને કારણે ભેદી શકતા નથી.

પરંતુ જે જીવ પોતાના આત્માનો ઉપયોગ સભાનતાપૂર્વક બાર

જવા દેતો નથી, મન-વચન-કાયાને સ્થિર કરી આત્મામાં સ્થિરતા કરે છે... આમ નવા કર્મોને આવતા રોકે છે અને ઉદીરણા થઈને આવેલા જૂના કર્મોને સમતામાં સ્થિર થઈ (સામાયિક) ઉદીરણામાં આવેલા કર્મો પ્રત્યે ન રાગ કરે છે, ન દ્વેષ. તે આત્મા. પોતાના ગાઢ કર્મોની પ્રતરોને એક પછી એક ભેદતો જાય છે. આમ અનુભવ જ્ઞાનમાંથી પસાર થતો થતો કર્મની અમુક પ્રતરને મૂળ સુધી ભેદી નાખે છે. તે છે સમ્યક્જ્ઞાનનો પ્રકાશ (ગભારામાં મૂકેલો દિવો) અને અંદરમાં જેવો સમ્યક્જ્ઞાનનો દિપક પ્રગટે છે કે તેના અજવાળામાં આત્માની એક ઝલકનો અલૌકિક અનુભવ થાય છે. તે છે સમ્યક્ દર્શન... આત્મ દર્શન. જેમ અંધકારમય ગભારામાં દ્રવ્યદિપક પ્રગટાવવાથી ભગવાનની મૂર્તિના દર્શન થાય છે. તેમ અજ્ઞાનના ગાઢ અંધકાર રૂપી આવરણને અનુભવજ્ઞાન દ્વારા ભેદતા ભેદતા સમ્યક્જ્ઞાનનો દિપક પ્રગટ થાય છે, ને તે સાથે જ સમ્યક્દર્શન, આત્મદર્શનની પ્રાપ્તિ થાય છે. જે સાધક આવા આત્મદર્શનને પામે છે તેના માટે વધુમાં વધુ ૧૫ ભવની અંદર મોક્ષ નિશ્ચિત થઈ જાય છે. ઉત્કૃષ્ટ વધુમાં વધુ અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ પહેલા તો મોક્ષ પામે ને પામેજ

ખૂબ જ સરળ ભાષામાં પ્રતિક અને તેમાં રહેલું ઊંડું જ્ઞાન સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. અગર કોઈ જીવ આટલું પણ જાણીને આચરણમાં મૂકી દે તો આત્મકલ્યાણ સાધી શકાય તેમ છે.

**સ.૧૨૫ :** સમુદ્ઘાત કોને કહે છે? તે કેટલા પ્રકારના છે?

**જ.૧૨૫ :** પોતાનું મૂળ શરીર છોડયા વિના (તૈજસ અને કાર્મણ શરીર) આત્મ પ્રદેશોનું શરીરની બહાર નીકળવું તેને સમુદ્ઘાત કહે છે તે સાત પ્રકારના છે (૧) વેદના (૨) કષાય (૩) વિક્રિયા (૪) મરણાન્તિક (૫) તૈજસ (૬) આહાર (૭) કેવળી.

**સ.૧૨૬:** વેદના સમુદ્ઘાત એટલે શું?

**જ.૧૨૬:** તીવ્ર પીડાનો અનુભવ થવાથી, મૂળ શરીર છોડયા વિના આત્મ પ્રદેશોનું બહાર નિકળવું તેને વેદના સમુદ્ઘાત કહે છે.

**સ.૧૨૭ :** કષાય સમુદ્ઘાત કોને કહે છે?

**જ.૧૨૭:** તીવ્ર કષાયના ઉદયથી મૂળ શરીરને છોડયા વિના બીજાનો ઘાત કરવા માટે આત્મપ્રદેશોનું બહાર નીકળવું તેને કષાય સમુદ્ઘાત કહે છે.

**સ.૧૨૮:** વિક્રિયા (વૈક્રિય) સમુદ્ઘાત સમજાવો?

**જ.૧૨૮:** મૂળ શરીર છોડયા વિના કોઈપણ પ્રકારની વિક્રિયા કરવા માટે

આત્મપ્રદેશોનું બહાર નીકળવું જેમ કે દેવ આદિ પોતાના વેશ-શરીર બદલે છે તેમ.

**સ.૧૨૯ :** મરણાંતિક સમુદ્‌ઘાત એટલે ?

**જ.૧૨૯ :** મૃત્યુ વખતે, મૂળ શરીરને છોડયા વિના જ્યાં આ આત્માએ જન્મવાનું હોય તે પ્રદેશને સ્પર્શવા માટે આત્મપ્રદેશોનું બહાર નીકળવું તે મરણાંતિક સમુદ્‌ઘાત.

**સ.૧૩૦ :** તૈજસ સમુદ્‌ઘાત કેટલા પ્રકારના ? કોને હોય ?

**જ.૧૩૦ :** તૈજસ સમુદ્‌ઘાત બે પ્રકારના. શુભ તૈજસ સમુદ્‌ઘાત અને અશુભ તૈજસ સમુદ્‌ઘાત. તે શ્રાવકને હોઈ શકે નહિ. મહાવ્રત અંગિકાર કરનાર મહામુનિને હોઈ શકે.

(૧) **શુભ તૈજસ સમુદ્‌ઘાત** - લોકને વ્યાધિ, દુકાળ વગેરેથી પીડિત જોઈને જેને દયા ઉત્પન્ન થઈ છે એવા પરમ સંયમના નિધાન મહામુનીના મૂળ શરીરને છોડયા વિના, સિંદુરના ઢગલા જેવા પ્રકાશવાળું બાર યોજન લાંબુ, નવ યોજનના અગ્રવિસ્તાર વાળું શુભઆકારવાળું એક પુતળું, જમણા ખભામાંથી નીકળીને, જમણી તરફ પ્રદક્ષિણા કરીને, વ્યાધિ, દુકાળ વગેરે મટાડીને ફરીથી પોતાના મૂળ શરીરમાં પ્રવેશ કરે છે તેને શુભ તૈજસ સમુદ્‌ઘાત કહે છે.

(૨) **અશુભ તૈજસ સમુદ્‌ઘાત** - પોતાના મનને અનિષ્ટ ઉત્પન્ન કરનાર કોઈ અન્ય કારણ જોઈને જેમને ક્રોધ ઉત્પન્ન થયો છે, એવા સંયમના નિધાન રૂપ મહામુનિના મૂળ શરીરને છોડયા વિના સિંદુરના ઢગલા જેવા પ્રકાશવાળું બાર યોજન લાંબુ, નવયોજનના અગ્ર વિસ્તાર વાળું બિલાડાના આકારવાળું એક પુતળું ડાબા ખભામાંથી નીકળીને, ડાબી તરફ પ્રદક્ષિણા દઈને હૃદયમાં રહેલ વિરૂધ્ધ વસ્તુને ભસ્મીભૂત કરીને તેજ સંયમી મુની સાથે પોતે પણ ભસ્મીભૂત થઈ જાય છે. દ્વૈપાયન મુનિની જેમ એને અશુભ તૈજસ સમુદ્‌ઘાત કહે છે.

**સ.૧૩૧** આહારક સમુદ્‌ઘાત એટલે શું ?

**જ.૧૩૧** પરમ ઋધ્ધિધારી છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિને તત્વોમાં કોઈ શંકા જતા અથવા અરિહંત કેવળી કે શ્રુતકેવળીનાં દર્શન કરવા માટે યોગબળથી પોતાના મૂળ શરીરને છોડયા વિના, પુરૂષ આકારનું, એકહાથનું શુધ્ધ સ્ફટિક જેવું સફેદ, બહુ સુંદર પુતળું, મસ્તકના મધ્યમાંથી નીકળે છે અને એક અંતર્મુહૂર્ત સુધી બનેલું રહે છે. પછી બીજું બની શકે છે. કાર્ય

પુરૂં થતાં આ પુતળું ફરીથી પોતાના સ્થાનમાં પ્રવેશ કરે છે અને વિલય થઈ જાય છે. આ શરીર સૂક્ષ્મ છે તે એકભવમાં બે વાર તથા સંપૂર્ણ સંસાર ચક્રમાં એટલે કે જીવ પ્રથમવાર નિગોદમાંથી નીકળી મોક્ષે પહોંચે ત્થા સુધીના સમયગાળામાં વધુમાં વધુ ચારવાર પ્રાપ્ત કરી શકે છે.

**સ.૧૩૨ :** કેવલી સમુદ્ઘાત કોને કહે છે ?

**જ.૧૩૨ :** કોઈ અરિહંત કેવલીનું આયુષ્ય ઓછું હોય અને નામકર્મ, ગોત્રકર્મ ને વેદનીય કર્મની સ્થિતિ અધિક હોય ત્યારે આયુકર્મની બરોબર બધા કર્મની સ્થિતિ કરવા મૂળ શરીરને છોડયા વિના આત્માના પ્રદેશોનું બહાર નીકળી લોકવ્યાપી થઈ જવું અને બાકી રહેલા કર્મોને એક સાથે પ્રબળપણે ખેંચીને સંપૂર્ણપણે ભોગવી લેવા તેને કેવલી સમુદ્ઘાત કહે છે. આ સમુદ્ઘાત આઠ સમયસુધી રહે છે. કેવળી સમુદ્ઘાત કર્યા પછી પાંચ લઘુ સ્વર, અ, ઈ, ઉ, ઋ, ને લૃ નો ઉચ્ચાર કરીએ તેટલો સમય ચૌદમા ગુણસ્થાને રહેને એટલા સમયમાં આત્માના મન, વચન, કાયાના યોગનો સંપૂર્ણ નિરોધ હોય છે.

(આ સાત પ્રકારના સમુદ્ઘાત સમજવા માટે પાંચ પ્રકારના શરીર વિષે જાણવું જરૂરી છે. જે મારૂં પુસ્તક 'પ્રશ્નોત્તર રત્નમાલા'ભાગ-૧ માં સ.નં.૨૮૨ થી ૨૮૮ માં સમજાવેલું છે.)

**સ.૧૩૩: ગુણસ્થાનક (ગુણઠાણું) એટલે શું ?**

**જ.૧૩૩:** મોહનીય કર્મ તથા મન, વચન, કાયાના યોગના નિમિત્તથી આત્માના સમ્યક્ દર્શન-જ્ઞાન - ચારિત્રના ગુણની હીનતા - અધિકતા અનુસાર થવાવાળી અવસ્થાઓને ગુણસ્થાનક કહેવાય છે. વિતરાગો એ જીવોના ગુણોને લઈને તેમના સ્વભાવના ચડતા-ઉતરતા પર્યાયો, અવસ્થાઓ, ભેદો જોયા એટલે ગુણસ્થાનક કહ્યા છે. **આત્મામાં નિશ્ચય નય થી તે નથી, વ્યવહાર નયથી એ ગુણસ્થાન આત્મામાં કહેવાય છે.** સંસારમાં મગ્ન થઈ રહેલાં પ્રાણી જે માર્ગ ઉપર ચાલતાં શુદ્ધ થઈ જાય છે, તે માર્ગની ચૌદ સીડીઓ છે. અને ચૌદ દરજ્જા, ભાવોની અપેક્ષાએ એકબીજાથી ઊંચાઊંચા છે. નીચામાં નીચા સ્વભાવના જીવો પ્રથમ જીવ સ્થાનકે છે. અને ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્વભાવ-ગુણોના જીવો ચૌદમા ગુણસ્થાનકે છે. આમ તો જીવ માત્ર જાતિમાં સરખા છે. પરંતુ કર્મથી તેઓમાં ભિન્નતા અથવા ગુણથી ઓછા- વત્તા પણું છે. જે જીવોને કર્મ ઘણા છે તે જીવના સદ્ગુણો દબાય છે.

**સ.૧૩૪ :ચૌદ ગુણસ્થાનકોના નામ આપો.**

**જ.૧૩૪** :(૧) મિથ્યાત્વ (૨) સાસાદન (૩) મિશ્ર (૪) અવિરતિ સમ્યક્ત્વ (૫) દેશવિરતિ (૬) પ્રમત્તવિરત (૭) અપ્રમત્તવિરત (૮) અપૂર્વકરણ (૯) અનિવૃત્તિકરણ (૧૦) સૂક્ષ્મસાંપરાય (૧૧) ઉપશાંત મોહ (૧૨) ક્ષીણ મોહ (૧૩) સયોગ કેવલી જિન (૧૪) અયોગ કેવલી જિન

**સ.૧૩૫ :મિથ્યાત્વ ગુણસ્થાનક સમજાવો.**

**જ.૧૩૫** :પહેલા ગુણસ્થાનકે મિથ્યાત્વ, અવિરતિ (અવ્રત), પ્રમાદ, કષાય, યોગ - આ પાંચેય કારણ છે. આ ગુણસ્થાનકમાં ગાઢ દુર્બુદ્ધિ યુક્ત મોહવાળી પ્રકૃતિ, સત્ય, ન્યાય, વસ્તુ સ્વરૂપ જે જે રૂપે છે, તેનો તે જીવને થોડો પણ યથાતથ્ય ખ્યાલ આવતો નથી. ઉલટો તેના વિષે અવળો ખ્યાલ આવે છે. હિંસા- યજ્ઞાદિમાં ધર્મ બુદ્ધિ, અચેતન શરીરમાં જીવને પોતાપણું મનાય છે. 'હું' અને 'મારું' એટલા ગાઢપણે એકાકાર હોય છે કે તેને લઈને નિરંતર મિથ્યાત્વમાં જ રમ્યા કરે છે. પાંચ ઈન્દ્રિયના વિષય અને ચાર કષાય - ક્રોધ, માન, માયા, લોભ માં અનન્ય રસના અનુભવે. જડને ચેતન મનાવે. સ્ત્રી શરીરને પવિત્ર સુખકર મનાવે. ધન, વૈભવ, કુળ આદિ પોતાના મનાવે. મૃત્યુ પછી જીવનું શું થશે તેનો કોઈ વિચાર જ નહીં. **સ્વાર્થ માટે માયા, કપટ, છળ, જૂઠ, હિંસા માં રમ્યા કરે.. મનથી એને સારૂં માને. ટૂંકમાં જિનાજ્ઞા વિરૂદ્ધ જે જે માન્યતા, વૃત્તિ હૃદયમાં પડી છે એ જ મિથ્યાત્વ.** શરીરને આત્મબુદ્ધિએ પોતાનું માનનાર પાપયુક્ત એવો બહિરાત્મા છે. બહિરાત્માને મિથ્યાત્વ ગુણસ્થાનક જ હોય. આ ગુણસ્થાનકે સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. અહીં અનંત અનંત જીવો છે. તે બધા મિથ્યાત્વવાળા છે. મનુષ્ય, તિર્યંચ, નારકી અને દેવતા એ બધામાં મોટે ભાગે મિથ્યાજ્ઞાન વ્યાપ્ત છે.

**સ.૧૩૬ :બીજું ગુણસ્થાનક સાસદન (સાશ્વાદન) સમજાવો.**

**જ.૧૩૬** :આ સ્થાનકે જીવ નીચેના પહેલા સ્થાનકેથી નથી આવતો પણ ઉપરથી આવે છે. જીવને પ્રાપ્ત થયેલ સમ્યક્ત્વથી ખસી જતાં, છેક મિથ્યાત્વમાં જતાં પહેલાં અહીં આવે છે. મિષ્ટભોજન કરી, જેમ કોઈ જીવ વમન (ઉલટી) કરતો હોય છે. તેના મુખમાં ભોજનનો થોડો સ્વાદ લાગે છે. તેમ સમ્યક્ત્વના પગથિયાં ચડી, નીચે પડતાં આ જીવને સમ્યક્ત્વ-તત્ત્વનો થોડો આસ્વાદ રહે છે. આ ગુણસ્થાનકે જીવને અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ - આ ચાર કારણ છે. મિથ્યાત્વ નથી.

**સ.૧૩૭ : ત્રીજું મિશ્ર ગુણસ્થાનક પર પ્રકાશ પાડો.**

**જ.૧૩૭ :** મિશ્ર એટલે જીવનો વિચાર પહેલાં ગુણસ્થાનક જેવો મિથ્યાત્વનો રહેતો નથી. તેમ ચોથા ગુણઠાણા જેવો સમ્યક્ત્વનો વિચાર પણ રહેતો નથી. બંનેની વચમાં રહે છે. **મિશ્ર મોહનીયનું સ્વરૂપ એ છે કે વિતરાગ માર્ગમાં રૂચિ હોય છતાં તેમાં મૂંઝાય. એટલે સિદ્ધાંતમાં જે બાબત કહી છે તેને મોહનીયને લીધે બરાબર સમજે નહી.** ખોટાને ખોટા રૂપે માને તેની સાથે સાથે સાચાને પણ ખોટા સ્વરૂપે માને એવી મિશ્રતા રહે. વિતરાગ ધર્મની રુચિ નહીં તેમ મિથ્યાત્વ ધર્મનો વિચાર સ્ફૂરતો નથી. પરંતુ ફલાણું દર્શન પણ સત્ય છે. અને ફલાણું દર્શન પણ સત્ય છે. એવી બંને પર સરખી પ્રતીતિ, તે મિશ્ર નહીં તે તો મિથ્યાત્વ ગુણઠાણું છે. **ત્રીજા ગુણઠાણે અનંતાનુબંધી કષાય નથી. ત્રીજે અને સાતમે ગુણસ્થાનકે આયુષ્ય બંધ પડતો નથી. તેમજ મરણ પણ થતું નથી. ૧૪ મે ગુણાસ્થાનકે મરણ નથી, નિર્વાણ છે.**

**સ.૧૩૮ : દરેક જીવ કોઈને કોઈ ગુણસ્થાનકે હોય જ ?**

**જ.૧૩૮ :** દરેક જીવ ઓછામાં ઓછું પહેલા ગુણસ્થાનકે તો હોય જ. કારણ તે વિના જીવ ક્યાં રહે ? જીવને સમ્યક્ત્વ ન હોય તો મિથ્યાત્વ તો હોય જ. સિધ્ધ ભગવંત ગુણસ્થાન રહિત છે. કારણકે ગુણસ્થાન તો મોહ અને યોગની અપેક્ષાએ છે. સિદ્ધ ભગવંતને મોહ કર્મ નથી. અને મન-વચન - કાયાના યોગ પણ નથી. તેથી ગુણસ્થાન રહિત છે.

**સ.૧૩૯ : પહેલું ગુણસ્થાનક મિથ્યાત્વ વિષે થોડા દાખલા દલીલ સાથે સમજાવો.**

**જ.૧૩૯ :** મિથ્યા એટલે ખોટું. મિથ્યાત્વ એટલે ખોટી માન્યતા તમારી જે માન્યતા ભગવાનની આજ્ઞા સાથે મેચ ન થાય તે બધીજ માન્યતા મિથ્યાત્વ. તમારી માન્યતા ૧૦૦% ભગવાનની આજ્ઞા સાથે મેચ થવી જોઈએ. ત્યારે ચોથા ગુણઠાણાનું સમકિત આવ્યું કહેવાય. જોકે એ પણ વ્યવહાર નય થી નિશ્ચય નયથી નહીં. નિશ્ચય નયથી તો સાતમા ગુણઠાણાનું સમકિત પામે ત્યારેજ સમકિત પામ્યો કહેવાય. એ પણ યાદ રાખજો કે ભગવાને વ્યવ્હાર નયથીને નિશ્ચય નયથી ધર્મ સમજાવ્યો પણ નિશ્ચય નય વગર મોક્ષ નથી. હું મિથ્યાત્વમાં રમું છું કે નહીં તે માપવાની હજાર ફુટપટ્ટી છે તેમાની થોડી આજે બતાવું છું. જુઓ તમે બંગલો બાંધો તેને ખરાબ કહેશો ? એકને બદલે બે ગાડી આવે તો રાજીને ? તો તમારા મનમાં આવી હિંસા સારી એવી માન્યતા વણાઈ ગઈ છે. બંગલો બાંધવામાં પૃથ્વીકાય, અપકાય, એકેન્દ્રિય, બેઇંદ્રિય વગેરે જીવોની કેટલી હિંસા ? ગાડીથી વાયુકાય, અગ્નિકાય, પંચેન્દ્રિય ઢોરોની ચામડી સીટ વગેરેમાં

વપરાય એની કેટલી હિંસા? છતાંય આ તમને સારૂ લાગે એટલે આવી હિંસા સારી તેમાં કાંઈ વાંધો નહી એ માન્યતા તમારી અંદર સતત પડેલી છે. શું આ ભગવાનની આજ્ઞા સાથે મેચ થાય છે? શું જીનાજ્ઞા એમ કહે છે કે આવી હિંસાથી જે કાંઈ બનતુ હોય એને સારૂ માનો કે ખુશ થાઓ તો તમારી અંદરની માન્યતા, ખોટી માન્યતા, જીનાજ્ઞા વિરૂદ્ધની માન્યતા એ મિથ્યાત્વ છે. ધાર્મિક પ્રસંગોમાં કે દેરાસરોમાં કે બિલ્ડિંગો કે અન્યત્ર શણગારવામાં જે વિજળીનો બેફામ ઉપયોગ જોઈને તમે ખુશ થઈ જાવ છો. વાહ શું સુંદર??? વૃક્ષ પર કરેલી લાઇટીંગ તમારા દિલને દઝાડતી નથી, જે વૃક્ષને ભલે દઝાડતી હોય, પાણીકાય, અગ્નિકાય ને વૃક્ષના અનંતાઅનંત જીવો ભલે મરતા હોય પણ તમારી માન્યતામાં તો આ બહું સુંદર, બહુ સરસ, આવી હિંસા તમારી માન્યતામાં તમને સારી લાગે છે જીનાજ્ઞા સાથે મેચ થતી નથી તે મિથ્યાત્વ છે. ગાજરનો રસ આંખ માટે બહુસારો, લસણથી લોહી પાતળુ રહે, લોકો સમજતા નથી. આ બધી દવા છે લેવીજ જોઈએ, શરીર સારૂં હશે તો ધર્મ થશેને? જરા ચેક કરો. આવી માન્યતા હ્રદયમાં પડી છે? તે ભગવાનની આજ્ઞા સાથે મેચ થાય છે? નથી થતી? તો આ મિથ્યાત્વને તમારી માન્યતામાંથી કાઢો. ''વિજ્ઞાને બહુ સારી સારી શોધખોળ કરી છે. પૈસા મેળવવા જેવા, ખેતી કરવા જેવી, પૈસા વેપાર વ્યવસાય વગર ન મળે એટલે વેપાર કરવા જેવો. જેમાં જેમાં હિંસા અસત્ય સમાંયેલું છે તે ભલે જરૂરી હોય, પણ ખરાબજ છે, જીનાજ્ઞા વિરૂદ્ધ છે તે સ્વીકારવું જ પડે. દેરાસર બંધાવીએ તો દેવગતિ મળે, રાત્રી ભોજનથી નરકગતી મળે એટલે એ છોડવું છે'', આ અંદર પડેલી માન્યતા...ભાઈ તને દેવગતિ કેમ જોઈએ? કેમકે ત્યાં સુખ છે... આ થયો સુખથી રાગ...તને નરકગતિ કેમ નથી જોતી? ત્યાં દુઃખ છે માટે... આ થયો દુઃખથી દ્વેષ. સુખથી રાગ અને દુઃખથી દ્વેષ આ બંન્ને માન્યતા જીનાજ્ઞા વિરૂદ્ધ છે. માટે મિથ્યાત્વ છે. કોઈપણ ગતી ની ઇચ્છા એટલે સંસાર વધારવાની ભાવના. દેરાસર બાંધો કે રાત્રીભોજન છોડો તેની પાછળ મોક્ષ સિવાય ની કોઈપણ ભાવના, કર્મ મુક્તિ સિવાયની કોઈપણ ભાવના જીનાજ્ઞા વિરૂદ્ધ છે. ''હું તો દરદોજ દર્શન-પૂજા કરીનેજ નીકળું એટલે ધંધો સારો ચાલે. હું તો દર મહિને શંખેશ્વર જાઉંજ એટલે અટકેલા પેમેન્ટ આવી જાય''. (સાંસારિક માન્યતા જેનાથી લોભકષાયનું પોષણ-મિથ્યાત્વ) ''હું દરરોજ પંખીડાને ચણ નાખુજ, આ જનમમાં આપ્યું હશે તો કોઈક ભવમાં આપણને

ખાવાનું મળશે( આવી માન્યાતાથી કેટલાય જન્મો ઇચ્છી લીધા) કોઈ કોઈવાર હોટલમાં ખાઈએ એમા કાંઈ વાંધો નહીં મિથ્યા માન્યતા. મોબાઈલ સારી વસ્તુ છે, મહિને એકાદવાર પિક્ચર જોવા જવામાં શું વાંધો છે? મિથ્યા માન્યતા. ટ્રેન, બસ, પ્લેન બધી સગવડ એટલી સારી થઈ ગઈ છે કે અઠવાડિયામાં ૧૫ તિર્થની જાત્રા આરામથી થઈ જાય. આ મિથ્યા માન્યતા. હું હતો તો આ બધું થયું, મારા વગર કાંઇ થાત નહી, 'હું' અને 'મારૂં' મિથ્યા માન્યતા સારૂ થયું એનેતો ટૈડકાવવા જેવોજ હતો. આવા ને તો ઉચકાયા વગર સીધાજ ન થાય''. (ક્રોધ વિકાર ને સારો માન્યો મિથ્યામાન્યતા. શરીરનેજ આત્મા માને... શરીરની પરવરિશ પહેલાં, બીજું બધું પછી... આ મિથ્યા માન્યતા. પેસ્ટ કંટ્રોલ તો કરાવવુંજ પડે નહીતો જીવજંતુનો ત્રાસ વધી જાય. તમારી આ માન્યતા જીનાજ્ઞા સાથે મેચ થાય છે? કોઈને બે-પાંચ લાખની મદદ કરો ત્યારે માન્યાતામાં શું? બિચારો કમાઇ-ખાઈ-પીને મોજથી રહે એટલે બસ મારૂં કરેલું લેખે લાગે... આ સાંસારિક ભાવના તો શું માન્યતા હોવી જોઈએ? મારામાં જે લોભ વિકાર છે, તે મોક્ષમાર્ગનો બાધક છે, એ વિકાર પાતળો પડે... મારો આત્મા લોભ વિકારથી મુક્ત થાય...એ માન્યતા થી આપો તો તમારી માન્યતા જીનાજ્ઞા સાથે મેચ થાય. વિચાર કરો આવી કેટલીએ માન્યતા અંદર ઘરકરી ને બેઠી છે. જો તમે તટસ્થ પણે તમારા જીવનમાં અવલોકન કરશો તો ઘણી ખોટી માન્યતા મળી આવશે. આ અંદર રહેલું મિથ્યાત્વ તમને સતત પાપનો અનુંબંધ કરાવે છે. જનમો જનમથી ગાઢ થઈ ને પડેલી મિથ્યાત્વની ગાંઠનેજ તોડવાનો પુરૂષાર્થ કરવાનો છે. એકપણ માન્યતા ઉંધી ગોઠવાય તે આત્મા માટે ભયંકર દોષ છે. જેને તમે સારૂં માનો છો તે દુનિયાના કોઈપણ છેડે થતું હોય તેનો પાપનો બંધ તમને લાગે છે. તમારી પરિણતી માં અત્યારે શું છે, એટલે કે તમે શું કરી રહ્યા છો! તે મહત્વનું નથી પણ તમારી માન્યતામાં શું છે તે મહત્વનું છે.. તમારી એક એક માન્યતા ને ચેક કરતા જાવ તો બીજી કેટલીએ ફૂટપટ્ટી મળી આવશે જેનાથી તમારી જાતને માપી શકશો કે તમે મિથ્યાત્વના કયા પગથીયા પર ઉભા છો.

**સ.૧૪૦: આપણે અત્યારે ક્યા ગુણસ્થાનકે છીએ?**

**જ.૧૪૦:** અત્યારે આપણે આ ક્ષેત્રમાં સાત ગુણસ્થાનકે હોઈ શકીએ. આ કાળે, આ ક્ષેત્રમાં જીવો છઠ્ઠા સુધી છે. કદાચ વખતે સાતમું હોય તો હોય. આગમ કહે છે કે, દર્શનશ્રાવક, વ્રતધારી શ્રાવકને સર્વ વ્રતધારી સાધુઓ

પાંચમાં આરામાં છે. શ્રાવકોને ચોથું ને પાંચમું સામાન્યરીતે હોય પણ તેઓ તેમાં છે કે નહી તે તો તેનું મન જાણી શકે. કારણ તેમના દિલમાં કેવો વિચાર, કેવો ભાવ, કેવી શ્રધ્ધા છે, કેવો ત્યાગ છે, તેની ખબર બીજાને ન પડે. જ્ઞાની જ દરેકના ભાવ જાણી શકે. કોઈ કેવળજ્ઞાની વિહરમાન હોય તો તેજ કહી શકે.

**સ.૧૪૧: એક સમયે જીવને કેટલા ગુણસ્થાન હોય ? એક ગુણસ્થાનવાળા જીવોની જ્ઞાન શક્તિ એકસરખી હોય ?**

જ.૧૪૧: એક જીવને એક સમયે એકજ ગુણસ્થાન હોય. એકજ ગુણસ્થાનકમાં ઘણાએ જીવો હોય પરંતુ તેમનું જ્ઞાન એકસરખું હોતું નથી. અને તેમની બધાની ક્રિયાપણ એકસરખી હોતી નથી. ઔદાયિક ભાવ અને જ્ઞાનનો ક્ષયોપશમિક ભાવ અલગ અલગ પ્રકારનો હોય છે. પણ એક ગુણસ્થાનમાં રહેલા બધા જ્ઞાનીઓના જ્ઞાનની જાતિ તો એકજ છે. ગુણસ્થાન પ્રમાણે જ્ઞાનની શક્તિ (અનુભવ જ્ઞાનની) વધતી જાય છે. એકજ ગુણસ્થાનમાં રહેલા અનેક જીવોના જ્ઞાનાદિમાં તારતમ્યતા હોય છે.

**સ.૧૪૨: કેવા કર્મો કે ગુણથી જીવ ઉંચા છે, ને કેવા કર્મથી નીચા છે ?**

જ.૧૪૨: સંસારમાં રહેલા જીવ માત્રને આઠે કર્મો છે. જેમ જેમ જીવ ગુણસ્થાનમાં વધતો જાય તેમ તેમ ઓછા બંધ પડે. મંદ કષાયમાં બંધ યોગ્ય કર્મમાં સ્થિતિ થોડી પડે. પુણ્યનો અધિક બંધ થાય. તેમાં અનુભાગ અધિક પડે. જેવા પરિણામ તેવી કર્મપ્રકૃતિ બંધાય. પહેલા ગુણસ્થાન કે જે જીવો છે તે જીવોને કર્મ ઘણા છે અને તેથી જીવના સદ્‌ગુણો દબાય છે. જીવોને કર્મ બાંધવાના મુખ્યત્વે પાંચ કારણો છે. કષાય, મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ અને યોગ.

**સ.૧૪૩: ચક્રવર્તી રાજા આદિ ક્રોધાદિભાવે યુધ્ધોલડે છે, છતાં તે જ ભવે મોક્ષે જાય છે. જો આ અનંતાનુબંધી કષાય હોય તો અનંત સંસારની વૃધ્ધિ થવી જોઈએ તેને બદલે મોક્ષ કેવી રીતે થાય ?**

જ.૧૪૩: વ્યવહાર આદિ પ્રસંગે પણ અનંતજીવો ક્રોધાદિ વર્તણુંક કરે છે. પરંતુ ઘણા જીવોને કલ્યાણકારી એવા વિતરાગ માર્ગ પ્રત્યે ક્રોધાદિ ભાવ એટલેકે (મહા વિપરિત કરનારા ભાવ) તેજ અનંતાનું બંધી કષાય છે. મોક્ષધર્મ અથવા તો સતધર્મ જે કેવલીએ પ્રરૂપેલો ધર્મ છે, તેનું ખંડન તેજ ક્રોધાદિભાવ...તેથીજ અનંતાનુબંધી કષાયનો બંધ થઈ અનંત એવા સંસારની વૃધ્ધિ થાય છે. તે જેટલો તીવ્ર-મંદ હોય તે પ્રમાણે બંધ પડે

છે. ને કર્મબંધ પ્રમાણે જીવ ગુણસ્થાનકના પગથિયા ચડે છે.

**સ.૧૪૪: ગુણસ્થાનકમાં સાધક આત્માની યાત્રા ટૂંકમાં વર્ણવો.**

**જ.૧૪૪:** ગુણસ્થાનક એ સાધક આત્માની ભાવયાત્રા છે. અનાદિકાળથી મિથ્યાત્વમાં રહેલો જીવ નિયતિના દિવ્ય સંયોગથી માર્ગાનુસારીપણું પામી ક્રમશઃ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે. અનાદિ કાળના મોહ સંસ્કારને લીધે જીવને જડ પદાર્થમાં સુખની પ્રતીતિ થાય છે. ને તે માટે કરીને સ્વાર્થમય જીવન સાધક આત્મા જીવતો હોય છે.

પરંતુ સદ્ગુરુના સંયોગે સાધકને જીવ અને અજીવ તત્ત્વનો ભેદ સમજાય છે. પુદ્ગલ તત્ત્વ છોડવા જેવું છે તેવી ઊંડી સમજણ પ્રગટે છે. એને પરિણામે સાધકને સમગ્ર જીવરાશિ સાથે **મૈત્રી** ગુણીજનો પ્રત્યે **પ્રમોદ** (બહુમાન) દુઃખીજનો પ્રત્યે **કરૂણા** અને મોક્ષમાર્ગ પ્રતિ ઉપેક્ષા કરનાર પ્રત્યે **માધ્યસ્થ** એવી ચાર ભાવોની પ્રાપ્તિ થાય છે. અને તેના પરિણામે સાધક આત્માને સમ્યક્ત્વરૂપ ચોથા ગુણસ્થાનની પ્રાપ્તિ ઉપલબ્ધિ થાય છે. ત્યારબાદ સંસાર પ્રત્યેની વાસના જ દુઃખનું કારણ છે તેવી સમજ સાધકને આવે છે અને તે સંસારભાવ છોડવા વ્રતનિયમ આદરે છે. ત્યારે સાધક પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકમાં ગતિ કરે છે. જ્યારે સાધનામાં અપ્રમત્ત ભાવ જોડાય છે ત્યારે સાધક સાતમા ગુણસ્થાનકે પ્રવેશે છે. આ પછીના પાંચ ગુણસ્થાનોમાં સૂક્ષ્મ વાસનારૂપ કષાયો પર વિજય થાય છે. અને બારમા ગુણસ્થાનકના અંતે શુકલધ્યાનના પરિણામ રૂપે નિર્મળ જ્યોતિરૂપ કેવળજ્ઞાન-કેવળદર્શનની પ્રાપ્તિ થાય છે. આ કેવળજ્ઞાની સાધક, પોતાના આયુષ્યના અંતકાળે સર્વ પ્રવૃત્તિનો નિરોધ કરી ચૌદમા ગુણસ્થાનકે જઈ મોક્ષ પામે છે. ગુણસ્થાનકની આ યાત્રાને સફળતાથી સમજવા માટે આપણે પહેલાં કર્મ અને ખાસ કરીને મોહનીય કર્મ વિષે સમજવું જરૂરી છે.

**સ.૧૪૫: કર્મ કોને કહેવાય ? દ્રવ્યકર્મ ને ભાવકર્મ સમજાવો.**

**જ.૧૪૫: क्रियते इति कर्म!** આપણે જે કાંઈ કરીએ છીએ, ક્રિયા પ્રવૃત્તિ તેને કર્મ કહેવાય. લોકમાં કર્મનાં પુદ્ગલો ઠાંસી ઠાંસીને ભરેલા છે અને જીવો પણ અનંતા છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ તથા રાગ-દ્વેષની ચિકાશને કારણે કર્મ વર્ગણાના પુદ્ગલો આત્મા સાથે ચોંટી જાય છે, જે કર્મ કહેવાય છે. કર્મનો કર્તા અને ભોક્તા આત્મા જ છે. આત્માએ શુદ્ધ કરેલા શુભ કર્મોનું ફળ સદ્ગતિ અને શાતા છે. અશુભ કર્મોનું ફળ દુર્ગતિ અને અશાતા છે. કર્મ જ જન્મ મરણનું કારણ છે.

કરેલા કર્મને ભોગવ્યા સિવાય છૂટકો નથી. આત્માના રાગ-દ્વેષના પરિણામ તે ભાવકર્મ છે. અને આ રાગ-દ્વેષના પરિણામવડે ચૌદરાજલોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા કર્મવર્ગણાના પુદ્‌ગલો આવીને આત્મા સાથે જોડાય છે તે દ્રવ્યકર્મ છે. ભાવકર્મના નિમિત્તપામીને દ્રવ્યકર્મ બંધાય છે. તો પણ ભાવકર્મ બાંધવામાં જીવ સ્વતંત્ર છે. દ્રવ્યકર્મ ઉદયમાં આવે, એટલે કે ભોગવવામાં આવે ત્યારે સમજપૂર્વક આ જીવ, રાગ-દ્વેષરૂપ ભાવકર્મ ન બાંધે, સમતા રાખે, સમાધિ રાખે તો નવા દ્રવ્યકર્મ બંધાતા અટકે છે.

**સ.૧૪૬:** મોહનીય કર્મ કોને કહેવાય?

**જ.૧૪૬:** જે કર્મ જીવને વસ્તુના સાચા સ્વરૂપનું ભાન ન થવા દે, સમ્યક માર્ગે ચાલવા ન દે, સ્વ-પર, હિત-અહિતનો વિવેક ન થવા દે તે મોહનીય કર્મ. દારૂ પીધેલા માણસની જેમ મોહનીય કર્મનો ઉદય થતાં તે જીવને સત્‌-અસત્‌નો વિવેક ભૂલાવી જીવને પુદ્‌ગલ આનંદી બનાવે છે. આત્માને ભાન ભૂલાવી દે છે. આત્માના અનંતગુણ વિતરાગતાને ઢાકવાવાળું મોહનીય કર્મ છે. દર્શન મોહનીય કર્મઃ- એવું કર્મ જે પરમાત્માની વાણી પર શ્રદ્ધા થવા દેતું નથી. ઉત્પન્ન થયેલી શ્રદ્ધાને પણ શંકા-કુશંકા-તર્ક-વિતર્ક દ્વારા તોડી નાખે છે. આત્માના ક્ષાયિક (permanent) સમ્યક્દર્શન ગુણને ઢાંકનાર છે તેના ત્રણ પ્રકાર છે.

(૧) મિથ્યાત્વ મોહનીય કર્મઃ- આ કર્મના કર્મ દલિકો અશુદ્ધ હોય છે. તેના ઉદયથી ખોટી શ્રદ્ધાને વિપરીત માન્યતા થાય છે. ભગવાને કહેલા વચનો પર અશ્રદ્ધા અરૂચિ થાય છે. જેમકે મોક્ષ હશે કે નહિ? આત્મા હશે કે નહિ? બટેટામાં અનંત જીવ છે તે કોણ જોવા ગયું છે? હું આવું કાંઈ માનતો નથી. વિગેરે કુદેવ-કુગુરુ-કુધર્મ ગમે તે મિથ્યાત્વ મોહનીય કર્મ. (૨) મિશ્રમોહનીય કર્મઃ- આ કર્મના દલિકો અર્ધશુદ્ધ હોય છે. આ કર્મના ઉદયથી જીવને સર્વજ્ઞ ભગવંતના ધર્મ અને વાણી ઉપર ન રૂચિ થાય, ન અરૂચિ થાય. (૩) સમ્યકત્વ મોહનીય કર્મઃ- આ કર્મના ઉદયથી જીવને પ્રાપ્ત થયેલા સમકિતમાં શંકા-કુશંકા વગેરે અતિચારો ઉત્પન્ન થાય છે. સમ્યકત્વને મેલું કરે છે. જ્યારે બંધાય છે ત્યારે મિથ્યાત્વ મોહનીય કર્મ એકજ બંધાય છે પરંતુ આત્મા પોતાના પરિણામથી તેને ત્રણ પ્રકારનું બનાવે છે. શુદ્ધ-અર્ધશુદ્ધ અને અશુદ્ધ અર્થાત્‌ સમ્યકત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વમોહનીય કર્મ. મોહનીય કર્મને સમજવાથી, ગુણસ્થાનકની યાત્રાને સરળતાથી સમજી શકાશે.

**સ.૧૪૭: સિધ્ધ જીવ ઉર્ધ્વગતિજ કેમ કરે ? તીરછી કે અધોગતિ કેમ નહિ ?**

જ.૧૪૭: જીવદ્રવ્ય એ સ્વભાવથીજ ઉર્ધ્વગતિશીલ છે. જેમકે પુદ્ગલ સ્વભાવથીજ અધોગતિશીલ છે. માટીથી લેપાયેલી તુંબડીને પાણીમાં નાખો તો નીચે જશે, પરંતુ માટી પલડીને નીકળી જતાંની સાથેજ સ્વભાવગતજ તે તુંબડી પાણીની ઉપર તરી આવશે. તેવી જ રીતે કર્મ દ્રવ્યના બંધનને લીધે જીવ નીચી યા તીરછી દિશામાં ગતિ કરે છે. જ્યારે કર્મનો સંગ છૂટ્યો ત્યારે મુક્ત જીવ પોતાના સ્વભાવ પ્રમાણે ઉર્ધ્વગતિ જ કરે છે. આ પ્રસંગે પૂર્વપ્રયોગ નિમિત્ત બને છે. એટલેકે પૂર્વબધ્ધ કર્મ છૂટી ગયા પછી પણ તેથી આવેલો વેગ, આવેશ. તેથી કરીને લોકાંતે સ્થિત થાય છે.

**સ.૧૪૮: ક્ષાયિક સમકિતીના અધિકમાં અધિક કેટલા ભવ હોય ? તેમની કઈ ગતિ થાય ?**

જ.૧૪૮: ક્ષાયિક સમકિતીના (જે સમકિત આવ્યા પછી જાય નહિ) સામાન્યથી એક કે ત્રણભવ, મતાંતરે કોઈને ચાર કે પાંચ ભવ થાય પણ તેનાથી વધારે ન થાય. સમકિત સહિત શ્રાવક કે તિર્યંચ પણ અવશ્ય વૈમાનિક દેવલોકમાં જાય. (જો સમકિત પામતા પહેલાં નરક આદિના આયુષ્યનો બંધ ન થયો હોય તો..) વળી વિશુધ્ધ સમકિત ધારી હોય તો ઈન્દ્ર કે સામાનિક અથવા મહર્ધ્ધિક દેવો જેવા ઉચ્ચ સ્થાન પામે છે.

**સ.૧૪૯: પ્રભુ વીરે અંતિમ દેશનામાં અર્થ-કામ-ધર્મ-મોક્ષ આ ચાર પુરુષાર્થ બતાવ્યા છે. તેમાં અર્થ અને કામ ગૃહસ્થ શ્રાવક-શ્રાવિકા માટે તથા ધર્મને મોક્ષ સંત માટે છે એવી મારી સમજ છે...અર્થ અને કામને પ્રભુ વીરે પુરુષાર્થ માન્યા છે તો એ ઈષ્ટ છે કે અનિષ્ટ ?**

જ.૧૪૯ :સારું કર્યું તમે આ સવાલ કર્યો, કારણ કે ઘણાંને મૂંઝવતો સવાલ છે કે ભગવાને અર્થ અને કામને પુરુષાર્થ કેમ માન્યા ? અને આપણે પાંચમા આરાના વક્ર અને જડ બુદ્ધિવાળા માણસોએ ધર્મ અને મોક્ષને છાપરે ચડાવીને (એ તો સંતો માટે છે એમ માનીને) આંખ બંધ કરીને અર્થ અને કામ પાછળ ઝંપલાવી દીધું ને કેટલાય અનર્થો સર્જ્યાં. વાત એ નથી કે અર્થ અને કામ ગૃહસ્થો માટે છે ને ધર્મને મોક્ષ ફક્ત સંતો માટે છે, સંપૂર્ણ માનવ જાત માટે છે; ને વાત એ પણ નથી કે આ દેશના ફક્ત મહાવીરની જ છે. દેશના તો ચોવીસે તીર્થંકરોની એક સરખી જ હોય છે. હા...દેશ અને કાળના સંદર્ભે ભાષા અને સમજાવવાની રીત અલગ હોઈ શકે પણ દેશના તો એક જ છે. આ ચારેયને સમજવા માટે

જરા પ્રાચીન કાળમાં જવું પડશે.

જુઓ પહેલો આરો, બીજો આરો અને ત્રીજા આરાના અંત સુધી (અહીં ભરત ક્ષેત્રની વાત છે) યુગલિયા મનુષ્યોને જે કાંઈ ખાવા-પીવા-પહેરવા-ઓઢવા-ઘર બનાવવા જોઈતું હતું તે વૃક્ષોમાંથી મળી જતું હતું. તેથી અર્થ ઉપાર્જનની કોઈ જરૂરત ન હતી. કામ તો સ્વાભાવિક છે, જે પશુ-પક્ષીમાં પણ જોવા મળે છે. હવે રહી ધર્મને મોક્ષની વાત તો યુગલિયાઓ કાંઈ જ ધર્મ જાણતા ન હતા....શું આત્મા છે ? શું કર્મ છે ? શું મોક્ષ છે ? તેઓ કાંઈ જ જાણતા ન હતા. ત્રીજા આરાના અંતમાં આદિનાથ દાદાએ, ધંધાની કલા વગેરે શીખવાડી. કેવલી ભગવંતે ધર્મ પ્રરૂપ્યો ને મરૂદેવા માતાથી મોક્ષના દ્વાર ખુલ્યા. પ્રાચીન સમયમાં જરા નજર નાખશો તો ખબર પડશે કે મનુષ્ય જીવનના સો વર્ષનું આયુષ્યની કલ્પના કરીને તેના ચાર વિભાગ પાડવામાં આવ્યા હતા. ૧ થી ૨૫ વર્ષ બ્રહ્મચર્યાશ્રમ ગણાતો, જેમાં બાળક મા-બાપની ગોદમાં પ્રેમને સંસ્કાર મેળવતું. ૭-૮ વર્ષનું થતાં ગુરુકુળમાં અભ્યાસ માટે મોકલવામાં આવતું. ત્યાં ગુરુની નિશ્રામાં જીવન જીવવાની કળા, શાસ્ત્રજ્ઞાન, ધંધાની કળા વગેરે શીખતાં શીખતાં ધર્મના બીજ સંસ્કાર પણ રોપાતા.

૨૫ વર્ષનો યુવાન ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતો તેના માટે હવે પૈસા કમાવા જરૂરી હતા. ઘર ચલાવવું, પરિવારનો ઉછેર કરવો. છોકરાઓને પરણાવવા. બસ આ ખર્ચા પૂરતું અર્થ ઉપાર્જન જરૂરી હતું એટલું જ.... ભગવાને કહ્યું, પૈસા ન્યાય-નીતિથી કમાવાના - કાળા ધોળા કરીને નહીં. માર્ગાનુસારી શ્રાવકના ૩૫ ગુણમાં આ બધું વર્ણન છે, એટલે અર્થ માટે પુરુષાર્થ કરવો જરૂરી છે પણ કેટલો ? જરૂરિયાત પૂરતો...મર્યાદામાં રહીને...ને એ પણ પચાસની ઉંમરે પહોંચતા...આ અર્થ અને કામ બંને ત્યાગી દેવાનું છે. કામભોગ પણ એટલા માટે જરૂરી એ છે કે મોક્ષે જવા માટે પણ મનુષ્ય જન્મ લેવો જરૂરી છે. તે માટે કોઈકે તો મા-બાપ બનવું જ પડશે માટે એ પણ એક ફરજ બની જાય છે. વળી કામ એ સ્વાભાવિક છે, જેમકે ભૂખ લાગવી તે સ્વાભાવિક છે; પણ ભૂખ લાગે ત્યારે ખાવું નહીં ને તેને સમતાભાવે વેદવું તે પુરુષાર્થ હવે આપણે જોઈએ કે ભગવાને કામને પુરૂષાર્થ...કેમ કહ્યો ? **કામભોગને તીવ્ર ઈચ્છાથી, આનંદથી અને સુખ માણીને ભોગવે તો એ પુરુષાર્થ નથી વાસના છે...પરંતુ માણસને જ્યારે ભેદજ્ઞાન અનુભવથી થાય છે... ત્યારે**

**શરીર અને મન બંને અલગ ભાસે છે. તેની દૈહિક ક્રિયા સાથે મન જોડાતું નથી. આત્મા અલિપ્ત રહે છે... 'હું ભોગ ભોગવું' એવી વાસના જીવંત હોતી નથી. ત્યારે એ કામ-કામવાસના મટી-કામ પુરુષાર્થ બને છે.**

બે તીર્થંકર છોડી દરેક તીર્થંકરને પત્ની તથા પરિવાર છે. પરંતુ તેઓ તે જ ભવે મોક્ષે ગયા છે, કેમકે તેઓ કામને ભોગવતા નથી. શાસ્ત્રમાં એક વાર્તા આવે છે. બે ભાઈ હોય છે...બંને વૈરાગી. પણ ફરજ સમજીને મોટો ભાઈ રાજ્ય સંભાળે છે, જ્યારે બીજો ભાઈ સંયમ ગ્રહણ કરી જંગલમાં વાસ કરે છે. એક દિવસ ભાભી, દિયર મહારાજને ખાવાનું વહોરાવવા જતી હોય છે (કદાચ જૈનમુનિ ન હોય. મને વાર્તા બરાબર યાદ નથી પણ એનો મર્મ સમજજો.) પણ જુએ છે કે, નદીમાં ઘોડાપૂર પાણી છે. તો પેલે પાર કેમ જવું ? રાજાને પૂછે છે કે શું કરું ? ત્યારે રાજા કહે છે કે નદીને વિનંતી કર કે 'જો મારો પતિ નિત્ય બ્રહ્મચારી હોય તો તું મને મારગ આપ.' પેલી રાણી વિચારે છે કે આ રાજા મારી સાથે ભોગ ભોગવ્યા છતાં પોતાને બ્રહ્મચારી કેમ કહે છે ? પણ તેના આશ્ચર્ય વચ્ચે એવું બન્યું કે નદીને વિનંતિ કરતા નદી મારગ આપે છે. દિયર સાધુને વહોરાવીને પાછી ફરતી હોય છે. ત્યા પાછું જુએ છે કે નદીમાં એવું જ ઘોડાપૂર ઉમટી રહ્યું છે હવે શું કરું ? દિયર સાધુમહારાજ કહે છે કે નદીને વિનંતિ કરો કે 'મારા દિયર મહારાજ સદા ઉપવાસી હોય તો હે નદી મને મારગ આપ'... પાછો વિચાર આવે છે કે 'હું એમને રોજ ખાવાનું વહોરાવું છું છતાં એમ કહે છે કે પોતે નિત્ય ઉપવાસી છે.' પરંતુ ફરી એના આશ્ચર્ય વચ્ચે આવું કહેતાંની સાથે જ નદીમાતાએ માર્ગ કરી આપ્યો. આ વાર્તાને સમજશે તે જરૂર સમજી શકશે કે ક્યા અર્થમાં ભગવાને કામને પુરુષાર્થ કહ્યો છે...કે જેઓ મનથી વિરક્ત છે, ભેદજ્ઞાનને પામેલા છે, જેઓ કામને ભોગવતા નથી...ફક્ત પૂર્વ જન્મના બાકી રહી ગયેલા કર્મોને સમતાભાવે અનિત્યભાવે...વેદી રહ્યા છે. તેમને માટે આ કામ એક પુરૂષાર્થ બની જાય છે. આપણે પણ કર્મ વેદીએ છીએ પણ એમાં રસ રેડીને, ભૌતિક સુખને વાસ્તવિક સુખ રૂપે માનીને તો આ કામભોગ એક વાસના બની જાય છે...જેથી જૂના કર્મો વેદતાં નવા કર્મોના ઢગલાં ખડકીએ છીએ...જો રસપૂર્વક ભોગવવામાં ન આવે તો આ કામ પણ મોક્ષ માટેનો પુરુષાર્થ બની જાય છે...પણ **ભગવાનની વાણીને વાસ્તવિક રૂપે ન સમજવાથી...'ભગવાને કીધું છે કે અર્થ ઉપાર્જન કરો...ને કામ ભોગવો...'**

**'ધર્મને મોક્ષ તો સંતોનું કામ છે....' વાહ રે માનવ તારી દુર્બુદ્ધિ!!! ભગવાનના ઓછાયા હેઠળ તેં તો અર્થ અને કામમાં માઝા મૂકી દીધી.**
જુઓ પ્રાચીન વ્યવસ્થા પ્રમાણે જીંદગીના ૧૦૦ વર્ષ કલ્પીને એનો ચોથો ભાગ જ એટલે ૨૫ થી ૫૦ વર્ષ જ અર્થ અને કામ માટે ફાળવ્યા છે. ૫૦ વર્ષ પછી સંસારની, બાળકોની, ધનની બધી જ મોહમાયા છોડીને માણસ જંગલમાં સાધના કરવા ચાલ્યો જતો. આને કહેતા વાનપ્રસ્થાશ્રમ. રાજ્ય વૈભવ છોડી, રાજા, મહારાજા, શ્રેષ્ઠીઓ આ માર્ગ અપનાવતા. **દેરાસરો, મંદિરો, શહેરમાં છોડીને અહીં એકલા, એકાંતમાં પોતાના દેહ મંદિરમાં બિરાજેલ પરમાત્મા સ્વરૂપ આત્માની શોધ ચાલુ કરતો.** સાથે સાથે એ પણ જોતો કે પોતે કુટુંબ કબીલા વગરનું એકાંકી જીવન જીવી શકે છે કે નહીં? ટાઢ-તડકો-વરસાદ, જીવજંતુ, મચ્છરનો ત્રાસ આદિ પરિષહ સમતાપૂર્વક વેદી શકે છે કે નહિ? જંગલી પશુ-પક્ષીથી ભય તો નથી પામતો ને? આ બધા જ પરિષહો સમતાપૂર્વક, અનિત્ય ભાવનાપૂર્વક વેદીને એક એક કર્મની પ્રતરોને ઉદીરણામાં લાવી નિર્જરતો જતો હતો. ને જેમ જેમ કર્મની નિર્જરા થતાં ક્રોધ-માન-માયા-લોભ-દુરાગ્રહ-હઠાગ્રહ જેવા દુર્ગુણો પાતળા પડતા જતા હતા. આ હતો ધર્મ માટેનો ખરેખર પુરુષાર્થ. આ હતી સંન્યાસ લેતા પૂર્વેની તૈયારી. બે પાંચ વરસ નહીં પૂરા ૨૫ વર્ષ. આટલા વર્ષો સુધી એકલા જંગલમાં રહી મૌન અને ધ્યાનમાં રત થતાં સ્વાધ્યાય (સ્વનો અધ્યાય) કરતાં કરતાં ભાવિક જીવ સમ્યક્ દર્શનની પ્રાપ્તિ કરે. આટલી આકરી પરીક્ષા ૨૫ વર્ષ સુધી પસાર કર્યા પછી જ માનવી સંન્યાસ ગ્રહણ કરતો...ને જીંદગીના છેલ્લાં ૨૫ વર્ષ ધ્યાન અને કાઉસગ્ગ દ્વારા મોક્ષ માટેની સાધના કરવા થકી જીવ મોક્ષ તરફ પ્રયાણ કરતો અથવા મોક્ષ તરફ પોતાના ડગ ભરતો. આ થયો મોક્ષ પુરુષાર્થ...જોયું તમે...પ્રાચીન સમયમાં ફક્ત ૫૧ ભાગની જીંદગી જ અર્થ અને કામ પુરુષાર્થ માટે હતી એ પણ ધર્મ પુરૂષાર્થને સાથે રાખીને જુઓ....
૨૫ વર્ષ બ્રહ્મચર્યાશ્રમ. ધર્મબીજનું વાવેતર. ૨૫ થી ૫૦ વર્ષ ગ્રહસ્થાશ્રમ. અર્થ અને કામ અનિવાર્ય હોય તેટલું જ. ૫૦ થી ૭૫ વર્ષ વાનપ્રસ્થાશ્રમ. જંગલમાં રહી ધર્મ પુરુષાર્થ. ૭૫ થી ૧૦૦ વર્ષ સંન્યાસાશ્રમ. ચારિત્રગ્રહણ કરી મોક્ષ પુરુષાર્થ.
કેમ ભગવાન ધર્મને મોક્ષ પુરૂષાર્થ માટે મોટો સમયગાળો ફાળવ્યો, કેમકે આ બંને પુરુષાર્થ એવા છે કે જે મનુષ્ય જન્મ સિવાય કોઈ જન્મમાં

થઈ શકવાના નથી. આપણે પણ આ મનુષ્ય જન્મમાં આ ચારેયને સાચા અર્થમાં પુરુષાર્થ તરીકે અપનાવી ભવનો નિસ્તાર પામીએ.

**સ.૧૫૦: આપણે કર્મની નિર્જરા માટે ઉપવાસ આદિ પ્રથમ બાહ્યતપ કરીએ છીએ તો ખરેખર તપથી નિર્જરા થાય છે ? કેવી રીતે ? સમજાવો...**

**જ.૧૫૦:** હવે જ્યારે તમે ઉપવાસ કરો છો, ખોરાક બિલકુલ નથી લેતા, તો તેટલો સમય કાયાથી આવતા કર્મો સંવર થાય છે. (અટક છે) નવા કર્મો આવતા અટકે છે તો શું થાય છે ? જેવા નવા કર્મો આવતા અટકે છે તેવા જ જૂના કર્મો જે અનાદિથી સંગ્રહીને આવેલા છીએ તેમાંથી એકાદ કર્મની પ્રતર ઉદીરણામાં આવે છે. તો શું થાય ? એ જેનું કર્મ ઉદીરણામાં આવ્યું તે કોઈપણ સ્વરૂપે તમારા શરીર પર પ્રગટ થશે....કોઈનું માથું દુઃખશે, ચક્કર આવશે, બળતરા થશે, વોમીટીંગ થશે, કાંઈપણ સ્વરૂપે ઉદયમાં આવશે...આ જે જુનું કર્મ ઉદીરણામાં આવ્યું તે નીર્જરવા માટે આવ્યું છે. પણ આપણને નીર્જરતા આવડતું નથી. આપણે સ્વેચ્છાએ, ઉપવાસ કરીને આવી બધી તકલીફોને આમંત્રણ આપ્યું....તમારૂં આમંત્રણ સ્વીકારીને આ બધા (તકલીફ રૂપી) મહેમાનો આવ્યા. તે મહેમાનોનું સ્વાગત કરવાને બદલે (સહજ ભાવે સ્વીકાર) તેને કાઢવાના ઉપાય ચાલુ કરી દીધા ક્યારે જાય ? કેમ કરીને જાય.... ? એને દાબવાનું, ચોળવાનું, બીજા અનેક પ્રકાર ઉપાય કરીને તેને કાઢવાના પ્રયત્ન કરવા લાગ્યા. અંદરની ચેતના બોલવા લાગી કે આ ન જોઈએ... આ ન જોઈએ....મતલબ કે ઉદીરણા થઈને આવેલા કર્મો પ્રત્યે દ્વેષના કિરણો નાખવાના ચાલુ કર્યા... તેથી શું થશે કે **ઉપવાસ કરીને જૂના કર્મોને ઉદીરણામાં તો લાવ્યા પણ જેવા આવ્યા એવા એને નીર્જરવાને બદલે દ્વેષના કર્મોનો ગુણાકાર કરવા લાગ્યા. એટલે નફાને બદલે નુકશાનનો ધંધો કર્યો.** તો સવાલ એ થાય કે ઉદીરણામાં આવેલ કર્મો નીર્જરવા કઈ રીતે ? **કર્મોને નીર્જરવા માટે એકજ રસ્તો છે કે તે કર્મોને સમતા ભાવે વેદવા...**ગમે તેવી ભયંકરમાં ભયંકર તકલીફ રૂપે કર્મો પ્રગટ થાય ત્યારે વિચારવું કે આતો મેં જ આમંત્રણ આપીને બોલાવેલા મહેમાન છે. એને કાઢી ન મુકાય. તે ભલે ગમે તેવા કષ્ટદાયક હશે તો પણ દેર-સબેર ચાલી જશે. આ પણ અનિત્યજ છે. કશું કાયમ રહેવાનું નથી. આમ મહાવીરે બતાવેલી પ્રથમ અનિત્ય ભાવનામાં સ્થિર થવું. એવો ભાવ પણ ન કરવો કે આ મટી જાય તો સારૂં. જતાં રહેતો સારૂં. ન કોઈ એવી એકસન લેવી સંપૂર્ણ પણે સમતામાં સ્થિર થવું. **અનિત્ય**

**ભાવના અને સમતામાં સ્થિરતા તો ઉદીરણામાં આવેલા કર્મને ન તમારા રાગનો ટેકો મલશે...ન તમારા દ્વેષ નો ટેકો મલશે. તો આવેલું કર્મ ટકી શકશે નહી અને નીર્જરીને ચાલી જશે.**

અને જો ઉદીરણામાં આવેલા કર્મ પ્રત્યે તેને કાઢવાનો એટલે કે દ્વેષનો ભાવ નાખ્યો તો દ્વેષના કર્મોના ગુણાકાર કરશો. અગર કોઈ રાગનુ કર્મ ઉદીરણામાં આવશે તો તે બહુ ગમી જાય, આ સ્થિતિ રહી જાય એવા ભાવ કરશો તો રાગના કર્મોના ગુણાકાર થશે. ઉપવાસ કર્યો....કર્મની નીર્જરા માટે પણ કરી બેઠા રાગ કે દ્વેષના કર્મોનો ગુણાકાર ખરેખર ઉપવાસ તમારો એટલો જ થયો જેટલો સમય તમે સમતામાં (ન્યુટ્રલ) રહ્યા બાકીતો નિર્જરાના બદલે કર્મના ઢગ ખડક્યા. મોક્ષ સુધી પહોંચવાનો એકજ રસ્તો છે અને તે છે સમતા....જુઓ કહ્યું છે કે......

ત્રણ અક્ષરને ઓળખો, બે લઘુ ગુરૂ એક...
સીધી લેતા મોક્ષ છે, ઉલટી દુર્ગતિ દેત.

એ ત્રણ અક્ષર છે સમતા....**સમતા** ધારણ કરો તો કર્મની નિર્જરા....તેનાથી ઉલટું એટલે **તામસ** ધારણ કરો તો દુર્ગતી નક્કીજ છે. કદાચ બાહ્યતપ અનસન વિષે આટલું ઉંડાણમાં ક્યારેય વિચાર્યું પણ નહી હોય....આતો ગમે તેમ કરીને, આડા-અવળા, ઉંધાચીતા પડીને, વિવિધ ભોજનના રસાસ્વાદ મનમાં જમા કરી કરીને ક્યારે પારણું થાયને આ બધું ખાઉ એમ ભાવના સેવતા-સેવતા આઠ ઉપવાસ પૂરા કર્યા ઢોલ નગારા વગાડયા....પારણા થઈ ગયા....સ્વાદેન્દ્રિયે પહેલા કરતાં પણ બમણું જોર માર્યું, સ્પ્રીંગને જેટલી દબાવો એની ડબ્બલ ઉછળે એવી હાલત થઈ....બોલો આમાં કર્મની નિર્જરા ક્યાં થઈ? **ઉપવાસ એ એક સાધન છે. તેના દ્વારા ઉદીરણામાં જે કર્મ આવે તેને કોઈપણ જાતની પ્રતિક્રિયા આપ્યા વગર સમતામાં સ્થિર થઈ, અનીત્યભાવનામાં સ્થિર થઈ નીર્જરવા તે સાધ્ય છે. સાધનને જ સાધ્ય માની લો તો નિર્જરા ક્યાંથી થાય? ઉપરથી કર્મના ઢગલા થાય.** નુકશાન થાય.

ઘણીવાર ધંધામાં એવું થાય કે પેપર પર મોટા મોટા આંકડા બતાવે પણ હાથમાં કંઈ ન આવે....એમ ભલે તમે મોટી મોટી ગણત્રી મુકો કે મારે આટલા ઉપવાસ થયા... ૧૫ થયા, ૧૬ થયા, ૩૦ થયા વર્ષીતપ થયો... પણ આટલું કષ્ટ વેઠીને જો કર્મની નીર્જરા કરતાં ન આવડી તો અંતે એ શૂન્ય થઈ જશે.

**સ.૧૫૧: કરેલો તપ શૂન્ય કેવી રીતે થાય?**

**જ.૧૫૧:** ધારો કે તમે અઠ્ઠાઈ કરી....આઠ દિવસ સુધી ખાધું-પીધું નહી એટલે એટલો પુન્યનો બંધ પડશે પરંતુ અઠ્ઠાઈ કરતી વખતે તમારામાં ઉંડે ઉંડે જે ભાવ હશે....જેમકે.... કોઈને લોકોમાં દેખાડો કરવાનો ભાવ હશે...કોઈને મનમાં અહંકાર હશે.... કોઈના મનમાં ભોજનનું ચીંતન હશે.... કોઈના મનમાં હશે કે જો મેં આટલુ કર્યું. કોઈ શાતાય પૂછે છે? કોઈના મનમાં શું શણગાર સજવો? કયા વસ્ત્ર પરિધાન કરવા. શેમાં સૌથી સુંદર દેખાઈશ? કોઈ વિચારશે કે ન કોઈ માથું દબાવવાનું પૂછે છે, ન કોઈ પગ દબાવે છે. આપણા તપ સહેલા થોડા છે? અરે મારા માટે પાણી પણ ઉકાળીને નથી રાખ્યું? ગાદલું પણ નથી પાથર્યું? આવા...આવા...અનેક વિચારોનું ઘમસાણ મનમાં ચાલતું હશે, કે જેનો કોઈ અંતજ નથી. તો આ જે વિચારો છે, આ જે ભાવ છે, તેને લીધે અનુબંધ પાપનો પડશે. એટલે કે તમારા ઉપવાસ તમને આપે પુન્યનો બંધ અને અંદરની ભાવના તમને આપે પાપનો અનુબંધ. એટલે આ બની ગયું પાપાનુબંધી પુન્ય.

હવે અનુબંધ એટલે શું? અને પાપના અનુબંધવાળું પુન્ય શું કરે? તે પણ જાણી લો...અનુબંધ હંમેશા બંધની સાથે પુંછડાની જેમ જોડાયેલું હોય. દરેક બંધની સાથે તેનો અનુબંધ સાથેને સાથે જ રહે. બંધ જેવું ઉદયમાં આવ્યું કે તેની સાથે અનુબંધ પણ હાજર થઈ જાય. એક ઉદાહરણથી સમજીએ...ધારો કે તમે અઠ્ઠાઈ કરી તે પુન્યના બંધનના પ્રતાપે તમને સુદર એવું રૂપ મલ્યું. પણ અંદરના ભાવને હિસાબે જે પાપનો અનુબંધ પડયો હતો તે સાથે જ હાજર થશે અને તમને રૂપનું અભિમાન, અહંકાર કરાવશે. કદાચ વેશ્યાવાડે પણ લઈ જશે. આમ આ અભિમાન - અહંકાર - વેશ્યાગીરી તમને દુર્ગતિમાં ઘસડી જશે. આમ આ તમારૂં પુન્ય, તમારી તપસ્યા શૂન્ય બની ગઈ. બીજું એક ઉદા. જુઓ ધારો કે આવા કોઈ તપને લીધે પુન્યનો બંધ પડયો જેથી પૈસે-ટકે ઘણું સુખી બન્યા પણ અંદરના ભાવ પ્રમાણે અનુબંધ પાપનો પડયો જેના લીધે અતિભયંકર કાળા નાગ જેવો ક્રોધ પ્રગટ થયો - હવે આ પૈસાપાત્ર પણ ક્રોધી વ્યક્તિએ ક્રોધના આવેશમાં એવા એવા કામ કર્યા કે આ ક્રોધે એને ક્યાંય દુર્ગતિના ખાડામાં ફેંકી દીધો. આ કામ અનુબંધનું. અને આ **અનુબંધમાંજ તાકાત છે કે તે નવું કર્મ કેવું બંધાવશે. એટલે સમજો...આપણા માટે બંધ કરતાં અનુબંધનું મહત્વ વધારે છે.** માટે હંમેશા અનુબંધથી ચેતો પ્રથમ બાહ્યતપ અનસન...નાનો હોય કે મોટો એ તો

ફક્ત પુન્યનો બંધ આપશે પણ તે સાથે અંદરના ભાવ પ્રમાણે, અંદરના રાગ-દ્વેષ-મોહ-માયા-કપટ-હઠાગ્રહ-દુરાગ્રહ અનુસાર જ તેનો અનુબંધ પડશે. જ્યારે પણ, જે પણ ભવમાં આ પુન્યનો બંધ ભોગવટામાં આવશે ત્યારે તેની સાથેજ પૂંછડાની જેમ અનુબંધ હાજર થઈ જશે, ને તમને દુર્ગતિની, ખાઈમાં ધકેલી દેશે. માટે માણસે સતત જાગ્રત રહેવું કે અનુબંધ ખોટો નથી પડી રહ્યો ને ? બંધ કરતાં અનુબંધથી ચેતો... ક્યાંક એવું ન બને કે આટલા તપ કરીને, કષ્ટવેઠીને અંતે હાથમાં શૂન્ય જ આવે.

**જ.૧૫૨: ઉપવાસ દરમ્યાન બચેલી ઉર્જાનો ઉપયોગ શેમાં કરવાનો છે ?**

**જ.૧૫૨:** આપણે જે કાંઈ ખાઈએ પીએ છીએ તેનું ઉર્જા શક્તિમાં રૂપાંતર થાય છે તે રૂપાંતર કરવા માટે શરીરના વિવિધ અંગોને કાર્ય કરવું પડે છે. તે અંગો કાર્ય કરવા માટે ઉર્જાશક્તિનો ઉપયોગ કરે છે તેથી આપણી ઘણી ઉર્જા શક્તિ આમજ વપરાઈ જાય છે. અગર તમે ખોરાક નથી લેતા...તો આ વિવિધ અંગોમાં વહેંચાઈ જવા વાળી શક્તિ બચે છે... ઉપવાસ દરમ્યાન આ બચેલી ઉર્જા શક્તિનો ઉપયોગ... ઉદિરણામાં આવેલ કર્મોને નીર્જરવા માટે કરવાનો છે. કેમકે કર્મોને વેદતા થકાતા સમતામાં સ્થિર થવું તે ખાવાના ખેલ નથી. તેના માટે ઘણી ઉર્જાશક્તિની જરૂર પડે છે. આમ ભોજન છોડવાથી જે ઉર્જાશક્તિ (ચેતના) વધે છે. તે બધી ઉર્જાશક્તિ મગજને મળે છે... મગજ જાગૃતિ સાધવામાં સમર્થ બની જાય છે. (મહાવીરની જાગૃતિનું હજાર કારણોમાનું આ પણ એક કારણ છે) આ જાગૃત મન દ્વારા, સતત-સખત પ્રયત્ન દ્વારા રાગ-દ્વેષ દૂર કરી...સમતામાં સ્થિર રહી શકાય તોજ આ તપનો અનુબંધ શુભ પડે અને તોજ **"તપશ્ચ નિર્જરા"** તે સાધ્ય કરી શકાય. આ આંતરીક જાગૃતિ તેજ સાધ્ય છે. ઉપવાસતો સાધન છે. આપણે સાધનને મહત્વ આપી દીધું ને સાધ્યને ખોઈ નાખ્યું. સાપ ચાલ્યો ગયો ને કાંચળી હાથમાં રહી ગઈ.

**સ.૧૫૩: શાસ્ત્રમાં "ઈચ્છાનિરોધ તપ" એમ કેમ કહ્યું છે ? આપણે કોઈ તપ કરીએ તો મેં કર્યું એમતો થાય તો એમા શું ?**

**જ.૧૫૩:** આપણને થાય છે કે મેં અઠ્ઠાઈ કરી, મેં માસક્ષમણ કર્યું....એક વાત હંમેશા ધ્યાનમાં રહે કે તમે કાંઈ કરતા નથી.. જે કાંઈ થાય છે તે કોઈ પૂર્વ જન્મમાં એવા કોઈ કર્મ નાખીને આવ્યા છો તેનો પાકવાનો સમય

પૂરો થતાં તે ઉદયમાં આવે છે. અને તમારાથી તપસ્યા થઈ જાય છે. તમે કરવાવાળા કોઈ નથી. અત્યારે કોઈ કેવલી વિચરતા હોત તો તમને જણાવત કે.... કોઈ જનમમાં આ પ્રમાણેનું કર્મ કર્યું હતું તેના પરિણામ રૂપે આજે આ માસક્ષમણ ઉદયમાં આવ્યું છે. આમ ઉદયમાં આવેલી ચીજને તમે "મેં કર્યું", "હું કરૂં છું" એવા અહંપદમાં સ્થાપિત કરો છો. તેથી પણ અનુબંધ પાપનો પડે છે.

આદિનાથ દાદાનું ઉદાહરણ આપણી સમક્ષ છે. તેમણે તેર મહિનાના ઉપવાસ કર્યા નથી.... પરંતુ પૂર્વ જન્મમાં તેર કલાક સુધી બળદનું મોઢું બાંધી દેવાથી ઉપાર્જન થયેલું કર્મ ઉદયમાં આવ્યું છે. વળી એપણ જુઓ કે એ કર્મ બાંધતી વખતે એમને એ બળદો પ્રત્યે કોઈ દ્વેષ ભાવના નહતી માટે ભલે બંધ ખોટો હતો પણ અનુબંધ પુન્યનો હતો. માટે એ પાપના બંધ રૂપે તેમને તેર મહીનાસુધી ગોચરી ન મળી પણ શુભ અનુબંધ ના પરિણામે તે ઉર્જાશક્તિનું ઉર્ધ્વગમન કરી....રાગદ્વેષથી મુક્ત થવામાં ને સમતામાં સ્થિર થવામાં તેનો ઉપયોગ કર્યો... જેથી મોક્ષપદને પામ્યા. જો એમનો અનુબંધ પણ ખોટો હોત તો, અશુભ બંધને કારણે તેર મહીના સુધી ગોચરી તો ન જ મળત પણ સાથે રાગ-દ્વેષના ઢગલા કરી દુર્ગતિમાં ફેંકાઈ જાત.

ઘણી વાર કોઈ તપની તીવ્ર ઈચ્છા કરી હોય તો પણ તે ઉદયમાં આવે છે....પણ જુઓ શાસ્ત્રમાં કહ્યું છે કે..."ઈચ્છા નિરોધ તપ" ઈચ્છાને રોકવી તે જ તપ છે. શા માટે એવું કહ્યું તે પણ સમજો...

ધારોકે તમે તીવ્ર ઈચ્છા કર્યા કરી કે "મારે માસક્ષમણ કરવું છે..." ને ઘુંટી ઘુંટીને આ ઈચ્છાને નીકાચીત બનાવી દીધી. (નીકાચીત કર્મ એટલે એવું કર્મ કે જે ભોગવ્યેજ છૂટકો થાય) પણ આત્માની તમારી હાલની પરિસ્થિતિ એવી નથી કે તમે માસક્ષમણ કરી શકો. પરંતુ તમારી નીકાચીત કરેલી ઈચ્છાએ ક્યારે ને ક્યારે તો આકાર લેવાનો જ છે. હવે શું થશે ? કેમકે આ ઈચ્છાને સાકાર કરવા માટે સૌ પ્રથમ તો મનુષ્ય દેહ જોશે. આ બધી વસ્તુ માટે કેટલું બધું પુન્યનું ઉપાર્જન જોશે. ને એ પુન્યના ઉપાર્જન માટે કેટલાય બીજા અનંતાઅનંતા ભવ કરવા પડશે...સમજાય છે ? વળી એ અનંતા અનંતા ભવમાં તમે ફક્ત પુન્ય જ કરવાના છો. એવું તો નથીને ? પાપ કરવાનાજ નથી એવું તો બનેજ નહીને ? માટે આ કરેલી એક નીકાચીત ઈચ્છાની પાછળ, તે ઈચ્છાને સાકાર કરવા માટે કેટલા ભવ વધારી દીધા... કેટલા પાપના ઢગલા

ખડકી દીધા...સમજ પડી ? ધારો કે અહીંથી આપણો આત્મા એકેન્દ્રિયમાં ચાલ્યો ગયો...તો કેટલા અનંતા ભવે... અકામ નિર્જરા કરતાં કરતાં માંડ માંડ...ચોર્યાસી લાખ ફેરા ફરતો ફરતો જ્યારે મનુષ્યજન્મ પામશે ત્યારે આ કરેલી નીકાચીત ઈચ્છા સાકાર કરવા માટેના અનુકુળ સંજોગો ઉભા થશે. ને તે ઉદયમાં આવે ત્યારે જો પાપનો અનુબંધ પડેલો હશે તો પાછા દુર્ગતિમાં ફેંકાઈ જશો ને બધુંજ શૂન્ય થઈ જશે. માટેજ કહ્યું છે કે **"ઈચ્છા નિરોધ તપ" ઈચ્છાને રોકો તેજ તપ છે. ઉત્પન્ન થયેલી ઈચ્છાને ઘુંટો નહી....નીકાચીત ન થવા દો. ઈચ્છાને રોકવી એ કોઈ સરળ કામ નથી. તે કેટલું આકરૂં છે તે તો જે કરે તેજ જાણે...?** આ બાહ્યતપ અનસનના વિવેચનથી થોડો પણ બાહ્યતપ અંતરમાં ઉતરે ને તેજપ્રમાણે આ તપ આચરણમાં મુકાય તો કાર્ય સાધી શકાય તેવું છે. (અનસન તપ વિષે જુઓ પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧. સવાલ નં.૨૦૧ થી ૨૧૪)

**સ.૧૫૪: શું છે આ બાહ્યતપ ઉણોદરી ?**

**જ.૧૫૪:** ઉણ એટલે ઓછું ને ઉદર એટલે પેટ. શબ્દાર્થ પ્રમાણે આપણે એટલું જ સમજ્યા છીએ કે ભૂખ કરતાં થોડું ઓછું ખાવું એટલે ઉણોદરી વ્રત થઈ જાય... જો ખરેખર એવું જ હોત તો અનસન કરતાં ઉણોદરી વ્રત ઘણું સરળ થઈ જાય... તમે અનુભવથી પણ જાણ્યું હશે કે એક વખત આઠ ઉપવાસ સરળતાથી થઈ જાય છે, પરંતુ આઠ ઉપવાસના પારણા પછી આઠ દિવસ ઉણોદરી વ્રત કરવું હોય તો થઈ શકતું નથી. હકીકતમાં અનસન કરતાં ઉણોદરી વ્રત અઘરું છે. આજે ઉપવાસ કરી લેવો એ કદાચ હજી સહેલું છે, પરંતુ એકવાર જમવા બેઠા પછી પેટ ભરીને ખાધા વગર ઊભા થઈ જવું અત્યંત મુશ્કેલ છે. તમે દિવસમાં બે-ત્રણ વાર ખાતા હોય વચ્ચે એક-બે વાર ચા-નાસ્તો કરતા હોય, ગમે ત્યારે મોંમાં ચટર-પટર નાખ્યા કરતા હો ને પછી જમવા બેસો ત્યારે એક બે રોટલી ઓછી ખાઈને માની લો કે ઉણોદરી વ્રત થઈ ગયું તો એમ કાંઈ ઉણોદરી વ્રત થાય નહિ.

પહેલાં આપણી વાસ્તવિક ભૂખ કેટલી છે તે શોધવું પડે. રોજની આદત પ્રમાણે, ઘડિયાળ પ્રમાણે જે ભૂખ લાગે છે તે સાચી ભૂખ નથી. કોઈ તમારી જાણ બહાર ઘડિયાળને આગળ પાછળ કરી દેશે તો પણ તે જ ઘડિયાળના ટાઈમ પ્રમાણે ભૂખ લાગશે, તે માનસિક ભૂખ છે. શારીરિક ભૂખ નથી. ધારો કે તમે રોજ ૧૨ વાગ્યે જમો છો. પણ કોઈએ એક

ક્લાક ઘડિયાળ પાછળ કરી નાખી અગિયાર મૂકી દીધા. હવે આદત પ્રમાણે તમે કહેશો કે હજી તો ૧૧ જ વાગ્યા છે, ભૂખ પણ નથી લાગી. ૧૨ વાગે જમીશ. તેથી ઉલટું હજી ૧૧ વાગ્યા છે ને ઘડિયાળમાં કોઈએ ૧૨ મૂકી દીધા તો તમે કહેશો કે અરે બાપ રે.... ૧૨ વાગી ગયા... લાવ જમી લઉં... તો આ માનસિક ભૂખ છે.... જો એ ભૂખ પર તમે ધ્યાન નહીં આપો તો તે ભૂખ સમી જશે. એટલે કે તમારો ૧૨નો જમવાનો ટાઈમ છે તે જવા દો. તે ભૂખ પર ધ્યાન નહિ આપો તો થોડી વારમાં ભૂખ સમી જશે. હવે સમય પસાર થવા દો. એમ કરતાં કરતાં એક સમય એવો આવશે કે તમારું આખું શરીર, રોમ રોમ પોકાર કરશે કે ભૂખ લાગી છે. તે જ સાચી ભૂખ છે. આવી સાચી ભૂખ બહુ મુશ્કેલીથી લાગે છે. આવી વાસ્તવિક ભૂખ ઉઘડે ત્યારે કરો ઉણોદરી. વાસ્તવિક ભૂખથી અડધું જ જમવું. પા ભાગ પાણી માટે અને બાકીનો પા ભાગ ખાલી રાખવો. સંપૂર્ણ પેટ ભરવાની તૃપ્તિ થાય, તે પહેલા જ અટકી જવું તેનું નામ છે. ઉણોદરી. સાચી ભૂખ આઠ-દસ કલાકે એકવાર પણ લાગી શકે, ત્યારે પેટ તૃપ્ત થાય એટલું નહીં પણ એના ઉણ પર રોકાઈ જાવ તે ઉણોદરી. લગભગ બધાનો જ અનુભવ હશે કે અકળામણ થાય એટલું ખાધે રાખવાથી ક્યારેય તૃપ્તિ કે સંતોષ મળતા જ નથી. હજી કાંઈક ખાઉં... પાન, મસાલા, મુખવાસ, છાસ, આઈસ્ક્રીમ... પણ જો પેટ ભરી ભરીને ખાધે જ રાખ્યું હશે તો આ કોઈ પણ વસ્તુ સંતોષ કે તૃપ્તિનો આનંદ આપી શકશે નહીં.

**સ.૧૫૫: આજનું આપણું જીવન જ ઘડિયાળના કાંટા પર થઈ ગયું છે તો આવું ઉણોદરી વ્રત કરવું કઈ રીતે ? ઑફિસ વગેરેમાં તો ટાઈમ ટુ ટાઈમ જ જમવા બેસવું પડે...ધંધા કે અન્ય કામકાજ માટે ટાઈમ પર જ નીકળવું પડે તો ટાઈમ પર જ જમવું પડેને ?**

**જ.૧૫૫:** હા તમારી વાત સાચી છે... અને આવા બધા કારણોસર આપણું ઉણોદરી વ્રત થોડું વિસરાઈ ગયું છે પણ... હવે આ વ્રત વિષે જાણ્યા પછી મહિનામાં એકાદ વખત તો રજાના દિવસે કે બીજી કોઈ રીતે એડજસ્ટ કરીને વ્રત કરવું... ને જેને અનુકૂળતા છે, ઘરે છે, કરી શકે તેમ છે તેણે તો વધુમાં વધુ દિવસ કરવું. તે કેવી રીતે કરવું ? કે સવારે ઉઠીને ધારણા કરવી કે આજે મારે ઉણોદરી વ્રત કરવું છે.... પછી 'ધારણા અભિગ્રહ' પચ્ચખાણ લેવું... પછી રોજનો ચા-પાણીનો સમય ટાળી દેવો... પા-અડધો કલાક કદાચ એવું લાગશે પણ પછી ભૂખ સમી જશે. તે પછી

જ્યારે પણ એમ લાગે કે હવે ઘડિયાળનો સમય તો ગયો પણ મને ખૂબજ ભૂખ લાગી છે. હવે તો ખાવું જ પડશે ત્યારે જે પણ ખાઓ તે ભૂખ કરતાં અડધું જ ખાવું. ૨૫% લીકવીડ કે પાણી માટે એટલે ૭૫% જેવું પેટ ભરાય ત્યારે ખાવાનું છોડી દેવું. સવારે ચા નાસ્તાને ટાળ્યા પછી બપોરના જમવાની પહેલાં જો એવી ભૂખ લાગે કે રહેવાય જ નહીં તો એક વખત ત્યારે પણઆજ રીતે ઉણોદરી વ્રત કરવું. ક્યારેક બેત્રણ દિવસ રજા હોય કે થઈ શકે તેમ હોય તો બીજા દિવસ સુધી પણ રાહ જોવી કે વાસ્તવિક ભૂખ ક્યારે લાગે છે? મને લાગે છે હવે ઉણોદરી વ્રત બરાબર સમજાઈ ગયું હશે.

**સ.૧૫૬: ઉણોદરી વ્રતમાં સૌથી વધારે કર્મ ખપાવવાનો મોકો ક્યારે આવશે?**

જ.૧૫૬: એ મોકો ત્યારે આવશે કે **જ્યારે ઘડિયાળના કાંટે ભૂખ લાગી હશે... મન કહેશે કે ના... જમી જ લેવું છે... પણ ત્યારે તમે એવી ભાવનામાં રત થશો કે 'આ ભૂખ પણ કાયમની નથી રહેવાની... દેરસબેર ચાલી જશે... આ પણ મહાવીરે બતાવેલ પ્રથમ અનિત્યભાવનાની જેમ અનિત્ય જ છે... હું સંપૂર્ણ સમતામાં સ્થિર થાઉં છું, આ ભૂખ પ્રત્યે ન રાગના કિરણ ફેંકીશ કે ન દ્વેષના... કેમકે મારે રાગ કે દ્વેષના કર્મોનો ગુણાકાર નથી કરવો... બસ હવે તો મારે આ કર્મને સમતાભાવે વેદીને એને નિર્જરવા છે.' આ બધું શબ્દોમાં બોલવાની જરૂર નથી...પણ જો આ ભાવનામાં રત રહેશો તો એક સમય એવો આવશે કે તમારી જાણ બહાર પણ આ ભાવના હૃદયમાં રમતી હશે અને હાલતા-ચાલતા કામ કરતાં પણ આ ભાવનાને કારણે તમારા કર્મ નિર્જરાતા હશે.**

પણ તમે એમ વિચારશો કે આજે તો ઉણોદરી વ્રત લીધું છે. એટલે ૧૨ના બદલે એક વાગ્યા સુધી તો રાહ જોવાની જ છે. પરંતુ આ ખાવાનો ટાઈમ વયો જાય પછી શું ખાવાનું? ભૂખ પણ મરી જશે. (ખરેખર ઉણોદરી તો એ જ છે કે ભૂખ મરી જાય તો મરી જવા દો... પણ જ્યારે કુદરતી ભૂખ ઉપડે ત્યારે ખાઓ.) ના, બાપા...હો... ઉપવાસ કરવો સારો... ઉપવાસ ક્યાંય થઈ જાય ખબર નથી પડતી પણ આ ઉણોદરી ખોટું... અરે ભાઈ... ઉપવાસ એટલા માટે સરળતાથી થઈ જાય છે કારણ કે સવારથી તમારી માનસિક તૈયારી છે કે આજ ખોરાક નહીં જ મળે... જ્યારે આમાં માનસિક તૈયારી એ છે કે રોમેરોમ પોકારે કે ભૂખ લાગી છે ત્યારે ખાવાનું છે... એટલે ઉપવાસ કરતા, ઉણોદરીમાં લાગેલી ભૂખ વધારે આકરી લાગશે... બસ ત્યારે સમતામાં સ્થિર થઈ

કરો કર્મની નિર્જરા.

**સ.૧૫૭: આવું ઉણોદરી વ્રત તો ક્યારેક જ થઈ શકે. રોજ માટે કેવી રીતે કરવું ?**

**જ.૧૫૭:** રોજ માટે તો એટલું થઈ શકે કે જમવામાં તથા ચા-નાસ્તામાં ભૂખ કરતાં પા ભાગનું ઓછું ખાવું... ને વચ્ચે ચટર-પટર કાંઈ લેવું નહીં... આનાથી પણ મન પર થોડો કંટ્રોલ આવશે... સ્વાસ્થ્ય પણ સારું રહેશે... પણ સબૂર... સ્વાસ્થ્યની ભાવનાથી એટલે કે ભૌતિક ભાવનાથી પ્રેરાઈને કોઈ વ્રત કરવું નહીં... નહીં તો શું થશે ? બંધ પુન્યનો પડશે પણ અનુબંધ પાપનો પડશે જેથી વ્રત-પચ્ચખાણ અંતે શૂન્ય થઈ જાય ને જીવ સંસારમાં રખડી જાય... આજકાલ ઘણાં શરીરને સુડોળ રાખવા માટે ડાયટીંગ કરતા હોય છે... **જો કોઈ ડાયટીંગ કરવાની ભાવનાથી પણ ઉણોદરી વ્રત ધારણ કરે તો પણ જેવો ભાવ એવો અનુબંધ... તો અનુબંધ તો પાપનો જ પડે ને... પાપનુબંધી પૂન્ય બને. જે ડૂબાડી દેશે, તારશે નહિ. માટે તમારી માન્યતાને બદલો-માન્યતામાં તો એજ હોવું જોઈએ કે 'નિગોદમાંથી પ્રથમવાર નીકળ્યો ત્યારથી... એને નિગોદમાં પણ આ જીવે આહાર લીધા જ કર્યા છે... હવે મારો જીવ અણાહારી પદ પામે એ જ અંતરની ભાવના છે ને એજ ભાવનાથી હું આ વ્રત ગ્રહણ કરું છું.' આ ભાવનાના શબ્દો ફક્ત બોલવા માટે નથી પરંતુ હૃદયમાં, શ્વાસેશ્વાસમાં વણાઈ જાય ત્યારે કાંઈક કામ બને....** (ઉણોદરી વ્રત વિષે વધુ પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ સ.નં.૨૧૯ થી ૨૨૨)

**સ.૧૫૮: વસ્તુઓનો ત્યાગ કરવો એજ વૃત્તિ સંક્ષેપને ?**

**જ.૧૫૮:** વૃત્તિસંક્ષેપનો અર્થ આપણે એટલો જ કરીએ છીએ કે પરિગ્રહ ઓછો કરવો, વસ્તુઓનો ત્યાગ કરવો...અરે ભાઈ...આ વૃત્તિસંક્ષેપ છે, વસ્તુસંક્ષેપ નહીં. વસ્તુઓનો ત્યાગ કરવાથી વૃત્તિ સંક્ષેપાઈ જ જશે એવી કોઈ ગેરંટી નથી... ધારો કે મેં સોના-ચાંદી-હીરા-મોતી બધા જ પ્રકારના ઘરેણાંનો ત્યાગ કર્યો... એક ઘડિયાળ હાથમાં પહેરૂં છું... તો મારો બધો મોહ ભેગો થઈ એક ઘડિયાળમાં પણ સમાઈ શકે છે... આ ઘડિયાળ વધુ સારી લાગશે કે પેલી ? મોહ અને વૃત્તિઓ જીવતં છે... જો ફક્ત વસ્તુઓનો ત્યાગ કરવાથી જ વૃત્તિસંક્ષેપ થતો હોત તો તો આ તપ બહુ સરળ થઈ જાત. તો પછી આ તપને ત્રીજા સ્થાને મૂકવાની જરૂર ન હતી. અનશન કરતાં ઉણોદરી અઘરૂં, ઉણોદરી કરતાં વૃત્તિસંક્ષેપ અઘરું છે. જેમકે કોઈ હાથમાં પથ્થરો લઈને જઈ રહ્યું છે. વિવિધ આકારના સુંદર સુંદર પથ્થરો અલગ અલગ

જગ્યાએથી શોધ્યા છે. પણ જો આગળ ચાલતાં રસ્તામાંથી હીરા જડ્યા તો પથ્થર ક્યાંય છૂટી જશે ને હાથમાં હીરા આવી જશે... પથ્થરો ક્યારે ને ક્યાં છૂટી ગયા તે પણ ધ્યાન નહીં રહે...**તેવી જ રીતે જો વૃત્તિઓ છૂટી ગઈ તો વસ્તુઓ છોડવી નહીં પડે... વસ્તુઓ એની જાતે ક્યારે ક્યાં છૂટી જશે તેની ખબર પણ નહીં પડે.**

જન્મ્યા ત્યારથી વૃત્તિઓ બહાર જ ભાગી છે. કોઈ ઘટના બહાર બની રહી છે, વૃત્તિ તરત ત્યાં ભાગશે ને બહારની ઘટનાને અંદરની ઘટના બનાવી દેશે. દા.ત. કોઈ કાર પસાર થઈ રહી છે. આ બહારની ઘટના છે. આપણી સાથે એને કોઈ સંબંધ નથી. પરંતુ તેને જોતાની સાથે જ ચિત્તવૃત્તિ ત્યાં ભાગશે. 'જોયું ? આ લેટેસ્ટ કાર છે. આવી ગાડી મારી પાસે હોય તો કેવું સારૂં ?' ને બસ. આ બહારની ઘટના અંદરની ઘટના બની જશે.

**બહારની ઘટનાને બહાર જ રાખી, વિવેકબુદ્ધિથી ચિત્તવૃત્તિને અંદર પાછી વાળવી એજ છે વૃત્તિસંક્ષેપ.**

**સ.૧૫૯: વૃત્તિઓતો ભાગેજને ? એ તો સ્વાભાવિક છે.**

**જ.૧૫૯:** આપણે વિચાર કરીએ કે ફક્ત એક જ દિવસમાં સવારે ઉઠ્યા ત્યારથી રાતના સૂઈ જઈએ ત્યાં સુધીમાં વૃત્તિઓ ક્યાં ક્યાં ભાગી? કોઈના સારા કપડાં જોયા તો વૃત્તિ ત્યાં ભાગી... કોઈ સારો ફ્લેટ, બંગલો, બગીચો, ભલે જોયાં નથી તો પણ તેને વિષે જાણ્યું, સાંભળ્યું કે વાંચ્યું તો વૃત્તિ ત્યાં ભાગી, કોઈએ અપમાન કર્યું તો વૃત્તિ ત્યાં ભાગી, કોઈએ માન આપ્યું તો વૃતિ ત્યાં ભાગી...અરે કેટલું લીસ્ટ બનાવશું ? એક જ દિવસનું લીસ્ટ બનાવતા થાકી જશું...આપ કહેશો કે એવું તો થાય જ ને...સ્વાભાવિક છે... ભાઈ સ્વાભાવિક કેમ છે ? કેમકે અનંતા અનંતા જન્મોથી વિભાવમાં જઈ જઈને આપણે આવો જ આપણો સ્વભાવ બનાવી દીધો છે માટે એ સ્વાભાવિક લાગે છે... પણ આત્માનો આ સ્વભાવ નથી...

**સ.૧૬૦: તો સ્વભાવને પલટવો કઈ રીતે ?**

**જ.૧૬૦:** આ સ્વભાવને પલટવા માટે જરૂરી છે આત્માની જાગૃતતા. **વૃત્તિઓ એના સ્વભાવ પ્રમાણે જેવી ભાગશે કે...આત્મા જાગ્રત હશે. તે જાણશે કે આ વૃત્તિ ફલાણી જગ્યાએ ભાગી ને તરત તેને ત્યાંથી પાછી વાળવાનો પ્રયત્ન કરશે. ભાગેલી વૃત્તિને પાછી વાળવાનો પુરુષાર્થ એ જ છે વૃત્તિસંક્ષેપ.** આપણે તો એજ નથી જાણતા કે વૃત્તિઓ કેવી ભાગી રહી છે, ક્યાં ભાગી રહી

છે? એનું સભાન હોવું તેનું નામ છે જાગ્રતતા. એ સભાન હોઈશું તો એને પાછી વાળવાનો પ્રયત્ન કરીશું ને? એની અભાનતા એજ પ્રમાદ.

ભગવાને ગૌતમને કીધું કે 'સમયં મા પમાયં ગોયમ્' 'હે ગૌતમ તું એક સમય માટે પણ પ્રમાદ ન કરીશ...' આપણે આ પ્રમાદ શબ્દનો અર્થ શું સમજ્યા? પ્રમાદ એટલે આળસ કરવી? ઉંઘી જવું? શું તમને લાગે છે કે ચાર જ્ઞાનના ધણી એવા ગૌતમને મહાવીરે એમ કહેવાની જરૂર હતી કે હે ગૌતમ આળસ ન કરીશ... હે ગૌતમ ઉંઘી ન જતો.... વૃત્તિઓનું પરમાં જવું, આત્માના ઉપયોગનું પર માં જવું એજ પ્રમાદ... આપણા માટે આપણું શરીર પણ પરપદાર્થ છે. ગૌતમ માટે મહાવીર પણ પર હતા... જેમાં ગૌતમની વૃત્તિ રાગ સ્વરૂપે ભાગતી હતી... માટે મહાવીર કહે છે.... કે હે ગૌતમ એક સમય પણ પ્રમાદ ન કરીશ નહીં તો મોક્ષ છેટું થઈ જશે... (સમય એટલે કાળનો નાનામાં નાનો અવિભાજ્ય ભાગ કે એક વાર આંખ મીંચીને ઉઘાડીએ એટલી વારમાં અસંખ્યાતા સમય વિતી જાય. માટે વિચાર કરજો... સમય એ કેટલો નાનો એકમ છે.)

**સ.૧૬૧: કોઈ કોઈ જગ્યાએ પ્રવચન આપતાં એ સવાલ આવે છે કે 'બેન વૃત્તિસંક્ષેપ તો બહુ અઘરૂં છે, અમારા માટે તો અશક્ય છે.'**

**જ.૧૬૧:** અઘરૂ જરૂર છે પણ સાચી દિશામાં પુરુષાર્થ થાય તો અશક્ય નથી...ભલે આ પંચમ કાળમાં આ સંઘયણ દ્વારા ઘણો વધારે પુરુષાર્થ ન કરી શકીએ પણ વૃત્તિ ક્યાં ભાગી રહી છે તે જાણવાનો પ્રયત્ન તો કરીએ. દિવસની હજારો વૃત્તિઓમાંથી બે-પાંચ વૃત્તિને તો પાછી વાળીએ. વૃત્તિસંક્ષેપની શરૂઆત તો કરીએ. બીજ તો વાવીએ.

પદાર્થોનો ત્યાગ કરવાથી તેનું મૂળ ખતમ નહીં થાય, જેમકે એક વૃક્ષનું મૂળ અંદર છે. તેના ફળ, ફૂલ, પાનનો ફેલાવો બહાર છે. હવે તેના ફળ, ફૂલ, પાન કાપવાથી થોડો ટાઈમ બહાર એવું લાગશે કે વૃક્ષ સંકોચાઈ ગયું. પરંતુ મૂળ તો એટલું જ બળવાન છે. પછી બાહ્ય કેટલી પણ વસ્તુઓનો ત્યાગ કરીને બાહ્ય દ્દષ્ટિએ કદાચ ખૂબ ત્યાગી પણ લાગીશું... પરંતુ વૃત્તિઓ અંદર તરફ પાછી નથી વળી ત્યાં સુધી વૃત્તિસંક્ષેપ તપ થશે નહિ. જેવી વૃત્તિઓ સંકોચાઈ કે ત્યાગ આપોઆપ થઈ જશે, કરવો પડશે નહિ. પરિગ્રહ આપોઆપ ઓછો થઈ જશે, કરવો પડશે નહિ. **આત્મા સિવાય જે જે પદાર્થો છે તે પ્રત્યેથી ઉપયોગ પાછો વાળવો, તે ઉપયોગને અંતર્મુખ કરવો, ચિત્તવૃત્તિ નિરોધ કરવી એ જ**

**વૃત્તિસંક્ષેપ છે.** સંસારનું ક્ષણભંગુરપણું, અનિત્યપણું, અસારપણું, અશરણપણું, જાણી પરપદાર્થમાંથી વૃત્તિને પાછી વાળવી ને ચૈતન્ય સ્વરૂપ આત્મામાં રમણતા કરવાનો અભ્યાસ કરવાથી વૃત્તિ સંક્ષેપ પામે છે. બીજું એ પણ સમજી લઈએ કે આપણે આ પંચમકાળના બાળજીવો છીએ. આપણા માટે વસ્તુ વગેરે પરપદાર્થનો ત્યાગ કરવો જરૂરી છે. પરંતુ ત્યાગ કર્યો એટલે ગઢ જીતી લીધો એવો સંતોષ માનીને બેસી જવાની જરૂર નથી; કેમકે આપણે બાળમંદિરથી આગળ વધી માસ્ટરની ડિગ્રી મેળવવી છે. માટે વૃત્તિસંક્ષેપ તપને ઊંડાણથી સમજ્યા પછી... વસ્તુ-પરપદાર્થના ત્યાગની સાથે સાથે બહાર ભાગતી વૃત્તિઓ, ઈચ્છાઓ, આકાંક્ષાને જાણી તેને અંદરમાં પાછી વાળવાનો પ્રયત્ન કરવાનો છે... આ પ્રયત્ન અત્યારથી જ આ ઘડીથી ચાલુ કરવાનો છે... ને જો આ પુરુષાર્થ સહી અર્થમાં થશે તો આપણે કરેલો ત્યાગ એવો ત્યાગ બની જશે કે તે છોડેલી વસ્તુ ક્યારેય પાછી આવશે નહિ. એના પ્રત્યે કોઈપણ જાતનો મોહ ઉત્પન્ન થશે નહિ. આમ આપણે બાળમંદિરમાંથી એક એક ધોરણ આગળ વધતા જશું.... ને 'ઈચ્છા નિરોધ તપઃ' એ આગમના વાક્યને સમજીને સાકાર કરી શકીશું.

**સ.૧૬૨: શાસ્ત્રમાં લખ્યું છે કે ''સ્વાદનો ત્યાગ એ જ તપ છે.'' તો એ આપણો ચોથો બાહ્ય તપ 'રસત્યાગ' એ શું છે તે જરા વિસ્તારથી સમજાવો.**

જ.૧૬૨: ચોથા નંબરનો બાહ્યતપ રસત્યાગ એટલે ક્યારેક ખટાશ છોડો. ક્યારેક મીઠાઈ છોડો, ક્યારેક ઘી છોડો... પણ ભગવાને જે અર્થમાં રસત્યાગ શબ્દ વાપર્યો છે એનો આવો સ્થૂળ અર્થ નથી... બહારની વસ્તુઓ છોડવાથી શરૂ કરીશું તો એ વસ્તુઓ છૂટશે પરંતુ એમાં જે રસ છે તે કાયમ રહેશે. જે વસ્તુને છોડીશું તેનું આકર્ષણ વધી જશે. જેનાથી આપણે દૂર ભાગીશું. તેના માટે મન વધારે સતાવશે. મનને દબાવીશું...સમજાવીશું તો પણ એ મન માગણી કર્યા કરશે. મહાવીરે જે અર્થમાં રસત્યાગ શબ્દ વાપર્યો છે તેને સમજીએ.

રસની પૂરી પ્રક્રિયા શું છે ? રસ કે સ્વાદ વસ્તુમાં છે કે આપણી જીભમાં ? કે જીભની પાછળ એનો અનુભવ કરનાર મનમાં ? કે પછી મનની સાથે ચેતનાનું જે ઐક્યપણું થઈ ગયું છે તેમાં ? સ્વાદ અને રસ શેમાં છે ? જેમાં રસ હોય તેને છોડવું જોઈએ. જેઓ સ્થૂળ જોઈ શકે છે તે તો કહેશે કે સ્વાદ વસ્તુમાં છે એટલે એ વસ્તુ છોડો. પરંતુ વસ્તુ તો નિમિત્ત માત્ર છે. રસ કે સ્વાદ લેનારી આપણી ઈંદ્રિય કામ ના કરતી હોય તો

સ્વાદનો અનુભવ કેવી રીતે કરશો.

પણ વાત એટલેથી અટકતી નથી. વાત એટલી જ હોય તો જીભને ઈંજેક્શન આપીને સંવેદનહીન બનાવી દઈએ તો રસત્યાગ થઈ જશે ? વસ્તુ અને જીભ વચ્ચે સંબંધ સ્થાપિત થતાં જ એ રસ ફરીથી પ્રગટ થઈ જશે. જે માણસ વસ્તુઓ છોડવાથી રસત્યાગ થઈ જશે એમ માને છે તે ભૂલ કરે છે. એ રસને માત્ર અપ્રગટ કરે છે. ત્યાગ કરતો નથી. ભગવાન રસને અપ્રગટ કરવાનું નથી કહેતા...ત્યાગ કરવાનું કહે છે.

ઘણીવાર આપણામાં અમુક ચીજો પરિસ્થિતિવશ પણ પ્રગટ થઈ શકતી નથી. ગમે તેટલી ભૂખ લાગી હોય, પણ કોઈ તમારી પાછળ બંદૂક લઈને પડ્યું હોય ત્યારે એ ભૂખ પ્રગટ નહીં થાય. પરિસ્થિતિ ન હોય, અવસર ન હોય, નિમિત્ત ન હોય ત્યારે રસ પ્રગટ થતો નથી. એનો અર્થ એ નથી કે રસ નાશ પામી ગયો છે. રસત્યાગ થઈ ગયો છે.

લાંબી બીમારી વખતે કે ખૂબ તાવ હોય ત્યારે જીભની સંવેદનશીલતા મંદ પડી જાય છે. પણ તેથી સ્વાદ માણવાની મનની આકાંક્ષા નષ્ટ થઈ જતી નથી. પગ ભાંગી જવાથી ચાલવાનું મન નષ્ટ નથી થઈ જતું. એક ડૉક્ટરને ખાવા-પીવાની ખૂબ આસક્તિ હતી. તેમને થયું, 'દાંત છે એટલે જાતજાતની વસ્તુ ચાવીને તેનો ટેંસ લેવાના નખરા સૂઝે છે. જો દાંત ન હોય તો નરમ ખોરાક વગર સ્વાદ લીધે પેટમાં ઉતરી જાય ને આસક્તિ તૂટી જાય.' એટલે એમણે આખી બત્રીસી કઢાવી નાખી. થોડા વખત પછી ખ્યાલ આવ્યો કે 'મેં જલદ ઉપાય કર્યો તો પણ હું નિષ્ફળ ગયો.' જરા સમજો. 'વસ્તુઓના ત્યાગથી કે ઈન્દ્રિયોના નષ્ટ થવાથી રસ નષ્ટ થતો નથી.' આંખ ફોડી નાખવાથી કાંઈ રૂપ જોવાની આકાંક્ષા મટી નથી જવાની. જીભને ઈંજેક્શન આપીને સંવેદનહીન બનાવી દેવાથી સ્વાદ માણવાની મનની ઈચ્છા મટી નથી જતી.

**સ.૧૬૩: તો શું મનને મારી શકાય ?**

**જ.૧૬૩:** ઘણા લોકો મનને મારવામાં લાગેલા છે. પણ મનનો નિયમ ઉલટો છે. જે વાતથી આપણે મનને હટાવવા માગીએ છીએ તે જ વાતમાં મન વધારે રસ લેવા લાગે છે. એટલે મનને દબાવવાની, સમજાવવાની, ભૂલાવવાની કોઈપણ વ્યવસ્થા રસ પરિત્યાગ બની શકતી નથી. પરંતુ જો મન અને ચેતના વચ્ચેનો સંબંધ તૂટી જાય તો જ રસત્યાગ થઈ શકે. કેમકે જો ચેતનાનો સહયોગ હોય તો જ મન રસ લઈ શકે છે. કોઈ માણસને ફાંસી લાગવાની તૈયારી છે, પાંચ મિનિટની વાર છે, તે વખતે

તેને ખૂબ જ ભાવતા રસગુલ્લા લાવીને આપો તો પણ તેને સ્વાદ નહીં લાગે. કારણકે તેનો મન અને ચેતના વચ્ચેનો સંબંધ તૂટી રહ્યો છે. રસત્યાગ મન અને ચેતના વચ્ચેનું ઐક્યપણું તૂટવાથી થશે. જે બાબતમાં ચેતનાનો સહયોગ હોય તેમાં જ મન રસ લઈ શકે છે.

મન અને ચેતના વચ્ચેનું ઐક્યપણું તોડવા માટે મન પ્રતિ સાક્ષીભાવ પેદા કરો. ભોજન લેવાઈ રહ્યું છે, સ્વાદ આવી રહ્યો છે, અંદરમાં આ આખી પ્રક્રિયા સાક્ષી બનીને જોતા રહો. જાણે કે સ્વાદ લેનાર અલગ છે ને તમે અલગ છો. જે કાંઈ અનુભવ મનને અને જીભને થઈ રહ્યા છે. ભોજનની વાનગી કેવી પ્રીતિકર લાગી રહી છે, તે બધી ઘટનાઓ પાછળ ઊભા રહી તમે એ બધું સાક્ષી ભાવે, દૃષ્ટાભાવે જોતા રહો.

આવો સાક્ષીભાવ પ્રગાઢ બને તો અચાનક ખ્યાલ આવશે કે ઇંદ્રિયો એ જ છે. મન પણ એજ છે. એટલું જ સંવેદનશીલ સજાગ અને જીવંત. પરંતુ જે રસનું આકર્ષણ હતું, ફરી ફરી એ રસ લેવાની ઈચ્છા થતી હતી તે આકાંક્ષા જ નથી રહી. એ રસપરિત્યાગ જ છે.

**સ.૧૬૪: રસપરિત્યાગ સાધવા શું કરવું ?**

**જ.૧૬૪:** 'હું મન છું, એવું તાદાત્મ્ય જ્યાં સુધી રહે ત્યાં સુધી ચેતના સાથે સંબંધ રહે છે. પરંતુ એ સંબંધ તૂટી જતાં બધા રસ છિન્નભિન્ન થઈ જાય છે. માણસ મન સાથે જોડાઈ જાય છે ત્યારે એને ક્રોધ આવે તો લાગે છે 'હું ક્રોધી થઈ ગયો'; પણ જો રસ પરિત્યાગ સાધવો હોય તો જ્યારે ક્રોધ આવે ત્યારે કહેવું કે 'મને ક્રોધ આવ્યો છે તે હું જોઈ રહ્યો છું' આપણે ક્રોધને જોનાર છીએ. પેટમાં ભૂખ લાગી હોય ત્યારે આપણે ભૂખ્યા નથી, પરંતુ શરીરને ભૂખ લાગી છે તેના જાણનાર છીએ. એ વખતે જો ભૂખ સાથે તાદાત્મ્ય ન બંધાય અને સાક્ષી હોવાનો બોધ પ્રગટ થઈ જાય, તો એ રસત્યાગ બને છે.

તમે કહેશો કે, 'જીભ કહે છે કે ભોજન સ્વાદિષ્ટ છે પણ હું સ્વાદથી અલગ છું રસ અનુભવ વચ્ચે હું સાક્ષી છું. એકવાર આ રીતે દૃષ્ટા સાથેનો સંબંધ બંધાઈ જાય તો મન સાથેનો સંબંધ શિથિલ થઈ જાય. ત્યારે આપણને ખ્યાલ આવશે કે બધા રસ શાંત થઈ ગયા. રસત્યાગ થઈ ગયો. **રસ ખોવાઈ જાય ત્યારે ઈંદ્રિયો આપોઆપ શાંત થઈ જાય છે, કાંઈપણ ફરીથી કરવાની મન માગણી કરતું નથી. આમ આપણે પોતે બહારના પદાર્થોને આપણી સાથે જોડાતાં અટકાવીએ, અને મનને એ પદાર્થો સાથે જોડાઈને રસ અનુભવ કરતી વખતે આપણે અલગ રહી શકીએ તો એ રસપરિત્યાગ છે.**

રસત્યાગ કરવાનો આ એક જ રસ્તો છે. સાક્ષીભાવ, દૃષ્ટાભાવ. બહારથી વસ્તુઓ છોડવાથી છૂટી જશે પણ એમાં રસ છે તે કાયમ રહેશે. પરંતુ જો આપણે આપણી જાતને બહારના પદાર્થો જોડે જોડતાં અટકાવીએ અને મનને એ પદાર્થ સાથે જોડાઈને રસનો અનુભવ કરતી વખતે આપણે અલગ રહી તેના સાક્ષી બની જઈએ, દૃષ્ટા બની જઈએ તો મન અને ચેતના વચ્ચેનું ઐક્ય રહે નહીં ને તો જ 'રસત્યાગ' થઈ શકે.

હવે આ સમજ્યા પછી તમને નથી લાગતું કે વસ્તુઓ છોડવી કેટલી સહેલી છે ને 'રસત્યાગ' કરવો કેટલો અઘરો છે...જે કોઈક વિરલા જ કરી શકે...પણ પ્રયત્ન તો આપણે બધા જ કરી શકીએ ને ? આયંબિલ, એકાસણા, બેસણા જેવા તપમાં જો રસત્યાગ ઘટિત થઈ જાય તો કેટલાય કર્મોની નિર્જરા થઈ જાય એવું નથી લાગતું ? ધીરે ધીરે એ સમજાશે કે પહેલાં કરતાં બીજું તપ અઘરું, બીજા કરતાં ત્રીજું ને ત્રીજા કરતાં ચોથું 'રસત્યાગ' તપ અઘરૂં છે.

'ધરમનો મારગ છે શૂરાનો... નહીં કાયરનું કામ જો ને,
માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને..'

**સ.૧૬૫: કાયક્લેશ નામનો પાંચમો બાહ્યતપનો શબ્દાર્થ તથા ગૂઢાર્થ સમજાવો ?**

જ.૧૬૫: કાય એટલે શરીર અને ક્લેશ એટલે કષ્ટ. શરીરને કષ્ટ આપવું એ તો એનો ફક્ત શબ્દાર્થ છે. ફક્ત શબ્દાર્થથી તપની સાધના થઈ જતી નથી. **શું પોતાના શરીર પર કોરડા ફટકારનારનો 'કાયક્લેશ' નામનો તપ થઈ જશે ? મહાવીરનાં સાધના સૂત્રોમાં સૌથી ખોટી રીતે સમજાયું હોય તો તે કાયક્લેશ છે.** મહાવીર જેવી વ્યક્તિ કાયાને ક્લેશ આપવાનું કહે નહિ; કેમકે આપણી કાયા પણ આપણા માટે પરપદાર્થ જ છે. કાયા આપણી છે પણ આપણે કાયા નથી. પોતાની કાયાને પણ કષ્ટ આપવું તે હિંસા છે.

કાયા તો ક્લેશ છે જ. શરીરે ક્યારેય સુખ આપ્યું નથી. આપણે માત્ર એવું માન્યું છે કે એ સુખ આપે છે. શરીર પોતાને જ એટલું કષ્ટ આપી રહ્યું છે કે એને આપણે વધારે શું કષ્ટ આપવાના હતા ?

આપણે હંમેશાં બહિર્મુખીજ જીવીએ છીએ. એટલે કાયાના દુ:ખની આપણને ખબર ન પડે. ધ્યાનમાં ઊંડા ઊતરવાથી આ ભ્રમ તૂટે છે. **ધ્યાનમાં જાગરણ સધાતા બધા દુ:ખ પ્રગાઢ થઈને ભોંકાશે. ત્યારે સંપૂર્ણ સમતાભાવે એને સ્વીકારવાથી કાયક્લેશની સાધના થાય છે.**

**ભગવાન કહે છે તમે દુ:ખ નથી વધારી શકતા, કે નથી ઘટાડી શકતા.** જે છે એનો તમે ઈચ્છો તો સ્વીકાર કરો, **ન ઈચ્છો તો અસ્વીકાર કરો. ત્રીજો**

**કોઈ વિકલ્પ તમારા હાથમાં નથી. સ્વીકારથી દુ:ખ શૂન્ય થશે. અસ્વીકારથી દુ:ખ વધશે. કાયક્લેશનો અર્થ છે પૂર્ણ સ્વીકૃતિ. જે છે તેની, જેવું છે તેવી સ્વીકૃતિ. કાયક્લેશ એટલે કાયાને કષ્ટ આપવું એમ નહિ, કાયામાં જે કાંઈ પણ કષ્ટ નો તમને અનુભવ થાય તેનો શાંતપણે સ્વીકાર કરવો. સમતાપૂર્વક સહન કરવું.**

**સ.૧૬૬: કાયક્લેશ જરા ઊંડાણથી સમજાવો ?**

**જ.૧૬૬:** મોટેભાગે એવું બની રહ્યું છે કે જેમ જેમ મહાવીરથી સમયનું અંતર વધતું જાય છે તેમ તેમ તેમના અનુયાયીમાં બાહ્ય અનુકરણ વધારે જોવા મળે છે. જે બધી ઉપરછલ્લી અને બહારની વાતો છે. જે વાતોમાં ઊંડાણ સુધી જવું જોઈએ તેમાં બહુ ઊંડાણ જણાતું નથી.

કાયક્લેશની સાધનાની શરૂઆત દુ:ખના સ્વીકારથી થાય છે. અને દુ:ખના વિસર્જનથી એ સાધના પૂર્ણ થાય છે. જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી દુ:ખ તો રહેશે. પરંતુ એના સ્વીકારથી આપણા માટે એ દુ:ખ રહેતું નથી.

આપણા શરીરમાં ક્ષણેક્ષણે કેટલું બધું પરિવર્તન થઈ રહ્યું છે. પૂરા શરીરના cells દરેક ક્ષણે નાશ પામી રહ્યા છે ને નવા ઉત્પન્ન થઈ રહ્યા છે. (ઉપનેઈવા વિગમેઈવા). પરંતુ આપણને એનો કંઈજ અનુભવ નથી થતો કારણકે આપણું મન બાહ્ય છે. જન્મ્યા ત્યારથી આજ સુધી બહિર્મુખી બનીને જ જીવ્યા. બાહ્ય ભટકતું મન સ્થૂળ (બાહ્ય) હોય છે, તે અંદરનો અનુભવ કરી શકતું નથી. પરંતુ એ જ મનને શ્વાસોચ્છ્વાસ પર ટકવી જો અંતરમનમાં ઉતરવામાં આવે તો એ મન સૂક્ષ્મ બને છે. સૂક્ષ્મ મન આંતરિક અનુભવ કરી શકે છે. અને જે વ્યક્તિઓએ પ્રેક્ટીકલી આ અનુભવ કર્યો છે તેઓ જાણે છે કે શરીરમાં કેવા કેવા દુ:ખદ સંવેદનો અથવા તો સુખદ સંવેદનોનો અનુભવ થાય છે. તે સંવેદનાનો સ્વીકાર કરવાથી ને તેના પ્રત્યે લક્ષ્ય નહીં આપીને સમતામાં સ્થિર થવાથી... આ દુ:ખદ સંવેદનોનું વિસર્જન થશે... તેવી જ રીતે સુખદ સંવેદનોનું પણ વિસર્જન કરવાનું છે. કેમકે સુખદ સંવેદનો પણ રાગના કર્મોની ઉદીરણા જ છે. એનો પણ શાંત સ્વીકાર કરીને એનું પણ વિસર્જન જ કરવાનું છે. નહીં તો રાગના કર્મોનો ગુણાકાર થઈ અંતે એ પણ દુ:ખમાં, કષ્ટમાં જ પરિણમશે. માટે કાયામાં ઉત્પન્ન થતાં સુખદ અને દુ:ખદ સંવેદનોને સમતાભાવે, શાંત સ્વીકાર કરી વેદવા તે કાયક્લેશ છે.

આપણા રોજિંદા જીવનમાં પણ જોઈએ છીએ કે કોઈને કોઈ તો કોઈને કોઈ સ્વરૂપે શરીર પર રોગ પ્રગટ થઈને આવે છે. કોઈ દાઝી જાય છે.

કોઈ પડી જાય છે. હજારો પ્રકારની તકલીફ શરીર પર થાય છે. આ બધી તકલીફો આવે ત્યારે એનો શાંતપણે સ્વીકાર કરી મહત્તમ સમતામાં સ્થિર થવું તો કાયક્લેશ નામનો તપ સધાય છે. પરંતુ મોટાભાગે આપણે કોઈ, નાના કષ્ટોમાં પણ સમતામાં રહી શકતા નથી, પછી મોટા દુ:ખ-દરદની તો વાત જ ક્યાં કરવી?

સવાલ એ થાય છે 'આપણે તો આટલું બધું ધરમ જાણીએ. છ કર્મગ્રંથ અર્થ સાથે ભણી ગયા...તો પછી રોગ-આતંક-કષ્ટ આવે સમતા કેમ રહેતી નથી?' તો એ ખાસ-ખાસ સમજી લો કે ગમે તેટલું ભણો કે ગમે તેટલું ભાષણ આપો...**પણ જે વ્યક્તિ જીવનમાં પ્રેક્ટીકલી પોતાના અંતરમાં ઉતરી...ઉદ્‌ભવતા સુખ-દુ:ખના સંવેદનોને રાગ-દ્વેષનો ટેકો આપ્યા વગર અનિત્યભાવનામાં સ્થિર થઈ સમતાભાવે વેદવાની પ્રેક્ટિસ કરતો નથી, તે મોટા રોગ આવે, તકલીફ આવે કે મરણ આવે સમતા ધારણ કરી શકતો નથી કે સમતાભાવે કર્મને કદી વેદી શકતો નથી...અંતે જીવનની બાજી હારી જાય છે.**

જેણે જિંદગીભર પાણી જ વલોવ્યું છે...તે માખણની આશા કેવી રીતે રાખી શકે? પછી ભલે ને હું મોટે મોટેથી ગીત ગાઉં - 'અંત સમયે પ્રભુ આવજે...ને હું સમતાભાવે દર્દ સહું...' અરે! અંત સમયે પ્રભુ આવશે તોય કાંઈ નહીં કરી શકે, કેમકે મેં આખી જિંદગી કાયક્લેશની એટલે કે કાયામાં ઉત્પન્ન થતા કષ્ટને સમતાભાવે વેદવાની કોઈ પ્રેક્ટિસ જ કરી નથી. કાયક્લેશ તપની સાધના હરઘડી, હરપળ થવી જોઈએ, પ્રેક્ટીકલી થવી જોઈએ ત્યારે એ તપ સધાશે.

**સ.૧૬૭: મહાવીરે પોતાની કાયાને કષ્ટ આપ્યું કે નહિ?**

**જ.૧૬૭:** આપણે જોયું કે મહાવીર લોચ કરે છે, ભૂખ્યા અને ઉપવાસી રહે છે. ટાઢ, તડકો ને વરસાદમાં નગ્ન ઊભા રહે છે ને આપણે માની લીધું કે મહાવીર કાયાને કષ્ટ આપી રહ્યા છે. આપણે મહાવીરને આપણી કક્ષા સુધી નીચે ઉતારીને મુલવીએ છીએ એટલે એવું સમજાય છે. પરંતુ વાળ ખેંચીને કાઢવામાં મહાવીરને પીડા ન હતી. સંપૂર્ણ સ્વીકૃતિ સાથે એ પીડાનું વિસર્જન હતું...આ વાત સમજીએ.

મહાવીરના કાનમાં જે દિવસે કોઈએ ખીલા ઠોક્યા તે દિવસે ઈન્દ્રે આવીને કહ્યું કે, 'તમને ઘણી પીડા થતી હશે. તમારા જેવી નિસ્પૃહ વ્યક્તિના કાનમાં કોઈ આવીને ખીલા ઠોકી જાય તેનાથી અમને ખૂબ પીડા થાય છે.'

મહાવીરે કહ્યું, 'જો મારા કાનમાં ખીલા ઠોકાવાથી તમને પીડા થાય છે

તો તમારા શરીરમાં ખીલા ઠોકાય તો તમને કેટલી બધી પીડા થશે.'
ઈન્દ્ર કાંઈ ન સમજ્યા. ઈન્દ્રે કહ્યું,'હા, પીડા તો થાય જ ને? તમે આજ્ઞા આપો તો તમારું રક્ષણ કરું...'
મહાવીરે કહ્યું,'તમે મને ખાતરી આપો છો કે તમારી રક્ષાથી મારું દુઃખ ઓછું થઈ જશે?'
ઈન્દ્રે કહ્યું,'કોશિશ કરી શકું છું. તમારું દુઃખ ઓછું થશે કે નહીં તે કહી શકતો નથી.'
મહાવીરે કહ્યું,'મેં જન્મોજન્મ સુધી એ દુઃખ ઓછા કરવાની કોશિશ કરી પરંતુ ઓછા ન થયા. હવે બધી કોશિશ છોડી દીધી છે. હવે મારી રક્ષા કરવા માટે તમને રાખવાની કોશિશ નહિ કરું. તમારી ભૂલ એવી જ છે જેવી મારા કાનમાં ખીલા ઠોકનારની હતી. એ એમ સમજતો હશે કે, મારા કાનમાં ખીલા ઠોકીને એ મારા દુઃખ વધારી દેશે. તમે એમ સમજો છો કે મારી રક્ષા કરીને તમે મારું દુઃખ ઓછું કરશો. તમારા બંન્નેનું ગણિત એક જ છે. **મને મારા પર છોડી દો. જે છે તેનો મને સ્વીકાર છે. પેલા માણસે મારા કાનમાં ખીલા જરૂર ઠોક્યા, પરંતુ એ ખીલા હજી મારા સુધી પહોંચ્યા નથી. હું બહુ દૂર ઊભો છું. સ્વીકારથી જ દુઃખનું અતિક્રમણ છે. દુઃખનો સ્વીકાર કરતાં જ એની ઉપર તાત્કાલીક ઊઠી જવાય છે. કાયક્લેશનો આવો અર્થ છે. દુઃખના સ્વીકાર સાથે એક મોટું રૂપાંતરણ થાય છે.**'
માનવી કાયાને દુઃખ આપવા લાગે છે, એટલા માટે કે પાછળથી સુખ મળશે એવી આકાંક્ષા છે તો એ પણ સુખ પરનો રાગ થઈ ગયો. જ્યારે ક્લેશનો અનુભવ થાય ત્યારે તેને નિયતિ સમજીને સહન કરવાનો છે. કોઈ સુખ દ્વારા મુક્ત થયું નથી. કારણ સુખ છે જ નહિ. સુખનો ભ્રમ છે. મુક્ત તો દુઃખ દ્વારા થવાશે. અને દુઃખમાંથી મુક્તિ એના સ્વીકારમાં છૂપાઈ છે. એ સ્વીકાર એટલો પ્રતીતિપૂર્ણ હોવો જોઈએ કે મનમાં એવો સવાલ પણ ન ઊઠે કે કાયા દુઃખ છે. આપણે દુઃખ સહન કરીએ એનો અર્થ એવો નથી કે આપણે કાયાને દુઃખ આપી રહ્યા છીએ. કાયાની બીમારીઓ દેખાશે, એનો તનાવ, એનો બૂઢાપો, એનું મૃત્યુ બધું દેખાવાનું શરૂ થશે. આ કાયા પર થતા ક્લેશને સમતાથી સહન કરવાનો છે, એને જોવાનો છે, એનાથી રાજી રહેવાનું છે, એને સ્વીકારવાનો છે. એનાથી ભાગવાનું નથી. એ કાયક્લેશ નામનો ઉત્કૃષ્ટ તપ છે.

**સ.૧૬૮: સંલીનતાં એટલે હાથપગ સંકોચી રાખવા એમજને?**

**જ.૧૬૮:** સંલીનતા એટલે બાહ્યતપનું અંતિમ અંગ. અંતરતપમાં પ્રવેશ કરવા માટેનું દ્વાર. સંલીનતાનો સામાન્ય અર્થ આપણે એવો કરીએ છીએ કે હાથ-પગ-શરીર સંકોચી રાખવું. શરીરના અંગોને કારણ વગર હલાવવા નહિ. પણ આટલા સ્થૂળ અર્થથી સંલીનતા જેવું ગૂઢ તપ સધાતું નથી. **સંલીનતાનો અર્થ છે પોતાનામાં લીન થવું. પોતાનામાં જ સંપૂર્ણપણે લીન. જેની બહારની બાજુ કોઈ ગતિ નથી.** ગતિ તો હંમેશા બીજા તરફ જવા માટે જ કરવી પડે છે. પોતાનામાં જવા માટે કોઈ ગતિની જરૂર નથી. આપણે પોતાની પાસેજ તો છીએ. આમ જ્યારે અક્રિયતા (કાયાની સ્થિરતા), અગતિ અચલતા આવી જશે ત્યારે શરીર અને મન સ્થિર થઈ જશે. પોતાનામાં એટલા લીન થઈ જાઓ કે બીજું કાંઈ બચે નહી. તો સંલીનતા સધાશે. જ્યારે પહેલાં અંદરની ચેતના કંપાયમાન થાય છે. ત્યારેજ શરીર પર હલનચલન વર્તાય છે. હજી એવું બની શકે. કે કોઈ પોતાના શરીરને સંલીન કરી બેસી જાય, એક આંગળી પણ ન હલે એ રીતે, પછી ભલે ભીતરમાં તોફાન ચાલતું હોય, પણ તેથી સંલીનતા ક્યાં ? **જ્યારે ભીતરમાં એટલું બધું શાંત થઈ જાય કે કોઈ તરંગ કે કંપન શરીર પર ન દેખાય** ત્યારે ખરેખર સંલીનતા સધાય છે.

**સ.૧૬૯: સંલીનતાનો અભ્યાસ કેવી રીતે કરવો ?**

**જ.૧૬૯:** ભીતરમાં જવા માટે સંલીનતાનો અભ્યાસ કરવો પડશે. આપણે જન્મોજન્મથી બહાર ચાલી જવા માટે ટેવાયેલા છીએ. જન્મ્યા ત્યારથી બહિર્મુખી થઈને જ જીવ્યા. અંદર જવાનો કોઈ અભ્યાસ નથી. ચીત્તનું બહાર જવું એ તો જાણે પાણીનું નીચેની તરફ વહીજવા જેવું છે. એને માટે કાંઈ કરવું પડતું નથી. પરંતુ ભીતર આવવાનું મોટો પ્રવાસ કરવા જેવું લાગે છે. આપણા મનને ભીતર કેવી રીતે જવું તેની ખબર જ નથી. આપણે ભીતર જતાંજ ન હોઈએ તો એમાં કુશળ કેવી રીતે થવાય ? આપણું માનવ મન જે આપણી આદતોના જોરે આપણી બેહોશીમાં, આપણી જાણ બહાર આપણને બહારની ચીજ-વસ્તુઓ-વ્યક્તિઓ તરફ આપણું ધ્યાન ખેંચ્યા કરે છે. એટલે પ્રથમ બહાર જવાનો અભ્યાસ મિટાવવો પડે. પછી અંદર જવાનો અભ્યાસ થઈ શકે.

માનવમનની જે બહાર જવાની પ્રવૃત્તિ છે એને હોશપૂર્વક, જાગૃતતાપૂર્વક જુઓ. દા.ત. મન કહેશે એકલા શું બેસી રહ્યા છો ? ચાલો અમુક જણને ત્યાં જઈએ ? તો જાગતૃતાપૂર્વક વિચાર કરો કે તેને ત્યાં જઈને શું કરવાનું છે ? એની એજ વ્યર્થ વાતો ? તબીયત કેમ છે ? મોસમ કેવી છે ? વગેરે વગેરે.... જો મન જાગૃત હશે તો આવું નકામું કાર્ય નહી કરીએ. નકામી ચીજોમાં રસ હમેશા બેહોશીમાંજ આવે છે. જાગૃતતા

પૂર્વક નકામી ચીજોમાં રસ લઈ શકાતો નથી. એટલે આપણા મનની બહાર જવાની પ્રત્યેક ક્રિયા પર જાગૃતિ પૂર્વક પહેરો હશે તો એક પછી એક વ્યર્થ ક્રિયાઓ છૂટી જશે. અને જીવનને માટે અનિવાર્ય હશે એટલીજ ક્રિયાઓ ટકી રહેશે.

**નકામી ક્રિયાઓ થવાની બંધ થશે તો શરીર ધીમે ધીમે સંલીન થતું જશે. આપણે એવી રીતે વર્તશું કે જાણે પોતાનામાં સ્થિર થઈ ગયા. શરીર તો સ્થિર થઈ ગયું સાથે મન પણ સ્થિર થઈ ગયું. માટે જે મનની આદત છે બહાર ભાગી જવાની તેના પ્રત્યે જાગૃત થઈ જવાની જરૂર છે જ્યારે શરીર અને મન બંને પ્રત્યે જાગૃત થઈ જવાશે ત્યારેજ અંદરમાં ઉતરી શકાશે.**

ભીતરમાં જવા માટે એવી ચીજોમાં રસ લેવો પડશે કે જેમાં સંલીનતા સ્વાભાવિક છે. દા.ત. ક્રોધ બહાર લઈ જાય છે, કરૂણા અંદર, શત્રુતા બહાર લઈ જાય છે, મિત્રતા અંદર. શાંતિના ભાવમાં, આખા જગત પ્રત્યે કરૂણાના ભાવમાં સંલીનતા સ્વાભાવિક છે. આ ભાવોમાં સ્થિર થવાથી અંદરની યાત્રા શરૂ થાય છે, જે આંતરતપ છે તેના માટે સંલીનતા દ્વાર છે. સંલીન થયા વિના, આતંરતપમાં પ્રવેશ નથી. બધા તપ એકબીજા સાથે જોડાયેલા છે. એમાંથી એક છોડશો તો બીજું નહી થઈ શકે. **આ પહેલા પાંચ બાહ્યતપની વાત કરી તે બધાં શરીરની શક્તિના સંરક્ષણ માટે છે. આ છઠ્ઠું બાહ્યતપ સંલીનતા સંરક્ષિત શક્તિનો અંદર જતો પ્રવાહ છે. શક્તિ બચશે તો અંદર જવાશે. આપણે તો આપણી મોટાભાગની શક્તિ બહાર વેડફી નાખીએ છીએ. ભીતર જવા માટે કોઈ શક્તિ બચતી જ નથી.**

**સ.૧૭૦: સંલીનતાથી અંતરમુખી યાત્રા થાય ?**

**જ.૧૭૦:** સંલીનતાનો પ્રયોગ જો કોઈ બરાબર કરે,બધી જાતના ભય છોડીને, સાક્ષી બનીને, જે બની રહ્યું છે તે સ્વીકાર કરીને, અંતરમુખી યાત્રા થાય એ જે ''હું જ છું'' એવો અનુભવ થાય પછી શરીરના દુઃખ એના રહેતા નથી. શરીર પર બનતી ઘટનાઓ એના પર બનતી હોતી નથી. શરીરનો જન્મ એનો જન્મ નથી. શરીરનું મૃત્યુ એનું મૃત્યુ નથી. જે બધું બહારનું છે તે છૂટી જશે. આખું જગત, શરીર અને મન બધું ભૂલાઈ જશે. માત્ર ચૈતન્યનો દિવો ભીતરમાં ઝગારા માર્યા કરશે.

ચલો સંલીનતા જેવા મહાન તપને જરા વધુ બારીકાઈથી સમજીએ. **કોઈની છાતી પર છૂરો લઈને ચઢી બેસીએ ત્યારેજ આક્રમણ થાય છે. એવું નથી,આપણે બીજાનો વિચાર કરીએ છીએ ત્યારે બીજા પર આક્રમણ થઈ જાય છે.** બીજાનું મારા ચિત્તમાં હાજર થવું એ પણ એક આક્રમણ છે. આક્રમણનો અર્થજ છે, હું બીજાની તરફ ગતિમાન થયો પછી છુરો લઈને ગયો બીજાની તરફ કે આલિંગન કરવા ગયો. બીજાની તરફ

સદ્‌ભાવથી ગયો કે અસદ્‌ભાવથી. બીજાની તરફ ગતિ કરતી ચેતના આક્રમક છે. જેનું ચિત્ત કાંઈ બીજામાં કેન્દ્રિત થયું હોય છે તે હંમેશા આક્રમક હોય છે. આક્રમણનો અર્થ છે બહાર જવું તે મહાવીરે એક સુંદર શબ્દનો પ્રયોગ કર્યો છે. પ્રતિક્રમણ. પ્રતિક્રમણનો અર્થ છે ભીતર પાછા ફરવું તે. સ્વગૃહે પાછા ફરવું તે. એટલેજ મહાવીરે અહિંસા માટે આટલો બધો આગ્રહ રાખ્યો છે. કોઈપણ પ્રકારનું ચિત્તનું આક્રમણ ન થવું જોઈએ. એવું બનશે તોજ સંલીનતા ફલિત થશે. આ બધા છ બાહ્યતપ ને છ આંતરતપ સંયુક્ત છે...એ તો સમજાવવા માટે અલગ અલગ કહેવા પડયા છે. જીવનમાં જ્યારે આ બધા ફલિત થાય છે ત્યારે તે બધા સાથે થાય છે. જેનું ચિત્ત પોતાનામાં જ કેન્દ્રિત થયું હોય, સંલીન થયું હોય છે તેનામાં આક્રમણ બચતું નથી. એવા ચિત્તમાં પ્રતિક્રમણ સધાય છે. પ્રતિક્રમણની યાત્રા સંલીનતામાં ડૂબાડે છે. જે દિવસે શરીર અને મન બંને પ્રત્યે જાગૃત થઈ જવાશે. ત્યારે મન ધીમે ધીમે બહાર જવામાં રસ ગુમાવી દેશે ત્યારે ભીતરમાં જઈ શકાશે.... ત્યારે સંલીનતા નામનો તપ સધાશે... ત્યારે જ આંતર તપમાં પ્રવેશ પામી શકીશું.

**સ.૧૭૧ બાહ્ય તપથી કર્મની નિર્જરા થાય કે અભ્યંતર તપથી ? છ અભ્યંતર તપના નામ આપો.**

**જ.૧૭૧** કર્મની નિર્જરા તો ત્યારે જ સંભવિત છે, જ્યારે બારેબાર પ્રકારના તપનો સમન્વય સધાય છે. કચરો ત્યારે જ વળાય છે જ્યારે ઝાડુની બધી જ સળીઓ એકત્રિત થાય છે. ઝાડુની અલગ અલગ સળીઓ કચરો કાઢવા સમર્થ નથી. બાહ્ય અને અભ્યંતર તપ એક જ સિક્કાની બે બાજુ છે. તેને અલગ અલગ પાડી શકાય નહિ. મહાવીરે જેટલો પણ તપ કર્યો તેમાં બારેબાર પ્રકારના **તપનો સમન્વય** હતો. તેના વગર, નિર્જરા શક્ય નથી. એ તો ભાષાની મર્યાદા છે કે બારે બાર પ્રકારના તપ વર્ણવવા હોય તો એક પછી એક જ કહી શકાય. એક સાથે નહિ. બાકી નિર્જરા તો ત્યારે જ થાય કે જ્યારે બારે પ્રકારના તપ એક સાથે જ ઘટિત થાય. છ અભ્યંતરના તપના નામ છે ...(૧) પ્રાયશ્ચિત (૨) વિનય (૩) વૈયાવચ્ચ (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન (૬) કાયોત્સર્ગ.

**સ.૧૭૨ અત્યારે સામાન્ય રીતે પ્રાયશ્ચિત નામના તપનો કયો અર્થ પ્રચલિત છે ?**

**જ.૧૭૨** સામાન્ય રીતે આ મહાન તપનો અર્થ આપણે એટલો જ લઈએ છીએ કે કોઈ ભૂલ થઈ ગઇ. કાંઈ ખોટું થઈ ગયું તો તેના માટે પસ્તાવો કરી લીધો. ચોરી કરી હોય તો ચોરી બદલ પસ્તાવો, હિંસા કરી હોય તો હિંસા બદલ પસ્તાવો.. બહુ તો ગુરૂમહારાજ પાસે જઈને આલોચના લઈ લીધી. કરેલા પાપનો પસ્તાવો કરવો અને તે દોષનો દંડ લઈ શુદ્ધ

થવું. પ્રાયશ્ચિત નામના પ્રથમ અભ્યંતર તપનો આટલો જ સરળ અર્થ આપણે લઈએ છીએ. પણ જો આ તપ આટલો સરળ હોત તો મહાવીરે એને બાર પ્રકારના તપમાં છેક સાતમે સ્થાને મૂકવાની જરૂર ન હતી. પહેલાં કરતા બીજું બીજા કરતા ત્રીજું એમ એકથી એક ચડિયાતું તપ છે, એકથી બીજું અઘરૂં તપ છે. આમ ક્રમવાર સાતમું પ્રાયશ્ચિત તપ ખરેખર ઘટિત થાય તો માણસનું આંતરિક રૂપાંતર થવું ઘટે. જો માણસે પ્રાયશ્ચિત લીધા પછી પણ એની એ જ ભૂલનું પરાવર્તન થયા જ કરે તો રૂપાંતર ક્યાં થયું ? પશ્ચાતાપ જો તમારા અંતર આત્મામાં કાંઈ ફેરફાર લાવે નહિ તો પ્રાયશ્ચિત નામનું પ્રથમ અભ્યંતર તપ ક્યાંથી ઘટિત થાય ?

**સ.૧૭૩ આલોચના લીધા પછી પણ આ તપ ઘટિત નહિ થવાનું કારણ શું ?**

**જ.૧૭૩** જ્યારે આપણાથી કોઈ ગલત કામ થઈ જાય છે, ત્યારે મન કહે છે, આમ તો હું બહુ સારો માણસ છું. આવું કરૂં એવો નથી... પરંતુ કોઈ એવી પરિસ્થિતિમાં આમ બની ગયું હશે.. કર્મના ઉદયે આવું થઈ ગયું હશે. એમ મનને મનાવી લો છો. થોડો પસ્તાવો પણ કરી લો છો ને પાછા હતા એવાને એવા થઈ જાઓ છો. આમ ભૂલને ખાલી ભૂંસી નાખવાની જ પ્રક્રિયા થાય છે. આમ પસ્તાવો પોતાના અહંકારને બચાવવાની એક પ્રક્રિયા બની જાય છે. દા.ત. કોઈને ગાળ દીધા પછી લાગે છે કે કોઈ સંજોગના દબાણમાં કે ક્ષણિક આવેશમાં આવું બની ગયું હશે. હવે આવું થશે નહિ. આમ ગાળ દીધાનો જે ડંખ હતો તે દૂર કરી દીધો. પસ્તાવો કરી, આલોચના લઈ હું શુદ્ધ બની ગયો એવો ભ્રમ પેદા કર્યો. પાછા હતા તેવા થઈ ગયા. હવે ફરીથી ગાળ આપવાનું શક્ય છે. મેં ક્રોધ કર્યો કે મેં વિકાર સેવ્યો એટલે હું પસ્તાવો કરી લઉં. એ પ્રશ્ન નથી... પરંતુ મારાથી ક્રોધ થઈ શક્યો એવો બોધ થતા માણસ પોતાની જાતને બદલવાનો પ્રયત્ન કરશે. એવું ત્યારે જ બની શકે કે જ્યાંથી ક્રોધ થયો છે ત્યાં રૂપાંતરણ થયું હોય આમ ખરા અર્થમાં પસ્તાવો ત્યારે જ થશે જ્યારે એવો બોધ થશે કે હું જ ખોટો છું. જ્યારે આક્ષેપ સંજોગો પર નહિ મુકાય, પરંતુ પોતાની જાત પર જ મુકાશે ત્યારે જ ચેતના રૂપાંતરીત થશે. ગઈકાલે મેં પાપ કર્યું હતું તો ગઈ કાલની ચેતનાના સ્તર પર હવે રહેવું નથી એ બોધ થવો જરૂરી છે. એ બોધ અંતરમાં પ્રગટતા રૂપાંતરણ સધાશે. એવો દિવસ ક્યારે આવશે કે ક્ષમા માંગવી જ ન પડે. એવું ત્યારે જ બને કે જ્યાંથી ક્ષમા મંગાઈ રહી છે ત્યાં રૂપાંતરણ થાય. ફક્ત પસ્તાવો કરીને અટકી જનાર માણસ બદલાતો નથી, ફરી એની એ જ ભૂલ કરે છે. જ્યારે પ્રાયશ્ચિત આપણાને જેવા

છીએ તેવા રહેવો દેતું નથી, એ આપણને બદલે છે.

**સ.૧૭૪ મહાવીરે પ્રાયશ્ચિતને અભ્યંતર તપનું પહેલું પગથિયું કેમ ગણ્યું ?**

**જ.૧૭૪** કેમકે જે વ્યક્તિ પોતાની સ્વંયનીજ ભૂલ જુએ છે, સંજોગો કે સામેલા વ્યક્તિની ભૂલ હોવાનું માનતો નથી તેની અંતરયાત્રા શરૂ થઈ જાય છે. જ્યારે માણસ પોતાને જ દોષિત જુએ છે, ત્યારે એક મનોમંથન શરૂ થાય છે એ માણસ સુધરી શકે છે. સામેની વ્યક્તિ ખોટી છે, એવું જાણવાથી તમારી અંતરયાત્રા શરૂ થતી નથી. બીજો સાચો કે સારો કે ખોટો છે એની સાથે તમારે કાંઈ મતલબ નથી. એ ઠરાવવાનું સાધક તરીકે તમારૂ કામ નથી. પરંતુ હું પોતે જ ખોટો છું. એવું નિશ્ચિતપણે માનવાથી પ્રાયશ્ચિત શરૂ થશે. જ્યાં સુધી હું છું ત્યાં સુધી ગલત હોઈશ જ. મારી જે અસ્મિતા, જે અહંકાર છે, તેનું હોવું જ મારી ભૂલ છે. જ્યાં સુધી હું શૂન્યવત, ન થઈ જાઉં, જ્યાં સુધી હું નહીંવત ન બની જાઉં, ત્યાં સુધી અભ્યંતર તપનું, આધ્યાત્મ જગતનું પગથિયું ચડાતું નથી.

**સ.૧૭૫ આપણે અત્યારના જે પ્રાયશ્ચિતને સમજ્યા છીએને મહાવીરે જે અર્થમાં કહ્યું છે, તે બેમાં શું ફરક છે ?**

**જ.૧૭૫** આસમાન જમીનનો ફરક છે. આપણે પસ્તાવો કરીને પ્રસન્ન થઈએ છીએ, આશ્વાસન લઈએ છીએ કે જુઓ કેવો સારો માણસ છું. ક્ષમાપણ માંગી લઉં છું. આમ આપણો અહંકાર પાછો પ્રતિષ્ઠિત થઈ જાય છે. ને ભૂલની, પાપની, જૂની ભાત ભૂંસીને નવી ભાત પાડવા માટે પાટી સાફ થઈ જાય છે. ફરી એની એ ભૂલ થાય છે. મહાવીરે બતાવેલા પ્રાયશ્ચિતનો અર્થ જૂદો છે. પ્રાયશ્ચિત ત્યારે શરૂ થઈ જાય છે જ્યારે તમે જેવા છો, બૂરા, ભલા, નિંદાયોગ્ય, પાપી, બેઈમાન, જેવા છો તેવા તમને જાણો - તથ્યનો સ્વીકાર પ્રાયશ્ચિત પૂરેપૂરો સ્વીકાર. એમાં કોઈ અપવાદ નહિ. હું ચોર છું તો ચોર, બેઈમાન છું તો બેઈમાન... સ્વીકાર. તમારે બેઈમાન હોવાની ઘોષણા કરવાની જરૂર નથી. કારણ કે એવું ખરેખર બને છે કે જ્યારે તમે કહો કે હું બેઈમાન છું. ત્યારે લોકો સમજશે કે માણસ કેવો ઈમાનદાર છે ! પ્રાયશ્ચિત કરનારે કરેલા પાપોની ઘોષણા પોતાની સમક્ષ જ કરવાની છે. પ્રાયશ્ચિત પોતાને પોતાની સમક્ષ ઉઘાડીને જોઈ લેવામાં છે. મહાવીરે દરેક વ્યક્તિને પોતાનું ભવિષ્ય નક્કી કરવામાં એટલી સક્ષમ માની છે કે જેનો કોઈ હિસાબ નથી. પ્રાયશ્ચિત એટલે પોતાની સમક્ષ જ પોતાના નરકનો સ્વીકાર... ક્યારે સંપૂર્ણ સ્વીકાર ભીતરમાં ઘટે છે, ત્યારે એ પૂર્ણ સ્વીકારમાંથી જ રૂપાંતરણ શરૂ થાય છે. કેવી રીતે ? જ્યારે પૂર્ણ સ્વીકાર થાય છે ત્યારે તમારી પુરાણી ઈમેજના ટૂકડેટૂકડા થઈને ખરી પડે છે. માણસ પોતાને આ હાલતમાં વધુ વખત જોઈ

શકાતો નથી એને બદલાવું જ પડશે... રૂપાંતરણ થશે... મહાવીરે કહે ત્યારે ખરા અર્થમાં પ્રાયશ્ચિત થશે.

**સ.૧૭૬ પ્રાયશ્ચિતની દુનિયામાં પ્રવેશ ક્યારે કરી શકાય ?**

**જ.૧૭૬** ક્યારેક બે મિનિટ જાતને જગાડીને વિચારીએ કે શું છે આ જીંદગીનો અર્થ ? આ સવારથી સાંજ સુધીના ચક્કર ? આ ક્રોધ અને ધૃણાના ચક્કર ? આ ક્ષમા અને દુશ્મનીના ચક્કર ? શું છે આ બધું ? આ ધન, યશ, અહંકાર, પદનો અર્થ શું છે ? મેં જે કાંઈ કર્યું છે તેનાથી કઈ દિશા તરફ હું આગળ વધી રહ્યો છું ? ખરેખર ક્યાંય પહોંચીશ ? મારી મંઝીલ નજદીક આવી રહી છે કે નજદીક આવવાનો ભ્રમ છે ? હું જે કાંઈ કરૂં છું તેની આંતરિક, અર્થવત્તા, મહત્તા કે ગરિમા છે ? એનો ખ્યાલ આવી જાય તો તમે પ્રાયશ્ચિતની દુનિયામાં પ્રવેશ કરી શકશો.

**સ.૧૭૭ નિયમસારમાં પ્રાયશ્ચિતની વ્યાખ્યા જુદી આપી છે ને ?**

**જ.૧૭૭** હા... નિયમસારમાં આધ્યાત્મદ્રષ્ટિથી પ્રાયશ્ચિત એટલે કે પ્રાયઃ ચિત્ત = પ્રકૃષ્ટ ચિત્ત = ઉત્કૃષ્ટ બોધજ્ઞાન એમ આપેલું છે. જ્યારે માણસ પાછો વળીને પોતાનામાં જ ઝાંકીને જુએ છે ત્યારે તે જાણે છે કે... મને ક્રોધ આવ્યો, આવી શક્યો કારણ કે મારામાં ક્રોધ ભરેલો જ પડ્યો હતો. સામેલાએ ગાળ આપી તે તો નિમિત્ત હતો. હું નિમિત્તને બચકા શા માટે ભરૂં ? જો વેપારી પાસે માલ જ નથી તો તે ગમે તેવો ગ્રાહક આવશે તે માલ ક્યાંથી આપશે ? જો તું અબ્રહ્મનું સેવન કરે છે, જો તું પાપનું સેવન કરે છે, તો એ નક્કી થઈ ગયું કે તારી પાસે માલ ભરેલો પડ્યો છે અને જ્યાં સુધી તું એ માલ મૂળમાંથી ખતમ નહિ કરે ત્યાં સુધી ફરી પાછો ક્યારે પણ ઉગી નીકળવાની શક્યતા છે. મહાવીરને ગાળો આપો કે જૂતાનો હાર પહેરાવો... એ ક્રોધ કરશે જ નહિ કારણકે એ માલ એનો ખતમ થઈ ગયો છે. વેશ્યાના ઘરે રહેવા છતાં સ્થૂલભદ્રજીમાં વિકારો નહોતા જાગ્યા કારણકે એ સ્ટોક તેણે ખતમ કરી નાંખ્યો હતો. આટલી જાગૃતિ જ્યારે આપણામાં આવશે... કે મારી ભૂલનો જવાબદાર હું જ છું. ભલે ગમે તેવી પરિસ્થિતિમાં મૂકાયો હોઉં, મારામાં ક્રોધ જાગ્યો, મારામાં વિકારો જાગ્યા તો એ ભૂલો ત્યારે જ થઈ જ્યારે મારામાં સ્ટોક ભરેલો છે. આ ઉત્કૃષ્ટ બોધજ્ઞાન, તેનામાં પ્રવિષ્ટ થશે... ચિત્ત પ્રકૃષ્ટ બનશે... પોતાનામાં જ દોષ જોશે ત્યારે તેને મૂળથી ઉખેડવાનો પ્રયત્ન કરશે. જે મૂળથી ઉખડશે તે કદી પાછા આવશે નહિ. નહિ તો પાંચ-પચ્ચીસ વરસે કે પાંચ પચ્ચીસ ભવે એ જ ભૂલોનું પાછું પુનરાવર્તન થશે... કોઈ ભૂલો એવી નથી કે જે આપણે ભવચક્કરમાં પહેલી જ વાર કરતા હોઈએ... મહાવીર એવું પ્રાયશ્ચિત ન

બતાવે કે જે ફરીને પાછું ઉગી નીકળવાનું હોય... જ્યારે માણસ પોતાની અંતરયાત્રા કરે છે ત્યારે પ્રાયશ્ચિત = પ્રકૃષ્ટ ચિત્ત = ઉત્કૃષ્ટ બોધજ્ઞાન ઘટિત થાય છે.

**સ.૧૭૮ સામાન્યપણે વિનયતપના શું અર્થ થાય છે ?**

**જ.૧૭૮** સામાન્ય રીતે ધર્મ અને ધર્માત્માનું સન્માન, આદર, માતા-પિતા-ગુરૂજનો-વડીલો વગેરે શ્રેષ્ઠ વ્યક્તિઓનું આદર-સન્માન કરવું તે વિનય એવો અર્થ થાય છે. વિનય તપના પ્રકારમાં દર્શન વિનય, જ્ઞાન વિનય, ચારિત્ર વિનય, તપ વિનય, ઉપચાર વિનય, દેવ વિનય, ગુરૂ વિનય, શાસ્ત્ર વિનય, નિશ્ચય વિનય, વ્યવહાર વિનય, મન-વચન-કાર્ય વિનય આમ ઘણા પ્રકાર છે.

**સ.૧૭૯ વિનય તપના પ્રકાર ટૂંકમાં સમજાવો ?**

**જ.૧૭૯** મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ તથા કેવળજ્ઞાન એમ પાંચ જ્ઞાન તથા જ્ઞાનીની આશાતના કરવી નહિ. એમનું બહુમાન, ગુણકિર્તન કરવા. વિનયપૂર્વક વિધિ સહિત જ્ઞાન ગ્રહણ કરવું, પુસ્તકોનો યોગ મળવો તે મહાલાભનું કારણ માનવું, તેનો આદરસત્કાર કરવો, સમ્યકદર્શન ધારણ કરનારા પ્રત્યે પ્રીતિ ધરવી, આત્મા અને પરપદાર્થના ભેદ વિજ્ઞાનનો અનુભવ કરવો, વિષય કષાયને ઘટાડવા તથા ચારિત્ર ધારણ કરનારાઓના ગુણોનો આદર કરવો, ધ્યાન-સ્વાધ્યાયમાં ઉદ્યમવંત બનવું, ઈન્દ્રિયોને વિષયોમાં પ્રવર્તતી રોકવા માટે ઉપવાસ આદિ તપ કરવો, અરિહંત દેવનું ચિંતવન કરી ધ્યાન કરવું, ગુરૂને જોઈને ઉભા થવું, સામે લેવા જવું, આસન આદિ પાથરવું, સેવા કરવી, સ્થાન સુધી પહોંચાડવા જવું, તેમનો સત્કાર કરવો, સન્માન દેવું, રોગી, વૃદ્ધ ગુરૂ આદિની ચિંતા-દુઃખ જાણીને દૂર કરવું, બહુ આદરથી સત્શાસ્ત્ર ભણવું, રાગ-દ્વેષ વડે આત્માનો ઘાત ન થાય તેમ પ્રવર્તવું, કોઈ જીવનો તિરસ્કાર, અપમાન ન થાય તેમ વર્તવું વગેરે વિનયના પ્રકાર છે.

**સ.૧૮૦ આપણે જે અર્થમાં વિનય તપ સમજીએ છીએ તે બરાબર છે ?**

**જ.૧૮૦** આપણે જે અર્થમાં વિનય તપ સમજીએ છીએ તેમાં અધૂરાપણું દેખાય છે. કેમકે આપણે દ્વંદમાં જીવીએ છીએ. દ્વંદ એટલે એક ગુણ હોય તો તેની સામેનો વિરોધી ગુણ આપણામાં હયાત જ હોય. જેમ કે જ્યાં દયા છે ત્યાં ક્રૂરતા છે જ, રાગ છે ત્યાં દ્વેષ હયાત જ છે. તમારા દિકરાને કોઈ બે લાફા મારશે તો તમને મારનાર પ્રત્યે દ્વેષ આવશે કેમકે તમને તમારા દિકરા પર રાગ છે. બિલાડીના મોઢામાંથી ઉંદરને છોડાવવા છૂટ્ટો પથ્થર બિલાડીને મારશો - ઉંદર પર દયા કરી તો બિલાડી પર

ક્રૂરતા આચરી, એમ અમુકમાં શ્રેષ્ઠતાને જોશું તો તેનો આદર કરીશું તો અમુકમાં નિકૃષ્ટતાને જોશું જ અને તેનો અનાદર, અવિનય કરીશું. એટલે આપણામાં સાચો વિનય પેદા થતો નથી. વિતરાગ દ્વંદાતીત કહેવાય છે. તેમાં દયા પણ નહિ ને ક્રૂરતા પણ નહિ ફક્ત કરૂણા છે. તેમાં રાગ પણ નહિ ને દ્વેષ પણ નહિ મધ્યસ્થ છે. તપ એ તો વિતરાગની સીડી ચઢવાના પગથિયા છે સાતમો અભ્યંતર તપ વિનય એ તો ઉત્કૃષ્ટ છે. તેનો આટલો છીછરો અર્થ હોઈ ન શકે. અંતરતપ તો આપણા અંદરના ગુણોને જગાડવા માટે છે કોઈ શ્રેષ્ઠ હોય તેને તમે આદર આપતા હોય તેમાં તમારો ગુણ શું ? એ વ્યક્તિ શ્રેષ્ઠ છે તેને આદર આપવો પડે છે માટે આપો છો, તેનાથી તમારામાં કોઈ રૂપાંતર થતું નથી. એને આદર આપવાનું ભલે ચાલુ રાખો પરંતુ માત્ર તેટલાથી તમારો વિનય આંતરતપ સધાઈ ગયો એ માની લેવાની ભૂલ કરવી નહિ.

**સ.૧૮૧ મહાવીર કયા અર્થમાં વિનય તપ સાધવાનું કહે છે ?**

**જ.૧૮૧** જ્યારે કોઈ તુલના વિના દરેક પ્રત્યે વિનયનો ભાવ પેદા થાય ત્યારે એ તમારો આંતરગુણ બને છે. મહાવીર એમ નથી કહેતા કે ફક્ત શ્રેષ્ઠજનનો આદર આપો તે વિનય છે, પરંતુ કોઈપણ ભેદભાવ વિના આદર અપાય ત્યારે વિનય પેદા થાય છે. જીવમાત્ર પ્રત્યે આદર, અસ્તિત્વ પ્રત્યે આદર, જે છે તેના પ્રત્યે આદર, નિંદક કે પ્રશંસક, ચોર કે સાધુ, જે જેવા છે તેના પ્રત્યે આદર, શ્રેષ્ઠત્વનો કોઈ સવાલ જ નથી, તેમનું હોવું જ પર્યપ્ત છે. એ દરેક પ્રત્યે આદર સંભવે ત્યારે વિનય નામનો તપ સધાય છે. જ્યાં સુધી હું તોલી તોલીને આદર આપું ત્યાં સુધી એ મારો ગુણ નથી. મને જો કોહિનૂર હિરો સુંદર લાગતો હોય તો તે કોહિનૂરનો ગુણ છૈ. પરંતુ જ્યારે રસ્તા પર પડેલ કંકડ-પત્થરમાંય સૌંદર્ય દેખાય તો હવે સૌંદર્ય જ જોવાનો મારો ગુણ બની ગયો. ફક્ત શ્રેષ્ઠને જ આદર આપવામાં આપણે કોઈ પ્રયત્ન, શ્રમ કે આંતરિક પરિવર્તન કરવું પડતું નથી જ્યારે જીવ માત્ર પ્રત્યે આદરભાવ જાગે છે. ત્યારે આંતરિક પરિવર્તન થાય છે. સવાલ એ નથી કે તમે બેઈમાન છો કે ઈમાનદાર. તમે બેઈમાન હો તો પણ હવા તમને ઓક્સિજન આપવાની ના નથી પાડતો, આકાશ એમ નથી કહેતું કે હું તને જગ્યા નહિ આપું. જ્યારે આખું અસ્તિત્વ તમારો સ્વીકાર કરે છે તો હું કોણ છું તમારો અસ્વીકાર કરનાર ? તમે છો એટલું જ પૂરતું છે. હું વિનય કરીશ. સન્માન આપીશ. કોઈપણ જાંચ પડતાલ વિના, કોઈપણ શરત વિના જીવન પ્રત્યે સહજ સન્માન એ જ વિનય છે. વળી તમે કોને શ્રેષ્ઠ ગણશો ? જે

આજે શ્રેષ્ઠ છે તે ભૂતકાળમાં ન હતા, કદાચ ભવિષ્યમાં નહિ હોય... તો કોને વિનય કરશો ?

**સ.૧૮૨ જે આજે શ્રેષ્ઠ છે તે ભૂતકાળમાં ન હતા... આ વાક્ય ઉદાહરણ સાથે સમજાવો ?**

**જ.૧૮૨** આદિનાથ દાદા જે આજે આપણા માટે શ્રેષ્ઠતમ છે તે એમના પાંચમાં લલિતાંગદેવના ભવમાં વિષયાશક્ત હતા. લલિતાંગદેવની પ્રિયા સ્વયંપ્રભા ચ્યવી ગઈ. કોઈ દરિદ્ર ગૃહસ્થને ત્યાં સાતમી કન્યાના રૂપમાં જન્મ લીધો. બધાએ છોડેલી - તરછોડેલી આ નિર્નામિકાને એક દિવસ યુગંધર કેવળીના દર્શનનો લાભ પ્રાપ્ત થાય છે. તે વૈરાગ્યભાવનાથી અનસન વ્રત અંગિકાર કરવા જઈ રહી છે. મોહાશક્ત બનેલ લલિતાંગદેવ (આદિનાથદાદાનો જીવ) તેની પાસે જઈને તેની પત્ની બનવાનું નિયાણું કરાવે છે. તેથી ફરીથી સ્વયંપ્રભા (શ્રેયાંસકુમારનો જીવ) એ જ દેવલોકમાં લલિતાંગની પ્રિયારૂપે જન્મી એકમેકમાં મોહાશક્ત બને છે. એ જ જીવ છે જે એક દિવસ મોહાશક્ત હતો આજે વિતરાગ છે કોને શ્રેષ્ઠ ગણશો ? કોને નિષ્કૃષ્ઠ ? મહાવીરનો જીવ આજે વિતરાગ છે. તે એક ભવમાં અત્યંત અહંકારી ક્રોધી, નિર્દયી, શય્યાપાલકના કાનમાં ધગધગતું શીશું રેડાવનાર જીવ હતો... કોનો વિનય કરશો કોનો નહિ કરો ? આજ તમારો પ્રશંસક કાલે નિંદક હોઈ શકે છે... આજે તમને જન્મ આપનાર કાલે મોતને ઘાટ ઉતારી શકે છે... માટે મહાવીર કહે છે, કોઈપણ શરત વિના, કોઈપણ ભેદભાવ વિના જીવમાત્રનો વિનય કરો... એના જીવનનો એના અસ્તિત્વનો વિનય કરો તો જ આ અભ્યંતર તપ આત્મસાત્ થશે.

**સ.૧૮૩ પહેલા પ્રાયશ્ચિત પછી વિનય તપ રાખવાનું શું કારણ ?**

**જ.૧૮૩** જો પ્રાયશ્ચિત પહેલા ફલિત થયું હશે તો માણસનું મન. બીજાના દોષ જોવાનું બંધ કરશે. જ્યાં સુધી મન બીજાના દોષ જોયા કરે છે ત્યાં સુધી વિનય પેદા થઈ શકતો નથી. વિનય એટલે સૌ પ્રત્યે સહજ આદર. બીજાના દોષ જોઈને પોતાના અહંકારને પોષણ આપવાનું બંધ કરીએ ત્યારે વિનય પેદા થાય. નિંદામાં રસ માલુમ પડે છે ને પ્રશંસા કરતા પીડા થાય છે. બીજાના દોષ દૂરદૂરથી પણ આપણને દેખાય છે ને આપણા દોષ નિકટમાં નિકટ છે છતાં દેખાતા નથી. આપણા જે દોષ દેખાતા નથી તે બધા આપણા દુશ્મન છે. તે અંદર છુપાઈને ચોવીસ કલાક આપણને બહુ દુઃખ આપે છે. જ્યારે કોઈ બીજાનું ખૂન કરી નાંખે છે ત્યારે પણ એ માણસ માનતો નથી કે હું અપરાધી છું. એ એમ

માને છે કે એ માણસે કામ જ એવા કર્યા હતા કે એનું ખૂન કરવું પડ્યું, દોષિત હું નથી. આમ ભૂલ હંમેશા બીજાની જ હોય છે. ભૂલ શબ્દ જ બીજાની તરફ તીર બનીને આગળ વધે છે. તેથી જ આપણો અહંકાર બળવાન બને છે. એટલે જ મહાવીરે પ્રાયશ્ચિતને પ્રથમ અભ્યંતર તપ કીધું. દરેક જણે એ સમજી લેવાની જરૂર છે કે ફક્ત મારા કૃત્ય નહિ, હું પોતે જ ખોટો, દોષિત હોઉં છું. આ સમજવાથી તીરની દિશા બદલાઈ જશે ને તીર તમારી તરફ તકાશે. આવી પરિસ્થિતિમાં વિનય નામનો અભ્યંતર તપ સધાશે. આવી જે વિનયની સ્થિતિ છે તે પ્રાયશ્ચિત તપની પૂર્ણ સાધના પછી જ સાધી શકાય છે. માટે જ મહાવીરે પ્રાયશ્ચિતને વિનયની પહેલાં સ્થાન આપ્યું છે.

**સ.૧૮૪ વિનય તપની સાધના માટે કર્મની થિયરી સમજાવો ?**

**જ.૧૮૪** યાદ રાખો.... જ્યારે પણ કોઈ માણસ કાંઈ કરે છે તો તેના પોતાના કર્મના કારણે કરે છે, આપણા કારણે નહિ. આપણે જે કરીએ છીએ તે આપણા કર્મને કારણે કોઈ બીજાના કારણે નહિ. આ વાત જો બરાબર ખ્યાલમાં આવી જાય તો વિનય સહજતાથી તમારામાં ઉતરશે. કોઈ માણસ ગાળ આપે છે તો એ એટલા માટે આપે છે કે એના ભૂતકાળના બધા કર્મોએ એક એવી સ્થિતિ પેદા કરી કે જેમાંથી ગાળ પેદા થાય. આવું જ્યારે તમે માનો છો ત્યારે તમે એની ગાળને એના કર્મ સાથે જોડો છો, તો જ ગાળ આપનાર પ્રત્યે વિનય પેદા થશે. જ્યારે તમે ક્રોધ કરો છો, ત્યારે ખરેખર તમે બીજા પર ક્રોધ કરતા નથી. બીજું તો નિમિત્ત છે. તમે તમારા ભૂતકાળના કર્મને કારણે ક્રોધ એકઠો કરેલો છે. જે તમારી અંદર ભરેલો છે. જેમ કુવામાં બાલટી નાખીએ ત્યારે તે બાલટી પાણીથી ભરાઈને બહાર આવે તેમ તમારામાં ક્રોધ છે એટલે ગાળ રૂપી બાલટી નાખીને કોઈ તમારો ક્રોધ બહાર ખેંચી લાવે છે. નિમિત્ત પર શું ક્રોધ કરવો ? જેમાં ખરેખર વિનય જાગૃત થયો છે, તે ગાળ આપનારને ધન્યવાદ આપશે કે તેણે તમારામાં ક્રોધ પડેલો છે તે બહાર લાવીને બતાવી દીધો. માટે જ કીધું છે કે નિંદક નિયરે રાખીએ... કેમકે તે તમારામાં નિંદા કે ટીકાપૂર્ણ બાલટી નાખતો રહેશે ને તમારી ભીતરમાં જે કચરો પડ્યો હશે તે બહાર ખેંચી લાવીને બતાવશે. જો તેનાથી દૂર ભાગશો તો તમારી ભૂલો દેખાડનારું દર્પણ તમે ગુમાવી દેશો. મહાવીર કહે છે બીજાઓ પોતાની કર્મશૃંખલા પ્રમાણે નવા કર્મો કર્યા કરે છે. આપણી સાથે એને એટલો જ સંબંધ છે કે એ પ્રસંગે આપણે હાજર હતા. નિમિત્ત બન્યા, એ જ રીતે આપણામાં ક્યારેક વિસ્ફોટ થાય ત્યારે જે કોઈ હાજર હોય તે નિમિત્ત બને. યાદ રાખો

જ્યાં ક્રોધ છે ત્યાં અંદરમાં અહંકાર છે. હંમેશા અહંકારને પોષણ મળવામાં અડચણ આવે ત્યારે ક્રોધ પેદા થાય છે. જો આપણે એમ માનતા હોઈએ કે તમે તમારા કર્મ પ્રમાણે ચાલો છો ને હું મારા કર્મ પ્રમાણે ચાલું છું તો ક્રોધ આવવાનું કોઈ કારણ નથી. કોઈ વ્યક્તિ મને છરો ભોંકી દે તો એ એનું કર્મ છે. એ કર્મનું ફળ એ ભોગવશે. મારા કર્મની તો નિર્જરા થઈ રહી છે. એની સાથે મારો એટલો જ સંબંધ હોઈ શકે કે મારી પાછલી જીવનયાત્રામાં મારી છાતીમાં છરો ભોંકાય એવા મારા કોઈ કર્મ હશે. એટલું જો સ્પષ્ટ સમજાઈ જાય કે આપણે પોતપોતાની કર્મની અંતર્ધારા મુજબ દોડ્યા કરીએ છીએ તો જ વિનય નામનો અભ્યંતર તપ ઘટિત થાય. કારણ કે તો જ બીજા સાથે આપણો કોઈ સંબંધ ન રહે, ના પ્રેમનો ના ઘૃણાનો. તો બધા સંબંધ નિમિત્ત માત્ર રહે. હું જે કાંઈ કરું છું તે મારા માટે કરું છું, ભલું કે ખરાબ... હું જ મારું નરક છું, હું જ મારું સ્વર્ગ છું, હું જ મારી મુક્તિ છું મારા સિવાય કોઈ બીજું મારા માટે નિર્ણાયક નથી. ત્યારે જે વિનમ્રભાવ પેદા થાય છે, જેમાં અહંકારનો અભાવ છે તે જ સાચા અર્થમાં વિનય નામનો અભ્યંતર તપ છે.

**સ.૧૮૫ જીવ માત્ર પ્રત્યે આદર... એ બોલવું ને સાંભળવું ગમે છે. ઝાડ-પાન-પશુ-પક્ષી પ્રત્યે આદર રાખવો સહેલો છે, કેમકે તે આપણને સામે બોલતા નથી, ક્રોધ કરતા નથી, પરંતુ જે આપણી નિંદા કરે છે, ક્રોધ કરે છે, ગાળો આપે છે, તેના પ્રત્યે આદર-બહુમાન કેવી રીતે જાગૃત થાય ?**

**જ.૧૮૫** જ્યારે કોઈ મારા પર ક્રોધ કરે છે, ત્યારે જો હું એમ ન માનું કે એ ક્રોધ કરનારનો કાંઈ દોષ છે કે બુરાઈ છે પણ ફક્ત એટલું જ માનું કે ક્રોધ એનામાં પેદા થઈ રહ્યો છે ત્યારે હું એના ક્રોધથી દુઃખી થતો નથી. જો હું રસ્તે પસાર થઈ રહ્યો હોઉં નેઅચાનક કોઈ ઝાડની ડાળી મારા પર તૂટી પડે તો મને વૃક્ષ પર ક્રોધ આવતો નથી કારણકે ઝાડ પાસે આપણને મારવા માટે કોઈ કારણ નથી. ઝાડની શાખા તૂટવાની અણી પર હતી. તોફાન આવ્યું હવાનું ભારે મોજું આવ્યું શાખા તૂટી પડી સંયોગની વાત છે હું ત્યારે ઝાડની નીચેથી પસાર થતો હતો. **એ રીતે જે માણસ વિનયપૂર્ણ હોય તેને તમે ગાળ આપો તો એવું માને છે કે તમે મનમાં ક્રોધથી ભરેલા હતા, ચિત્ત તમારૂં પરેશાન હશે અને ગાળ તમારા મોં માંથી નીકળી ગઈ. એટલે જે વિનયપૂર્ણ માણસ હોય તેના વિનયમાં કોઈ અડચણ ઊભી થતી નથી.** એને કાંઈ દુઃખ પણ થતું નથી. એ એમ પણ વિચારતો નથી કે સામા માણસે ગાળ કેમ આપી હશે ? વિનિત માણસ માને છે કે જે કાંઈ થઈ રહ્યું છે તે થાય છે જ જાણું છું ને અનુભવું છું કે દુશ્મન પ્રત્યે, નિંદક પ્રત્યે, બુરૂં કરનાર પ્રત્યે આદર-વિનય ઉત્પન્ન થવો સહેલો નથી...પણ જો કર્મની થીયરી બરાબર હૃદયમાં

ઊતરી હશે તો અસાધ્ય પણ નથી.

વિનય અંતરનો આવિર્ભાવ છે, વિનય બહુ મોટી વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. કોઈ બીજું મારા દુઃખનું કારણ નથી. દોષ બીજા કોઈમાં નથી મારો જ છે. મારો વિનય કોઈ શરતને આધીન નથી. એવું નહિ કે પતંગિયાને બચાવી લઈશું ને વીંછીને મારી નાંખશું. **માની લઈએ કે વીંછીને બચાવવા જતાં એ ડંખ મારશે...તો એ એનો સ્વભાવ છે. એના લીધે એના પ્રત્યેના આદરમાં કોઈ ફરક નહિ પડે. આપણે વીંછીને એમ નહિ કહીએ કે તું ડંખ નહીં મારે તો જ તને પ્રેમ કરીશ. માની લઈએ કે શત્રુ ગાળ આપશે, પથ્થર મારશે કે મારી નાંખવાની કોશિશ કરશે, એ ઠીક છે...એ જે કરી રહ્યો છે તે એ જાણે...એ એનો વ્યવહાર છે. પરંતુ એની અંદર જે છૂપાયું છે તે અસ્તિત્વ છે.** આપણો આદર, આપણો વિનય અસ્તિત્વ પ્રત્યે છે.

**સ. ૧૮૬ ત્રીજું અભ્યંતર તપ વૈયાવચ્ચ (વૈયાવૃત્ત) એટલે શું ? તેનાં ભેદ સાથે સમજાવો.**

**જ. ૧૮૬** વૈયાવચ્ચ એટલે સેવા. આહાર, પાણી, ઔષધ આદિથી કાયાની પ્રવૃત્તિથી અથવા અન્ય દ્રવ્ય વડે દુઃખ વેદના આદિ દૂર કરવાની પ્રવૃત્તિથી વૈયાવૃત્ય થાય છે.

મુનિવરોના દસ ભેદે કરીને વૈયાવચ્ચ પણ દસ પ્રકારની છે. દસ પ્રકારના મુનિઓમાંથી કોઈને રોગ થાય, પરિષહોને લીધે ખેદ પામે, શ્રદ્ધા બગડી જાય ત્યારે ઉપચાર કરવો તે વૈયાવૃત્ત છે. બીજું પોતાના ચૈતન્ય સ્વરૂપ આત્માને રાગ-દ્વેષ આદિ દોષોથી લેપાવા ન દેવો, પોતાના આત્માને ભગવાનના પરમાગમમાં લગાવી દેવો, દશ લક્ષણરૂપ ધર્મમાં લીન કરવો. કામ, ક્રોધ, લોભાદિક કષાયને તથા ઈન્દ્રિયોના વિષયોને આધિન ન થવા દેવો તે આત્માની વૈયાવૃત્ત છે. જે પોતાની શક્તિ પ્રમાણે છકાય જીવની રક્ષા કરવામાં સાવધાન છે તેને સમસ્ત પ્રાણીઓની વૈયાવૃત્ત પ્રાપ્ત થાય છે. જો કે આ બધી ક્રિયામાં જે બાહ્ય પ્રવર્તન થાય છે તેતો બાહ્ય તપ જેવું જ જાણવું. પરંતુ એવું બાહ્ય પ્રવર્તન થતાં જ અંતરંગ પરિણામોની શુદ્ધતા થાય તેનું નામ અભ્યંતર તપ જાણવું. એટલું સમજી લેવું કે નિશ્ચય ધર્મ તો વિતરાગ ભાવ છે. તથા અન્ય અનેક પ્રકારના ભેદો તો નિમિત્તની અપેક્ષાએ ઉપચારથી કહ્યા છે. તેને વ્યવહાર માત્ર ધર્મ સંજ્ઞા જાણવી.

**સ. ૧૮૭ વૈયાવચ્ચથી કેવા ગુણો પ્રગટે ? સેવા કરતી વખતે કઈ વસ્તુ લક્ષ્યમાં રાખવી ?**

**જ. ૧૮૭** સંયમનું સ્થાપન, દુગંછાનો અભાવ, પ્રવચનમાં વાત્સલ્યપણું આદિ અનેક ગુણો પ્રગટે છે. સેવા કરતી વખતે નીચેની ત્રણ બાબતો લક્ષ્યમાં રાખવી.

(૧) સેવા ભવિષ્યોન્મુખ ન હોવી જોઈએ. કાંઈ પ્રાપ્ત કરવા કે મેળવવા

માટે નહિ. સેવા નિષ્પ્રયોજન હોવી જોઈએ.

(૨) સેવા કરવામાં કોઈ પ્રકારનું ગૌરવ, ગરિમા કે અસ્મિતાની ભાવના અંદરમાં ગહન થવી જોઈએ નહીં.

(૩) સેવા કરતાં પુન્યનો ભાવ કે કર્તાનો ભાવ પણ પેદા થવો જોઈએ નહિ.

**સ. ૧૮૮ 'સેવા ભવિષ્યોન્મુખ' ન હોવી જોઈએ. સમજાવો.**

જ. ૧૮૮ સેવા ભવિષ્યોન્મુખ ન હોવી જોઈએ એટલે કે સેવા કરીશ તો મને ધન મળશે, યશ મળશે કે સ્વર્ગ મળશે, માન મળશે, નામ થશે એવી કોઈપણ ભાવના પ્રેરિત સેવા ન હોવી જોઈએ. સારૂં કે ખરાબ કાંઈપણ મેળવવાની ભાવનાથી સેવા કરો એટલે એ વાસના પ્રેરિત થઈ. જે સેવામાં કોઈ પ્રયોજન હોય તો તે સેવા સેવા નથી. તેવી સેવાથી મહાવીરે બતાવેલો અભ્યંતર તપ સધાતા નથી. મહાવીર કહે છે, ભૂતકાળમાં આપણે જે કર્મ કર્યા છે, તેના વિસર્જન માટે તેની નિર્જરા માટે સેવા કરવી પડે છે.

**સ. ૧૮૯ સેવાનું કામ તો ગર્વ લેવા જેવું જ કામ છે ને તેમાં ખોટું શું ?**

જ. ૧૮૯ સેવાનું કામ કરવામાં કોઈ ગૌરવ ન અનુભવવો જોઈએ જે સેવા ગૌરવ બને છે તે અહંકારને પોષે છે. જ્યારે મહાવીરે બતાવેલી સેવા તો પાપનું પ્રાયશ્ચિત છે. જેમકે ભૂતકાળમાં મેં કોઈને ઈજા પહોંચાડી હશે તો આજે એની મલમપટ્ટી કરીને પાપનું પ્રાયશ્ચિત કરૂં છું. ભૂતકાળમાં કોઈને ખાડામાં ધક્કો માર્યો હશે તો આજે હોસ્પિટલમા પહોંચાડીને પ્રાયશ્ચિત કરૂં છું. મહાવીરની સેવાની ધારણા આવી અનોખી છે. એમાં ગૌરવ લેવા જેવું કાંઈ છે જ નહિ. એથી અહંકાર પેદા થવાને કારણ નથી.

**સ. ૧૯૦ સેવા કરીએ તો પુન્યનો ભાવ તો પેદા થાય જ ને ?**

જ. ૧૯૦ સેવા કરવામાં જો થોડી ઘણી પુન્ય કમાવવાની વાસના હશે કે એમ કરવામાં કાંઈ વિશિષ્ટ કાર્ય કર્યું હોવાની મજા આવતી હશે તો તમે નવા કર્મનો સંગ્રહ કરશો. તો તેવી સેવા કર્મબંધન બની જશે. પણ આ સેવા કરીને હું મારા કોઈ પૂર્વ કર્મની નિર્જરા કરૂં છું, કે કર્મ ખપાવું છું એવી ભાવના હશે તો ભવિષ્ય માટે કોઈ કર્મબંધન થતું નથી. આમ સેવા એ ભલે પુન્યનું કામ છે, પણ તેથી ભવિષ્યમાં કાંઈ મેળવવાની ભાવના છે, પછી એ ભલે પુન્ય મેળવવાની ભાવના હોય કે જશ મેળવવાની ભાવના હોય તો તે વાસના પ્રેરિત સેવા થઈ. જેનાથી અનુબંધ પાપનો પડી જશે. પરંતુ આ સેવાના પુન્ય કાર્ય પાછળ ફક્ત કોઈ પાછલા કર્મનું વિસર્જન કરૂં છું, નવું કાંઈ જ નથી કરી રહ્યો એ

ભાવના હશે તો કર્મની નિર્જરા થશે. હિસાબ ચૂકતે થઈ જશે. જમા ઉધાર કાંઈ રહે નહિ.

**સ. ૧૯૧ મહાવીરે વૈયાવૃત્ત સેવાને બાર તપમાં છેક આઠમા સ્થાને કેમ મૂક્યું ?**

જ. ૧૯૧ કેમકે મહાવીર કહે છે કે જે સેવામાં કોઈ રસ નથી, કોઈ પ્રયોજન, કોઈ ગૌરવ કે કોઈ ગરિમા નથી, કોઈ જસ મેળવવાની કે પુન્ય કમાવવાની ભાવના નથી. કોઈ નામ-દામની ઈચ્છા નથી માત્ર લેણ-દેણ પૂરા કરવાના છે તો એવી સેવા કરવી કઠીન છે.

તમે કોઈ કોઢીના પગ દબાવતા હો ને કોઈ આવીને કહેશે કે તમારા કોઈ પૂર્વજન્મના કર્મની નિર્જરા કરી રહ્યા છો ? પૂર્વ પાપનું પ્રક્ષાલન કરી રહ્યા છો ? તો તમારી જે પગ દબાવવાની મજા છે તે ચાલી જશે. તમને તો તમે આવી સેવા કરતા હો ત્યારે તમારો કોઈ ફોટો પાડે, અખબારોમાં છપાય, કોઈ તમારી પ્રશંસા કરે, મહાસેવક તરીકે ઓળખાવે તેમાં રસ છે. મહાવીર તો કહે છે તમારી જાતને ય, સ્વયંને ય ખબર ન પડે કે તમે સેવા કરી છે. તો વૈયાવૃત્ત છે. આપણે કાંઈ કરીએ પરંતુ જો એના કર્તા ન બનીએ તો એથી મોટું તપ શું હોઈ શકે ? કોઈ કોઢવાળા માણસના પગ દબાવે, છતાં મનમાં કર્તાના ભાવ ન જામે તો તે તપ બની જશે. મોટું આંતરિક તપ બની જશે. ટૂંકમાં સેવા કરતી વખતે જો ભવિષ્ય ઉન્મુખતા પેદા ન થતી હોય, પુન્યનો કર્તાનો ભાવ પેદા ન થતો હોય, હું કાંઈ ખાસ વિશેષ કરી રહ્યો છું એવો ભાવ પેદા ન થતો હોય અને જાણે કાળા પાટિયા પર લખેલું ભૂંસી રહ્યો છું એવું લાગે ત્યારે સમજજો કે હવે તમે ભીતરમાં ખાલી થઈ ગયા, ત્યારે તમે આંતરતપમાં પ્રવેશ પામશો.

**સ. ૧૯૨ મહાવીર જે વૈયાવચ્ચની વાત કરે છે તે દવા જેવી છે અને આપણે જે વૈયાવચ્ચ કરીએ છીએ તે ટોનિક જેવી છે. - સમજાવો.**

જ. ૧૯૨ જો આપણે કરેલી સેવામાં કાંઈપણ મેળવવાની ભાવના નહિ હોય તો, અને ફક્ત એ જ ભાવ હશે કે 'આ વૈયાવચ્ચ કરીને હું ફક્ત મારા પૂર્વ કર્મ હિસાબ ચૂકતે કરૂં છું' તો સેવા કરીને કર્મની નિર્જરા કરીને છૂટી જશો. (એ જીવો સાથેના લેણદેણના સંબંધ પૂરા થશે. નવું બંધન નહિ થાય.) જેમકે દવાથી નવું કંઈજ મેળવવાનું નથી પણ રોગથી છૂટકારો મળે છે. પરંતુ આપણે જે સેવા કરીએ છીએ તે ટોનિક જેવી છે. ટોનિકથી કાંઈક મળે છે. ટોનિકતી શક્તિ મળે છે. તેમ આપણી સેવામાં કંઈક મેળવવાની ભાવના છે. પછી ભલે તે ધન હોય, યશ હોય, કદર હોય, નામ હોય, સ્વર્ગ, હોય, પુન્ય હોય, મોક્ષ હોય, સેવા કરીને કાંઈક મેળવવું છે તો કર્મબંધ છે. છૂટાતું નથી. કંઈક મેળવવાની ભાવનાથી

એ જીવ જોડે નવા લેણદેણના સંબંધ ઊભા થાય છે. જેનાથી છૂટાતું નથી તે તપ નથી... આ બહુ ઊંડો ભેદ છે.

**સ. ૧૯૩ મહાવીરે બતાવેલું વૈયાવચ્ચ તપ તો ખૂબ અઘરૂં છે.**

**જ. ૧૯૩ અઘરૂં જરૂર છે પણ સાચી સમજ આવી જાય તો અશક્ય નથી. વૈયાવૃત્ય નો અર્થ જ છે કે 'ઉત્તમ સેવા' એવી સેવા જેમાં એક બોધ હોય કે 'હું જેનાથી બંધાયેલો હતો, પૂર્વકર્મને કારણે, તે બંધનને તોડ્યું.'** પરંતુ જો તેમાં રસ લેવાનું શરૂ કરશો તો ફરીથી સંબંધ નિર્મિત થશે. ઘરમાં વડીલોની સેવા કરો કે બાળકોની કરો કે મિત્રોની કરો કે સાધુ-સંતોની સેવા કરો... પણ એ વિચારથી કે ''આજે આપણે કોઈનું કરશું તો કાલે આપણને જરૂર પડશે તો કોઈ આપણું કરશે.'' તો એ પણ ગલત. એ પણ મહાવીરે બતાવેલું તપ નથી. કોઈ સેવા ન કરે તો સેવા ન કરનાર પણ પર ક્રોધ નહિ, ધૃણા નહિ, એ કેમ ન કરે ? એવો રૂવાબ નહિ. જો એ તમારી સેવા કરે છે તો તેના પૂર્વકર્મના પાપ ધૂએ છે. જો કોઈને પાપ ધોવાના બાકી નહિ હોય તો વાત પૂરી થઈ ગઈ. સમતાભાવને જ પુષ્ટ કરવાનો છે. જો મહાવીરે સમજાવેલો વૈયાવૃત્ય તપ સાચા અર્થમાં સમજી જવાય તો અડધું જગત શાંત થઈ જાય.

**સ. ૧૯૪ જો વૈયાવચ્ચ તપ સમજાઈ જાય તો અડધું જગત શાંત થઈ જાય, કેવી રીતે ?**

**જ. ૧૯૪** જગતમાં ઝઘડા, દંગા, અશાંતિ વધુ એ કારણને લીધે થતું હોય છે કે દરેક વ્યક્તિ મનમાં પાર વગરની અપેક્ષાઓ લઈને જીવતી હોય છે. લોકો એક વખત કરવા ખાતર કોઈનું કામ-સેવા તો કરી નાંખે છે, પણ જો સામેથી એનો બદલો ના મળ્યો તો વિચારે છે કે, 'મેં તો આનું આટલું કર્યું, મેં તો એનું આમ કર્યું, ને એણે મારૂં આવું કર્યું ? એને મારી કાંઈ કદર જ નથી ?' ધીરે ધીરે આવા બધા વાવેલા બીજો હજારો વૃક્ષ બને છે. એમાં અપેક્ષાઓ વૃદ્ધિ પામતાં ક્યારેક ગાળાગાળી કે મારામારીનું સ્વરૂપ પણ ધારણ કરે છે. એના બદલે જો આ તપ સમજાઈ જાય, ને વ્યક્તિ એમ વિચારવા લાગે કે, મારા ભગવાને કહ્યું છે કે, 'કોઈનું કરવાવાળો તું કાંઈ છે જ નહિ... અગર તેં કોઈનું કાંઈ કર્યું છે એવું તને લાગે છે, તો એ સમજ કે કોઈ જનમમાં તેં એનું કાંઈ બૂરૂં કર્યું છે, તે આજે તું એનું સારૂં કરીને તારો હિસાબ ચૂકતે કરી રહ્યો છે.' બસ...એક એક જીવ જોડે હિસાબ જ પૂરો કરવાનો છે. ને એ ફાઈલ કમ્પલીટ કરી એ જીવથી છૂટવાનું છે. એકપણ જીવ જોડે હિસાબ બાકી હશે તો એ હિસાબ પૂરો કર્યા વગર આપણા જીવને મુક્તિ નહિ મળે. દા.ત. મા-બાપ ખૂબ જ કાળજીપૂર્વક, પ્રેમપૂર્વક પોતાના બાળકોને

પાળે-પોષે છે પણ અંદર-અંદર એ અપેક્ષા સેવતા હોય છે કે, છોકરાઓ મોટા થઈને એમની સેવા કરે ને જ્યારે આ અપેક્ષાઓ પૂરી થતી નથી ત્યારે એ અપેક્ષાઓ મા-બાપ ને સંતાનો વચ્ચેના ઝઘડામાં પરિવર્તિત થાય છે. પતિ-પત્ની કહો કે બે દોસ્ત કહો, બધાની વચ્ચે આ જ બનતું હોય છે. એના બદલે સેવા કરનાર વ્યક્તિ એ ભાવના ભાવે કે.... ''**હું કાંઈ જ નવું કરતો નથી. હું મારા જ કરેલા કોઈ જન્મના, આ જીવ જોડે કરેલા પાપ ધોઈ રહ્યો છું...**'' તો પછી સામેના પાસેથી કોઈ અપેક્ષા રહેશે ખરી? જો આવી સમજ, વ્યક્તિગત, વ્યક્તિગત આવતી જાય તો અડધું જગત શાંત થઈ ના જાય?

**સ. ૧૯૫ દરરોજની દિનચર્યામાં વૈયાવચ્ચ તપ કેવી રીતે અમલમાં લાવશો?**

**જ. ૧૯૫** તો સવારથી ઊઠીને રાત સુધીની એક-એક દિનચર્યા કરતી વખતે સજાગ રહો....મનથી જાગૃત રહો. જાગૃતિ એ જ ધર્મ છે...આપણે તો એવા માનવી છીએ કે, ભિખારીને એક રૂપિયો આપીયે તો ય મનમાં થાય કે, આ જનમમાં કોઈને આપ્યું હશે તો કોઈ જનમમાં પામશું. અરે... કબૂતર જેવા પક્ષીઓ પાસેથી પણ આશા રાખીએ, ચણ નાંખતાં વિચાર આવે છે કે, ''જો કોઈને ખવડાવ્યું હશે તો ખાવા પામશું.''સાચી વાતને. ઘરમાં પણ વડિલોની કે બિમાર વ્યક્તિની સેવા કરતાં કંટાળો આવી જાય, દુર્ભાવના આવી જાય, બદલાની ભાવના આવી જાય. હવે આ ક્યારે પતે? એવી ભાવના પણ આવી જાય....પણ જો પળે પળે જાગૃત રહી...એ ભાવનાને ઘૂંટ્યા કરીએ કે...'**હું તો ફક્ત મારા કોઈ જન્મના આ જીવ જોડે કરેલા ખરાબ વર્તનને ભૂંસી રહ્યો છું. બસ...જે મેં પોતે લખ્યું છે તે જ ભૂંસવાનું કામ કરી રહ્યો છું. કોઈ જન્મમાં મેં જે ઉઝરડા પાડ્યા છે, તેની મલમપટ્ટી કરી રહ્યો છું...**' તો બીજી બધી દુર્ભાવનામાંથી બચ્ચી જવાશે. જો કે અનાદિકાળના સંસ્કાર આ જીવ પર પડ્યા છે. માટે આદત પ્રમાણે દુર્ભાવના, અહંકાર વગેરે આવી તો જશે. પણ તરત જ પાછા જાગૃત થઈ જાવ. આ હમણાં સમજાવ્યો તે ભાવ મનમાં લાવી દો...એટલે કે સતત જાગૃત રહો. દુર્ભાવના પ્રવેશતાંની સાથે જ એને હાંકી કાઢો. એ ડોકિયું કરે કે તુરત જ તેને થપ્પડ મારીને બેસાડી દો... તેની જગ્યાએ પેલી સદ્‌ભાવનાને ઉજાગર કરો. એ રીપ્લેસ કરો... તો શું થશે કે જીવને એ રીતે જીવવાની ધીમે ધીમે આદત પડી જશે ને પછી અનાયાસે આ ભાવનું જ રટણ થઈ જશે. તે પેલા દુર્ભાવના રૂપી ચોરને ખબર પડી જશે કે હવે જોર કરવા જઈશ તો પકડાઈ જઈશ. માટે તે આપોઆપ જ ભાગી જશે. ક્યારે ભાગી જશે એની પણ ખબર નહિ પડે. આમ પૂરા દિવસ રાતમાં જેનું પણ, કંઈ પણ કરો છો, પછી તે ગુરૂ હોય, કે વડીલ

હોય, કે મિત્ર હોય કે પતિ-પત્ની હોય, ૮૪ લાખ જીવયોનિમાંથી કોઈનું પણ કાંઈપણ કરતાં આજે સદ્ભાવના સમજાવી એનું રટણ કરતા રહો. ધીરે ધીરે એવો સમય આવશે કે આ ભાવના લોહીમાં વણાઈ જશે. પછી પેલી અસદ્ભાવના સ્થાન પણ નહીં લઈ શકે. અને અગર જો તમારૂં કોઈ નથી કરતું તો બીજા વિચાર કરવાને બદલે એ ભાવનાને ફીટ કરો કે, 'હે જીવ હવે તારા એની જોડે કોઈ લેનદેનના હિસાબ જ નથી રહ્યા તો એ જીવ પણ શું કરે?'...સારૂં થયું ને તારી એક ફાઈલ કમ્પલીટ થઈ ગઈ. વૈયાવચ્ચ તપ સમજ્યા પછી આટલો ભાવનામાં ફરક પડી જાય. તો સોનામાં સુગંધ ભળી જાય...

**સ. ૧૯૬ આત્માનું રૂપાંતરીત થયા વગર વિનય નામનો તપ સાધી શકાય નહિ. સમજાવો.**

જ. ૧૯૬ જીવ માત્ર માટે પ્રેમ-દયા-વિનય હૃદયમાં વસી જાય ત્યારે વિનય નામનો તપ સધાશે. ને જીવ માત્ર પત્યે વિનય જાગે તે માટે આત્માને રૂપાંતરિત થવું પડશે... યાદ રાખો. અંતરયાત્રા એ વસ્તુ અલગ છે અને આત્માનું રૂપાંતરિત થવું તે વસ્તુ અલગ છે. અંતરયાત્રા એટલે આપણે પોતે પોતાના અંતરમાં ઉતરવું. આત્માનો ઉપયોગ આત્મામાં જ રાખવો...જ્યારે આત્માનું રૂપાંતરિત થવું એટલે જે આત્મા જે અત્યાર સુધી કરી રહ્યો છે... જે સહજ રીતે થઈ રહ્યું છે તેને પલટવું ને વિભાવમાંથી સ્વભાવ દશામાં આવવું. દા.ત. કોઈ સાધુ મહારાજનો વિનય કરવાનો છે, એમને અહોભાવથી બોલાવા જવાનું, બહુમાનપૂર્વક આપણા ઘરે બોલાવીને વહોરાવવાનું ...આ બધો વિનય જ છે. પણ આ પ્રકારનો વિનય કરવા માટે આત્માને કાંઈ બદલાવું પડતું નથી એ સહજ છે. પરંતુ સાધુ મહારાજને બદલે કોઈ ભિખારીને બોલાવીને આદરપૂર્વક, પ્રેમપૂર્વક ઘરે બોલાવીને જમાડવો હોય તો? તો ભાઈ એ કરવા માટે તો એક ભિખારી પ્રત્યે પણ એવો જ વિનય જે એક સાધુ પ્રત્યે છે તે જગાડવા માટે આત્માને ઘણું બદલાવું પડશે. ઘણું રૂપાંતરિત થવું પડશે. બરાબરને? તો યાદ રાખો કોઈપણ તપ...બાર પ્રકારમાંથી કોઇપણ તપ, એ તપ થયો ત્યારે જ કહેવાય છે જ્યારે એનાથી આત્મા રૂપાંતરિત થાય છે. પહેલો અનસન તપ એ પણ ત્યારે જ તપ થયો કહેવાશે જ્યારે સ્વાદ જશે ને સ્વાદ જવા માટે આત્માને ઘણું રૂપાંતરિત થવું પડશે. જો મહિનાના ઉપવાસ કર્યા પછી પણ કે વર્ષીતપ કે સિદ્ધિતપ કે શ્રેણિતપ કર્યા પછી પણ સ્વાદના ચટાકા-મટાકા ઓછા થયા જ નથી તો તપ બાહ્ય દૃષ્ટિએ હોય ભલે તપ થયો હોય પણ એ મિથ્યા તપ ગણાશે... જે તપ કર્યો હોય પણ આત્મામાં કાંઈ રૂપાંતરણ ન થયું હોય એવા તપ તો અનેક જન્મોમાં આપણે અનેક તપ કરીને આવ્યા

છીએ...છતાં આપણો નિસ્તાર થયો નથી.

રસ્તામાં બેઠેલા રક્તપિત્તીયાને જોઈને જો મારૂં મોઢું મચકોડાય તો મારો એ આત્મા પ્રત્યેનો અવિનય છે. એને પણ માન સન્માનથી જોવું સહેલું નથી. એના માટે મારા આત્માને બદલાવું પડશે. જ્યારે રસ્તામાં કોઈ હીરો કે મોદીજી મળી જાય તો એને માન સન્માનથી જોવા માટે મારા આત્માને કોઈ બદલાવની જરૂર નથી. સુંદર સુઘડ સ્કૂલ યુનિફોર્મમાં તૈયાર થઈને જતાં બાળકને ઉંચકીને પ્રેમ કરવો તેના જીવ પ્રત્યે વિનય કરવો એ સરલ છે, સહજ છે. પરંતુ એવડો જ કોઈ બાળક જેનાં કપડાં મેલાં છે, શરીર ગંદુ છે. જેનું નાક વહી રહ્યું છે, એવા બાળક ને ઉંચકવાની વાત તો એકબાજુ પણ એને હાથ લગાવવા જેટલો વિનય પણ આપણે જગાવી શકતાં નથી. ઉપરથી હૃદયમાં દુર્ગંચ્છા ઉત્પન્ન થાય છે. એના પ્રત્યે વિનય જગાવવા માટે આત્મામાં રૂપાંતરણ થવું પડશે... ને એ રૂપાંતરણ સધાયું... તો જ જીવમાત્ર પ્રત્યે વિનય સધાશે.

આપણે બસમાં બેઠા. બાજુમાં કોઈ દુર્ગંધ મારતો વ્યક્તિ આવી ને બેઠો...નાકનું ટોચકું ચઢશે ? છી....આવો માણસ ક્યાં મારી બાજુમાં આવીને બેઠો ? આવા દુર્ગંચ્છાના ભાવ પેદા થવા તે પણ એ જીવ પ્રત્યેનો અવિનય છે....મેં તમને કહ્યું...તમારી દિનચર્યા જુઓ... ક્યાં અવિનય થાય છે તેવી અનેક બાબતો મળી આવશે. વિચારી જોજો...આવા પડોશી ક્યાંથી મળ્યા ? હવે આવી પત્ની જોડે જ જીંદગી વીતાવવાની? દીક્ષા લીધા પછી થાય કે આવા ગુરુની સેવા કરવાની? આ બધાં એ જીવ પ્રત્યેનો અવિનય છે. માખીઓથી બણબણતાં કૂતરાં પ્રત્યે પણ દુર્ગંચ્છા ઉત્પન્ન નહીં થાય અને આપણા કરેલા ઉપકારને ભૂલી જઈ આપણી નિંદા કરનાર પ્રત્યે પણ હૃદયમાં વિનય જાગશે, દુર્ભાવના નહીં જાગે ત્યારે વિનય નામનો તપ સધાશે. એના માટે આત્માને રૂપાંતરિત થવું પડશે. જે સહેલું નથી પણ જ્યાં જ્યાં અવિનય જાગે ત્યાં સજાગ થઈ જાવ ને ત્યાંથી પાછા ફરો...

**સ. ૧૯૭ જીવો પ્રત્યે અવિનય કરીને આપણે આપણા જ આત્મા પ્રત્યે જ અવિનય કરીએ છીએ. - સમજાવો.**

જ. ૧૯૭ વિચાર કરો... જ્યારે પ્રકૃતિએ કોઈ જીવ પ્રત્યે ભેદભાવ નથી કર્યો, સૂર્ય એમ નથી કહેતો કે હું અમુકને પ્રકાશ આપીશ ને અમુકને નહિ. વરસાદ એમ નથી કહેતો કે હું ગરીબની ઝૂંપડી પર નહીં વરસું ફક્ત તવંગરના મહેલ પર જ વરસીસ... પ્રકૃતિ પણ એ જ સંકેત આપે છે કે હરેક જીવ માટે તારા અંતરમાં વિનયને સ્થાપિત કર... તને ખબર નથી કે જે જીવના એક પર્યાયને તું આજે અવિનય, દુર્ગંચ્છા કરે છે તે જ જીવ ના બીજા

પર્યાયને તું જ કાલે પૂજવાનો છે... જે જીવના રાવણ નામના પર્યાયને તું નફરત કરે છે. એના પૂતળાને પણ બાળે છે તે જ જીવના તીર્થંકર નામના પર્યાયને તું પૂજવાનો છે? જે જીવમાં હજારો દુર્ગુણતાને આજે દેખાય છે તેના માટે એટલું જ વિચાર કે એના કોઈ પૂર્વભવના કર્મોને કારણે આ જીવ આજે આ પર્યાયમાં છે, મારે એના પર્યાયને નહિ એની અંદર રહેલા શુદ્ધ-બુદ્ધ આત્માનો વિનય કરવાનો છે. ભલે સાંસારિક વ્યવહાર ખાતર કોઈ વર્તન વ્યવહાર એવો કરવો પણ પડે પણ અંતરમાં તો એ જીવ પ્રત્યે દરેક જીવ પ્રત્યે શુદ્ધ-બુદ્ધ આત્મા પ્રત્યે પરમ વિનય જાગૃત રહેવો જ જોઈએ...હું એવું નહીં કરૂ કે ફૂલ ને પ્રેમ કરીશ ને કાંટાને નફરત કરીશ... ભલે વ્યવહાર ખાતર ફૂલ ને મસ્તકે ચઢાવીશ ને કાંટાને કચરાના ડબ્બામાં નાંખીશ...પણ હૃદયમાં બંને પ્રત્યે એકસરખાં જ વિનયભાવ સ્થાપિત કરીશ...હે જીવ...ન તને અવધિજ્ઞાન છે, ન મનઃપર્યવજ્ઞાન છે. તું કાંઈ જ જાણતો નથી કે તું પોતે પણ કેવા કેવા પર્યાય કરીને આવ્યો છે...વિચાર કે જ્યારે મહાવીરના જીવે, રાજાના પર્યાયમાં પેલાના કાનમાં ધગધગતું શીશું રેડ્યું હશે... ત્યારે ત્યાં જે હાજર હશે (કદાચ મારો જીવ પણ કોઈ સ્વરૂપમાં ત્યાં હાજર હોઈ શકે છે) તે દરેક જીવે...મહાવીરના જીવને કેટલી નફરત કરી હશે... એ જ મહાવીરના જીવની આજે પર્યાય બદલાઈ ગઈ...આજે તું એની પૂજા કરીશ, માન આપીશ એ જીવનો પરમ વિનય કરીશ. તો વિચાર... તું કોનો વિનય કરે છે ને કોનો અવિનય? ને જીવો પ્રત્યે અવિનય કરી કરીને... રાગ-દ્વેષના ઢગલા ખડકી ખડકીને તું તારા પોતાનાં જીવને દુર્ગતિના ખાડામાં ધકેલી દે છે. યાદ રાખો... **આત્માનો સ્વભાવ જ નથી, કોઈપણ જીવનો અવિનય કરવાનો... પરંતુ ડગલે ને પગલે જીવોનો અવિનય કરીને આપણા આત્માને આપણે વિભાવ દશામાં લઈ જઈએ છીએ ને આપણા જ આત્માનો આપણે સૌથી મોટો અવિનય કરીએ છીએ...**

જો હૃદયમાં જીવ માત્ર પ્રત્યે વિનય નામનો તપ સ્થાપિત થઈ ગયો તો તમે નિગોદના કે એકેન્દ્રિયના જીવોને પણ દુઃખ નહીં પહોંચાડી શકો...ગીઝરમાંથી ગરમ પાણી કાઢતાં કે વીજળીનો બેફામ ઉપયોગ કરતાં કે ઝાડપાન કાપતાં હૃદય પોકારી ઊઠશે કે..હે જીવ...તું આ એકેન્દ્રિય જીવોનો ખાત્મો બોલાવીને એ જીવનો અવિનય કરી રહ્યો છે. સતત જાગૃતિ સધાતા આપણે એ સ્ટેજ પર પહોંચી જઈશું કે પછી આપણે જરૂરીયાત પૂરતું જ ગરમ પાણી કાઢશું, જરૂરીયાત પૂરતી જ વીજળીનો ઉપયોગ કરશું... સુશોભન માટે લાઈટીંગનો ઉપયોગ કે સુશોભન માટે વૃક્ષોનું કટીંગ જ નહીં કરીએ. જોઈ પણ નહીં શકીએ કેમકે આત્મામાં એ જીવો પ્રત્યે પરમ વિનય જાગી ગયો છે....ને વિનય

એ રંગ લાવશે કે જીવ સર્વથા અહિંસામાં સ્થાપિત થવા થનગની ઊઠશે... કહે છે કે એક કાંટાને પણ દુઃખ ન પહોંચે માટે મહાવીરે કાંટામાં ભરાયેલું વસ્ત્ર ફાડી નાંખ્યું હતું... તો આપણે એ જ મહાવીરના અનુયાયી... જીવ માત્ર પ્રત્યે હૃદયમાં પરમ વિનય ના જગાવી શકીએ? તે માટેનો પ્રયત્ન તો કરી શકીએ ને? શરૂઆત તો કરી શકીએ ને?..

**સ. ૧૯૮ ચોથા અભ્યંતર તપ 'સ્વાધ્યાય' નો આપણે સામાન્ય અર્થ શું કરીએ છીએ? તેના પ્રકાર જણાવો.**

જ. ૧૯૮ આત્મ ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત કરવાના હેતુથી મર્યાદાપૂર્વક શાસ્ત્રોનું પઠન, પાઠ અને મનન કરવું. તેના પાંચ પ્રકાર છે. (૧) વાંચના (વાયણા) : ગ્રંથ ભણવો અથવા ભણાવવો. સૂત્રાદિની વાંચના કરવી. (૨) પૃચ્છના (પુચ્છણા) : સંશય દૂર કરવા અથવા બીજાઓને સમજાવવા. પ્રશ્ન આદિ પૂછીને નિર્ણય કરવો. (૩) પરાવર્તના : શુદ્ધ શબ્દ અને અર્થને ગોખીને મોંઢે કરવું અથવા પરિયટ્ટણા - ભણેલા જ્ઞાનને ફેરવતા રહેવું. (૪) ધર્મદેશના (ધર્મકથા) : ઉપદેશ દેવા માટે ધર્મકથાનો ઉપયોગ કરવો. મોક્ષની નજીક કરે, સંસારથી દૂર કરાવે, વૈરાગ્યભાવને વધારે અને વિષય કષાયની અભિલાષા દૂર કરાવી આત્માને વિકાર રહિત બનાવે એવી ધર્મકથા પરિષદામાં કહેવી. (૫) અનુપ્રેક્ષા : સૂત્ર અને અર્થનું ચિંતન કરવું અથવા તો જાણેલા પદાર્થોનો વારંવાર મનથી અભ્યાસ કરવો.

**સ. ૧૯૯ શું મહાવીર શાસ્ત્રના અધ્યયનને સ્વાધ્યાય કહેવા માંગે છે?**

જ. ૧૯૯ સ્વાધ્યાયનો મતલબ છે સ્વયં નો અધ્યાય. સ્વાધ્યાય તપ દ્વારા પોતાની જાતના અંદરના, સ્વયંના અધ્યયનમાં ઉતરી જવાનું છે. શાસ્ત્રનું પઠન સરળ છે. કોઈપણ ભણેલો વ્યક્તિ તે કરી શકે છે. પરંતુ સ્વાધ્યાય જટિલ છે. કેમકે આપણે પોતે જ જટિલ છીએ. આપણામાં અનેક ગ્રંથિઓના જાળા છે. ગૂંચવાયેલા જાળામાં પૂરી દુનિયાનો ઉપદ્રવ છે. તે બધાનું અધ્યયન કરવું કઠિન છે. **તમારામાં રહેલા ક્રોધનું, રાગનું, દ્વેષનું અધ્યયન કરતા હો તો તેસ્વાધ્યાય છે. પણ ક્રોધ વિષે, રાગ વિષે, દ્વેષ વિષે શાસ્ત્રમાં સમજાવેલું વાંચતા હો તો તે શાસ્ત્રનું અધ્યયન છે.** શાસ્ત્રો કોઈ બીજાના લખેલા છે તે તેનો અનુભવ છે, તમારો પોતાનો નહિ... હા.... શાસ્ત્રોનું અધ્યયન ઉપયોગી જરૂર થઈ શકે છે, તમારા માટે ગાઈડ લાઈન બને છે. જ્યારે સ્વાધ્યાય એ તમારો પોતાનો અનુભવ છે. જે તમને તમારી પોતાની અંદર રહેલા તમારા દુશ્મનો (કષાયો) થી છૂટકારો અપાવે છે. શાસ્ત્રજ્ઞાન પચે નહિ તો અહંકાર કરાવે છે. જ્યારે સ્વાધ્યાય અહંકારથી છૂટકારો અપાવે છે. સ્વાધ્યાયનો અર્થ છે

સ્વયંમાં ઉતરો. પૂરૂં જગત અંદરમાં છે. આત્મ જગત પૂરેપુરૂં અંદર છે. એને જાણવા માટે જાણનારનું અધ્યયન કરો એ સ્વાધ્યાય છે.

મરતી વખતે આપણે ઘણું બધું જાણતા હોઈએ છીએ. પણ એને જ નથી જાણતા જે પાર્થિવ દેહમાંથી વિદાય લઈ રહ્યો છે. માણસ પોતાને સ્વયંને જ જાણતો નથી એટલે જ મહાવીરે સ્વાધ્યાયને અભ્યંતરતપ કહ્યું છે.

**સ. ૨૦૦ તો આજે કેમ સ્વાધ્યાય એટલે શાસ્ત્રનો જ અભ્યાસ એવો અર્થ કરવામાં આવે છે ?**

જ. ૨૦૦ કેમકે જેમ જેમ ઉતરતો કાળ આવતો ગયો, તેમ તેમ લોકોની સ્વાધ્યાય કરવાની ક્ષમતા ઓછી થતી ગઈ. ગુરૂ પોતાના શિષ્યને સ્વાધ્યાય કરવાનું કહેતા તો થોડી વારમાં શિષ્ય ઉંઘી જતો. સ્વાધ્યાયને બદલે પ્રમાદ થઈ જતો. માટે દીર્ઘદૃષ્ટિ આચાર્યોએ સ્વાધ્યાયની જગ્યાએ શાસ્ત્રનું અધ્યયન, મંત્રનું રટણ વગેરે આપ્યું. અને સમય જતાં આપણે એને જ સ્વાધ્યાય માની લીધું. માટે ખરેખર સાચી વસ્તુ શું છે તે જાણવી ખૂબ જ જરૂરી છે. જાણશો તો ક્યારેક તે તરફ પગલું ભરાશે. નહિ તો કૂવામાંના દેડકા જેવી હાલત થશે. ખરેખર પોતાનો ખુદનો અનુભવ કાંઈ નહીં હોય છતાં લાગશે કે 'હું બધું જાણું છું.'

**સ. ૨૦૧ મહાવીરના સ્વાધ્યાયનો અર્થ થાય છે ''અપ્રમાદમાં જીવો'' આ વાક્ય સમજાવો.**

જ. ૨૦૧ મહાવીરે ગૌતમને કહ્યું કે, ''સમયંમાં પમાયં ગોયં'' 'હે ગૌતમ એક સમય માત્ર માટે પણ પ્રમાદ ન કરીશ.' પ્રમાદ એટલે શું ?સૂઈ જવું ? આળસ કરવી ? ના...પ્રમાદનો અર્થ થતો હતો ભૂલી જવું....વિસ્મરણ થઈ જવું... તો ભગવાને ગૌતમને ક્ષણ માત્ર પણ શેનું વિસ્મરણ ના કરીશ... એમ કહ્યું ? તો કહે છે કે તારા આત્માનું, તારા 'સ્વ' નું ક્ષણ માત્ર પણ વિસ્મરણ ન કરીશ. તું ખાતો હોય પીતો હોય કે ઉપવાસ કરતો હોય, હાલતો હોય -ચાલતો હોય કે સામાયિક કરતો હોય, ઉઠતો હોય કે બેસતો હોય કે ધ્યાન કરતો હોય...હર ક્ષણ પ્રતિપળ તારી અંદર જે ચેતના છે તેનું વિસ્મરણ ન થાય. એક ક્ષણ પણ તું તારા આત્માને,સ્વ ને વિસરતો નહિ. કોઈપણ કૃત્યમાં તારૂં ધ્યાન તારી ભીતરમાં જ હોવું જરૂરી છે. 'આ દેહ તે હું નહીં, હું સિદ્ધ સ્વરૂપી આત્મા છું.' તેનું એટલે કે 'સ્વ' નું સતત સ્મરણ રહે તો સ્વાધ્યાય થઈ જાય. તમે કાંઈ નથી કરતાં ત્યારે પણ 'સ્વ'માં શું થઈ રહ્યું છે તેનું અધ્યયન થવું જોઈએ. કોઈપણ કૃત્યમાં, કોઈપણ વિચારમાં, કોઈપણ ઘટનામાં જો 'સ્વ'ની હાજરી હશે તો તમારાથી કાંઈ ખોટું થઈ શકશે નહીં. માટે

જ મહાવીર કહે છે કે 'અપ્રમાદમાં જીવો, આત્માને જાગૃત રાખો.' જ્યારે ક્રોધ આવે છે ત્યારે તમારી અંદર ક્રોધ કરનારને જુઓ. ઘૃણા પેદા થાય છે ત્યારે ઘૃણા કરનારને જુઓ. કોઈપણ કામમાં તમે તમારી મૌજુદગીને જોશો તો જે કાંઈ ખોટું હશે તે એની મેળે ખરી પડશે. તમે જાગતા રહો તો ચોર પ્રવેશ કરી શકતો નથી. આત્માની જાગૃતિ એનું નામ જ અપ્રમાદ. એનું જ નામ સ્વાધ્યાય.

**સ. ૨૦૨ ''ક્રોધ કરનારને જુઓ, ઘૃણા કરનારને જુઓ'' આ વાત કંઈક ઉદાહરણ સાથે સમજાવો.**

જ. ૨૦૨ દા.ત. કોઈ માણસ આવીને તમને જેમ તેમ બોલે છે. ત્યારે બે ઘટના બને છે. એક તમારી બહાર અને બીજી અંદર. જે માણસ બકવાસ કરે છે તે તમારી બહાર છે તેનો બકવાસ પણ બહાર છે. બીજી તરફ એ બકવાસ સાંભળીને તમારી અંદર જે ક્રોધ ઊઠી રહ્યો છે તે તમારી અંદર છે. તમારૂં ધ્યાન શેના પર છે ? જો બકવાસ પર ધ્યાન હશે તો સ્વાધ્યાય નહિ થાય. પણ જો ક્રોધ પર ધ્યાન હશે તો સ્વાધ્યાય થઈ જશે. બકવાસ પર ધ્યાન એટલે કે આપણે એના શબ્દોને વારંવાર મનમાં ફેરવીએ એ કેમ આમ બોલ્યો ?... એ પોતાની જાતને સમજે છે શું ?... ફલાણાએ મને પહેલેથી કહેલું કે આ માણસ બરાબર નથી.... એનો આખો ઈતિહાસ મનમાં શોધીએ છીએ. એ માણસ પર આપણી આખી ચેતનાને દોડાવી દઈએ છીએ. આપણને એ ખ્યાલ પણ નથી આવતો કે હું પોતે અંદરમાં કેવો છું ? એક માણસના બે-ચાર અપશબ્દો પર મેં મારી અંદર કેટલો કોલાહલ ઊભો કરી દીધો... એની પાછળ આખી રાત જાગીને વિચારી રહ્યા છો... પણ મહેરબાની કરીને તમે તમારી અંદર ઝાંકો. બીજા કોઈની ફિકર છોડો... જેણે બકવાસ કર્યો એ મહત્વનો નથી... પણ એનો તમને અંદર શું અનુભવ થયો તે મહત્વનું છે. તમે એના બકવાસનો શું અર્થ કરો છો ?તમારી અંદર ક્રોધ કેવી રીતે ઊઠી રહ્યો છે...હવે તમે એનો કેવો બદલો લેવા ચાહો છો ?... એક આટલી વાત માટે મારી અંદર આટલો બધો ઉહાપોહ ઊભો થયો... આમ સ્વાધ્યાયમાં ઉતરતાં ઉતરતાં તમે બદલાઈ જશો. ક્રોધ તો ક્યાંય પીગલી જશે. તમને તમારા પર જ હસવું આવશે કે એક આટલી શી વાત માટે મેં મારા અંતરમાં આખું યુદ્ધ છેડી દીધું... આમ વસ્તુગત નહીં પણ આત્મગત પાસા પર ધ્યાનને લઈ જવાય તો સ્વાધ્યાય છે.

**સ. ૨૦૩ 'વસ્તુગત પાસું અને આત્મગત પાસું' જરા વિસ્તારથી સમજાવો.**

જ. ૨૦૩ દરેક બનાવને, ઘટનાને બે પાસાં છે. વસ્તુગત અને આત્મગત. દા.ત. એક સુંદર સ્ત્રીને જોઈને અંદર કામવાસના જાગ્રત થઈ. આમાં સુંદર

સ્ત્રી એ વસ્તુગત પાસું છે ને કામવાસના એ અંતરગત પાસું છે. હવે જો તમારૂં ધ્યાન સ્ત્રીનો પીછો કરાવામાં હશે તો સ્વાધ્યાય નહિ થાય. પણ એ સ્ત્રીને છોડીને ધ્યાનનો પ્રકાશ અંદરની તરફ વાળો ને આત્મામાંથી કામવાસના કેવી રીતે ઊઠી રહી છે તેના તરફ ધ્યાન જશે... તો સ્વનો અધ્યાય થશે. આપણું ધ્યાન સતત બહારની તરફ જ છે. સતત વસ્તુગત પાસા તરફ જ ધ્યાન ખેંચાયા કરે છે તેનું જ બીજું નામ છે પ્રમાદ. જો આત્મગત પાસા પર (અંદર શું થઈ રહ્યું છે તેના પર) ધ્યાનને લઈ જવાય તો સ્વ નો અધ્યાય થઈ જાય. જેટલા જેટલા અંદરમાં ઉતરશો અંદરની કષાયોની ગંદકી ઓછી થતી જશે ને અંદર જવાનો આનંદ આવશે.

**સ્વાધ્યાયનો અર્થ જ છે 'સ્વ ને ઓળખવો, સ્વને જાણવું, સ્વ માં ઉતરવું, સતત સ્વની હાજરી વરતાવી, એક ક્ષણ પણ સ્વ નું વિસ્મરણ ન થવું, સ્વ માં શું ઘટિત થઈ રહ્યું છે તે જાણવું, સમજવું તે અનુભવવું ને અનુભવ વખતે સમતામાં સ્થિર થવું...' એ સ્વાધ્યાય છે.**

**સ. ૨૦૪ આપણું મન કેમ બહારની ઘટનાઓ જ વધારે અનુભવ કરે છે ને અંદરનો નહિ ?**

જ. ૨૦૪ કેમકે આપણું મન સ્થૂળ છે. સ્થૂળ મન અંદર શું બની રહ્યું છે તેનો અનુભવ કરી શકે નહિ. બહાર ભટકતું મન સ્થૂળ છે. બહાર ભટકતા મનને તમે જો વર્તમાનમાં સ્થિર કરશો તો એ સૂક્ષ્મ બનશે. સૂક્ષ્મ મનને જો અંદરમાં વાળશો તો ક્યાં શું બની રહ્યું છે, સારૂં કે ખરાબ, ગમતું કે અણગમતું તેનો અનુભવ કરી શકશો. તેના પ્રત્યે રાગ કે દ્વેષ કર્યા વગર જો સમતામાં સ્થિર થશો તો સ્વાધ્યાય - સ્વ નો અધ્યાય ઘટિત થશે. બાહ્ય જગતમાં તો આખી દુનિયા જાણી લીધી. પણ અંતર જગતમાં જેણે 'સ્વ' ને જ નથી જાણ્યો, તેણે કાંઈ જ જાણ્યું નથી. પૂરી દુનિયાની યાત્રા કરી પણ સ્વ ની યાત્રા નથી કરી તેની કોઈ જ યાત્રા થઈ નથી.

ક્યારેક એવું બને છે કે માણસ જેટલાં વધારે શાસ્ત્ર જાણે છે તેટલું ક્યારેક એને મિથ્યાભિમાન થાય છે કે 'મને બધું ખબર છે, મહાવીર શું કહે છે તે મને ખબર છે. પરમાત્મા શું છે તેની મને ખબર છે. ' પરંતુ આત્માનો સ્વાદ ચાખ્યો નથી, પરમાત્માની કોઈ ઝલક મળી નથી છતાં બધું જાણે છે તેવું મિથ્યાજ્ઞાન છે. **સાગરમાં ડૂબકી લગાવનારની વાતોથી તમારી ડૂબકી નહીં લાગે. સાગરને કિનારે બેસીને ડૂબકી વિષે ગમે તેટલું ભણો પરંતુ તે શાસ્ત્ર અધ્યયન છે, જ્યારે તમે પોતે ડૂબકી લગાવશો ત્યારે એ સ્વાધ્યાય બનશે.**

**સ.૨૦૫: તમે કહેશો કે સ્વાધ્યાય તપમાં શું છે ? થોડી નવકારવાળી ગણી લીધી, થોડી**

**ગાથા ગોખી લીધી કે શાસ્ત્ર અધ્યયન કરી લીધું એટલે થઇ ગયું સ્વાધ્યાય તપ.**

**જ.૨૦૫:** ... ના-ભાઇ-ના જો સ્વાધ્યાય તપ આટલું સરળ હોત તો એને ઉત્કૃષ્ટ તપ કહેવાની શું જરૂર હતી? આ તો એવું છે ને કે ઘણી અઘરી વસ્તુ કરવી દરેકના બસમાં નથી હોતી....માટે ધીમે ધીમે છૂટી જાય છે. ને માણસ અવળા માર્ગે ફંટાઇ જાય છે. આવું ન બને માટે પૂર્વાચાર્યોએ બહુ સમજ પૂર્વક સ્વાધ્યાય ની જગ્યાએ શાસ્ત્ર અધ્યયન મૂક્યું. ને સમય જતાં આપણે શાસ્ત્ર અધ્યયન ને જ સ્વાધ્યાય માનવા લાગ્યા.

ખરેખર સ્વાધ્યાયનો અર્થ છે સ્વ નો અધ્યાય. સ્વ એટલે પોતે. પોતાના આત્માના સ્વરૂપનો અધ્યાય કરવાનો હતો. બર્હીમુખી બાદર મનને અંતરમુખી શુક્ષ્મ બનાવી એ શુક્ષ્મ મન દ્વારા મસ્તકથી પગની પાની સુધીની અંતરયાત્રા કરવાની છે. પેહલાં એ સમજી લોકે સ્વાધ્યાયએ કર્મરૂપી કચરો સાફ કરવાની ક્રિયા છે...એક ઉદાહરણથી સમજો ધારો કે એક અરીશા પર ખૂબ જ જાડા જાડા માટીના થર વળી ગયા છે. માટે અરીશામાં બિલકુલ પ્રતિબિંબ જોઇ શકાતું નથી. અરીશો ઘણો મોટો છે ને થર પણ ઘણા વળી ગયા છે હવે જો અરીશામાં પોતાનું પ્રતિબિંબ જોવું હશે તો પહેલા તો માટીના થર દૂર કરવાની પ્રક્રિયા કરવી પડશે. આ માટીના થર દૂર કરવાની પ્રક્રિયા એટલે જ સ્વાધ્યાય જે ઘણી લાંબી પ્રક્રિયા છે, કંટાળાજનક છે પરંતુ જો એકવાર એ પ્રક્રિયામાં સફળ થઇ ગયા એટલે કે ભલે એક જગ્યાએથી તો એક જગ્યાએથી પણ પૂરેપૂરો ઉંડે સુધીના માટીના પડ ને તોડવામાં સફળ થઇ ગયા તો જરાક પણ અરીશા નો ભાગ દેખાશે ને નાના અમથા ભાગમાં પણ તમારૂ પ્રતિબિંબ દેખાશે... એ જ છે સમ્યક્ દર્શન...આપણા આત્મારૂપી અરીશા પર ચડેલી કર્મોની પ્રતરોની થરને અથાગ પ્રયત્ન દ્વારા (સ્વાધ્યાય દ્વારા) જો એકાદ જગ્યાએથી પણ મૂળ સુધી દૂર કરવામાં સફલ થયા તો એટલા ભાગમાંથી આત્માનો પ્રકાશ (આનંદ) બહાર પડશે તે અવર્ણનીય હશે, અકલ્પ્ય હશે...તે જ છે સમક્તિ, તે જ છે સમ્યક્ દર્શન... જેમ ચાદરમાં એક છીંડુ પડે તોતે ધીમે ધીમે આખી ચાદર ફાડી નાખવા માટે સમર્થ છે.. તેમ એક વખત સમ્યક્ દર્શન પ્રાપ્ત કરવાની જો સાધના સફળ થઇ ગઇ તો પછી કેવળદર્શન, કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાવાની જવાબદારી એની છે. ભલે સ્વાધ્યાય તપ ઘણો લાંબો સમય, ધીરજ ને સમતા માંગી લે છે. પણ સ્વાધ્યાય વગર સમ્યક્ દર્શન પ્રાપ્ત થઇ શકતું નથી...સમ્યક્ દર્શન જ આપણને ધ્યાનમાં ગરકાવ કરી શકે છે ને સ્વાધ્યાયના પગલે પગલે જ ધ્યાનની કેડીએ પહોંચી શકાય છે.. ઉત્કૃષ્ટ ધ્યાનની દશામાં

ક્યારે કાયાનો ઉત્સર્ગ એટલે કે કાયોત્સર્ગ સધાઇ જાય છે તેની ખબર પણ નથી પડતી... કાયોત્સર્ગ થઇ જાય છે.. કરવો પડતો નથી જે કાયોત્સર્ગ દ્વારા કાયા આત્માથી અલગ ભાસે છે. કાયાને જે કાંઇ થાય છે તે પર ને થઇ રહ્યું છે. પોતાને નહીં એવું વેદન થાય છે. પછી પગમાં આગ પેટાવી ખીર રંધાય કે માથા પર અંગારા આત્મા એક બાજુ રહી ફક્ત નિહાળે છે. અને સ્પર્શતો નથી... "જે બળે છે તે મારૂં નથી ને મારૂં છે તે બળતું નથી." આવી ઉત્કૃષ્ટ પરિસ્થિતિએ આત્મા પહોંચે છે ત્યારે કાયોત્સર્ગ ખરા અર્થમાં ઘટિત થયો હોય છે...(જો કે આ પંચમકાળમાં આ સંઘયણ દ્વારા ઉત્કૃષ્ટ કોટીનું ધ્યાન અને કાર્યત્સર્ગ ઘટિત થવો લગભગ અશક્ય, અસંભવ છે છતાં અપવાદ રૂપ કોઇને થઇ શકે છે.) આપણે તો આ સ્વાધ્યાય નામના તપમાંથી પસાર થઇ સમ્યક્ દર્શન કરી શકીએ તો પણ આપણો આ જન્મારો સફળ થઇ જાય .... આ તપ એટલે કર્મોનો કચરો સાફ કરતાં કરતાં કદાચ બે પાંચ-પંદર ભવ પણ લાગી જાય... છતાંય સ્વાધ્યાય ની શરૂઆત પણ થઇ જાય તો પણ આપણે ધન્ય બની જઇએ.... આ તપમાં પગલું ત્યારે જ ભરી શકાશે જ્યારે નિર્વેદ અને સંવેગ ઉત્પન્ન થાય...એટલે કે સંસારના ભવભ્રમણથી કંટાળો અને મોક્ષ માટેની તીવ્ર અભિલાષા ઉત્પન્ન થાય.

**સ.૨૦૬: જન્મ-મરણના ચક્કરનો અંત કેમ આવતો નથી ? જો ભગવાનના કહેવા પ્રમાણે આપણે પર્વતના ઢગલા થાય એટલી વાર ઓઘા લીધા તો પણ આપણે હજી સુધી ભવનો નિસ્તાર કેમ પામી શકતા નથી ?**

**જ.૨૦૬:** (ખૂબ સમજવા જેવો લેખ) તેના માટે જન્મ મરણના ફેરા કેમ થાય છે તે સમજવું પડશે. સૌ પ્રથમવાર આપણો જીવ નિગોદમાંથી ત્યારે બહાર આવે છે જ્યારે એક જીવ સિધ્ધિપદને પામે છે. આમ "સિધ્ધભગવંત" એ આપણી પ્રથમ માતા છે. પણ યાદ રહે ફક્ત પ્રથમ વખત જ એ નિયમ છે કે એક જીવ સિધ્ધિપદને પામે ત્યારે એક જીવ નિગોદમાંથી બહાર નીકળી વ્યવહાર રાશિમાં આવે પણ બીજી વખત જીવ પાછો નિગોદમાં ચાલ્યો ગયો તો અનંતા વર્ષો સુધી અકામ નિર્જરા કરતો કરતો જ્યારે કર્મોના ભારથી હળવો થાય ત્યારે બહાર આવે...પાછું એવું પણ નથી કે એક વખત જીવ નિગોદમાંથી બહાર આવ્યો એટલે રાજા થઇ ગયો. એ જીવને મળે છે ફક્ત ૨૦૦૦ સાગરોપમ વર્ષ. એથી વધારે તે ત્રસપણામાં (હાલતા ચાલતા જીવ) રહી શકતો નથી. ૨૦૦૦ સાગરોપમ વર્ષ પૂરા થયા કે જીવને ફરજીયાત એકેન્દ્રિય કે નિગોદપણામાં ચાલ્યા જવું પડે છે.

નિગોદમાંથી જીવ બહાર નીકળ્યા પછી તેને જે ૨૦૦૦ સાગરોપમ

વર્ષ મળે છે તેમાં પણ ૧૦૦૦ સાગરોપમ વર્ષ તો બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરેન્દ્રિય પણામાં એટલે કે કીડા, મકોડા, વાંદા વગેરે પણામાં પૂરા થાય છે. જ્યારે બાકીના ૧૦૦૦ સાગરોપમ વર્ષ જ સંજ્ઞી પંચેન્દ્રિયપણું જીવ પામે. એટલે કે દેવ-નરક-મનુષ્ય તથા તિર્યંચ પંચેન્દ્રિય થાય. તેમાં પણ સૌથી ઓછા મનુષ્ય ના ભવ થાય. ૪૭ કે ૪૮ ભવ મનુષ્યના મળે....મનુષ્યભવમાં આગામી ભવનું આયુષ્ય બાંધવાનો અવસર આઠ વખત આવે પણ કોઇપણ જીવ ચાલુ ભવમાં આગામી એક જ ભવનું આયુષ્ય બાંધે. પરંતુ જન્મે ત્યારથી મૃત્યુ સુધી પોતાના શુભ-અશુભ કર્મો દ્વારા ભાવ દ્વારા ચોવીસે કલાક ચારેય ગતિને યોગ્ય આયુ કર્મ જમા કર્યા જ કરે. ચોર્યાશી લાખ જીવયોનિમાંથી અલગ-અલગ યોની ને યોગ્ય કર્મ જમા કર્યા જ કરે. હવે આપણે થોડાક ઉદાહરણથી આ વાત સમજીએ કે જન્મ-મરણના ફેરામાંથી બાર કેમ નથી નીકળાતું ? સમજી લો કે આ જનમમાં આપણે પાંચ ટકા મગરને યોગ્ય, ૮૦ ટકા નારકીને યોગ્ય, ૫૦ ટકા મનુષ્યને યોગ્ય, ૭૦ ટકા વ્યંતરદેવને યોગ્ય તથા ૩૦ ટકા કુતરાને યોગ્ય આયુષ્ય જમા કર્યું આવી ઓછામાં આછી ૧૦૦૦ ભવરૂપી પ્યાલી (ગ્લાસ) ની કલ્પના કરો. હવે જે પણ ગતિ યોગ્ય એક કે અડધો ટકો પણ આયુકર્મ નાખી દીધા તો મનુષ્ય જન્મમાં તે પ્યાલી ૧૦૦ ટકા પૂરી કરી જે તે ભવમાં જવું જ પડે. પણ એક એક ભવની પ્યાલીઓને પૂરી કરવા માટે જીવને કેટલાય પુન્યકર્મ ને કેટલાય પાપ કર્મ કરવા પડશે. વળી જે જે આયુષ્યકર્મ ની પ્યાલીઓ અહીંથી અધૂરી લઇને જશે તે પૂછો જ્યારે મનુષ્યભવ પામશે ત્યારે આ જીવ આ અધૂરી પ્યાલીઓ પૂરી કરશે. પણ એ દરમ્યાન બીજી કેટલીયે નવી પ્યાલીઓનો ઉમેરો કરી દેશે. (ખાલી સમજવા માટે આયુકર્મની પ્યાલીઓની કલ્પના કરવાની છે.)

આપણે જે પાંચ ઉદાહરણ આયુ કર્મના લીધા તેમાં સમજો કે જીવે વ્યંતરદેવને યોગ્ય આયુકર્મની પ્યાલી ૧૦૦ ટકા કરવાની છે જે ૭૦ ટકા છે. હવે શું થશે ? આપણે જાણીએ છીએ કે પાપ કરે તે વ્યંતર થાય તો વ્યંતર ગતિની પ્યાલી ૧૦૦ ટકા કરવા માટે જીવે પાપ તો કરવું જ પડશે...પણ સાથે સાથે એ પણ વિચારો કે વ્યંતર પણ દેવ છે. તેનું વૈક્રિય શરીર છે. કેટલાય પલ્યોપમ કે સાગરોપમ વર્ષોનું આયુષ્ય છે. ધારે તેવા રૂપ ધારણ કરી શકે છે. તો આ બધા માટે, પુન્ય જોઇશે કે નહીં? આપણે તો ૮૦ વરસ જીવીએ તો કે બહુ પુણ્યાશાળી છો. તો આટલા સાગરોપમ કે પલ્યોપમ વાળા આયુષ્ય માટે પુણ્ય નહીં જોઇએ ? આમ એક એક પ્યાલીઓ ૧૦૦ ટકા ભરવા માટે જીવ કેટલાય પુન્યકર્મને

કેટલાય પાપ કર્મ કરતો જ જાય છે. ધારોકે ૧૦૦૦ પ્યાલીઓમાંથી ૭૦૦ પ્યાલીઓ પૂર્ણ ભરાઇ ગઇ ને ૩૦૦ અધૂરી છે પણ માનવનું આયુષ્ય પૂર્ણ થઇ ગયું તો ૭૦૦ માંથી એક ગતિનું આયુષ્ય (આગામી ભવનું) બાંધી બાકીની ૬૯૯ ભરેલી અને ૩૦૦ અધૂરી પ્યાલી સાથે જીવ અહીંથી રવાના થાય છે. ભરેલી પ્યાલીઓમાંથી એક પછી એક ભવ કરતો કરતો જીવ ફરી પાછો જ્યારે માનવભવ પામે છે ત્યારે અધૂરી પ્યાલીઓ પૂરી કરવામાં લાગી જાય છે ને કરતાં કરતાં કેટલીય નવી પ્યાલીઓનો ઉમેરો કરી દે છે આમ ભવ ચક્કરમાંથી બહાર જ નીકળી શકતો નથી.

આયુષ્ય બંધના સમયે જે જે પ્યાલી ૧૦૦ ટકા ભરાઇ ગઇ હોય તેતે ભવને યોગ્ય ભાવ પણ ચડ ઉતર થતાં હોય તો આગામી ભવનો આયુષ્યબંધ પડી જાય છે. એકવાર બંધ પડયા પછી જે તે ભવમાં જવું જ પડે છે. જે પાંચ પ્યાલીના આગળ ઉદાહરણ લીધા છે તેમાંથી ધારોકે નરક અને કૂતરાને યોગ્ય બંને પ્યાલી ૧૦૦ ટકા થઇ ગઇ એટલે કે એ બે ભવમાં જવા માટે જે કાંઇ પાપ કે પુન્ય કર્મ જોઇએ તે પૂરેપૂરા જમા થઇ ગયા ને આયુષ્ય બંધનો અવસર આવ્યો તો બે માંથી જે ગતિનું આયુષ્ય બંધ પડશે તે ભવમાં જીવ ચાલ્યો જશે. તેના પછી ના ભવનો આયુબંધ જીવે જમા કરેલી ભરેલી પ્યાલીઓ અનુસાર કોઇપણ એક ગતિનો આયુબંધ પડશે. આમ કરતાં કરતાં જો ૨૦૦૦ સાગરોપમનો સમય પૂરો થઇ ગયો તો થોડી ભરેલીને થોડીઅધૂરી પ્યાલીઓ લઇને જીવ ફરજીયાતપણે એકેન્દ્રિય એટલે કે પૃથ્વી,પાણી,તેઉ-વાયુ-વનસ્પતિ કે પછી નિગોદમાં ચાલ્યો જાય છે. ત્યાં કોઇ ટાઇમ લીમીટ નથી....અનંતા અનંતા વર્ષો... (અનંતા વર્ષો શબ્દ બહુ નાનો પડે...) કેટલાય પલ્યોપમ કે સાગરોપમ વર્ષો સુધી જીવ કેટલાય કાળચક્રો પસાર થઇ જાય ત્યાં સુધી જીવ આવા એકેન્દ્રિય પણામાં કે નિગોદમાં પડી રહી અકામ નિર્જરા કરતો કરતો જ્યારે કર્મોના ભારથી જરા હળવો થાય ત્યારે પાછો બેઇંન્દ્રિય થી પંચેન્દ્રિયના ભવ કરતો કરતો માનવ જન્મ પામે છે.... ક્યારેક ચારિત્ર પણ ગ્રહણ કરે છે પણ સમકિત ની પ્રાપ્તિ ન થઇ હોવાથી...અનુબંધ પાપનો પડવાથી પાછો ભવ ચક્રમાં અટવાઇ જાય છે.

માનવ મુખ્ય બે પ્રકારે કર્મ બાંધે છે. નિકાચિત કર્મ અથવા અનિકાચિત કર્મ. અમુક કર્મ કે જે ખૂબ જ રસ રેડીને કરવામાં આવે,ખૂબ જ વલોપાત કરતાં બંધાઇ જાય.. અથવા તો કર્યા પછી વારંવાર મનમાં ઘુંટવામાં આવે કે બરાબર છે, આમ જ કરવા જેવું હતું...આવા અનેક કારણોસર કર્મ નિકાચિત બની જાય એટલે એ કર્મ ભોગવ્યે જ છૂટકો થાય... પરંતુ જે કર્મ નિકાચિત નથી એવા હળવા કર્મો ને સ્વાધ્યાય તપ દ્વારા

ઉદીરણામાં લાવી નિર્જરી શકાય છે. નિકાચિત કર્મો તો અનિકાચિતની સરખામણીએ બહુ ઓછા હોય છે માટે સ્વાધ્યાય તપ દ્વારા ઢગલા ને ઢગલા આપણે અનિકાચિત કર્મને નિર્જરી શકીએ, એની શરૂઆત પણ કરી શકીએ તો આત્મા કર્મોના ભારથી હળવો થઇ સમક્તિ પ્રાપ્તિ ને યોગ્ય બને છે.. ને આ કાર્ય ફક્ત માનવ જન્મમાં જ થઇ શકે છે.

**સ.૨૦૭: આપણે જોયું કે કેવી રીતે જન્મ-મરણના ચક્કરમાંથી છૂટીજ નથી શકાતુ. હવે એ જણીએ કે સ્વાધ્યાય તપના ઉંડાણમાં કોણ ઉતરી શકે ?**

જ.૨૦૭: એજ વ્યક્તિ ઉતરી શકશે કે જેને ખરેખર આ ભવભ્રમણથી થાક લાગ્યો છે, જેને ભૌતિક સુખ એ સુખ નહી પણ દુઃખોની જનેતા ભાસે છે, જેને રેશમની ગાદીમાં સૂતા હો તો પણ કાંટા પર સૂતા હોય એવું લાગે છે. જેનું મન સતત ઝંખે છે કે આ જન્મમરણના ફેરામાંથી ક્યારે મુક્ત થાઉને સંપૂર્ણ મુક્તિ તો આનંદ અનુભવું.

**સ.૨૦૮: આ કર્મનો બાંધનાર તો આત્મા છે, તો કર્મની નિર્જરા માટેય આત્માસુધી જ પહોંચવું પડશે ?**

જ.૨૦૮: હા - કર્મના ગણિતમાં એવો હિસાબ નથી કે પાંચ પુન્યકર્મ કર્યાને ત્રણ પાપ કર્મ... તો પાંચમાંથી ત્રણ બાદ કરો હવે બે પુન્ય કર્મ ભોગવવાના રહ્યા... જો આવો હિસાબ હોત તો... તો આપણે ક્યારનાય છૂટી ગયા હોત. પાંચ પુન્ય કર્મ હોય તો તે પણ ભોગવો ને ત્રણ પાપ કર્મ હોય તો તે પણ ભોગવો અથવા જો હળવા હોય તો ધ્યાન-સ્વાધ્યાય અને કાયોત્સર્ગ દ્વારા નિર્જરો, આ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. એમ કરતાં કરતાં જ્યારે એક પણ કર્મ સિલકમાં નહી બચે... ન પાપ કર્મ ન પુન્ય કર્મ... ત્યારે આત્મા મુક્ત થશે. કેમકે કર્મ એજ તો આત્માનો ખોરાક છે... આત્માને ભવ-ભવ-ભવ કરવા માટે. અને આપણે એજ કરીએ છીએ કે જૂના નિર્જરતા જઈએ છીએ... ને નવા અંદર નાખતા જઈએ છીએ... (આશ્રવ) આમજ આપણો આત્મા મુક્ત થતો નથી... જૂના તો નિર્જરવા ફરજીયાત છે. પણ જો નવા નાખવાના બંધ થાય ને જૂના પૂરેપૂરા ભોગવાઈ જાય તો જ આત્મા મુક્તતાનો આનંદ માણી શકે.

**સ.૨૦૯: આ વાત એક ઉદાહરણ સાથે સમજાવો.**

જ.૨૦૯: એક દોરાની રીલની કલ્પના કરો. અંદરની જે પૂઠાની રીલ છે તે આત્મા છે. તેના પર બે કલરનો દોરો વીંટાયેલો છે. થોડો બ્લેક છે ને થોડો વ્હાઈટ છે. જે ભાગ બ્લેક છે તે પાપ કર્મ અને જે ભાગ વ્હાઈટ છે તે પુન્યકર્મની કલ્પના કરો...જેટલા પાપ કર્મને પુન્ય કર્મ નિર્જરતા જાઓ

છો તેટલો દોરો રીલ પરથી ખુલતો જાય છે. જેટલા પાપકર્મ, પુન્યકર્મ નવા બાંધતા જાવ છો તેટલો દોરો રીલપર પાછો વીંટળાતો જાય છે. આમ થોડો ધાગો ખૂલે છે. ત્યાં પાછો થોડો વિંટળાય છે. આમ ધાગો પૂરેપૂરો ખુલતો નથી ને પૂંઠાની રીલ મુક્ત થતી નથી. જે દિવસે બંને કલરનો કાળોને ધોળો...ધાગો પૂરે પૂરો ખૂલી જાય છે તે દિવસે અંદરની રીલ ધાગાના બંધનમાંથી મુક્ત થાય છે, મોક્ષ થાય છે. આમ આત્માને ટકી રહેવા માટે (ભવ-ભવ કરવા માટે) કર્મરૂપી ખોરાક જોઈએ. જેમકે આપણા આ પાર્થિવ દેહને ટકી રહેવા માટે ખોરાકની જરૂર છે. શરીર શેનાથી ટકે છે ? ખોરાકથી. જો શરીરને ખોરાક ન મળે તો શરીર ખતમ થઈ જાય પણ વ્યવહારમાંતો પાછું એવું નથી દેખાતું લોકો મહિનો - બે મહિના ઉપવાસ કરે છે. છતાં શરીર તો ટકતું હોય છે. તો આમ કેમ ? શું મહિનાઓ સુધી શરીર ખોરાક વગર ટકે છે ? ના...શરીરને જ્યારે બહારથી ખોરાક આપવાનો બંધ કરો છો ત્યારે, તેજ ક્ષણે શરીરે પોતાની પાસે સંગ્રહ કરેલો જૂનો ખોરાક જે ચરબીના રૂપમાં છે તે વાપરે છે. શરીર એકક્ષણ પણ ખોરાક વગર ટકતું નથી. તમે શરીરને નવો ખોરાક આપોજ નહિ ને જૂનો બધોજ વપરાઈ જાય પછી એક ક્ષણ પણ શરીર ટકશે નહિ. બસ આ જ વસ્તુ આત્મા સાથે બને છે, જ્યારે મન-વચન-કાયાને સ્થિર કરી નવા કર્મોનો ખોરાક આપવાનો બંધ કરીએ છીએ (સંવર) ત્યારે, તેજ ઘડીએ, તેજ ક્ષણે આત્માએ અનંતા ભવોથી સંગ્રહીને રાખેલા કર્મોના ઢગલામાંથી એકેક પ્રતર ઉદિરણામાં આવી નિર્જરતી જાય છે... (જો નિર્જરતા આવડે તો...નહિતો કર્મોના ગુણાકાર થાય) આમ કરતાં કરતાં જ્યારે જૂના બધાજ કર્મો ખતમ થઈ જાય ને નવો કર્મરૂપી ખોરાક આત્માને મળે નહિ ત્યારે આત્મા મુક્ત થાય છે.

એ માટે આપણા ચિત્તના ઉંડાણ સુધી પહોંચી અંદર રહેલા વિકારો ને જડમૂળથી ઉખેડી ને નાં કાઢીએ ત્યાં સુધી વાત બનતી નથી. આપણે જે કાંઈ ધાર્મિક ક્રિયાઓ કરીએ છીએ તે લગભગ ભટકતા ચિત્તે ઉપયોગ શૂન્ય પણે થતી રહે છે. જેથી એ મોક્ષસાધક બનતી નથી. જૂઓ ઉપાધ્યાય યશોવિજયનું મહારાજે પણ આજ વાત કરી છે.

''વચન કાયા તો બાંધીએ, મન નવિ બાંધ્યુ જાય
મન બાંધ્યા વિણ પ્રભુ ના મિલે, ક્રિયા નિષ્ફળ થાય..''

**સ.૨૧૦: ચેતન મન અને અવચેતન મન નો સ્વાધ્યાય તપમાં શું રોલ છે ?**

**જ.૨૧૦:** આપણા મનના બે વિભાગ છે. ચેતન મન અવચેતન મન. *concious mind, subunconcious mind.* શાસ્ત્રની ભાષામાં કહીએ તો લબ્ધિ

મન અને એ ઉપયોગ મન. અત્યારે તમે જે મનનો ઉપયોગ કરી રહ્યા છો તે ચેતન મન, ઉપયોગ મન. બૌધિક સ્તરે મેળવેલ સમજની પહોંચ ફક્ત આ જાગૃત મન સુધીની જ હોય છે. વાંચન-શ્રવણ કે ચિંતનથી લીધેલું જ્ઞાન એ આ બૌધિક સ્તર સુધીજ હોય છે. એ જ્ઞાન તો પારકું છે, ઉછીનું લીધેલું છે. એ તો જેને એનો અનુભવ થયો એનું જ્ઞાન છે. બૌધિક સ્તરે ઘણું સમજી લીધું કે દેહથી પોતે ભિન્ન છે. જીવન ભર એને ઘૂંટતા પણ રહ્યા. પરંતુ જીવનની ઘટનાઓ પ્રત્યે આપણે જે પ્રતિક્રિયા કરતાં રહીએ છીએ તે તો મોટા ભાગની અવચેતન મનના નિર્દેશ પ્રમાણે થતી હોય છે. અવચેતન મનને તો એની કોઈ અનુભૂતિ થઈ નથી હોતી. અવચેતન મનમાં તો દેહ સાથેના તાદાત્મયનો બોધ, સંસ્કાર રહ્યો હોવાથી પોતાનું સુખ-સલામતી-અસ્તિત્વ બધું જ પર ઉપર અવલંબિત છે તે સંસ્કાર ત્યાંથી ઉખડયો નથી. માટે ફક્ત બૌધિક સ્તરે સમજીને દેહાત્મ ભાવમાંથી બહાર નીકળવાની જે આશા રાખીને બેઠા છો તે ઠગારી નીવડે છે. ને આપત્તિ-વિપત્તિમાં વ્યક્તિ અવશ પણે આર્ત-રૌદ્ર ધ્યાનમાં ઢસડાઈ જાય છે. કેમકે ચેતન મન કરતાં અવચેતન મન ખૂબજ પ્રબળ છે. સંકટ સમયે કે ઉત્તેજનાની ક્ષણોમાં આ અવચેતન મન, ચેતન મનને બાજુએ હડસેલી દઈ પોતે પ્રગટ થાય છે. અવચેતન મન શુધ્ધ થયું હોય, સ્વાધીન થયું હોય તો જ કામ-ક્રોધ, મોહ-મદ-મત્સર આદિ દોષોની પકડમાંથી મુક્ત થઈ શકાય છે. સ્વાધ્યાયતપની સાધના સિવાય અવચેતન મનને શુધ્ધ કરી શકાતું નથી.

**સ.૨૧૧: અવચેતન મનને નિર્મળ કરવાનો ઉપાય શું ?**

**જ.૨૧૧:** જીવનની કોઈપણ પરિસ્થિતિમાં સમભાવમાં રહેવા ઈચ્છનારે, સ્વસ્થ અને સમાધિસ્થ રહેવા ઈચ્છનારે માત્ર શ્રવણ-વાંચન-મનનથી સંતોષ માની બેસી ન રહેતા એ જ્ઞાનને અનુભવજ્ઞાન બનાવવું જોઈએ. પોતાની સમજને પોતાની તત્વ શ્રધ્ધાને અવચેતન મન સુધી લઈ જવી જોઈએ. **અવચેતન મનને નિર્મળ કરવાનો આ એકમાત્ર ઉપાય છે કે વર્તમાન ક્ષણે જે કાંઈ બની રહ્યું છે તેના પ્રત્યે જાગૃત રહી તેને સાક્ષી ભાવે જોવું. વર્તમાન ક્ષણે જે કાંઈ બને તેને કોઈપણ પ્રકારની ઈચ્છા, આકાંક્ષા, આતુરતા કે આસક્તિ વિના એટલે કે રાગ-દ્વેષ વિના જોવુ. એટલેકે સાક્ષીભાવમાં જ્ઞાયકભાવમાં સ્થિર થવું.** પહેલી નજરે આ કરવું સરળ દેખાય છે પરંતુ આપણે ફક્ત સાક્ષી રહી શકતા નથી. અનેકાનેક જન્મોથી જે સંસ્કારો આપણે અવચેતન મનમાં ભરીને લાવ્યા છીએ ને તે અનુસાર આપણે બાહ્ય જગતની ઘટનાઓ પ્રત્યે આપણી પ્રતિક્રિયા કોમ્પ્યુટરની જેમ યાંત્રિકપણે દર્શાવતાજ રહીએ છીએ. અવચેતન મન એ કોમ્પ્યુટરમાં

રહેલા ડાટા જેવું છે. જ્યારે ચેતનમન એ કોમ્પ્યુટરની સ્ક્રીન છે. સ્ક્રીન પર એજ આવશે જે ડાટામાં છે. એમ અવચેતન મનમાં પડેલા અઢળક કર્મસંસ્કારોમાંથી કઈ ઘડીએ કયો સંસ્કાર ઉખડીને સ્ક્રીન પર આવશે એટલે કે ચેતન મન પર આવશે તે કહી શકાય નહીં.

ભૂતકાળના બધાજ સંસ્કારોથી ને ભવિષ્યની આશાઓને તૃષ્ણાથી મુક્ત થયા વિના વર્તમાન ક્ષણના માત્ર દૃષ્ટા રહેવું શક્ય નથી. ભૂતકાળના સંભારણા ને ભવિષ્યની કામનાઓ આપણને વર્તમાન ક્ષણ પ્રત્યે સજગ રહેવા દેતા નથી આપણી જાણ બહાર અવચેતન મનમાં પ્રતિક્ષણે સંસ્કારો પડતાં રહે છે તે એ સંસ્કારો પ્રમાણે આપણા વિચાર - વર્તન વળાંક લે છે જેની આપણને ખબર પણ નથી હોતી. એટલે ફક્ત જાગ્રતમનનેજ નહિ, અવચેતન મનને પણ શુધ્ધ કર્યા વિના, વર્તમાન ક્ષણ પ્રત્યે રાગ-દ્વેષ રહિત દૃષ્ટાભાવ આવેજ શી રીતે ? તમે ઘણીવાર કહો છો ને કે બધું જાણીએ છીએ, સમજીએ છીએ છતાં કાંઈ ઘટના બને ત્યારે આર્ત-રૌદ્ર ધ્યાનમાં સરકીજ જવાય છે. એનું કારણ આ છે કે ફક્ત બૌધિક સ્તરે જાણ્યું છે. જેનો ઉપયોગ ફક્ત concious mind સુધીજ હોય છે. જો આ સ્વાધ્યાય દ્વારા અવચેતન મન સુધી પહોંચી ત્યાં પડેલા સંસ્કારોને ઉખાડી નીર્જરા કરી દેવામાં આવે તોજ જન્મોજન્મથી સંચિત દૃઢ સંસ્કારોનો ઉચ્છેદ શક્ય બને છે. તો વર્તમાન ક્ષણ પ્રતિ રાગ-દ્વેષ રહિત કેવળ દૃષ્ટાભાવની કળા સામાન્ય રીતે લાંબા પ્રયત્ન વિના સિધ્ધ થતી નથી સ્વાધ્યાય દ્વારા અવચેતન મનમાં પડેલા જન્મજન્માંતરના સંસ્કારોને દૂર કરી તેને નિર્મળ બનાવવાનું છે.

**સ.૨૧૨: સ્વાધ્યાય માટે શું કરવું ?**

**જ.૨૧૨:** સ્વાધ્યાય જેવા આંતરિક તપમાં અંદરમાં, પોતાની જાતના સ્વયંના અધ્યયનમાં ઉતરી જવાનું છે. સ્વયંનું અધ્યયન સ્વાધ્યાય છે, શાસ્ત્રોનું નહિ. શાસ્ત્રનું અધ્યયન ચોક્કસ જરૂરી છે. ફક્ત જાણકારી મેળવવા માટે પણ એ હંમેશ ખ્યાલમાં રહે કે શાસ્ત્રમાં જે લખાયેલું છે તે બીજાનો અનુભવ છે... મારો પોતાનો નહિ. એ એનો અનુભવ છે જેણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે, જેણે સમ્યક્દર્શન કર્યું છે. જેણે પ્રકાશનું દર્શન કર્યું છે, જેણે સાગરમાં ડૂબકી લગાવી છે આપણે કિનારે બેસીને સાગર વિષે ગમે તેટલું ભણીએ પણ જ્યાં સુધી આપણે સાગરમાં ડૂબકી નહી લગાવીએ ત્યાં સુધી આપણે સાગરનો અનુભવ કરી શકવાના નથી...જો આપણે આપણા ક્રોધનું અધ્યયન કરતાં હોઈએ તો તે સ્વાધ્યાય છે. પણ ક્રોધ વિષે પુસ્તકમાં લખાયેલું વાંચતા હોઈએ તો તે શાસ્ત્રઅધ્યયન છે. આપણમાં રહેલા રાગનું અધ્યયન કરતા હોઈએ તો સ્વાધ્યાય, રાગ

વિષે શાસ્ત્રમાં સમજાવેલું વાંચતા હોઈએ તો તે સ્વાધ્યાય નથી, શાસ્ત્ર અધ્યયન છે. માનવી સ્વયં એક પરમ શાસ્ત્ર છે કેમકે જે કાંઈ જાણી શકાયું છે તે માનવીએ સ્વયંનાં અંદર ઉતરીને જાણ્યું છે. જે કાંઈ શાસ્ત્રમાં લખાયેલું છે તે બધું આપણામાં મોજૂદ છે. તેનું અધ્યયન આપણે કરવાનું છે ધર્મ સ્વયં ને જાણવામાં છે. જાણવાની વસ્તુ આપણે કેટલી પણ જાણી લઈએ, સમજી લઈએ છતાંપણ જાણવાવાળાને (જ્ઞાતાને, આત્માને) જાણી શકાતો નથી. **જાણવા યોગ્ય એકજ છે કે જે જાણી રહ્યો છે તે કોણ છે ? ફક્ત જાણકારી થી તો અહમ્ પેદા થાય છે, એક મોટો ભ્રમ ઉભો થાય કે ''હું બધું જાણું છું.'' ધારોકે મેં બધું જાની લીધું કે સ્વાધ્યાય શું છે ? સ્વાધ્યાય કેવી રીતે કરાય ? સ્વાધ્યાયથી કર્મ કેવી રીતે કપાય ? પણ હું સ્વાધ્યાય કરીશ જ નહીં તો મને કેવી રીતે ખબર પડશે કે મારો આત્મા પરમાત્માનો આનંદ કેવો છે ? એટલેજ ઘણીવાર અજ્ઞાની પરમાત્મામાં છલાંગ લગાવી દે છે અને જ્ઞાની રખડી પડે છે. સ્વાધ્યાયનો અર્થ છે સ્વયંમાં ઉતરો પૂરૂં જગત ભીતરમાં છે.** મરતી વખતે આપણે ઘણું બધું જાણીએ છીએ પણ એનેજ નથી જાણતા જે પાર્થીવ દેહને છોડીને જઈ રહ્યો છે. આપણને ખબર છે કે મહાવીર શું કહે છે ? પરંતુ આત્માનો શું સ્વાદ છે તે ખબર નથી... પરમાત્માની કોઈ ઝલક મળી નથી... પોતે સ્વયંમાં ઉતરવાનો કે સ્વનો અધ્યાય કરવાનો પ્રયત્નજ કર્યો નથી... ચારે તરફ અંધારૂ છવાયેલું છે અને છતાં કહે છે કે હું બધું જાણું છું... મહાવીર એને મિથ્યાજ્ઞાન કહે છે...સ્વાધ્યાયનું પહેલું સૂત્ર છે કે વસ્તુનું અધ્યયન છોડો... સ્વનું અધ્યયન કરો, અધ્યયન કરનારનું અધ્યયન કરો તો તે સ્વાધ્યાય છે.

સ્વાધ્યાય વિના ધ્યાનમાં પ્રવેશ નથી. મહાવીરે ચીંધેલા પગથિયાં અત્યંત વૈજ્ઞાનિક છે સ્વાધ્યાય બહુ પીડાદાયી છે એટલે એમાં ટકી રહેવું બહુ મુશ્કેલ છે. ધ્યાન વિષે ઘણું વાંચ્યું છે અને એમાં જવાથી આનંદ મળે છે એમ શાસ્ત્રોમાં લખેલું છે. અને ગુરૂએ પણ કહેલું છે પરંતુ સ્વાધ્યાયમાં ઉતર્યા વિના ધ્યાનમાં ઉંડાણ આવશે નહિ. દુખમાંથી પસાર થઈનેજ સુખની ઝલક મળશે. તો સ્વનો અધ્યાય એટલે કે સ્વાધ્યાય કેવી રીતે કરવો તે જોઈએ આગળ

**સ.૨૧૩: જો કોઈની કૃપા થઈ જાય તો બેડો પાર થઈ જાય ને ? સ્વાધ્યાય તપમાં ઉતરી શકાય ?**

જ.૨૧૩: સ્વાધ્યાય તપમાં ઉતરવું એ ખૂબ લાંબો રસ્તો છે. કોઈની કૃપા નહિ, પોતે જ કામ કરવું પડે... કૃપા કરવાવાળા પાસે કૃપાની ક્યાં કમી છે... શા માટે આખું જગત વિકારમુક્ત નથી થઈ જતું ? તો આદિનાથદાદાએ મરીચી

(મહાવીર સ્વામી ભગવાનનો જીવ, ત્રીજા ભવે) પર કૃપા કરીને એને મુક્ત ન બનાવી દીધો હોત? દાદાના રૂપમાં જેને સાક્ષાત તીર્થંકર મળ્યા હતા... તો પણ એને આટલા બધા ભવ ભ્રમણના ચક્કર ફરવા પડ્યા ને? નરકમાં પણ જવું પડ્યું ને? કેમ દાદાએ એના પૌત્ર પર કૃપા ના કરી દીધી? આ બધું જાણવા છતાંય આપણે... તમે ને હું બધાં, એ આશા રાખીને બેઠા છીએ ને કે કોઈની કૃપા ઉતરશે ને મારો બેડો પાર થઈ જશે... હું ભગવાનની મૂર્તિ પાસે જઈને રોજ ભગવાનના વખાણ કરીશ (સ્તુતિ) એટલે ભગવાન મારા પર ખુશ થઈ જશે... ને હું ભવસાગર તરી જઈશ?? યાદ રાખીએ કે... મારે સાગર પાર કરવો હશે તો હાથ પગ મારે જ હલાવવા પડશે... હાથ પગ તમે હલાવોને હું સાગર તરી દઉં તે બન્યું નથી ને બનશે પણ નહિ.

જેનામાં ખરેખર સંસાર રસિકતા ઓછી થઈ હશે, જેને જન્મ-મરણના ફેરાથી કંટાળો નિપજ્યો હશે, જેને અંતરથી વૈરાગ્ય જન્મ્યો હશે એટલે કે નિર્વેદ ને સંવેગ જાગ્યો હશે તે જ સ્વાધ્યાય તપમાં ઉતરી શકશે. પોતાના અંતરમનમાં ઉતરી શકશે... ને આ લાંબી યાત્રામાં સમતાપૂર્વક ટકી શકશે ને મંઝીલ સુધી પહોંચી શકશે.

**સ.૨૧૪: વિકારોને જડમૂળથી કાઢવા કઈ રીતે?**

**જ.૨૧૪:** ભય-ઈર્ષ્યા, વાસના, ક્રોધ, દ્વેષ, અહંકાર, જે પણ વિકાર ચિત્ત પર જાગે તો આપણા ચિત્તની શાંતિ નાશ. વિકાર જાગશે તો વ્યાકુલ કરશે જ. આ કુદરતનો બંધી-બંધાયેલો નિયમ છે. વિકાર આપણી અંદર જાગે છે, બહાર નહિ, માટે હર વ્યક્તિએ વિકારથી છૂટકારો મેળવવા અંર્તમુખી બનવું પડશે. અંતરમનની પેટર્નને બદલવાનું કામ આસાન નથી. પોતાની મહેનતથી અંદરની વિકારોની જડોને કાઢવી પડે છે. અંદરની સચ્ચાઈ શું છે તે જાણવાનું છે. માનીએ છીએ જરૂર... અમારા મહાવીરે આમ કીધું એટલે શ્રદ્ધાથી માની લઈએ છીએ, પણ જાણતા નથી. જાણવામાં (અનુભવવામાં) ને માનવામાં આસમાન - જમીનનું અંતર છે. અનુભવ થાય તો જ જડમાંથી વિકારો નીકળે. ફક્ત માની લેવાથી કામ થતું નથી. દા.ત. શાસ્ત્રજ્ઞાન દ્વારા જાણી લીધું કે ''આત્મા અવિનાશી છે, જ્યારે શરીર વિનાશી છે...'' પરંતુ જ્યારે સ્વ અધ્યાય કરતાં કરતાં એ અનુભવ્યું કે ''અહા...આંખનાં એક પલકારામાં કેટલા પરમાણુ ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે... અરે જે શરીર ઠોસ દેખાય છે તે સ્વ-અધ્યયન કરતાં કરતાં સ્વ અનુભવમાં તો માત્ર તરંગો જ તરંગો છે...'' આ અનુભવમાંથી જે જ્ઞાન પ્રાપ્ત થયું...તે છે સમ્યક્જ્ઞાન... **શાસ્ત્રમાં જ્યાં જ્યાં જ્ઞાનની વાત આવે છે તે શાસ્ત્રજ્ઞાન નહીં... સમ્યક્જ્ઞાનની વાત છે. સ્વ અનુભવમાંથી પ્રગટ થયેલા જ્ઞાનની વાત છે...** જેણે સ્વ અનુભવથી પોતાના

એક એક પરમાણુને ઉત્પન્ન થતાં ને નાશ પામતા અનુભવ્યા છે તેને હવે કુદરતી રીતે જ સ્વ શરીર પરનો રાગ-મોહ ઓછો થઈ જશે... હવે એને કોઈએ કહેવું નહીં પડે કે આ શરીર વિનાશી છે તેનો મોહ છોડી દે... કોઈ કેટલી પણ વાર આપણને કહેશે તો પણ શરીર પરનો રાગ-મોહ છૂટતો નથી પરંતુ સ્વાધ્યાયમાં ઉતરી જાત અનુભવ થશે તો પોતે જ જોશે કે આવા ક્ષણભંગૂર શરીર પર શું રાગ કરૂં? શું મોહ કરૂં? જેની પાસે ફક્ત શાસ્ત્રજ્ઞાન છે પણ સ્વ અનુભવ જ્ઞાન નથી તેને માટે શું કહ્યું છે તે જુઓ... શ્રીપાળરાસ-ખંડ-૪, ઢાળ-૧૩માં શું કહે છે કે...

જિમ જિમ બહુશ્રુત બહુજન સંમત
બહુલ શિષ્યનો શેઠો રે...
તિમ તિમ જિન શાસનનો વૈરી...
જો નવિ અનુભવ જેઠો રે...

જેની પાસે શ્રુતજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન છે પણ સ્વઅનુભવ જ્ઞાન નથી તે ભલે ગમે તેટલા શિષ્યનો ગુરૂ હોય પણ તેને જિનશાસનનો વૈરી કીધો છે... આનું ખૂબ ખૂબ મહત્ત્વ સમજીએ ને સ્વાધ્યાય તપ માટે માનસિક તૈયારી કરીએ. કેમકે સ્વાધ્યાય અને ધ્યાન તપમાં ઉતર્યા સિવાય અનુભવજ્ઞાન મળી શકે નહિ. જુઓ આજ વાત વૈરાગ્યકલ્પલતા - સ્તબક - ૧ શ્લોક - ૧૯માં કહી છે... સરખાવો...

યથા યથા શિષ્ય ગણૈઃ સમેતો
બહુશ્રુત સ્યાદ, બહુ સંમતશ્ચ.
સમાધિમાર્ગ - પ્રતિકૂલ - વૃત્તિ
સ્તથા - તથા - શાસન શત્રુ રેવ.

તો જેનાથી અનુભવજ્ઞાન પ્રાપ્ત કરવાનું છે, જેનાથી કર્મની નિર્જરા કરવાની છે એ સ્વાધ્યાય તપમાં ઉતરતા પહેલા એ પણ જાણી લો કે શું છે સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર. સમ્યક્દર્શન એટલે અનુભવ દ્વારા આત્માની અનુભૂતિ કરવી. એટલે કે અનુભવ દ્વારા આત્માના દર્શન કરવા. સમ્યક્જ્ઞાન એટલે આત્માનો જે અનુભવ થયો... તેમાંથી જે જ્ઞાન પેદા થયું, પ્રગટ થયું તે સમ્યક્જ્ઞાન. આત્મા વિશે જાણકારી મેળવવી તે શાસ્ત્રજ્ઞાન...ને આપણી અંદર ઉતરી આત્માનો જે અનુભવ થાય તે સમ્યક્જ્ઞાન. શાસ્ત્રજ્ઞાન ગમે તેટલું હશે તો પણ અહીં મૂકીને જવાનું છે, જ્યારે સમ્યક્જ્ઞાન આપણી સાથે આવશે.

**સ.૨૧૫: એક ભૌતિક ઉદાહરણથી શાસ્ત્રજ્ઞાન ને સમ્યક્જ્ઞાન વચ્ચેનો ભેદ સમજાવો ?**

**જ.૨૧૫:** દા.ત. કોઈ તમને કહે કે ''ભાઈ, ત્યાં જોઈને ચાલજે હોં...મોટો ખાડો

છે.'' આ થઈ જાણકારી (શાસ્ત્રજ્ઞાન) કોઈએ કહ્યું હોય છતાં આપણું ધ્યાન રહેતું નથી, ને ખાડામાં પડી જઈએ. પણ એકવાર ખાડામાં પડયા, ને એ જે અનુભવ થયો, પછી એ જ્ઞાન, એ જાણકારી, એવી જડબેસલાક મગજમાં બેસી જશે કે હવે કોઈએ કહેવું નહી પડે કે ''ભાઈ જોઈને ચાલજે ત્યાં ખાડો છે.'' કેમ કે એ જાણકારી એ આપણો અનુભવ બની ગયો. એ શાસ્ત્રજ્ઞાન આપણું સમ્યક્જ્ઞાન બની ગયું હવે એ જોઈએ કે સમ્યક્ચરિત્ર છે શું ? સમ્યક્ચારિત્ર એટલે આત્મામાં સ્થિર થવું....આત્માનો ઉપયોગ આત્મામાં જ રાખવો. શુધ્ધ ઉપયોગમાં રહેવું. (આ પંચમકાળમાં અતિ દુર્લભ) આ સમ્યક્ ચારિત્ર મેળવવા માટે દ્રવ્ય ચારિત્ર ખૂબજ મદદરૂપે થાય. આ શુધ્ધ ધર્મજ કેવલી પ્રરૂપેલો ધર્મ કહેવાતો તે મનુષ્ય માત્ર માટે એકજ હતો. અને એકજ રહેશે. પરંતુ ઉતરતું સંઘયણ, શિથિલતા, ને કાળનો પ્રભાવ વગેરે કેટલાક કારણોસર લોકો સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રને શુધ્ધ સ્વરૂપે અપનાવી ન શક્યા...જેને જેમ અનુકુળ આવ્યું તેમ આમાં ભેળસેળ થતી ગઈ ને તેમ તેમ અલગ સંપ્રદાયનો જન્મ થયો. જે અણિશુધ્ધ ઉત્તમ રીતે પાલન કરતા હતા તે જૈન કહેવાયા. પરંતુ તેમાં પણ કાળક્રમે શિથિલતા આવતી ગઈ. સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્રતો સ્વપ્નની વાત થઈ ગઈ. શાસ્ત્રજ્ઞાનને જ સમ્યક્જ્ઞાન માનવા લાગ્યા. તેવી રીતે મૂર્તીના દર્શનનેજ સમ્યક દર્શન સમજવા લાગ્યા. ને બાહ્ય દ્રવ્ય ચારિત્રને જ સમ્યક્ ચારિત્ર માનવા લાગ્યા. આમ જૈન એક ધર્મ મટી એક સંપ્રદાય બની ગયો. રાગ-દ્વેષને કષાયોને કાઢવા માટેનો જે ધર્મ, એ ધર્મના નામે જ ક્રોધ-કષાયોને રાગદ્વેષ વધવા લાગ્યા. આમ કેવલીએ પ્રરૂપેલો ધર્મ સૌએ પોતપોતાની રીતે, પોતાને અનુકુળ હોય એ રીતે અપનાવીને અલગ અલગ સંપ્રદાયના વાડામાં બાંધી દીધો. એટલે તો ચાર શરણામાં કહ્યું કે...''કેવલી પન્નતો ધમ્મં શરણમ્ ગચ્છામિ'' નહિં કે ''જૈનં ધમ્મં શરણં ગચ્છામિ'' કેવલીએ પ્રરૂપેલા ધર્મ પ્રમાણે જેનું વર્તન છે જ નહિ. તે ફક્ત કૂળથી જૈન છે, કર્મથી જૈન નથી. ભગવાનના સમવસરણમાં ચારેય જ્ઞાતિના લોકો આવતા હતા... બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યને શુદ્ર ભગવાને બધા માટે એકજ ધર્મ પ્રરૂપ્યો છે. માટે સંપ્રદાય અલગ હોઈ શકે, જૈન, બૌધ, વૈષ્ણવ, શીખ સંપ્રદાય પણ કેવલીએ પ્રરૂપેલો ધર્મ એકજ છે, બધાને માટે છે અને સદાકાળ એકજ રહેશે.

**સ.૨૧૬: સ્વાધ્યાયના એક એક સ્ટેપ સમજાવો**

**જ.૨૧૬:** સ્વાધ્યાયની શરૂઆત એટલે મન-વચન-કાયાની સ્થિરતા કરી, બહાર ભટકતા બાદર મનને એક નાના સ્થાન પર કેન્દ્રિત કરી, શુક્ષ્મ બનેલા

મન દ્વારા અંતર યાત્રા કરવી... સ્વ શરીરમાં ક્યાં શું ઘટિત થઈ રહ્યું છે તે સ્વઅધ્યયન દ્વારા, સ્વાધ્યાય દ્વારા, અનુભવ કરી...વર્તમાન પરિસ્થિતિનો સમતાભાવે સ્વીકાર કરી એક એક કર્મની પ્રતરો જે ઉદીરણામાં આવી રહી છે તેને નિર્જરવી....આપણે એક એક સ્ટેપને સૂક્ષ્મતાથી સમજીએ....

કાયા અને વચનને થોડા દિવસોની પ્રેક્ટિસ દ્વારા સ્થિર કરી શકાશે... કહેવત છે ને કે ડોલતી કાયામાં ડોલતું મન ઘણી વખત એવું જોયું છે કે અમુક લોકો અકારણ બેઠા બેઠા ધૂણતા હોય છે ત્યારે સયકોલોજીસ્ટ કહે છે કે એમનું મન અસ્થિર છે...તો મનને કેમ સ્થિર કરવું તે આપણે આગળ જોઈશું પણ કાયાને સ્થિર કરવા માટે એકજ આસનપર એક આંગળી પણ ન હલે એ રીતે બેસવાની પ્રેક્ટિસ કરવી પડશે... થોડું થોડું કરીને આ ક્ષમતા કલાક-બે કલાક સુધી વધારવી પડશે. જોકે શરૂઆતમાં તો સ્થિર બેસવાની પ્રેક્ટિસ કરતાની સાથે થોડીજ વારમાં પીડા શરૂ થઈ જાય છે. કેમ? સિનેમામાં કલાકો સુધી એકજ મુદ્રામાં સ્થિર બેઠા હોઈએ છીએ. ન પગ દુ:ખે ન માથું ફાટે...કેમ? કેમકે આપણી અંદર રાગદ્વેષની આગ પડેલી છે. ને તેમાં *Input* પણ રાગ દ્વેષ આપો છો... જેમકે ચૂલામાં અંગારા છે, ને બીજા અંગારા નાખો તો પ્રેમથી સ્વીકારી લે છે તેમ... પણ અંગારા પર ઠંડુ પાણી નાખો તો છું છા.. થશે... તેમ રાગ-દ્વેષ-મોહની ભરેલી આગમાં એક ક્ષણ પણ રાગ-દ્વેષ-મોહ વિનાની આવી, એકક્ષણ પણ નિર્મળતાની આવી તો પ્રતિક્રિયા થશે. છૂં છા થશે... પીડાનો અનુભવ થશે. પણ સતત પ્રયત્ન કરતાં કરતાં સ્થિર બેસવાની ક્ષમતા આવી જશે. હવે જોઈએ વચનનું મૌન...તો ફક્ત હોઠ બીડેલા રાખવાથી મૌન નથી પળાઈ જતું... કેમકે ફક્ત જીભ નથી બોલતી શરીરના બીજા અંગો પણ બોલે છે. આંખના ઈશારા પણ બોલે છે, મોં ના હાવભાવ પણ બોલે છે, હાથ-પગ-આંગળીઓથી કરેલા ઈશારા પણ બોલે છે. તો આ સ્વાધ્યાય અને એમાંથીજ આગળ વધતાં ધ્યાન અને કાયોત્સર્ગની સાધના કરવા માટે એવું મૌન ધારણ કરવું કે જેમાં આંખના કે આંગળીના પણ ઈશારા થી વાતો ન હોય... થોડા વખતની પ્રેક્ટિશ દ્વારા એ પણ સિધ્ધ થઈ શકશે... હવે આગળ જોઈએ કે મનને કેમ સ્થિર કરવું, શુક્ષ્મ બનાવવું...ને શુક્ષ્મ બનેલા મન દ્વારા કેવી રીતે સ્વાધ્યાયની સાધના કરવી. કેવી રીતે પોતાની જ અંદર રહેલા પરામતમને પામવો.

**બોલે એ બીજો નહિ, પરમાતમ પોતે...**
**અણસમજુને આંધળા, દૂર દૂર ગોતે...**

**સ.૨૧૭: સ્વાધ્યાયનું અંતિમ લક્ષ્યતો ચિત્તને એકાગ્ર કરવાનું જ ને ?**

**જ.૨૧૭:** ના કોઈ વિકારનો સહારો લઈને પણ કે રાગનું અવલંબન લઈને પણ ચિત્તને એકાગ્ર કરી શકાય છે. દ્વેષ, મોહ, મૂઢતાનું અવલંબન લઈને પણ ચિત્તને એકાગ્ર કરી શકાય છે. ધારોકે કોઈને કોઈના પ્રત્યે પ્રેમ થઈ ગયો તો કલાકોના કલાકો સુધી એ એના વિચારોમાં, ધ્યાનમાં રહેશે. એનું ચિત્ત એમાં એકાગ્ર થઈ જશે. જો કોઈએ અપમાન કર્યું કે કોઈના પ્રત્યેનો દ્વેષ મનમાં આવ્યો તો ચિત્ત એમાં એકાગ્ર થઈ જશે. જો કોઈ મંત્રનું રટણ કરવા લાગ્યા તો ચિત્ત એમાં એકાગ્ર થઈ જશે.... થોડીવાર માટે આપણને શાંતિપણ લાગશે. પણ તેથી કરીને વિકારોની જડ જે અવચેતનમનમાં પડી છે તે નીકળવાની નથી. આપણા સ્વાધ્યાય નામના તપનું અંતિમ લક્ષ્યફલ એ નથી કે મનને શાંત કરવાનું, નિર્વિચાર કરવાનું.કે નિર્વિકલ્પ કરવાનું આપણે તો નિર્વિકાર બનવું છે.

**સ.૨૧૮: નિર્વિકાર મન શા માટે ?**

**જ.૨૧૮:** અરે....માણસનો સ્વભાવજ એવો બની ગયો છે કે જ્યારે જુઓ ત્યારે વિકાર પેદા કરે છે. ને વ્યાકુળ થાય છે. કોઈ નથી ઈચ્છતું દુ:ખી થવું, દરેક સુખી થવાનું ચાહે છે પણ કરે છે એવું કે જેનાથી દુ:ખ વધી જાય છે. વિકાર પર વિકાર જગાવે છે ને દુ:ખી થાય છે. ભય-વાસના-ક્રોધ-અહંકાર **કોઈ પણ પ્રકારનો વિકાર જાગ્યો કે, આપણા મનની શાંતિ નષ્ટ થઈ જશે. આપણે દુ:ખી થઈ જશું. આ, કુદરતનો અબાધિત નિયમ છે. જેટલા વિકાર ઘટ્યા, અંદર સાચા અર્થમાં સુખશાંતિ. માટે આપણું અંતિમ લક્ષ્ય છે આપણા અવચેતન મનને વિકારમુક્ત બનાવવાનું. દરેક વ્યક્તિએ પોતાના વિકારોથી મુક્તિ સ્વયં પ્રયત્નથી, સાધનાથી, સ્વાધ્યાયથી કરવી પડશે. તેના માટે અંતરમુખી બનવું પડશે.**

**સ.૨૧૯: મને કોઈ-કોઈ વ્યક્તિ એવું પણ પૂછતા હોય છે કે ''બેન, તમે ધ્યાનમાં બેસતા હશો ત્યારે તો ક્યાંય ખોવાઈ જતાં હશો ને ? ક્યાંક બહાર તમારૂં મન ચાલ્યું જતું હશે ને ? ખૂબ આનંદ આવતો હશે ને ? મજા આવતી હશે ને ?''**

**જ.૨૧૯:** અરે ભાઈ.... આપણું મન બહારજ છે. જન્મ્યા ત્યારથી બહિર્મુખી બનીનેજ જીવ્યા છીએ. ચોવીશે કલાક મન ભટકતું જ છે, ખોવાઈ ગયેલું જ છે. એને પાછું અંદર લાવવા માટેનું કાર્ય આ સ્વાધ્યાયમાં કરવાનું છે. ધ્યાનમાં બહાર નથી જવાનું. આપણે ઓલરેડી બહાર જ છીએ. ત્યાંથી અંદર આવવાનું છે. કેટલી કેટલી ખોટી ભ્રમણા આ સ્વાધ્યાય, ધ્યાન અને કાર્યોત્સર્ગ વિષે પ્રસરેલી છે!!! ધ્યાન એ કોઈ મજા કરવા માટે નથી. **જ્યાજ્યાં મજા કરી કે આનંદને માણ્યો ત્યાંત્યાં સજા ભોગવવા તૈયાર**

**રહેવાનું છે. તે કુદરતનો અબાધિત નિયમ છે. જ્યાં આનંદ આવ્યો કે દુ:ખ આવ્યું તે ક્ષણે તેનો તેજ રૂપમાં સ્વીકાર કરી બીજી ક્ષણે એને યાદ પણ નથી કરવાનું. યાદ કર્યું તેનો મતલબજ એ કે તમે ભૂતકાળમાં ગયા... ને ભૂતમાં ગયા તો મર્યા... એ કર્મ ઘૂંટાઈને નિકાચિત બની જાય. તેના ગુણાકાર થઈ જાય.** જે ક્ષણે જે બન્યું તેનો સહજભાવે સ્વીકાર કરી અંતરયાત્રામાં, સ્વ ના અધ્યયયનમાં આગળ વધવાનું છે. વિકાર અંદર જાગે છે બહાર નહિ. ઘટના બહાર બને છે પણ વિકાર અંદર જાગે છે. જો તેને જાણશું નહિ તો તો વિકાર જગવવાના સ્વભાવને પલટશું કઈ રીતે ? પોતાના અંતરમનના વિકાર પેદા કરવાના સ્વભાવને પલટવો આસાન નથી. કામ અંદર કરવું પડે છે. બહારનું કોઈપણ કર્મકાંડ કે બહારની કોઈપણ વ્યક્તિ, આપણા મનના વિકારોને નિકાળી દે એ અસંભવ વાત છે. દરેકે પોતાના પરિશ્રમથી વિકારોને નિકાળવાનું છે. તેના માટે આ સ્વાધ્યાય તથા ધ્યાન સાધના છે. અંદરની સચ્ચાઈને સ્વઅનુભવથી જાણવાનું છે. જાતે જાણીને માનવાનું છે. કોઈના કહેવાથી નહિ. તે માટે મનને સુક્ષ્મ બનાવવાનું કામ પહેલાં કરવું પડશે. બહાર ભટકતું મન બાદર છે, સ્થૂળ છે. તે બાદર મન અંદરનો અનુભવ કરી શકે નહિ. એને સુક્ષ્મ બનાવવા માટે મનને એક વસ્તુ પર ટકતા શીખવવું પડે. જેમકે કોઈ તોફાની છોકરો છે તેને ના પાડો તોય અહીં તહીં ભટક્યા જ કરે છે ને તોફાન કર્યાજ કરે છે. તો તેને એક જગ્યાએ ટેકવવા શું કરવું ? તો કે એને કાંઈ કામ સોંપો કે ભાઈ.... જો આ ડબ્બામાં ગોટી છે તે પેલા ડબ્બામાં નાંખ. નંખાઈ ગઈ ? તો પાછી પેલા ડબ્બામાંથી આ ડબ્બામાં નાંખ. મન પણ આવું તોફાની છોકરા જેવું છે, મન માટે તો પહેલા એ જાણવું પડશે કે તેને ભટકાવનાર પરિબળો ક્યા છે ? એ પરિબળોને ઓછા કર્યા વગર, દૂર કર્યા વગર મનની સ્થિરતા લાવવી અસંભવ છે.

**સ.૨૨૦: તો મનને ભટકાવનાર કોણ છે ?**

**જ.૨૨૦:** તે છે અઢાર પાપસ્થાનક. અઢાર પાપસ્થાનકમાં ગળાડૂબ બેઠેલો માણસ કેટલો પણ પ્રયત્ન કરે કદી પણ એના મનને સ્થિર કરી શકતો નથી. ઘણા મને કહે છે કે, ''બેન કેટલો પણ પ્રયત્ન કરીએ પણ મન સ્થિર થતું જ નથી.'' તો ક્યાંથી થાય ? પહેલા દરેક પ્રકારના પાપને વિચારો (ચિંતન-મનન) શું પાપ છે ? મારી શું માન્યતા છે ? હું ક્યાં છું ? એ વિચારી તે પ્રમાણે પાપથી પાછા હઠવાનો પ્રયત્ન કરો. તોજ મનને સ્થિર કરી શકશો. બાકી આ અઢાર પાપસ્થાનક તો ઘૂઘવતો મહાસાગર છે. તે મનને સ્થિર થવા દેજ નહી.... થોડા પાછા હઠવાથી તેની ગતિની

તીવ્રતા ઓછી થશે. તો જ મન રૂપી સાધન દ્વારા સ્વાધ્યાય અને ધ્યાનના તપમાં ડૂબકી લગાવી શકીશું. આપણે બે-ચાર પાપસ્થાનક વિષે ઉંડાણમાં જઈએ જેથી આગળ બીજા પાપ સ્થાનક વિષે વિચારવાની દિશા મળે. એ પણ તમે જૂઓ કે ૨૬૦૦ વર્ષ પહેલાં મહાવીરે બતાવેલા ૧૮ પાપસ્થાનકમાં જ દુનિયાના દરેક પાપનો સમાવેશ થઈ જાય છે. એવું કોઈ પાપ બચતું નથી કે જેને ૧૯મો નંબર આપી શકાય. ભગવંતના જ્ઞાન પ્રત્યે કેટલો અહોભાવ જાગે છે!!!

**સ.૨૨૧: પહેલું પાપસ્થાનક પ્રણાતિપાત સમજાવો ?**

**જ.૨૨૧:** પહેલુંજ પાપસ્થાનક છે...''પ્રણાતિપાત''. કોઈ જીવને કોઈપણ પ્રકારે દુઃખ આપવું તે હિંસા છે. એમાં આપણે જૈનો એમ માનીએ કે, અમે તો અહિંસાના પૂજારી.... હા.... અમે જેના અનુયાયી છીએ એ મહાવીરની કરૂણાનો જગમાં ક્યાંય જોટો નથી... મહાવીરે દરેક જીવને સમાન મહત્તા આપી છે.... પછી તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ કાય ધરાવતો નિગોદનો જીવ હોય, પૃથ્વી, પાણી, તેઉ, વાયુ કે વનસ્પતિનો જીવ હોય કે પશુ-પક્ષી-તીર્થંચ-બેઈંદ્રિય કે ત્રેઈંદ્રિય કે ચૌરેન્દ્રિયનો જીવ હોય કે પછી દેવ-નારક કે મનુષ્યનો જીવ હોય, દરેક જીવને સુખ-દુઃખની લાગણી સમાન છે એમ મહાવીરે જ્ઞાનમાં જોઈને કીધું. કોઈપણ જીવને દુભાવવાથી હિંસાનું પાપ લાગે છે... જીવ તો એનો એજ છે, એના આત્મ-પ્રદેશો તો એજ છે, એવું નથી કે મારો જીવ અત્યારે મનુષ્ય પણમાં છે એટલે હું મોટો જીવને કાલે હું નિગોદમાં ચાલી જાઉં તો મારો નાનો જીવ.... ના ભાઈ ના.... જીવ ફક્ત ખોળિયા નાના મોટા ધારણ કરે છે. જીવના આત્મપ્રદેશોમાં કોઈ ફરક પડતો નથી. એતો આત્મપ્રદેશનો ગુણ છે કે **જ્યારે નાનું ખોળિયું મળે ત્યારે સંકોચાઈને બધાજ આત્મપ્રદેશો એટલામાં સમાઈ જાય છે. મોટું ખોળિયું મળે ત્યારે એટલા જ આત્મપ્રદેશો એમાં વિસ્તરીને રહે છે.... એ તો આપણે પાંચમા આરાના વ્રક અને જડ બુધ્ધિધારીઓની બલીહારી છે કે આપણે કોઈ જીવને મોટો જીવ માનીએ છીએ તો કોઈ જીવને નાનો જીવ માનીએ છીએ. વ્યવહારમાં પણ એવુંજ દેખવા મળે છે.... કોઈ કહે છે મેં ''પાંચ મોટા જીવ છોડાવ્યા ને બે નાના જીવ...'' આ મિથ્યાવચન છે તે સમજો....** પહેલા તો મગજમાં એ ફીટ કરો કે કોઈ જીવ નાનો મોટો છે જ નહિ, દરેક જીવ એક સરખીજ સુખ-દુઃખની લાગણી અનુભવે છે. પછી તે આંખે ન દેખી શકાય તેવા અગ્નિકાય કે વાયુકાયના જીવ હોય તોય ભલે કે વિશાળકાય યુગલિયાના જીવ હોય તોય ભલે... સૌ પ્રથમતો દરેક જણ પોતાનું આત્મનિરિક્ષણ કરે કે મહાવીરની માન્યતા સાથે મારી માન્યતા ૧૦૦% મેચ થાય છે

ખરી? બિનજરૂરી સંહાર, સૂક્ષ્મકાય જીવોનો બિનજરૂરી સંહાર જોઈને મારો જીવ ઉકળી ઉઠે છે ખરો? અથવા હું પોતે એવા કેટલા જીવોનો સંહાર કરૂં છું કે જે ન કરૂં તો ચાલે? વિજળીના ઉત્પાદનમાં કેટલા અપકાય ને તેઉકાય જીવોનો ખત્મો? એ વિજળીનો બિનજરૂરી ઉપયોગ ક્યાં ક્યાં કરીએ છીએ તે વિચારો. લાઈટીંગ જોઈને ખુશ થાઓ ખરા? બીજાને પ્રેરણા કરો કે બહુ સરસ છે જોવા જેવું છે??? રાતની પાર્ટીઓમાં વૃક્ષની ઉપર લાઈટીંગ જોઈને ખુશ થાઓ વખાણ કરો કે જીવ બળે? કે આ જૈન તરીકેનો માનવદેહ ધારણ કરી હું આ પાણીકાય, વાયુકાય, તેઉકાય ને વનસ્પતિના જીવની કિલામણાની અનુમોદના કરૂં છું એવું મનમાં થાય ખરૂં? દિવાળી કે પર્યુષણ કે દિક્ષા મહોત્સવ પ્રસંગે.... દેરાસર, ઉપાશ્રય પર લાઈટીંગો જોઈને એવું થાય ખરૂં કે જેણે એક કાંટાને પણ નથી દુભવ્યો એવા અહિંસાના પુજારીના દેરાસરને શણગારવા અનંતા અનંતા જીવોનો સંહાર!!! પેલા ગાય-ભેંસ-બકરાનું કતલખાનું દેખાય છે, આ કતલખાનું નથી દેખાતું? જેમાં અનંત જીવો મરે તેને કતલખાનું જ કહેવાય પછી ભલે તે જીવ નાના હોય કે મોટા.

**સ.૨૨૨: ઘણી વખત એવો જવાબ મળે છે કે અન્યધર્મીને આકર્ષવા માટે આવું બધું કરીએ છીએ.**

**જ.૨૨૨:** આ સાવ ખોટો જવાબ.... જો કોઈ અન્યધર્મી આકર્ષાશે તો આવા જીવસંહારના શણગારથી નહી પણ તમારા ત્યાગથી આકર્ષાશે. ગણપતિના મંદિરો પણ લાઈટીંગથી શણગારે ને તમારા પણ...તો આપણા ને એમનામાં ફરક શું? ગાય-ભેંસ-બકરાની હિંસાને પાપ તો અન્યધર્મી પણ માનેજ છે, પણ આ સૂક્ષ્મકાય જીવોની હિંસામાં પણ એટલુંજ પાપ છે. એવું જો તમે માનતા ન હોય, તમારા આચરણમાં ન હોય. એ જોઈને તમારા દિલમાં જો કોઈ દુઃખ ન હોય ઉપરથી હોંસે હોંસે આ કતલખાનું ચલાવતા હોય, તો અન્યધર્મી અને આપણામાં ફરક શું? શું આપણે મહાવીરના અનુયાયી કહેવાને લાયક છીએ? આત્મનિરીક્ષણ કરો કે મારા હૃદયમાં અહિંસાનું સ્થાપન થયું છે કે હિંસામાંજ રમી રહ્યો છું? બીજા શું કરે છે તે જોવાનું છોડી દો... વિચારો કે હું ક્યાં છું? મને આ સુક્ષ્મકાય જીવોની હિંસા જોઈને હૃદયબળે છે કે રાચીમાચીને ખુશ થાઉં છું? એકને બદલે બે ગાડી આવે કે બે બંગલા આવે તો ખુશી કે દુઃખ? ઘરમાં એ.સી. આવે, ફ્રીજ આવે... જીવસંહારના અન્ય સાધનોના વખાણ કરતાં થાકતા ન હો તો કહી દો તમારા આત્માને કે હિંસામાં તારી અનુમોદના છે. મહાપૂજાના નામે

કેટલા ફળ-ફૂલ-પાનનો સંહાર...!!! સામાન્ય બુધ્ધીથી પણ કોઈ વિચારે તો પણ સમજી શકાય કે મહાવીર કોઈ એવી હિંસક વ્યક્તી નહતી કે જે આટલી બધી અધધ હિંસા કરીને એનાજ મંદિરને શણગારવાનું કહે? કોઈ કોઈ એવી દલીલ કરે છે કે 'શાસ્ત્રમાં કહ્યું છે' અરે ભાઈ... કેવા સમયમાં કેવી સમયની માંગનું પ્રમાણે આ રચનાઓ થઈ છે તે જાણો છો? આજથી ૨૦૦-૫૦૦ વરસ પહેલાનો સમય એવો હતો કે ક્યાંક ક્યાંક છૂટાછવાયા ઘર હતા અને ચારે બાજુ ખૂબજ વનરાજી હતી. એટલે જમીન પર એટલા બધા ફૂલ-પાંદડાનો ઢગલો થઈ જતો કે જમીન પણ ઢંકાઈ જતી. તે સમયે કહ્યું કે જે ફૂલ વૃક્ષથી છૂટા પડી ગયા છે તેમાંથી જે સુગંધિત છે. જે અખંડ છે તેવા ફૂલ લઈને પૂજા કરો.... (સુરભિ અખંડ કુસુમ ગ્રહી) સમય પ્રમાણે શાસ્ત્રની રચના થઈ.... પણ આજે એ સમય નથી.... આજે તો ફૂલની સાથે કળીઓ પણ ચૂંટી લેવાય છે... આટલા ફૂલો ચૂંટવા માટે કેટલી અન્ય વનસ્પતિ ખુંદવી પડે છે. એટલું તો વિચારો... શું આવી હિંસામાં મહાવીરની મંજૂરી હોય? આજે દિક્ષાર્થી લોકો, વિજળીથી ચાલતા, ઉપર લટકતા એવા સાધનમાં ઉભા રહી વર્ષીદાન ફેંકે છે. આજથી સો બસો વરસ પછી આ શાસ્ત્ર બની જશે કે આપણા પૂર્વજો આવા સાધનોનો ઉપયોગ કરતા હતા.... અમારા શાસ્ત્રમાં છે. એની વાતો છે, ફોટા છે... માટે એજ કરો.... એ ધર્મ છે.... બસ આમ ધર્મ ડહોળાતો રહે છે.... **પણ સુજ્ઞ લોકો ફક્ત મહાવીરના સિધ્ધાંતને પકડી લો ને એ સિધ્ધાંત પર ચાલવાની કોશીષ કરો તો જ હિંસા નામના પાપથી પાછા હટાશે...** પાછળના અનુયાયીઓ જે કેવળજ્ઞાની નથી તેમાં મતભેદ પડે છે, વાડા અલગ પડે છે ને સહુ-સહુની મતિ પ્રમાણે રચનાઓ થવા લાગે છે. જુઓ ગણિતમાં ગમે તેટલા મોટા સમીકરણો આવે પણ મૂળ સિધ્ધાંત ક્યારેય બદલાતા નથી. $A \times A = A^2$ જ થાય. એવા સિધ્ધાંત બદલાતા નથી. એમ મહાવીરના સિધ્ધાંતને આત્મસાત કરી અહિંસાના પલ્લામાં ઉભા રહેવાની કોશીશ કરો... જ્યાં સુધી નાની સરખી હિંસામાં આપણી અનુમોદના હશે ત્યાં સુધી આપણે આપણા આત્મામાં સ્થિર થઈ શકશું નહિ. સ્વાધ્યાય કે ધ્યાન નામના તપમાં ઉંડાણ સાધી શકાશે નહિ.

**સ.૨૨૩: બીજુ પાપસ્થાનક મૃષાવાદ સમજાવો?**

**જ.૨૨૩ :** બીજુ પાપસ્થાનક મૃષાવાદ એટલે કે જૂઠું બોલવું. સામાન્ય રીતે આપણને એમ લાગે કે હું ક્યાં જૂઠું બોલું છું?? પણ આત્મનિરિક્ષણ કર્યા વગર આવું વિચારવું એ પણ જૂઠ જ છે. ઘણીવાર આપણે કોઈનો ફોન ન ઉપાડવો હોય તો ઘરનાને કહી દઈએ કે તેમને કહી દો કે હું ઉંઘી ગયો

છું અથવા ઘરે નથી એક દૃષ્ટિ એ જોતા એમ લાગે કે આમાં શું જૂઠું બોલ્યા. પણ આપણે નથી જાણતા કે **ગુલાબની એક પાંદડીના ચોથા ભાગ જેટલું જૂઠું બોલ્યા હોય એટલું જૂઠ ગુલાબમાં આખા ગુચ્છા જેટલું થઈ જાય એટલું ભોગવટામાં આવે ને એ જ્યારે પણ ભોગવટામાં આવે ત્યારે નવું જૂઠ બોલાવે.** સુક્ષ્મતામાં જાઓ તો કોઈ વાત વધારીને રજૂ કરવી કે ઘટાડીને કહેવી એ પણ જૂઠ જ છે. એક જુઠાણું બીજા ૧૦૦ જૂઠાણા ને જન્મ આપે. માટે જૂઠ નામના રાક્ષસથી બહુ બચવા જેવું છે. એના માટે બને તેટલું મૌન રહેવું એ સૌથી સારો ઉપાય છે. પણ યાદ રાખો ઈશારાથી પણ જૂઠું બોલી શકાય છે. એટલે ઈશારાથી પણ વાતો નહીં કરવી એવું આર્યમૌન સૌથી ઉત્તમ છે.

**સ.૨૨૪: ત્રીજું પાપસ્થાનક અદત્તાદાન સમજાવો ?**

**જ.૨૨૪:** ત્રીજું આવે છે અદત્તાદાન એટલે કે નહી દીધેલું દાન લેવું એટલે કે ચોરી કરવી. અદત્તાદાનની વાત આવે એટલે પુણ્યાશ્રાવકનું સામાયિક યાદ આવે. **મન-વચન કાયાની સ્થિરતા કરી. જાગૃતપણે સમતામાં રહેવું, શરીરમાં - સ્વમાં જાગૃતપણે ક્યાં ક્યાં શું ઘટના ઘટી રહી છે તેનું સાક્ષીભાવ થી અવલોકન કરવો, તેનું અધ્યયન કરવું ને સાથે સાથે રાગ-દ્વેષના ભાવોથી અલિપ્ત રહી સમતામાં સ્થાપિત થવું તેનું નામ છે સ્વાધ્યાય, તેનું જ નામ છે સામાયિક.** તો આપણે જોઈએ કે તે દિવસે પૂણ્યાનું મન સામાયિક દરમ્યાન સમતામાં કેમ સ્થિર નહોતું થઈ રહ્યું ? ? વિચારતા-પૂછતાં જાણવે મળે છે કે પાડોશીનું છાણું ભૂલથી આવી ગયું હતું અને પૂણ્યાને ધ્યાનમાં આવ્યું કે અહો... આતો **''અદત્તાદાન''**...ભલે અજાણ્યે પણ થઈ ગયેલું આ પાપ મનને સ્થિર ક્યાંથી થવા દે ? હવે વિચાર કરો...જો આટલું નાનું સહજ જેટલું પાપ સ્થિરતા ન થવા દે... તો આપણે તો પાપોના ઘૂઘવતા મહાસાગરની મધ્યમાં બેઠા છીએ. એ આપણાને સમતામાં સ્થિર કેવી રીતે થવા દે ? મનની ચંચળતાને કેવી રીતે રોકી શકીએ. પૂણ્યાના ઉદાહરણ પરથી એટલું તો સમજમાં આવે છે કે જ્યાં સુધી પાપથી પાછા નહી હટીએ ત્યાં સુધી મનની સ્થિરતા થવી અસંભવ છે. મનની સ્થિરતા વગર સ્વનો અધ્યાય થઈ શકશે નહિ. **માટે આધ્યાત્મિક જગતમાં ડગ ભરનાર વ્યક્તિએ પોતાની આજુબાજુ પાપોથી પાછા હઠવાની વાડ બાંધવી પડશે. પ્રતિજ્ઞા લેવી પડશે. તો ઉજાગર પણે મન-વચન-કાયાની સ્થિરતા થશે, સ્થિરતા થશે તો કર્મની પ્રતરો એક પછી એક ઉદિરણામાં આવશે. જો આ પ્રતરને સમતામાં સ્થિર રહી રાગ-દ્વેષ કર્યા વગર વેદશો તો કર્મની નિર્જરા થશે... જેમ જેમ કર્મ નિર્જરતા જશે...આત્મા વધુને વધુ શુધ્ધ થતો જશે... જેમ જેમ આત્મા શુધ્ધ થતો જશે વધુને વધુ પાપથી પાછા**

**હઠતા જશો...આમ પાપોથી પાછા હઠવું ને સ્વનો અધ્યાય થવો બંને એકજ સિક્કાની બે બાજુ છે. એક વગર બીજું અસંભવ છે.**

**સ.૨૨૫ :શું બધા પાપસ્થાનક વિષે આ રીતે ચીંતન કરવું ?**

**જ.૨૨૫** :હા! આ રીતે દરેક અઢારે અઢાર પાપ વિષે ચિંતન મનન કરી, આત્મનિરિક્ષણ કરી, સ્વાધ્યાય કાળ દરમ્યાન તો કડક પણે આ પાપોનું સેવન ન જ થવું જોઈએ એવી પ્રતિજ્ઞા લેવી. ત્યારબાદ જિનમુદ્રામાં અથવા સુખાસને બેસી કાયાને સ્થિર કરવી બિલ્કુલ મૌન ધારણ કરવું. ઈશારાથી પણ વાતો નહિ જેને આર્યમૌન કહેવાય. આ રીતે કાયા અને વાણીની સ્થિરતા કરવી. શરૂઆતમાં થોડો સમય તો બેસતાની સાથે જ શરીર વિરોધ કરશે. અકડાશે, દુ:ખાવો થશે. પણ ધીરે ધીરે રોજબરોજ થોડો થોડો સમય વધારતા જવું એ રીતે પ્રેક્ટિસ થતાં પછી એટલી તો ક્ષમતા આવી જશે કે એટલીસ્ટ એક કલાક સુધી બિલકુલ આંગળીએ ન હલે એ રીતના મૌનપણે બેસી શકાશે. વચન અને કાયાની સ્થિરતા કર્યા પછી હવે એ જોઈએ કે મનને કેવી રીતે સ્થિર કરવું.

**સ.૨૨૬ :મનની સ્થિરતા માટે પૂર્વાચાર્યોએ શું પ્રયોગ કર્યા ?**

**જ.૨૨૬** :આપણા પૂર્વાચાર્યાએ મનને સ્થિર કરવા માટે ઘણા અલગ અલગ અવલંબન લઈને પ્રયોગ કર્યા. કોઈ મૂર્તિનું અવલંબન લઈ મૂર્તિ સામે મનને ટકાવી રાખવાનો પ્રયત્ન કરતા પણ એમાં બન્યું એવું કે જેટલો સમય મૂર્તિ સામે હોય એટલો સમય મન તેના પર ટકતું પરંતુ જેવી મૂર્તિ સામેથી તે વ્યક્તિ ખસી ગઈ કે વ્યક્તિ સામેથી મૂર્તિ દૂર થઈ તો મન પણ ક્યાંક ભાગી જતું. પૂર્વાચાર્યોએ મંત્રનું અલંબન લઈને પણ મનને ટકેવવાનો પ્રયત્ન કર્યો એમણે જોયું કે શરૂ શરૂમાં તો મંત્ર પર મન ટકી રહે છે. પણ પછી મંત્રનું રટણ તો ચાલુ હોય છે ને મનતો ક્યાંથી ક્યાં પહોંચી જાય છે જેમ કે કોઈ નવું નવું ગાડી ચલાવતા શીખ્યુ હોય તો તેનું બધુજ ધ્યાન ગાડી ચલાવવામાં રહે છે પણ જેમ જેમ ગાડી ચલાવવાનો મહાવરો વધતો જાય તેમ તેમ તે એકબાજુ ગાડી પણ ચલાવતો રહે છે ને આરામથી મોબાઈલ પર વાતો પણ કરે છે. તેવી રીતે શરૂઆતમાં તો મંત્ર રટણ પર મન બરાબર રહે છે પરંતુ થોડો મહાવરો થયા પછી એક બાજુ મંત્ર રટણ ચાલુ હોય છે ને બીજી બાજુ મન ક્યાંનું ક્યાં ભાગી જતું હોય છે... આમ અલગ અલગ અવલંબનોને આજમાવી જોતા ખ્યાલ આવી ગયો કે 'શ્વાસ' જ એક એવું અવલંબન છે જે કાયમ ચોવીશે કલાક આપણા સાથે રહે છે. ને જેમ જેમ એનો મહાવરો થાય તેમ તેમ મનનું ભાગવાનું ઓછું થાય છે.

ને શ્વાસ પર ટકી રહે છે. જો શ્વાસ પરથી મન ખસે કે, તરતજ તેને પાછું શ્વાસ પર લાવી શકાય છે.

સ્વાધ્યાયમાં શ્વાસોશ્વાસ પર મનને ટેકવી બર્હિમુખી મનને અંતર્મુખી બનાવી એ સુક્ષ્મ મન દ્વારા મસ્તકથી પગની પાની સુધી અંતરયાત્રા કરવાની છે. જ્યાં જે અનુભવ થાય ત્યાં રાગ-દ્વેષ જગાવ્યા વગર તટસ્થપણે સમતામાં અનિત્ય ભાવનામાં સ્થિર થવાનું છે. આ સ્વાધ્યાયમાંજ પરિપક્વ થતાં થતાં, આગળ વધતાં ધ્યાન અને છેલ્લે કાયોત્સર્ગ નામનો તપ પરિણમિત થશે.

**સ.૨૨૭: શ્વાસોશ્વાસનું અવલંબન અને ચિત્તને સ્થિર કરવાનો પ્રયોગ જૈન સાધનામાં છે ખરો ?**

જ.૨૨૭ :શ્વાસોશ્વાસનું અવલંબન લઈને ચિત્તને સ્થિર કરવાનો પ્રયોગ જૈન સાધનામાં પહેલાં પણ ઘણો વ્યાપકપણે થયેલો છે. તેની ખાત્રી આગમોમાં આવતા કાઉસગ્ગની વિધિ દર્શાવતા ઉલ્લેખો આપે છે. આપણા આગમોમાં કાઉસગ્ગ શ્વાસોશ્વાસ રૂપે હતો. જેનો પુરાવો 'આવશ્યક' નિર્યુક્તિમાં મળે છે. આપણે આજે જે કાઉસગ્ગ કરીએ છીએ તે ખરેખર તો ફક્ત સ્વાભાવિક શ્વાસોશ્વાસને જોવાનું હતું. પરંતુ કાળક્રમે ઉતરતા સંઘયણે (સંઘયણ એટલે શરીરમાં હાડકાની મજબુતાઈ) લોકો આ રીતના કાઉસગ્ગ નહોતા કરતા. કોઈ ઉંઘી જતા. કોઈ બીજા વિચારોમાં મગ્ન થઈ જતા, કોઈ આ શ્વાસોશ્વાસની સાથે કોઈ શબ્દને જોડી દઈ એનું રટણ કરતા, માટે આ સત્ય વિધિનો જે લાભ મળવો જોઈએ તે નહોતો મળતો. તેથી પૂર્વાચાર્યોએ બહુ સમજી વિચારીને, દિર્ઘદૃષ્ટિ વાપરીને આ કાઉસગ્ગમાં શ્વાસોશ્વાસની સાથે લોગસ્સ જોડયો. લોગસ્સના એક પદની સાથે એક શ્વાસને જોવાનું જેથી ધ્યાન શ્વાસોશ્વાસ પર રહે. પરંતુ કાળક્રમે મૂળવિધિ શ્વાસોશ્વાસને જોવાનું લોકોએ છોડી દીધું અને ફક્ત લોગસ્સ ગણવાને જ કાઉસગ્ગ માની લીધો. આમ સાપ ચાલ્યો ગયોને કાંચળી હાથમાં રહી ગઈ.

સાધુ અને શ્રાવકોના દરરોજના અનુષ્ઠાનમાં કાઉસગ્ગની એવી વ્યાપક ગુંથણી છે કે આ સ્વાધ્યાય-ધ્યાનમાં અભ્યાસ નિરંતર થતો રહે. એક પ્રવૃત્તિમાંથી બીજી ક્રિયામાં જતા તે ક્રિયાની શરૂઆત 'ઈરિયાવહી પ્રતિક્રમણ'થી થાય છે. જેમાં ૨૫ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસગ્ગ કરવાનું વિધાન છે. કાયાને સાવ શિથિલ કરી, સ્થિર રાખી, મૌન રહી, શ્વાસની ગતિ સાથે ચિત્તને શાંત થવા દેવામાં આવે. મુનિને એકલી ઈરિયાવહીની ક્રિયા નિમિત્તે રોજ કેટલીયેવાર ૨૫ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસગ્ગ દ્વારા આ પ્રક્રિયાનો અભ્યાસ સતત ચાલતો રહે, એવી સુંદર યોજના મુનિની

દિનચર્યામાં છે. પરંતુ ગમે તે કારણે આ પ્રણાલિકા આજે આપણે ખોઈ બેઠા છીએ. અરે... આગમોમાં કાઉસગ્ગની સમયમર્યાદા પણ શ્વાસોશ્વાસની સંખ્યાથી દર્શાવાઈ છે. અમુક કાઉસગ્ગ અમુક શ્વાસોશ્વાસ પ્રમાણ એમ બતાવાયું છે કાઉસગ્ગમાં શુદ્ધ શ્વાસોશ્વાસને જોવાના હતા, પણ તેની સાથે લોગસ્સ જોડી દેવાથી લોગસ્સ ગણવાનું ચાલુ રહ્યું ને શ્વાસને જોવાનું કામ છૂટી ગયું. વળી કોઈપણ નામ-શબ્દ-મંત્રનું રટણ કરવાથી ચિત્ત તો એકાગ્ર થઈ જશે, પણ આપણું ધ્યેય માત્ર ચિત્તને એકાગ્ર કરવાનું નથી. આપણું ધ્યેય તો અવચેતન મનમાં પડેલા વિકારો સુધી પહોંચીને તેને ઉખેડીને કાઢવાનું છે. ચિત્ત એકાગ્ર તો રાગથી મોહથી કે દ્વેષથી પણ થઈ જાય.... દા.ત. કોઈના પ્રત્યે રાગ જન્મ્યો છે કે દ્વેષ ઉદ્ભવ્યો છે તો તેના વિચારોમાં કલાકોના કલાકો સુધી મન એકાગ્ર થઈ શકે છે. પરંતુ આપણું ધ્યેય, અંતિમ લક્ષ્ય મુક્તિનું છે. તેના માટે અંતરમનમાં પડેલા રાગના-દ્વેષના-મોહના કર્મસંસ્કારોને કાઢવાનું છે.

**સ.૨૨૮: આપણા શ્વાસને ને વિકારોને શું સંબંધ છે ?**

જ.૨૨૮: આપણા શ્વાસને અને આ વિકારોને ગાઢ સંબંધ છે. તે તમે પણ આત્મનિરીક્ષણ કરશો તો જોઈ શકશો કે જેવો કોઈ વિકાર મનમાં જાગે છે, ક્રોધનો કે ભયનો કે લોભનો કે મૈથુનનો અને તરત જ શ્વાસની ગતિમાં ફરક પડી જાય છે. શ્વાસ તેજ બની જાય છે શ્વાસ ધ્રુજવા લાગે છે. જેવો વિકાર દૂર કરશો કે શ્વાસ પોતાની મેળે ધીમી અને સાધારણ ગતિથી ચાલતો થશે. આ બતાવે છે કે શ્વાસને વિકારો સાથે ગાઢ સંબંધ છે. શ્વાસને સહારે સહારે વિકારોને ઉખેડી કાઢી શકીશું.

શ્વાસોશ્વાસનું અવલંબન લઈને આત્માની જાગૃતતા સાથે શ્વાસપ્રત્યે સાક્ષીભાવ લાવતાં લાવતાં એ અનુભવ થશે કે દૂષિત વિચારોથી થોડો થોડો છૂટકારો થવા લાગ્યા છે. દુષિત વિચારો ઓછા થવા લાગ્યા છે. આમ શ્વાસ પર મનને ટેકવીને બહાર ભટકતા સ્થૂળ મનને સૂક્ષ્મ બનાવી એ સૂક્ષ્મ મન દ્વારા અંતરયાત્રા કરી સ્વનો અધ્યાય કરવાનો છે, સ્વાધ્યાય કરતા કેવી રીતે કર્મની નિર્જરા થશે તે પણ વિચારશું.

**સ.૨૨૯: શ્વાસનું જ આલંબન લેવાના બીજા કારણો શું ?**

જ.૨૨૯: (૧) શ્વાસને જોવાનો અભ્યાસ કરતા કરતા એ અનુભવ થાય છે કે મન કેટલું ચંચળ છે. એક ક્ષણ પણ સ્થિર રહી શકતું નથી. કાં ભૂતકાળની સ્મૃતિમાં ભાગ લે છે કાં ભવિષ્યની કલ્પનામાં. એક ક્ષણ પણ વર્તમાનમાં રહેવા ઈચ્છતું નથી. ફક્ત આવતા-જતા શ્વાસને જોવાનું કામ મનને સોંપીને મનને વર્તમાનમાં રહેતા શીખવાડવા લાગ્યા. જે આવી રહ્યો

છે અથવા જઈ રહ્યો છે તે આ ક્ષણની ઘટના છે. આની પહેલાનો શ્વાસ ભૂતકાળનો છે આની પછીનો શ્વાસ ભવિષ્યકાળ છે. પણ આ ક્ષણનો શ્વાસ એ આપણો વર્તમાન છે. વર્તમાનમાં રહેતા આવડશે તો ઘણા રહસ્યો સામે આવશે.

(૨) આપણે ફક્ત શ્વાસને જોઈએ છીએ,(જાગરૂકતાથી ઈચ્છા-આકાંક્ષા કર્યા વગર) જાણીએ છીએ. તેથી આપણો સંબંધ ભૂતકાળની સ્મૃતિઓને ભવિષ્યની કલ્પનાથી તૂટતો જાય છે. જ્યારે પણ મન ભૂતકાળની સુખદ સ્મૃતિમાં ડૂબેલું હોય છે ત્યારે ઘણી ઈચ્છા રહે છે કે આ સ્થિતિ કાયમ રહે. આ સ્થિતિ ફરીને પ્રાપ્ત થાય (આ રાગ છે). તેવી જ રીતે દુઃખદ કલ્પના કે સ્મૃતિને હંમેશા ટાળવાની ઈચ્છા રહે છે (આ દ્વેષ છે). ફક્ત શ્વાસને જ જોવાથી એક રીતે રાગ અને દ્વેષ તૂટતા જશે. યથાભૂત શ્વાસને જોવાથી શું રાગ પેદા થશે ? શું દ્વેષ પેદા થશે ? એ ક્ષણે આપણે મોહથી પણ દૂર છીએ કેમકે કોઈ કલ્પનામાં ડૂબેલા નથી. કલાકોની સાધનામાં થોડી ક્ષણો એવી આવે છે કે જ્યારે આપણે કેવળ શ્વાસને જોઈએ છીએ તે ક્ષણનું ચિત્ત નિર્મળ થાય છે.

(૩) મનુષ્યે જન્મ લીધો ત્યારથી આંખ ખોલીને બહારની દુનિયાને જ જોઈ. સદૈવ બહિર્મુખી જ રહ્યા. કદી અંતર્મુખી થઈને પોતાને જોયું જ નથી. બાહ્ય ભટકતું મન સ્થૂળ છે. તે અંદરની યાત્રા, અંદરની અનુભૂતિ કરી શકતું નથી. પણ શ્વાસ પર મન ટેકવવાથી એકાગ્ર થયેલું મન સૂક્ષ્મ છે. આ સૂક્ષ્મ મન દ્વારા અંતરમુખી થઈને અંતરયાત્રા કરતા (સ્વાધ્યાય કરતા કરતા) એ ખ્યાલ આવશે કે આ આખોય શરીર પ્રપંચ, જેને 'હું હું મારૂં મારૂં' કહ્યા કરૂં છું તે બધું શું છે ? અત્યાર સુધી બૌધિક સ્તરે ચેતન મનમાં જાણકારી હતી તે અનુભૂતિઓ દ્વારા જાણશું કે આ શરીરને મનના પ્રપંચો છે શું ?

(૪) આપણું આખું શરીર, નાના પરમાણુઓ, જીવકોષોથી બન્યું છે, એમાં કાંઈ ને કાંઈ જીવ રાસાયણિક પ્રતિક્રિયા - વિદ્યુત - ચુંબકીય પ્રતિક્રિયા નિરંતર થયા કરે છે. (મન સ્થૂળ છે માટે એનો અનુભવ નથી કરી શકતું.) **શ્વાસ પર એકાગ્ર થઈ સૂક્ષ્મ બનેલું મન આ સત્ય અનુભવથી જાણી શકશે. શરીર નશ્વર છે, ક્ષણભંગુર છે, મન ચંચળ છે, ચપળ છે આ બધું ઘણું સાંભળ્યું છે પણ અનુભવના આધારે આ વાત અનુભવી નથી. માટે શરીર અને મન પ્રત્યેની આસક્તિ તૂટતી નથી. જે અવસ્થા ઈન્દ્રિયાતીત છે, ભવાતીત છે, લોકાતીત છે. (સમ્યક્દર્શન) ત્યાં સુધી પહોંચવું છે. તો આપણે જાતે અનુભવના ક્ષેત્રમાંથી પસાર થવું પડશે. જ્યારે આપણે પોતે સ્વનો અધ્યાય કરતા કરતા સ્વ અનુભવ દ્વારા જાણશું કે એક આંખના પલકારા**

**જેટલા સમયમાં કેટલા પરમાણુ ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે. ત્યારે મહાવીરના શબ્દો - ઉપનેઈવા, વિગમેઈવા સમજાશે.** ત્યારે આત્મા સમજશે કે આવા ક્ષણભંગુર શરીર પર શું રાગ કરૂં? શું દ્વેષ કરૂં? અંતરયાત્રા વગર સ્વાધ્યાય - ધ્યાન - કાયોત્સર્ગ જેવો તપ ઘટિત થઈ શકે નહિ - આખી દુનિયાની યાત્રા ભલે કરી પણ જ્યાં સુધી અંતરયાત્રા નથી કરી ત્યાં સુધી બધી જ યાત્રા અધૂરી છે.

''જ્યાં લગી આત્મા તત્ત્વ ચિંત્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી...''

**સ.૨૩૦: મનની સ્થિરતા માટે શું કરવું ?**

**જ.૨૩૦:** મનની સ્થિરતા માટે એને એક જગ્યાએ ટેકવવું જરૂરી છે. કેમકે બાહ્ય ભટકતું મન સ્થૂળ છે. સ્થૂળ મન, બાદર મન શરીરમાં ઉત્પન્ન થતી સંવેદનાનો અનુભવ કરી શકતું નથી. બાદર મન એ બૂઠી પેન્સિલ જેવું છે. જે લખવાનું કાર્ય કરી શકતી નથી. જ્યારે સૂક્ષ્મ મન અણીકાઢેલી પેન્સિલ જેવું છે જે સરળતાથી લખી શકે છે. મનને ફક્ત શ્વાસ જોવાનું કામ સોંપવાથી એ એક જગ્યા પર સ્થિર થશે. સ્થિર થશે તો સૂક્ષ્મ બનશે. પણ એને માટે નીચેના નિયમો ખૂબજ કડક પણે પાળવા. નહિ તો આ તપનો ફાયદો મળી શકશે નહિ.

**સ.૨૩૧: એના માટે કયા નિયમો પાળવા ?**

**જ.૨૩૧:** (૧) શરૂઆતમાં પાંચ થી છ દિવસ દરરોજના ૮ કલાકના હિસાબે ફક્ત શ્વાસોશ્વાસને આવતાંને જતાં જોવા. (અનુભવવા) (૨) આ દિવસો દરમ્યાન સાંસારિક બધાંજ સંબંધ કાપી નાખવા. ન છાપુ, ન મોબાઈલ, ન વાતચીત કાંઈજ નહિ. (૩) સંપૂર્ણ પણે મૌન રાખવું. જો થોડી પણ વાતો કરવા ગયા તો ચાદરમાં એક છીંડુ પડી જશે. પછી સાધનાનો સ્વાધ્યાયનો જે લાભ મળવો જોઈએ તે મળી શકશે નહિ. (૪) સ્વાધ્યાય જેવો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તપ કરવા માટે આપણી અંદર ઘણી શક્તિનો સંગ્રહ થવો જરૂરી છે. જો કડકપણે મૌન રાખશો તો જ આ શક્તિ સંગ્રહિત થશે. બોલવાથી આ શક્તિ વેડફાઈ જશે. તો સ્વનો અધ્યાય કેવી રીતે કરશો ? (૫) કડકપણે મૌન રાખવાથી મૃષાવાદ (જૂઠું નહી બોલવું)નો નિયમ આપોઆપ પળાઈ જશે. (૬) ૧૮ પાપસ્થાનકમાંના પહેલા ચાર પાપ-પ્રણાતિપાત (હિંસા), મૃષાવાદ (જૂઠું), અદત્તાદાન (ચોરી), મૈથુન (અબ્રહ્મ) આ ચાર વ્રત એટલા કડકપણે પાળવાના છે કે **જાન જાયે પર વચન ન જાયે.** તો જ આ તપનો ફાયદો મળી શકશે (૭) કોઈપણ પ્રકારના વ્યસન હોય કે માદક પીણા કે માદક વસ્તુનું સેવન કરતા હો તો સાધના દરમ્યાન સંપૂર્ણપણે છોડવાનું છે. ''કાંઈ પામવું

છે તો કાંઈ છોડવું પણ પડશે.'' ''સારૂં પામવા માટે ખોટું છોડવાનું છે એમાં ક્યાં વિચારવાનું છે?'' જુઓ આ શ્વાસોશ્વાસને જોવા કે શ્વાસોશ્વાસ પર મન ટેકવવું એ સ્વાધ્યાય નથી. એ સ્વાધ્યાય કરવા માટેની પૂર્વ તૈયારી છે. એ દ્વારા મનને એટલું સક્ષમ બનાવવું છે કે તે બહાર ભટકવાનું બંદ કરે ને અંદર ઉતરી ક્યાં શું ઘટિત થઈ રહ્યું છે એનો અનુભવ કરે.

**સ.૨૩૨: શ્વાસને અવલોકતી વખતે શું ધ્યાનમાં રાખવાનું છે.**

જ.૨૩૨: (૧) સુખાસને ધ્યાન મુદ્રામાં બેસી પોતાના શ્વાસ પ્રત્યે સજાગ રહી શ્વાસના આવાગમન ને જાણવું આવે તો જાણવું આવ્યો. જાય તો જાણવું ગયો. (૨) શ્વાસ વધારવાનો નથી, ઘટાડવાનો નથી લાંબો છે તો જાણી લીધું કે લાંબો છે, ટૂંકો છે તો જાણી લીધું ટૂંકો છે. શ્વાસની કસરત નથી કરવાની. સ્વાભાવિક રીતે જે આવે છે ને જાય છે તેની ફક્ત નોંધ લો...હા...શ્વાસની ખબર ન પડતી હોય તો બે ત્રણ ઝડપથી શ્વાસ લઈને પછી સ્વાભાવિક શ્વાસપર આવી જાવ. (૩) મન જો ભાગી જાય તો સજગ રહી તરત એને પાછું શ્વાસપર લઈ આવો. (૪) શ્વાસની સાથે કોઈ શબ્દ, કોઈ નામ, કોઈ મંત્ર, કોઈ રૂપ, કોઈ આકૃતિ, કોઈ રટણ કાંઈજ જોડતા નહિ. શ્વાસને શુધ્ધ જ રાખજો. જો કાંઈપણ જોડી દીધું તો આ વિધિનો ફાયદો મળી શકશે નહિ. (૫) શ્વાસપર ધ્યાન ટેકવતા એ પણ જુઓ કે શ્વાસા ડાબી નાસિકામાંથી આવે છે કે જમણી? કે બંને નાસિકામાંથી પસાર થાય છે? ક્યાં સ્પર્શ કરે છે? ગરમ છે કે ઠંડો? (૬) ઉપરના હોઠથી નાસિકાનો હિસ્સો આટલી દૂરીમાં ક્યાં સ્પર્શ કરે છે? બહાર જવા વાળો શ્વાસ ક્યાં સ્પર્શ્યો? નાકની અંદર સ્પર્શીને ગયો કે નાકની બહારની કિનારીને સ્પર્શીને ગયો કે મૂછના સ્થાનને અડીને ગયો? આટલા આ △ સ્થાનમાં (ઉપરવાળા હોઠથી નાસિકાનો હિસ્સો) આવતોને જતો શ્વાસ ક્યાં સ્પર્શે છે? એમાં કાંઈપણ જોડયા વગર, વધારો કે ઘટાડો કર્યા વગર...જેમ છે, જેવું છે તે યથાભૂત અનુભવ કરો....આ ક્ષણ - વર્તમાન ક્ષણ પ્રત્યે સજગ રહો. (૭) જો કાંઈપણ અનુભવ ન થતું હોય. ક્યાં ગરમ લાગે છે કે ઠંડો લાગે છે કાંઈ ફીલ ન થતું હોય તો પણ તેની અપેક્ષા નહી કરવાની.

આ બહુ મુખ્યવાત સમજવાની છે. કોઈપણ જાતની અપેક્ષા કરશો કે ''અરે મને તો ખબરજ નથી પડતી...બીજા ને તો પડે છે...મને ક્યારે પડશે?... મારૂં સાચું થાય છે કે ખોટું?'' આવા કોઈજ વિચારો નહી કરવાના. ''આ ક્ષણે મને આ વસ્તુની ખબર નથી પડતી તો તે આ ક્ષણની સચ્ચાઈ છે. તો તેને સ્વીકારીને ચાલવાનું છે. ફક્ત જાણવાનું

છે કે ખબર નથી પડતી...'' ખબર પડેજ એવી અપેક્ષા નહી કરવાની. ક્યાં શું ઘટિત થઈ રહ્યું છે. સ્વમાં શું અધ્યાય ચાલી રહ્યો છે. આ ક્ષણની શું સચ્ચાઈ છે તેને ફક્ત જાણવાની છે. ન તેમાં કાંઈ વધારવાનું છે ન કાંઈ ઘટાડવાનું.

જુઓ શ્રી ચિદાનંદજીએ આ સજ્ઝાયની પ્રથમ કડીમાંજ કેવી સચોટ વાત કહી દીધી છે :-

અવધૂ નિરપક્ષ વિરલા કોઈ, દેખ્યા જગત સહુ જોઈ...
સમરસભાવ ભલા ચિત્ત જાકે, થાપ-ઉથાપ ન હોઈ
અવિનાશી કે ઘરકી બાતાં, જાનેકો નર સોઈ...

ચિદાનંદજી કહે છે કે ક્યો નર અવિનાશીના (આત્માના) ઘરની વાત જાણી શકશે ? એટલે કે આત્મદર્શન, સમ્યક્દર્શન કરી શકશે કે જે નિરપક્ષ હશે. જેના ચિત્તમાં સમતાભાવ હશે...ને જે નર જ્યારે જેવું જે બની રહ્યું છે તેમાં કાંઈપણ થાપ કે ઉથાપ કર્યા વગર એટલે કે ઘટાડયા કે વધાર્યા વગર એનો સ્વીકાર કરશે...(આ એકજ કડીમાં ચિદાનંદજીએ તત્વનો સાર, સ્વાધ્યાયનો મર્મ કહી દીધો છે) તેવો વિરલો આત્મદર્શન કરી શકશે.

**સ.૨૩૩: આ મનુષ્ય જન્મ પામીને આપણું પહેલું કાર્ય શું છે ?**

જ.૨૩૩: આપણું પહેલું કાર્ય એ છે કે સ્વ-અધ્યાય કરતા કરતા સ્વનું દર્શન કરવું. આત્મ અનુભવ કરવો. સમ્યક્દર્શન માટે પુરૂષાર્થ કરવો. સમ્યક્દર્શન થતાં વધુમાં વધુ ૧૫ ભવમાં મોક્ષ નિશ્ચિત થઈ જાય છે. ને જે વ્યક્તિ સમ્યક્દર્શન પામ્યા વિનાજ કેટલી પણ ક્રિયા કરે, ધર્મ કરણી કરે તે બધું વિષક્રિયા બની જાય છે. કેમકે તે ક્રિયા મોક્ષ આપી શકતી નથી. જન્મ મરણના ચક્કરમાંથી છૂટી શકાતું નથી. સમકિત પામ્યા પહેલાં ૯૫% અનુબંધ પાપનો પડે છે. જ્યારે સમકિત પામ્યા પછી બધી બાજી પલટી જાય છે. પછી ૫% જ અનુબંધ કવચિત્ પાપનો પડે છે પણ ૯૫% અનુબંધ પુન્યનો પડે છે.

જુઓ પાંચેય મહાવ્રતો (૧) પ્રણાતિપાત નહિ (૨) મૃષાવાદ નહિ. (૩) અદત્તાદાન નહિ (૪) મૈથુન નહિ. (૫) નશીલી ચીજોનો ત્યાગ તથા આર્યમૌન. આ મહાવ્રતોનું કડકપણે પાલન કરવાનું છે કેમકે આ પાંચેય આ સ્વાધ્યાય તપના પાયા છે. પાયા ઢીલા હશે તો ઈમારત કેવી રીતે ચણશો ? મૌન પણ આર્ય મૌન જેમાં હાથ-પગકે આંખોના ઈશારાથી કે હસીને પણ વાતો નહિ. મૌનવ્રત ભંગ થવાની સાથે સત્યવ્રત પણ ભંગ થઈ જાય છે. ભલે તમે સફેદ જૂઠ ન બોલો, પણ કોઈ વાત બઢાવી - ચઢાવીને બોલ્યા કે કોઈ વાત છૂપાવી તો પણ તે

ચોરીજ થઈ. તેથી અચૌર્યવ્રતને સત્યવ્રત ભંગ થઈ જાય છે જે આ વ્રતનો ભંગ કરે છે તેનો સાધનાનો સાક્ષાત્કાર થઈ શકતો નથી.

મન એની જૂની આદત અનુસાર ભાગે છે, ક્યારેક ભૂતમાં તો ક્યારેક ભવિષ્યમાં તમે ફક્ત એને જુઓ કે આ મન ભૂતમાં ભાગ્યું... (વર્તમાન ક્ષણનો સ્વીકાર) તો તરત પાછું શ્વાસ પર આવી જશે. આમ આત્માની જાગૃતતા સાથે શ્વાસ પ્રત્યે સાક્ષીભાવ લાવતા લાવતા એ અનુભવ થશે કે દુષિત વિચારોથી થોડો થોડો છૂટકારો થવા લાગ્યો છે. દુષિત વિચારો ઓછા થવા લાગ્યા છે.

શ્વાસ પર મન ટેકવતા ઉપરના હોઠથી નાસિકાનો હિસ્સો એટલા ત્રિકોણ ભાગમાં સંવેદના પ્રાપ્ત થવા લાગશે. શું સંવેદના કોઈ નવી ઉત્પન્ન થઈ? ના નવી નથી.... સંવેદના તો હતીજ... પણ આપણું બાદર મન એનો અનુભવ કરી શકતું નહતું. પણ શ્વાસપર સ્થિર થયેલું મન...સૂક્ષ્મ બનેલું મન આ સંવેદનાનો અનુભવ કરી શકે છે. આ સૂક્ષ્મ મન દ્વારા માથાથી પગની પાની સુધીની યાત્રા કરવાની છે.

**સ.૨૩૪: સ્વનો અધ્યાય કરતાં કરતાં અંતરયાત્રા થશે ?**

જ.૨૩૪: મુનિ થયો, વાચક થયો, સૂરિ થયો બહુવાર... ન થયો મૂરખ આતમા, અંતર્મુખ અણગાર..

આપણે મૃત્યુ પથારીએ હોઈએ ત્યારે આપણે આ ભૌતિક જગત વિષે ઘણું બધું જાણતા હોઈએ છીએ, આપણે ક્યાં ક્યાં ફરીને આવ્યા. ક્યા કયા જોવાલાયક સ્થળો છે, ક્યાં ડુંગરા? ક્યાં ખીણ? ક્યાં બાગ-બગીચા? ક્યાં મંદિરિયા? પણ ત્યારે આપણે એનેજ નથી જાણતા કે જે આ બધું જાણવાવાળો છે. તે દૂર નથી આપણી પાસેજ છે, છતાં એનાથી બિલકુલ અજાણ કદાચ બુધ્ધિના સ્તરે થોડું ઘણું જાણી લીધું હશે પરંતુ અનુભવના સ્તરે કાંઈજ નહિં.

કાયા અને વચનની સ્થિરતા તો થોડી પ્રેક્ટિસ પછી સાધી શકાશે પણ મનની સ્થિરતા માટે એને શ્વાસપર ટેકવવું પડશે. આ સાધનાની શરૂઆત કરતાં નિયમોનું કડકપણે પાલન કરવું, (જુઓ સ.૨૩૧, ૨૩૨) શ્વાસ પર સ્થિર થયેલું મન, સૂક્ષ્મ બનેલું મન, આ △ સ્થાન પર (ઉપરવાલા હોઠથી નાસિકાનો હિસ્સો) પ્રાપ્ત થતી સંવેદનાનો અનુભવ કરી શકે છે. હવે આ સૂક્ષ્મ બનેલા મન દ્વારા સ્વનો અધ્યાય...સ્વાધ્યાય કરવાનો છે. એ મન વડે માથાથી પગની પાની સુધી ક્રમવાર અંર્તયાત્રા કરવાની છે. ક્રમવાર દરેક ભાગમાં મનને લઈ જવાનું છે. ક્રમવાર એટલા માટે કે કોઈ ભાગ છૂટી ન જાય. દરેક ભાગમાં એક-બે મિનિટ રૂકીને આગળ વધવાનું છે. ક્યા ભાગમાં શું સંવેદના મળી રહી છે, અથવા બિલકુલ

સંવેદના નથી મળી રહી. જે કાંઈ આ ક્ષણે ઘટિત થઈ રહ્યું છે તેના પ્રત્યે રાગ કે દ્વેષ જગાવ્યા વગર સમતામાં સ્થિર થવાનું છે. આ ક્ષણની સચ્ચાઈને સ્વીકારીને, કોઈપણ જાતની અપેક્ષા જગાવ્યા વગર, કાંઈપણ આપણા મનથી જોડ્યા કે તોડ્યા વગર... જે છે, જેમ છે, જેવું છે તેનો અધ્યાય કરતાં કરતાં, સ્વાધ્યાય કરતાં કરતાં અંતરયાત્રા કરવાની છે.

**સ.૨૩૫: શું છે આ સંવેદના ?**

**જ.૨૩૫:** હવે આપણે એ જાણીએ કે શું છે આ સંવેદના ? અને તેના પ્રત્યે રાગદ્વેષ જગાવ્યા વગર તટસ્થપણે જોવાથી, અનુભવવાથી, કર્મની નિર્જરા કેવી રીતે થાય છે તે સમજીએ. સ્હેજ પણ મન-વચન-કાયાનું ડોલવું થયું કે આત્માનું કંપન થશે. આત્માનું કંપન થયું કે કર્મ ખેંચાશે. એ સિધ્ધાંત છે કે આત્માના ભવ-ભવ થવા માટે કર્મ જરૂરી છે જેમ શરીરને ટકવા માટે ખોરાક જરૂરી છે. જો શરીરને નવો ખોરાક આપવાનું બંધ કરશો તો તેજ ઘડીએ શરીર પોતાની પાસે ચરબીના રૂપમાં જૂનો સંગ્રહિત કરેલો ખોરાક વાપરવાનું શરૂ કરી દેશે. હવે જો શરીરને તમે નવો ખોરાક આપોજ નહિ ને જૂનો ચરબીમાં રૂપમાં જે ખોરાક છે તે બધોજ વપરાઈ જાય તો પછી શરીર એક ક્ષણ પણ ટકશે નહિ. આજ વસ્તુ આત્મા સાથે બને છે. આત્માના નવા કર્મ બાંધવાના બંધ થાય તો તેજ ક્ષણે જૂના કર્મોની ઉદીરણા થશે. સ્વાધ્યાય-ધ્યાન દ્વારા જો એને નિર્જરતા આવડી જાય તો ધીમે ધીમે જુના બધાજ કર્મ ખતમ થઈ આત્માની મુક્તિ થઈ શકે છે.

આ વસ્તુ સ્વાધ્યાય-ધ્યાન દ્વારા કઈ રીતે બને છે તે જૂઓ એટલે સ્વનો અધ્યાય કરતાં કરતાં કર્મની નિર્જરા કેવી રીતે થાય છે તે સમજમાં આવી જશે. સ્વાધ્યાય ધ્યાનમાં જ્યારે તમે કાયાથી સ્થિર થાઓ છો. ત્યારે કાયા દ્વારા આવતા કર્મોનો આશ્રવ બંધ થાય છે. **શાસ્ત્રની ભાષામાં કર્મોનું આવવું એટલે આશ્રવ, કર્મો આવતા અટકી જવા, રોકાઈ જવા એટલે સંવર ને કર્મનું ઉદ્‌ભવવું તે ઉદીરણા ને ઉદીરણા થઈને આવેલા કર્મોનું ખતમ થઈ જવું એટલે નીર્જરા...શાસ્ત્રને જાણવું હશે તો શાસ્ત્રની ભાષા પણ થોડી સમજવી પડશે.** ધ્યાનમાં સંપૂર્ણ મૌન, ઈસારાથી પણ એકસનથી પણ વાતો નહી, ત્યારે વાણીથી આવતા - કર્મો પણ સંવર થાય છે. જ્યારે કોઈપણ જાતનો વિચાર જ નથી, સંપૂર્ણપણે વર્તમાનમાં છો, ન ભૂતમાં ભાગી રહ્યા છો, ન ભવિષ્યની કલ્પનામાં ખોવાયેલા છો. તે ક્ષણ પણ એવી હશે કે મનથી આવતા કર્મો પણ સંવર થશે.. હવે ધ્યાનથી અનેક ક્ષણોમાંથી એક ક્ષણ પણ એવી જાય કે તે ક્ષણે મન-વચન-ને કાયા ત્રણેથી સ્થિર છો. ત્રણેય દ્વારા થતો આશ્રવ ભલે એક ક્ષણ તો એક ક્ષણ માટે સંવર છે. તો તે ક્ષણ ખૂબજ મહત્વની થઈ ગઈ. તે ક્ષણ

શું થશે ? આપણે પહેલા કીધું તેમ આત્માનો ભવ ભવ થવા માટેનો ખોરાક જ કર્મ છે. એક ક્ષણ માટે જ્યારે બહારથી કર્મનો આશ્રવ નથી થતો ત્યારે તેજ ક્ષણે આત્માએ સંગ્રહી રાખેલા અનેક જન્મોના અનેક કર્મોમાંથી એકાદ પ્રતર ઉદ્‌ભવીને, ઉદીરણા થઈને આવશે. પણ તમે તો મન-વચન-કાયાથી સ્થિર છો તો કોઈ એક્સનમાં તો નહીં આવે, વાણીમાં પણ નહીં આવે તો જશે ક્યાં ? તમારા શરીર પર સંવેદનાના રૂપમાં અનુભવાશે. કેમકે અંદર સ્થિર થયેલું મન સુક્ષ્મ છે જે સંવેદનાનો અનુભવ કરી શકશે. બાકી તો ચોવીસ કલાક અંદર સંવેદનાઓ ચાલુ છે પણ બહાર ભટકતું બાદર મન એનો અનુભવ કરી શકતું નથી. સંવેદના અનેક પ્રકારે હોઈ શકે. સંવેદના એટલે શરીર પર જે મહેસુસ થાય તે સંવેદના કહેવાય - ગરમ-શીતલ-ખુજલી-ઝનઝનાટી-સ્ફૂરણા-સ્પંદન-ધડકન-હલકાપન-ભારીપન-તણાવ-દબાણ-દુઃખાવ-સંકોચાઈ જવું - ફેલાઈ જવું - સૂખાપન-ગીલાપન - એવી કેટલાય પ્રકારની જેનું નામાંકન પણ ન કરી શકો એવી એવી સંવેદનાના રૂપમાં ઉદીરણા થઈને કર્મ પ્રગટ થશે.

**સ.૨૩૬ : સંવેદનાના રૂપમાં કર્મ પ્રગટ થશે ત્યારે શું થશે ?**

**જ.૨૩૬ :** સંવેદનાના રૂપમાં ઉદીરણા થઈને કર્મ જ્યારે પ્રગટ થશે ત્યારે બે માંથી કોઈપણ એક પ્રકારની પરિસ્થિતિ નિર્માણ થશે. કાંતો ગમી જાય એવી અથવા ન ગમે તેવી. જ્યારે ગમી જાય તેવી સંવેદના ઉત્પન્ન થશે. ત્યારે મન જો સામે રીએક્સન આપશે કે આતો બહુ સુંદર, ખૂબ ગમ્યું, આજ પરિસ્થિતિ રહે તો કેવું સારૂં...તો ઉદ્‌ભવીને આવેલા કર્મને તમારા રાગનો ટેકો મળ્યો...તો મન દ્વારા તમે નવા રાગના કર્મો જમા કર્યા. જો સંવેદના અણગમતી છે તો મન રીએક્સન આપશે કે આ તો ન જોઈએ, આવું જોઈએજ નહીં, ક્યારે આ પરિસ્થિતીમાંથી બાર નીકળું આમ ઉદીરણા થઈ ને આવેલા કર્મને તમારા દ્વેષનો ટેકો મળ્યો તેથી નવા દ્વેષના કર્મોના ગુણાકાર કર્યા....અરે ભાઈ... બેઠાતા કર્મ છોડવા માટે ને કર્યા કર્મોના નવા ઢગલા... માટે આ બહુ નાજુક સાધનાવિધિ છે. હરપળ જાગૃતીની જરૂર છે. સંવેદના રૂપે ઉદ્‌ભવીને આવેલા કર્મ ગમી જાય તેવા સુખદ હોય કે ન ગમે તેવા દુઃખદ હોય. જો તમારું મન તટસ્થ રહ્યું. ન રાગમાં ખેંચાયા, ન દ્વેષમાં ને મહાવીરે બતાવેલી સૌપ્રથમ અનિત્ય ભાવનામાં સ્થિર થયા કે, સુખદ હશે તો પણ નિત્ય રહેવાનું નથી. દુઃખદ હશે તો પણ નિત્ય રહેવાનું નથી, દેર-સબેર ચાલી જ જવાનું છે અને તમે મનથી...સમતામાં સ્થિર થયા તો ઉદીરણા થઈને આવેલું તે કર્મ, તેને રાગ કે દ્વેષનો ટેકો ન મળવાથી નિર્જરીને ચાલી જશે. આમ આ એક પ્રતર ઉદ્‌ભવીને આવી ને નિર્જરી ગઈ. આવી અનંતાઅનંત, કર્મની પ્રતરોનો

ઢગલો આત્મા પર પડ્યો છે. જો સમતામાં સ્થિર થઈને નિર્જરતા આવડી જાય તો એકેક એકેક ક્ષણ એવી આવશે કે તમે કર્મને નિર્જરતા જશો. આવી એક એક ક્ષણ ભેગી થઈને અનેક ક્ષણ બનશે. પણ તે માટે સમજ પૂર્વકના સ્વાધ્યાય ધ્યાનના અભ્યાસની જરૂર છે. કાર્ય ઘણું કઠીન છે, સરળ નથી...(જે કરે તે જાણે) પરંતુ સાચી દીશામાં જો ધ્યાન થાય... સ્વનો અધ્યાય થાય...આ સ્વનો અધ્યાય જ છે. સ્વમાં શું ઘટિત થઈ રહ્યું છે તે સૂક્ષ્મ મન દ્વારા અનુભવો છો ને સમતામાં સ્થિર થઈ નીર્જરો છો. આનું માપદંડ જ સમતા છે. **કોને કેવી સંવેદના પ્રાપ્ત થઈ કે સુખદ વધુ આવી કે દુ:ખદ વધુ આવી કે કેટલો સમય રહી તેની સાથે કર્મની નિર્જરાને કોઈ સંબંધ નથી. જ્યારે પણ જેવી પણ સંવેદના પ્રાપ્ત થઈ ત્યારે તમે સમતામાં કેટલું રહી શક્યા. તેજ કર્મની નીર્જરાનું કારણ છે. એનું નામ છે સામાયિક, સમ-સમતા, આયિક આવવું, લાભાન્વિત થવું...સમતાથી કેટલા લાભાન્વિત થા તેજ સામાયિક.** કેટલાય પ્રકારની સંવેદના જે અપનેઆપ થઈ રહી છે તેને સાક્ષીભાવથી જાણો. દા.ત.ખુજલી આવી, જુની આદત પ્રમાણે ખાણવાનુ નહી. જે આવે તેનો સમતાભાવે સ્વીકાર કરો આવ. તું પણ કેટલો સમય રહીશ? હું પણ તૈયાર છું તારો સ્વીકાર કરવા... ખુજલી... તેજ થશે... ઔર તેજ થશે ને પછી ખતમ. અનંતકાળ સુધી નહી રહે. તો ભગવાને શ્રાવકો માટે આ ઉત્તમ ક્રિયા સામાયિક બતાવી કે તું ૨૪ કલાકમાંથી એકાદ કલાકતો મન-વચન-કાયાને સ્થિર કર. તેટલો સમયતો કર્મની નિર્જરા કર.

**સ.૨૩૭: કર્મની નિર્જરા થવાથી શું થશે ?**

**જ.૨૩૭:** કર્મની નિર્જરા કરતાં કરતાં આત્મા પરનો કચરો ઓછો થશે ને આત્માનો પ્રકાશ, આત્માના સદ્ગુણોનો પ્રકાશ બહાર આવશે. ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ પાતળા પડશે. તો સાચા અર્થમાં ધર્મ થશે. **આખી જીંદગી ધર્મ કર્યા પછી પણ જો એકપણ કષાય પાતળા ન પડે તો ધર્મ કરવામાં આપણે કાંઈક ચૂકીએ છીએ. સામાયિક આખી જીંદગી કર્યા પણ સામાયિકમાં મન-વચન-કાયા સ્થિર કરીને ઉદીરણા મા આવેલા કર્મને નીર્જરવાનું ચૂકી ગયા. સમતામાં સ્થિર થવાનું ચૂકી ગયા...ને પરિણામ આવ્યું શૂન્ય...**જેણે જીવન દરમ્યાન સ્વાધ્યાય-ધ્યાનનો દરરોજ ભલે થોડો થોડો પણ અભ્યાસ કર્યો હશે, જે કાંઈ સંવેદના પ્રાપ્ત થાય એને સમતા ભાવે વેદવાની પ્રેક્ટિસ કરી હશે, તેનેજ અંત સમયે સમતા રહેશે. બાકી તમે ગમે તેટલા ગીતો ગાવ-કે ભગવાન અંતસમય આવજે ને સમતા-સમાધિ આપજે. પણ તે આખી જીંદગી કર્તાભાવને ભોક્તાભાવમાં વિતાવીને સમતાભાવની કોઈ પ્રેક્ટિસજ ન કરી તો ભગવાન ખુદ આવશે તોય. તને સમતા-સમાધિ નહી આપી શકે. આજ સુધી જે અપ્રિય હતું તેને ભોક્તા ભાવથી ભોગવતા

હતા. હાયરે... પીડા આવીરે... જેમ જેમ સ્વાધ્યાય-ધ્યાનમાં આગળ વધશો ભોક્તાભાવમાંથી બાર નીકળી દૃષ્ટા ભાવમાં, સાક્ષીભાવમાં આવશો. આમ થઈ રહ્યું છે. પીડા થઈ રહી છે. એનાથી પ્રભાવિત નહી થઈએ. ધીમે ધીમે ભોક્તાભાવ સમાપ્ત થઈ, દૃષ્ટા, સાક્ષી, તટસ્થભાવ સ્થાપિત થશે. ધીમે ધીમે કર્તાભાવ પણ નીકળતો જશે. પોતાની જાતેજ થઈ રહ્યું છે, ભાઈ આપણે શું કરી રહ્યા છીએ? જાતેજ ઘટના ઘટી રહી છે. આગળ જતાં દૃષ્ટાભાવ સમાપ્ત કેવળ દર્શન...

**સ.૨૩૮: સંવેદના કેમ બે જ પ્રકારે અનુભવાય? કાં સુખદ કાં દુઃખદ?**

જ.૨૩૮: તો એનું કારણ એ છે કે અત્યાર સુધી જે કાંઈ કર્મોનો સંગ્રહ કર્યા તે પણ બેજ-પ્રકારે કર્યો... જે કાંઈ આપણી સામે આવ્યું તેમાં કાં રાગ જગાવ્યો કાં દ્વેષ. ગમી જાય એવું અનુકૂળ હોય તો રાગના સ્વરૂપમાં કર્મો જમા કર્યા, ન ગમે તેવું, પ્રતિકૂળ હોય તો આ તો ન જ જોઈએ કરીને દ્વેષને સ્વરૂપમાં કર્મો જમા કર્યા. આજ કર્મો જ્યારે ઉદીરણા થઈને આવશે ત્યારે એજ બે સ્વરૂપમાં પ્રગટ થશે ને? રાગના આવશે તો સુખદ અને દ્વેષના આવશે તો દુખદ. ઉદિરણામાં આવતાની સાથે પાછો રાગ કે દ્વેષ જગાવશો તો કર્મોના ગુણાકાર. જો સમતામાં રહ્યા, ન્યુટ્રલ રહ્યા, વર્તમાનમાં રહ્યા, અનિત્ય ભાવનામાં સ્થિર થયા તો જે આવ્યા તે અનિકાચિત હશે તો નિર્જરીને ચાલ્યા જશે. આમ સ્વઅધ્યાય કરતાં કરતાં કેટલીયે કર્મોની પ્રતરો નિર્જરતી જશે. જેમ અરીશા પરથી ધૂળની પ્રતરો ભલે એક જગ્યાએથી પણ ઓછી થતાં ત્યા પ્રતિબિંબ જોઈ શકાશે તેમ આત્મા પરથી કર્મોની કાળાશ ઓછી થતાં નિર્મળ ચિત્ત, નિર્મળ આત્માનો અનુભવ, આત્મદર્શન થશે. સમ્યક્ દર્શન થશે. રસ્તો ઘણો લાંબો છે. દીર્ઘકાળ સુધી નિરંતરપણે, જાગૃતિપૂર્વક, સમજણપૂર્વક, શ્રધ્ધાપૂર્વક થાય તો જ આ અભ્યાસ દૃઢ સ્થિર થાય છે. આ સત્યસાધકે હંમેશા યાદ રાખવું.

**સ.૨૩૯: શું સ્વાધ્યાય, ધ્યાન કાયોત્સર્ગ તપ એકબીજા સાથે જોડાયેલા છે?**

જ.૨૩૯: હા! સ્વાધ્યાય કરતાં કરતાં મન સમતામાં સ્થિર થાય છે, વિકારોની જડ. લબ્ધિ મનમાંથી ઉખડતી જાય છે. તેમ તેમ ગુણોનો અવિર્ભાવ થાય છે, એકાગ્ર મન અનિત્યભાવનામાં રત થાય છે, ને ક્યારે ધ્યાનમાં સરકી પડાય છે. ધ્યાનમાં ગરકાવ થતાં થતાં, ક્ષણમાં ઉત્પન્ન થતાં ને નાશ થતાં શરીરના કણો તથા ચિત્તના પ્રપંચને નિહાળતાં નિહાળતાં કાયાનો ઉત્સર્ગ થઈ જાય છે. ક્ષણભંગૂર કાયાનો અનુભવ થતાં, કાયા પ્રત્યેની જે માયા છે તે ઓસરતી જાય છે. કાયાનો ફક્ત તરંગોના સ્વરૂપમાંજ અનુભવ થતાં જે હું હું ને મારૂં-મારૂં છે તે નાશ પામે છે. એટલે કે સાચા અર્થમાં

કાયોત્સર્ગ ઘટિત થાય છે. આ સાધનાનું અંતિમ લક્ષ્ય છે શરીર અને મનની આભાસિક સચ્ચાઈ ને ઓળખી લઈ, ઉત્તરોત્તર વિકસતી જતી પ્રજ્ઞા વડે પૂર્ણ સમતામાં સ્થિર થઈ સત્ય-શાશ્વત-ધ્રુવ-નિત્ય તત્વનો અનુભવ. અને અનેક જન્મથી સંઘરેલા કર્મોનો ક્ષય કરી. તૃષ્ણાની આગને સંપૂર્ણપણે બુઝવી દઈ નિર્વાણની ઉપલબ્ધિ કરવી.

સવાલ ૧૯૯ થી ૨૩૮ સુધી સળંગ વાંચતા ઘણાખરાને ખ્યાલ આવી ગયો હશે કે શું છે સ્વ-અધ્યાય ? શું છે ધ્યાન ? શું છે કાયોત્સર્ગ પણ આ વાંચીને કરવા નથી બેસી જવાનું. કેમ કે આ એટલી નાજુક સાધના વિધિ છે કે શરૂઆતમાં કોઈ જાણકાર પાસે ટ્રેનીંગ લેવી જરૂરી છે. વળી મેં પહેલા કહ્યું તેમ શરૂઆતમાં લગભગ ૪ દિવસ સુધી સતત રોજના ૧૦ કલાકના હિસાબે ફક્ત શ્વાસોશ્વાસને નિહાળવાના પછી. સૂક્ષ્મ બનેલા મન દ્વારા સંવેદનાઓને અનુભવવાની છે... તે પણ રાગ-દ્વેષ જગાવ્યા વગર... અને તે દરમ્યાન સંપૂર્ણપણે સાંસારિક સંબંધ કટ કરવાનો છે. તો આ બધુ ઘરે રહીને કરવું શક્ય નથી. આ સાધના શીખવા માટે ઓલ ઓવર ઈંડીયા તથા વર્લ્ડમાં પણ ઘણા સાધના સેન્ટર ચાલે છે. તેમાં મીનીમમ ૧૦ દિવસ માટે જઈને પ્રથમવાર ટ્રેનીંગ લેવી પડે છે. આને વિપશ્યના ધ્યાન સાધના કહે છે.

**સ.૨૪૦: વિપશ્યનાનું નામ સાંભળતા તમને પહેલો સવાલ એ થશે કે આપણે બીજાના ધર્મનું શીખવા જવાનું ?**

**જ.૨૪૦: તમને કદાચ ખબર નહીં હોય કે બુધ્ધ ભગવાને બોધી પ્રાપ્ત કરતાં પહેલા શ્રી પાર્શ્વનાથ ભગવાનનો ચાતુર્યામ ધર્મ ગ્રહણ કર્યો હતો. બૌદ્ધ ગ્રંથોમાં પણ ચાતુર્યામ સંવર ધર્મનો વારંવાર ઉલ્લેખ આવે છે. પછી આનાજ આધાર પર અષ્ટાંગિક ધર્મમાર્ગનું પ્રવર્તન કર્યું.** આચાર્યશ્રી વિજય જિનોત્તમ સૂરીશ્વરજી મહારાજના પુસ્તક ''ક્ષમાવતાર ભગવાન પાર્શ્વનાથ''માંથી આ માહિતી લીધી છે. તમને થશે કે ચાતુર્યામ ધર્મ એટલે વળી ક્યો ધર્મ ? મહાવીરે જે પંચમહાવ્રત ધર્મ બતાવ્યો છે તેજ ધર્મ. પાર્શ્વનાથ ભગવાનના સમયમાં ચાતુર્યામ ધર્મ તરીકે પ્રસિદ્ધ હતો કેમકે મહાવીરના પાંચમહાવ્રતમાં ચોથું વ્રત મૈથુન અને પાંચમું પરિગ્રહએ બંને પાર્શ્વનાથ ભગવાનના સમયમાં એકજ ગણાતા હતા કેમકે તે સમયે સ્ત્રીનો પણ પરિગ્રહમાં જ સમાવેશ થતો તેથી પંચ મહાવ્રતને બદલે ચતુર્યામ એટલે કે (૧) પ્રણાતીપાત (૨) મૃષાવાદ (૩) અદત્તાદાન, અને (૪) પરિગ્રહ એમ ચર્તુયામ સંવર ધર્મ કહેવાતો હતો. એટલે **આ સમતામાં સ્થિર થવાની જે વિપશ્યના સાધના છે તે ઓરીજીનલી આપણીજ સાધના છે** તે પ્રમાણિત થાય છે.

અહીં તમારે બીજા કોઈના ધર્મનું કાંઈ પણ શીખવાનું નથી, કે નથી તમારો

ધર્મ છોડીને તમારે બીજાનો ધર્મ અપનાવવાનો. અહીં આ સાધના કક્ષની અંદર કે તમારે રહેવાની રૂમમાં ક્યાંય કોઈપણ ધર્મના ભગવાનનો ફોટો કે મૂર્તિ રાખવામાં આવી નથી. કે નથી કોઈ ધર્મની જય બોલાવવાની કે નથી કોઈ ધર્મનો મંત્ર બોલવાનો...અહીંયા કોઈ ધર્મ-પરિવર્તનની વાતજ નથી. ફક્ત દસ દિવસ માટે સંપૂર્ણ મૌન રહી, પંચ મહાવ્રતનું પાલન કરી આત્માપર લાગેલા કર્મની નિર્જરા કેમ કરવી, અનિત્ય ભાવનામાં કેમ સ્થિર થવું, શરીર પર પ્રગટ થતાં રાગ-દ્વેષના સંવેદનોને સમતા ભાવે કેમ સહેવા તેજ શીખવવામાં આવે છે. તે પણ દસ દિવસ માટેજ. પછી ઘરે પાછા ફરી તમે તમારી રીતના જેમ જીવન જીવતા હતા તેમ જીવી શકો છો. પણ સાથે આ શીખીને આવેલા ધ્યાન સાધના વિધિ જો નિયમિત પણે એક ક્લાક ધ્યાનસાધના કરો તો તેના અલૌકિક લાભ મેળવી શકો છો. જેમ તમે કોમ્પ્યુટર શીખવા કોમ્પ્યુટર ક્લાસમાં જાવ છો, કોઈ વસ્તુની ટ્રેનીંગ લેવા ત્યાં જાવ છો તેમજ આ સાધના વિધિ શીખવા માટે દસ દિવસ જવાનું છે *Nothing else* આ ઓરીજીનલી આપણીજ વિધી હતી.

મહાવીરના ગયા પછી અમુક સદીઓ સુધી આ સાધના અસ્તીત્વમાં રહી. પરંતુ કાળક્રમે નબળા સંઘયણ ને ઉતરતા કાળમાં લોકો આ સ્વાધ્યાય કરી શકતા નહતા. તેથી પૂર્વાચાર્યોએ બહુ દીર્ઘદ્રષ્ટિપૂર્વક એમાં શાસ્ત્ર અધ્યયનને જોડ્યું. સમય જતાં લોકો એનેજ સ્વાધ્યાય માનવા લાગ્યા. કારણ કે એ કરવામાં સરળ હતું.

**સ.૨૪૧ : તો સવાલ એ થાય કે આ સાધના આપણા આપણા ધર્મમાંથી કેમ લુપ્ત થઈ ગઈ ? ને કેવી રીતે પાછી ફરી ?**

**જ.૨૪૧ :** જુઓ બુદ્ધ અને મહાવીર લગભગ સમકલીન હતા. આ સાધના વિધિ સમાન રૂપે બધાએ અપનાવેલી હતી. ત્યારે જૈન, બુદ્ધ, શીખ, મરાઠી, પંજાબી એવા સંપ્રદાયમાં આ સમાજ વહેંચાયેલો ન હતો. ત્યારે તો પોતાના કાર્ય પ્રમાણે સમાજ ચારજ વિભાગમાં વહેંચાયેલો હતો. ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય ને શુદ્ર. મહાવીર પોતે ક્ષત્રિય હતા. મહાવીરના સમવસરણમાં ચારેય પ્રકારના લોકો આવતા. શુદ્ધ આત્મધર્મ દરેક માટે સમાન હતો. સંપ્રદાયના વાડામાં કોઈ બંધાયેલા ન હોતા. દરેક પ્રકારના લોકો આ શુદ્ધ આત્મ વિધિનો લાભ લેતા હતા. પરંતુ કાળક્રમે એમાં કાંઈને કાંઈ સંમિશ્રણ થવાથી લોકોને એનો જે લાભ મળવો જોઈએ તે મળતો નહતો. તેથી તેની સાધનામાં લોકો શિથિલ થતા ગયા. થોડો કાળનો પણ પ્રભાવ હતો. ઈંદ્ર મહારાજાના કહેવા પ્રમાણે ભસ્મગ્રહની શરૂઆત થઈ ગઈ હતી. (મહાવીરના નિર્વાણ સમયે ઈન્દ્રમહારાજા વિનંતી કરે છે કે હે પ્રભુ આપના આયુષ્યની એક ક્ષણ વધારી દો નહી તો ભસ્મગ્રહના પ્રભાવે આત્મધર્મ

લુપ્ત થઈ જશે.) પ્રભુએ કહ્યું કે એ મારા હાથની વાત નથી. આ ભસ્મગ્રહની અસર ૨૫૦૦ વર્ષ રહેવાની હતી. આમ આવા બીજા કેટલાયે કારણોસર આ સાધનાવિધિ ભારતમાંથી લુપ્ત થઈ. મહાવીરના અનુયાયી કોઈ ભારતની બહાર ગયા નહિ પણ બુદ્ધના અનુયાયી ઘણા પરદેશમાં ગયા. તેથી આ વિધિ ઘણા દેશોમાં ગઈ. પણ કાળક્રમે બધેજ લુપ્ત થઈ ગઈ. પણ એક બ્રહ્મદેશમાં ગુરૂ-શિષ્ય પરંપરાએ આ વિધિ શુદ્ધ સ્વરૂપમાં સચવાઈ રહી. ભલે બહુ થોડા લોકોએ પણ આ સાધનાને તેમાં કંઈપણ સંમિશ્રણ કર્યા વિના જેવી હતી તેવી યથાભૂત સાચવી. તે ભસ્મગ્રહના ૨૫૦૦ વર્ષ પૂરા થતાં આ સાધના ભારતમાં પાછી ફરી.

**સ.૨૪૨: દસ દિવસ દર્શન-પૂજા ન થાય તેનું શુ?**

**જ.૨૪૨:** તમે એવી એવી જગ્યાએ ફરવા માટે જતાં હોય છો કે જ્યાં દેવદર્શન દુર્લભ હોય છે તો ફરવા માટે, પાપના પોટલા બાંધવા માટે દેવદર્શન છોડો છો કે નહીં? બિમાર હોય, હોસ્પિટલમાં હો તો દર્શનપૂજા છોડો છો કે નહીં? તો અહીંયા તો વિશિષ્ટ ઉપલબ્ધિ માટે છોડવાનું છે. તે પણ કાયમ નહિ. દસ દિવસ માટેજ... જેને દરરોજ પૂજા કરવાનો નિયમ હોય તે પણ જો પોષો કરે (વિશિષ્ટ ઉપલબ્ધિ) તો પૂજા છોડો છે કે નહિ? કંઈક મેળવવા માટે કંઈક છોડવું પડે છે. પણ તમે એમ વિચાર કરો કે એક પલ્લામાં તમારા દસ દિવસની દર્શન-પૂજા વગેરે ક્રિયાને મૂકો ને બીજા પલ્લામાં દસ દિવસના ફક્ત મૌન ને મૂકો. ક્યું પલ્લું નમશે? આ દસ દિવસમાં તો તમે બીજા પણ કેટલા બધા પાપમાંથી બહાર નીકળો છો. જ્યારે સંસારમાં રહીને આ દસ દિવસમાં કેટલા પાપ કરશો તેનો હિસાબ લગાવો. સમજવાની વાત છે. ફક્ત દસ દિવસની ટ્રેનીંગ છે. કર્મનો ભાર કેવી રીતે હળવો કરવો. તે રીત શીખવાની છે. પછી તમે તમારી રીતે જીવવા મુક્ત છો. યાદ કરો બાહુબલી બાર મહિના સુધી એક જ જગ્યાએ મૌન અને ધ્યાનમાં સ્થિર થયા હતા. ચકલા માથે માળો ક્યારે બાંધી શકે? જરાપણ માથું હલાવે તો ચકલા ઉડી જાય. વૃક્ષની વેલડીઓ ક્યારે વિટાય? ચોથા આરાના રાજા-મહારાજા-શ્રેષ્ઠીઓ-ઋષીમુનીઓ જંગલમાં જઈને ગુફા વગેરે એક સ્થળ નક્કી કરી એકજ જગ્યા પર મહિનાઓ સુધી સ્થિર થઈને ધ્યાનસાધના કરતા હતા. આપણે એ પાંચમાં આરાના લોકો એવું ઉત્કૃષ્ટ તો નથી કરી શકવાના પણ દસ દિવસ સાધના કેન્દ્રમાં જઈ સાધના શીખી ન શકીએ? કેટલાય સાધુ-સાધ્વીજી ભગવંતો પણ આવી દસ દિવસની શિબિર ભરીને સાધના વિધી શીખીને જીવનમાં આગળ વધી રહ્યા છે. મારી તો એ સાધુ-સાધ્વીજી ભગવંતોને વિનંતી છે કે આપણી તો ઠેર ઠેર કેટલીય ધર્મશાળાને ભોજનશાળા છે. શું આપ અમારા માટે આવી શીબીર

યોજી ન શકો? આપણે આપણું કાંઈ છોડવાનું નથી. બીજાનું કાંઈ અપનાવવાનું નથી. ફક્ત આ કલ્યાણકારી વિધિને આપણી રોજની દિનચર્યામાં જોડી દેવાની છે.

**સ.૨૪૩: ઘણા વાચક કહેશે કે અમે તો વિપશ્યનાની પાંચ-દસ-શીબીર કરી છે, પણ કોઈ ઉપલબ્ધિ થઈ નથી ?**

**જ.૨૪૩:** મેં પહેલા કહ્યું કે આ બહુ નાજુક સાધના છે. ઘણા એવા કારણો છે જેમાંના બે-ચાર અત્રે જણાવું છું. (૧) જો મૌનવ્રતને જરાપણ ભંગ કર્યો તો સાધનાની સફળતા મેળવી શકશો નહી. (૨) સૌથી મોટું કારણ એ હોય છે કે ૯૯% લોકો સાધનાની ટ્રેનીંગ લઈને ઘરે આવ્યા પછી એની દરરોજ એકાદ કલાક (ઓછામાં ઓછા) પ્રેક્ટિસ કરવી જોઈએ તે છોડી દે છે. આવા લોકો ઉપલબ્ધિ મેળવી શકતા નથી. (૩) ઓરીજનલી આ વિધિ ૪૫ દિવસની હતી. (એજ ઉપધાન) પણ લોકો આટલું ઉત્કૃષ્ટ તપ કરી શકતા ન હતા માટે ઘટાડી ઘટાડીને ૧૦ દિવસ કરવામાં આવ્યા. ખરેખર તો ૧૦ દિવસમાં ફક્ત રૂપરેખા મળે છે. એ પણ ઘરે આવીને પાછા અઢાર પાપસ્થાનકમાં ગળાડૂબ થઈ જાઓ. ને પ્રેક્ટિસ પણ છોડી દો તો વાંક સાધના-વિધિનો નથી આપણોજ છે. (૪) આ સ્વ-અધ્યાય કરતાં કોઈપણ જાતની અપેક્ષા આવી તો ઉપલબ્ધિ ના મળે. એમ પણ થયું ને કે ''હવે તો ઉપલબ્ધિ મેળવીને જ છોડીશ'' તો પણ ઉપલબ્ધિ ન મળે. જે થઈ રહ્યું છે તેનો સ્વીકાર. અત્યારે ઉપલબ્ધિ નથી મળી તો નથી મળી. એનો પણ સ્વીકાર તો પ્રાપ્ત કરી શકાય. (૫) શ્વાસની સાથે કે સંવેદનાની સાથે કોઈ નામ-મંત્ર જોડી દીધું તો ઉપલબ્ધિ ના મળે... હજી બીજા ઘણા કારણો છે તેની છણાવટ તથા વિપશ્યના વિધિ વિષે ઘણી શંકાઓને તેનું સમાધાન આગળ કરશું. **એકવાર વિપશ્યના કરવા લાગશો તો તમારા અનુભવથી જાણશો કે આપણી સજ્ઝાયો - સ્તવનો - સૂત્રો - દૂહા બધામાં ભરપૂર વિપશ્યના જ ભરેલી છે.** જીવનના ઘણા પ્રશ્નોનું સમાધાન આ અદ્‌ભુત સાધનામાંથી મળી જાય છે. પ્રથમ નજરે જોતા આ અત્યંત સરળમાર્ગ દેખાય છે. ''વર્તમાન ક્ષણ પ્રત્યે સજગ રહેવું એ કેટલું કઠીન છે તે તો પરિક્વ સાધકોજ સમજી શકે. લાંબા સમયના પ્રયત્ન વિના આ સાધના સિધ્ધ થતી નથી. કોની પાસે કેટલો કર્મોનો ઢગલો છે તે સાફ કરતા એને કેટલો સમય લાગે છે, તે છે સ્વાધ્યાય...તે છે વિપશ્યનાની શરૂઆત....આગળ વધતાં વધતાં સ્ટેપ આવશે ધ્યાન ને કાયોત્સર્ગ. પણ આપણે આ સંઘયણ દ્વારા, આ પાંચમા આરામાં, હુંડા અવસર્પિણી કાળમાં જો સ્વાધ્યાયની શરૂઆત પણ કરી શક્યા તો પણ આપણા માટે ઘણી ઉપલબ્ધિ છે.

**સ.૨૪૪ : આ પ્રક્રિયાનું વિપશ્યના - ધ્યાન - સ્વાધ્યાયનું લક્ષ્ય શું છે ?**

જ.૨૪૪: શરીરની સ્થૂલ - સૂક્ષ્મ સંવેદનાઓને નિરાશક્ત ભાવે જોતા રહેવાનો અભ્યાસ પરિપક્વ થયે (આ અભ્યાસ એજ સ્વનો અધ્યાય-સ્વાધ્યાય) ખુદ પોતાના જ અનુભવને આધારે તે તથ્યનો સાક્ષાત્કાર થાય છે કે આ શરીર એ કોઈ સ્થિર કે ઘન વસ્તુ નહિ પણ ક્ષણે ક્ષણે પલટાતા પરમાણુઓનો પુંજ માત્ર છે. આ અનુભવ દ્વારા, શરીરની ઘન સંજ્ઞા નષ્ટ થતાં દેહમાં થતી આત્મબુદ્ધિની ભ્રાંતિ ભાંગે છે અને નિર્લિપ્તતા પુષ્ટ થાય છે. આપણા શરીરમાં અનુભવાતી સ્થૂલ-સૂક્ષ્મ સંવેદનાના અવલંબનથી સતત પરિવર્તનશીલ દેહધારાનું ને ક્રમશઃ ચિત્તધારાનું પણ નિરિક્ષણ અને પરીક્ષણ કરતાં રહી સમસ્ત અવચેતન મનને જાગૃત કરી તેને ચેતન મનમાં પલટી નાખી, શરીર અને મનની પ્રવાહમાન ધારાથી અલગ એવા શાશ્વત સત્યનો પ્રત્યક્ષ બોધ પ્રાપ્ત કરી, રાગ-દ્વેષ-મોહના સમસ્ત સંસ્કારોથી મુક્ત થઈ જવું, એ પ્રક્રિયાનું લક્ષ્ય છે. બધી જ ધાર્મિક પ્રવૃત્તિનું લક્ષ્ય છે. ચિત્ત શુદ્ધિ, વ્યવહાર શુદ્ધિ અને સમત્વના વિકાસ દ્વારા સાધકની વૃત્તિને અંતરમુખ કરી આત્મદર્શન/ આત્મજ્ઞાનની પ્રાપ્તિ ભણી સાધકને દોરી જવાનું. જો એ ધર્મ પ્રવૃત્તિ વડે ચિત્તની શુદ્ધિ ન થાય અને ધાર્મિક ક્રિયાઓ ભટકતા ચિત્તે, ઉપયોગ શૂન્યપણે જ થતી રહે તો તે મોક્ષસાધક બનતી નથી. આ ચેતવણી આપણા પૂર્વાચાર્યોએ શાસ્ત્રગ્રંથોમાં ઠેર ઠેર ઉચ્ચારી છે. જુઓ... ઉપા. યશોવિજયજી મહારાજે સજ્ઝાયમાં શું કહ્યું છે...

**વચન કાયા તે તો બાંધીએ, મન નવિ બાંધ્યું જાય..**
**મન બાંધ્યા વિણ પ્રભુ ના મિલે, ક્રિયા નિષ્ફળ થાય..**

આજની આપણી ધર્મક્રિયાનું હુબહુ ચિત્ર આ પંક્તિઓમાં રજૂ થયું છે. ઉપયોગ શૂન્ય, અમનસ્કપણે, થતી ધર્મક્રિયા, દ્રવ્યક્રિયા બની જાય છે. ચિત્ત શુદ્ધ - શાંત - સ્થિર થઈ શકે એવી કોઈ સાધના પદ્ધતિ હોય તો તે વિપશ્યના સાધના છે. વિપશ્યના સાધનાથી અંતર્મુખી થઈ, દૃષ્ટાભાવ કેળવી, સમતામાં સ્થિત થઈને ક્રમશઃ પ્રગતિ કરતાં કરતાં અંતે સર્વે કર્મનો ક્ષય કરી મુક્તિની ઉપલબ્ધિ કરી શકાય છે. આવી સુંદર અને શુદ્ધ ધર્મની સાધના અંગે આપણામાં ઘણી ગેરસમજ ચાલી રહી છે.

**સ.૨૪૫ : ઘણી બધી ધ્યાન સાધના પ્રચલિત છે જેવી કે પ્રેક્ષાધ્યાન, બ્રહ્મધ્યાન વગેરે વગેરે... એમાંથી વિપશ્યના ધ્યાન સાધનાની જ પસંદગી શા માટે ?**

જ.૨૪૫: ધ્યાન તો ઘણા પ્રકારના છે. પણ કોઈ ધ્યાનમાં તમે જાણ્યું કે દસ-દસ દિવસ સુધી સંપૂર્ણ મૌન રહેવું, સંપૂર્ણપણે સાંસારિક સંબંધો, વ્યવહારો કાપી નાખીને એક સાધુ જેવું જીવન જીવવું... ન છાપું, ન મોબાઈલ, ન

વાતચીત. સંપૂર્ણ બ્રહ્મચર્ય, સ્વાભાવિક રીતે બનતી ઘટનાઓ પ્રત્યે રાગ નહિ કરવો, દ્વેષ નહિ કરવો, સંપૂર્ણપણે સમતામાં સ્થિર થવું (સામાયિક). બીજા કોઈ ધ્યાન સાધનામાં આવું બધું જાણ્યું ? નહિ ને ? અને આમાં તમે જોયું ને કે જે કાંઈ કરવાનું છે તે જૈન ધર્મના સિદ્ધાંત પ્રમાણે જ કરવાનું છે. પ્રતિક્ષણ જાગ્રત રહેવું (સમયં મા પમાયં ગોયમ્) અનિત્ય ભાવનામાં સ્થિર થવું, કર્તા-ભોક્તા ભાવમાંથી બહાર નીકળી ફક્ત દૃષ્ટાભાવ સ્થાપિત કરવો તો આ એક જ સાધના પદ્ધતિ છે. જે સંપૂર્ણપણે જૈન સિદ્ધાંત અનુસાર છે. આમાં કોઈ વસ્તુ તમને જૈન સિદ્ધાંતની વિરૂદ્ધ દેખાતી હોય તો મને બતાવો. પાંચ નિયમોમાં પહેલું જ અહિંસાનું પાલન (જૈન ધર્મનો પાયો) જૂઠું નહિ બોલવું, ચોરી નહિ કરવી, માદક પદાર્થોનું સેવન નહિ કરવું, બ્રહ્મચર્યનું પાલન કરવું... મને કહો આમાં કયો નિયમ જૈન ધર્મની વિરૂદ્ધ છે ? મૌનનું મહત્ત્વ જૈન ધર્મમાં બતાવ્યું છે, એટલું કોઈ ધર્મમાં નથી. રોજની દસ-દસ કલાક સાધના - તેમાંય ત્રણ કલાક તો સંપૂર્ણ સમતામાં સ્થિર... એક આંગળી પણ ન હલે એવું અડોલ આસન... બતાવો કયા ધ્યાન - સાધનામાં છે ? આવું જો સામાયિક કરતાં આવડી જાય તો જીવનમાં સાચું સામાયિક સમજાઈ જાય... પૂન્યાનું સામાયિક સમજાઈ જાય. વળી બીજી વસ્તુ ખાસ ધ્યાનમાં રાખો કે જેમાં જેમાં જરાપણ મન-વચન કે કાયાનું હલન-ચલન છે, તેમાં કર્મોનો આશ્રવ ચાલુ છે. પછી તે ૐનું રટણ હોય, ઉચ્ચારણ હોય કે વિવિધ રંગોની કલ્પના કરવાની હોય, મનથી વચનથી આવતા કર્મોનો આશ્રવ ચાલુ. તો કર્મોથી મુક્તિ ક્યાં ? જો કર્મોથી મુક્તિ નથી, નિર્જરા નથી તો ગુણોનો આર્વિભાવ ક્યાં ? ઉપલબ્ધિ ક્યાં ? જો યોગ્ય પદ્ધતિથી નિયમ અનુસાર વિપસ્યના સ્વાધ્યાયધ્યાન કરવામાં આવે તો છ-બાર મહિનામાં તમે પોતે અનુભવશો કે અરે... પહેલા મને બીજાની પ્રગતિ જોઈને ઈર્ષ્યા આવતી હતી, ભલે હું મોઢેથી મીઠું બોલું પણ મનમાં બળતો હતો... હવે એવું નથી થતું, પહેલા નાની નાની વાતમાં ક્રોધથી ધમધમી ઉઠતો હવે હું કંટ્રોલ રાખી શકું છું... પહેલા બિન્ધાસ્ત મોટું જૂઠાણું બોલતો હતો. હવે કાંઈક નાનું સરખું જૂઠું કહેવામાંય ખચકાટ અનુભવું છું. આમ જે ક્રિયા કરી એનું પરિણામ મળવાનું ચાલુ થઈ જાય છે... ગુણોનો આર્વિભાવ થવા લાગે છે. મહાવીરે એજ તો કર્યું... અંદર રહેલાં આ બધા શત્રુ (અરિ) ક્રોધ-લોભ-ઈર્ષ્યા-હઠાગ્રહ-રાગ-દ્વેષ વગેરેને હણ્યા... માટે તો અરિહંત કહેવાયા - જન્મ-જન્માંતરના અંતરમનના ઠેકડા મરાવતા સ્વભાવને પલટી અંતરમાં સ્થિર થઈ, સમતામાં સ્થિર થવું... એ એક બહુ મોટી,

બહુ અઘરી અંતરંગ પ્રક્રિયા છે, આ ક્રિયા દ્વારા અંતરંગ અનુભવ દ્વારા જે જ્ઞાન ઉત્પન્ન થાય છે. તેને જ કહેવાય છે કે ક્રિયા વગર જ્ઞાન નહિ. આપણે ક્રિયાનો સ્થૂળ અર્થ લઈ લીધો કે જે બાહર દેખાય છે તેટલી જ ક્રિયા, પણ આ મન-વચન-કાયાને સ્થિર કરી, જૂના કર્મોની ઉદિરણા કરી. રાગ-દ્વેષમાં ન ખેંચાઈ જતાં સમતામાં રહી ઉદિરણામાં આવેલા કર્મોની નિર્જરા કરવી. આ સૌથી અઘરી સૌથી મહાન ક્રિયા છે જેના પરિણામે અનુભવ જ્ઞાનની ઉપલબ્ધિ થાય છે.

**સ.૨૪૬: બૌધદર્શન નિત્ય આત્માને તો માનતું જ નથી. ક્ષણિકવાદનું પ્રતિપાદક છે. બસ માત્ર જડ શરીરને જોયા કરો અને શ્વાસ પર ધ્યાન રાખો. એનાથી શું વળે ?**

જ.૨૪૬: અરે ભાઈ... બૌધ દર્શન આત્માને માને કે ન માને તેનાથી આપણને શું ફરક પડે છે ? આપણે મહાવીરે કહ્યું છે કે આત્મા છે તો છે જ. આપણને એ લોકો એમ તો નથી કહેતા ને કે અમારી માન્યતાને કબૂલ કરો પછી જ અમે તમને આ વિદ્યા શીખવાડીશું..?? આપણે આપણા કામથી કામ... ન આપણે આપણી અંતરની માન્યતા બદલવાની જરૂર છે કે નતો એમની શું માન્યતા છે તેની ચિંતા કરવાની જરૂર છે. આપણે તો ફક્ત આ ધ્યાન વિધિ શીખીને એને આપણામાં જોડી દેવાની છે. આતો સમજ-સમજની ફેર છે. અમુક શબ્દોનો તે સમયમાં જે અર્થ થતો હતો તે આજે બદલાઈ ગયો હોય તેથી પણ ગેરસમજ ઉભી થતી હોય.. અનાત્મનો અર્થ આત્મા નહિ એવો પણ થાય અને અનાત્મ એટલે જડ પુદ્ગલ એવો પણ થાય. આત્મ એટલે ચેતન અને અનાત્મ એટલે જડ. તો આ દેહમાં અનાત્મબોધ (જડ) થાય ને એમાં હું પણું મટે એવો પણ આશય હોઈ શકે. આત્મા તો ધ્રુવ છે, નિત્ય છે, તેનું દર્શન, સાક્ષાત્કાર... જૈનો એને સમ્યક્દર્શન કહે છે, બૌધો એને નિર્વાણનો સાક્ષાત્કાર કરે છે. પણ વાત તો એક જ છે, ફક્ત સમજ ફેર છે. બૌધ ધર્મગ્રંથો નોંધે છે કે ગૌતમ બુદ્ધે સમ્યક્ સંબુદ્ધ થવાનો સંકલ્પ, પોતે જ્યારે સુમેધ નામે બૌધ હતા ત્યારે કરેલો. તે વખતે વિહરમાન દીપંકર બુદ્ધના જીવનકાળમાં અગણ્યભવો પહેલા કરેલો. તો જો બૌધદર્શન અનાત્મવાદી હોય તો દીપંકર બુદ્ધ પાસે આશિષ માંગનાર કોણ ? અબજો-અબજ ભવ સુધી એકધારી સાધના કરી ગૌતમ બુદ્ધ થનાર કોણ ? જો બૌધ દર્શને એ મતનું હોય કે નિત્ય-આત્મતત્ત્વ જેવું કંઈ છે નહિ તો પહેલી વાત તો એ કે બૌધધર્મ નિર્વાણ માટેનો પુરૂષાર્થ કરવાનો અનુરોધ કોને કરે છે ? કર્મ સાથે કોણ બંધાયેલું છે ? કર્મની નિર્જરા થતાં નિર્વાણનો અનુભવ કોને થાય છે ? ટૂંકમાં આ કોઈ સમજ ફેર છે, અથવા તો દાર્શનિકો એ

માનમાન્યો અર્થ પકડી લઈ તેની આસપાસ તર્કજાળ ગુંથાઈ ગઈ હોય. માટે આ પ્રશ્નોનો તાગ સાધના દ્વારા વાચક જાતે જ મેળવે. શબ્દજાળમાં ન અટવાય.

**સ.૨૪૭: બીજો સવાલ છે જડ શરીરને જોવાથી શું મળે ? ચિત્તને કાયામાં જ પરોવી રાખી મસ્તકથી પાની સુધી શા માટે ઘુમાવવું ?**

જ.૨૪૭: અરે ભાઈ... આત્મા ખોવાયો છે તો આ કાયામાં જ ને ? જે વસ્તુ જ્યાં ખોવાઈ છે ત્યાં એને શોધીએ તો મળે કે એને બીજે શોધતા રહીએ તો ? એની શોધમાં આપણે આખી ધરતી ખુંદી વળીએ છીએ, માત્ર નથી નજર કરતાં આ કાયામાં જ્યાં એ વસે છે. માટીના ઢગલામાં હીરો ખોવાયો હોય તો હીરાને શોધવા માટે પહેલા તો માટી જ ઉલેચવી પડશે ને ? હું એમ કહું કે મારે તો હીરો જ જુવે છે પછી માટી શું કામ ઉલેચું ? તો પછી બેસી રહે આખી જિંદગી, હીરો કદીય હાથમાં નહિ આવે. વિપશ્યના દ્વારા આ કાયાના કણ કણને, અણુ-અણુને ઉપરતળે કરીને એની ભાળ મેળવાય એનું માધ્યમ રહે છે સંવેદના કે શ્વાસ. સભાનતાપૂર્વક શ્વાસનો કે સંવેદનાનો અનુભવ કરતાં થયા કે આત્મા સાથે સંતાકૂકડી શરૂ થઈ જાય છે. ને એમ કરતાં એક દિવસ એ પકડાઈ જાય છે. પ્રથમ શ્વાસ પછી સ્થૂળ-સૂક્ષ્મ સંવેદના/અદુઃખદ અસુખદ સંવેદના, પછી એથીયે સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ સંવેદના જોતાં જોતાં અપ્રમત જાગ્રત સાધકને ખાતરી થઈ જાય છે કે આ કાયામાં સ્થિર-નિત્ય જેવું કાંઈ છે જ નહિ. એ તો ક્ષણે ક્ષણે વિખરાતા પરમાણુઓનો ઢગલો માત્ર જ છે. એમાં  હું પણાની બુદ્ધિ રાખવી એ નરી ભ્રાંતિ છે. કાયા પ્રત્યેની જન્મોજન્મની આસક્તિ આ અનુભવથી ઓગળવા માંડે છે. ક્રમશઃ રાગદ્વેષ-મોહના સંસ્કારો ક્ષીણ થતા જાય છે. એની સમસ્ત તૃષ્ણા શાંત થઈ જાય. ક્ષુદ્ર હુંલુપ્ત થાય છે ને સાધક, ધ્રુવ નિત્ય-શાશ્વતતત્ત્વનો સાક્ષાત્કાર પામે છે. આમ વિપશ્યનાની પદ્ધતિએ અનેકાંતદ્રષ્ટિથી - ભાસમાન સચ્ચાઈ તેમ વાસ્તવિક સચ્ચાઈ (ક્ષણભંગુરતા) પ્રત્યે નિરંતર સભાન રહી આ કાયાને જોતાં જોતાં આ કાયામાં જ ભગવાનનો ભેટો થઈ જાય છે.

**સ.૨૪૮: આપણા રોજીંદા જીવનમાં બોલાતા કોઈ દુહાનું ઉદાહરણ આપીને વિપશ્યના સમજાવો.**

જ.૨૪૮: ગણધરો તીર્થંકરને ત્રણ પ્રદક્ષિણા દેતા દરેક પ્રદક્ષિણા વખતે પૂછે છે કે 'ભંતે કિં તતં ?' ભગવાન પ્રથમ પ્રદક્ષિણા વખતે જવાબ આપે છે. ઉપનેઈવા... બીજી પ્રદક્ષિણા વખતે કહે છે વિગમેઈવા... ત્રીજી પ્રદક્ષિણા

વખતે કહે છે કે ધુવમેઈવા...
આપણે આ ત્રીપદીને સારી રીતે ગોખી લીધી. અડધી રાતે કોઈ ઉંઘમાંથી ઉઠાડીને પૂછે તો કડકડાટ બોલી જઈએ કે ઉપનેઈવા, વિગમેઈવા, ધુવમેઈવા. કદાચ આની પરીક્ષા આપવાની હોય તો પ્રથમ નંબરે પાસ પણ થઈ જઈએ પણ ક્યારેય આપણે એ અનુભવ્યું નહીં કે જેમાં આખું તત્ત્વજ્ઞાન સમાયું છે તે શું છે ઉપનેઈવા? વિગમેઈવા કે ધુવમેઈવા? જ્યારે વિપશ્યના સાધના કરતા કરતા એક અવસ્થાએ પોતાનું શરીર ઘન સ્વરૂપે નહિ પણ પ્રતિક્ષણ અને ક્રમશઃ પલટાતા પૂંજ તરીકે અનુભવશો, પ્રતિ સેકંડે પાંચ કરોડ કોશિકાઓ નાશ પામતી તે નવસર્જન થતી જાત અનુભવથી જાણશો ત્યારે ભગવાને કહેલા આ ત્રીપદીના શબ્દો સમજાશે... ખૂબ સમજાશે.
તમે પ્રક્ષાલ વખતે આ દૂહો બોલો છો ને? 'જ્ઞાન કળશ ભરી આત્મા, સમતા રસ ભરપૂર, શ્રી જિનને નવરાવતા, કર્મ થાય ચકચૂર.' બસ આ દૂહો વાંચીને આપણે તો કળશા ને કળશા દૂધ પાણીના ભરી ભરીને જિન પ્રતિમા પર ઢોળવા લાગ્યા ને માનવા લાગ્યા કે જિન પ્રતિમાને કળશા ભરી ભરીને નવડાવીશ એટલે મારા કર્મ ચકચૂર થઈ જશે... નાશ પામી જશે. મારા કર્મની નિર્જરા થઈ જશે. પણ કોઈ દિવસ વિચાર્યું કે આપણે બોલીએ છીએ અલગ ને કરીએ છીએ અલગ - અરે ભાઈ... જ્ઞાની પુરુષોએ સાંકેતિક ભાષા તત્ત્વજ્ઞાનને - વિપશ્યનાને આ દુહામાં વણી લીધી છે. તેઓ જાણતા હતા કે સમય જતા ભાષાના શબ્દો બદલાઈ જશે. પણ સાંકેતિક ભાષા જીવંત રહેશે. જેમાંથી વિચાર કરતા ફરી પાછું લોકો જ્ઞાન મેળવશે. અહીં આત્મારૂપી જ્ઞાન કળશ લેવાનું કહ્યું છે ને આપણે તો સોના-ચાંદી-પિત્તળના કળશ લઈએ છીએ... આમાં તો જ્ઞાન કળશમાં સમતારૂપી રસ ભરવાનો કહ્યો છે અને આપણે તો દૂધમિશ્રિત પાણી ભરીએ છીએ. આ દુહામાં તો ખુદ જિનને નવડાવવાનું કહ્યું છે કે આપણે તો જિનેશ્વરદેવની મૂર્તિને નવડાવીએ છીએ. આમાં જે પ્રમાણે કહ્યું છે તેમ કરીએ તો કર્મ ચકચૂર થાય. આપણે તો તે પ્રમાણે નથી કરતાં છતાં માનીએ છીએ કે અહો... મારા તો કર્મ ચકચૂર થઈ ગયા... એમ વિચાર કરતા સાધક વિચારશે કે 'પણ ખુદ જિન છે ક્યાં?' અત્યારે પંચમ કાળમાં તો કોઈ જિનેશ્વરની હાજરી તો છે નહીં... ત્યાં તો એને સમજાશે કે અરે... મારો ખુદનો આત્મા જ જિન છે. ફક્ત એના પર જે કર્મોની કાળાશ છે તે દૂર થઈ જાય તો એના જિનેશ્વર સ્વરૂપના દર્શન થઈ જાય. ઓહ! તો એને નવડાવવાનું કામ આપણી અંદર જ કરવાનું છે? એને નવડાવવા માટે જ્ઞાનરૂપી કળશ જોઈએ.

પુદ્ગલની અનિત્યતાનું જ્ઞાન હાજર કરી એ કળશમાં સમતારૂપી રસ ભરીશું. ઘટના, પ્રિય હોય કે અપ્રિય. રાગ કે દ્વેષમાં તણાઈ ન જતાં, તટસ્થ રહી... સમતામાં સ્થિર થશું તો મારા કર્મ ચકચૂર થશે... આટલી વાત સમજમાં આવતા વિપશ્યનામાં આજ તો કામ કરીએ છીએ. પ્રથમ તો મન-વચન-કાયાને સ્થિર કરી નવા કર્મોનો આશ્રવ બંધ કરીએ છીએ. જેણે સાધનાનો ઘનિષ્ઠ અનુભવ મેળવ્યો હશે, પ્રત્યેક શ્વાસ સાથે સમસ્ત કાયામાં 'ધારાપ્રવાહ' અનુભવ્યો હશે, તેમને એ વખતનો પોતાનો જાત અનુભવ આ દુહામાં દેખાશે. વિપશ્યના શિબિરમાં રોજના નવ-દસ કલાક શિખાથી પગના તળિયાં સુધીની યાત્રા કરતા સાધકને સ્થૂળ/દુઃખદ સંવેદનાનો અનુભવ થાય કે સૂક્ષ્મ/સુખદ સંવેદનાનો અનુભવ થાય, ત્યારે આત્મારૂપી કળશમાં એ જ્ઞાન, એ પ્રજ્ઞા હાજર કરવાની છે કે સંવેદના સુખદ હોય કે દુઃખદ, કોઈ સંવેદના અનંતકાળ સુધી રહેવાની નથી... આ બધી સંવેદના અનિત્ય છે તો જે અનિત્ય છે તેના પ્રત્યે શું રાગ જગાડવો ? શું દ્વેષ જગાડવો ? આવા જ્ઞાનરૂપી કળશની હાજરીને લીધે સાધક જે ક્ષણે જેવી સંવેદના હોય તેને તટસ્થ પ્રેક્ષકની જેમ નિહાળી, તેની ક્ષણભંગૂરતા અને નિઃસારતા પ્રત્યે સભાન રહી સમતામાં સ્થિર થાય છે. સુખદ સંવેદના કે ધારા પ્રવાહમાં રાગ કરી હર્ષથી નાચી નથી ઉઠતો કે દુઃખદ સંવેદના જાગે ત્યારે ખિન્ન થઈ રોવા નથી બેસતો... સંપૂર્ણ સમતામાં સ્થિર થાય છે... આમ આત્મારૂપી જ્ઞાનકળશમાં સંપૂર્ણ સમતારસ ભરે છે. હવે જોઈએ તેથી શું થાય છે ? તેથી એક પછી એક કર્મની પ્રતરો જે સંવેદનારૂપે ઉદીરણામાં આવી છે તેને રાગ કે દ્વેષનો ટેકો ન મળતા તે કર્મ ઉદીરણામાં આવી નિર્જરી જાય છે. આમ એક પછી એક કર્મ ચકચૂર થતાં આપણો આત્મા કર્મની કાળાશથી હળવો થતો જાય છે... નિર્મળ થાય છે... આ રીતે આત્માને સમતારસથી સ્નાન કરાવતા કરાવતા એના જિનસ્વરૂપની એક ઝલક પ્રાપ્ત થઈ જાય છે એ જ છે સમ્યક્દર્શન. જેમકે લાલટેન છે. એમાં દીવાનો પ્રકાશ તો ઝળહળે છે પણ એના કાચ પર એટલી બધી કાળાશ જમા થઈ ગઈ છે કે એનો પ્રકાશ બહાર આવી શકતો નથી. લાગે છે કે જાણે અંદર દીવો જલતો જ નથી. પરંતુ પ્રયત્ન દ્વારા જો કોઈ એક જગ્યાએથી પણ કાચ પરની કાળાશ મૂળ સુધી દૂર થઈ તો દીવાની એક ઝલક દેખાઈ જાય છે. તેથી દીવો કેવો હોય તેની પણ ખબર પડી જાય છે. હવે તો કાચ પરની સંપૂર્ણ કાળાશ દૂર કરી દીવાનો સંપૂર્ણ પ્રકાશ રેલાવવાની એને તાલાવેલી લાગે છે. બસ, આજ રીતે આત્મારૂપી કળશમાં પુદ્ગલની અનિત્યતાનું જ્ઞાન હાજર કરી, સુખદ સંવેદના પ્રત્યે રાગ કે દુઃખદ

સંવેદના પ્રત્યે દ્વેષ ન જગાવતા સમતારસમાં સ્થિર થઈ, ઉદીરણા થયેલી એક એક કર્મ પ્રતરોને નિર્જરતા જઈ, આત્મા પરથી કર્મની કાળાશ ઓછી થતાં, તેનું જિનસ્વરૂપ પ્રગટ થાય છે.

આમ આ દુહામાં આખી વિપશ્યના ભરેલી પડેલી છે... પણ આપણને કાંઈ જોવાનો કે સમજવાનો કે વિચારવાનો ટાઈમ જ ક્યાં છે? 'આ આવ્યા દેરાસરમાં ધડાધડ મૂર્તિ પર પાણી ઢોળ્યું, જો ગર્દી હોય તો એક બે ધક્કા પણ મારી દીધા, કોઈના પર ક્રોધ કર્યો, કોઈના પર રાગ કર્યો, ને કર્મ ચકચૂર કરવાને બદલે નવા કર્મના પોટલા બાંધીને રવાના થયા... આને તમે ધર્મ કહેશો? આ એક દૂહો સમજાવ્યો એવી તો કેટલીય સજ્ઝાયો, સ્તવનો, કૃતિઓમાં વિપશ્યના ભરેલી પડેલી છે... જો વિપશ્યના - સ્વાધ્યાય કરવા લાગો તો ખુદ સમજવા લાગશો. કોઈ કોઈ સાધકના એક-બે સવાલ આવ્યા છે તે જરા જોઈ લઈએ.

**સ.૨૪૯: ત્રણેક વર્ષથી વિપશ્યના સાધના કરૂં છું, પણ શિબિરોમાં એની એજ વાત આવે છે તો શું વર્ષોવર્ષ માત્ર સંવેદનાઓ જ જોયા કરવી?**

જ.૨૪૯: વિપશ્યના શું છે? સંવેદનાઓ જોતાં રહેવું એજ વિપશ્યના નથી. કિંતુ, પ્રત્યેક સંવેદના પ્રત્યે જાગૃત રહેવું અને તેની સાથે એ તથ્ય પ્રત્યે પણ સભાન રહેવું, કે ઈન્દ્રિયજગતનો કોઈ અનુભવ / કોઈ સંવેદના ચિરસ્થાયી નથી - આ સભાનતાપૂર્વક, 'અમુક સંવેદના મળે' કે 'અમુક સંવેદના ટળે' એવી કોઈ કામના કર્યા વિના / પ્રતિક્રિયા વિના, પ્રતિ પળ પૂર્ણ સમતામાં રહી પ્રાપ્ત સ્થિતિનો શાંત - સ્વીકાર કરવો એ વિપશ્યના છે. પ્રતિપળ વર્તમાન સચ્ચાઈ પ્રત્યે સજગ તેમજ નિર્લેપ રહી, અહંમમ અને કર્તા-ભોક્તાભાવમાંથી બહાર આવી, સમતામાં ઉત્તરોત્તર વધુને વધુ સ્થિર થતાં જવું એ આ સાધનાની ધરી છે. એને જ કેન્દ્રમાં રાખી સાધનાચક્ર ગતિશીલ રહે તો મુક્તિપંથે પ્રગતિ થતી રહે.

સંવેદનાઓ સ્થૂળ મળી કે સૂક્ષ્મ એ વાત એટલી મહત્ત્વની નથી, તમે એના નિર્લેપ સાક્ષી રહી શક્યા કે નહિ એ મહત્ત્વનો મુદ્દો છે. આટલું સમજી રાખો કે અમુક સંવેદના ક્યારે પૂરી થાય અને અમુક સંવેદના ક્યારે મળે એ કામના ચિત્તમાં પેઠી કે વિપશ્યના છૂટી ગઈ; તટસ્થ સાક્ષી રહેવાને બદલે તમે ફરી કર્તા-ભોક્તાભાવમાં સરકી ગયા - જેમાંથી બહાર નીકળવા સાધના આદરી છે, તેને જ પુષ્ટ કરી રહ્યા છો. ચિત્તમાં કંઈક અપેક્ષા છે / આશા છે / તૃષ્ણા છે કે અમુક સ્થિતિ ક્યારે મળે અથવા અમુક સ્થિતિ ક્યારે ટળે, તો, એ તૃષ્ણા તમને વર્તમાનમાં સ્થિર થવા દેશે નહિ. તૃષ્ણા એજ બંધન છે, દુઃખ છે, આર્તધ્યાન છે.

તેની પકડમાંથી મુક્ત થવા મુમુક્ષુ સાધના તરફ વળે છે પણ એમાંય અહં અને ઝટ ન પરખાય એવી કોઈ તૃષ્ણા પાછળ સાધક દોડતો થઈ જાય છે.

સંવેદનાઓ સાધનાની પ્રગતિનો માપદંડ નથી. પરંતુ સંવેદનાઓ પ્રત્યે સભાન રહી સમતામાં કેટલું સ્થિર રહી શક્યા એ પ્રગતિનો માપદંડ છે. સંવેદના સમતાપૂર્વક વેદાય તો સ્થૂળ / પીડાદાયી સંવેદના દ્વારા દ્વેષના અને સૂક્ષ્મ/સુખદ સંવેદના દ્વારા રાગના અને સૂક્ષ્મતમ સંવેદના દ્વારા (અસુખદ-અદુઃખદ) મોહના કર્મોની નિર્જરા થાય છે.

**સ.૨૫૦: આ સાધના ક્યાં સુધી કરવી ? નિર્વાણની પ્રથમ અનુભૂતિ ક્યારે મળે ?**

**જ.૨૫૦:** આજીવન કરવાની આ સાધના છે એવું નથી કે શિબિરો પૂરતી જ વિપશ્યના કરવાની છે, સમગ્ર જીવનમાં એ વ્યાપવી જોઈએ.

પહેલી એકાદ - બે શિબિરમાં તો વિપશ્યનાની બારાખડીનું જ્ઞાન મળ્યું ગણાય. સાધક એકથી વધુ શિબિરોમાં જોડાઈ વિપશ્યનામાં સુસ્થિર બને, એ ઈચ્છનિય છે.

નિર્વાણની અનુભૂતિ ક્યારે મળે ? તો સમય પાકશે ત્યારે. કેલેન્ડરના પાનાં વડે એનું માપ આપી ન શકાય. સાધનામાં પુરૂષાર્થ કેવો છે ? તીવ્ર છે કે મંદ ? સમજણની પરિપક્વતા કેવી છે ? પહેલાંના કર્મ સંસ્કારોનો જથ્થો કેવો છે, તેવી અનેક બાબતો પર નિર્વાણની અનુભૂતિનો આધાર રહે છે.

સાધકે એ ખાસ ધ્યાન રાખવું કે થોડા પ્રયત્ને જલ્દીથી આત્મઉપલબ્ધિ કરાવી દેવાનો કોલ આપતી કોઈ સાધનાની પાછળ ભાગવું નહિ. કેમકે આત્મઉપલબ્ધિનો કોઈ ટૂંકો માર્ગ છે જ નહિ. સાધકના સાંપ્રદાયિક મોહને પંપાળતી કોઈ સાધના વિપશ્યનાનું મહોરૂ પહેરીને આવે પણ સાધકે ભરમાવું નહિ. વિપશ્યના એના શુદ્ધ સ્વરૂપમાં વિપશ્યના કેન્દ્ર પર જઈને જ કરવી - શીખવી. નહિ તો એનો લાભ મળશે નહિ.

**સ.૨૫૧: ક્યારેક બાહ્ય કશા કારણ વિના અંતરમાં ભય, ગ્લાનિ, ઉદ્વેગ, હતાશા આદિનો અનુભવ થાય છે તો ક્યારેક બંધ આંખે તારા જેવો તેજસ્વી પ્રકાશ દેખાય, આસનથી અધ્ધર ઉંચકાઈ ગયાનો અનુભવ વિપશ્યના સાધના વખતે થાય છે.**

**જ.૨૫૧:** અવચેતન મનમાં અનેક ભવના શુભ-અશુભ કર્મસંસ્કારો પડેલા હોય છે. સાધના દરમ્યાન એમાંથી ગમે તે સંસ્કાર ચિત્તની સપાટી પર આવી શકે છે. તેથી બાહ્ય કશા કારણ વિના અંતરમાં ભય, ગ્લાનિ ઉદ્વેગ આવી શકે છે પણ તેથી અકળાવું નહિ કે ન એ ચિત્તસ્થિતિ શમી જાય

એવી ઈચ્છા કરવી. જે વખતે જે ચિત્તસ્થિતિ હોય તેના પ્રતિમાત્ર જાગૃત રહેવું. ક્યારેક એવું બને કે જે પ્રકારના વિચાર કે ભાવને કદી ચિત્તમાં સ્થાન ન આપ્યું હોય એવા નિમ્ન કોટીના વિચાર-ભાવ ચિત્તમાં ઉભરાવા લાગે, આવા અવસરે સાધકે પોતાનું પતન થઈ રહ્યું છે, એમ માની અપરાધભાવને ચિત્તમાં સ્થાન ન આપવું. ન મુંઝાઈ જઈને સાધના પડતી મૂકવી. સત્તાગત કર્મમાંથી કોઈવાર અજ્ઞાન કે મોહ કે નશાજન્ય કર્મસંસ્કારની ઉદીરણા થતાં, આવું બની શકે છે. વર્તમાન ક્ષણે જે સ્થિતિ છે તેને બદલવાની કે ટાળવાની કોઈ મથામણમાં પડ્યા વિના તટસ્થ રહી તેના પ્રત્યે જાગૃત રહેવું. નિઃકાંક્ષ (ઈચ્છારહિત) જાગૃતિમાં કર્મ-નિર્જરાની અપૂર્વ ક્ષમતા છે. સાધકે માત્ર પ્રેક્ષક રહી જાગૃતિના પ્રકાશમાં એના મૂળને છતું થવા દેવું. એનું મૂળ જાગૃતિના તેજમાં ખુલ્લું થઈ જતા એ સંસ્કારોની પકડ ચિત્ત પર રહેતી નથી. એને એનો અનુબંધ ન રહેવાથી સાધક તેમાંથી ક્રમશઃ મુક્ત થતો જાય છે.

ક્યારેક બંધ આખે તારા જેવો તેજસ્વી પ્રકાશ દેખાય કે ધારાપ્રવાહની સાથે સમગ્ર શરીરે રોમાંચનો અનુભવ થાય, અત્યંત આનંદ, વિસ્મય કે હળવાશનો અનુભવ થાય કે આસનથી અધ્ધર ઊંચકાઈ ગયાનો અનુભવ થાય ત્યારે સાધકે કોઈ અનુભવને વળગી ન પડવું - એમાં વધુ સમય રમમાણ ન રહેવું. તેણે સમજવું રહ્યું કે સાધનાપથ પર પ્રગતિની ધરપત આપતી આ બધી ક્ષણભંગુર એંધાણીઓ છે. એની માત્ર નોંધ લઈ આગળ વધવું. પ્રાપ્ત અનુભવનો આસ્વાદ માણતાં ક્યાંય બેસી ન પડવું. એ જ પ્રમાણે ક્યારેક બેઠક વખતે એકસરખી / એક જ પ્રકારની સંવેદનાઓ મળતી રહે - તેમાં કશો ફેરફાર થતો ન અનુભવાતો હોય - ત્યારેય કંટાળવું નહિ; પણ, સંવેદનાઓની અનિત્યતા / ક્ષણભંગુરતા લક્ષમાં રાખી, અવિક્ષિપ્ત ચિત્તે સાધના પ્રવાહિત રાખવી. ખાતરી રાખો કે એક દિવસ સફળતા મળશે જ. વિદ્યુતબત્તીના બલ્બનો વ્યવહારોપયોગી તાર એડીસન એક હજાર નિષ્ફળ પ્રયાસ પછી શોધી શકેલો. મોક્ષાર્થી શું એક વૈજ્ઞાનિક જેટલીયે ધીરજ ન કેળવી શકે ? સંકલ્પ કરો કે 'મુક્તિ જ જોઈએ છે, એનાથી ઓછું કશું નહિ,' પછી સજાગતા ('સતિ'/awareness)નો દંડ અને સમતા ('ઉપેખ્ખા'/ equanimity)નું ભાથું સાથે રાખી પગ ઉપાડો. ગતિ વેગીલી હો કે મંદ, ચાલતા જ રહો. અનેકવારની નિષ્ફળતાઓને અવગણીને અને શીઘ્ર ફળપ્રાપ્તિ માટેની ઉત્સુકતા રાખ્યા વિના, પાકી નિષ્ઠા, સમજ અને ખંતપૂર્વક સાધના કરતા રહો. વિશ્વાસ રાખો કે વિપશ્યનાના પથ પર મૂકેલું એક પણ ડગલું વ્યર્થ નહિ જાય.

**સ.૨૫૨: સાધનામાં આગળ વધતા સાધકમાં શું બદલાવ આવે છે ?**

**જ.૨૫૨:** વિપશ્યના - પથ પર સાધકની પ્રગતિ એ જ કે તેના કામ-ક્રોધ-લોભ-આસક્તિ આદિ વિકારો ઉત્તરોત્તર ક્ષીણ થતા રહે, શીલ-સદાચાર પુષ્ટ થતા જાય, ને પંચશીલ પાંચ અણુવ્રત/મહાવ્રત-ના ભંગમાં પરિણમતું કોઈ અકાર્ય તેનાથી થાય નહિ, ને તે સમતામાં વધુ ને વધુ પ્રતિષ્ઠિત થતો જાય; અર્થાત્ સામાયિકભાવનો ક્રમશઃ વિકાસ અને અંતે એની પૂર્ણતા અર્થાત્ વીતરાગતા - કે જે મુનિની તેમજ શ્રાવકની સમગ્ર ધર્મસાધનાનું લક્ષ્ય છે તેની દિશામાં સાધકની ગતિ થતી રહે. સામાયિકભાવ પુષ્ટ થયો તો એમાંથી અહિંસા સ્વયં વિકસે છે - પોતાથી કોઈને લેશમાત્ર કષ્ટ ન પહોંચે તેની કાળજી આપોઆપ આવે છે અને ‘પોતાના’ કે ‘પરાયા’ના ભેદ વિના, સૌ પ્રત્યે નિષ્કારણ મૈત્રી / નિર્વ્યાજ પ્રેમનો પ્રવાહ અંતરમાં વહેતો થઈ જાય છે. આથી ઉદારતા, ક્ષમા, સહિષ્ણુતા, સહકાર, સહચારની ભાવના ઈત્યાદિ દૈવીસંપત્ પ્રગતિશીલ વિપશ્યી સાધકને સ્વયં આવી મળે છે. ક્યારેક એવું બને છે કે ક્રોધ-લોભ આદિ વિકારોને વશ ન થવું એવું પોતે ઈચ્છતો હોવા છતાં, સામાન્યતઃ માનવી કોઈ પણ ઘટના, વ્યક્તિ કે પરિસ્થિતિ પ્રતિ, પૂર્વસંસ્કારવશ, અવશપણે, પ્રતિક્રિયા કરતો રહે છે. ચિત્તમાં ઊઠતા વિકારોનું પ્રતિબિંબ આખા શરીરમાં પડે છે - મનમાં ઊઠતો પ્રત્યેક વિકાર શરીરમાં કંઈક સંવેદના જગાડે છે. વિપશ્યનાના અભ્યાસ દ્વારા એ સૂક્ષ્મ સંવેદનાઓને જોવાની અનુભવવાની ક્ષમતા આપણા ચિત્તમાં પ્રગટે છે અને સાથોસાથ તેના પ્રત્યે તટસ્થ દ્રષ્ટા રહેવાનો મહાવરો પણ થાય છે. આથી, વિપશ્યનામાં પ્રતિષ્ઠિત સાધક આંતરમનમાં વિકાર ઊઠે એ ક્ષણે જ, શરીરમાં અનુભવાતી સંવેદનાઓ દ્વારા સાવધ બની, વિકારના હુમલાને ખાળી શકે છે - તેના પ્રવાહમાં તણાઈ જતો નથી. આ અભ્યાસ પુષ્ટ થતા જીવનની નાની-મોટી પ્રત્યેક ઘટનાને સાક્ષીભાવે નિર્લેપનેત્રે નિહાળવાની ક્ષમતા લાધે છે, દેહાધ્યાસ મોળો પડે છે અને ભવના બીજભૂત કર્તા-ભોક્તા ભાવમાંથી બહાર નીકળાય છે, દ્રષ્ટાભાવ ઉત્તરોત્તર પ્રગાઢ બનતો જાય છે. ત્યારે –

કર્તા-ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય.
છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એજ ધર્મનો મર્મ.

– આ પંક્તિઓનો મર્મ સાધક સ્વાનુભવે માણી શકે છે. વિપશ્યનાની સાધનામાં પ્રગતિ કરતા કોઈ પણ મત-પંથના મુમુક્ષુને પ્રતીતિ થાય

છે કે શાસ્ત્રોનું અને આત્મજ્ઞ મહાપુરુષોના વચનોનું હાર્દ તેની સામે હવે જાણે સ્વયં પ્રગટ થાય છે.

સભાનપણે/સાચી રીતે અભ્યાસ કરનારો સાધક પોતાના ચિત્તમાં શુભ પરિવર્તન આવતું જોઈ શકશે. બધા દોષો સંપૂર્ણપણે ક્ષીણ ભલે ન થયા હોય પણ તેમનું બળ ઓછું થયું હોય તો તે પ્રગતિનું ચિન્હ છે. વિપશ્યનાના અભ્યાસથી પીડાથી ગભરાવાનું કે અકળાવાનું ઘટતું જાય છે. દુઃખનો 'હાઉ' વિદાય લે છે. તેને સ્થાને, જે કંઈ બને તેનો, વિના વિરોધે, સ્વીકાર કરવાની ક્ષમતા આવી જાય છે.

ચિત્તની અંદર કામના-તૃષ્ણાનો પ્રભાવ ઘટતો જવાથી દ્વેષ-રોષ-તિરસ્કારની વૃત્તિ પણ ઓછી થાય છે. ક્રોધ-ઈર્ષ્યા-વૈર જેવા દોષો નિર્બળ થઈ જાય છે અને મૈત્રી/સ્નેહ/શુભ ભાવના વૃદ્ધિગત થતા જાય છે.

**સ.૨૫૩: આપણે જીનાજ્ઞા વિરૂદ્ધ તો કાંઈ નથી કરતા ને ?**

**જ.૨૫૩:** ષટ્દર્શનનું અને નયનિક્ષેપનું ઊંડું જ્ઞાન ધરાવતા ન્યાયવિશારદ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજે 'જિનાજ્ઞા શી?' એ વિષે 'ઉપદેશ રહસ્ય' નામના ગ્રંથમાં વિસ્તારથી સૂક્ષ્મ ચર્ચા કરી છે. એ આખીયે ચર્ચાને સમેટતાં, ષટ્દર્શન અને નયનિક્ષેપના એ અઠંગ જ્ઞાતાએ, એ ગ્રંથના ઉપસંહારમાં, સમગ્ર જિનાજ્ઞાનો નિષ્કર્ષ આપતા કહ્યું છે કે, ''ટૂંકમાં જિનાજ્ઞા એટલી જ છે કે જેનાથી વ્યક્તિ પોતે રાગ-દ્વેષમાંથી છૂટકારો મેળવી શકતી હોય તે તેણે કરવું - આચરવું.''

''જાતિ-લિંગ કે પક્ષમેં, જિનકું હૈ દઢરાગ;
મોહજાલમેં સો પરે, ન લહે શિવસુખભાગ.''
- ઉપા. યશોવિજયજી મહારાજ

**જૈન શ્વેતાંબર પરંપરાના સમદર્શી આચાર્ય શ્રી હરિભદ્રસૂરિશ્વરજીએ 'યોગબિન્દુ' ગ્રંથનો ઉપસંહાર કરતા કહ્યું છે કે ''બુદ્ધિમાન માણસ માટે 'પોતાનું' અને 'પારકું' શું ? વિવેકબુદ્ધિથી નાણી જોતા જે સિદ્ધાંત તર્કસંગત જણાય તે તેણે સ્વીકારવો – પછી તે પોતાનો હોય કે પારકો.''... ''तत् ज्ञेयं सर्वज्ञसम्मतम्।''**

કોઈપણ સાધના પદ્ધતિ કે વિચારના સ્વીકાર કે ત્યાગનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તે પોતાના અંતરંગ દોષોને ક્ષીણ કરવામાં અને આત્મિક ગુણવૃદ્ધિમાં સહાયક નીવડે છે કે બાધક - એ માપદંડ અપનાવવાનો અનુરોધ દરેક દેશ-કાળના જ્ઞાની પુરુષોએ કર્યો છે. આપણા પૂર્વાચાર્યોએ મુમુક્ષુઓને માર્ગદર્શન આપતા કહ્યું છે કે, ''જેનાથી દોષો ખાળી શકાતા હોય, મોહજન્ય સંસ્કારોનો નાશ થતો હોય અને

પૂર્વબદ્ધ કર્મની નિર્જરા થતી હોય તે સર્વ મુક્તિના જ ઉપાયો છે.'' ''ભલે તે અનુષ્ઠાન કે સાધના પદ્ધતિ અન્ય મત-પંથમાં પ્રચલિત હોય, તો પણ તે સર્વજ્ઞ સંમત જ છે.'' વિપશ્યનાનો થોડોક અભ્યાસ કરનારને પણ રાગ-દ્વેષની મંદતા થવા દ્વારા ચિત્ત-શુદ્ધિનો કંઈક અનુભવ થાય છે અને તેથી આ સાધનાની ઉપયોગીતા સ્પષ્ટ જણાઈ આવે છે.

**'જેનાથી સમભાવ વધે તે સામાયિક' એ જૈન પરિભાષાને આગળ કરીને, 'વિપશ્યના એ સામાયિકની જ સાધના છે' એ તથ્યનો નિ:સંકોચ સ્વીકાર કરી આપણે વિપશ્યનાને વિના ખચકાટે અપનાવીએ.** જેણે વિપશ્યના-શિબિરનો અનુભવ લીધો હશે તેનાથી એ છાનું નથી કે વિપશ્યનાના પ્રારંભથી જ ત્યાં સમતાનો એકડો ઘૂંટાવાય છે; નિષ્ઠાપૂર્વક દીર્ઘકાળ પર્યંત એ સાધના કરનારને એ પ્રતીતિ થાય છે કે પોતે સમતામાં ઉત્તરોત્તર વધુ ને વધુ પ્રતિષ્ઠિત થતો જાય છે. નિર્જરાનું પ્રધાન અંગ જે તપ કહ્યું છે તેના બાર ભેદો પૈકી ધ્યાન અને કાયોત્સર્ગને ખુદ ભગવાન મહાવીર પ્રભુએ સર્વોત્કૃષ્ટ તપ નથી કહ્યું ? અને, ''ક્રોડો જન્મના ઉગ્ર તપથી જે કર્મનો ક્ષય થાય તેટલા કર્મ સમત્વમાં પ્રતિષ્ઠિત સાધક એક ક્ષણમાં જ ખપાવી દે છે.'' એવો બુલંદ ઉદ્‌ઘોષ શું આચાર્ય હેમચંદ્રસૂરિ જેવા પ્રખર યોગવિદ્-યોગનિષ્ઠ ધર્મનેતાએ નથી કર્યો ? વિપશ્યના-શિબિરોમાં રોજના નવ-દસ કલાક સમત્વ અને ધ્યાનનો અભ્યાસ કરવાનો હોય છે અને તેમાંયે 'અધિષ્ઠાન' કરવાનું હોય ત્યારે તો પૂરો સળંગ એક કલાક કશાયે હલનચલન વિના - આંખનો પલકારો સુધ્ધા માર્યા વિના - અડોલ આસને નિશ્ચલ બેસીને સમભાવપૂર્વક ધ્યાન કરવાનું હોય છે. એ રીતે કલાકો સુધી સમત્વ, ધ્યાન અને કાયોત્સર્ગનો અભ્યાસ કરતા સાધક એક પછી એક કર્મની પ્રતરો નિર્જરતો જાય છે ને ધ્રુવ-નિશ્ચલ-શાશ્વત એવા આત્માના દર્શનનો અનુભવ પ્રાપ્ત કરે છે. મુક્તિનો એક માત્ર ઉપાય સમતા છે. બાકીનો સમગ્ર ક્રિયાકલાપ સમતાની સિધ્ધિ માટે જ છે.

**ત્રણ અક્ષરને ઓળખો, બે લઘુ ગુરૂ એક...**
**સીધી લેતા મોક્ષ છે, ઉલટી લેતા દુર્ગતિ દેત...**

એ ત્રણ અક્ષર છે 'સમતા'. જો સમતાને ગ્રહણ કરો તો મોક્ષ છે ને તેનું ઉલટું કરો તો તામસ. તામસ દુર્ગતિમાં ઘસડી જાય છે.

**સ.૨૫૪: કેવી માયાજાળથી ચેતવાનું છે વિપશ્યના સાધનામાં ?**

**જ.૨૫૪:** કેટલાક આ સાધનાનો ઉઘાડે છોગે નિષેધ ન કરતાં, ચાણક્યબુદ્ધિ વાપરીને, એ જ સાધનામાં અહીં-તહીં થોડા ફેરફાર કરીને, એ અધકચરી

સાધનાને 'જૈન સાધના'ના લેબલ સાથે વહેતી મૂકે છે. તો બીજા કેટલાક ધર્મનેતાઓ, કશા જાત-અનુભવ વિના, કેવળ પુસ્તકીય માહિતીના આધારે, કોઈક પ્રક્રિયા ઘડી કાઢી 'જૈન પ્રક્રિયા' તરીકે આગળ કરી મુગ્ધજનોને આકર્ષવાનો પ્રયત્ન કરે છે. આવી સોનેરી જાળથી ચેતો. વિપશ્યના સાધના શીખવી હોય, તેનો લાભ મેળવવો હોય તો તેના કેન્દ્ર પર જઈ દસ દિવસની શિબિર ભરી તેના શુદ્ધ સ્વરૂપમાં શીખો. બાકી ફાયદો નથી.

બે વર્ષ પહેલાં એક ભાઈ જે ક્યારેક ક્યારેક મારા પ્રવચનમાં આવતા તે મને રસ્તામાં ભેગા થઈ ગયા. મને કહે ''બેન મારે દીક્ષા લેવી છે...'' મેં કહ્યું, ''બહુ સરસ... આનંદ થયો... પણ મારી એક વાત માનશો ?'' તો કહે ''હા બેન જરૂર'' મેં કહ્યું, દીક્ષા લેતા પહેલા વિપશ્યનાની એક શિબિર કરી આવો. શું સાધના છે તે શીખી આવો... પછી તમને કદાચ એ ચાન્સ ન મળે તો ખરેખર જે કરવાનું છે તેનાથી વંચિત રહી જશો. ને જો આ સાધના શીખ્યા પછી દીક્ષા લેશો તો તમે તમારો તો ઉધ્ધાર કરશો પણ બીજા કેટલાયનો કરી શકશો. **પણ યાદ રાખજો જેવા શુદ્ધ સ્વરૂપમાં શીખો તેવાજ શુદ્ધ સ્વરૂપમાં આગળ સાધના ચાલુ રાખજો... જો તેમાં કાંઈ પણ ભેળસેળ કરી 'જૈન'ના નામે મુકવાનો પ્રયત્ન કર્યો તો શું થશે ખબર છે ? લોકોને એનો લાભ મળશે નહિ એટલે લોકો તેને છોડી દેશે. ને માંડ માંડ બે હજાર વર્ષે પાછી ફરેલી આપણી વિદ્યા ફરી પાછી લુપ્ત પ્રાયઃ થઈ જશે...** એ ભાઈને મારી વાત બરાબર મગજમાં બેઠી. આ પહેલાં પણ એક-બે પ્રવચનમાં મેં આ વિષય પર પ્રકાશ પાડેલો. એટલે એમના ધ્યાનમાં તો હતું જ. તે ભાઈ તેમના પત્ની સાથે શિબિર કરી આવ્યા. શિબિર સમાપન પછી એમનો પ્રથમ ફોન મને આવ્યો કે ''બેન હું ખૂબજ ખુશ છું. મારો આનંદ શબ્દમાં વર્ણવી શકું તેમ નથી. જો તમે મને સાધના શિબિરમાં ન મોકલ્યો હોત તો મારૂં જીવન મારી દીક્ષા અધૂરી રહી જાત. ચારિત્ર લઈને ઓછામાં ઓછું એક વરસ સુધી આર્યમૌન ધારણ કરી, જનસંપર્કથી દૂર રહી જો આ સાધના કરવામાં આવે તો સમ્યક્ દર્શનની પ્રાપ્તિ માટે સાચી દિશામાં પગલું ભરાય ને પૂર્વસંચિત કર્મોનો જથ્થો ઓછો હોય તો, અથવા આગલા કોઈ જન્મોમાં સાધના કરીને આવ્યા હોય તો સમ્યક્દર્શન પ્રાપ્તિ આ કાળમાં પણ થઈ શકે છે. મનુષ્ય જન્મ લઈને પ્રથમ કાર્ય સમ્યક્દર્શનની પ્રાપ્તિ માટે કરવાનું છે. એના વગરની બધી જ ક્રિયા-તપ-ચારિત્ર બધું જ ફોક કહ્યું છે. એટલે જ તો કેટલીયે વાર ઓઘા લીધા છતાં આપણો ઉદ્ધાર થયો નથી. એટલે જ તો વર્ષો પૂર્વે લોકો-છોકરાઓને ઘર-સંસાર સોંપી

પોતે જંગલમાં રહી, ગુફાઓમાં એકાંત રહી.. વિપશ્યના ધ્યાન સાધના કરતાં... એમ કર્મ નિર્જરતા જો આત્મદર્શન પામી ગયા તો ચારિત્ર ગ્રહણ કરી આત્મકલ્યાણ સાધતા.

**સ.૨૫૫: શું આ સાધનાથી રોગ પણ શમી જાય છે ?**

**જ.૨૫૫:** માનસિક અને શારીરિક અનેક રોગો મનને આધારિત છે. જેને મનોકાયુક (સાયકોસોમેટિક) રોગો કહેવાય છે. ક્રોધ, ભય, ચિંતા, ઈર્ષ્યા, વ્યસન, અહમ્. આ બધા અવગુણોરૂપી મેલ મન પર જામવા ન દેતાં અને જૂના મનોરોગોને દૂર કરતાં રેહવું એ વિપશ્યના છે. મન નિર્મળ થતાં - વિકારવિહીન બનતાં તેના આનુષાંગિક પરિણામસ્વરૂપે અનેક માનસિક-શારીરિક રોગો આપોઆપ દૂર થાય છે. સાધક જો રોગોના ઉપચારના પર્યાય તરીકે વિપશ્યનાઓમાં જતો હોય તો તેણે એ સમજવું કે વિપશ્યના સાધના અધ્યાત્મ (શુદ્ધ ધર્મ)ની સાધના છે, જેના પરિણામે અનેક રોગોમાં લાભ (ફાયદો) થોડાઘણાં અંશે થતો હોય છે. પરંતુ કોઈપણ વ્યક્તિએ શરીરના કોઈ રોગના ઉપચાર માટે આ સાધનાનો ઉપયોગ ન કરવો જોઈએ. એ તો આ સાધનાની આડપેદાશ (બાયપ્રોડક્ટ) છે. મૂળ ઉદ્દેશ તો અધ્યાત્મ જ હોવો જોઈએ. સાધક દારૂ, સિગારેટ જેવા વ્યસનોથી પણ બહુધા મુક્ત બને છે.

આપણા ઋષિમુનિઓએ હજારો વર્ષ પહેલાં આ સત્યને પોતાના અનુભવથી જાણ્યું કે મનમાં વિકાર જાગતાં સંવેદના થાય કે આ સંવેદના વિકારને વધારવાનું કારણ બને છે. પણ જો તેને દૃષ્ટાભાવે / તટસ્થભાવે / સમતાભાવે અનુભવવામાં આવે તો તેનું બળ ઘટવા માંડે છે.

આચાર્ય શ્રી સત્યનારાયણ ગોએન્કાજી મસ્તકના દુઃખાવાના નિમિત્તે આ સાધના પ્રત્યે ખેંચાયા. દેશવિદેશના નામચીન દાક્તરો જેમાં નિષ્ફળ ગયેલા તે શીરદર્દ આ સાધનાથી શમી ગયું એટલું જ નહિ, તેમની જીવનદૃષ્ટિ પણ બદલાઈ ગઈ. આથી પ્રભાવિત થઈ, ત્યારબાદ લગભગ પંદર વર્ષ સુધી આ સાધના કરતા રહી તેઓ તેમાં નિષ્ણાત થયા. તેમના ગુરુજીએ તેમને આચાર્યપદે નિયુક્ત કર્યા અને આદેશ આપ્યો કે ભારતભૂમિની આ સાધના ભારતમાં ફરી પ્રસરે તે માટે ત્યાં જઈ તેનું શિક્ષણ આપો. તદનુસાર તેઓ સને ૧૯૬૯થી તેની શિબિરો યોજી એ કલ્યાણકારી સાધનાનો પ્રસાર કર્યો.

ઈ.સ.૧૯૭૩માં ભદ્રેશ્વર તીર્થમાં યોજાયેલ શિબિરમાં સર્વપ્રથમ ઘણાં જૈન સાધુ-સાધ્વીજીઓ - દશેક મુનિરાજો અને વીશ-બાવીશ મહાસતીજીઓ - એક સાથે વિપશ્યના શિબિરમાં જોડાયાં. ત્યારબાદ જૈનોમાં તેનો પ્રસાર વધતો રહ્યો છે. આચાર્યશ્રી તુલસી ગણિએ પોતાના

સાધુ-સાધ્વીઓને આ સાધનાનો લાભ મળે તે માટે દિલ્હી તેમજ લાડનુમાં તેમના ધર્મપરિવાર માટે ખાસ શિબિરોનું આયોજન કરાવેલું. રાજગૃહીમાં રાષ્ટ્રસંત ઉપા. અમરમુનિએ પણ આ શિબિરનો લાભ મેળવ્યો. આ રીતે, ઘણાં મત-પંથના ગુરુઓએ તેમજ જૈન સાધુ-સાધ્વી-મહાસતીજીઓએ પણ આ શિબિરોમાં જોડાઈ તેનો લાભ લીધો છે.

**સ.૨૫૬: કિંતુ, આવી ઉત્તમ કોટિની સાધનાનો જૈન સમાજના એક વર્તુળમાં વિરોધ પણ એટલો જ થઈ રહ્યો છે ?**

**જ.૨૫૬:** ઘણાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ તેનો સખ્ત વિરોધ કરે છે. કારણ એટલું જ કે ''આ બુદ્ધધર્મની સાધના છે'' - તેમાં 'બુદ્ધ'નું નામ આવે છે ! પણ 'બુદ્ધ'નો અર્થ ગૌતમ સિદ્ધાર્થ નામની વ્યક્તિ નહીં પણ 'જેણે બોધિ પ્રાપ્ત કરી છે / જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે બુદ્ધ' - એવો છે. આપણે નમુત્થુણંમાં 'સયં સંબુધ્ધાણં... બુધ્ધાણં બોહયાણં' બોલીને અરિહંત પરમાત્માની સ્તુતિ કરીએ જ છીએ ને ! ! પણ અહીં 'બુદ્ધ' શબ્દથી ભડકી ઊઠી, સમભાવની ખીલવટમાં અતિ ઉપયોગી એવી આ સુગમ અને નિર્દોષ સાધનાથી વંચિત રહીએ છીએ ! આ સાધનાનો વિરોધ કરનારને મારૂ નમ્ર નિવેદન છે કે પહેલાં બે-ત્રણ શિબિરોમાં જઈ એનો જાત અનુભવ લો તે વિના, સાંપ્રદાયિક મમત્વ વશ એનો વિરોધ ન કરો. ખરેખર તો આપણે જે ધ્યાન ગુમાવી બેઠા છીએ તે વિપશ્યનાના અભ્યાસ દ્વારા પુનઃપ્રાપ્ત કરી શકીશું.

આ સાધના સાધકોને પચે તો મનની તમામ કડવાશ દૂર થઈ જાય, કોઈ પ્રત્યે દ્વેષ, ધિક્કાર કે ઘૃણા - તિરસ્કાર ના રહે. મારી તો દૃઢ માન્યતા છે કે આ સાધના અપનાવવાથી જૈનોને ખૂબ જ લાભ થશે, સંપ્રદાયવાદ નાબૂદ થશે અને સમાજમાં અપૂર્વ શાંતિ સ્થપાશે.

મનને શુદ્ધ કરવાની આ કળા મુનિરાજો પ્રાપ્ત કરે તો, એ ગુરુવર્યો દ્વારા શ્રાવક-શ્રાવિકાઓ પણ આ સાધનાનો લાભ પ્રાપ્ત કરી જીવનને ધન્ય બનાવી શકે. સાચું સુખ અને સાચી શાંતિ આંતરિક શુદ્ધિ દ્વારા જ મેળવી શકાય છે. આંતરિક શુદ્ધિ વિના બાહ્ય ક્રિયાકાંડો બહુ ફલવાન બની શકતા નથી.

**સ.૨૫૭: વિપશ્યના માટે દસ દિવસ ફાળવવા અઘરૂ પડે છે ? આટલો સમય ક્યાંથી લાવવો ?**

**જ.૨૫૭:** દરેક સારી વસ્તુની કિંમત હોય છે. આપણા શિક્ષણ પાછળ કેટલાં વર્ષો ખર્ચ્યા ? છતાં જીવન જીવવાની કળા શીખી શકતા નથી. ધ્યાનના લાંબા ગાળાના ફાયદા જોઈએ તો તેના માટે ફાળવેલો સમય બિલકુલ ઓછો છે. ધ્યાન કરવાથી આપણું કૌશલ્ય, કાર્યપદ્ધતિ અને કાર્યક્ષમતા સુધરે છે. લાંબો સમય લઈ લેતાં કાર્યો પણ ઓછા સમયમાં થઈ શકે છે.

પરિણામે સમય અને શક્તિ બંને બચે છે. ધ્યાન માટે ફાળવેલ સમય તો ખરેખર ગોલ્ડન ઈન્વેસ્ટમેન્ટ છે. વિપશ્યના જીવનને તારનારી સાધના છે. સાચા અર્થમાં જીવન જીવવાની કળા શીખવા માટે દસ દિવસ ઘણાં ઓછા છે.

ટૂંકમાં સર્વજનીન, સર્વદેશીય, સર્વકાલીન, સાર્વભૌમ, બિનસાંપ્રદાયિક ધ્યાન વિપશ્યના જ શાંતિદાયી, આનંદદાયી અને મુક્તિદાયી છે, એવો મારો પોતાનો અનુભવ છે.

**સ.૨૫૮: ધ્યાન શીખવાની શરૂઆત ક્યારે કરવી જોઈએ ?**

**જ.૨૫૮:** સામાન્ય જનમાનસમાં એવી સમજણ વર્ષોથી દૃઢ થયેલી છે કે ''ધ્યાન-ધર્મ એ ઘડપણમાં કરવાના કામ છે.'' આ માન્યતા એ વાતને સિદ્ધ કરે છે કે ધ્યાન વિશેની કેવી ખોટી સમજણ લોકોના મનમાં છે. ધ્યાન તો જીવન જીવવાની કળા છે. તેની શરૂઆત તો જીવનના આરંભ પહેલાં જ એટલે કે બાળક જ્યારે માતાના ગર્ભમાં હોય ત્યારે જ શરૂઆત થવી જોઈએ. જેથી તેનો લાભ આખા જીવન દરમ્યાન મળી શકે.

ચાલો, જીવનનો જેટલો સમય વીતી ગયો તેટલો ગયો, અફસોસ કર્યા વગર હવે 'જાગ્યા ત્યારથી સવાર' માનીને વહેલી તકે આ દિશામાં કદમ ભરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ડૉ. કનુભાઈ કલસરિયા કહે છે કે હું એક જનરલ સર્જન છું અને શારીરિક વ્યાધિને દૂર કરવા માટે ઓછામાં ઓછા ચાલીસથી પચાસ હજાર ઓપરેશન મેં કર્યા છે. પરંતુ 'મન'નું ઓપરેશન કરીને વિકારોરૂપી વ્યાધિને દૂર કરવાનું 'વિપશ્યના' નામનું ઓપરેશન અનન્ય છે, અદ્‌ભૂત છે. એની તોલે આવે એવું કોઈ ઓપરેશન મેં જોયું નથી, જાણ્યું નથી.

સાધનાયાત્રાના આરંભની જેમ, એ માર્ગે ઠીક ઠીક પંથ કાપ્યા પછીયે, સાધનામાં વચ્ચે વચ્ચે ઉતાર-ચડાવ આવે, કોઈ વાર પૂર્વસંચિત બાધક સંસ્કારોનાં પ્રચંડ આંધી-તોફાન પણ જાગે પરંતુ જાગૃતિ અને નિઃકાંક્ષતા એ બેને સથવારે સાધના ચાલુ રહે ત્યાં સુધી વિપશ્યના ધ્યાનના માર્ગે નિષ્ફળતા કે વિફળતા જેવું કશું છે જ નહિ; પ્રત્યેક ડગલું સાધકને મુક્તિની નિકટ જ લઈ જનારું છે. સાધનાનું સાતત્ય તૂટે, સાધનામાં ખાડા પડે કે તે બંધ પડે એ જ એકમાત્ર નિષ્ફળતા વિપશ્યનાના પથ પર સંભવી શકે. માટે, સાધકે જીવનની અંતિમ પળ પર્યંત ધ્યામમાં ઉત્તરોત્તર અધિક પ્રતિષ્ઠિત થતા જવાના સંકલ્પ સાથે સાધનારત રહેવું ઘટે.

અષ્ટાંગ - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા

(એકાગ્રતા), ધ્યાન અને સમાધિ - નો અભ્યાસ પણ વિપશ્યના-શિબિરની અંતર્ગત ઓતપ્રોત છે. શિબિર દરમ્યાન સાધકે શિબિર સ્થળની સીમાની અંદર જ રહી, બહારની દુનિયા સાથે તમામ સંપર્ક - પત્રવ્યવહાર, ટેલિફોન, વૃત્તપત્રો / છાપાં, રેડિયો, ટી.વી આદિથી તેમજ હરેક પ્રકારના મનોરંજનથીયે વિમુખ બની, અંતર્મુખ રહી રોજ દસેક કલાક ધ્યાનનો અભ્યાસ કરવાનો હોય છે. **અહીં રહેવાનો, ખાવાનો, એક પણ પૈસો ચાર્જ હોતો નથી. પરંતુ ત્રણેક મહિના પહેલેથી બુકીંગ કરાવવું પડે છે.** વિશ્વના બધા જ વિપશ્યના કેન્દ્રો તથા શિબિર વિષેની માહિતી નીચેની લીન્ક પરથી મળશે. (1) www.vridhamma.org (2) www.dhamma.org (3) www.kotadhamma.org.

બધાજ કેન્દ્રો વિશાળ જગ્યામાં, હજારો વૃક્ષોથી આચ્છાદિત, નૈસર્ગિક, શાંત વાતાવરણથી આપ્લાવિત તપોભૂમિમાં વસેલા છે.

**સ.૨૫૯: બધું જ વિપશ્યના સાધનાની જેમ... મૌન, વચન-કાયાની સ્થિરતા બધું જ બરાબર હોય પણ એકદમ અંતરમાં ઈષ્ટદેવનું સ્મરણ ચાલુ હોય તો કર્મની નિર્જરા થાય કે નહિ ?**

**જ.૨૫૯:** ના થાય. કેમકે મનથી કર્મોનો આશ્રવ ચાલુ છે. ભલે શુભકર્મનો આશ્રવ છે, પરંતુ નિર્જરા તો નથી. પુણ્યનો બંધ પડે, પરંતુ જો સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી ૯૫ ટકા અનુબંધ પાપનો પડે તે પાછો સંસારમાં રખડાવે. એટલે ગોળ ચક્કર ફરીને પાછા હતા ત્યાં ને ત્યાં. પણ સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ પછી બાજી આખી પલટી ખાઈ જાય... બંધ પાપનો હોય કે પુન્યનો, ૯૫ ટકા અનુબંધ પુન્યનો જ પડે. જે ક્રમે ક્રમે મોક્ષ સુધી પહોંચાડે....

Now choice is yours. આવો મહામૂલો માનવભવ, તત્ત્વની સમજ, કેવલી પ્રરૂપિત ધર્મ, સાધના કરવાની સંપૂર્ણ સગવડ, બધું જ પ્રાપ્ત થયા છતાં એનો ઉપયોગ કરી... મુક્તિ તરફ ડગ ભરવા છે કે અનંતા અનંત જન્મો સુધી પાછા તિર્યંચ, નારકી, એકેન્દ્રિય જેવા ભવોમાં રખડવા ચાલ્યા જવું છે ? આ જન્મમાં ભલે નેતા હો કે અભિનેતા... મોદી હો કે અમિતાભ... જો સાધના ન કરી, સમ્યક્‌દર્શન માટેનો પ્રયત્ન ચાલુ ન કર્યો તો થોડા સમયમાં આ ખોળિયું છોડી દઈ... અનંતા ભવો સુધી દુર્ગતિના ચક્કર ખાવાના છે. એટલે જ કહું છું. તમારા આત્માને જુદા જુદા ખોળિયામાં ઘાલી સાગરોપમને પલ્યોપમના વર્ષો સુધી કુટાવા દેવો છે કે પછી એને મુક્તિના આનંદમાં મ્હાલવા દેવો છે. Choice is

yours.

સંસાર ભ્રમણનું કારણ મન છે; મુક્તિનું કારણ પણ મન છે. માટે પ્રત્યેક મુમુક્ષુ પોતાના મનને નિર્મળ બનાવે, ચિત્તને શુદ્ધ કરે, સાધના દ્વારા રાગ-દ્વેષની પકડમાંથી મુક્ત બને એવી આંતરિક ભાવના.

**સ. ૨૬૦ મહાવીરે બતાવેલા બાર તપમાંનો દસમો તપ સ્વાધ્યાય અને અગ્યારમો તપ 'ધ્યાન' બંને એક જ ?**

જ. ૨૬૦ ના... દસમો સ્વાધ્યાય એ અગ્યારમા તપ 'ધ્યાન'ની પૂર્વભૂમિકા રૂપે છે. ધ્યાન એટલે ચેતનાની ગતિનું સ્થિર થઈ જવું. જેમ શરીરની ગતિ સ્થિર થઈ જાય તેનું નામ આસન તેમ ચેતના જાગ્રત હોય ને ગતિ શૂન્ય હોય તો 'ધ્યાન' છે. સ્વાધ્યાયમાં ઉતર્યા વિના ધ્યાનમાં ઊંડાણ આવે નહિ. જેઓ દસ તપમાંથી પસાર થઈ ચૂક્યા હોય તેમને આ 'ધ્યાન' સમજવાનું સહેલું થઈ પડશે. જેમ જેમ સ્વાધ્યાય કરતા જશો સ્વમાં, ભીતરમાં ઉતરતા જશો તેમ તેમ સમજાશે કે એક જ પાપ છે તે છે આત્માની અજાગ્રત અવસ્થા. આત્માની જાગૃતિ અવસ્થા એક જ પુન્ય છે. સ્વાધ્યાયથી એ ખબર પડશે કે જ્યારે આત્મા અજાગ્રત હોય ત્યારે આપણે જે કાંઈ કરીએ છીએ તે ગલત હશે. હોશપૂર્વક ખોટું થઈ શકશે નહીં. સ્વમાં ઉતરવું, સ્વનો અધ્યાય કરવો એ કષ્ટદાયી છે એટલે કોઈ જલદી સ્વાધ્યાયમાં ઉતરવા માંગતું નથી...પણ સ્વાધ્યાય વિના આત્મા પરનો કચરો દૂર થઈ શકશે નહીં. સ્વાધ્યાયમાં ઉતર્યા વિના 'ધ્યાન' માં પ્રવેશ નથી. સ્વાધ્યાયમાંથી ધ્યાન પ્રગટે છે ને ધ્યાનથી કાયોત્સર્ગ.

**સ. ૨૬૧ પાંચમું અભ્યંતર તપ 'ધ્યાન' એટલે શું ? તેના કેટલા પ્રકાર છે ? કયા કયા ?**

જ. ૨૬૧ એક જ વસ્તુમાં એકાગ્ર બનેલી મનની અવસ્થાને 'ધ્યાન' કહેવાય છે. જગતના કોઈપણ જીવની ચિત્તવૃત્તિ જ્યારે એકાગ્ર બને છે ત્યારે એ સ્થિતિને ધ્યાન કહેવાય છે. જ્યારે ચિત્તવૃત્તિ ચંચળ પ્રવૃત્તિશીલ હોય છે ત્યારે તે ચિંતા-ભાવના કે અનુપ્રેક્ષાના રૂપમાં હોય છે. આત્મસાધનામાં ધ્યાનનું અત્યંત મહત્વ છે. કલિકાલ સર્વજ્ઞશ્રીએ યોગશાસ્ત્રમાં કહ્યું છે કે : 'આત્માનો સંસારથી મોક્ષ કર્મક્ષય થવાથી જ થાય છે. કર્મક્ષય આત્મજ્ઞાન વિના શક્ય નથી. ને આત્મજ્ઞાનની પ્રાપ્તિ ધ્યાન દ્વારા જ થાય છે. માટે ધ્યાન આત્મા માટે હિતકર છે.'

ધ્યાનના મુખ્ય ચાર પ્રકાર છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલધ્યાન. તેમાં આર્ત અને રૌદ્ર આ બંને અપ્રશસ્ત એટલે કે અશુભ

ધ્યાન છે. જ્યારે ધર્મ અને શુકલ બંને પ્રસસ્ત એટલે કે શુભ ધ્યાન છે. એમાં પણ શુકલધ્યાન શ્રેષ્ઠ છે. કેમકે તેનાથી જ સર્વ કર્મનો ક્ષય થાય છે. આવા સર્વશ્રેષ્ઠ શુકલધ્યાન ને સિધ્ધ કરીને જ ભગવાન મહાવીર સ્વામીએ સર્વ કર્મનો ક્ષય કર્યો છે અને જગતને સર્વ કર્મક્ષય કરવાનો માર્ગ બતાવ્યો છે. તેમાં આત્મા જ મુખ્યપણે વર્તે છે. જ્ઞાનીઓએ ધ્યાનને અગ્નિની ઉપમા આપી છે. કર્મરૂપી ઈંધણને બાળવા માટે ધ્યાન અગ્નિનું કામ કરે છે. ચાર ધ્યાનમાં આર્તધ્યાન તિર્યંચગતિનું કારણ છે. રૌદ્રધ્યાન નરકગતિનું કારણ છે. ધર્મધ્યાન મુખ્યપણે દેવગતિ અને મનુષ્યગતિનું કારણ છે, જ્યારે શુકલધ્યાન એ મોક્ષનું કારણ છે.

**સ. ૨૬૨ આર્તધ્યાનના ચાર પાયા જણાવો.**

જ. ૨૬૨ (૧) પ્રિય વસ્તુની અભિલાષા કરવી. (૨) અપ્રિય વસ્તુનો વિયોગ ચિંતવવો. (૩) રોગ આદિ અનિષ્ટનો વિયોગ ચિંતવવો. (૪) પરભવના સુખ માટે નિયાણું કરવું.

આ ચાર પાયા પર આર્તધ્યાન ઉભું થાય છે.

**સ. ૨૬૩ આર્તધ્યાનનો પહેલો અને બીજો પાયો સમજાવો ?**

જ. ૨૬૩ મનને ન ગમતી વસ્તુ, વ્યક્તિ, ન ગમતા સંયોગોથી બચાવની ઈચ્છા, આ પ્રતિકૂળતા ન જોઈએ, એનો પડછાયો પણ ન જોઈએ, એ ક્યારે અને કઈ રીતે દૂર થાય, તેનાથી ઉલટું અનુકૂળ વ્યક્તિ, વસ્તુ, સંયોગ ક્યારે મારાથી દૂર ન થાય. અનુકૂળતા મળે એમાં 'હાસ' થાય, અનુકૂળતા જ જોઈએ, પ્રતિકૂળતા નહિ એ રૂચિ, એ વિચારો, એ વર્તન આર્તધ્યાનનું કારણ છે. પ્રતિકૂળ સંજોગો અનેક પ્રકારના હોય. પ્રતિકૂળ પાડોશીના રૂપમાં, પત્ની પુત્રના રૂપમાં, ખાવાની વાનગીના રૂપમાં, કપડાના રહેઠાણના રૂપમાં આવી કોઈપણ પ્રકારની પ્રતિકૂળતા મળતા જ તેના પ્રત્યેનો અણગમો, અરૂચિ, તેને દૂર કરવાની વૃત્તિ કે એનાથી દૂર થવાની વૃત્તિ આ બધામાંથી આર્તધ્યાનનું સર્જન થાય છે.

**સ. ૨૬૪ પ્રિય વસ્તુની અભિલાષા અને અપ્રિયનો વિયોગ ચિંતવવો તે આર્તધ્યાનનો પહેલો અને બીજો પાયો થોડાંક ઉદાહરણ સાથે સમજાવો.**

જ. ૨૬૪ દા.ત. બસમાં બેઠા ને બાજુની બેઠકમાં મુસાફર અણગમતો આવ્યો. એના શરીરમાંથી ગંધાતી વાસ આવી. બેઠક ફાટેલી નીકળી, કોઈક વિચિત્ર સ્વભાવની વ્યક્તિ મળી. ત્યારે જે અણગમાના, અરૂચિના ભાવ થાય છે તે આર્તધ્યાનને પેદા કરનારી છે. સંસાર જેની સાથે માંડ્યો તે

પાત્ર અનુકૂળ ન લાગ્યું અને થાય કે 'ન જાણે આ પાત્ર મને જ કાં ભટકાણું ? મારો ભવ બગડી ગયો.' પોતાના સ્વજનો, ભાઈ-બહેન, મા-બાપ, સાસરિયાં, પિયરીયાં, મોસાળીયા વગેરે પણ અનુકૂળ ન લાગે. એમના પ્રત્યેનો અણગમો ને એનાથી બચવાની ઈચ્છા, આવા બધા જ વિચારો આર્તધ્યાનનું કારણ છે. સાધુજીવન સ્વીકાર્યા પછી પણ આર્તધ્યાન થવાની પૂરી શક્યતા છે. ગુરૂ અનુકૂળ ન લાગે, ગુરૂભાઈ ને ગુરૂબેન ન ગમ્યાં તો થાય કે 'હવે આમની સાથે જ રહેવાનું ?' તેનાથી બચવાની -છૂટવાની ઈચ્છા થાય, અણગમતી કામળી આવી તો થાય કે 'બારે મહિના આ જ ઓઢવાની? ભગવાન જાણે ક્યારે ફાટશે ?' આવા બધા વિચારો આર્તધ્યાનને ખેંચી લાવે છે.

ઠંડી ન જોઈતી હોય છતાં ઠંડી આવે, ગરમી ન જોઈતી હોય છતાં ગરમી આવે, કોઈ અવાજ સાંભળવો ન ગમતો હોય છતાં એ જ સાંભળવાનો આવે. એવી જગ્યાએ રહેવાનું થાય જ્યાં બધું અણગમતું જ ઘેરી વળે. આવી ઢગલાબંધ બાબતો હોવાની જે અનુકૂળ ન હોય, તે વખતે તેના પ્રત્યે અણગમો, અરૂચિ, અભાવ, દ્વેષ, દુર્ભાવ, ધૃણા, જુગુપ્સા થાય અને થાય કે 'મારે આ ના જોઈએ, મારે આ સ્થિતિ હવે ક્યારે પણ ના જોઈએ.' આવા વિચારો આર્તધ્યાનને પેદા કરે છે. પ્રતિકૂળતા ગઈ ને અનુકૂળતા આવી એમાં પણ ગમો કે રૂચિ થઈ તો પણ આર્તધ્યાનને ખેંચી લાવે છે.

**સ. ૨૬૫ અનુકૂળતા ગમે તેમાં પણ આર્તધ્યાન ?**

**જ. ૨૬૫** હા... ઠંડી પડે ને બચવા માટે ઓઢવાની સામગ્રી જોઈએ તેવી ઈચ્છા થાય તેનાથી પણ આર્તધ્યાન થઈ શકે છે ને ઓઢવાની સામગ્રી મળ્યા પછી 'હાશ' થાય તેનાથી પણ આર્તધ્યાન થઈ શકે છે. એમાં કોઈ એ સામગ્રી લઈ જાય તો તે લેનાર ઉપર અણગમો થાય તો તેનાથી પણ આર્તધ્યાન થઈ શકે છે. ને લેનાર વ્યક્તિને ખતમ કરવા સુધીનો ભાવ જાગે તો તેમાંથી રૌદ્રધ્યાન પણ થઈ શકે છે. જેમ પ્રતિકૂળ વ્યક્તિ વસ્તુ કે સંયોગ નથી ગમતા તેથી તે સમયના વિચારો વગેરે આર્તધ્યાનનું જ કારણ છે. પ્રતિકૂળ કે અનુકૂળ વ્યક્તિ, વસ્તુ કે સંયોગ આર્તધ્યાનનું કારણ નથી પણ એના પ્રત્યેનો ગમો, અણગમો, રૂચિ-અરૂચિ, રાગ-દુર્ભાવ એ આર્તધ્યાનનું કારણ છે. એટલે પ્રતિકૂળ સંયોગો દૂર થતાં જે જે પણ અનુકૂળતા મળે છે તેમાં જે 'હાશ' થાય છે તે પણ અનુકૂળતાનો ગમો, રૂચિ છે એ ગમા, રૂચિના વિચારો આર્તધ્યાનનું કારણ છે.

પ્રતિકૂળતા ન ગમી ''તે જાય'' એ વિચારણા જેમ આર્તધ્યાનનું મૂળ છે તેમ અનુકૂળતા ગમી ને ''એ કાયમ રહે'' એ વિચારણા પણ આર્તધ્યાનનું મૂળ છે.

**સ. ૨૬૬ મનમાં આવી વિચારધારા તો ચાલ્યા જ કરતી હોય, તો આર્તધ્યાન કે રૌદ્રધ્યાનમાં ગરકાવ ક્યારે કહેવાય ?**

જ. ૨૬૬ મનમાં વિચાર સતત ચાલ્યા જ કરતાં હોવા છતાં જ્યાં સુધી તેમાં તન્મયતા કે સ્થિરતા ન આવે ત્યાં સુધી ધ્યાન આવતું નથી. ધ્યાન આવ્યા પછી તો કોઈ બૂમો પાડીને બોલાવે કે જોરશોરથી ઢોલ નગારાં વાગે તો પણ ખબર પડતી નથી. એવી ચિત્તની સ્થિરતા હોય છે. સાધકનો ઉપયોગ જે વિષયમાં સ્થિર થઈ ગયો હોય તે વિષયમાં તે ગરકાવ થઈને એવો ઊંડો ઉતરી જાય કે બહાર શું વીતે છે તેની તેને કાંઈ જ ખબર જ ન પડે. યુધ્ધમાં રૌદ્રધ્યાનની તીવ્રતામાં શરીર પર તલવારના ઘા પડે તો પણ તેની ખબર ન પડે. એવી એકાગ્રતા આવી જતી હોય છે. એવી એકાગ્ર સ્થિતિ ન હોય ત્યારે ચિત્તની વિચારોમાં ભાવનામાં રહેલી અસ્થિર-ચલાયમાન અવસ્થાને ચિંતા - ભાવના કે અનુપ્રેક્ષા કહેવાય છે. જ્યારે ચિત્તની સ્થિર અવસ્થા ને ''ધ્યાન'' કહેવાય છે. અશુભમાં થયેલી ચિત્તની સ્થિરતા જે આર્તધ્યાન, આર્તધ્યાનમાં તીવ્રતા તે રૌદ્રધ્યાન. શુભમાં થયેલી ચિત્તની સ્થિરતા તે ધર્મધ્યાન અને શુદ્ધમાં થયેલી ચિત્તની સ્થિરતા તે શુકલધ્યાન.

**સ. ૨૬૭ પ્રતિકૂળ વસ્તુ, વ્યક્તિ કે સંયોગો તે દૂર હટાવી દઈએ અથવા આપણે તેનાથી દૂર હટી જઈએ તો આર્તધ્યાનથી બચી ન જવાય ?**

જ. ૨૬૭ **વિપરીત સંજોગોથી બચવું એ આર્તધ્યાનથી બચવાનો કોઈ માર્ગ નથી, પણ એનો સ્વીકાર કરી સ્વસ્થ રહેવું તે આર્તધ્યાનથી બચવાનો માર્ગ છે.** આર્તધ્યાનનું મૂળ વિપરીત સંયોગો નથી, પણ મનની પ્રકૃતિ છે. આ નહિ સમજનાર પોતાના મનને ઘડવાનો પ્રયત્ન નહીં કરતાં વિપરીત સંયોગોથી છૂટવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તેનાથી નથી છૂટાતું ત્યારે વિચારે છે કે ''આ બધાને કારણે મને આર્તધ્યાન થાય છે, આ બધું ક્યારે છૂટશે ?'' પણ એને એ વાત નથી સમજાતી કે આ **વિપરીત સંયોગોથી છૂટવાની ઈચ્છા એ જ આર્તધ્યાન છે.** અણગમતી વસ્તુ કે વ્યક્તિ કે સંયોગ પ્રત્યે અણગમો થતાં જ આર્તધ્યાનનું બીજ રોપાય છે.

**સ. ૨૬૮ રૌદ્રધ્યાનથી બચવા માટે શું કરવું ?**

જ. ૨૬૮ આર્તધ્યાનથી બચવું હોય તો તેણે દરેક વિપરીત પરિસ્થિતિનો સહજતાથી કે સમજપૂર્વક સ્વીકાર કરવો જોઈએ. પરિસ્થિતિને પલટાવી એ પોતાના હાથની વાત નથી. પણ મનને પલટાવું તે પોતાના હાથની વાત છે. અનુકૂળતા મળવી કે પ્રતિકૂળતા મળવી એ તો કરેલા પાપ-પુન્યના પરિણામો છે. જ્યારે પુણ્યોદય ચાલુ હોય ત્યારે બધું અનુકૂળ મળે અને જ્યારે પાપોદય ચાલુ હોય ત્યારે બધું જ પ્રતિકૂળ મળે. પુણ્યોદય કે પાપોદય એ ભૂતકાલીન સારી-ખરાબ વૃત્તિ કે પ્રવૃત્તિમાંથી પેદા થયેલ કર્મનું ફળ છે. એને દૂર કરવી કે તેનાથી દૂર રહેવું તે કોઈના ય હાથની વાત નથી. એમાં ન લેપાવું, ન મૂંઝાવું એ જ પોતાના હાથની વાત છે. જે પોતાના હાથમાં નથી તેનો વિચાર શા માટે ? અનુકુળ કે પ્રતિકૂળ બંને પરિસ્થિતિનો રાગ-દ્વેષ વગર, ગમા-અણગમા વગર સ્વીકાર કરવો તે આર્તધ્યાન-રૌદ્રધ્યાનથી બચવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

**સ. ૨૬૯ રોગ આવ્યે આર્તધ્યાનથી બચવા શું ચિંતવન કરવું ?**

જ. ૨૬૯ આવેલા રોગનો પ્રતિકાર કરવો એ કર્મબંધનું કારણ છે અને એ રોગને સહજતાથી સ્વીકારી લેવો એ કર્મ નિર્જરાનું કારણ છે. આવેલા રોગના દૃષ્ટા બની સમતામાં સ્થિર થવા પ્રયત્ન કરવો. નીચે પ્રમાણે ચિંતવન કરવું.

(૧) આ શરીર તો રોગનું જ ઘર છે. રૂપ, લાવણ્ય, કાંતિ શરીર અને ધન આ બધું જ સંસારમાં ચંચળ છે. જે નિત્ય નથી રહેવાનું અનિત્ય જ છે તેની અનિત્યતાને હું સ્વીકારૂં છું.

(૨) આ રોગ પણ જે ઉત્પન્ન થયો છે તે અનિત્ય જ છે. કાયમ માટે આ દુનિયામાં કાંઈ જ રહેતું નથી. કોઈ જનમમાં મેં જીવદયા પાળી નથી તો મારા જીવને સંકલેશ ઉપજાવે તેવા રોગો આવવાના જ છે તેને હું સહર્ષ સ્વિકારૂં છું.

(૩) આ રોગો મને કેમ આવ્યા ? આ મને ન જ જોઈએ, ન જ જોઈએ... એવી અતિશય અંદરની તીવ્ર અભિલાષાને વશ નહીં થાઉં કેમકે તે આર્તધ્યાન મને દુર્ગતિના દુઃખોમાં પટકી દેશે... જો આટલા રોગના દુઃખો સહન નથી થતાં તો દુર્ગતિનાં દુઃખો કેવી રીતે સહન થશે ?

(૪) શરીર ઢીલું પડે છે પણ આશાઓ ઢીલી પડતી નથી. રૂપ નાશ પામે છે પણ પાપ બુદ્ધિ નાશ પામતી નથી. શરીરમાં વૃધ્ધાવસ્થા પ્રગટે છે, પણ જ્ઞાન પ્રગટતું નથી. શરીર ધારીઓની આ અવદશાને ધિક્કાર છે.

(૫) હે દેવાધિદેવ ભલે આ રોગ થકી પણ મને આત્માની પ્રતીતિ થાઓ, આત્મ સ્વરૂપ પ્રગટાવવાની તાલાવેલી જાગો. આત્મા અને દેહનું મને ભેદજ્ઞાન થાઓ.

(૬) જીવોના રોગ બે પ્રકારના છે. દ્રવ્યરોગ અને ભાવરોગ. એટલે કે શરીરના રોગ અને આત્માના રોગ. તેમાંથી ક્રોધ-માન-માયા-લોભ એ જીવોના ભાવરોગ છે. આ રોગે હજારો જન્મ સુધી જીવનો કેડો છોડતા નથી. આ દ્રવ્ય રોગ તો આ એક જ ભવના છે પણ હે પ્રભો આ ભાવ રોગ માંથી મારી મુક્તિ થાઓ. મુક્તિ થાઓ.

(૭) આજ સુધી હું એમ માનતો હતો કે આ રોગ જ આર્તધ્યાનનું કારણ છે. પણ આજે ખબર પડી કે આ રોગ નહિ પણ રોગને દૂર કરવાની, રોગમુક્તિની તીવ્ર અભિલાષા જ આર્તધ્યાન છે....માટે હે પ્રભો સહજતાથી આ રોગને સહન કરવાની મને શક્તિ આપ.

(૮) મહર્ષિ સનત્ ચક્રવર્તીએ સાત સાત મહારોગોને સાતસો વર્ષ સુધી એકધારા સહન કર્યા, તેને દૂર કરવાની પોતાની પાસે શક્તિ હોવા છતાં, જો તેણે રોગ દૂર કરવાનો વિચાર શુદ્ધાં પણ ન કર્યો હોય તો એમનું દેહ અને આત્મા વચ્ચેનું ભેદજ્ઞાન કેટલું ? હે પ્રભુ હું આંશિક તો આવા ભેદજ્ઞાનને પામું...

(૯) સમતાભાવે પ્રતિકૂળતાને સહ્યા વિના કર્મ ખપશે નહિ ને ભવિષ્યમાં આનાથી કઈ ગુણા દુઃખો સહન કરવાનો વારો આવશે. માટે હે જીવ! દૃષ્ટા બની આવેલા કર્મને વેદી લે.

(૧૦)અનેક મહાપુરૂષોએ તો કર્મનાશ માટે સામેથી દુઃખને આમંત્રણ આપી બોલાવ્યું છે. મારૂં એવું તો સત્વ નથી. પણ સહજપણે આવી પડેલી પરિસ્થિતિનો સ્વીકાર કરી તેનો ભોક્તા નહિ પણ દૃષ્ટા બની રહું, અનિત્ય ભાવનામાં સ્થિર રહી કર્મોની નિર્જરા કરી મુક્તિ મેળવી શકું એવી હે પ્રભો મને શક્તિ આપ, મને એવું સત્વ આપ...

(૧૧)હે જીવ! શરીરમાં ૩।। કરોડ રૂંવાટા છે. પ્રત્યેક રૂંવાટે પોણાબે રોગ થવાની સંભાવના છે. મારો એટલો પુણ્યોદય છે કે મને હજી એટલા બધા રોગ ઉત્પન્ન થયા નથી તો મારે શા માટે મુંઝાવું જોઈએ.

(૧૨)રોગ કાઢવો કે રાખવો તે મારા હાથની વાત નથી. તે તો પાપોદયની તીવ્રતા. મંદતા ઉપર આધારિત છે. પણ એનો સ્વીકાર કરવો કે ન કરવો તે મારા હાથની વાત છે. મારા મનથી આ રોગનો સ્વીકાર કરી હું મારા કર્મો અહીં જ ભોગવવા માંગુ છું. તેનો અસ્વીકાર કરી,

આર્ત ધ્યાનમાં ડૂબી મારે તિર્યંચગતિનો બંધ નથી કરવો.

(૧૩) આ રોગો ફક્ત મારા શરીરને પીડા કરી શકે છે, મને કે મારા આત્મસ્વરૂપને જરા પણ પીડા કરવાના સમર્થ નથી એમ વિચારી હે જીવ! તું સ્વસ્થ થા.

(૧૪) આ રોગ કેમ આવ્યો ? ક્યારે જશે ? હું નહિ હોઉં તો મારા કુટુંબ કબિલાનું શું થશે ? આવા બધા વિચારોને વાગોળીને મારે આર્તધ્યાનમાં ડૂબવું નથી. હે જીવ... તું નહોતો ત્યારે પણ આ દુનિયા ચાલતી હતી ને તું નહિ હોય ત્યારે પણ આ દુનિયા આમ જ ચાલશે. નાહકનો અહંકાર કરે છે કે મારા વગર કુટુંબનું શું થશે ? અરે... બે ક્ષણ માટે પણ જો કોઈ તને જ્ઞાનચક્ષુ આપી દે તો તને ખબર પડી જાય કે જેને તું તારૂં કુટુંબ માને છે તેમાંથી કેટલાના મનમાં એવા વિચારો ચાલી રહ્યા છે કે તું જલ્દી મરે તો સારૂં હે જીવ આ મોહમાંથી બહાર નીકળ, બહાર નીકળ.

(૧૫) અનુકૂળતા હોય તો જ આરાધના સારી થાય તે માન્યતા તો મિથ્યાત્વના ઘરની છે. ભગવાન મહાવીરે તે ધર્મસાધના માટે બાવીસ પરિસહ સમતાભાવે સહવાના કહ્યા છે. માટે હે જીવ... તારૂં એવું સત્વ પ્રગટાવ કે આવી પડેલ રોગને સમતાભાવે વેદી શકું, અનિત્યભાવમાં સ્થિર થઈ શકું તો એ જ ઉત્તમ ધર્મસાધના છે.

(૧૬) આ શરીર છે માટે રોગ છે. હે સિદ્ધભગવંતો મારે તમારા જેવું અશરિરી બનવું છે. આવેલ રોગને સમતાપૂર્વક સહી, અનિત્યભાવનામાં સ્થિર થઈ, આત્માના ઉપયોગને અંતર્મુખ કરી, દેહાદિથી આત્માને ભિન્ન જાણી કર્મ ખપાવવા છે... હે... અનંતાઅનંત સિદ્ધ ભગવંતો... મને આપના પગલે ચાલવાને સમર્થ બનાવો. સમર્થ બનાવો... એ જ મારી અંતરપ્રાર્થના... અભિલાષા છે.

**સ. ૨૭૦ આ બધું તો બરાબર સમજાય છે, પરંતુ જ્યારે પોતાના પર કોઈ મહારોગ કે કષ્ટ આવે ત્યારે સહન કરવાની શક્તિ રહેતી નથી ને આર્તધ્યાનમાં ડૂબી જ જવાય છે તો શું કરવું ?**

જ. ૨૭૦ વાત તો સાચી છે, એટલે જ કહેવત પડી છે કે કહેવું સહેલું છે પણ કરવું મુશ્કેલ છે. પણ સાથે એ વાત પણ ધ્યાનમાં રાખશો કે પ્રયત્ન સાચી દિશામાં હશે તો સાવ અશક્ય પણ નથી. જો મક્કમ નિર્ધાર હશે તો જગતની સર્વ શુભ શક્તિ જરૂર મદદ કરશે. હવે આપણે એ જોઈએ કે આવું કેમ બને છે. એના બે મુખ્ય કારણો ધ્યાનમાં આવે છે. એક તો

આ પાંચમા આરામાં આપણું સંઘયણ (શરીરનું બંધારણ) એટલું નબળું છે કે જરા જરા વાતમાં હલી જવાય છે. નબળા શરીરમાં નબળું મન એટલે રોગો ને શરીર સુધી જ રાખી મન પર તેની અસર ન થવા દેવી એવું સત્વ પ્રગટતું નથી.

બીજું મુખ્ય કારણ છે કે આપણે જીંદગીમાં ક્યારેય નાના સામાન્ય કોટિના રોગોને ય સમતાભાવે સહન કરવાની ટેવ પાડી નથી. જેમ જેમ સહન કરવાની ટેવ પડે તેમ તેમ સહનશક્તિ વધે ને પરિણામે મોટા રોગોને સહન કરવાની શક્તિ પણ પ્રગટતી હોય છે. ઠંડી ગરમી જેવા નાના નાના કારણોને દૂર કરવાની વાત ન કરતાં એને સહન કરવાની ટેવ પાડીને તેની મન ઉપર અસર ઊભી ન થાય તેવું સત્વ પ્રગટાવવું જોઈએ. યોગવિંશિંકા વૃત્તિમાં લખ્યું છે કે તિતિક્ષા ભાવના દ્વારા એને જીતવું મતલબ કે ઠંડી, ગરમી, ભૂખ, તરસ, ડાંસ, મચ્છર, આક્રોશ, રહેવાની જગ્યાની અસુવિધા જેવા નાના કષ્ટોને વારંવાર સમતાભાવે સહન કરવાની ટેવ પાડવી જેથી મહારોગ આવે એની મન પર અસર ન થાય. જેણે જીંદગીભર પાણી જ વલોવ્યું હોય તે છેલ્લે માખણની આશા કેવી રીતે રાખી શકે ? માટે દરરોજ એક કલાક એક જગ્યાએ કાયાને સ્થિર કરીને બેસવું કે ઊભા રહેવું. તે એક કલાક સંપૂર્ણ મૌન પાળવું. મનની જાગૃત અવસ્થામાં મનને પણ વિચારોથી મુક્ત કરવા પ્રયત્નશીલ રહેવું. મનને અંતરમુખ કરી આત્માના ઉપયોગને બહાર જવા દેવો નહિ. આ એક કલાક દરમ્યાન શરીરમાં કોઈપણ પરિષહ આવે, ખુજલી આવે, દુઃખાવો થાય, ધ્રૂજારી આવે, ભારીપન આવે, ડાંસ મચ્છર કરડે, બળતરા થાય, પસીનો થાય જે કાંઈપણ થાય તે સમતાભાવે સહન કરવું. જરા પણ મન-વચન-કાયાનું હલનચલન થવા દેવું નહીં...જો અત્યારથી આજથી જ દરરોજનું એક સામાયિક પણ આવું થાય તો મહારોગ આવે શરીરની મનની સહન કરવાની શક્તિ જરૂર પ્રગટે ને કર્મ નિર્જરાનું કારણ બને.

**સ. ૨૭૧ આપણે મોક્ષની ઈચ્છાથી ધર્મ કરીએ તો તે પણ નિયાણું જ કહેવાય ને ?**

**જ. ૨૭૧** હા...નિશ્ચય નય પ્રમાણે મોક્ષની ઈચ્છા પણ નિયાણું જ છે. પણ આપણે હજી પ્રારંભિક કક્ષાના સાધકો કહેવાઈએ. મોક્ષ અને ભવ પ્રત્યે સમાનભાવ, મધ્યસ્થભાવ, નિસ્પૃહભાવ રાખી શકવાની ક્ષમતા આપણામાં નથી. આપણા જેવા જીવો માટે મોક્ષનો આશય રાખવો તે વ્યવહાર નયના મતે યોગ્ય છે. કેમકે આ રીતે મોક્ષનો આશય રાખવાથી

બીજા બીજા સાંસારિક મલિન આશયો દૂર થાય છે. અને ચિત્તની શુદ્ધિ થાય છે. આ રીતની ચિત્તશુદ્ધિ થતાં છેવટે મોક્ષ અને ભવ (સંસાર) પ્રત્યે મધ્યસ્થ ભાવના જરૂર પ્રગટે છે. માટે પ્રારંભિક કક્ષાના જીવો માટે મોક્ષનો આશય લઈ આગળ વધવું પણ મનમાં એ નિશ્ચય કે આગળ વધતાં આ આશય પણ છોડવાનો જ છે કે છૂટી જ જવાનો છે. નિશ્ચય નય સિવાય મોક્ષ નથી.

**સ. ૨૭૨ સામાયિક જેવી બાબતમાં પણ આર્તધ્યાન થઈ શકે ?**

જ. ૨૭૨ હા...સામાયિક જેવી અતિ મહત્વની સાધના પ્રસંગે પણ બારી ક્યાં છે ? પવન ક્યાંથી આવશે ? ટેકો ક્યાં મળશે ? એ જ વિચાર્યા કરે. પોતાની એ જગ્યા કાયમી બને, બીજો કોઈ ત્યાં બેસી ન જાય, આ બધી ચિંતા એને બેચેન બનાવી જાય. પરિણામે સામાયિકમાં સમતાની સાધના થવાને બદલે આર્તધ્યાન થઈ જાય. જેને બધું જ અનુકૂળ જોઈએ છે તે ક્યારેય સાચી સાધના કરી શકતો નથી.

**સ. ૨૭૩ ધર્મધ્યાન માટે અનુકૂળતા તો જોઈએ ને ?**

જ. ૨૭૩ ધર્મધ્યાન એવી વસ્તુ છે કે જો સાધક યોગ્ય બને તો તેને કોઈપણ સ્થાનમાં કે કોઈપણ સ્થિતિમાં ધર્મધ્યાન આવી શકે છે. મહાપુરૂષો પર્વતની ગુફામાં કે પર્વતની ટોચ પર પણ ધ્યાન ધરતા. સ્મશાનમાં પણ ધ્યાન કરતા ને ઉદ્યાનમાં પણ કરતાં. સુંવાળી રેતી પર પણ કરતાં ને અગ્નિ ધખતી શીલા પર પણ ધ્યાન કરતા. ઘાણીથી પિલાતા કે ભાલાથી વીંધાતા પણ ધ્યાન કરતા. હા...કદાચ આપણા જેવા પ્રાથમિક કક્ષાના સાધકો અતિ વિકટ પરિસ્થિતિમાં શુભ ધ્યાનમાં સ્થિર ન રહી શકે, પણ ધીમે ધીમે બાવીસ પરિસહો ને સહન કરીને એ ક્ષમતા ઊભી કરવાની છે.

જો અનુકૂળતામાં જ ધર્મ થતો હોત તો ભગવાને ઘરમાં એ.સી. માં બેસીને ધર્મ કરવાનો કહ્યો હોત પણ જેનાથી ધર્મધ્યાન ન આવે તેવો માર્ગ ભગવાન બતાવતા નથી. અનુકૂળતા હોય તો જ આરાધના સારી થાય તે માન્યતા પણ મિથ્યાત્વ છે. પરિસ્થિતિ સુખદ હોય કે દુ:ખદ મનને અલિપ્ત જ રાખવાનું છે. સમભાવે બધું સહવાનું છે.

**સ. ૨૭૪ નિયાણું (નિદાન) કેટલા પ્રકારનું છે ? સમજાવો.**

જ. ૨૭૪ નિયાણું સામાન્ય રીતે ત્રણ પ્રકારનું છે. (૧) રાગગર્ભિત (૨) દ્વેષગર્ભિત (૩) મોહગર્ભિત

રાગગર્ભિત નિયાણું : પોતે કરેલા ધર્મના ફળરૂપે દુન્યવી સુખોની ઈચ્છા કરવી, સત્તા ધન-સમૃદ્ધિ, શ્રીમંતાઈ, રાજા-ચક્રવર્તી, દેવેન્દ્રનું સુખ માંગવું, મનગમતી વસ્તુ કે વ્યક્તિ કે સ્ત્રી કે સુંદર સંતાનો મળે, શરીર આરોગ્ય મજબૂત બાંધો, ઉત્તમ ભોગ સામગ્રી મળે. આ બદું મળે પછી હું આમ જીવીશ, તેમ જીવીશ વગેરે વિચારણા તે રાગગર્ભિત નિયાણું છે.

દ્વેષગર્ભિત નિયાણું : દુન્યવી કોઈપણ સ્વાર્થ હણાતા કે પોતાના દુઃખમાં નિમિત્ત બનનાર વ્યક્તિનું ખરાબ ઈચ્છવું, ભવોભવ તેનું ખરાબ કરવાની શક્તિ મળે કે ભવોભવ તેને મારનારો બનું આ બધું પોતે કરેલા ધર્મના પ્રભાવે ઈચ્છવું તે દ્વેષગર્ભિત નિયાણું છે.

મોહગર્ભિત નિયાણુંઃ જેનાથી મોહ તગડો થાય એવું મંગાય તો એ મોહગર્ભિત નિયાણું છે. **વિતરાગતા ધર્મની આરાધના વગર સંસારના ઊંચા સુખો નહિ મળે એવી ખાતરી થતાં આવતા ભવોમાં મને જૈન ધર્મ મળે તેમ ઈચ્છવું તે મોહગર્ભિત નિયાણું છે.**

હું સત્તા પર આવીશ તો આમ કરીશ, એની જગ્યાએ હું હોઉં તો આમ જ કરૂં. આ બધા વિચારો આર્તધ્યાનની ભૂમિકા છે. આમાં ઘણા કર્મોનો આશ્રવ થાય છે. તિર્યંચ ગતિનો બંધ પડે છે. અને સંસારની મુસાફરીનું સર્જન થાય છે. માટે જેટલું બચી શકાય તેટલું બચો.

**સ. ૨૭૫ આર્તધ્યાનથી બચવા શું કરવું ?**

**જ. ૨૭૫** પોતાના વિચારો પર સતત ચોકી રાખવી. સતત પોતાના વિચારોને જોતાં રહેવું. વિચારોને જોવાથી અશુભ વિચારોને રોકી શકાય છે. ઘરમાં પેસેલા ચોરને ખબર પડે છે કે ઘરનો માલિક મને જોઈ ગયો છે, તો તે અડધો ઢીલો પડી જાય છે. ધર્મ સિવાયની વાતો કરવી, શું રાંધ્યું ? શું ખાધું ? ક્યાં ગયા ? વગેરે ધર્મ સિવાયની બધી જ વાતો-વિકથા-આર્તધ્યાનની ભૂમિકા છે. નાટક-ટી.વી.-સિનેમા-ક્રિકેટ મેચ જોવી-તેના જ વિચારો કરવા તે આર્તધ્યાન છે. ત્યારે મન સજાગ હોવું જોઈએ કે હું તિર્યંચ ગતિનો આશ્રવ કરી રહ્યો છું. મને મારા આત્માને તિર્યંચ ગતિમાં લઈ જવા માટે આ ભવ નથી મળ્યો પણ મારા આત્માને કર્મથી મુક્ત કરી કાયમી સુખ મેળવવા માટે આ માનવ ભવ મળ્યો છે. હું કેટલો મૂર્ખ છું કે હું પોતે જ પોતાનું ખરાબ કરી રહ્યો છું. વળી આ બધામાં ક્યાંય ખૂબ ખુશ થઈને તાળીઓ પાડતાં પાડતાં નાચી ઉઠાય, તેમાં જ ચિત્ત સ્થિર થઈ જાય, અથવા હાર-જીતમાં ક્યાંક મન ખૂબ દુઃખી થઈ

જાય, આંખમાં આંસુ આવી જાય, ચેન ન પડે. તેમાં જ ચિત્ત સ્થિર થઈ જાય તો તરત મનને જાગૃત કરવું કે હે આત્મન! એ જીતે કે હારે પણ તારૂં તો નરકમાં જવાનું નક્કી થઈ ગયું. આમ ક્ષણે ક્ષણે આત્મા જાગૃત રહી મન પર ચોકી કરે કે શું કરી રહ્યા છો? અને તેનું શું પરિણામ મારા જ આત્માને ભોગવવું પડશે અને ત્યાંથી પાછા વળો તો જરૂર આર્ત-રૌદ્ર ધ્યાનથી બચી શકાય.

**સ. ૨૭૬ આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનનું સ્વરૂપ જાણ્યા પછી એ સમજાવો કે ધર્મધ્યાન એટલે શું?**

જ. ૨૭૬ આત્મા એ અકારણ પારિણામિક દ્રવ્ય છે એટલે કે જેનું કોઈ કારણ પણ નહીં હોય, કાંઈ લેવા દેવા પણ નહીં હોય એવા કેટલાય વિચારોમાં જીવ પરિણમન કર્યા જ કરશે. ફક્ત એક ૨૪ કલાક બરાબર આત્મનિરિક્ષણ કરશો ને તો પણ તમને બરાબર સમજાઈ જશે કે જીવ એવા કેટલાય વિચારોમાં, વસ્તુમાં, વ્યક્તિમાં, ભૂતમાં, ભવિષ્યમાં પરિણમન કરે છે જેની સાથે કાંઈ લેવા-દેવા નથી....જેનું કોઈ કારણ પણ નથી. તો આત્મામાં સ્થિરતા કરવી, મન અને આત્માની જોડ કરી (મનને મક્કમ કરી) જ્ઞાન સ્વભાવી આત્મામાં શ્રદ્ધા કરી, આત્મામાં એકાગ્રતા કરવી તે ધર્મધ્યાન છે. પોતાના આત્માના આશ્રયથી જે વીરાગી ધ્યાન પ્રગટ થાય છે તે ધર્મધ્યાન છે. ધર્મધ્યાનનું ફળ દેવગતિ અથવા મનુષ્ય ગતિ (પ્રાયેઃ કરીને) છે.

શુભ ચિંતવનથી પુણ્ય કર્મનો આશ્રવ થાય છે જો શુભ ચિંતવન આત્મામાંથી ઉદ્ભવે તો તેનો સમાવેશ ધર્મધ્યાનના પહેલા પાયામાં થાય છે.

**સ. ૨૭૭ બે ચાર ઉદાહરણ સાથે શુભ ચિંતવન સમજાવો.**

જ. ૨૭૭ શુભ ચિંતવન જેવું કે.... સર્વજ્ઞ ભગવંતે ધર્મતત્ત્વ વિષે જે કાંઈ કહ્યું છે તે સત્ય જ છે અને તેમાં કોઈ શંકા નથી. રાગ, દ્વેષ, કામ, ક્રોધ, અપેક્ષા, અહમ, આ બધા આત્માના દુશ્મનો છે. જે આત્માને જ દુઃખ ઉત્પન્ન કરનાર છે... હું જે જે દુઃખ સહન કરૂં છું તે બધા મારા જ કર્મનો ઉદયકાળ છે. એને માટે હું બીજા કોઈને દોષ દઈ શકું નહીં... સમ્યક્ વગરની કરેલી કરણીથી આ ત્રણેય લોક સર્વ સ્થાનક આ જીવે, અનંત વાર સ્પર્શીને મૂક્યા છે એટલે કે આ ત્રણેય લોકમાં કોઈ જગ્યા એવી નથી કે જ્યાં તેં જન્મ લીધો નથી. જીવ હવે નિરાંત પામ...આવા પ્રકારનું શુભ ચિંતવન આત્મામાંથી ઉદ્ભવવું તે પણ ધર્મધ્યાનનો પહેલો પાયો છે.

**સ. ૨૭૮ સામાન્યથી જીવ ધર્મધ્યાનમાં પ્રવેશ પામ્યો છે તે ક્યારે ખબર પડે ? ધર્મધ્યાનના આલંબન પણ જણાવો.**

જ. ૨૭૮ વિતરાગ ભગવાનની આજ્ઞા અંગિકાર કરવાની અંદરથી રૂચિ ઉપજે, સૂત્ર શ્રવણ કરવા, મનન કરવા, ભાવથી પઠન કરવાની રૂચિ જાગે, તીર્થંકર ભગવાનનો ઉપદેશ સાંભળવાની રૂચિ જાગે, શ્રુત સહિત ચારિત્ર ધર્મ અંગિકાર કરવાની અંદરથી રૂચિ પામે, આ બધા ધર્મધ્યાનના લક્ષણ છે.

વિનય સહિત જ્ઞાન ગુરૂ કે સત્પુરૂષ પાસે સૂત્રતત્ત્વનું વાંચન લેવું, શ્રવણ કરવું, કોઈ શંકા થાય તો ગુરૂ આદિને પૂછીને તેનું સમાધાન કરવું. વિતરાગ ભગવાને જે ભાવ જેવા પ્રણિત કર્યા છે, તે ભાવ લઈને કર્મની નિર્જરા માટે સભામાં તે ભાવ તેવા પ્રણીત કરવા આ બધા ધર્મધ્યાનના આલંબન છે.

**સ. ૨૭૯ ધર્મધ્યાન સવિકલ્પ છે કે નિર્વિકલ્પ ? પરમાત્માએ ધ્યાન કરવાનું કીધું છે તે કેવી રીતે ?**

જ. ૨૭૯ વ્યવહાર ધર્મધ્યાન સવિકલ્પ છે પછીથી તે વિકલ્પ પણ છૂટીને નિજસ્વરૂપમાં ઉપયોગ જામે તે વાસ્તવિક ધર્મધ્યાન કહેવાય અને તે નિર્વિકલ્પ ધ્યાન છે. ધ્યાનના ચાર પ્રકાર છે. (૧) પીંડસ્થ (૨) પદસ્થ (૩) રૂપસ્થ અને (૪) રૂપાતીત... પીંડસ્થ એટલે પીંડમાં રહેલ, દેહમાં રહેલ આત્મામાં સ્થિર થવું. પદ એટલે શબ્દ-વાચા-વાણી દ્વારા શુદ્ધ આત્મામાં સ્થિર થવું તે પદસ્થ. રૂપસ્થ એટલે સશરિરિ અરિહંત પરમાત્મામાં મનને સ્થિર કરવું. રૂપાતીત એટલે અશરિરિ સિદ્ધ પરમાત્મામાં ધ્યાનને સ્થિર કરવું, એકાગ્ર કરવું. આ ચાર પ્રકારના સ્વરૂપને અનેક રીતે ચિંતવન કરી, બીજા સ્થૂલ વિકલ્પોથી છૂટીને મનને એકાગ્ર કરવું તે વ્યવહાર ધર્મધ્યાન સવિકલ્પ છે, પછીથી તે વિકલ્પ છૂટીને નિજસ્વરૂપમાં, પોતાના આત્મામાં જ ઉપયોગ જામે તે જ ખરેખરૂં ધર્મધ્યાન છે અને તે નિર્વિકલ્પ છે. પરમાત્માનું ધ્યાન કરવાનું કહીને પોતાના આત્માનું જ ધ્યાન કરવાનું કહ્યું છે. પોતાનાથી ભિન્ન પરમાત્માનું નહીં. પરમાત્માના જેવો જ પોતાનો સ્વભાવ પરિપૂર્ણ રાગાદિથી રહિત છે તેને ઓળખી તેનું જ ધ્યાન કરવું એ જ પરમાત્માનું ધ્યાન છે. સજ્ઝાયમાં બોલો છો ને કે, આપ સ્વભાવમાં રે અવધૂ સદા મગન મેં રહના.. અવધૂ એટલે આત્મા...હે આત્મા...તું હંમેશા તારા પોતાના સ્વભાવમાં જ મગ્ન રહેજે... સદા તારા સ્વરૂપમાં જ રહેજે..

સદા આત્મામાં જ રહેજે...

**સ.૨૮૦: શુભલેશ્યા વિના શુભ ધ્યાન નથી, શુભધ્યાન વિના સમતા નથી. સમજાવો ?**

**જ.૨૮૦:** આપણા આત્માના બંધનનું મૂળ કર્મ છે. અને કર્મનું મૂળ મનમાં છે આપણા મનનું શુધ્ધિકરણ અને મારણ ન કરીએ ત્યાં સુધી મુક્તિ મેળવી શકાતી નથી. તે માટે ભગવાને શુભલેશ્યા - શુભધ્યાન બતાવ્યા છે. ગાઢ કર્મોના ક્ષય માટે બધાને અંતે શરણ ધ્યાન છે. સર્વશ્રેષ્ઠ અનુષ્ઠાન ધ્યાન છે. સમતામાં પહોંચવા માટે શુભધ્યાન એ અમોઘ ઉપાય છે. ૧૪ પૂર્વશાસ્ત્રના પારગામીને ૪ જ્ઞાનના ધણીને પણ કર્મક્ષય કરવા અને સર્વ દોષોનું ઉન્મૂલન કરવા ધ્યાનનુંજ શરણું લેવું પડે છે. બધા ધર્મ કરીને તેનું અંતિમ ફળતો આત્માને શુભધ્યાનમાં સ્થિર કરવો તેજ છે. ધ્યાન એ મનની અવસ્થા છે. ઉત્કૃષ્ટ કક્ષાની અનુભૂતિ કરવાનો એક માત્ર ઉપાયધ્યાન છે. જૈન શાસનમાં આરાધના માટે અસંખ્ય યોગો છે. જેમકે ભક્તિયોગ, કર્મયોગ, શાસ્ત્રયોગ, જ્ઞાનયોગ, સામ્યયોગ અને ધ્યાનયોગ આમ ક્રમસર યોગો બતાવ્યા છે. અને તે બધામાં પણ ટોપલેવલમાં ધ્યાન યોગ છે. દરેક સાધનામાં અંતિમ ચરણમાં ધ્યાનયોગ છે. કર્મયોગનું વર્ણન આચાર રૂપે અધ્યાત્મમાં આવે છે. સાધુક્રિયા પણ કર્મયોગમાં આવે, શસ્ત્રયોગમાં બહોળું શાસ્ત્રજ્ઞાન જોઈએ, જ્ઞાનયોગ પામેલાને સામ્યયોગ આવે અને પછી ધ્યાન આવે. ટોપમાં ધ્યાનયોગ છે. આ બધા સ્ટેપ ક્રમશઃ પસાર કર્યા પછીજ નિર્મળ ધ્યાનયોગ આવે. તમામ કચરો કાઢવાની તાકાત લેશ્યા અને ધ્યાનમાં છે. બધા મોક્ષે ગયા તે આબે યોગના આલંબનને પામીને ગયા છે. ધ્યાનના બે ભેદ છે. શુભ અને અશુભ. તેમ લેશ્યાના પણ બે ભેદ છે. શુભ અને અશુભ. આત્મશુધ્ધિ કરવી હોય તો શુભલેશ્યા અને શુભધ્યાનનું આલંબન લેવું પડે. આપણે જીવનમાં શુભધ્યાનના માર્ગે જવું હોયતો શુભ લેશ્યા કેળવવીજ પડે. તે નહિ આવે ત્યાં સુધી શુભધ્યાન દિવાસ્વપ્ન જેવી વાત બનશે. શુભલેશ્યા એ જૈન દર્શનનો આગવો વિષય છે. દુનિયાના ધર્મશાસ્ત્રોમાં ક્યાંય આ વાત આવતી નથી. લબ્ધિમનનું - પ્રકૃતિનું સુંદર વિશ્લેષણ લેશ્યા દ્વારા જૈન દર્શને કર્યું છે. જૈનધર્મની સામાન્ય ક્રિયા કરવા માટે પણ પ્રકૃતિ બદલવી પડે, તો શુભધ્યાન જેવા ઉત્તમ અનુષ્ઠાન માટે તો ચોક્કસ પ્રકૃતિમાં શુભલેશ્યા જોઈએ. જેમ એક વ્યક્તિ પરમાત્માની ભક્તિ બહુ લયલીન થઈને કરે છે પણ જો તેનો સ્વભાવ સ્વાર્થી હોય, જેમકે ધંધામાં તેને સ્વાર્થ આવે તો સામી વ્યક્તિને ગમે

તેટલું નુકશાન થાય તે જોવા પોતે તૈયાર ન હોય, પોતાના લાભ માટે ગમે તે કરવા તૈયાર હોય. તો તે વ્યક્તિની લેશ્યા અશુભ જ ગણાય. તે સારા વિચારોમાં તલ્લીન થાય પણ તેને શુભધ્યાન આવવાની કોઈ શક્યતાજ નથી. તેવી રીતે ધંધામાં લાગે કે જરા વિશ્વાસઘાત કરીશું તો બે-પાંચ કરોડ મળશે, ત્યારે સામેલો પાયમાલ થાય તેમ હોય તેમ છતાં શું વિચારો ? તેનું જે થવું હોય તે થાય આપણે તો મેળવી લો. આ બધા અશુભલેશ્યા - કૃષ્ણ લેશ્યાના ભાવો છે, પછી ભલે તે પ્રસંગે દાન-દયા-પરોપકાર કરતો હોય, પણ મૂળથી પ્રકૃતિ ઉગ્ર સ્વાર્થવાળી છે. જેમકે કોઈને પોતાના દેહપર, રૂપપર આકર્ષણ હોય. તે સંસારમાં રચ્યોપચ્યો રહેતો હોય, તેને શરીર પર મૂળ મમતા છે. ખાવાની આસક્તિ પણ ઘણી છે, તેને મમતા-આસક્તિના કારણે લેશ્યા પણ અશુભ જ હોય. જીવનમાં ઘણી વખત બધાને ખોટા વહાલા થવા - રાજી રાખવા પ્રયત્ન કરતા હો, સગાવહાલાં મળે ત્યારે એવી મીઠી-મીઠી વાતો કરે કે જેમાં જુઠ્ઠાણાનું ગણિત જ ન હોય, જો જરા કોઈનાથી ઓછું આવે તો વાતવાતમાં ખોટું લાગી જાય, રીસ ચડી જાય, મામુલી બાબતમાં વાંધા વચકા પાડે. કોઈને મોટા-મોટા વિશ્વાસ આપો, ઘડીમાં વાત કરીને પાછા ફરી જાઓ આ બધા અશુભ લેશ્યાજન્ય ભાવો છે. **શુભલેશ્યા વગર શુભધ્યાન શક્ય જ નથી.** લેશ્યાના ભેદો છે તેમાં ટોપમાં શુભલેશ્યામાં **શુક્લલેશ્યા** છે. અને પ્રાથમિક શુભલેશ્યામાં **તેજોલેશ્યા** છે. અત્યારે તો પ્રાથમિક શુભલેશ્યા આવવી પણ ઘણીજ મુશ્કેલ છે. પોતાના સ્વાર્થ માટે જો વ્યક્તિ સામેલાનું ગમે તેટલું નુકશાન કરવા તૈયાર હોય તો તે વ્યક્તિની લેશ્યા અશુભ છે માટે શુભધ્યાન આવી શકે જ નહીં. ઘણીવાર એવું પણ બને કે લેશ્યા શુભ હોય, પ્રકૃતિજન્ય તેનામાં સુંદર ગુણો હોય પરંતુ તે વ્યક્તિ પાપ-પુન્ય-આત્મા વિ. માનતો જ નથી તેવા વ્યક્તિને શુભ લેશ્યા હોવા છતા શુભધ્યાન આવી શકતું નથી. તે વ્યક્તિ જે કાઈ વિચાર કરે, પ્રવૃત્તિ કરે, મોજમજા કરે કે દુઃખ આપત્તિમાં આવે પણ તે આર્તધ્યાનમાં જ હોય. એટલે ધ્યાન અશુભ હોય. આપણામાં જો શુભલેશ્યા ન હોય તો આપણા માટે ધ્યાન તો હવામાં બાચકા ભરવા જેવી વાત છે. **જેને જીવનમાં માત્ર પોતાનાજ સ્વાર્થની ચિંતા હોય તે કદી પણ શુભલેશ્યામાં જઈ શકે નહિ.** શુભલેશ્યા પામવા માટે મનમાં સંકલ્પ જોઈએ અને સરળતા જોઈએ. લાગણી હોય તેના માટે સારા અભિપ્રાય આપોને દ્વેષ હોય ત્યાં તેને ગમે રીતે પાયમાલ

કરી નાંખો આવી બધી પ્રકૃતિઓ અશુભલેશ્યામાં હોય છે માટે તેને શુભધ્યાનની પણ તક નથી.

**સ.૨૮૧: ધ્યાનમાં ચાર સ્ટેજ વર્ણવો ?**

**જ.૨૮૧: ધ્યાનના ૪ સ્ટેજ (૧) ચિંતન (૨) ભાવના (૩) અનુપ્રેક્ષા (૪) ધ્યાન**

**ચિંતન** એટલે એકજ વસ્તુ પર **ધારાબધ્ધ** ઉંડાણથી વિચારવાનું છે. આપણે શુભ ચિંતન લેવાનું છે. ધર્મમાં શુભ જ લેવાનું છે. દા.ત.પરમાત્મ તત્વ લો તો પરમાત્મા કેવા છે ? તેના ગુણો ક્યા ? સ્વરૂપ કેવું ? તે અદ્વિતિય કેમ છે ? આમ એક એક મુદ્દા ઉભા કરો ને તેમાં ઉંડા ઉતરતા જાઓ. ધારા બધ્ધ વિચારણાને ચિંતન કહેવાય. દા.ત. તમે આત્માનું ચિંતન કરતા હો ત્યારે વચમાં ટેબલનું ચિંતન ચાલુ થઈ જાય, આ શૃંખલાબધ્ધ વિચારધારા નથી. ભલે તમે પાંચ મિનિટ ચિંતન કરો પણ મનને બરાબર સુચના આપીને કરો કે ''મારે પરમાત્માનાં ગુણોનું તેમના સ્વરૂપનું ચિંતન કરવું છે.'' તેથી તમને ખ્યાલ આવશે કે તમે એક વિષય પર ધારાબધ્ધ કેટલો ટાઈમ ચિંતન કરી શકો છો. ધ્યાન કરનારને કલાકો સુધી ચિંતન કરવાની પહેલા ટેવ પાડવી પડશે. તેના વગર ધ્યાનનો ઢાંચો ગોઠવાતો નથી. શુભધ્યાનમાં તો ૧૦૦% મન પર કાબુ જોઈશે ચિંતન પછી **ભાવના**નું સ્ટેપ આવશે. જે જાણેલું સત્ તત્વ છે તેનુંજ વારંવાર ભાવના કરવાની છે. રીપીટ કરો તોજ ભાવિત થવાય છે. ચિંતન કરવું હજુ સહેલું છે કારણકે તેમાં નવું નવું સ્ફુરે, જાણવા મળે. આમ તો મનને કુતુહલ વૃત્તિ હોય છે માટે ચિંતનમાં તો હજુ મન ટકી શકે પરંતુ ભાવનામાં તો એકની એક વાતનું રિપીટેશન કરવાનું છે. પાંચે ઈન્દ્રિયોના ભોગોનું જીવો ત્યાંસુધી કેટલું રીપીટેશન કરો છો ? તમે પેંડો ૫૦ વાર ખાધો હોય છતાં એજ પેંડો પાછો આપે તો પણ રસ આવે છે ને ? કેમકે ત્યાં રૂચિ છે. માટે રૂચિની ચકાસણી ભાવનામાંજ થાય છે જેને ભાવના નફાવે તે ધ્યાનમાં જઈ શકતો નથી. (૧) શુભ ચિંતન કરવા માટે **સાંસારિક ભાવોથી પર થવું જોઈએ.** એટલો ટાઈમ સારા વિચારોમાં રહેવું એટલું જ નહિ, પણ એટલો ટાઈમ સંસારના વિષયોથી મન દૂર થવું જોઈએ (૨) જેમાં **આતંરિક મૈત્રી આદી શુભ પરિણામો પ્રગટતા નથી તો શુભ ચિંતન નથી.** તમે અડધો કલાક પરમાત્માનું ચિંતન કરવા બેઠા તે વખતે, પહેલા જેટલા જીવો પ્રત્યે ગેરવર્તાવ કર્યા હોય તેમના પ્રત્યે ક્ષમાનો ભાવ પહેલા જોઈએ. શુભચિંતન કર્મની નિર્જરાને પુણ્યબંધનું સાધન છે. કોઈ કહેશે અત્યારે અમારે આત્માનું ચિંતન કરવું છે. તેમાં ક્ષમાની શું જરૂર? પરંતુ શુભનું ચિંતન કરવું

હોય તો શુભભાવો પાયામાજ જોઈશે. ઘણાં કહે છે કે ભલે અમે સંસારમાં જે કરતા હોય તે કરીએ પણ જ્યારે ધર્મમાં આવીએ ત્યારે તેમાંજ એકાકાર થઈ જઈએ છીએ પણ આ અશક્ય છે. કારણ જેને અશુભમાં રાગ છે તે શુભમાં એકાકાર થઈ શકતો નથી, માટેજ પહેલાં અંતઃકરણને શુભભાવોથી **મૈત્રી આદિભાવોથી વાસિત કરવાનું છે.** (૩) આજકાલ મોટી કંપનીઓમાં એક્ઝીક્યુટીવોને પણ ધ્યાનની પ્રેક્ટિસ અપાતી હોય છે. પણ તેનું ધ્યેય ફક્ત ભૌતિક દૃષ્ટિ હોય છે. ''આનાથી મારા શરીરના રોગ ઓછા થશે કે મારી કાર્યક્ષમતા વધશે'' એવા ભૌતિકલાભ માટે કરાંતુ ધ્યાન તે અશુભ ધ્યાન છે. ચિંતન-મનન-ભાવનાના સ્ટેજ વગરનું ધ્યાન, કર્મયોગ, શાસ્ત્રયોગ, જ્ઞાનયોગ સામ્યયોગના સ્ટેપ ચઢ્યા વગરનું ધ્યાન, મોક્ષલક્ષિતા વગરનું ધ્યાન અશુભધ્યાનમાં આવે છે. (૪) અત્યારે તમને ધર્મના વિષયમાં જે જ્ઞાન છે તે બધું ખાલી માહિતી રૂપે છે. ૧% જ્ઞાન પણ અનુભવ જ્ઞાન નથી. પણ તે જ્ઞાન જો ચિંતનરૂપે થાય તો અસરકારક બને અને તેજ જ્ઞાન જો ભાવના રૂપે પરિણામે તો વધારે જોરદાર અસર થાય અને પછીજ આગળના સ્ટેજમાં જઈ શકાય. જેમકે ૧૨ ભાવનાઓ છે. ''સંસાર અનિત્ય છે તેમા કોઈનુંય શરણું નથી'' આ બધી ભાવનાઓ જાણી લીધી પણ તેનાથી કાંઈ આત્મા એમને એમ ભાવિત થતો નથી. પણ વારંવાર એનું પુનરાવર્તન કરતાં એવી પ્રગાઢ અસર સંચિત થાય છે કે આ સંસારમાં ખરેખર પરમાત્મા સિવાય મારે કોઈનું શરણ નથી એમ લાગે ત્યારે ભાવિત થયા એમ કહેવાય. માટે પૂર્વભૂમિકા રૂપે ચિંતન અને ભાવના આ બે સ્ટેજને આત્મસાત કરવાના છે.

**સ.૨૮૨: ચિંતન માટેના થોડાક વિચારો જણાવો ?**

**જ.૨૮૨:** સૌથી પહેલા તમારા મન સાથે નક્કી કરો કે મારે શું જોઈએ છે ? હું જે કાંઈ સત્કાર્યો કરૂં છું. સારા અનુષ્ઠાનો કરૂં છું. જેમકે પૂજા-સેવા-જાપ-સામાયિક-પ્રતિક્રમણ-બીજા ધાર્મિક અનુષ્ઠાનો, શાસ્ત્રોનું વાંચન, સૂત્ર પઠન એની પાછળનું મારૂં ધ્યેય શું છે ? માનવ-મન વિષે, ઉપયોગમન-લબ્ધિમન વિષે આટ આટલું જાણ્યા પછી શું મારે ફક્ત સારી ગતિ મેળવીને અટકી જવું છે કે મોક્ષ મેળવવો છે ? તમારી અંદરની ભાવના શું ? તેમાં ડોકિયું કરો. કોઈ કહે છે કે મેળવવા જેવો તો મોક્ષ છે, સંસારની ભ્રમણની ગતિ છોડવા જેવીજ છે માટે છોડવી છે એમ નહિ. તમારો આત્મા શું કહે છે ? શું ખરેખર તમારો આત્મા ભવભ્રમણથી થાકી ગયો છે ? શું તમારો આત્મા એમ પોકારે છે કે હું હવે ચાર માંથી એકેય ગતિમાં ભટકવા નથી માંગતો મને તો પંચમી ગતી મોક્ષજ

જોઈએ? જો આ જન્મમાં પુન્યના યોગે થોડા ભોગસુખ અનુકુળ મળી ગયા હોય, ધનસુખ, કુટુંબસુખ, સંતાનસુખ, શરીરસુખ મળી ગયું હોય ને આત્મા એમાંજ રમણ કરવા માંગતો હોય તો પહેલા આત્માને એ યાદ દેવડાવો કે હે જીવ - કઈ ઘડીએ આમાંથી ક્યું સુખી છીનવાઈ જશે કે ક્યારે દુઃખની ગર્તામાં ફેંકાઈ જશું તે ખબર નથી. આ દેહ પણ કઈ ક્ષણે વિદાય લઈ લેશે તે પણ ખબર નથી. પાછળના અનંતા ભવોમાં કેવું કેવું દુઃખ સહન કર્યું હશે તેની તો ફક્ત કલ્પનાજ કરવી રહી. મારા જીવે વનસ્પતિના ભવમાં ટાઢ-તડકામાં ઉભા રહીને કેવા કેવા દુઃખ સહન કર્યા હશે, કોઈએ કુહાડો માર્યો હશે ત્યારે ન એક ચીસ પાડી શક્યો હોઈશ કે ન ત્યાંથી ભાગી શક્યો હોઈશ, વિકલેન્દ્રિયના ભવમાં કોઈએ પગ નીચે દબાવી દીધા હશે, કોઈએ જીવતાજીવ પાણીમાં ઉકાળી નાખ્યા હશે, કોઈએ દવા છાંટીને ગુંગળાવીને મારી નાખ્યા હશે શું એવું બધુ દુઃખ ભોગવવા પાછું પહોંચી જવું છે. એકેન્દ્રિયમાં? વિકલેન્દ્રિયમાં? પશુ-પક્ષી-જલચરના ભવમાં કોઈએ પાંખ કાપી નાખી હશે, કોઈએ બાધી રાખીને ઢોર માર માર્યા હશે, કોઈએ પાંજરામાં પૂરી ખેલ કરાવવા માટે આગના ચાબખા માર્યા હશે... શું આવી તીર્થંચ યોનીમાં પાછું જવું છે? તો પછી શું નરકમાં જવું છે? ભયંકર ભૂખ-તરસની પીડા સહન કરવા, તેલના નાવડામાં ઉકળવા કે પછી કરવતથી કપાવા? જેનું કેવળી એ જે વર્ણન કર્યું છે તે સાંભળીને ધ્રુજી જઈએ છીએ તે જાત અનુભવ કરવા જવું છે? કે પછી દેવગતીમાં? ભૂત-પ્રેત-પિશાચ-પરમધામી બધા દેવગતી જ કહેવાય. તમને લાગે અમે દેવ બનીએ તો સારૂં... આવા પ્રકારના દેવ બની ગયા તો? હજારો વર્ષ સુધી તેમાંજ રહેવું પડે... અહિં તો આપઘાતે કરી શકો ત્યાં તો No Choice નીચલા વર્ગમાં તો સ્વામી વર્ગ ઓછો છે ને સેવક વર્ગ વધારે છે. એક વખત સેવક (દેવ) તરીકે જન્મ લીધો પછી હજારો વર્ષ સેવક તરીકે જ ગુજારવા પડે. આ જન્મનો દુશ્મન, જેનું તમને મોંએ જોવું ગમતું નહોય તે ત્યાં કદાચ તમારો સ્વામી હોય. મને કે કમને હજારો વર્ષ (દેવોનું ઓછામાં ઓછું આયુષ્ય ૧૦ હજાર વર્ષ હોય) તેની સેવા કરવાની પાછું અવધિજ્ઞાન હોય એટલે ખબર પડે કે આજ મારો દુશ્મન... મારે એની સેવા કરવાની, એનો હુકમ માનવાનો અહીં તો પુન્ય હોય તો સેવકમાંથી સ્વામી બની જાઓ, ત્યાંતો સેવક તરીકે જન્મ્યા એટલે જીવો ત્યાં સુધી સેવક તરીકે જ રહેવાનું વળી પાછુ ત્યાંતો રાગ, દ્વેષ, ઈર્ષ્યા, ઝગડા, એકબીજાની દેવીને ઉપાડી જાયને વર્ષો સુધી યુધ્ધ ચાલે.

શું પાછા આવી ગંદકીમાં પહોચવું છે? ને તેય પાછો ભવ પૂરો થાય એટલે Most of તીર્યંચ - એકેન્દ્રિયમાં પટકાવાનું? એમ તમારા જીવને સમજાવીને પૂછો કે હે જીવ તને હવે શું જોઈએ છે? એક ટકો ભૌતિક સુખની આશામાં ૯૯% દુઃખદાયક એવી ચારેય ગતિમાં ભ્રમણજ કર્યા કરવું છે કે પછી શાશ્વત સુખ પામવું છે? જ્યારે આત્મા અંદરથી માને છે, પ્રતિતિ કરે છે કે ના... બહુ થયું ઘણું થયું.... હવે તો મને શાશ્વત સુખજ જોઈએ... એ શાશ્વત સુખની જ જ્યારે તાલાવેલી લાગશે કે ત્યારે ખૂદજ સવાલ કરશે કે એ શાશ્વત સુખ છે ક્યાં? હું એને ક્યાં શોધું? મંદિરમાં છે? જંગલમાં છે? જલ-થલ-ગગનમાં ક્યાં છે? ત્યારે અંદરથી જવાબ મળે છે કે એ સુખ તો તારા આત્મામાંજ છે. મંદિર કહો કે મૂર્તિ કહો કે, મંત્ર કહો કે મહાવીર કહો... એ બધા આત્મા સુધી પહોંચવાના અવલંબન છે, સાધન છે સાધ્ય નથી. તો આત્મા સુધી ક્યારે પહોંચવાનું? મૃત્યુ પછી કે પહેલા? ના-ના મૃત્યુ પહેલાજને? તો મૃત્યુ ક્યારે છે? ખબર નથી બીજી ક્ષણે પણ હોઈ શકે. તો...તો હવે એક ક્ષણ પણ બગાડવી પરવડે નહી... જીવ...તું નિગોદમાંથી ક્યારે નીકળ્યો હોઈશ તે પણ ખબર નથી. તેમાંય ૧૦૦૦ સાગરોપમ વર્ષ (અનંતો સમય) વિકલેન્દ્રિયમાં ગુમાવ્યા. બાકી રહ્યા બીજા ૧૦૦૦ સાગરોપમ વર્ષ.... તેમાંય આજ દિવસ સુધી કેટલા વર્ષ વીતી ગયા હશે ને કેટલા બાકી હશે તેય ખબર નથી.. એક હજાર સાગરોપમ વર્ષમાંય માનવ ભવતો ૪૭ કે ૪૮જ મળે... તેમાંય આ કેટલામો ભવ હશે કોનો ખબર! માનવભવ મળે એટલે ધર્મઆરાધના કરવા મળીજ હોય એવું ફીક્ષ નથી. ક્યારેક જન્મતાં જ મૃત્યુ પામ્યા હોય, તો ક્યારેક યુગલિયા જન્મ્યા હોય જેમાં ધર્મ હતો જ નહી તો ક્યારેક ચોર-ડાકૂ-લૂંટારા બન્યા હોય તો ક્યારે કસાઈ કે માછીમાર... કોને ખબર છે? કેવા કેવા માનવભવ મળ્યા છે? અત્યારે સંપૂર્ણ સર્વાંગ પ્રાપ્ત થયા છે, કેવળીએ પ્રરૂપેલો ધર્મ મળ્યો છે... તત્વની સમજ મળી છે તો શાશ્વત સુખની શોધમાં નીકળ...ક્યાં જઈશ? તારા માંજ, તારા આત્માની શોધમાં જ તારી અંદરજ ડોકીયું કર... પણ કાંઈ મળતું નથી કાંઈ દેખાતું નથી. ધીરજથી કામલે... પહેલા તો Firm determine કર કે હે આતમરામ મારે તને જોવોજ છે, અનુભવવોજ છે... હવે તારો વિયોગ નથી સહેવાતો... અનંતા વર્ષ તારાથી અલગ રહ્યો છું... હવે નહીં... હવે તો આ જનમમાં તને મળ્યા વગર, તને પામ્યા વગર જવું

નથી... મારે તને જોવો છે, અનુભવવો છે... તું ક્યાં છે ? તું ક્યાં છે ? (ચિંતવન માટેની ભરપૂર માહિતી મારૂં પુસ્તક રત્નમાલા ભાગ-૧માંથી મળી રહેશે.)

**સ.૨૮૩: પરમાત્માના મિલન માટે ધ્યાન જરૂરી છે ? ધ્યાન માટે મેરૂદંડનું મહત્ત્વ સમજાવો.**

જ.૨૮૩: ધ્યાનમુદ્રામાં જો બેસીને કરવું હોય તો ડાબા હાથની હથેળી પર જમણા હાથની હથેળી રાખવી. બેસીને સુખાસન, પદ્માસન કે અર્ધપદ્માસનમાં ધ્યાન થઈ શકે. ઉભા-ઉભા કાઉસગ્ગ મુદ્રામાં થઈ શકે. શેમાં તમે કાયાને વધારે વખત સ્થિર રાખી શકો છો તે જોવાનું. સીધા બેસવાથી આપણી બરોળ સીધી રહે છે. કરોડ રજ્જુને આરામ મળવાથી પ્રાણધારા સામાન્ય રીતે પોતાનું કાર્ય શરૂ કરી દે છે. કરોડરજ્જુ એટલે જ મેરૂદંડ જે મેરૂ પર્વતનું પ્રતીક છે. જેમ મેરૂપર્વતની આસપાસ સૂર્યચંદ્ર ફરે છે. એવીજ રીતે મેરૂદંડની આસપાસ સૂર્ય-ચંદ્ર નાડી ચાલે છે. આપણા અંદર ૩૨૦૦૦ નાડીઓ આવેલી છે. એમાંની મુખ્ય નાડીઓ મેરૂદંડ સાથે સંકળાયેલી છે. મેરૂદંડનો ઉપરનો ભાગ આપણા મગજ સાથે જોડાયેલ છે અને કરોડનો છેલ્લો ભાગ શક્તિ કેન્દ્ર રૂપે મૂળાધારમાં નિષ્ક્રિય અવસ્થામાં પડેલો છે. આત્મ વિકાસની દૃષ્ટિએ મેરૂદંડનું ખૂબજ મહત્વ રહ્યુ છે. સમગ્ર જીવ સૃષ્ટિમાં મેરૂદંડ હોય છે, જે પ્રાણધારાને વહેવાનું એક સાધન છે. મનુષ્યનો મેરૂદંડ સીધો છે, ઉભો છે. જે પ્રાણધારાને નીચેથી ઉપર તરફ મોકલે છે. પશુઓમાં આ મેરૂદંડ આડો હોય છે, વનસ્પતિમાં ઉંધો નીચે તરફ જતો. કંદમૂળમાં તૂટેલો આડો અવળો હોય છે. માનવીનો મેરૂદંડ ઉર્ધ્વગમન માટેનું પ્રતિક છે.

આ મેરૂદંડ પ્રાણ ઉર્જાનો ખજાનો છે મૂળાધાર ચક્રથી શરૂ પ્રાણધારા શક્તિ સ્ત્રોત વહેતી કરોડરજ્જુમાં થઈને ઉપર ચઢે છે. આ પ્રાણધારાનો છેલ્લો છેડો સહસ્ત્રાર છે. નાભીના મણિપુર ચક્રથી સુષુમ્નાનો માર્ગ શરૂ થાય છે. તે આજ્ઞાચક્રમાં સમાપ્ત થાય છે. ત્યાં બીજી બે




નાડીઓ આવીને મળે છે જેને સૂર્યનાડી (પીંગળા) અને ચંદ્રનાડી (ઈંડા) કહે છે. ચંદ્રનાડી શીતળ અને સૂર્યનાડી ઉષ્ણ, તેજસ્વી અને પ્રકાશિત હોય છે. આરીતે ઈંડા પીંગળા આપસમાં એકબીજાને લપેટાઈને ફેલાય છે. સુષુમ્ના ગંભીર રીતે એકજ ગતિમાં સ્વાધિષ્ઠાનથી આજ્ઞાચક્ર સુધી

ચાલે છે. એનું સ્થાન આપણી કરોડરજ્જુમાં છે. વિશુધ્ધ ચક્રની નજીક આવીએ બે ભાગમાં વહેંચાઈ જાય છે અને આજ્ઞાચક્રમાં જઈ બે પાંખડીબાલા કમળ સ્વરૂપ સ્થિર થાય છે. માનવની અદ્ભૂત ક્ષમતા આ ત્રણે નાડીઓ દ્વારા વહેતી હોય છે. સમસ્ત પ્રાણ ઉર્જાનું નિયમન થાય છે ત્યારે આ ત્રણેય નાડીઓ દ્વારા આપણી આજુબાજુ તેના વલયો રચાય છે. અને ગતિ કરે છે. એમાંથી આભાઓ નીકળે છે. તે મંડળનું સ્વરૂપ લે છે ત્યારે આપણે તેને આભામંડળ કે ઓરા કહીએ છીએ. તે નીરંતર ફરતાં રહે છે. આપણા વિષય કષાય અનુસાર એમાં અલગ-અલગ રંગ બને છે. જૈન દર્શનમાં આ રંગોને લેશ્યાના નામે ઓળખવામાં આવે છે. શુક્લ ભાવોમાં, શુધ્ધ દશામાં આ તરંગો રંગવિહિન બની જાય છે. જે પોતાનામાં શુક્લ હોવાને લીધે એને શુક્લ લેશ્યા નામ આપ્યું છે. વાસ્તવિક રૂપમાં વિષય કષાયો દ્વારા યોગ પ્રવર્તે છે ત્યારે તેમાં રંગો ઉપસી આવે છે. જીવ પછી ભાવ અને પછી કર્માણુ ભાવથી બંધાયેલો રહે છે.

**સ.૨૮૪: શરીરમાં રહેલા ચક્રોના નામ આપો ? તથા મૂલાધાર અને સ્વાધિષ્ઠાન ચક્ર વિષે સમજાવો ?**

**જ.૨૮૪: ચક્રોના નામ** (૧) મૂળાધાર ચક્ર (૨) સ્વાધિષ્ઠાન ચક્ર (૩) મણિપુર ચક્ર (૪) અનાહત ચક્ર (૫) વિશુધ્ધિ ચક્ર (૬) આજ્ઞાચક્ર (૭) સહસ્ત્રાર ચક્ર (બ્રહ્મરંધ્ર) (૮) બ્રહ્માંડીય ફોર્સ (૯) પરમાત્મા તરફથી મળતો અનુગ્રહ ફોર્સ (૧૦-૧૧-૧૨) ધરતી સાથે આપલે કરતો ફોર્સ

**(૧) મૂલાધાર :** પ્રથમ ચક્ર મૂળાધાર ઉર્જાશક્તિનો અને કરોડરજ્જુનો મૂળ આધાર છે. આ ચક્ર શક્તિનો ભંડાર છે. અનાદિકાળથી આપણી ચેતના મૂર્છાને કારણે, મૂઢતાને કારણે સુષુપ્ત પડેલી છે. અહીં મૂલાધારથી સાદ કરવાથી આપણે અવાજ પરમાત્મા સુધી સરલતાથી પહોંચે છે. ઉપર જે ત્રણ નાડી બતાવી તે આપણા શરીરમાં લીફ્ટનું કામ કરે છે. સુષુમણા નાડી કરોડરજ્જુના મધ્યભાગે અતિસૂક્ષ્મ જ્યોતિધારાના રૂપમાં, વિદ્યુતધારાના રૂપમાં ઉર્જા પરિણામન કરતી રહે છે. મૂળાધાર તલઘરને કહેવાય છે. અહીં એ ભાવના



ભાવવાની કે **મારી અંદરના લોકના મૂળ આધાર પરમાત્માને હું આમંત્રિત કરૂં છું.** (સુષુપ્ત શક્તિને જગાડવી) મંત્રોનું આલંબન આશક્તિને વિકાસ અને ગતિમાં સહયોગ આપે છે. આપણે અહીંથી જ ઉર્જા ભરવાની છે ને ઉપર જઈને ખાલી કરવાની છે. જેમ કૂવાના તળિયે બાલટી નાખીએ, પાણી ભરીને દોરડાથી ખેંચી ઉપર લાવી ઘડો ભરીએ અને બાલટી ખાલી થતાં પાછી કૂવામાં નાખીએ. બસ આવીજ રીતે મૂળાધારમાં ઉર્જા ભરવામાં આવે છે. ભર્યા પછી સહસ્ત્રાર સુધીના પ્રવાસમાં મૂળાધાર સક્રિય રહે છે. ઉપર સુધી પહોંચાડે છે. ઉપર સહસ્ત્રારના ઘડામાં શક્તિ ઉલેચવામાં આવે છે. અને ત્યારપછી પાછી શક્તિ સંપાદનની રીટર્ન જર્નીની શરૂઆત થાય છે. આ ચક્રનું સ્થાન ગુદા અને ગુપ્તાંગની વચ્ચે છે. અગર ચક્રો તમારી પકડવામાં ન આવે તો તેની તમે ચિંતા ન કરો. એ તો ઉર્જાને ચડવાના પગથિયા છે. તમે બસ ધ્યાનમાં આગળ વધતા રહો. ઉર્જા પોતાના સ્થાનને પોતેજ ગોતી લેશે. **સ્વાધિષ્ઠાનઃ** સ્વ (પોતાને) રહેવાનું અધિષ્ઠાન છે, પ્રતિષ્ઠાન છે. આ જગ્યાએ જ આઠ રુચક પ્રદેશો છે જે સિધ્ધના આત્મપ્રદેશો જેવાજ શુધ્ધ, કર્માણું રહિત છે. આ આઠ રુચક પ્રદેશોને લીધે જ આપણને **આપણા નિજનું જ્ઞાન** થાય છે. સ્વ (પોતે) શુભનો સહારો લઈ શુધ્ધ અને પરમશુધ્ધ સુધી પહોંચાડે છે. સ્વાદિષ્ઠાનનું આ સ્થાન મૂળાધારથી થોડુ ઉપર પ્રજનન સ્થાનની નજીક હોય છે. અહીં પરમાત્માના ચ્યવનનું ધ્યાન કરવાનું છે. **મારા સ્વાધિષ્ઠાનમાં પરમાત્માનું ચ્યવન થઈ રહ્યું છે. અહીં આત્મધ્યાન થવાથી મોક્ષની અનુભૂતિ પ્રગટ થાય છે.** મૂળાધારના મૂળ કેન્દ્રોમાંથી નીકળતો ઉર્જાસ્ત્રોત સ્વાધિષ્ઠાનની આગળ (નાભીતરફ) પાછળ (કરોડરજ્જુ તરફ) બંને વિભાગોમાં વહેંચાઈ જાય છે. ધર્મ જ્યારે મૂળ આધારમાં આવે છે તો આપણું સ્વનું અધિષ્ઠાન શાંતિમય બની જાય છે. શીતલતાનો અનુભવ થાય છે. આત્મશાંતિનું અધિષ્ઠાન કેન્દ્ર સ્વાધિષ્ઠાન છે. અવેદી અવસ્થાના વેદનનું ધ્યાન અહીં સિધ્ધ થાય છે.

**સ. ૨૮૫ મણિપુર ચક્ર, અનાહત ચક્ર તથા વિશુદ્ધિ ચક્ર વિષે જણાવો.**

**જ. ૨૮૫** આ છે આપણા નાભિમંડળની નજીકનું સ્થાન. જેમ દોરામાં મણિ પરોવીને માળા બનાવવામાં આવે છે. તેવી જ રીતે પ્રાણ ઉર્જાને સૂક્ષ્મ કરી નાભિના મણિમાં પ્રવેશ કરાવીએ તો સૂક્ષ્મ બની, ઉર્જામય બની, પ્રાણમય બની, ચેતનામય બની જાય છે. મંત્રો દ્વારા ઉર્જાની ઉત્પત્તિ અહીં જ થાય છે. આ કેન્દ્રમાં જ આપણે માતા સાથે સંબંધ સ્થાપિત

કરેલો. હવે એમાં જ આપણે પરમાત્મા સાથે જોડાઈ જઈશું. ''**હે પરમ તત્ત્વ ! તારૂં પરમ સ્વરૂપ મારામાં પ્રગટે, તારા સ્વરૂપનો મારામાં જન્મ થાય, તો મારૂં કલ્યાણ થાય.**'' ધ્યાનમય જન્મ કલ્યાણક કહીએ છીએ.

**અનાહત ચક્ર :** હૃદય પાસેના આ ચક્રનું નામ અનાહત ચક્ર છે. જે મંત્ર મણિપુર સુધી પહોંચે છે. તે ઉર્જામય બની હૃદય સુધી પહોંચે છે. સંસારમાં આને પ્રેમનું સ્થાન માનવામાં આવે છે. અહીં દુનિયાના પ્રેમનું પૂર્ણવિરામ અને પ્રભુ (સ્વ) ના પ્રેમની અવિરત યાત્રાનો શુભારંભ થાય છે. '**હે પ્રભુ ! તારી સાથેની પ્રેમ દીક્ષા અને સમર્પણનું આપણું આ દીક્ષા કલ્યાણક છે.**' યોગીઓએ હૃદય સ્થાનને અનાહત ચક્ર કહ્યું. આહત એટલે ટકરાવું. અનાદિ કાળથી 'સ્વ' માં રમણતા ન હોવાને લીધે આપણે આહત, પીડિત થતાં રહ્યાં છીએ. હવે અનાહતમાં **પરમ તત્ત્વનું અભિનંદન** કરી અનંત આનંદને પ્રાપ્ત કરીએ. અહીં આપણા ગુણો (અનંત જ્ઞાન દર્શન) નું અભિનંદન છે.

**વિશુદ્ધિ ચક્ર :** કંઠકૂપના ઊંડાણમાં રહેલા આ ચક્રનું નામ વિશુદ્ધિ ચક્ર છે. વિષય-કષાયને કારણે અશુદ્ધિ આવે છે માટે વારંવાર વિશુદ્ધિ ચક્રમાં આવી વિશુદ્ધ થવું પડે છે. '**હે પરમાત્મા (સ્વ) તત્ત્વ કર્મમળ સામે લડવાની શક્તિ પ્રગટ કર.**' મિથ્યાત્વથી ભરપૂર ભ્રમણા યુક્ત મતિ વિશુદ્ધિ ચક્રમાં છે. પરમ તત્ત્વનું અભિનંદન કરી યાત્રાની પ્રગતિ કરતાં જ હૃદયથી કંઠ સુધી પહોંચીએ છીએ. પરમાત્માના પ્રેમની પ્રયોગશાળામાં પ્રવેશ કરતાં પહેલાં પૂર્વે કરેલા પાપોનું પ્રાયશ્ચિત કરવું પડે. પ્રાયશ્ચિત લેતાં જ વિશુદ્ધિ થાય છે અને વિશુદ્ધિ થતાં જ સાધક માયા, નિદાન અને મિથ્યાદર્શનથી અલગ થઈ જાય છે. શાસ્ત્રોમાં આને ઉત્તરિકરણ, વિશુદ્ધિકરણ, પ્રાયશ્ચિતકરણ અને વિશલ્યિકરણનું નામ આપ્યું છે. કંઠકૂપમાં આનું સ્થાન બતાવેલું છે. વિશુદ્ધિની સાથે કાઉસગ્ગ મુદ્રા સિદ્ધ થવાથી વચનસિદ્ધિ પણ થાય છે.

**સ. ૨૮૬ આજ્ઞા ચક્ર તથા સહસ્ત્રાર ચક્ર પર પ્રકાશ પાડો.**

**જ. ૨૮૬** વિશુદ્ધિ પછી અર્પણ યાત્રાનો આરંભ થાય છે. આપણે વિશુદ્ધિ ચક્રથી આજ્ઞાચક્ર સુધી પહોંચીએ છીએ. બંને ભ્રમરોની વચ્ચે તિલકના સ્થાને અંદરમાં આ ચક્ર જ્યોતિ સ્વરૂપે છે. અહીં ઉર્જાસ્રોત અત્યંત તીવ્ર ગતિએ વર્તુળાકારે ફરે છે. આપણા ક્રોધ, માન, માયા, રાગ-દ્વેષના તરંગો પણ ગોળ હોય છે. ભક્તિ અને ભાવોથી ઉત્પન્ન થતાં તરંગો પણ ગોળ હોય છે. અહીં ચક્રની ફરવાની ને પરિણમનની પ્રક્રિયા કેવી છે તે

જુઓ. ક્રોધાદિ ભાવતરંગોનું ચક્ર એન્ટી ક્લોકવાઈઝ હોય છે. પરમ સત્ પ્રત્યે કરવામાં આવતું શ્રદ્ધામય, જ્ઞાનમય, ધ્યાનમય, સમતામય, સ્મરણ-સંસ્તવ આદિ દ્વારા ઉત્પન્ન થતાં તરંગો ક્લોક વાઈઝ ફરે છે. આ સ્થિતિમાં ક્રોધાદિ ભાવ કરૂણા અને ક્ષમા રૂપે રૂપાંતરીત બની જાય છે. આજ્ઞાચક્ર તે ભાવના કેન્દ્રની સાથે આભામંડળનું પણ મુખ્ય કેન્દ્ર છે. આજ્ઞાચક્રમાં ગુરૂનું સ્થાપન કરી બંને હાથ જોડી આજ્ઞાચક્ર સુધી લઈ જઈ વિતરાગની આજ્ઞાપાલનની શક્તિ માંગવાની છે. આજ્ઞાચક્રમાં પરમ આત્મતત્ત્વની પ્રતિષ્ઠા કરી મોક્ષદાયી વિરતી ધર્મનો સ્વીકાર કરવો છે. આપણા આજ્ઞાચક્રમાં કમળ છે. પરમાત્માને અહીં પ્રતિષ્ઠિત કરી આજ્ઞાંકિત બની વિનંતી કરીએ કે **મને મંગલમય જીવન જીવવા માટેની પ્રેરણા આપો. મારૂં આજ્ઞા કમળ (પુષ્પ) તમને અર્પણ કરૂં છું. તમારી આજ્ઞા જ અમારી પ્રજ્ઞાનું ઉદ્‌ઘાટન કરશે.**

**સહસ્રાર ચક્ર** : અંતર્પ્રજ્ઞાનો મુખ્ય સ્રોત સહસ્રાર છે. હજારો આરાઓથી બનેલું આ ચક્ર મસ્તિષ્કના શિખર સ્થાને છે. મૂલાધારથી સહસ્રારનો પ્રવાસ એ યોગીઓની ભાષા છે. આ રસ્તો દેહના મધ્ય ભાગમાંથી પસાર થાય છે. અપાર ક્ષમતા અહીં હાજર છે. ફક્ત એનો ઉપયોગ કરવામાં નથી આવતો. આજ્ઞાચક્રથી સહસ્રારની યાત્રા હવે બ્રહ્મરંધ્રમાં સમાવિષ્ટ થઈ રહી છે. અહીં મગજ ત્રણ વિભાગમાં વિભાજિત છે. મોટું મગજ, નાનું મગજ અને સુષુમ્ના શીર્ષ. જે સુષુમ્ના નાડીથી મસ્તિકનો સંબંધ જોડે છે. આ બધાની ઉપર પૂર્ણ ઉર્જામય સહસ્રાર વિભાગ છે. આપણું મગજ નિરર્થક વિચારો, ચિંતાઓ અને ગ્લાનિઓથી ભરેલું છે. એને ખાલી કરી આ મંત્રથી પૂરીત કરી પવિત્ર બનાવવાનું છે. **વિશુદ્ધ પરિણતિ થતાં દેહાધ્યાસથી છૂટવાની પ્રાર્થના અહીં થાય છે. ને મોક્ષ માર્ગમાં પ્રવેશવાની આજ્ઞા મંગાય છે.** ત્યારે પરમાત્મા કહે છે, **'એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ, અનંત દર્શન જ્ઞાન તું અવ્યાબાધ સ્વરૂપ.'** મોક્ષ તારી અંદર જ છે. મારી પાસે માંગવાની જરૂર નથી. ફક્ત ઉપર ચઢેલા આવરણોથી તારે દૂર થવાનું છે. પરમાત્માનો આ શુભ સંદેશ હજારો નાડીઓથી ઘેરાયેલા આ મગજમાં અવતરે છે. આ સ્થાનને યોગીઓએ સહસ્રાર કહ્યો છે. ઉર્જા શક્તિને અહીંથી કરોડરજ્જુ તરફ વહેતી કરવાની છે. ધ્યાનમાં જેમ જેમ એકાગ્રતા વધશે તેમ તેમ એક એક ચક્રમાં સ્થિરતા વધશે. ને જેમ જેમ સુષુમ્ણા નાડી છેદાતી જશે (અત્યાર સુષુપ્ત અવસ્થામાં છે) તેમ તેમ આજ્ઞાચક્ર અને બ્રહ્મરંધ્રમાં

પ્રવેશ મળશે. ત્યાંથી જાણે અમૃત ઝરી રહ્યું હોય તેવી આનંદની અનુભૂતિ થશે. પણ સુખદ અનુભૂતિમાંય ક્યાંય ચીટકી ન જવાય તે માટે સતત જાગૃત રહેવાનું છે. નહીં તો રાગના કર્મોના ગુણાકાર થઈ જશે.

**સ. ૨૮૭ દેહની સ્થિરતા કાયોત્સર્ગ છે. અને ચિત્તની સ્થિરતા ધ્યાન છે. સમજાવો.**

જ. ૨૮૭ જ્યારે જંબૂસ્વામી સુધર્મા સ્વામિને પૂછે છે કે, 'ભંતે કાયોત્સર્ગથી શું લાભ મળે છે, તે ક્યારે અને કેવી રીતે કરી શકાય છે?' ત્યારે સુધર્માસ્વામી કહે છે, 'વત્સ! કાયોત્સર્ગથી સર્વ દુઃખોનો નાશ થાય છે.' ક્રિયા વિસર્જન અને મમત્વ વિસર્જન થાય છે. દેહની જડ વૃત્તિ સમાપ્ત થાય છે. મતિની જડતા પણ સમાપ્ત થાય છે. સુખ દુઃખની તિતિક્ષા થાય છે. અને ધ્યાન લાગી જાય છે. દેહની સ્થિરતા, વાણીની સ્થિરતા, મનની સ્થિરતા એ કાયોત્સર્ગ છે. કાયોત્સર્ગનો અર્થ છે કાયાનો ત્યાગ (ઉત્સર્ગ). આમ તો જ્યાં સુધી આયુષ્ય બાકી હોય ત્યાં સુધી કાયાનો ઉત્સર્ગ થઈ શકતો નથી. પરંતુ 'આ શરીર મારૂં નથી, હું એનો નથી, હું જુદો છું. શરીર જુદું છે.' આ રીતે વિચાર કરવાથી વારંવાર ભાવિત થવાથી શરીર પ્રત્યે મમત્વ ઓછું થાય છે. જ્યારે કાયામાં મમત્વ નથી રહેતું ત્યારે કાયા પરિત્યક્ત થઈ જાય છે એને કાયોત્સર્ગ કહે છે. કાયોત્સર્ગને અભ્યંતર તપનું સર્વશ્રેષ્ઠ અને અંતિમ તપ કહેવામાં આવ્યું છે. તેનો મુખ્ય હેતુ છે આત્માનું કાયાથી વિયોજન. કાયા સાથે આત્માનો જે સંયોગ હોય છે તેનું મૂળ છે પ્રવૃત્તિ. જે એનો વિસંયોગ ઈચ્છે છે એટલે કે આત્માના સાંન્નિધ્યમાં રહેવા માંગે છે તેણે (૧) કાયાની પ્રવૃત્તિનું શિથિલીકરણ (કાયગુપ્તિ) (૨) વાણીથી મૌન (વચનગુપ્તિ) (૩) મનની વૃત્તિનું એકાગ્રીકરણ - ધ્યાન (મનોગુપ્તિ) ની સાધના કરવાની છે. કાયોત્સર્ગમાં શ્વાસોશ્વાસ જેવી સૂક્ષ્મ પ્રવૃત્તિ હોય છે. બાકી પ્રવૃત્તિનો નિષેધ છે. આગમોમાં કાઉસગ્ગ શ્વાસોશ્વાસરૂપે હતો. આવશ્યક નિર્યુક્તિમાં આનો પુરાવો છે. પરંતુ સમયાંતરે કાઉસગ્ગમાં લોગસ્સને સ્થાન આપવું પડ્યું. અતિચાર શુદ્ધિ માટે જે કાયોત્સર્ગ કરવામાં આવે છે. તેમાં એક ઉચ્છવાસમાં લોગસ્સના એક ચરણનું ધ્યાન કરવામાં આવે છે. આમ સાતમી ગાથાનું પહેલું પદ 'ચંદેશુ નિમ્મલયરા' સુધી ધ્યાન ૨૫ શ્વાસોશ્વાસમાં સમાવિષ્ટ થાય છે. અતિચાર શુદ્ધિ માટેના કાયોત્સર્ગને **ચેષ્ટાકાયોત્સર્ગ** કહે છે. જેનો સમય ઉચ્છવાસ ઉપર આધારિત છે. જુદા જુદા પ્રયોજનથી એ ૮, ૨૫, ૨૭, ૩૦૦, ૫૦૦, ૧૦૦૮ ઉચ્છવાસ સુધી કરવામાં આવે છે. વિશેષ વિશુદ્ધિ અથવા

પ્રાપ્ત કષ્ટોને સહન કરવા માટે જે કાઉસગ્ગ કરવામાં આવે છે તેને **અભિનવ કાયોત્સર્ગ** કહે છે. તેનો સમય ઓછામાં ઓછો અન્તમુર્હૂત અને ઉત્કૃષ્ટ એક વર્ષનો છે. બાહુબલીએ એક વર્ષનો કાઉસગ્ગ કરેલો. કાઉસગ્ગ અને ધ્યાન (૧૨ મું ને ૧૧મું અભ્યંતર તપ) એક જ સિક્કાની બે બાજુ છે. ચિત્તની સ્થિરતા એ ધ્યાન છે. પરંતુ તે મેળવવા માટે દેહની સ્થિરતા અને વાણીની સ્થિરતા જરૂરી છે.

**સ. ૨૮૮ દેહની સ્થિરતા માટેના ત્રણ આસન (મુદ્રા) જણાવો.**

**જ. ૨૮૮** ઉત્થિત મુદ્રા :- ઉભા રહી, બંને હાથ સીધા રાખી, બંને પગો સીધા સમશ્રેણીમાં રાખવા બંને પગ વચ્ચે આંગળની જગ્યા રહેવી જોઈએ. બંને પગ પર શરીરનું વજન સમતોલ રહેવું જોઈએ. શરીરનો કોઈપણ ભાગ ચલાયમાન ન થવો જોઈએ. આ મુદ્રામાં અર્થિંગ, ગુરૂત્વાકર્ષણ અને મસ્તકનું સંતુલન સમત્વ સ્થાપિત કરે છે. પ્રાણઉર્જા પણ નીચેથી ઉપર સુધી સમશ્રેણીમાં ફરવા લાગે છે. નાંડિથોના આધારે આ પ્રાણ ઉર્જા જ્યારે જ્યારે સ્થાનોમાં અટકીને આદાન-પ્રદાન-સંવર્ધન-આરોહણ-અવરોહણ કરે છે એ સ્થાનોને ચક્ર નામ આપવામાં આવે છે. ઉર્જા અને ચક્રસ્થાનના સંતુલનમાં મંત્રાક્ષર - ધ્વનિ અને તેનાથી ઉત્પન્ન થતો આકાર સહયોગ આપે છે.

આસિત મુદ્રા :- પદ્માસન, અર્ધપદ્માસન અથવા સુખાસનમાં સીધા બેસવું. કરોડરજ્જું સીધી, સરળ, સ્વાભાવિક રહેવી જોઈએ. કમરનું પુરું વજન નિતંબ પર સંતુલિત. બેઠકના આ હિસ્સામાં જ્ઞાનેંદ્રિયની બહુ ઓછી નાડીઓ હોવાને લીધે સમતોલપણાની બહુ ખબર નથી પડતી. પગના કોઈપણ ભાગમાં વજન વધી જવાથી ધ્રુજારી અથવા ખાલીપણાની અનુભૂતિ થાય છે. જો બેઠકમાં સંતુલન હોય તો લાંબા સમય સુધી અવરોધ વગર બેસી શકાય છે.

શયિત મુદ્રા :- આ મુદ્રામાં સાધક સીધો સૂઈ જાય છે. આખાયે શરીરને શિથિલ અને નિશ્ચલ રાખે. બંને હાથ અને બંને પગ એકબીજાથી ને શરીરથી અલગ રહેવા જોઈએ. જે સાધક સીધો નથી સૂઈ શકતો તે એક પડખે સૂઈ એક પગવાળી તેની ઉપર બીજો પગ લંબાવી અને બંને હાથ મસ્તક તરફ લંબાવી શિથિલીકરણ કરવામાં આવે છે.

**સ.૨૮૯ ધ્યાનની મુખ્ય થીમ સમજાવો.**

**જ.૨૮૯** ધ્યાનાવસ્થા દરમ્યાન જ્યારે જ્યારે કર્મ સંવર થશે ત્યારે જૂના કર્મ એક પછી એક ઉદીરણા થઈને શરીર પર એની સુખદ કે દુઃખદ અનુભૂતિ

આપીને ખરી પડશે. પણ શરત એ છે કે સુખદ અનુભૂતિમાં ચીટકી જવાનું નથી કે દુઃખદ અનુભૂતિમાં દૂર ભાગવાનું નથી. ને તે અનુભૂતિમાં સંપૂર્ણ સમતા રાખવાની છે. તો જ કર્મની નિર્જરા થશે. નહીં તો કર્મોના ઓર ગુણાકાર થશે. ધ્યાનની આ જ મુખ્ય થીમ છે. આ થીમને બરાબર સમજ્યા વગર સુખદ-દુઃખદ અનુભૂતિના ખેલ ખેલવા લાગ્યા તો કરવા બેઠા કર્મની નિર્જરા અને ઉભા થશો કર્મના ઢગલા વધારીને. માટે જ કહ્યું છે કે ગુરૂની ગાઈડન્સ વિના સ્વચ્છંદતાથી વિપશ્યના ધ્યાન કરવું નહિ. ધ્યાનની થીયરીને બરાબર સમજ્યા વગર ધ્યાન કરવું નહિ. યાદ રાખો... કાંઈપણ રીતના ધ્યાનમાં આગળ વધો... ધ્યેય તો ફીક્ષ હોવો જરૂરી છે. આપણો ધ્યેય છે મોક્ષ. આત્માની કર્મબંધનમાંથી મુક્તિ. સંસારમાં જેને ખરેખર વૈરાગ્ય ઉત્પન્ન થયો છે, ભવભ્રમણમાંથી જેને ખરેખર થાક લાગ્યો છે, આત્માના શાશ્વતસુખને પામવાની જેને તાલાવેલી લાગી છે, નિરંજન નિરાકારને પામવાની ઉત્કૃષ્ટ ભાવના જેને જાગી છે, ધ્યેયની એકતામાં જે સાધકનું પુરેપુરૂં સમર્પણ છે તે સાધક જરૂર આનંદને પ્રાપ્ત કરી શકે છે. ધ્યેય ફીક્ષ થયા પછી હવે ધ્યાન કોનું ધરશો ? ધ્યાન તો આત્માનું જ ધરવાનું છે. પરમાત્માના સહારે સીડીઓ ચડીને આત્માને જ પ્રાપ્ત કરવાનો છે. પણ આત્મા છે ક્યાં ? શરીરના અણુએ અણુમાં આત્મપ્રદેશ વ્યાપેલા છે. સૂક્ષ્મ મન દ્વારા અંતરયાત્રા કરતા કરતા શરીરના એક પણ અણુ મુર્છિત ન રહી જાય... અણુએ અણુને મન દ્વારા સ્પર્શ કરવાનો છે. શરીરનો અંશ માત્ર છૂટી ન જાય માટે ક્રમસર જ યાત્રા કરવાની છે. તમારા સૂક્ષ્મ મન દ્વારા જ્યાં તમે ધ્યાન દેશો ત્યાં ઉર્જાશક્તિ દોડી જશે. અશુભમાં ધ્યાન દેશો તો અશુભ શક્તિમાન બની જશે, શુભમાં ધ્યાન પરોવશો તો શુભ શક્તિમાન બની જશે. જેણે સંપૂર્ણ પ્રત્યાહાર (ઈન્દ્રિયો પર નિગ્રહ) અને શુભ-અશુભ ઈચ્છાઓનો ક્ષય કર્યો છે તે જીવ અંતરાત્મામાં સહજતાથી સતત રમી શકે છે. ધ્યાન - સમાધિમાં રમતો જીવ નિરંજન નિરાકારના આનંદમાં તરબોળ હોઈ નિરાકારમાં જઈને વિરમે છે.

**સ.૨૯૦ ધ્યાનથી અંતરયાત્રા પર પ્રકાશ પાડો.**

જ.૨૯૦ ક્યારેક એવું બનશે વિચારોના ધોધેધોધ વહ્યા કરશે. રોકાયા રોકાશે નહિ, ગભરાવું નહિ. ધ્યાનમાં નીતનવા અનુભવ થયા જ કરશે. પરંતુ ધ્યાન એ રાખવાનું છે કે વિચારોની સાથે તમારે જરા પણ ઓતપ્રોત થવાનું નથી. જેમ આકાશમાંથી વાદળાં પસાર થતાં હોય ને તમે ફક્ત

એને જોયા જ કરો તેમ વિચારોને પણ ફક્ત જોયા કરો એને દબાવવાનો પ્રયત્ન નહિ કરો... દબાવવાથી તે વિલય નહિ પામે. બમણા જોરથી ઉછળશે. ફક્ત મનને વારંવાર શ્વાસ પર લાવી મૂકો કે ભાઈ તારે ફક્ત શ્વાસની આવન-જાવન નિહાળવાની છે... બીજું કાંઈ જ નહિ. આમ તો શ્વાસનું આલંબન લઈ મનને અંદર વાળવાનું છે. જ્યારે લાગે કે હવે ક્ષણે ક્ષણે ભાગી જતું મન શ્વાસ પર સારો એવો સમય ટકી રહે છે ત્યારે એ મન દ્વારા શરીરની અંદરની યાત્રા આરંભ કરવાની છે. તે આ રીતે :- શ્વાસ પરથી મનને સીધું બ્રહ્મરંધ્ર-સહસ્ત્રારમાં લઈ જાઓ. આખા સહસ્ત્રારના અણુએ અણુને મન દ્વારા સ્પર્શ કરો. જો મન અંદર જ છે, બહિર્મુખી નથી તો જરૂર અનુભવ કરશે કે ત્યાં શું થઈ રહ્યું છે. યાદ રાખો ચોવીસે ચોવીસ કલાક શરીરના અંદરના અણુએ અણુમાં કાંઈ ને કાંઈ ઘટીત થઈ રહ્યું છે પણ આપણને તે અનુભવમાં આવતું નથી કારણ કે મન બહિર્મુખ-સ્થૂળ છે. બ્રહ્મરંધ્રથી કપાળ આખું મુખ - કંઠ - બંને ભૂજા - છાતી - પેટ - નાભિ - ગુપ્તભાગ - બંને પગ એમ ક્રમસર યાત્રા કરવાની છે. એકેએક અણુને મન દ્વારા સ્પર્શવાનું છે. જ્યાં જ્યાં તમારૂં ધ્યાન કેન્દ્રિત થશે તે તે જગ્યાને શક્તિપ્રદાન થશે. ઉર્જા જાગ્રત થશે. દરેક જગ્યાએ કાંઈ ને કાંઈ સંવેદના પ્રાપ્ત થશે. ક્યાંય સંવેદના પ્રાપ્ત ન થાય તો પણ કોઈપણ જગ્યાએ વધારે વાર અટકવાનું નથી. જ્યાં જ્યાં મન દ્વારા સ્પર્શ કર્યો ત્યાં સંવેદના પ્રાપ્ત થઈ કે ન થઈ... એક-બે મિનિટ રૂકીને આગળ વધવાનું છે. જ્યાં જ્યાં સંવેદના પ્રાપ્ત થઈ ત્યાં સુખદ હોય કે દુઃખદ આગળ સમજાવ્યું તેમ રાગ કે દ્વેષમાં ખેંચાયા વગર સંપૂર્ણ સમતાભાવમાં સ્થિર થવું. સુખદ કે દુઃખદ બંને અનુભૂતિ અનિત્ય છે તે ભાવને પુષ્ટ કરવો... અત્યાર સુધી આ ભાવથી ફક્ત ભાવિત થતા હતા... ધ્યાનમાં તમે પોતે અનુભવશો કે જેવું ત્યાંથી ધ્યાન હટ્યું કે સુખદ કે દુઃખદ અનુભૂતિ પણ ખલાશ. બીજી જગ્યાએ બીજી અનુભૂતિ - અનિત્યભાવના જે શબ્દમાં હતી તે અનુભવમાં આવી. અનુભવજ્ઞાન પુષ્ટ થશે... સમતા પુષ્ટ થશે... કર્મોના આવરણો હટશે. દુર્ગુણો ઉખડતા જશે ગુણો પ્રગટતા જશે... માથાથી પગ પાછું પગથી માથા સુધી ચક્કર લગાવતા રહો... સંવેદના મળી તો ખુશી નહિ, ના મળી તો દુઃખ નહિ. મેળવવા માટે તો કોઈ આગ્રહ નથી, ક્યાંય વધારે સમય અટકવું નહિ. સંવેદનાના ખેલ ખેલવા નહિ ફક્ત સમતા... સમતા... અનિત્ય બોધ... અનિત્યબોધ... નિર્જરા... નિર્જરા... આવરણ

હટશે... એને હટવું જ પડશે... પુરૂષાર્થ... પુરૂષાર્થ... પ્રગતિ... પ્રગતિ... આત્મા પ્રાપ્ત થશે જ.... પૂર્ણ વિશ્વાસ... શ્રદ્ધા...

**સ.૨૯૧ ધ્યાનમાં ચમત્કાર સંભવિત છે ? ચમત્કાર થાય એ સાધક ધ્યાનમાં ઘણો આગળ છે એવું હોઈ શકે ?**

**જ.૨૯૧** આત્મા પરના આવરણો હટતા જશે તેમ તેમ તે નિર્મળ થતો જશે. નિર્મળ આત્માના પ્રકાશમાં કેટલીય પર્યાય આવી શકે છે, ચમત્કાર થવા પણ સંભવિત છે પરંતુ પર્યાય કે ચમત્કારમાં ક્યાંય અટકવાનું નથી. અહંકારથી ખૂબ જ બચવાનું છે. ખૂબ જ જાગ્રતતાની જરૂર છે. પર્યાયો આવે (પૂર્વ ભવ દેખવા ભવિષ્ય દેખવું વગેરે) કે ચમત્કાર સંભવે તો જ ધ્યાન થયું કે થાય છે નહિ તો નથી થતું એવું નથી. જેને પર્યાયો વધુ આવે કે ચમત્કાર સંભવિત બને તેને વધુ ધ્યાન આવવું થયું એવુ પણ નથી. ધ્યાનનો માપદંડ કોઈ પર્યાય કે ચમત્કાર નથી. ધ્યાનનો માપદંડ 'સમતા' છે. તમારામાં કેટલી સમતા પુષ્ટ થઈ, પહેલા વાતવાતમાં જે ક્રોધમાનમાયારૂપી રીએક્સન આવતું હતું તે કેટલું ઓછું થયું, તમે કેટલો સમય આત્મામાં ઉપયોગમાં જ રહી શકો છો, વૃત્તિઓને કેટલી અંતર્મુખી બનાવી શકો છો, એટલા તમે ધ્યાનમાં આગળ વધી રહ્યા છો. આપણું લક્ષ્ય તો મોક્ષ અને આત્મદર્શન જ છે. તેમાં જો પર્યાયોની કે ચમત્કારોની અપેક્ષા પણ કરી તો ચૂકી જશો પ્રાણ ઉર્જા જેમ જેમ ચક્રોના એકએક સ્ટેપ ચડતી જશે તેમ તેમ પર્યાયો કે ચમત્કાર સંભવશે પરંતુ તેના પણ ફક્ત જ્ઞાતા-દૃષ્ટા બની જવાનું છે. નહીં તો તે જ તમને અહંકાર જગાવશે ને ઉપરના સ્ટેજ પરથી પાછા પટકી દેશે. સમજી લોકે કોઈ સાધક આગલા જન્મમાં ઘણી સાધના કરીને આવ્યો છે. માટે એના આત્મા પર કર્મમળ ઓછો છે ને તમારા આત્મા પર તેની સરખામણીમાં હજી ઘણા કર્મોનો ઢગલો છે. હવે તે સાધક આ જન્મમાં સાધનામાં આગળ વધતા જ બહુ જલ્દી આત્માની નિર્મળતા અનુભવશે. આત્મા પાસે તો બધું જ જ્ઞાન છે. તમારો આત્મા તો બધું જ જાણે છે કે તમે કેવા ભવ કરીને આવ્યા છો ને હવે આગળ શું થવાનું છે. અનંતજ્ઞાનની જેમ આત્મામાં શક્તિ પણ અનંત પડેલી છે. હવે તે સાધકના ધ્યાનસાધના દ્વારા થોડા ઘણા આવરણો ખપતા આત્માનો નિર્મળ પ્રકાશ અંશમાત્ર પણ બહાર આવતા તે પ્રકાશમાં પર્યાયો જાણવી કે ચમત્કાર થવા, અંતર્નાદ સાંભળી શકવો, વગેરે શક્ય છે. તેની સરખામણીમાં હજી તમારા આવરણો ઘણા તૂટવાના બાકી છે. તેથી

કદાચ તમને આવો કોઈ અનુભવ ન પણ થાય તો શું તમે એમ માની લેશો કે ફલાણી વ્યક્તિનું ધ્યાન થાય છે ને 'મારૂં ધ્યાન બરાબર નથી થતું'. કદાચ speedની દૃષ્ટિએ તમારા આવરણો બહુ ઝડપથી તૂટી રહ્યા હોય... ગતિની દૃષ્ટિએ કદાચ પેલો સાધક તમારા કરતા ઘણો slow હોય... પરંતુ ફરક એ છે કે એની પાસે કચરો ઓછો છે તમારી પાસે વધુ છે એટલે સાફ કરતા કદાચ વધુ ટાઈમ લાગે... કદાચ થોડા સમયમાં તમે speedને લીધે એનાથી આગળ પણ નીકળી જાઓ... માટે બીજા સાધકની પ્રગતિ જોઈ નિરાશ થવું નહીં. મારૂં તો ધ્યાન નથી થતું એવું માની લેવું નહિ. દરેકે દરેક સાધકની દશા અલગ હોઈ શકે છે, બીજાને જે પર્યાયો આવી કે અનાહત નાદ સંભળાયો કે હજારો સૂર્યના પ્રકાશ દેખાયા તેવી બધી પર્યાયો તમને આવે જ એવું કંઈ જરૂરી નથી. પર્યાયો આવવી જ એવો કોઈ ધ્યાન સાધનાનો નિયમ નથી.. કોઈની પર્યાયો વિષેની વાતો સાંભળી અંજાઈ જવું નહિ, તે નરી કલ્પના પણ હોઈ શકે, ખોટી પણ હોઈ શકે, સાચી પણ હોઈ શકે. એવું પણ બની શકે કે કદાચ તમને એક પણ પર્યાય ન આવી હોય છતાં તમે ધ્યાન સાધનામાં ઘણા આગળ નીકળી ગયા હો... પર્યાયોની અપેક્ષા રાખવી, પર્યાયોમાં આનંદ માણવો એ તો ભૌતિકતા છે... નીચે પડવાના પગથિયા છે... આપણે તો આત્માની શોધમાં છીએ, આત્મિકતાનો સહજાનંદ માણવો છે... શાશ્વત સુખ મેળવવું છે તે જ ધ્યેય છે... ધ્યેય ચૂકી જઈને ક્યાંય ભૌતિકતામાં અટવાઈ ન જઈએ તે માટે સતત જાગ્રત રહેવાનું છે.

**સ.૨૯૨ સાધના કરનાર સાધકે આહારનું શું ધ્યાન રાખવું ?**

**જ.૨૯૨** કહેવત છે કે જે 'જેવું અન્ન એવું મન'. સાધના કરનાર સાધકે આહારનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે. એક તો આહારનું પ્રમાણ થોડુંક ઓછું રાખવું જેથી ઉંઘ ન આવી જાય. વળી આહાર થોડો ઓછો લેવાથી જે પ્રાણ ઉર્જા બચે છે તેનું ધ્યાનમાં ઉર્ધ્વગમન થાય છે. આહારમાં વધુ પડતો તીખો તથા વાસી ઠંડો ખોરાક લેવો નહિ. તીખાસથી બળતરાની સંવેદના ઉત્પન્ન થાય છે. વળી તીખો એ તામસી ખોરાક છે તેનાથી ક્રોધ ઉત્પન્ન થાય છે. વાસી અને ઠંડા ખોરાકથી શરીરમાં ભારેપનની સંવેદના ઉત્પન્ન થાય છે. વાસી તથા હિંસક ખોરાક ખાવાથી હૃદય ક્રૂર બને છે. ક્ષમા નામના ગુણનો છેદ ઉડતો જાય છે. સાધકે સાધના દરમ્યાન તો આવો ખોરાક ન જ કરવો પરંતુ સાધના ન કરતા હો તો પણ

આવો ખોરાક તો વર્જ્ય જ ગણવો. જૈન દર્શનને જે જે ખોરાક વર્જ્ય ગણ્યા છે તેની પાછળ આવા ભૌતિક અને આધ્યાત્મિક બંને કારણો સમાયેલા છે. આપણે રસનેંદ્રિયની પાછળ લુપ્ત બની આપણા જ ગુણોનો છેદ ઉડાડીએ છીએ.

**સ.૨૯૩ ધર્મ પામવાનું ધ્યાન ઉત્તમ અનુષ્ઠાન છે, કેવી રીતે ?**

જ.૨૯૩ ભાઈ પહેલાં ધર્મ શું છે તે સમજ. આ દેહાધ્યાસ છૂટે, દેહ અને આત્મા અલગ છે તે અનુભવાય, તો કર્તાપણું મટે, કર્તાપણું મટે તો કર્મથી આત્મા લપેટાય નહિ અને કર્મરહિત થઈ મોક્ષસુખને પામે આ જ ધર્મ છે.

**સ.૨૯૪ ધ્યાનથી કેવી રીતના ધર્મ ?**

જ.૨૯૪ ધ્યાનમાં આગળ વધતા એ ક્ષણો આવશે કે જ્યારે તમે જોઈ શકશો - અનુભવી શકશો કે સમયે સમયે દેહના પરમાણુઓ ઉત્પન્ન થાય છે. નાશ પામે છે. સતત બદલાતા રહે છે. જે શરીર તમને ઠોસ દેખાય છે તે ફક્ત તરંગો જ તરંગો છે. કાંઈ જ ઠોસ નથી તેવું અનુભવી શકશો.... જેમ કે જે પિક્ચર તમે પડદા પર જુઓ છો (ઠોસ) તે હકીકતમાં તો તરંગો કિરણોના સ્વરૂપમાં જ છે. તે તો તમે જાણો છો. ફોનમાં જે શબ્દ તમે સાંભળો છો (ઠોસ) તે તો waves ના રૂપમાં જ છે. શબ્દો waves માં transfer થાય છે, Waves પાછા શબ્દોમાં transfer થાય છે. Picture તરંગોમાં - કિરણોમાં, તરંગો પાછા picture માં transfer થાય છે. બસ તેવી જ રીતે આ ઠોસ દેખાતું શરીર ફક્ત તરંગો જ છે, waves છે, rays છે. તે તમે ધ્યાનમાં આગળ વધતા તમે પોતે અનુભવી શકશો, અંતરચક્ષુથી જોઈ શકશો... આ અનુભવ (પોતાના અનુભવ)થી જે જ્ઞાન મળશે, જે દર્શન થશે... તે આજ સુધી ફક્ત શબ્દોમાં કે વિચારોમાં જ હતું કે ‘આ દેહ તે હું નથી’ ‘દેહમાં કોઈ મોહ નથી’ એ શબ્દ કે વિચારો તો કોઈના બીજાના કહેલા હતા માટે તે આપણા માટે ટેમ્પરરી જ્ઞાન હતું, એ જ જ્ઞાન હવે પોતાનું જ્ઞાન બને છે. અનુભવ જ્ઞાન બને છે, અનુભવ જ્ઞાન ભૂલાતું નથી, ભૂંસાતું નથી, permanent રહે છે. તરંગો રૂપે શરીરને અનુભવ્યા પછી શરીર પ્રત્યેનો મોહ છૂટી જાય છે, છોડવો પડતો નથી. દેહાધ્યાસ જ છૂટી જાય છે. પછી ‘હું’ તે દેહ નહિ, હું તે જ આત્મા બની જાય છે. ધીરે ધીરે ‘હું’ જ ખોવાઈ જાય છે. ‘હું’ પોતે જ નિરંજન

નિરાકારમાં વિલિન થઈ જાય છે... અલૌકિક અનુભૂતિ... અલૌકિક ધર્મ...

**સ.૨૯૫ ધ્યાનમાં ટકી રહેવું બહુ મુશ્કેલ લાગે છે.**

**જ.૨૯૫** ધ્યાનમાર્ગ, યોગમાર્ગ સંસારથી તદ્દન વિરૂદ્ધ છે માટે તેમાં ટકી રહેવું બહુ મુશ્કેલ છે. કારણ કે હજુ સંસારના વિષયો પ્રત્યે ખેંચાણ ઘણું છે. જેમ જેમ અભ્યાસ વધશે તેમ તેમ તે ઓછું થશે. છેવટે એવી સ્થિતિ આવશે કે અંતરમાં સુખ મળશે અને બાહ્ય પદાર્થ દુઃખરૂપ બનશે. જ્યારે બાહ્યમાં કોઈ ઉત્સુકતા નહિ રહે, ત્યારે તેનાથી દૂર રહેવા કોઈ પ્રયત્ન નહિ કરવો પડે. સહજતાથી જ ચિત્ત અંદરમાં રહેશે. ત્યારે ઉત્તમ આત્મસુખ પમાશે. **જેમ જ્ઞાન વધશે તેમ એકલતા ગમશે. બહારના વિષયોથી મન પાછું ફરશે ત્યારે આત્મામાં સ્થિર થશે. જેમ સ્થિરતા વધશે તેમ તેમ રાગ-દ્વેષ રહિત અવસ્થા તરફ પ્રયાણ થશે.** આત્મામાં જ રમણ કરતું મન તે જ મનોગુપ્તિ છે. વધતી જતી શ્રદ્ધા, ધીરજ અને સમજણ વડે વારંવાર મનને અંકુશમાં રાખવું. જેટલી ક્ષણો મળે તેમાં પ્રમાદ કર્યા વગર જબરજસ્ત પુરૂષાર્થ કરવો. દરેક ક્ષણ, દરેક પળ આપણને મોક્ષ તરફ લઈ જવા આવી છે, ધ્યાનમાં આગળ વધતા જીવ કોઈ એક ક્ષણે સ્વાનુભૂતિ રસ રાખે છે. આવી સ્વાનુભૂતિ વારંવાર સહજપણે શક્ય બને ત્યારે જીવ પરમાત્મા તરફ ગતિ કરે છે, વિતરાગી થઈ પરમાત્મા બને છે. છેલ્લે ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની ત્રિપુટી એક થઈ જાય છે. સાધનાથી ગુસ્સો પ્રેમમાં બદલાશે, રોકટોક મૌનમાં, અભિમાન ક્ષમામાં, પ્રભુ તરફથી બાહ્ય દૃષ્ટિ આત્મા તરફ વેગ પકડશે. સંબોધોમાંથી રાગ-દ્વેષ ઓછા થઈ, મમતા-પ્રેમ - કર્તવ્યનું રૂપ પકડશે. ‘હું’ ઓગળતો જશે, ઈચ્છાઓ ઓગળતી જશે, સંતોષનો અનુભવ થશે, દેહ તમને ત્યાગે તે પહેલા જ દેહનો પરિત્યાગ થઈ જશે. દેહ પરથી મમત્વ ઘટી જશે. સાધનામાં આગળ વધતા વધતા આત્માને ઢંઢોળીને પૂછતા રહેવું કે ‘જીવ ક્યાં સુધી પહોંચ્યો ? રાગ-દ્વેષ ઓગળી નથી રહ્યા તો ક્રિયા બધી નકામી. મુક્તિ મેળવવી જીવના હાથમાં છે પણ તે માટે પરિવર્તન જરૂરી છે તે નથી કરવું તો આ ભવ તો શું કોઈ ભવમાંય પરિવર્તન વગર મુક્તિ નહિ મળે. મોક્ષે જવાની એક પ્રબળ ઈચ્છારૂપી જ્યોત પ્રગટાવો, આત્માને બધે સાક્ષીરૂપે રાખી ભૌતિક ઈચ્છાઓ રૂપી મૂળિયાને આ જ્યોત દ્વારા બાળતા જાઓ. હે અજ્ઞાની જીવ ! તું પ્રભુ પાસે મુક્તિ માગે છે, પણ મુક્તિ કોઈ વસ્તુ નથી. જે ભગવાન તને હાથમાં આપી દેશે, એણે જે મુક્તિનો માર્ગ બતાવ્યો છે

તેના પર **એક આંધળી દોટ મૂક,** મુક્તિ તારા હાથમાં છે. આ શરીર મળ્યું શુદ્ધ આત્મ સ્વરૂપમાં સમાવા માટે, આ તક ઝડપી લે. સંજોગોને ફગાવી મનને સ્થિર કરી, આત્મામાં ડૂબકી માર. **મનને વશ કરવું તે જ મોટામાં મોટી ક્રિયા છે. તેના માટે જ બીજી દ્રવ્યક્રિયા છે.** સંકલ્પ-વિકલ્પ વિનાનું મન એ જ સહજાનંદનો અનુભવ. દ્રવ્યચારિત્ર સાધન-easy, ભાવ ચારિત્ર -hard. જંગલોમાં પરિભ્રમણ કરવું -easy. મનને પરિભ્રમણ કરતું અટકાવવું -hard. લોચ કરવો-easy, શરીર પરની મૂર્છા ત્યાગવી -hard. સંસારમાંથી છૂટવા જે વિચારોને આચરણમાં મૂકો તે જ જ્ઞાન-જ્ઞાનની હાજરી ત્યાં સ્થિરતા - તે જ ચારિત્ર.

**સ. ૨૯૬ મોક્ષમાર્ગ આરાધનાના દસ અધિકાર જણાવો ?**

જ. ૨૯૬ એક દિવસ ગૌતમસ્વામી પ્રભુ મહાવીરને ચરણોમાં વંદન કરી ભવિક જીવોના હિત માટે પૂછે છે કે 'હે પ્રભુ અમે કઈ રીતે મુક્તિમાર્ગ આરાધીએ એ અમને જણાવો.' (ગૌતમસ્વામી પોતે ચારજ્ઞાનના ધણી હતી છતાં પણ પોતાના જ્ઞાનનો ઉપયોગ બાજુએ મૂકીને પોતે જવાબ આપવાને બદલે, પોતે બાળક જેવા બની, આપણા જેવાના હિત ખાતર, માર્ગદર્શન ખાતર, પ્રભુ-વીરને સવાલો પૂછતાં. આને જ્ઞાન પચ્યું કહેવાય. જ્ઞાનના ફળ રૂપે વિનમ્રતા પેદા થઈ કહેવાય.) ત્યારે પ્રભુ વીર ગૌતમ સ્વામીને મોક્ષમાર્ગ આરાધનાના દસ અધિકાર બતાવે છેઃ

(૧) અતિચાર આલોઈએ (૨) વ્રત ધરીએ ગુરૂ સાખ (૩) જીવ ખમાવી સયલ જે યોનિ ચોરાસી લાખ (૪) વિધિશું વળી વોસરાવીએ, પાપસ્થાન અઢાર (૫) ચાર શરણ નિત્ય અનુસરો (૬) નિંદો દુરિત આચાર. (પોતાના બીજાના નહીં) (૭) શુભકરણી અનુમોદીએ (૮) ભાવ ભલો મન આણ (૯) અણસણ અવસર આદરી (૧૦) નવપદ જપો સુજાણ

**શુભગતિ આરાધન તણા, એ છે દસ અધિકાર**
**ચિત્ત આણીને આદરો... જેમ પામો ભવપાર..**

(પુન્યપ્રકાશનું સ્તવન)

આ દસ અધિકારમાં નવમો અધિકાર છે. અણસણ આદરવું - અણસણ કહો, સંલેખના કહો, સંથારો કહો. જૈનોના અમુક પંથમાં સંલેખના વ્રત વિસરાઈ ગયું લાગે છે, જ્યારે અમુક પંથમાં સંથારો ગ્રહણ કરવામાં આવે છે.

**સ. ૨૯૭ સંલેખના એટલે શું ? આવું સંલેખના વ્રત ક્યારે ઉચ્ચરવું ?**

જ. ૨૯૭ 'હવે જીવીશ ત્યાં સુધી કોઈપણ પ્રકારનો આહાર ગ્રહણ નહીં કરું. ચારેય

પ્રકારના આહારનો ત્યાગ કરવો તેને સંલેખના વ્રત ઉચર્યું કહેવાય'

આવું સંલેખના વ્રત ક્યારે ઉચ્ચરવું ? તો પુન્યપ્રકાશના સ્તવનમાં સાતમી ઢાળમાં કહે છે કે...

**'હવે અવસર જાણી, કરી સંલેખન સાર,**
**અણસણ આદરિયે, પચ્ચખી ચારે આહાર.**
**લલુતા સવિ મૂકી, છંડી મમતા અંગ,**
**એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ'**

કહે છે કે અવસરને જાણી, સંલેખના કરો. શેનો અવસર? કોનો અવસર? અવસર એટલે કે એવો સમય આવી ગયો છે કે હવે કોઈપણ રીતના ધર્મ આરાધના થઈ શકે એવી પરિસ્થિતિમાં આ દેહ નથી. ધર્મ એટલે દેરાસર નથી જઈ શકતા કે ઉપવાસ નથી કરી શકતા, એ ધર્મની વાત નથી. અહીં એ ધર્મ લેવાનો કે. 'સ્વ'માં ઉતરીને 'સ્વ'નો અધ્યાય નથી કરી શકતા. આત્માનો ઉપયોગ આત્મામાં જ સ્થિર કરી ધ્યાન નથી કરી શકતા. ઉદયમાં આવેલ કર્મોને સમતાભાવે વેદી નથી કરી શકતા. જૂના કર્મોની ઉદીરણા કરીને તેને નિર્જરી નથી શકતા. આવી કોઈ શક્તિ આ શરીરમાં રહી નથી, ને સામે મૃત્યુ નિશ્ચિત બનીને આવીને ઉભું છે. આવા અવસરને (સમયને) જાણીને સમજીને માયા-મમતા-લોલૂપતા-કુટુંબની, ઘરની, લક્ષ્મીની માયા, છોડીને પોતે ચારેય આહારના પચ્ચખાણ કરી અણસણ તપની આરાધના ચાલુ કરી દેવી જોઈએ.

**ગતિ ચારે કીધાં, આહાર, અનંત નિ:શંક,**
**પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીઓ રંક**
**દુલહો એ વળી વળી અણમણનો પરિણામ**
**એહથી પામી જે, શિવપદ, સુરપદ ઠામ**

કહે છે કે જીવ ચારે ગતિમાં ભ્રમણ કરતાં તે અનંત આહાર ગ્રહણ કર્યા છે તેમાં કોઈ શંકા નથી. વળી ઘડી ઘડી આવા અણસણના પરિણામ (ભાવ) જાગવા પણ દુર્લભ છે માટે હે જીવ જો હવે કોઈપણ પ્રકારે ધર્મઆરાધના થઈ શકે એમ નથી એવો અવસર આવી ગયો છે તો સંલેખના વ્રત ગ્રહણ કર... પણ સબૂર! એ માટે મનને અતિ દૃઢ કરવું જરૂરી છે. **અણસણ વ્રત ગ્રહણ કર્યા** પછી કદાચ તબિયત સુધરવા લાગી તો ? તો એમ થાય ને કે અરેરે મેં ક્યાં અણસણ વ્રત લીધું, હવે મારે નક્કી અણસણ કરવું જ પડશે ? ના ના મારે તો હજી જીવવું છે. હવે શું

કરું ? જો આવા વિચારોના વમળ ઉઠયા તો સતત આર્તધ્યાનમાં ગરકાવ થઈ તિર્યંચ ગતિનું આયુષ્ય બંધાતું જાય. માટે મનને ખૂબ જ દૃઢ કરી. એ મક્કમ નિર્ણય કરવો જોઈએ કે હવે અણસણ ઉચ્ચર્યા પછી કદાચ એવું બને કે સ્વસ્થતા પ્રાપ્ત થતી હોય એવું લાગે તો પણ મનને જરાપણ વિચલિત થવા દેવાનું નથી. વિચારવાનું કે આમ તો કોઈ આશા નહોતી કે સારું થાય... પણ જો અણસણાના પ્રભાવે પણ સારું થાય તો હું જેટલા દિવસ જીવીશ ત્યાં સુધી વધારે સારી રીતની સાધના કરી શકીશ. વધારે સારી રીતના સમતામાં રહી શકીશ ને વધારે ને વધારે કર્મની નિર્જરા કરી શકીશ. માટે જો સ્વસ્થતા પ્રાપ્ત થઈ રહી છે તો તે પણ મારા હિત માટે જ છે. વળી પાછો આ માનવદેહ ક્યારે મળશે તે ખબર નથી અને કદાચ મળશે ત્યારે આ અંતરંગ ધર્મની સ્ફૂરણા હશે કે નહીં, તે પણ ખબર નથી. તો હું મારા ભવિષ્યના સપનામાં શું કામ રાચું ? હું મારી આજ જ, ન સુધારી લઉં ? જે શરીરને બળીને રાખ થવાનું છે તેની પાસે છેલ્લે છેલ્લે જેટલું કામ કઢાવી શકાય તેટલું કઢાવી લઉં. ને એવું અવિચલ પદ પ્રાપ્ત કરી લઉં કે જ્યાંથી જન્મ-મરણના ફેરા પર પૂર્ણવિરામ આવી જાય. આવું દૃઢ મનોબળને અવિચલ શ્રદ્ધા હોય તો અણસણ વ્રત ગ્રહણ કરવામાં કોઈ ભયસ્થાન નથી.

**સ. ૨૯૮ સંલેખના વ્રત ગ્રહણ કરવામાં શું ભયસ્થાન છે ?**

જ. ૨૯૮ ક્યારેક એવું પણ બને કે ચારેય આહારના પચ્ચખાણ કર્યા પછી ભૂખ કે તરસ સહન કરવી અસહ્ય બની જાય ને મનના પરિણામો નીચા પડી જાય ગમે તેવી વેદના કે દુઃખદર્દ સમતા ભાવે સહન કરવા માટે જીંદગીભરની સાધના જોઈએ. જેણે વિપશ્યના ધ્યાન સાધના દ્વારા સુખદ કે દુઃખદ સંવેદનાને સમતાભાવે સહન કરવાની પ્રેક્ટિસ કરી છે, સતત એ સાધના કરી છે, તેમાં પ્રાયઃ આ ક્ષમતા પ્રાપ્ત થતી જાય છે. પણ જેણે આવી કોઈ સાધના જ નથી કરીને ભૂખ-તરસ સહન ન થતાં પોતે સમતા ગુમાવી દે છે તે આર્તધ્યાનમાં ડૂબી શકે છે. સંલેખના વ્રત સ્વીકારતાં પહેલાં એની હકારાત્મક ને નકારાત્મક બંને બાજુને બરાબર જાણી લઈ દૃઢ મનોબળ સાથે જ ઝંપલાવવું જોઈએ.

શ્રી ગૌતમ સ્વામીના આગલા ભવની એક વાત યાદ આવે છે. વર્ષો પહેલાં વાંચેલું એટલે ત્રીજા-ચોથા કે પાંચમા કયા ભવની વાત છે તે યાદ નથી. પરંતુ તે ભવમાં ગૌતમસ્વામીનો જીવ વ્રતધારી શ્રાવક હતા. છેલ્લે પોતાના કલ્યાણ મિત્રને સાથે રાખીને અણસણ વ્રત ગ્રહણ કરે

છે. બહુ સુંદર રીતે અણસણ વ્રતનું આરાધન કરતાં, એક દિવસ એમને એટલી બધી પાણીની તરસ લાગે છે કે સહન થઈ શકતી નથી. તેમના મિત્રને ખૂબ જ વિનંતી કરે છે કે મને જરા પાણી આપી દે પરંતુ જેણે સાક્ષી તરીકે રહીને ચારેય આહારના યાવત્‌જીવ પચ્ચખાણ કરાવ્યા છે, તે એમને પાણી કેવી રીતે આપે ? તરસ સહન કરવાની અસહ્ય થતાં, ને વારંવાર પાણીની માગણી કરવા છતાં પાણી ન મળવાથી, એમના મનમાં એવા ભાવ પેદા થાય છે કે ''મારા કરતાં તો પાણીનું (દરિયાનું) માછલું સારું કે જેને પાણી માટે તડપવું પડતું નથી'' આ આર્તધ્યાનમાં શ્રી ગૌતમસ્વામીનો જીવ તિર્યંચગતિનું આયુષ્ય બાંધે છે ને મૃત્યુ પામી દરિયામાં માછલા તરીકે ઉત્પન્ન થાય છે. કદાચ આવા ૫-૧૦ દાખલા બન્યા હોય ને એટલે પણ કદાચ શ્વેતાંબર દેરાવાસી પંથમાંથી સંલેખના વ્રત નામશેષ બન્યું હોય એવું પણ બને પણ સ્થાનકવાસી પંથમાં તો હજી પણ એટલા જ ઉત્સાહથી સંથારાની પ્રથા પ્રચલિત છે.

ખરેખર જેને આત્મસાધના જ કરવી છે, આ શરીર રૂપી સાધન દ્વારા સાધી જ લેવું છે, જેને મહારોગ, આતંક, કષ્ટ આવવા છતાં પણ સમતા રસમાં જ ઝીલાવું છે... જેને જીવન કરતાં પણ મોતને ઉજ્વળ બનાવવું છે, જેણે વિપશ્યના સાધના દ્વારા ગમે તેવા દુઃખદર્દ સમતાથી સહન કરવાની પ્રેક્ટિસ પાડી છે, જેને મૃત્યુ હવે નિશ્ચિત દેખાઈ રહ્યું છે, અને અંતરંગ ધર્મઆરાધના બિલકુલ થઈ શકે તેમ નથી, જેનું લોખંડી મન છે. કૃત નિશ્ચય છે, તેને માટે અણસણ વ્રત જેવું કોઈ વ્રત નથી... સંલેખના તપ જેવું કોઈ તપ નથી.

**ધન ધન્નો શાલિભદ્ર, ખંધો મેઘ કુમાર...**
**અણસણ આરાધી, પામ્યા ભવનો પાર...**
**શિવ મંદિર જાશે, કરી એક અવતાર...**
**આરાધન કેરો એ નવમો અધિકાર...**

**સ.૨૯૯ સંલેખના વ્રત લેવું જોઈએ કે નહિ ?**

**જ.૨૯૯** જન્મ લેનારનું જીવન ત્યારે જ સાર્થક કહેવાય જ્યારે મૃત્યુ મહોત્સવ બને. પરંતુ એ માટે સમાધિ જોઈએ. સમાધિ જીવનમાં કરાતી સાધના દ્વારા મળે છે. તેથી જીવનને સાધના-આરાધના-ઉપાસનામય બનાવવું જોઈએ.

શું કુબેરો, શું સિકંદર, ગર્વ સહુના તૂટશે.
હો ગમે તેવો ખજાનો બે જ દિનમાં ખૂટશે.

કાળની કરડી નજરથી કોઈ બચવાનું નથી
આજે ફૂટ્યો છે પ્યાલો, કાલે કૂંજો ફૂટશે.

છેલ્લા ઘણાં વર્ષોથી હું જોઉં છું કે મોટા ભાગના સ્નેહીજનોના મૃત્યુ હોસ્પિટલમાં જ થતા હોય છે. તેમાંય ઘણા પેશન્ટ તો ૮-૧૦ દિવસથી કે મહિના મહિનાથી વેન્ટીલેટર પર હોય છે. ફૂડપાઈપથી ખોરાક અપાતો હોય છે. આ જોઈને મને થાય કે આવું જીવન ચાર દિવસ વધારે જીવ્યા તોય શું ? ને ના જીવ્યા તોય શું ? એમાંય આ પૈસાપ્રધાન યુગમાં પૈસાના એવા લાલચુ ડૉક્ટરો પણ જોયા છે કે માણસ મૃત્યુ પામ્યા પછીએ વેન્ટીલેટર પર ૨-૪ દિવસ શ્વાસોશ્વાસ બતાવે છે... રૂમમાં કોઈને જવા દેતા નથી, કહે છે કે પેશન્ટને ઈન્ફેક્શન લાગી જશે... ને પૂરેપૂરા પૈસા પડાવ્યા પછી જ પેશન્ટને છોડે છે. આવા માનવતાહીન યુગમાં આપણે જીવી રહ્યા છીએ. પેશન્ટના જતા સુધીમાં તો એના ઘર પરિવારના સભ્યો સમયથી ને પૈસાથી બરબાદ થઈ જાય ને ડૉક્ટરોના, હૉસ્પિટલોના, પેથોલોજિસ્ટના ને એક્સ-રેવાળાના ખિસ્સા ભરાઈ છે. માટે દરેક વ્યક્તિએ સ્વસ્થતાથી વિચાર કરવો જોઈએ કે... 'મારી પાંચમની છઠ કરવાને કોઈ સમર્થ નથી. અને મારી પરિસ્થિતિ કદાચ એવી થાય કે હું બોલી પણ ન શકું, બેભાન થઈ જાઉં કે કોમામાં ચાલ્યો જોઉં એની પહેલા જ પરિવારના સભ્યોને ચેતવી દઉં કે મને ફૂડપાઈપ પર કે વેન્ટીલેટર પર જીવવું નથી. કારણ કે એ પરિસ્થિતિમાં હું કોઈ ધર્મ કરી શકીશ નહીં. મેં ઘણી જિંદગી જીવી લીધી છે, એટલે મારી કોઈ ભૌતિક ઈચ્છાઓ બાકી નથી. તો શા માટે મેં જેટલું ઉજ્જવળ જીવન જીવ્યું છે એટલું જ ઉજ્જવળ મોત ન મરું ? શા માટે હું આજથી જ વિપશ્યના સાધના દ્વારા સમતામાં રહેવાની ને સમાધિમાં રહેવાની પ્રેક્ટિસ શરૂ ન કરું ? જેથી શારીરિક તકલીફ વખતે સમતામાં રહી શકું... ને મૃત્યુ સમયે સમાધિ પ્રાપ્ત કરી શકું. મારા જીવનને આજથી જ સાધના-ઉપાસનામય બનાવીને સહર્ષ મૃત્યુનો સ્વીકાર કરું. મારે હૉસ્પિટલની ચાર દિવાલો વચ્ચે ગોંધાઈને, નળીઓમાં વિંટળાઈને જવું નથી... મારે તો ઘરના પવિત્ર ધર્મમય વાતાવરણમાં સ્વાધ્યાય-ધ્યાન અને કાયોત્સર્ગમાં લીન થઈને મૃત્યુને મહોત્સવ બનાવવો છે.' જો આવી આવી ભાવનાઓથી મન મક્કમ થતું હોય, શરીર પણ જર્જરિત થઈ ગયું હોય, જેનાથી હવે જરા પણ ધર્મ સાધી શકાય એવું લાગતું ન હોય, ને મૃત્યુ નિશ્ચિત બનીને સામે આવીને ઉભું હોય તો મને લાગે

છે કે સંલેખના વ્રત ઉચ્ચરીને મૃત્યુને સાર્થક બનાવવું જોઈએ. જો મનની મક્કમતા હોય તો પોતાના સગા-સ્નેહી-પરિવારજનોને પણ કહી રાખવું જોઈએ કે 'અચાનક એવી કોઈ પરિસ્થિતિ ઉભી થાય તો, સમાજમાં લોકો શું કહેશે ? એવી સમાજની ચિંતા કર્યા વગર, પેશન્ટના આંતરિક ભાવોને મહત્ત્વ આપીને એની ઈચ્છા મુજબ કરવું જોઈએ.' સંલેખના વ્રત લેવું કે નહિ... એ દરેકની વ્યક્તિગત ક્ષમતા ને ભાવનાને મનની મક્કમતા પર અવલંબે છે, એમાં કોઈ આગ્રહ કે દુરાગ્રહ હોઈ શકે નહિ... હું તો ફક્ત એટલું જ કહીશ કે જો મોત પછી આ શરીર સળગી જવાનું હોય તો પછી આ શરીર મારફત આત્મહિત શા માટે સાધી ન લેવું ? મૃત્યુને ભેટવું છે તો, હસતા હસતા, રંજ ને રોષ રાખ્યા વિના, અંતરના ઉમળકાથી સ્વાગતભેર શુભ ધ્યાન ધરતા ધરતા પ્રભુ નામસ્મરણ કરતા કરતા...

**સ.૩૦૦ ચેતન સમાધિ ઈચ્છતું હોય પણ અંત સમય દુઃખ પારાવાર હોય, ત્યારે આવા વિચાર આવવા દુર્લભ હોય અથવા તો આયુષ્ય કર્મ બંધાઈ ગયું હોય ને તેવી લેશ્યા આત્માને લેવા આવે તો શક્ય છે કે જીવ સંલેખના કરી શકે ?**

**જ.૩૦૦** લેશ્યા મૃત્યુંના ૪૮ મિનિટ પહેલાં જ આવે. લેશ્યા એટલે આત્માના એક પ્રકારના શુભ કે અશુભ પરિણામ. કર્મ લેશ્યા એટલા માટે કહે છે કે તે કર્મની સ્થિતિ ઉત્પન્ન કરે છે, ત્યારે પછીના ભવની લેશ્યા પરિણમવા લાગે છે. આથી કરીને જીવના મરણ સમયે આગામી ભવની લેશ્યા અંતર્મુહૂર્ત જેટલો સમય અવશ્ય હોય છે. તથા જીવના ઉત્પત્તિ સમયે આગલા ભવની લેશ્યા પણ અંતર્મુહૂર્ત અવશ્ય હોય છે. લેશ્યાઓની રચના એવી હોય છે કે તે જે ગતિમાં જવાનું હોય તેવા આકારમાં મૃત્યુના સમય પહેલા જ પરિણિત થાય છે. અને આપણે સંલેખના વ્રતનો વિચાર અંતસમયે નથી કરવાનો. હમણા જ આ ઘડીએ જ કરી લેવાનો છે. ને એ પ્રમાણે ઘરનાને કે નજદીકના ને જણાવી દેવાનું કે મારી ઈચ્છા આ પ્રમાણે છે કે જ્યારે ડૉક્ટર્સ પણ છૂટી જાય કે હવે બચવાની કોઈ આશા નથી.... છતાં વેન્ટીલેટર પર મૂકીને ચાન્સ લઈએ. તો મારે એવો કોઈ ચાન્સ લેવો નથી. આવા સમયે મને સંલેખના વ્રત ઉચરાવજો. ને મારા મૃત્યુને મહોત્સવ બનાવજો. પણ આ બધી વાત કોના માટે છે કે જેણે જીંદગીને જીવી લીધી છે. કોઈ ઈચ્છાઓ, આકાંક્ષાઓ બાકી રહી નથી... જે સહર્ષ મોતને ભેટવા તૈયાર છે તેને માટે આ સંલેખના વ્રત છે. પાછું એવું પણ નથી કે સંલેખના વ્રત નહિ

લીધું હોય તો અંતસમય-૪૮ મિનિટનું દુઃખ ઓછું થઈ જશે ને સંલેખના વ્રત લીધું હશે તો આ દુઃખ વધી જશે... એના બદલે એમ વિચારો કે અગર મેં સંલેખના વ્રત લીધું હશે ને છેલ્લા સમયમાં મારો આયુષ્યનો બંધ પડશે તો મારો જીવ સદ્‌ગતિ પામશે.

**સ.૩૦૧ પ્રભુએ બતાવેલા દસ અધિકારમાં સંલેખના છે જ. માટે કરવું જોઈએ. આપણે બાળજીવો છીએ તો તે વખતે આવા વિચાર કે આવા વ્રત અમલમાં મુકવા જીવ શું કરે ?**

**જ.૩૦૧** પહેલી વાત તો એ કે જીવે પોતાના આત્મા પર અતૂટ શ્રધ્ધા રાખવી જોઈએ. આત્મામા અનંત શક્તિ છે તે વિસરાવું જોઈએ નહીં. તમે કહેશો કે વિજ્ઞાને બહુ પ્રગતિ કરી... પ્લેન બનાવ્યા, યાન બનાવ્યા, છેક મંગળ સુધી પહોંચ્યા... પણ કદીએ વિચાર કર્યો છે કે એ વૈજ્ઞાનિકોમાં શક્તિ કોની હતી ? તેની અંદર રહેલા આત્માની... આત્મા ચાલ્યો ગયો હોય એવો નિર્જીવ વૈજ્ઞાનિક કાંઈ કરી શકવાનો છે ? તો દરેકના આત્મામાં આવી અગાધ શક્તિ પડેલી જ છે. જરૂર છે ફક્ત દૃઢ સંકલ્પની. જો એક વખત દૃઢ સંકલ્પ થઈ ગયો કે મારે સંલેખના વ્રત કરવું જ છે તો આત્માની બધી જ શક્તિ તે તરફ વહેવા માંડે છે. એવું જરૂરી નથી કે તમે પહેલાં અઠ્ઠાઈ કે માસક્ષમણ કર્યું હોય તો જ સંલેખના કરી શકો. જેણે કોઈ દિવસ એક ઉપવાસ કે એકાસણું પણ ન કર્યું હોય એવા લોકો આરામથી માસક્ષમણ કરતા જોયા છે. એવી જ રીતે જેણે જીંદગીમાં ક્યારેય મોટા તપ કર્યા ન હોય એવા વ્યક્તિ સંલેખના વ્રત હસતા મુખે, ખૂબ આનંદથી કરતા હોય છે. કારણ ? દૃઢ સંકલ્પ. ફક્ત મન મક્કમ થવું જોઈએ કે ‘‘મેં જીંદગીને જીવી લીધી છે. મને ભૌતિક આશાઓ કાંઈ છે નહીં ને કોઈની ચિંતા રાખીને મને કોઈ ફાયદો નથી. મારા નિમિત્તે હું કોઈને પણ તકલીફ આપવા ઈચ્છા તો નથી. પછી ભલે તે દિકરો હોય, દિકરી હોય કે વહુ હોય કે લાઈફ પાર્ટનર હોય, ગુરુ હોય કે શિષ્ય હોય. હે અંતરઆત્મા - તું જ પરમાત્મા છે... તારી અનંત શક્તિમાં મને વિશ્વાસ છે, તારી એવી શક્તિ પ્રગટ કર કે હું યોગ્ય સમયે, સમતા ધારણ કરી સંલેખનાની આરાધના કરી શકું. અંત સમયે, અતિશય દુઃખદર્દ હોય કે ન પણ હોય... પણ તે સહન કરવાની મને શક્તિ મળે. સંલેખના વ્રત ન લીધું હોય એવા ઘણાયને તડપતા ને રીબાતા મરતા જોયા છે ને સંલેખના વ્રત સાથે ખૂબ જ ખુમારીથી ને શાંતિથી દેહત્યાગ કરતા જોયા છે. માટે એવું કાંઈ મગજમાં વિચારી લેવાની જરૂર નથી કે આ પંચમકાળમાં આપણે બાળજીવો ન કરી શકીએ. દૃઢ સંકલ્પ હોય તો બધું જ શક્ય છે.’’

મૃત્યુનો તો કોઈ ભરોસો નથી કે ક્યારે આવે. જો અચાનક હૃદય બંધ પડી ગયું કે એક્સીડેન્ટ થઈ ગયો ને મૃત્યુ થયું તો અપણે ક્યાં સંલેખના વ્રત ઉચ્ચરવા જવાના હતા. પણ જો સંલેખનાની ભાવના પણ ભાવી હશે તો તેનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય. તમારો સવાલ છે કે આવા વ્રત અમલમાં મૂકવા જીવ શું કરે ? તો આવા વ્રત અમલમાં મૂકવા માટે જીવે સુખ-દુ:ખ સમતા ભાવે સહન કરવાની પ્રેક્ટીસ કરવી જોઈએ. જે વિપશ્યના ધ્યાન સાધના દરરોજ કરતા હશે તેમને એ પ્રેક્ટીસ થઈ જ ગઈ હશે કે ઉદયમાં આવેલા કર્મને સમતાપૂર્વક કેમ નિર્જરવા. કેવી રીતે આવેલ દુ:ખદર્દને સમતાથી વેદવા અને ‘Practice makes Man Perfect‘ એ ન્યાયે દરરોજ ઓછામાં ઓછી ૧ કલાક વિપશ્યના સાધના કરવી. જેથી જુના કર્મો નિર્જરશે. ને આવેલ દુ:ખદર્દને સમતા ભાવે સહન કરી શકશો. કંઈક મેળવવા માટે આખા જીવનની સાધના જોઈએ. દૃઢ સંકલ્પ જોઈએ. પુરૂષાર્થ વગર તો કાંઈ પામી શકાતું નથી. જો મેં આખી જીંદગી પાણી જ વલોવ્યું હોય તો છેલ્લે માખણની આશા કેવી રીતે રાખી શકું ? ? ? માટે હે જીવ આ ક્ષણથી જ જાગી જા. દૃઢ સંકલ્પ કર અને સાધના ચાલુ કર. સંલેખનાની શરૂઆત એક એક ઉપવાસના પચ્ચખાણથી પણ કરી શકાય. ચાર-પાંચ ઉપવાસ થતાં મનોબળ દૃઢ થતાં સંલેખના વ્રત ગ્રહણ કરી શકાય. શરૂઆતમાં પાણીની છૂટ રાખીને એટલે કે તિવિહાર ઉપવાસથી શરૂ કરીને પછી ચોવિહાર પર જઈ શકાય. ટૂંકમાં એટલું કહીશ કે તમારા આત્માની શક્તિને બિલકુલ ઓછી આંકશો નહીં. ધારણા મજબુત હશે તો કાંઈજ અશક્ય નથી. મન:સ્થિતિ શાંત ન હોય તો સંલેખના કેવી રીતે પામે ? જુઓ ઈચ્છાઓને અપેક્ષાઓ મનની સ્થિતિને ડામાડોળ કરે છે. જ્યારે સંલેખના માટે દૃઢ મનોબળ કરો છો ત્યારે આશા ને ઇચ્છા-અપેક્ષાઓને છોડો છો. તેથી કરીને મનની સ્થિતિ શાંત બને છે. લોખંડી મન વગર સંલેખના આરાધી શકાતું નથી. તે માટે માનસિક તૈયારી ને સાધના ખૂબ જરૂરી છે.

**સ. ૩૦૨ અમુક મત પંથ સંપ્રદાય પ્રત્યે શ્રદ્ધા રાખવાથી સમ્યકદર્શન પ્રાપ્ત થઈ જાય ?**

જ. ૩૦૨ વૃત્તિના પરિવર્તન વિનાની, પ્રવૃત્તિની ફેરબદલીનું એટલે કે સમ્યક્ દર્શનના સાથ વિનાના ચારિત્રનું બહુ મૂલ્ય જ્ઞાનીઓએ આંકયું નથી. સમ્યક્ દર્શન એ ચારિત્રનો પાયો છે. મુક્તિનું એ બીજ છે. એ કોઈ અમુક મત, પંથ, સંપ્રદાય કે ધાર્મિક જૂથમાં જોડાવાથી પ્રાપ્ત થઈ જતી ચીજ નથી. અથવા તો જે સંપ્રદાયમાં વ્યક્તિ જન્મી છે તે સંપ્રદાયના સાધુ સંતો સિવાય અન્ય સાધુ સંતોને સન્માન-સત્કાર-સમાગમ ન

કરવાના શપથ લેનારને સમ્યક્ દર્શન પ્રાપ્ત થઈ જતું નથી. ''પારમાર્થિક સમ્યક્ દર્શન - જેનાથી ભવભ્રમણ'' સીમિત થઈ જાય છે તે શું છે ? તે જાણવા માટે આત્માર્થીએ સારાસારના વિવેક વિનાની અમુક મત, પંથ, સંપ્રદાય કે વ્યક્તિ પ્રત્યેની અંધશ્રદ્ધા અને સમ્યક્ શ્રદ્ધાનો ભેદ પારખવો પડે. સમ્યક્ શ્રદ્ધા અને સમ્યક્ દર્શનની વચ્ચે અમાપ અંતર છે. શ્રદ્ધા આપ્તજનના વચનના આધારે પાંગરી શકે, પણ દર્શન તો પોતાની સગી આંખે જોયા વિના કેમ સંભવે ?

**સ. ૩૦૩ શું છે સમ્યક્ દર્શન ?**

જ. ૩૦૩ નિરાશંઝ ભાવે જીનાજ્ઞા આરાધવાની રુચિ હોય, વિતરાગે ચીંધેલ મોક્ષમાર્ગમાં ને સદાચારમાં ઉપાદેય બુદ્ધિ હોય, આત્મજ્ઞાની નિર્ગ્રંથ ગુરૂઓનું માર્ગદર્શન હોય, ને આત્મવિશુદ્ધિ કાજે વિતરાગનું આલંબન સ્વીકારીને યથાશક્તિ પ્રયત્ન કરતો હોય ત્યાં સમ્યક્ શ્રદ્ધા પાંગરે છે. એ રીતે ક્રમશઃ આંતરિક નિર્મળતા વધતાં, વિષય-કષાયનો વેગ મંદ પડે છે, ખોટા અભિનિવેશો અને કદાગ્રહો છૂટી જાય છે.નિરાગ્રહ વૃત્તિ અને ગુણગ્રાહી મધ્યસ્થ બુદ્ધિનો ઉદય થાય છે. પોતાના શુદ્ધ સ્વરૂપ તરફ સાધકની દૃષ્ટિ જાય છે અને તેને ભાન થાય છે કે હર્ષ-શોક, સુખ-દુઃખ, રાગ-દ્વેષ અને વિકલ્પ માત્રથી અલગ નિર્વિકલ્પ શુદ્ધ જ્ઞાન અને આનંદ એ જ પોતાનું સ્વરૂપ છે. એ બૌધિક ભાન યોગ્ય સાધના દ્વારા જ્યારે અનુભૂતિમાં પરિણામે છે ત્યારે સમ્યક્ દર્શન પ્રાપ્ત થાય છે. સમ્યક્ દર્શન જાત અનુભવમાંથી જ જન્મતી, સ્વ-પરના ભેદની પ્રતીતિ છે. જેની ઉપલબ્ધિ થતાં અચાનક એક નવું જ જગત દૃષ્ટિ સમક્ષ છતું થાય છે. પહેલાંના બધાં જ મૂલ્યાંકનો બદલાય જાય છે. અને વિશ્વના સર્વ જીવો પ્રત્યે અંતરમાં આત્મિયતાનો ભાવ ઉદય પામે છે. આપણા મને ઊભી કરેલી કુટુંબ-ગામ-દેશ-નાત-જાત-મત-પંથ-સંપ્રદાયની દિવાલો તૂટી જાય છે. પરસ્પર વાત્સલ્ય, પ્રેમ, સૌજન્ય, સહાનુભૂતિ, મૈત્રી, ઉદારતા અને સહિષ્ણુતાનું વાતાવરણ સ્વયં સર્જાય છે. આ સ્વયં અનુભવ, આત્માનો અનુભવ, નિજ સ્વરૂપનું અનુભવ દર્શન એ જ છે સમ્યક્ દર્શન.

નિજ અનુભવ લવલેશથી, કઠિણ કર્મ હોય નાશ,
અલ્પભવે ભવિ તે લહે, અવિચલ પૂરકો વાસ.
- ચિદાનંદજી મહારાજ સ્વરોદયજ્ઞાન દુહો - ૫૩

ઉપર્યુક્ત ઉદ્ગારમાં એક વાત તરી આવે છે કે નિજ સ્વરૂપનો 'અનુભવ'

(સમ્યક્ દર્શન) ભવભ્રમણને અત્યંત ટૂંકાવી દે છે. એનું રહસ્ય એ છે કે **'અનુભવ' દ્વારા એક પલકારામાં આત્માનું પ્રત્યક્ષ જ્ઞાન મળે છે. નિજની એ અનુભૂતિ વ્યક્તિની જીવનદૃષ્ટિમાં જબરજસ્ત ક્રાંતિ લાવે છે. શ્રુત-શ્રવણ-વાંચન વગેરેથી પ્રાપ્ત થતું બૌધિક સ્તરનું જ્ઞાન આવી ધરમૂળની ક્રાંતિ સર્જી શકતું નથી.**

શ્રુત દ્વારા સ્વરૂપનો બોધ થતાં અને તેના વડે ચિત્ત ભાવિત થતાં, ક્રમશઃ મોહની પક્કડ ઢીલી પડતી જાય છે. પણ આપણને અનાદિકાળથી વિષયોમાં જ રસ છે, વિષયોમાં જ સુખ છે તે ભ્રમ છે. આ ફક્ત શ્રુતથી ટળતું નથી. આ ભ્રમ, અનુભવથી ખસે છે. અનુભવ દ્વારા નિજના નિરુપાધિક આનંદનો આસ્વાદ મળતા વિષયો-ઈન્દ્રિયોના ભોગો-યથાર્થપણે નીરસ લાગે છે. એટલું જ નહિ સર્વ પુદ્ગલ ખેલ ઈન્દ્રજાળની જેવો સમજાય છે તેથી સમ્યક્દર્શીને મન જગતના બનાવોનું મહત્ત્વ સ્વપ્નના બનાવોથી કંઈ અધિક રહેતું નથી. આમ આત્માનુભવ જીવન પ્રત્યેનો સમગ્ર દૃષ્ટિકોણ જ પલટી નાખે છે.

બૌધિક પ્રતિતિ વિચારમાંથી જન્મે છે. પણ વિચાર પોતે જ અવિદ્યા પર નિર્ભર છે. તેથી આત્મસ્વરૂપની નિર્ભ્રાંત પ્રતીતિ વિચારથી મળતી નથી. એ પ્રતીતિ વિચાર શાંત થાય ત્યારે જ મળે છે. મનની ઉપશાંત અવસ્થા, કે તેનો નાશ એ ઉન્મની અવસ્થા છે. એ અવસ્થામાં અનુભવ મળે છે માટે આત્મજ્ઞાનની - સમ્યક્દર્શનની પ્રાપ્તિ ઈચ્છતા મનુષ્યે પ્રથમ ચંચળ ચિત્તને પોતાની ઈચ્છાનુસાર પ્રવર્તવાનું સામર્થ્ય મેળવવું પડશે. પછી એકાગ્ર બનેલ એ ચિત્તને આત્મવિચારમાં જોડી એનો નાશ કરવો જોઈએ. મોહનાશનો આ અમોઘ ઉપાય છે.

ચિદાનંદજી મહારાજે અનુભવની ઓળખાણ આપતા કહ્યું છે કે

આપે આપ વિચારતા, મન પામે વિસરામ
રસાસ્વાદ સુખ ઉપજે, અનુભવ તાકો નામ
આતમ અનુભવ નીરસે, મીટે મોહ અંધાર
આપ રૂપમેં ઝલહલે, નહિ તસ અંત અપાર,

અધ્યાત્મભાવની નિજના જ શુદ્ધ આત્મસ્વરૂપમાં જ ઉપયોગ રાખતા કોઈ ધન્યપળે મન શાંત થઈ જાય છે અને ધ્યાતા-ધ્યેયની સાથે તદાકાર બની, શુદ્ધ આત્મસ્વરૂપમાં ખોવાઈ જઈ, પોતાના યથાર્થ સ્વરૂપનું અને આંતર વૈભવનું 'દર્શન' પ્રાપ્ત કરે છે. પોતાના અલૌકિક, શાશ્વત આનંદસ્વરૂપની આ અનુભૂતિથી મોહ અંધકાર .... જવાથી ધ્યાતાને

તત્કાલ આત્મજ્ઞાનનો પ્રકાશ લાધે છે. આ .... ઘટનાને શાસ્ત્રની ભાષામાં 'આત્મજ્ઞાન', 'અનુભવ', કે 'સમ્યક્દર્શન' કહે છે.

**સ. ૩૦૪ સમ્યક્ દર્શન પામેલી વ્યક્તિ દેહ અને આત્માને કઈ રીતે અનુભવે છે ?**

**જ. ૩૦૪** સૂર્યોદય થાય એ પહેલા જેમ અરૂણોદય આવીને રાત્રિનો અંધકાર હટાવી દે છે, તેમ કેવળજ્ઞાનનો સૂર્ય પ્રકાશે એની પહેલા અનુભવ (સમ્યક્દર્શન) આવીને મોહનો અંધકાર ઉલેચી નાખે છે. જેમ સવારમાં પ્રકાશ આવીને આખી રાતની આપણી ઉંઘ કે સંપનાનો એક પળમાં અંત લાવી દે છે તેમ અનુભવનું આગમન દેહ અને કર્મકૃત વ્યક્તિત્વ સાથેના આપણા અનાદિના તાદાત્મયને એક ક્ષણમાં ચીરી નાખે છે. આ 'દેહ' અને એમાં વસતો 'હું' બંને ભલે એકરૂપ ભાસે પણ વાસ્તવમાં બંને તદ્દન અલગ છે. અનુભવના પ્રકાશમાં આ હકીકત માત્ર બૌધિક સમજ ન રહેતા, જીવંત સત્ય બની જાય છે. પહેરેલ કપડા પોતાની જુદા છે એ ભાન દરેક માનવીને જેટલું સ્પષ્ટ છે, તેટલી જ સ્પષ્ટતાથી સમ્યક્દર્શન પામેલી વ્યક્તિ દેહને પોતાનાથી અલગ અનુભવે છે.

**સ. ૩૦૫ સ્વાનુભૂતિની દશા વાણી દ્વારા સમજાવી શકાય ?**

**જ. ૩૦૫** જેને પ્રત્યક્ષ અનુભવ થયો નથી કે અણસાર પણ મળ્યો નથી તેમને સ્વઅનુભૂતિની દશા વાણી દ્વારા સમજાવવી મુશ્કેલ છે. જન્માંધને વાણીથી રંગોનો ભેદ કેવી રીતે સમજાવવો ? કે જેણે કદી ઘી કે માખણ ચાખ્યા જ નથી, એને ઘીના સ્વાદનો ખ્યાલ આપવા શું કહેવું ? અનુભવની અવસ્થાનો પ્રયાસ કરતા અનુભવીઓને આ જ મુંઝવણ રહે છે, જે સ્થિતિ વાચાથી પર છે તેને વાણી દ્વારા શી રીતે વ્યક્ત કરવી? તેથી અનુભવ વિષયક કોઈ પણ નિરૂપણ અઘરૂં લાગે એ સ્વાભાવિક છે. જ્ઞાનીઓએ અનુભવને 'તુર્યા' એટલે કે ચોથી અવસ્થા કહી છે. ત્રણ અવસ્થા છે; જાગૃત અવસ્થા, ગાઢનિદ્રા અવસ્થા અને સ્વપ્ન અવસ્થા. 'અનુભવ'ની આ ચોથી અવસ્થા એ ત્રણેથી જુદી છે અને પોતાનું આગવું વ્યક્તિત્વ છે. તુર્યાના આ અનુભવ વખતે બાહ્ય જગતનું ભાન ન હોવા છતા સાવધાની, જાગૃતિ પૂર્ણ હોય છે અને પોતાનું આનંદપૂર્ણ અસ્તિત્વ સત્તા પ્રબળતાથી અનુભવાય છે. એક સંતે આ અવસ્થાની ઓળખાણ આ રીતે આપી છે. ''જાગૃતિમાંની ગાઢ નિદ્રા. એટલે કે ઈન્દ્રિયો, મન બુદ્ધિ, અહંકાર બધું નિદ્રાધિન હોય છે અને દેહમાં પરમેશ્વર જાગે છે.''

**સ. ૩૦૬ શું આ સમ્યકદર્શનનો અનુભવ ઓચિંતો જ આવે છે ?**

**જ. ૩૦૬** હા, આ અનુભવ આવે છે ત્યારે ઓચિંતો જ આવે છે. અચાનક જ ચિત્ત વિચાર તરંગોરહિત શાંત થઈ જાય છે. દેહનું ભાન જતું રહે છે અને આત્મપ્રકાશ ઝળહળી ઉઠે છે જેમકે અંધારી મેઘલી રાતે તદ્દન અજાણ્યા સ્થળે ઉભા રહેલાને અચાનક ત્રાટકતી વીજળીના ઝબકારામાં પોતાની આજુબાજુનું દૃશ્ય દેખાઈ જાય છે. તેમ આ અનુભવથી સાધકને એક પલકારામાં આત્માના નિશ્ચય શુદ્ધ સ્વરૂપનું 'દર્શન' લાધે છે. પોતાનું અકલ, અબધ્ધ, શાશ્વત શુદ્ધ સ્વરૂપ અનુભવાય છે. એની પ્રતીતિ મળે છે. શ્રુતની જેમ અહીં ક્રમે ક્રમે જ્ઞાનની વૃદ્ધિ નથી થતી પરંતુ ક્ષણવારમાં જ પૂર્વમાં અજ્ઞાનનું સ્થાન આત્માનું નિભ્રાંત જ્ઞાન લે છે. વર્ષોના શાસ્ત્રઅધ્યયનથી પ્રાપ્ત થાય એથી અધિક, સ્પષ્ટ, નિશ્ચિત અને ઊંડાણવાળું જ્ઞાન આ થોડી ક્ષણોમાં જ મળી જાય છે.

**સ. ૩૦૭ સમ્યક્દર્શનના અનુભવનું જરા વર્ણન કરો.**

**જ. ૩૦૭** આ અનુભવ અત્યંત સુખદ હોય છે. એ વખતે વચનાતીત શાંતિ લાધે છે. પરંતુ એકલી શાંતિ કે આનંદના અનુભવને સ્વાનુભૂતિનું લક્ષણ ના કહી શકાય. ચિત્ત કંઈક સ્થિર થાય ત્યારે પણ શાંતિ અને આનંદ તો અનુભવાય છે. પરંતુ અહીં જ્ઞાતા અને જ્ઞેયનો ભેદ રહેતો નથી. ધ્યાતા-ધ્યેય સાથે એકાકાર બની રહે છે. પરમાત્મ તત્ત્વ સાથે ઐક્ય અનુભવાય છે. આનંદ વચનાતીત હોય છે. વીજળીના ઝબકારાની જેમ એકાએક ત્રાટકતો જ્ઞાનપ્રકાશ રેલાય છે અને સાધકને વિશ્વનું રહસ્ય પોતાની સમક્ષ ખુલ્લું થઈ ગયેલું લાગે છે અને તેને એ જ્ઞાન, વિશ્વાસ અને નિશ્ચય થઈ જાય છે કે ભવિષ્ય અંધકારમય નથી. પરંતુ ઉજ્જવળ છે. એ વિશ્વાસ સાથે મૃત્યુનો ભય પણ નાશ પામે છે. મૃત્યુથી પર પોતાનું શાશ્વત અસ્તિત્વ છે એની એને પ્રતીતિ મળે છે. અને એના અંતરમાં સમસ્ત વિશ્વને આલિંગતો પ્રેમ ઉમટે છે. જેણે આ દશા અનુભવી છે, તે બધા જ એમ કહે છે કે પોતે જે અનુભવ્યું, તેને વાણીમાં વ્યક્ત કરવા પોતે અસમર્થ છે. શબ્દ દ્વારા 'અનુભવ' વિષે આપણે જે જાણી શકીએ છીએ તે. 'અનુભવ'નું આપણા મને દોરેલું ચિત્ર છે. અનુભવ વખતે તો જ્ઞાતા-જ્ઞેયનો ભેદ કરનારૂં મન 'ઊંઘી ગયું' હોય છે અને આત્મા જ્ઞેયની સાથે તદાકાર હોય છે. પછીથી મન જાગૃત થાય છે ત્યારે અનુભવ વખતે જે બન્યું એની નોંધ લેવા તે પ્રયાસ કરે છે. જેમાં તે ભાગ્યે જ સફળ થાય છે. અનુભવ શું છે એની કંઈક વધુ સ્પષ્ટ કલ્પના વાચકને આવી શકે તે માટે મહાનુભવોના ઉદ્‌ગારો એમના જ શબ્દોમાં

અહીં ટાંકુ છું.

ડૉ. રાધાકૃષ્ણના શબ્દોમાં :-

એ દર્શનની નિરવધિ આનંદ આવે છે. જેને બુદ્ધિ પહોંચી ન શકે એવું જ્ઞાન આવે છે. ખુદ જીવનના કરતાંય તીવ્રતર એવું સંવેદન થાય છે ને અપાર શાંતિનો અનુભવ થાય છે. એ શાશ્વત તેજના સ્મરણની અસર કાયમ રહી જાય છે અને એવો અનુભવ ફરી મેળવવાને મન ઝંખે છે.

એક અધ્યાત્મ યોગીનો અનુભવ :-

ખરેખર એ મારા જીવનની નવજાગૃતિ હતી. મારી સમસ્ત દૃષ્ટિ બદલાઈ ગઈ. એક અંધારી બંધિયાર ઓરડીમાં મોટું બકોરૂ પડી જાય અને બહાર જોઈ શકાય તથા જઈ આવી શકાય એવું જ કાંઈક આ શરીરમાં થયું. આગળ જેની કલ્પના નહિ એવી વિરાટ ચેતના મેં મારા વ્યક્તિત્વમાં અનુભવી મારા અંતરનું કમળ જાણે સહસ્ત્રદલે વિકસિત થઈ ગયું હતું.

લગભગ પ્રારંભિક અનુભવ થોડી ક્ષણો માટેનો જ હોય છે. જાણે વીજની માફક એક ક્ષણમાં પરમાત્માના દર્શન થાય છે પણ એ થોડી પળો વ્યક્તિના માનસિક વલણમાં ક્રાંતિ આપી દે છે.

''અંશે હોય ઈહાં અવિનાશી પુદ્ગલ જાલ તમાસી'' આ ઉક્તિમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ અનુભવવાળી વ્યક્તિનું ચિત્ર આબાદ ઉપસાવે છે.

**સ. ૩૦૮ સમ્યક્દર્શન પ્રાપ્ત કરનાર વ્યક્તિની સમ્યક્દર્શન પ્રાપ્ત થયા પહેલાની ને પછીની માનસિક સ્થિતિ કેવી હોય છે ?**

જ. ૩૦૮ ભયાનક સ્વપ્નમાં ભયભીત બનેલ ઊંઘતી વ્યક્તિની માનસિક અવસ્થા અને ઊંઘમાંથી જાગી જતા હળવાશ અનુભવતી તે વ્યક્તિની માનસિક અવસ્થા વચ્ચે જેવું અંતર છે તેવું જ અંતર સમ્યક્દર્શન પ્રાપ્ત કરનાર વ્યક્તિની અનુભવ પહેલાની પછીની માનસિક સ્થિતિ વચ્ચે પડી જાય છે. ઉંઘમાંથી જાગી જનારને સ્વપ્નની સૃષ્ટિએ માત્ર માનસિક ભ્રમણા હતી. એ જ્ઞાન થઈ જાય છે અને એ થતા, એને મન સ્વપ્નના બનાવોનું કોઈ મહત્ત્વ રહેતું નથી. તેમ આત્માના જ્ઞાન-આનંદમય શાશ્વત સ્વરૂપની સ્વાનુભવ સિધ્ધ પ્રતીતિ મળતા ભવ ભ્રમણા ભાંગી જાય છે અને બાહ્ય જગત સ્વપ્નના તમાશા જેવું સાર વગરનું સમજાય છે.

રાત્રિના અંધારામાં દોરડું પડ્યું હોય તો સાપ છે એવું લાગે છે. ને ચિત્તમાં ભય જન્માવે છે. કોઈ ગમે તેટલું સમજાવે કે આ સ્થાનમાં સાપનો ભય નથી. છતાં પણ સમજાવટથી ભય જતો નથી. પણ ટોર્ચ

લાવીને એ સાપ ઉપર ધરતા જ દોરડું દેખાય છે અને ભય ગાયબ થઈ જાય છે. તેમ ઈન્દ્રિયોથી પ્રત્યક્ષ અનુભવાતા ભવભ્રમમાં થતી સત્યતાની બુદ્ધિ બહોળા શ્રુતજ્ઞાનથી પણ ખસતી નથી. પરંતુ અનુભવની નિર્મળ જ્ઞાન જ્યોતિમાં આત્માનું શુદ્ધ આનંદ સ્વરૂપ પ્રત્યક્ષ જોવા મળતા એ ભ્રમ ભાંગી જાય છે ને જાગ્રત અવસ્થામાં અનુભવાતા જગતનું સાચું મુલ્ય સમજાઈ જાય છે તથા પરમાત્મા સાથેના પોતાના અભેદ-સંબંધનું ભાન થાય છે. એટલે કે એટલો વિશ્વાસ થઈ જાય છે કે પરમાત્માની અક્ષયસત્તા-અખંડ આનંદ અને અનંત જ્ઞાન સાથે પોતાને એકતાનો સંબંધ છે. તેથી સમ્યક્‌દર્શન મેળવી ચૂકેલી વ્યક્તિના અંતરના ઊંડાણમાં પ્રતિકૂળ દેખાતા બાહ્યસંજોગોમાં પણ, પ્રસન્નતાનો એક શાંત પ્રવાહ વહેતો રહે છે. એની ચેતનાના ઉપલા થરોમાં ભલે ક્ષોભની થોડી લહેરો આવી જતી હોય, પણ આધ્યાત્મિક પથનો યાત્રિક આત્મદર્શન પછી સ્વસ્થતા ને નિશ્ચિંતતા અનુભવે છે, અને આગળનો પથ વિશ્વાસપૂર્વક કાપી શકે છે. આત્મઅનુભવ પહેલાના ભય, ગભરાટ, આશંકા, અનિશ્ચિતતા એના ચિત્તમાંથી વિદાય લે છે.''

**સ. ૩૦૯ સમ્યક્‌દર્શન પામેલી વ્યક્તિને મૃત્યુનો ભય પણ સ્પર્શતો નથી ?**

જ. ૩૦૯ અનુભવ પહેલાની દૃષ્ટિને પછીની દૃષ્ટિમાં આકાશ-પાતાળનું અંતર પડી જાય છે. પહેલાની દૃષ્ટિ અનુભવની ભૂમિકાએ ખોટી-મિથ્યા જણાય છે. અનુભવ મળતા આત્માના શાશ્વત અસ્તિત્વની એવી દૃઢ પ્રતીતિ થાય છે કે મૃત્યુનો ભય એ પછી એ વ્યક્તિને કદી સ્પર્શતો નથી. જીવનમાં પણ 'પોતે સુરક્ષિત છે' એવો માનસિક અનુભવ તે કરે છે. બાહ્ય પરિસ્થિતિ અને સંયોગોમાં ..... અનિવાર્ય પરિવર્તનથી એ વ્યક્તિ વધુ પડતી ચિંતિત .... બાહ્ય ઉણપથી કોઈ દીનતા અનુભવતી નથી કેમકે એને ..... અંતરવૈભવની પ્રતીતિ હોય છે. એ જ રીતે આત્માના નિરુપાધિ ..... નિરતિશય આનંદનો પ્રત્યક્ષ અનુભવ મળતા તેનો વિષયસુખનો ભ્રમ પણ ભાંગી જાય છે અને સ્વરૂપમાં સ્થિર થવાનું અદમ્ય આકર્ષણ જાગી ઉઠે છે એનું જીવન સ્વસ્થતા, શાંતિ અને પ્રસન્નતાથી સભર બની રહે છે. પોતાના ચૈતન્ય સ્વરૂપના દર્શન થતા એ વ્યક્તિના અંતરમાં વસુધૈવ કુટુમ્બકમ્બની ભાવનાનો ઉદય થાય છે, એનો પ્રેમ કોઈ ભેદભાવ વિના સર્વપ્રત્યે વહે છે કારણકે તે હવે સર્વમાં રહેલ ચૈતન્યને જ જુએ છે અને તેનો આદર કરે છે.

**સ. ૩૧૦ સમ્યક્‌દર્શન પામનાર દરેકનો અનુભવ સરખો હોય છે ?**

**જ. ૩૧૦** કોઈનો અનુભવ ઊંડો અને વધુ સમય સુધી રહેનારો હોય છે. તો કોઈનો ક્ષણજીવી હોય છે. આત્મઅનુભવ પ્રાપ્ત થયા પછી કોઈના બાહ્યજીવનમાં જબરૂં પરિવર્તન આવે છે. તો કોઈનું બાહ્યજીવન પહેલાની જેમ જ વહ્યે જતું દેખાય છે. અનુભવ પછી વ્યક્તિનું બાહ્યજીવન બદલાય કે ન બદલાય. પણ તેનું અંતર અવશ્ય પલટાઈ જાય છે. ક્ષણિક અનુભવ પણ એની છાપ વ્યક્તિના માનસપટ પર મૂકી જાય છે. જાણે પોતાનો નવો જ જન્મ થયો હોય એવો તફાવત વ્યક્તિ પોતાની પહેલાની અને પછીની દૃષ્ટિમાં અનુભવે છે.

**સ. ૩૧૧ સમ્યક્દર્શન ધ્યાન વખતે જ પ્રાપ્ત થાય ?**

**જ. ૩૧૧** આ સમ્યક્દર્શન ધ્યાન વખતે જ પ્રાપ્ત થાય એવું નથી. જીવનની કોઈપણ ક્ષણે કોઈપણ સ્થળે, કોઈપણ પ્રસંગે, કોઈપણ ઘડીી ચિત્ત સ્તબ્ધ થઈ જાય, દેહનું ભાન જતું રહે, અને આત્મજ્યોત ઝળહળી ઉઠે જન્માંતરની સાધનાના સંસ્કારો જાગી જતા કોઈને આ જીવનના કોઈ પ્રયત્ન કે કશી જ પૂર્વતૈયારી કે કોઈ બાહ્ય નિમિત્ત વિના પણ તત્ત્વદર્શન લાધે છે. કોઈ વાર તો જેનું બાહ્ય જીવન પાપ અને અનાચારના માર્ગે વળેલું હોય તેવી વ્યક્તિને પણ આ રીતે ઓચિંતો આત્માનુભવ સાંપડે છે. અને એના જીવનની દિશા તદ્દન નવો જ વળાંક લે છે ને રીઢા ગુનેગારમાંથી મહાન સંત સર્જાય છે.

ગમે તે રીતે અનુભવ મળ્યો હોય પણ બધા 'આત્મઅનુભવીઓ'ની ન્યાત એક જ છે. પોતાની તાત્વિક સત્તા દેહથી અને જગતથી પર છે અને એ સત્તામાં ઠરવું એ જ મુક્તિ છે એ વાત દરેક અનુભવીઓના અંતરમાં વસી ગઈ હોય છે. તેની દૃષ્ટિ ઉપરછલ્લી મટી તત્ત્વગ્રાહી બને છે. બાહ્ય દેખાવોથી તે ભરમાઈ જતી નથી કે ગાડરીયા પ્રવાહમાં તણાતી નથી. ધર્મ-નીતિ, દેશપ્રેમ, જીવન ધોરણ, આદિ કોઈપણ બાબતમાં પ્રચલિત માન્યતાઓ કે ધોરણોને એ પોતાની વિવેકબુદ્ધિથી નાણી જુએ છે શાસ્ત્રવચનોનું હાર્દ પણ એ શીઘ્ર પકડી લે છે. નિરર્થક વાદ-વિવાદનો એને રસ નથી હોતો. પરિણામે બીજાઓ જ્યાં ઉગ્ર ... ઘસડાઈ જતા હોય છે ત્યાં એ શાંત રહે છે.

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજના ઉદ્ગારો :-

જિનહી પાયા તનહી છિપાયા
ન કહે કોઉ કે કાનમેં
તાલી લાગી જબ અનુભવકી

તબ સમજે કોઈ જ્ઞાનમેં
હરિહર બ્રહ્મ પુરંદર કી રિધ્ધી
આવત નહી કોઈ માનમેં
ચિદાનંદકી મોજ મચી હૈ
સમતારસ કે પાનમેં

સમ્યક્ દર્શનનો ક્ષણિક અનુભવ મળવો એ પણ કોઈ નાની સૂની પ્રાપ્તિ નથી. એનો પ્રભાવ પણ વ્યક્તિના સમગ્ર જીવનને સ્પર્શી જાય છે. અનુભવ પ્રાપ્તિ વખતની ધ્યેય સાથેની તન્મયતા, આનંદ, આશ્ચર્ય, કૃતકૃત્યતા તથા આત્મદર્શન દ્વારા મોહ પર લાધેલી જીતની ખુમારીની ઝલક ઉપાધ્યાય યશોવિજયજીના આ ઉપર ટાંકેલા ઉદ્‌ગારોમાંથી પામી શકાય છે.

**સ. ૩૧૨ બહિરાત્મ દૃષ્ટિ ક્યારે હટે છે ? ને અંતરદૃષ્ટિ ખીલી ઉઠે છે ?**

જ. ૩૧૨ સૂર્યોદય પહેલા રાત્રિના અંધકારની ઘનતાને ઓગાળતી ઉષા આવે છે. તેમ આધ્યાત્મિક સાધકોના જીવનમાં અનુભવના આગમન પહેલા બહિરાત્મભાવને મોળો પાડતી આત્મજ્ઞાનની પ્રભા પથરાય છે. સ્વરૂપનું કાંઈક ભાન થાય છે. પરંતુ અનુભવ દ્વારા તેને સ્વરૂપની પાકી પ્રતીતિ મળે છે ત્યારે જ તેની બહિરાત્મદૃષ્ટિ પૂર્ણપણે હટે છે ને અંતરદૃષ્ટિ ખીલી ઉઠે છે, કહ્યું છે કે...

''જ્ઞાન તણી ચાંદરડી પ્રગટી, તબ ગઈ કુમતિકી રયણી રે.''
અકળ અનુભવ ઉદ્યોત થયો જબ, સકળ કળા પિછાણી રે...''

**સ. ૩૧૩ સમ્યક્‌દૃષ્ટિ કયા ગુણસ્થાનકની સ્પર્શના કરે છે ?**

જ. ૩૧૩ અનુભવ પહેલાના, મોહના અંધકારના ક્રમશઃ નાશવાળા આ આત્મવિકાસને હરિભદ્રસૂરી મહારાજે યોગની પ્રથમ ચાર દૃષ્ટિઓમાં આવરી લીધા છે. 'અનુભવ' પ્રાપ્ત થતા સાધક પાંચમી કે તેની ઉપરની યોગદૃષ્ટિમાં પ્રવેશે છે. ગુણ સ્થાનકની અપેક્ષાએ જોઈએ તો અનુભવની પહેલાના પ્રથમ ચાર યોગદૃષ્ટિ સુધીના આત્મવિકાસનો સમાવેશ પહેલા મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકમાં થાય છે. અનુભવની પ્રાપ્તિ થતા આત્મા પહેલા ગુણસ્થાનકથી સીધો જ ચોથા-અવિરત સમ્યક્‌દૃષ્ટિ-ગુણસ્થાનકની કે ક્યારેક તેથી આગળ વધી છઠ્ઠા સર્વવિરતી ગુણઠાણાની અને સાતમા-અપ્રમત્ત ગુણસ્થાનકની સ્પર્શના કરે છે.

**સ. ૩૧૪ સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ એ આત્મવિકાસની ચરમ અવસ્થા છે ?**

**જ. ૩૧૪** કેટલાક આધ્યાત્મિક વર્તુળો 'સમ્યક્‌દર્શન'ની પ્રાપ્તિને આત્મવિકાસની ચરમ અવસ્તા માની લે છે. તેને જ જીવનમુક્તિ સમજે છે. પરંતુ જૈન આગમો અનુસાર આત્મવિકાસના ચૌદ ગુણસ્થાનકો જણાવાયા છે તેમાં તેર અને ચૌદમું ગુણસ્થાનક ક્રમશઃ જીવનમુક્ત અને વિદેહમુક્તિનું છે. જ્યારે ક્ષાયિક સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ ચોથા ગુણસ્થાનકે હોઈ શકે છે.

સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ થતા સાધકની જ્ઞાનધારા શુદ્ધ વહે છે. ચૈતન્ય સાથે તેનું અનુસંધાન અખંડ બને છે અને અંતરથી નિરાસક્ત રહી તે સર્વ પ્રવૃત્તિ કરી શકે છે. અંતરમાં નિરાસક્ત હોવા છતાં આવી વ્યક્તિનું બાહ્ય આચરણ પૂર્વસંસ્કાર અને ચારિત્ર મોહનીયાદિ કર્મના આવરણને કારણે ઘણીવાર આસક્ત વ્યક્તિના આચરણ જેવું રહે છે. અંતર અનાસક્ત હોવા છતાં તેની પ્રવૃત્તિમાં, યોગધારામાં થોડી-ઘણી અશુદ્ધિ અને ચંચળતા રહે છે. તે દૂર કરવા દેશવિરતી કે સર્વવિરતિની તપ-ત્યાગમય સાધના શ્રી જિનેશ્વર દેવોએ ચીંધી છે. એ સાધના દ્વારા યોગપ્રવૃત્તિની અને જ્ઞાનની એ બંને ધારાને પૂર્ણ શુદ્ધ કરવી એ જૈન સાધનાનું લક્ષ્ય રહ્યું છે.

ઓગણીસસેં ને સુડતાલીસે, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે...
શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે...
- શ્રીમદ રાજચંદ્ર

ઉગ્યો સમકિત રવિ ઝળહળતો, ભરતિમિર સવિ નાઠો...
અનુભવ ગુણ આવ્યો નિજ અંગે, મિટ્યો નિજ રૂપ માઠો...
- શ્રીપાળરાસ, ખંડ-૪, ઢાળ-૧૩

**સમ્યક્‌દર્શન વિના કઠોરતપ, બહોળું શ્રુતજ્ઞાન અને ઉગ્રચારિત્ર પણ નિરર્થક કહ્યા છે.**

**સ. ૩૧૫ સમ્યકત્વનું મંડાણ શેના પર છે ?**

**જ. ૩૧૫** 'આત્મા છે' એવી માત્ર શ્રદ્ધા કે 'દેહ અને કર્માદિથી તદ્દન ભિન્ન એક સ્વતંત્ર આત્મદ્રવ્યનું અસ્તિત્વ છે' એવી માત્ર બૌધિક સમજણ નહિ, પણ એ બેની ભિન્નતાની સ્વ અનુભવ જન્ય પ્રતીતિ ઉપર સમ્યકત્વનું મંડાણ છે.

જેમ એકરૂપ થઈને રહેલા દૂધ અને પાણીને હંસની ચાંચ અલગ કરી દે છે તેમ અનાદિથી - અનંત જન્મોથી આપણને એકરૂપ ભાસતા આત્મા અને દેહને 'સમ્યક્‌દર્શન' અલગ પાડી બતાવે છે. ઉપશમ સમ્યક્‌ત્વની

પ્રાપ્તિ વખતે અંતર્મુહૂર્ત સુધી ચિત્ત દેહાભિમાનથી અલગ બની આત્મજ્યોતિમાં લીન રહે છે. ત્યારે પોતાના નિરુપાધિક સહજ આનંદ, જ્ઞાન, સામર્થ્યની ઝલક આત્માને મળે છે. 'દેહાદિથી ભિન્ન 'હું' જ્ઞાન આનંદનો પિંડ છું' એવો અભૂતપૂર્વ જ્ઞાનપ્રકાશ આત્મામાં પથરાય છે.

જન્માંધને દૃષ્ટિ પ્રાપ્ત થતા, જેવો આનંદને વિસ્મય થાય, એનાથી અધિક આનંદ અને વિસ્મયની લાગણી સમ્યક્દર્શનની પ્રથમ પ્રાપ્તિ વખતે અનુભવાય છે. એ અપૂર્વક અનુભવથી જીવન અને જગત પ્રત્યેની દૃષ્ટિમાં અકલ્પ્ય પરિવર્તન આવે છે. તેથી પહેલા જેવા તીવ્ર રાગ-દ્વેષ એ પછી જાગી શકતા નથી. દેહાત્મ બુદ્ધિરૂપ અજ્ઞાનગ્રંથિ દૂર થતા, રાગ-દ્વેષની આધારશિલા જ ઉથલી પડે છે. એટલે કે 'નિબિડ રાગ-દ્વેષની ગ્રંથિ' ભેદાઈ જાય છે.

અહં, મમત્વ અને કષાયોનું મૂળ દેહાત્મ ભ્રમ છે. સંસારના સર્વ અનર્થ એમાંથી જ પાંગરે છે. ભેદજ્ઞાન થતા, સંસારનું એ બીજ શેકાઈ જાય કે બળી જાય છે. તે પહેલા રાગ-દ્વેષ ભલે ઉપર ઉપરથી મોળા પડી ગયેલા દેખાય પણ તેનું મૂળ કાયમ રહે છે. જેમ કોઈ ઝાડ ઠૂંઠૂ થઈ ગયેલું દેખાય પણ તેના મૂળીયા ધરતીમાં સલામત હોય તો ફરી હર્યું ભર્યું થઈ જાય છે. પરંતુ જો તે મૂળથી જ ઉખડી ગયું હોય તો... થોડા દિવસ ભલે પાંદડા વગેરે લીલા દેખાય પણ કાળક્રમે તે નિષ્પ્રાણ લાકડું જ રહે છે. તેમ 'સ્વ અનુભૂતિ' દેહાત્મ બુદ્ધિરૂપ રાગ-દ્વેષની જડને ઉખાડીને ફેંકી દે છે. તેની સાથે મોહનું આખુંય વિષવૃક્ષ મૂળથી તૂટીને પડી જાય છે. ને કરમાઈને, સુકાઈને નષ્ટ થઈ જાય છે. આથી, સમ્યક્દર્શનની પ્રાપ્તિ પછી જન્મ-મરણની પરંપરા અનિયતકાળ સુધી નભી શકતી નથી. ભવભ્રમણની સીમા અંકાઈ જાય છે. વધુમાં વધુ પંદરભવે જીવ મુક્તિ પામે છે.

**સ. ૩૧૬ શું છે વ્યવહાર સમ્યક્દર્શન ?**

**જ. ૩૧૬** પારમાર્થિક સમ્યક્દર્શન, સ્વરૂપના પ્રત્યક્ષ અનુભવ જન્ય શુભ આત્મપરિણામરૂપ છે.છતાં પણ સુદેવ-સુગુરૂ અને જિનેશ્વર દેવે બતાવેલ સત્ધર્મ ઉપરની શ્રદ્ધાને પણ સમ્યક્ત્વ કહ્યું છે. કારણકે તેના દ્વારા સ્વરૂપની અનુભૂતિ માટેની ભૂમિકા ક્રમશઃ સર્જાય છે. અને અંતે સ્વ અનુભૂતિ રૂપ સમ્યક્ દર્શન પ્રાપ્ત થાય છે. તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને, તે શ્રદ્ધા પણ વ્યવહારથી સમ્યક્દર્શન કહેવાય છે.

આગમ-યુક્તિ અને અનુભૂતિ એ ત્રિવિધ માર્ગે તત્ત્વ પ્રાપ્તિ થાય છે તેથી જ્યાં વીતરાગનું અવલંબન, આત્મજ્ઞાની ગુરૂઓનું માર્ગદર્શન અને જિનઆજ્ઞા આરાધવાની રુચિ છે ત્યાં દ્રવ્ય સમ્યક્ત્વ કહ્યું છે.

વિતરાગ વચન ઉપરના વિશ્વાસથી અને તર્ક દ્વારા મળેલું આત્મા અને પરના ભેદનું જ્ઞાન ગમે તેટલું ઊંડુ હોય તો ય, તે બૌધ્ધિક સ્તરનું હોવાથી, તે એ ભેદની એવી દૃઢ પ્રતીતિ જન્માવી શકતું નથી કે જેથી નિબિડ રાગ-દ્વેષની ગ્રંથિ ભેદાઈ જાય. એટલે સ્વ અને પરના ભેદનો, દેહ અને આત્માના ભેદનો સાક્ષાત્કાર કરાવતા અનુભવને સમ્યક્દર્શનનું પ્રથમ સ્થાન કહ્યું છે અને સમ્યક્દૃષ્ટિ એટલે કાયાથી ''હું'' ને અલગ જોનારી, અનુભવનારી દૃષ્ટિ માટે ભવભ્રમણને મર્યાદિત કરનાર પારમાર્થિક સમ્યક્દર્શનના અર્થીએ સુદેવ-સુગુરૂ-સુધર્મ પરની શ્રદ્ધા અને શ્રુત તથા તત્ત્વચિંતન દ્વારા મળતાં તત્વાર્થના જ્ઞાન અને શ્રદ્ધાનથી સંતોષ માની અટકી ન જતાં સ્વ અને પરની યથાર્થ પ્રતીતિ કરાવતાં, ભેદજ્ઞાન કરાવતાં પ્રત્યક્ષ ''અનુભવ'' ને પોતાની સાધનાનું લક્ષ્ય બનાવવું જોઈએ.

**સ. ૩૧૭ જ્ઞાનસહિત ક્રિયા કોને કહેવાય ?**

**જ. ૩૧૭** જ્ઞાન સહિત ક્રિયા એટલે જેને સમ્યક્ દર્શન પ્રાપ્ત થયું છે, જેને આત્મઅનુભવ પ્રાપ્ત થયો છે, જેની ક્રિયામાં સ્વઅનુભવ જન્ય આવી પ્રતીતિ ભળી છે એવી ક્રિયા તે જ્ઞાનસહિત ક્રિયા કહેવાય છે. એવો આત્મજ્ઞાની શ્વાસોશ્વાસમાં એટલી કર્મનિર્જરા કરી શકે છે, જે અજ્ઞાની પૂર્વ ક્રોડ વર્ષ સુધીમાં પણ માંડ કરે. આત્મસાધના માટે જ જેણે ભેખ લીધો છે તેને તો એની પ્રાપ્તિ માટે તાલાવેલી હોવી જોઈએ.

ભાવિ ગણધર (શ્રી કુમારપાળ મહારાજ) ના ધર્મગુરૂ 'કલિકાલસર્વજ્ઞ' શ્રી આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ શું કહે છે તે જુઓ...

**''જે દુ:ખ છે તે આત્મઅનુભવજ્ઞાન જેને પ્રાપ્ત થયું નથી તેને છે. જેને તમે કર્મ નિર્જરાનું મુખ્ય કારણ કહો છો, તે તપથી પણ આત્માના અજ્ઞાન જનિત દુ:ખ આત્મઅનુભવજ્ઞાન વિનાનાઓથી છેદી શકાતું નથી કારણકે સમ્યક્દર્શન વિનાના તપનું ફળ નહિવત્ છે માટે બીજી બધી આળપંપાળ મૂકીને રત્નત્રયના પ્રાણભૂત આત્મજ્ઞાન માટે પ્રયત્ન કરવો.** આત્મજ્ઞાન, સમ્યક્દર્શન, એ સ્વાનુભૂતિનું જ બીજું નામ છે.''

આપણા જ કાળના ને આપણા જ ક્ષેત્રના આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીજીએ વિવેકશીલ મુમુક્ષુને સ્વાનુભવપૂર્ણ જે સલાહ આપી છે તે વચનોમાંથી

પ્રેરણા મેળવીને આત્માર્થી સાધકે આત્મદર્શનને પોતાનું લક્ષ્ય બનાવી તે માટેની આરાધનામાં લાગી જવું ઘટે.

જેને સમ્યક્દર્શન આત્માનુભવ થયો નથી એવા જીવો સદા દેહ અને પોતાના કર્મકૃત વ્યક્તિત્વ સાથે પોતાનું તાદાત્મય - એકતા અનુભવતા હોય છે. નામ-રૂપથી અલગ એવી શાશ્વત આત્મસત્તા સાથે પોતાનું તાદાત્મય અનુભવાતું નથી. પણ કર્મજન્ય ક્ષણિક પર્યાયો જે સતત બદલાતા રહે છે તેમાં જ ''હું'' ની બુદ્ધિ રહે છે. જ્યારે સ્વાનુભૂતિ પછી ભેદજ્ઞાનની જાગૃતિવાળી વ્યક્તિને એ પ્રતીતિ રહ્યા કરે છે કે, ''આ દેહાદિ હું નથી''. ખાતાં-પીતાં, હરતાં-ફરતાં વગેરે દૈનિક પ્રવૃત્તિની વચ્ચે પણ સમ્યક્દૃષ્ટિ આત્માની વૃત્તિ સ્વરૂપ તરફ (આત્મા તરફ) વહેતી હોય છે. આત્મસત્તા સાથેની એકતાની સ્મૃતિ અન્ય પ્રવૃત્તિના કોલાહલની વચ્ચે પણ, તેના ચિત્તમાં ઝબક્યા કરતી હોય છે. ક્ષાયિક સમ્યક્ત્વ વાળાને એ ભાન અખંડ ટકે છે. એના અંતરની ઝંખના શુદ્ધ ક્ષાયકભાવમાં ઠરવાની હોય છે. તે સિવાયનું બીજું બધું તેને સ્વપ્નની ઘટના જેવું નિઃસાર લાગે છે. ચારિત્ર મોહનીયના ઉદયવશ બાહ્ય રીતે વિષય ઉપભોગમાં તે પ્રવૃત્ત દેખાવા છતાં તેના અંતરમાં તેના અંતરના ઊંડાણમાં તો વિષયોના એ ભોગવટામાં આનંદ કરતાં બળાપો વિશેષ રહે છે. તેનું મન વિષયોપભોગ કે અન્ય પ્રવૃત્તિમાં તીવ્ર રસપૂર્વક ભળતું નથી.

**સ. ૩૧૮ જે સમ્યક્દર્શન વિના વિપુલ શ્રુતજ્ઞાન પણ 'જૂઠું' જ રહે છે એ અનુભવ જ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રત્યેક મુમુક્ષુને કેવું આકર્ષણ હોવું જોઈએ ?**

જ. ૩૧૮ જેનો સંવેગ તીવ્ર હોય તે માત્ર શાસ્ત્રજ્ઞાનથી સંતોષ માની બેસી રહે નહિ. ભલે માર્ગદર્શન મેળવવા તે શાસ્ત્રનું અધ્યયન કરે પણ તેની ઝંખના તો અનુભવજ્ઞાનનો અમૃત ઓડકાર પામવાની જ હોય.

'દિશી દેખાડી શાસ્ત્ર સર્વ રહે, ન લહે અગોચર વાત..
કારજ-સાધક બાધક રહિત એ, અનુભવ મિત્ત વિખ્યાત.'
આનંદઘનજી મહારાજ વિરજિન સ્તવન.

જે અનુભવ તરફ દોરી ન જાય, એની જીજ્ઞાસા પણ ન જગાડે, તે શાસ્ત્રઅધ્યયનથી જીવન કૃતાર્થ ન બને. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે...

સંશય નવિ ભાંજે શ્રુતજ્ઞાને, અનુભવ નિશ્ચય જેઠોરે...
વાદવિવાદ અનિશ્ચિત કરતો, અનુભવ વિણ જાય હેઠો રે...

સમ્યક્દૃષ્ટિ આત્માને સ્વઅનુભવજન્ય પ્રતીતિ હોવાને કારણે સમગ્ર ભવચેષ્ટા નાટકના ખેલની જેમ કંઈક અલિપ્તભાવે જુએ છે. શ્રી આનંદઘનજી મહારાજ, સુમતિનાથ જિન સ્તવનમાં કહે છે કે...

''સમકિત દૃષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ..
અંતરથી ન્યારો રહે... જિમ ધાવ ખીલાવત બાળ....''

જેમ ધાવમાતા બાળકને દૂધ આપે છે, રમાડે છે, પાળે છે પણ અંતરથી જાણે છે કે આ મારૂં બાળક નથી તેથી તેને મમત્વ નથી. તેમ સમ્યક્દર્શન પામેલો જીવ કર્મકૃત કુટુંબનું પરિપાલન કરે છે, વિષયોપભોગ કરે છે પણ તેમાં તેને રસ હોતો નથી. અંતરથી ન્યારો રહે છે..

**સ. ૩૧૯ સમ્યક્દર્શનની પ્રાપ્તિ, આત્મઅનુભવની પ્રાપ્તિ આ ક્ષેત્રે વર્તમાનકાળમાં શક્ય છે ખરી ?**

જ. ૩૧૯ હા... આપણના નિકટના કાળમાં થઈ ગયેલ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ, ઉપાધ્યાય માનવિજયજી વાચક, યોગીશ્વર આનંદઘનજી અને ચિંદાનંદજી મહારાજે પોતાને અનુભવ પ્રાપ્ત થયાના સ્પષ્ટ ઉલ્લેખો કર્યા છે.

ઉપાધ્યાય યશોજિયજી મહારાજને અનુભવની પ્રતીતિ શ્રીપાળરાસની રચના કરતાં થઈ...જુઓ...

માંહરેતો ગુરૂચરણ પસાયે, અનુભવ દિલમાંહિ પેઠો...
ઋદ્ધિ વૃદ્ધિ પ્રગટી ઘટમાંહિ, આતમ રતિ હુઈ બેઠો રે...
- શ્રીપાળરાસ ખંડ -૪, ઢાળ - ૧૩

અવધુ અનુભવ કલિકા જાગી,
મતિ મેરી આતમ સમરન લાગી... - આનંદઘનજી મહારાજ

અહનિશ ધ્યાન અભ્યાસથી, મન થિરતા જો હોય...
તો અનુભવ લવ આજપન, પાવે વિરલા હોય..
- ચિદાનંદજી મહારાજ

આથી એ સ્પષ્ટ થાય છે કે **આત્મઅનુભવની પ્રાપ્તિ આ કાળે પણ સંભવિત છે. પણ તે માટે અખંડ પુરૂષાર્થ અને નિષ્ઠાપૂર્વકની સાધના જરૂરી છે. ક્યારેક કોઈને અનાયાસે પ્રાપ્તિ થઈ જાય પણ તેની પાછળ પણ અનેક જન્મના પુરૂષાર્થ અને સાધના રહેલા હોય છે.** માટે અવિનાશી ને નજરે નિહાળવા માટે, પોતાના લક્ષ્યથી જરાયે આડાઅવળા થયા વિના, તીરની જેમ લક્ષ્યની દિશામાં આગળ વધે તો આ જીવનમાં જ આત્મજ્ઞાનનો પ્રકાશ પામી શકે છે. આપણે પ્રદક્ષિણા ફરતાં દૂહો બોલીએ છીએ ને....

''જ્ઞાન વડું સંસારમાં જ્ઞાન પરમ સુખ હેત, જ્ઞાન વિના જગજીવડાં ન લહે તત્ત્વ સંકેત.'' આમ **શાસ્ત્રમાં જ્યાં જ્યાં જ્ઞાનનો મહિમા ગાયો છે. જ્ઞાન શબ્દનો ઉલ્લેખ છે તે આ ''આત્મજ્ઞાન''ની ''અનુભવજ્ઞાન''ની વાત છે. શાસ્ત્ર-શબ્દ જ્ઞાનની વાત નથી તે ધ્યાનમાં રાખવું.** અલ્પ પણ અનુભવજ્ઞાન સાથે આવે છે, શાસ્ત્રજ્ઞાન નહિ... માટે શાશ્વતને પામવાનો પુરૂષાર્થ કરવો એ જ માનવ જીવનનું ધ્યેય છે.

**સ. ૩૨૦ સમ્યક્દર્શનનો મહિમા શું છે ?**

**જ. ૩૨૦** સાગરને ગાગરમાં કેવી રીતે સમાવવું ? એને કલમ લખી શકતી નથી, કથન કહી શકાતું નથી. મન જેને મનન કરી શકતું નથી જેના આવ્યે જીવની દૃષ્ટિ ફરી જાય. સમ્યક્દર્શન થયા પછી, ગમે તે વર્તન હો, પરંતુ તેને તીવ્ર બંધન નથી. અનંત સંસાર નથી. મોક્ષ નક્કી છે. અંતરંગ મોહિની નથી. સમકિત પામ્યાથી જીવ વધુમાં વધુ ૧૫ ભવે મોક્ષે જાય. જઘન્ય તે ભવે પણ મોક્ષ થાય. ને જો સમકિત વમે તો વધારેમાં વધારે અર્ધપુદ્ગલપરાવર્તન કાળ સુધી પરિભ્રમણ કરીને પણ મોક્ષ પામે. સમ્યક્દર્શન ગમે તે ગતિમાં સાથે જાય. ક્ષયોપશમ સમકિત અથવા ઉપશમ સમકિત હોય તે જીવ વમી શકે પણ ક્ષાયિક સમકિત હોય તે વમાય નહિ. ક્ષાયિક સમકિત જીવ વધારેમાં વધારે ત્રણ ભવ કરે. અને કોઈ એક જીવની અપેક્ષાએ ક્વચિત ચાર ભવ થાય.

સમ્યક્દર્શન થયાં પહેલાં કોઈપણ પુણ્ય કાર્ય, ક્રિયા, વિધિ કરો, બંધ ભલે પુણ્યનો પડશે પણ ૯૫ ટકા અનુબંધ પાપનો પડશે. તે પાપાનુબંધી પુણ્ય બનશે જે ઉદયમાં આવશે ત્યારે નવું બંધને અનુબંધ બંને પાપનું કરાવશે અને અંતે દુર્ગતિમાં પટકી દેશે. જ્યારે સમ્યક્દર્શન પામ્યા પછી બાજી આખી પલટી ખાઈ જશે. કાર્ય ભલે પુણ્યનું કરતાં હોય કે પાપનું પણ ૯૫ ટકા અનુબંધ તો પુણ્યનો જ પડશે. જે ઉદયમાં આવશે ત્યારે નવો બંધ અને અનુબંધ બંને પુણ્યનો જ પડશે. નવું કર્મ કેવું કરાવવું તે તાકાત બંધમાં નહિ પણ અનુબંધમાં છે માટે અનુબંધથી ચેતો. અત્યારે **આપણે આ કાળમાં આ સંઘયણ દ્વારા કેવળજ્ઞાન તો પામી શકીએ એમ નથી પરંતુ જો સમ્યક્દર્શન માટે સમ્યક્ પુરૂષાર્થ કરવામાં આવે તો તે ઝલક જરૂર પામી શકાય માટે હે જીવ ! તું બીજું બધું છોડીને સમ્યક્દર્શન માટે સમ્યક્ પુરૂષાર્થ કર.**

જો સ્વાધ્યાય-ધ્યાન-કાયોત્સર્ગમાં ઉતરી આર્ય મૌન ધારણ કરી કર્મની પ્રતરોને નિર્જરાવાનો પુરૂષાર્થ કરવામાં આવે તો આત્મા પર લાગેલ

કર્મની કાળાશ ઓછી થશે... ને ઓછી થશે તો આત્માનો પ્રકાશ, જ્ઞાનપ્રકાશની ઝલક મળી જશે.. આત્માનું જે સ્વરૂપ છે તે સ્વરૂપના વીજળીના ઝલકની જેમ દર્શન થઈ જશે. સમ્યક્દર્શન થઈ જશે... અતિન્દ્રિય આનંદ રેલાશે... ભવભ્રમણ સિમિત થઈ જશે.

પહેલાનાં જમાનાના રાજા-મહારાજા-શ્રેષ્ઠીઓ પચાસ વર્ષ સંસારમાં વીતાવ્યા પછી, કુટુંબ પરિવારની જવાબદારી છોકરાઓને સોંપી પોતે જંગલમાં ચાલ્યા જતા. તરત દીક્ષા નહોતા લઈ લેતાં, સંન્યાસ લેતાં પહેલાં વાનપ્રસ્થાન હતો. જંગલમાં રહી, પરિષહ સમતાભાવે સહન કરી, સ્વાધ્યાય ધ્યાનની સાધના કરતાં સ્વાધ્યાય કરતાં કરતાં જ્યારે સમ્યક્દર્શનની ઝલક મળી જતી પછી સંન્યાસ ગ્રહણ કરતાં. સમ્યક્ દર્શન વિનાના ચારિત્રની કિંમત શૂન્ય છે તેવું શાસ્ત્રમાં વાંચીએ છીએ, જાણીએ છીએ. વ્યાખ્યાનમાં પણ સમજીએ છીએ પણ એના માટેનો કોઈ સઘનતાથી પ્રયત્ન કરતા નથી... ને એ જ કારણ છે કે ખોટા હીરાના ચળકાટમાં સાચો હીરો ગુમાવી દઈએ છીએ...

''ક્રિયા કષ્ટ ભી ન હુ લહે, ભેદજ્ઞાન સુખવંત,
યા બિન બહુવિધ તપ કરે, તો ભિ નહી ભવ અંત.''
- સમધિશતક - ગાથા ૩૧

નિજ સ્વરૂપ જાણ્યા વિના, જીવ ભમે સંસાર...
જબ નિજ રૂપ પિછાણીયો, તબ લહે ભવકા પાર...
- સમાધિ વિચાર દુહો ૨૮૧

**સ. ૩૨૧ ચોર્યાસી ચોવીશી સુધી લોકો સ્થૂલીભદ્રજીને યાદ કરશે એમ કેમ કહ્યું છે ?**

**જ. ૩૨૧** એનો ગર્ભિત અર્થ એ છે કે ચોર્યાસી ચોવીશી સુધી એટલા સમય દરમ્યાન એક પણ મહાત્મા સ્થૂલીભદ્રજી સમા બ્રહ્મસિધ્ધ, બ્રહ્મર્ષિ પુરૂષ થશે નહિ, દરેક એક થી છ આરામાં ૨૪ તીર્થંકર થાય. તેને એક ચોવીશી કહેવાય. આવી અનંત ચોવીશી અસ્ખલીત પણે ચાલ્યા જ કરે છે. પ્રત્યેક ચોવીશીએ અતીત પૂર્વની ચોવીશી ના નામઠામ કામ વિસરાઈ જાય છે. (હાલ જે ચોવીશ તીર્થંકર છે તે વર્તમાન ચોવીશી તેની પહેલાની અતીત ચોવીશી અને અતીતની પહેલાની તે અતીતપૂર્વ ચોવીશી કહેવાય.) અતીતની, વર્તમાનની ને ભવિષ્યની ચોવીશીની એમ ત્રણ જ ચોવીશીના નામ લોકોને યાદ રહે છે. જ્યારે **સ્થૂલભદ્રજી બ્રહ્મચર્ય રક્ષક, સ્થૂલભદ્રજીના નામ-ઠામ-કામ ચોર્યાસી ચોવીશી સુધી લોકો યાદ કરશે... વિચાર તો કરો કેટલો લાંબો ગાળો...!! આ બ્રહ્મચર્યનો પ્રતાપ**

છે. અરે...જેની નિશ્રામાં દસ-દસ જણાએ તીર્થંકર નામ નિકાચિત કર્યા એવા મહાવીર સ્વામીનું નામ ત્રીજી ચોવીસીએ ભૂલાશે. સંખ્યાતી ચોવીશીઓમાં એકલા અનંત લબ્ધિધર ગૌતમ સ્વામીનું નામ સુધ્ધાં બીજી ચૌવીશીએ ભૂલાશે પણ બ્રહ્મચર્ય સંરક્ષણ સ્થૂલભદ્રજીનું નામ ચોર્યાસી ચોવીસી સુધી સ્મરાશે. સ્થૂલભદ્રજી અર્થથી દશ અને સૂત્રથી ચાર એમ ચૌદપૂર્વ જ્ઞાનના જ્ઞાતા હતા. પૂર્વનું જ્ઞાન પામ્યા પહેલાંનો રૂપકોશાની ચિત્રશાળાએ ચાર્તુમાસિકનો પ્રસંગ અદભૂત ચમત્કારિક છે. સ્થૂલભદ્રના ઉદા. પરથી બ્રહ્મચર્યનો કેવો મહિમા છે તેની સમજ આવે છે. અને તેને યાદ કરવાથી આચરણમાં મૂકવાનું બળ મળે છે.

**સ. ૩૨૨ બ્રહ્મચર્ય રક્ષક, બ્રહ્મચર્યની નવ વાડો કઈ છે ? સવિસ્તાર સમજાવો ?**

**જ. ૩૨૨** (૧) વસતી શુધ્ધિ (૨) સરાગકથાત્યાગ (૩) આસન ત્યાગ (૪) નિરીક્ષણ ત્યાગ (૫) ભીંતને આસરે શબ્દ શ્રવણ ત્યાગ (૬) સ્મરણ ત્યાગ (૭) પ્રણિત ભોજન ત્યાગ (૮) અતિમાત્ર ભોજન ત્યાગ (૯) વિભૂષાત્યાગ

(૧) વસતી શુધ્ધિ :- સ્ત્રી, નપુંસક અને પશુઓ જ્યાં વસતા હોય ત્યાં નિવાસ કરવો નહિં. ત્યાંના વાતાવરણના અનિષ્ટ અણુ પરમાણુઓ દેહમાં પ્રવેશે છે, ને વિકારના વિચાર પતનને નોંતરે છે.

(૨) સરાગકથા ત્યાગ :- સ્ત્રી, રાગ અને કામકથાઓના વાંચન-શ્રવણ કરવા નહિ, નવલકથા વાંચવી નહિ. પીક્ચર-ટીવી-નાટક વગેરે જોવું નહિ.

(૩) આસન ત્યાગ :- સ્ત્રી વર્ગ જે આસન પર ઉપસ્થિત હોય તે આસન પર અમુક કાલમર્યાદા સુધી આસન ગ્રહણ કરવું નહિ. અનાદિકાલીન મૈથુન સંજ્ઞાને કારણે વિજાતિય તત્વોના અણુ-પરમાણુના પરસ્પર ખેંચાણ અને બેસાણ થકી દેહ-મન-આત્મામાં તે પ્રવેશે છે. જે ભાગ શક્તિપતનની શક્યતામાં દોરે છે.

(૪) નિરીક્ષણ ત્યાગ :- નારીના અંગોપાંગ, રૂપ લાવણ્ય, દેહ લાલિત્ય નીરખવા નહિ. રૂપ સૌંદર્યોના નિતાંત નિરિક્ષણ, ચક્ષુદ્વાચ્ચિત્ત પ્રદેશમાં ચોંટે છે ને ભીતરમાં ભોગના ભયાનક તોફાન મચે છે. પતનની સંભાવના જાગે છે.

(૫) ભીંતને આસરે શબ્દ શ્રવણ ત્યાગ :- ભીંતને આસરે ઉપસ્થિત યુગલના વાર્તાલાપને સાંભળવો નહિ કે છૂપા ફોન સાંભળવા નહિ. પ્રેમી-પ્રેમિકાના સંવાદ ટીવી-રેડિયોને આશ્રયી ને પણ સાંભળવા ઉભું રહેવું નહિ. એકેક શબ્દમાં અકથ્ય શક્તિઓ છે. વિકારી શબ્દો વિકાર

સર્જક છે. શ્રવણથી શબ્દો શ્રવણેન્દ્રિય દ્વારા દેહ-મન-આત્મપ્રદેશોમાં પ્રવેશે છે, ને આત્મ વિનાશને નોંતરે છે.

(૬) સ્મરણ ત્યાગ :- પૂર્વે ભોગવેલા ભોગ ઉપભોગને ભૂલી જવું. ભોગાદિ સ્મરણોમાં મારકશક્તિ અને દેવગુરૂ ધર્મ સંબંધી સ્મરણોમાં તારકશક્તિ છે. પૂર્વ ક્રિડિત સ્મરણ ત્યાગ પતનની ખાઈમાંથી રક્ષા કરે છે.

(૭) પ્રણિત ભોજન ત્યાગ :- મિષ્ઠાન જેવા ભારે ભોજનનો ત્યાગ અથવા નિયમન માદક, રસમય મિષ્ટ આહાર વાસનાને વકરાવે છે. ભોજનું દર્શન ચક્ષુરેન્દ્રિય દ્વારા, ભોજનની સુગંધ ઘ્રાણેન્દ્રિય દ્વારા, ભોજનનો સ્પર્શ સ્પર્શેન્દ્રિય દ્વારા ને ભોજનનો સ્વાદ સનેન્દ્રિય દ્વારા આત્મપ્રદેશમાં પહોંચે છે ને આહારશક્તિને ભોગાશક્તિ દ્વારા પતનને નોંતરે છે.

(૮) અતિમાત્ર ભોજન ત્યાગ : અતિશય આહાર આરોગવો નહિ, પેટમાં રહેલ આહારના ભાર સાથેનો વાયુ, અપચોને કબજીયાતના દબાણો વાસનાપુષ્ટિ કરે છે. પતનની શક્યતા જાગે છે, સંયમિત આહાર આત્મશુદ્ધિનું પ્રબળતર પોષક પરિબળ બને છે.

(૯) વિભૂષાત્યાગ :- સૌંદર્ય વર્ધક દ્રવ્યો પરના પ્રતિબંધને વિભૂષા ત્યાગ કહે છે. સુંદર વસ્ત્રો, ઓછા વસ્ત્રો, આભૂષણો પફ, પાવડર વગેરે સૌંદર્ય પ્રસાધનો વિષય વિલાસની લાલસાઓમાં લપટાવે છે. આવા દ્રવ્યોની પ્રતિજ્ઞા બ્રહ્મચર્ય સહાયક બનાવે છે.

ઉપરની નવ વાડોને સમજીને અમલમાં મૂકીને સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓએ બ્રહ્મચર્યનિષ્ઠ બનવા પ્રયત્ન કરવો.

**સ. ૩૨૩ બ્રહ્મચર્ય વ્રતને ઉત્તમ વ્રત તરીકે કેમ ગણાવ્યુ છે ? નિશ્ચયનયથી બ્રહ્મચર્ય કોને કહે છે ?**

**જ. ૩૨૩** પાંચ ઈંદ્રિયોમાંથી સ્પર્શ ઈંદ્રિયનો અભ્યાસ જીવને ઘણો છે. કારણકે દરેક ભવમાં તે ઈંદ્રિય હોય છે. તેને રોકવાથી સંસારવૃત્તિ મોળી પડી જાય છે. સર્વપ્રકારના આરંભ તથા પરિગ્રહના સંબંધનું મૂળ છેદવાને સમર્થ એવું બ્રહ્મચર્ય પરમ સાધન છે.

''એક વિષયને જીતતા જીત્યો સૌ સંસાર
નૃપતિ જીતતાં જીતીએ દળપૂર ને અધિકાર''

પરમાર્થ હેતુ માટે નદી ઉતરવાને ટાઢા પાણીની મુનિને આજ્ઞા આપી પણ અબ્રહ્મચર્યની આજ્ઞા આપી નથી ને તેને માટે કહ્યું છે, કે

અલ્પ આહાર કરજે. ઉપવાસ કરજે, એકાંતર કરજે છેવટે ઝેર ખાઈને મરજે પણ બ્રહ્મચર્ય ભાંગીશ નહી સાચા બ્રહ્મચારીને તો સ્ત્રીના પરિચયનો ભાવ પણ આવતો નથી.

બ્રહ્મ એટલે આત્માને ચર્ય એટલે ચરવું, વિચરવું. નિશ્ચય નયથી બ્રહ્મચર્ય એટલે આત્મામાં વિચરણ કરવું. યાવત્જીવ શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું પણ એ તો શુભ રાગ છે. આત્મા પોતેજ બ્રહ્મસ્વરૂપ છે, ને તેની નિર્મળ પર્યાય દ્વારા તે બ્રહ્મસ્વરૂપ આત્માને જાણે ત્યારે તેનું નામ બ્રહ્મચર્ય કહેવાય. બ્રહ્મચર્ય એટલે આત્મામા વિચરણ કરવું અર્થાત્ આત્માનો ઉપયોગ આત્મામાંજ રાખવો.

**સ.૩૨૪ જૈન ધર્મના અમુક સંતો આત્મકલ્યાણને વધારે મહત્વ આપે છે અને પર આત્મ કલ્યાણને ગૌણ સ્થાન આપે છે તે કેટલું તોગ્ય છે ?**

જ.૩૨૪ ભાઈ... એક સામાન્ય વાત છે કે....જો મારે તમને લાખ રૂપિયા આપવા હશે તો મારે પહેલા લાખ કમાવા તો પડશે ને ? જો મારી પાસેજ નહી હોય તો હું ગમે તેટલું ચાહીશ તો પણ તમને લાખ રૂપિયા કેવી રીતે આપીશ ? એમ જો મારે પરઆત્મ કલ્યાણ કરવું હોય તો પહેલા મારે મારા આત્માનું તો કલ્યાણ કરવું પડશે ને ? તીર્થંકર અવધિજ્ઞાન સહિત જન્મે છે. છતાં પણ કોઈને ઉપદેશ આપવા લાગી જતા નથી. **દીક્ષા લીધા પછી પણ જ્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરતા નથી ત્યાં સુધી મૌન સેવે છે. બીજા લોકોના કલ્યાણ કરૂં એમ કરીને ઉપદેશ આપવા બેસી જતા નથી. કેમકે જાણે છે કે હજી હું જ અધુરો છું. સંપૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ કરી નથી. તો આ અપૂર્ણ અવસ્થામાં જે આપીશ તે પણ અપૂર્ણ જ હશે.** વિચાર કરો.... છેલ્લેથી ત્રીજા ભવે સમકિતની પ્રાપ્તિ થઈ ગઈ છે છતાં...કેવળજ્ઞાનની પ્રાપ્તિ નથી થતી ત્યાં સુધી તીર્થંકરો મોં નથી ખોલતા...સંપૂર્ણ મૌન સેવે છે. અને આપણે ? પાંચ મીનીટ પૂજા કરતા હોઈએ ને તો પણ ન મૌન રાખી શકીએ છીએ, ન આત્માની સ્થિરતા રાખી શકીએ છીએ. બાજુવાળા એ જરાક વિધિ બરાબર ન કરી તો તરત શીખામણ આપવા લાગી જઈએ છીએ...પણ આપણે એ નથી જાણતા કે ભટકતા ચિત્તે પૂજા ક્રિયા કરવી એજ સૌથી મોટી અવિધિ છે. આમેય કહેવત છે ને કે અધૂરો ઘડો છલકાય!!! તમને ખબર છે... આદિનાથદાદાની સાથે ૪૦૦૦ પુરૂષોએ પણ દિક્ષા ગ્રહણ કરી હતી. આદિનાથદાદાતો દિક્ષા લીધી તે દિનથી મૌન ધારણ કર્યું... હવે આ ૪૦૦૦ને તો કાંઈ ખબર હતી નહીં કે દિક્ષામાં શું કરવું - શું ના કરવું.

શું ખાવું - શું ના ખાવું એટલે દાદા જેમ કરે તેમ કરવા લાગ્યા - દાદા કાંઈ ખાતા-પીતા ન હતા તો તે લોકો પણ ભૂખ્યા રહેતા... પણ દાદા સિવાય બીજા બધાની ક્ષમતા કેટલી? બે-ચાર મહિના જતાં તો ભૂખ તરસ અસહ્ય થઈ ગઈ... હવે શું કરવું? દાદાને પૂછીએ તો દાદા તો કાંઈ બોલતા નથી. એટલે એ લોકોએ વગર છૂટકે સચિત પાણી ને ફળ-ફૂલ જે મળે તે વાપરવા લાગ્યા... દાદા આ બધું જોતાં પણ એક શબ્દ બોલતા નહિ... કે અરે તમે બધાએ તો દિક્ષા ગ્રહણ કરી છે, આ સચિત્ત વસ્તુ તમારાથી ખવાય-પીવાય નહિ...કેમ દાદાએ શીખામણ ન આપી? કેમકે હજી પોતે કેવળજ્ઞાન પ્રાપ્ત નહોતું કર્યું... પૂર્ણતાને પામ્યા નહતા... પૂર્ણતાને પામ્યા પહેલાનું બધુંજ અધૂરૂં હોય એમાં ઉત્સૂત્ર ભાષણનો દોષ લાગે. ઉત્સૂત્ર ભાષણ થી અનંતો સંસાર વધી જાય. પરંતુ આપણે આ બધું સમજવા કે માનવા ક્યાં તૈયાર છીએ? ''હું માઈકથી ભાષણ આપું એટલે હજારો લોકો પામે..'' અરે ભાઈ... પહેલાં તું તો પામ...ભલે આ કાળમાં કેવળજ્ઞાન ઉચ્છેદ હોય પણ સ્વાધ્યાય ધ્યાન - કાયોત્સર્ગની સાધના દ્વારા તું તો સમ્યક્ દર્શનની પ્રાપ્તિ કર.... પછી તું વહેંચવા નીકળના... પ્રેક્ટીકલી તો કાંઈ કરવું નથી તો પછી તું ગમે તેટલા ભાષણો માઈકથી આપ કે ટી.વી.માં આપ ન તું તારા આત્માનું કલ્યાણ કરી શકીશ. ન પરના આત્માનું. એક સામાન્ય આ ભૌતિક જગતનું ઓપરેશન કરવું હોય ને તો પણ પહેલાં સ્વયં સત્તર વરસ અભ્યાસ કરવો પડે છે. એ પછી પણ એક વરસ પ્રેક્ટિકલ ઓપરેશન ન કર્યા હોય ને ત્યાં સુધી ઓપરેશન કરવાની પરમીશન મળતી નથી. પેશન્ટ આંખ સામે મરતો હોય ને તો પણ એ ડોક્ટર જેણે પ્રેક્ટિકલ અભ્યાસ નથી કર્યું ને તે ઓપરેશન કરી શકતો નથી. અગર ભૌતિકજગતમાં પણ આટલા કડક નિયમો છે તો ભાઈ આ તો આધ્યાત્મિક જગતનું ઉચ્ચતમ ઓપરેશન છે તે ડીગ્રી પોતે પ્રાપ્ત કર્યા સિવાય એટલેકે આત્મ કલ્યાણ સાધ્યા સિવાય, સ્વાધ્યાય - ધ્યાન - મૌનને કાયોત્સર્ગની સાધના દ્વારા પોતાના આત્માનું કલ્યાણ કરી, પોતે પ્રાપ્ત કરી પછીજ બીજાના આત્માનું, પરના આત્માનું કલ્યાણ કરવા નિકળવું જોઈએ. નહિ તો આત્માને પડવાના ભયસ્થાનો ઘણા છે. નવદિક્ષિત માટે પણ એજ આજ્ઞા છે. દિક્ષા દિનથી ઓછામાં ઓછું ૧ વર્ષ મૌન-ધ્યાનની સાધના કરવાની છે. જેથી સમ્યક્ દર્શન પ્રાપ્તિ માટે સાચા અર્થમાં પ્રયાણ થાય. એ સાધક અવસ્થામાં છે માટેજ

એને સાધુ કહેવાય છે. એ સાધુ સર્વ કાંઈ સીખીલે પછી એ ઉપાધ્યાય પદમાં સ્થાપિત થાય છે. ઉપાધ્યાયનું સ્થાન ટીચર જેવું વર્ષોની મૌનસાધનાની સાધના દ્વારા જે શીખી લીધું તે હવે અન્યને શીખવાડો...આચાર્ય એનાથી પણ આગળ વધીને પોતે જે પ્રાપ્ત કર્યું છે તે એના આચરણમાં આવે છે. જેનું આચરણ જ મૌન-ધ્યાન-શાંતતા-એકાંતતાનું પ્રતિક છે. એનું આચરણ જોઈનેજ અન્ય શીખે છે. તેને હવે શબ્દોની જરૂર નથી એ આચાર્ય. આમ જે મહાત્મા આત્મ કલ્યાણ સાધે છે તેજ કઈ પામે છે ને પામીને અન્યનું - પરઆત્મ કલ્યાણ કરવામાં સહાયક બને છે.

**સ.૩૨૫ છઠ કરીને સાતજાત્રા કરીએ એટલે મોક્ષની પ્રાપ્તિ થાય એ સાચી વાત છે ?**

**જ.૩૨૫** સમય જતાં ભાષા-શબ્દોને શબ્દના અર્થ બદલાઈ જાય છે. સાંકેતિક ભાષાના ગૂઢ રહસ્યો સમજમાં આવતા નથી એટલે અટવાઈ જઈએ છીએ. જુઓ આ વાક્યનો અર્થ શું થાય છે? છ ઠઃ કરીને સાત જાત્રા કરીએ તો મોક્ષની પ્રાપ્તિ થાય

છ = પાંચ ઈંદ્રિયને છઠ્ઠું મન

ઠઃ = એ છ એને ઠઃ કરવું એટલે સ્થિર કરવું. એટલે કે પાંચ ઈંદ્રિય અને છઠ્ઠું મન એ છ એને સ્થિર કરીને.

સાતજાત્રા - સાતેય ચક્રો મૂલાધાર ચક્રથી લઈને

સહસ્ત્રાર - બ્રહ્મરંધ્ર સુધી જો ક્રમવાર યાત્રા કરવામાં આવે એટલે કે મન-વચન-કાયાને સ્થિર કરીને, આત્માનો ઉપયોગ આત્મામાં જ રાખીને જો આ સાતેય ચક્રોનું ક્રમવાર ભેદન કરવામાં આવે તો સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય છે. અને સમ્યક્દર્શનની પ્રાપ્તિ જેને થાય છે તેના માટે વધુમાં વધુ પંદર ભવે મોક્ષની પ્રાપ્તિ નિશ્ચિત થાય છે. અગર સમકિત વમી પણ જાય તો પણ અર્ધ પુદ્ગલ પરાવર્તનથી વધુ કાળ ભમવાનો બાકી રહેતો નથી. માટે કહ્યું કે છઠઃ કરીને ધ્યાન દ્વારા જે મહાત્મા સાતેય ચક્રોની જાત્રા કરે છે સાતેય ચક્રોને ભેદે છે. ને સહસ્ત્રાર ચક્ર સુધી પહોંચે છે તે મહાત્માની મોક્ષ પ્રાપ્તિ નિશ્ચિત થાય છે. એક સાધુ મહાત્માએ જણાવતા કહ્યું કે, ''અમારો પ્રયત્ન પણ મોક્ષ માટેજ છેને? જો છઠ કરીને ગીરીરાજની સાત જાત્રા કરવાથી જ મોક્ષ મળી જતો હોય તો અમે આટલી તકલીફ શા માટે ઉઠાવીએ? તો મોક્ષ બહુ સરળ થઈ જાય.''

**સ.૩૨૬ શું એવો નિયમ છે કે ૪૮ ભવ માનવના કર્યા પછી નિયમથી જીવ નિગોદ -**

**એકેન્દ્રિયમાં ચાલ્યો જાય ? તો પછી ભગવાને કીધું છે કે ''આપણા જીવે પર્વતના ઢગલા જેટલા ઓઘા લીધા છે''આ કેવી રીતના શક્ય બને ?**

જ. ૩૨૬ ૪૮ ભવ વધુમાં વધુ છે તેનાથી પહેલા પણ જીવ મોક્ષ અથવા નિગોદ એકેન્દ્રિયમાં જઈ શકે છે. પરંતુ બે હજાર સાગરોપમ વર્ષ પછી કાંતો તે મોક્ષે જાય અથવા નિગોદ કે એકેન્દ્રિયમાં જાય. તે તેના પુરૂષાર્થ ઉપર નિર્ભર છે. મનુષ્ય ભવ ૪૮ થી ઓછા તો હોઈ શકે છે પણ તેનાથી વધુ ન હોઈ શકે. મને બહુ નાની ઉંમરમાં આ સવાલ ઉદ્‌ભવેલો. મને એમ થતું આપણે અડતાલીસે અડતાલીસ ભવમાં દિક્ષા લીધી હોય તો પણ પર્વતના ઢગલા જેટલા ઓઘા ન થાય. એટલે આ જીજ્ઞાસાથી ઘણાને પૂછતી કે આ કેવી રીતે શક્ય છે ? પણ કોઈની પાસેથી મને સંતોષકારક જવાબ મળતો નહિ. પણ મનમાં એ દૃઢ શ્રધ્ધા હતી કે ભગવાને જે કીધું છે તે ખોટું તો નહીજ હોય....માટે આ સવાલને મગજમાંથી છોડી નહીં દીધેલો. એમ કરતાં પંદરેક વર્ષ પહેલાં મારા જાણવામાં આવ્યું કે **આવા ૨૦૦૦ સાગરોપમના અનેક ચક્કર આ જીવને ખાવા પડે છે.** પહેલી વખત નિગોદમાંથી જીવ ત્યારે બહાર નીકળે છે જ્યારે એક જીવ સિધ્ધિગતિને પામે છે ત્યારે જીવને ૨૦૦૦ સાગરોપમ નો સમય મળે છે. તેમાંય ૧૦૦૦ સાગરોપમ વર્ષ તો વિકલેન્દ્રિયમાં પૂરા થાય છે. (બે ઈન્દ્રિય - ત્રણ ઈન્દ્રિય ને - ચાર ઈંદ્રિયના ભવ) બાકી બચ્યા ૧૦૦૦ સાગરોપમ વર્ષમાં દેવ-નારકી-તિર્યંચ ને મનુષ્યના ભવ કરતાં કરતાં સૌથી ઓછા ભવ મનુષ્યના ફક્ત ૪૮ ભવજ મળે છે. એમાં પુરૂષાર્થ કરી જીવ મુક્તિગતિને ન પામ્યો તો પાછો ૨૦૦૦ સાગરોપમ વર્ષ પૂરા થતાં જીવ ફરજીયાત નિગોદ - એકેન્દ્રિયમાં પડી રહે છે. હવે બીજી વાર એ નિયમ નથી કે એક જીવ સિધ્ધગતિને પામે એટલે એક જીવ નિગોદમાંથી બહાર નીકળે. એ નિયમ ફક્ત પ્રથમ વખત જ છે. હવે તો જીવ જે કર્મોનો ભાર લઈને ગયો છે તે વર્ષોના વર્ષો એકેન્દ્રિયમાં પડ્યો પડ્યો ભોગવે છે. પાછી આ અકામ નિર્જરા છે. (પોતાની ઈચ્છા વગર જે નિર્જરા થાય તે અકામ નિર્જરા) એટલે ખૂબજ ધીમી ગતિએ કર્મ નિર્જરતો, નિર્જરતો જ્યારે કર્મના ભારથી હળવો થાય એટલે પાછો નિગોદમાંથી બહાર નીકળે છે. ફરી પાછા ૨૦૦૦ સાગરોપમનો સમય મળે છે. પાછા એજ રીતના ૪૮ ભવ એ સમયગાળામાં મનુષ્યના મળે છે. એમાં કેટલીયે વાર જીવ ચારિત્ર પણ ગ્રહણ કરે છે. પણ સ્વાધ્યાય-ધ્યાન-કાયોત્સર્ગ દ્વારા જીવ યથાર્થ પુરૂષાર્થ કરતો નથી. તેથી પાછો

૨૦૦૦ સાગરોપમ વર્ષ પૂરા થતાં એકેન્દ્રિય નિગોદમાં ધકેલાઈ જાય છે. પાછો અનંતા વર્ષો સુધી ત્યાં પડ્યો રહે છે ને કર્મ નિર્જરતો નિર્જરતો હળવો થાય એટલે પાછો ૨૦૦૦ સાગરોપમ માટે બહાર આવે છે... એમાં પાછો કેટલીયે વાર ચારિત્ર પણ ગ્રહણ કરે છે...અહોહો...''કાળ અનાદિ અનંતથી ભવભ્રમણનો નહિ પાર.....'' હવે ભગવાનનું આ વાક્ય સમજાણું કે આ જીવે પર્વતના જેટલો ઓઘાનો ઢગલો થાય એટલીવાર ચારિત્ર ગ્રહણ કર્યું છે પણ જીવનો ઉધ્ધાર થયો નથી.

**સ. ૩૨૭ એવા કેટલા ને ક્યાં કર્મ હોય જે અનંતા કાળચક્ર સુધી એકેન્દ્રિયમાં પડ્યા રહી જીવે ભોગવવા પડે ?**

જ.૩૨૭ આપણો સૌથી વધુ પાલો તો એકેન્દ્રિય જીવ જોડેજ પડે છે. ખાવા-પીવા માટે અધધ... એકેન્દ્રિય જીવનો ખાત્મો.... ગરમી હોય તો એ.સી. જોઈએ. ઠંડી હોય તો હીટર જોઈએ. પંખો તો ૨૪ કલાક જોઈએ. બેસુમાર ઈલેક્ટ્રોનિક સાધનો એમાં કેટલો વાયુકાય, કેટલા અપકાય, કેટલા તેઉકાય એકેન્દ્રિય જીવોના ખાત્મો.... હિસાબ લગાવ્યો છે કોઈ દિવસ ? સ્વીમીંગપુલમાં, બાથમાં કેટલાય પાણીકાયનો ખાત્મો... અને પૃથ્વીકાયનો તો કોઈ હિસાબ જ નથી... વનસ્પતિકાયના જીવોનો કેટલો અતિરેક ? ? ? હવે આ બધા કર્મોના ઢગલા આત્મા પર ખડકીને અહીંથી રવાના - હવે ૨૦૦૦ સાગરોપમનો સમય પૂરો થઈ ગયો હશે તો જીવ જશે ક્યાઁ ? એકેન્દ્રિય-નિગોદમાં... ત્યાંતો કોઈ ટાઈમ લીમીટ છે નહી કે, આમુક વર્ષો રહીને જીવ ફરજીયાત ત્યાંથી બહાર નીકળશે ? ? ? અધધ....પાપ કરવામાં લીમીટ નથી રાખી તો અહીં ભોગવવામાં લીમીટ ક્યાંથી રહે ? **જેની પાસે જેટલો કર્મોનો જથ્થો હશે એટલો સમય એ જીવે એકેન્દ્રિયમાં - નિગોદમાં પડી રહી એ કર્મ ભોગવવા પડશે - નિર્જરવા પડશે... એમાંય જે રાચીમાચીને બાંધ્યા હશે... તે નિકાચિત થઈ ગયા હશે. તે ભોગવવા માટે તો હજી જન્મો લેવાના બાકી. એટલે આ એકેન્દ્રિયપણામાં ભોગવાઈ જવા યોગ્ય કર્મ અકામ નિર્જરાથી ભોગવવા માટે અનંતો સમય એકેન્દ્રિયમાં પડયા રહેવું પડે છે.**

**સ. ૩૨૮ અકામ નિર્જરા એટલે શું ? સકામ નિર્જરા એટલે શું ? આ કર્મો ઝડપથી ભોગવી લેવા માટે એટલે કે નિર્જરવા માટે બીજો કોઈ ઉપાય નથી ?**

જ. ૩૨૮ જે કામ તમે તમારી સ્વેચ્છાએ કરો તે સકામ કહેવાય. પરંતુ જે કામ તમારી ઈચ્છાથી નથી કરતા પણ ફરજીયાત પણે કરવું પડે છે તે અકામ કહેવાય. દા.ત. આ વનસ્પતિ આટલા ટાઢ, તડકો, વરસાદ સહન કરે

છે તે કાંઈ પોતાની ઈચ્છાથી કરે છે ? ના... એ તો હવે છૂટકો જ નથી. ફરજીયાતપણે આ બધું સહન કરવાનું જ છે. એટલે આ રીતના જે કર્મો ખપે તે અકામ નિર્જરા કહેવાય. જ્યાં આપણે સ્વેચ્છાએ ઉપવાસ કરીએ. સામાયિક કરીએ એમાં જે કર્મો ઉદીરણામાં આવે તે આપણે પોતે આમંત્રણ આપી બોલાવ્યા છે. આપણે ઉપવાસ કર્યો.... ભૂખ લાગી, ચક્કર આવ્યા, માથું દુઃખ્યું.... આ બધા કર્મોને આપણે સ્વેચ્છાએ બોલાવ્યા છે. એને આપણે જો સમતાભાવે સહન કરીએ તો સકામ નિર્જરા થાય....સકામ અને અકામ નિર્જરામાં એટલો ફરક છે કે અકામ નિર્જરા અતિ ધીમી ગતિએ થાય છે અને સકામ નિર્જરાની રીલ ખૂબજ ઝડપથી ફરે છે. એટલે કે અકામ નિર્જરાથી જેટલા કર્મ ખપાવતાં વર્ષોના વર્ષો સાગરોપમના સાગરોપમ વર્ષો વ્યતીત થઈ જાય છે તેટલા કર્મો સાકમ નિર્જરા દ્વારા ખૂબજ ઓછા સમયમાં ઝડપથી નિર્જરી જાય છે. કહ્યું છે ને કે ''જ્ઞાની શ્વાસોશ્વાસમાં કર્મ ખપાવે અનંત'' અહીં જ્ઞાની એટલે શાસ્ત્ર-જ્ઞાની નહી, અનુભવ જ્ઞાની જેને સમ્યક્દર્શન, પ્રાપ્ત થઈ ગયું છે. આત્માનો અનુભવ પ્રાપ્ત થઈ ગયો છે એવો જ્ઞાની, મન-વચન કાયાથી સમતામાં સ્થિર થઈ પળવારમાં કેટલાય કર્મોનો ભુક્કો બોલાવી દે છે. આજ પુરૂષાર્થ મનુષ્ય જન્મ પામીને કરવાનો છે... સ્વાધ્યાય-ધ્યાન કાયોત્સર્ગ દ્વારા (સ્વાધ્યાય - સ્વનો અધ્યાય, શાસ્ત્ર અધ્યયન નહિ) જો સમતાભાવે સહન કરતાં આવડી જાય તો ખૂબજ ઝડપથી કર્મો ખપાવી જીવ અલ્પભવમાં મોક્ષસુખ ગામી બને છે અને સમતા ભાવે કર્મ ખપાવતા ન આવડ્યુ તો રાગ કે દ્વેષમાં ખેંચાઈ જઈને રાગ કે દ્વેષના કર્મોનો ગુણાકાર કરે છે. એટલેજ તો અનેકવાર ચારિત્ર લીધા છતાં પણ જીવ મોક્ષગામી બનતો નથી. માટે જ તો ભગવાને કહ્યું કે પર્વતના ઢગલા જેટલા ઓઘા લીધાં છતાં જીવનો ઉધ્ધાર થયો નહિ. આપણે પ્રાપ્ત આ મહાન ધર્મની સૂક્ષ્મતાને પામીએ ને આત્મોધ્ધાર કરીએ. જુઓ એજ તો કહ્યું છે.. પ્રદક્ષિણાના દુહામાં...

**સ. ૩૨૯ શું કહ્યું છે પ્રદક્ષિણાના ત્રણ દુહામાં ? ? જરા સવિસ્તાર સમજાવો ?**

જ. ૩૨૯ આપણે ફટ ફટ ત્રણ પ્રદક્ષિણા ફરી લઈએ છીએ પણ એના ગૂઢાર્થમાં જવાનો પ્રયત્ન કરતા નથી. એક એક દુહાનો અર્થ સમજીએ. બીજુ એ પણ જાણી લો કે આ **પ્રદક્ષિણા પ્રતિક રૂપે છે. આપણે પ્રદક્ષિણા ભગવાનની મૂર્તિની આજુબાજુ કરીએ છીએ. જિનબિંબ એ આપણા આત્માનું પ્રતીક છે. ને તેની આજુબાજુ ત્રણ પ્રદક્ષિણા એટલે કે સમ્યક્જ્ઞાન અને સમ્યક્દર્શન**

**માટે પ્રયત્ન કરવો ને સમ્યક્ ચારિત્રમાં સ્થિર થવુ.** હવે જુઓ દુહામાં શું કહે છે :-

(૧) ''કાળ અનાદિ અનંતથી, ભવભ્રમણનો નહિ પાર...
એ ભ્રમણા નિવારવા, પ્રદક્ષિણા દઉં ત્રણ વાર...
ભમતીમાં ભમતાં થકો, ભવભાવઠ દૂર પલાય...
દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પ્રદક્ષિણા ત્રણ દેવાય.....''

આ દુહાની ચર્ચા તો આપણે સ.નં. ૩૨૬માં કરી કે જીવને ૨૦૦૦ સાગરોપમનો સમય પૂરો થતા કેવા અનંતા સાગરોપમ વર્ષો કે કાલચક્રો સુધી નિગોદ-એકેન્દ્રિયમાં ફરજીયાત ચાલ્યા જવું પડે છે. નિગોદનો જીવ એક શ્વાસોશ્વાસમાં ૧૭।। વાર જન્મ મરણ કરે છે. આમ અનાદિ - અનંત કાળથી ભવભ્રમણનો કોઈ પાર જ નથી. (જીવને આ ભવભ્રમણનો થાક કેમ નથી લાગતો તે નવાઈ લાગે છે.) તો આ ભવભ્રમણ ટાળવા માટે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રણ પ્રદક્ષિણા દઉં છું. કેમકે હવે મને આ ભવપરિભ્રમણ ના જોઈએ. જુઓ આગળ....

(૨) ''જન્મ મરણાદિ ભય ટળે, સીજે જો દર્શન કાજ...
રત્નત્રય પ્રાપ્તિ ભણી, દર્શન કરો જિનરાજ.....
જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ હેત...
જ્ઞાન વિના જગ જીવડાં ન લહે તત્વ સંકેત....''

હવે તમે એ સમજી જાવ કે...આ ત્રણ પ્રદક્ષિણા દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપે છે. પહેલી પ્રદક્ષિણા એ છે કે, આત્માના દર્શન માટે, આત્માના અનુભવ માટે સ્વાધ્યાય, ધ્યાન કાયોત્સર્ગ દ્વારા... અથાક્ પ્રયત્ન કરવો. (શાસ્ત્રમાં જ્યાં જ્યાં સ્વાધ્યાયની વાત કરી છે તે સ્વનો અધ્યાય છે. સ્વમાં કયાં શું ઘટિત થઈ રહ્યું છે તે જાણવું ને સમતામાં સ્થિર થવું.) તો પ્રથમ લાઈનમાં કહે છે કે 'સીજે જો દર્શન કાજ' એટલે કે આત્મદર્શન માટે જે પ્રયત્ન કરે ને તે પ્રાપ્ત કરે તેના જન્મ-મરણના ફેરા ટળે છે. માટે હે જીવ...! રત્નત્રય (સમ્યક્ જ્ઞાન-દર્શન ચારિત્ર)ની પ્રાપ્તિ માટે જિનરાજ (આત્મા)ના દર્શન કરો. આત્મ અનુભવ કરવો. **આત્મ દર્શન માટે મન-વચન ને કાયાને સ્થિર કરી ઉદિરણામાં આવેલા કર્મને વેદવા માટે સમતામાં સ્થિર થવું એ જ ક્રિયા છે. ને આ ક્રિયા દ્વારા જે જ્ઞાન મળે છે એટલે કે જે અનુભવજ્ઞાન મળે છે તે જ્ઞાન જ આ સંસારમાં સૌથી મોટું જ્ઞાન છે.** એ જ્ઞાન જેને મળે છે એજ પરમસુખ (મોક્ષસુખ) ની પ્રાપ્તિ કરી શકે છે. જેણે આ અનુભવ જ્ઞાન, આત્માના અનુભવનું જ્ઞાન, નથી મેળવ્યું, આત્મ દર્શન નથી કર્યું એવા

જીવો તત્વનો સાર પામી શકતા નથી. **''જ્ઞાન વગર ક્રિયા નહિ ને ક્રિયા વગર જ્ઞાન નહિ''** એમ જે કહ્યું છે તે આ આત્મઅનુભવ જ્ઞાન અને આ અંતરંગ ક્રિયાની વાત છે. અહીં શાસ્ત્રજ્ઞાનની કે બાહ્ય ક્રિયાની વાત નથી. શાસ્ત્રજ્ઞાન જાણકારી માટે બરાબર છે. પરંતુ આત્મ અનુભવ વગરના શાસ્ત્રજ્ઞાનની કોઈ કિંમત નથી. હવે ત્રીજો દુહો જુઓ :-

(૩) ચય તે સંચય કર્મનો, રિક્ત કરે વળી જેહ...
ચારિત્ર ભાખ્યું નિર્યુક્તિએ વંદો તે ગુણગેહ...
દર્શન-જ્ઞાન-ચારિત્રએ, રત્નત્રયી શીવદ્વાર...
ત્રણ પ્રદક્ષિણા એ કારણે ભવદુઃખ ભંજન હાર...

આ આત્મા પર કર્મોનો જથ્થો અનાદિકાળથી લાગેલો છે તે રીક્ત કરવા (ખાલી કરવા, ખતમ કરવા) માટે જે વ્યક્તિ પ્રયત્ન કરે છે, જે એ કર્મોને ખાલી કરે છે, નિર્યુક્તિ નામના ગ્રંથમાં તેને જ ચારિત્ર કહ્યું છે. ને આ કર્મોનો જથ્થો ખતમ કરવા માટે સ્વાધ્યાય-ધ્યાન-કાયોત્સર્ગ દ્વારા જે પ્રયત્ન કરે છે એવા ગુણિયલને એવા ચારિત્રવાન ને વારંવાર વંદન છે. વળી કહે છે કે આ રત્નત્રયી જ, દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા જ શીવદ્વાર (મોક્ષદ્વાર) સુધી પહોંચી શકાય છે તેજ ભવોભવનું દુઃખ ભાંગનાર છે. એટલે જ એકારણે જ ત્રણ પ્રદક્ષિણા દેવાની છે. આપણે એના હાર્દને સમજ્યા વગર દોડંદોડ પ્રદક્ષિણા દીધે રાખી. પણ એ સમજ્યા નહિ કે આ પ્રદક્ષિણા આપણા જ આત્માની ફરતે આત્મામાં સ્થિર થઈ આત્મઅનુભવ પ્રાપ્ત કરવા રૂપ સમ્યક્દર્શન કરવાનું છે. દર્શન પ્રાપ્ત થતાં જે અનુભવ જ્ઞાન પ્રાપ્ત થયું તે સમ્યક્જ્ઞાન રૂપી પ્રદક્ષિણા છે ને સમ્યક્જ્ઞાન દ્વારા જે આત્મામાં સ્થિરતા થઈ એ સમ્યક્ ચારિત્ર રૂપ પ્રદક્ષિણા દેવાની છે. જેનાથી આપણા ભવ-ભાવઠ દૂર પલાય....

**સ. ૩૩૦ દ્રવ્ય હિંસા અને ભાવ હિંસા વચ્ચે શું ભેદ છે તે સમજાવો ?**

**જ. ૩૩૦** જુઓ રાગથી, દ્વેષથી, ક્રોધથી, માનથી, માયાથી, લોભથી અને પ્રમાદભાવથી આત્માના શુધ્ધ શાંત સ્વભાવનો ઘાત થાય. આ બધાથી આપણા આત્માનો જે શુધ્ધ શાંત સ્વભાવ છે, એનો ઘાત થાય. એ ભાવોને ભાવ હિંસા કહેવાય. પછી જ્યારે ક્રોધને વસ થઈને કોઈને મારીએ-પીટીએ હાની પહોંચાડીએ, કોઈના મનને અત્યંત દુઃખ પહોંચાડે એવી વાણી, એવું વર્તન, એવું બધું કરીએ ત્યારે દ્રવ્ય હિંસા થાય. આમ ભાવ હિંસાએ, દ્રવ્યહિંસાનું કારણ. ભાવહિંસા પહેલા, પછી દ્રવ્ય હિંસા આવે. જુઓ બીજાના પ્રાણનો ઘાત કરવો એ હિંસા. પણ બીજાના

પ્રાણનો નાશ ઘાત એના આયુકર્મના આધારે થાય છે. છતાં પણ બીજાના પ્રાણનો ઘાત કરવામાં નિમિત્ત બનનારને હિંસક કહેવામાં આવે. કેમકે તેને હિંસા કરવાનો વિકાર ભાવ ઉત્પન્ન થયો. આ ભાવ થયો ભાવ હિંસા. હવે જો એનામાં હિંસા કરવાનો વિકાર ભાવ ઉત્પન્ન થાય છતાં એનાથી બીજાનો પ્રાણઘાત ન થાય તો પણ તે હિંસક જ કહેવાય. કેમકે તેની અંદર એ વિકાર ભાવ ઉત્પન્ન થઈ ગયો હિંસા કરવાનો પછી ભલે હિંસા કરી કે ન કરી પણ આ ભાવ હિંસા થઈ ગઈ.એનાથી ઉલટું જો કોઈને હિંસાનો નો ભાવ ન હોવા છતાં તે બીજાના મૃત્યુમાં નિમિત્ત બને અને તેનાથી મૃત્યુ થઈ જાય, તો પણ તે હિંસક નથી પણ જો તે ઘાતમાં પ્રમાદ છે એટલે કે જીવરક્ષા માટે અસાવધાની છે પછી ભલે હિંસાનો ભાવ નથી. છતાં પણ એને હિંસાનું પાપ લાગે. દા.ત.મારો કોઈ જીવને મારવાનો ભાવ નથી પણ હું ચારે બાજુ ડફોળીયા મારતી ચાલું છું. મારો એવો ઉપયોગ નથી કે હું નીચે જોઈને જીવરક્ષા પૂર્વક ચાલુ, અને અનિચ્છાપૂર્વક ઘાત થઈ જાય તો પણ મને હિંસાનું પાપ લાગે. કારણ કે પ્રમાદવશ થઈ, કષાયવશ થઈ કોઈ જીવના દ્રવ્ય પ્રાણ અથવા ભાવપ્રાણનો ઘાત કરવો એનુંજ નામ હિંસા. જુઓ નિશ્ચય નયથી હિંસા કોને કહે છે કે જે પ્રમાદને આધિન થઈ આત્મપ્રાણીના પ્રાણનો વધ કરે, નાશ કરે, બીજા જીવના પરિણામ કલુષિત દુઃખી થાય તો તેની હિંસા તે દ્રવ્ય હિંસા અને આપણે ઉપયોગ ચૂકી પ્રમાદને વસ થયા તે આપણા આત્માનો ઘાત અને તે થઈ ભાવ હિંસા જીવના પોતાના કષાયભાવથીજ હિંસા થાય છે. જીવના પોતાના ચૈતન્ય પ્રાણ હણાય છે. ઉપયોગે ધર્મ એમ જ્ઞાનીએ કહ્યું છે. શુધ્ધ ઉપયોગ જ્ઞાનીએ જેવો જાણ્યો છે. તેવો મારો આત્મા છે. એ લક્ષ ચૂકી જવાય ત્યાં આપણા આત્માની હિંસા થાય. બીજા જીવના પ્રાણ ન દુભાય તો પણ આપણા આત્માનો ઘાત થાય. એ ભાવ હિંસા ''પુરૂષાર્થ સિધ્ધિ ઉપાય'' એમાં આવે છે કે રાગની ઉત્પત્તિ તે હિંસાને રાગની અનઉત્પત્તિ તે અહિંસા ભગવાને કેટલી સુક્ષ્મ દૃષ્ટિએ ભાવહિંસા અને દ્રવ્ય હિંસા સમજાવી છે. એટલેજ અઢાર પાપસ્થાનકમાં 'પ્રણાતિપાત'ને પ્રથમ પાપ કહ્યું છે.

**સ.૩૩૧ ૨૨ અભક્ષ્ય સિવાય બીજા ક્યા પદાર્થ અભક્ષ્ય છે ? અભક્ષ્ય પદાર્થ પેટમાં જવાથી શું થાય છે ?**

**જ.૩૩૧** હોટલમાં રોટી, પુરી, નાન, પરોઠા, પાઉં વગેરેને નરમ નરમ, મુલાયમ બનાવવા માટે તથા કલાકો સુધી તેને તાજી રાખવા માટે લોટને ગુંદતી

વખતે તેમાં સોયાબીન બેજડ લીક્વીડ મેળવવામાં આવે છે. જેમાં ઈંડાની જર્દીવાળા અને પશુની ચરબીવાળા E-322 જેવા પદાર્થ મેળવવામાં આવે છે. દિવસો સુધી બગડે નહિ એટલા માટે કચોરી, સમોસાનું ઉપરનું પડ બનાવવા માટે તથા નમકીન, મીઠાઈઓ, બ્રેડ, બિસ્કીટ વગેરે કેટલીયે બજારૂ ખાદ્યપદાર્થમાં આ "E" શ્રેણીના ઘટક પદાર્થો મેળવવામાં આવે છે. જે પદાર્થોમાં પશુની ચરબી, અંડાની જર્દી, માછલી જેવા જલચર જીવોને મારીને તેના શરીરમાંથી મેળવેલા પદાર્થ હોય છે તે બધા જ પદાર્થો અભક્ષ્ય છે. પેકેજ ફુડના પેકેટ પર બારીક અક્ષરથી E-120, E-153, E-422 એવું લખેલું હોય છે. આ E નંબર્સ વાસ્તવમાં શું છે તે જાણો છો ?

ઈ.સ.૧૯૯૩માં એવો કાયદો બન્યો કે,'માંસાહાર'ના પેકેટ પર લાલ ચિન્હ અને 'શાકાહાર'ના પેકેટ પર ગ્રીન ચિન્હ લગાવવું. પરંતુ સરકારી અધિસુચનામાં પશુપક્ષીના વાળ, શિંગડા, પાંખો, નખ, ચરબી, અંડાની જર્દીની ગણના માંસાહારમાં છે નહિ. એટલે કંપનીઓ પોતાના ખાદ્યપદાર્થોમાં આ બધી વસ્તુનો ઉપયોગ કરવા છતાં લીલું ચિન્હ કરીને બજારમાં વેચે છે. કંપનીઓ આ બધી અશુધ્ધ વસ્તુઓ અંતર્ઘટક (Additives) ના રૂપમાં મિલાવે છે. આ additives ને અલગ અલગ કેટેગરીમાં વિભાજિત કરવામાં આવ્યું છે. જેમ કે કલરીંગ એજન્ટ, કન્વરઝેશન એજન્ટ, એન્ટી ઓક્સીડંટ, ઈમલસીફાયર સ્ટેબીલાઈઝર, થીકનરમ, ફ્લેવર ઈનહેન્સર, ગ્લેઝીંગ એજન્ટ વગેરે વગેરે. આ બધા નામ મોટા હોવાને લીધે ભારત સરકાર આ additives માટે 'E નંબર સિસ્ટમ' લાગુ કરે છે. કોઈ કંપનીઓ પેકેટ ઉપર E નંબર્સ નથી લખતું. પરંતુ કેટેગરીના નામ લખે છે, તેથી ભ્રમ પેદા થાય છે કે આ શાકાહારી હશે કે માંસાહારી? ઈંટરનેટ સાઈટ www.veggielobals.com પર ક્યા ક્યા ઘટક માંસાહારી છે, તેની સૂચી આપેલી છે. માંસ અભક્ષ્ય છે તો જેમાં જેમાં માંસાહાર રહેલું છે તે બધી વસ્તુ અભક્ષ્ય છે. જ્યાં સુધી આપણે મજેથી માંસાહારના મિલાવટવાળી વસ્તુ બે મોઢે ખાતા રહીશું, અને કતલખાનાના ઉત્પાદનનો બહિષ્કાર નહિં કરીએ, ત્યાં સુધી જીવદયાની ગમે તેટલી વાતો કરો, ભાષણો આપો કે કતલખાનેથી પ્રાણીઓને છોડાવો કોઈ ફરક પડવાનો નથી. એ તો આપણે નજર સામે જોઈ રહ્યા છીએ કે, જીવદયા પાછળ આટલો પૈસો ખરચવા છતાં આજથી વીસ વરસ પહેલાં જે કતલખાના હતા તેમાં વધારો થયો છે,

ઘટાડો નહિ. સૌથી પ્રથમ જીવદયા તો આપણે આપણા આત્મા પર જ કરવાની છે. **અભક્ષ્ય ખાવાથી કે માંસાહાર પેટમાં જવાથી શું થાય છે ? અરે...મોટું મહાભિનિષ્ક્રમણ થાય છે. આત્મામાં જે ક્ષમા નામનો, કરૂણા નામનો ગુણ છે, તેનો હ્રાસ થતો જાય છે. હિંસક વસ્તુ આરોગવાથી આત્માધીટ્ઠ થતો જાય છે, નિષ્ઠુર થતો જાય છે.** (આજ સૌથી મોટું પાપ છે) જેમકે તમે તમારી આંખે જોઈ શકો છો કે, આજથી પચાસ વર્ષ પહેલાના આપણા વડીલોથી ભૂલથી એક કીડી મરી જતી તો આંખમાં આંસુ આવી જતા. અને આજે આપણે એમના વારસદારો, અભક્ષ્ય વસ્તુ જેમાં અનંત જીવોની હિંસા રહેલી છે, તેવું ખાઈ ખાઈને આપણો આત્મા એટલો નિષ્ઠુર બની ગયો છે કે, આપણે મચ્છર, અળસિયા, વાંદા જેવા જીવોને બિન્ધાસ્ત મારી શકીએ છીએ... આપણા મા-બાપને આપણે ગમે તેવા શબ્દો બોલીને દુઃખ પહોંચાડી શકીએ છીએ. અને હવે આજના મા-બાપ યાદ રાખજો કે જો તમે તમારી જાતને અને તમારા બાળકોને આ માંસાહાર મિશ્રિત વસ્તુ ખાતા રોક્યા નહિ તો આત્મામાંથી ક્ષમા-કરૂણા નામના ગુણનો હ્રાસ થશે. તેઓ એટલા નિષ્ઠુર બની જશે કે, ભવિષ્યમાં કૂતરા, બકરા, ગાય, ભેંસને મારી નાખતા અચકાશે નહિ. તમારા જ છોકરા તમને લાકડી લઈને મારતાં અચકાશે નહિ. ભવાંતરમાં પણ આ નિષ્ઠુરતા આત્માની સાથે જ લઈને જશે. કદાચ પુણ્યને યોગે રાજા પણ બને, પરંતુ શિકાર કરવામાં આનંદ માણશે. ને સંજ્ઞી (મન સહિત) પંચેન્દ્રિય પ્રાણી સાથેના ભવોભવની વેરની પરંપરા સર્જાશે. વિચાર કરો... આત્મા ક્યાંય નીચે ઉતરી જશે... માંસાહાર જાણ્યે-અજાણ્યે પેટમાં પધરાવીને જે પાપ બાંધશો તે કોને ભોગવવા પડશે ? દુઃખી કોને થવું પડશે ? તમારા આત્માને જ ને ? તમને તમારા જ આત્મા પર દયા નથી આવતી? સૌપ્રથમ જીવદયા તમારા જ જીવની કરવાની છે. તેને આવા અભક્ષ્ય, અનંતકાય અને માંસાહારના પાપથી બચાવવાનો છે. જે પોતાના જ જીવની દયા નથી કરતો તે બીજાના જીવની દયા શું કરવાનો છે ? આ લેખ વાંચીને જો તમારો માંહ્યલો આત્મા જાગી ઉઠે તો આ માંસાહાર મિશ્રિત વસ્તુ ખાવાનો ત્યાગ કરજો. જો ભાવિ પેઢીનું ભલું ઈચ્છતા હો તો બાળકોને પણ સમજાવીને માંસાહાર મિશ્રિત ફુડ લેતા રોકજો.

રોજબરોજ તમારા બાળકોના પેટમાં પધરાવાતી હોય એવી આઈટમ છે.... 5 સ્ટાર, ડેરી મિલ્ક, ઈકલેર્સ, જેમ, મેગી, નૂડલ્સ, બટર,

કુકીજ, ચોકોક્રીમ, કૉફી બાઈટ, બિંગો ટોમેટો ચિપ્સ, ચ્યૂંઈંગમ, ફ્રુટી મેંગો, પાર્લેજી, મોનેકો, મારી જેવા પાર્લે કંપનીના બધા જ બિસ્કીટ, સનફીસ્ટ, નેસલે, પ્રિયા ગોલ્ડ વગેરે કેટલીયે કંપનીના બિસ્કીટ્સ, જ્યુસ, ટોફી, ચોકલેટ, પીઝા, પાસ્તા, સ્પગેટી, મેકરોની, ડબલરોટી જેવી કેટલીયે આઈટમ છે કે જેના નામ ગણાવવા મુશ્કેલ છે. બહેતર છે કે ફુડ પેકેજ પરના E નંબર્સ ચેક કરે. અલગ અલગ કેટેગરીના કેટલાય ઈ-નંબર્સ છે, જેમાં પ્રાણીજન્ય ઘટક રહેલા છે. પૂર્ણ શાકાહારી રહેવા માટે તાજી જાણકારી માટે, હરદમ ખાદ્ય સામગ્રીના લેબલ વાંચતા રહેવું. જો જનસમુદાય આ પ્રત્યે જાગ્રત નહિ થાય તો શારીરિક, માનસિક ને અધ્યાત્મિક પતનની ખાઈમાં ગબડી જશે. આના માટે વ્યક્તિગત ત્યાગને પણ મહત્ત્વ આપવું પડશે.

તમે જે દૂધ અને દૂધની બનાવટો પેટમાં પધરાવો છો, તે માટે ગાય-ભેંસો પર કેવો અત્યાચાર ગુજારવામાં આવે છે. તેના અંશ અહીં રજૂ કરૂં છું. આ બધું જાણ્યા પછી દૂધનો ઉપયોગ પણ બને તેટલો ઓછો કરવાનો છે.

(૧) આજે ભારતમાં વધુમાં વધુ ગાયો-ભેંસોને મશીનથી દોહવામાં આવે છે. દોહ્યા પછી પણ કામદારો મશીન કાઢવાનું ભૂલી જાય છે. આ મશીન ગાયોના સૂકા આંચળોને ખેંચ્યા કરે છે. વિચાર કરો...ગાયોને કેવી વેદના થતી હશે ? (૨) દર વર્ષે ગાયોને કૃત્રિમ રીતે પ્રેગનન્ટ બનાવાય છે. પ્રતિબંધિત ઓક્સિટોસીન જેવા ઈંજેક્શનો આપીને પ્રેગનન્સીના છેલ્લા મહિના સુધી દૂધ ખેંચાય છે. આ પ્રાણીઓ રોજનું ૧૪ લિટર દૂધ આપે તેવી બળજબરી થાય છે. ગાય વધુ અને ઝડપી દૂધ આપે તે માટે હોર્મોનના મોટા ડોઝ અપાય છે. અતાલીમબધ્ધ ડૉક્ટરો, પ્રાણીના યુરીન ટ્રેકમાં ખુલ્લા હાથ નાંખે છે. જે ગાયને સખત દુઃખાવો આપે છે. ઈંજેક્શન માટે ગાય તાબે થાય તે માટે સખત મારવામાં આવે છે. આ ડ્રગને કારણે ગાય સતત ધ્રુજારીનો અનુભવ કરે છે, જે લેબરપેન જેવો હોય છે. ટૂંક સમયમાં ગાયો-ભેંસો કેટલીય બિમારીનો ભોગ બને છે. દર વર્ષે ડેરીઓમાંથી ૨૦ ટકા ગાયોને ગેરકાયદે કતલખાને મોકલાય છે. વાછરડાને એવી રીતે પગ અને મોં બાંધી દેવાય છે કે, તે માતા પાસે દૂધ પીવા જઈ ન શકે કે ભૂખથી ચીસ પણ પાડી ન શકે. ધમપછાડામાં કેટલાય વાછરડા મરી જાય છે. મરવાના વાંકે જીવતા વાછરડાને માંસ માટે કતલખાને મોકલી દેવાય છે. ચામડું

કાઢી લેવાય છે. કેટલાકને જન્મતાં જ મારી નંખાય છે. મુંબઈમાં દર વર્ષે ૮૦ હજાર વાછરડાને મરવા છોડી દેવાય છે. આપણે દૂધ નથી પીતા. પ્રાણીઓના નિસાસા પીએ છીએ. બઝારૂ ચીઝ પનીર બનાવવા માટે તાજા જન્મેલા વાછરડાના આંતરડામાંથી રેનેટ નામનો પદાર્થ કાઢીને મેળવાય છે. ચરબી વગર આઈસ્ક્રીમ બનતો જ નથી માટે આ બધા અભક્ષ્ય બને છે. દૂધની બનાવટો જેવી કે, ચીઝ, પનીર, માખણ, શિખંડ, બાસુંદી, આઈસ્ક્રીમના છોડી શકીએ ?

**સ. ૩૩૨ વહેલી સવારે દેરાસરમાં જે ફૂલવાળો ફૂલ લઈને આવે છે તે વાસી ફૂલ હોય છે, તો તે ભગવાનને ચડાવાય ?**

જ. ૩૩૨ પહેલાનાં સમયમાં ભગવાનને કેવા ફૂલ ચડાવવા તે માટે આ નિયમ હતો કે... સાંજના સમયે ફૂલના છોડ નીચે કપડું પાથરી દેવામાં આવતું અને જે ફૂલ એની જાતે ખરી પડે તે ફૂલ સવારે ભગવાનને ચડાવવામાં આવતા. એ નિદોર્ષ ફૂલ ભગવાનના ચરણોમાં અર્પણ કરાતું હતું એ સુવાસને લીધે દેરાસરમાં દેવ-દેવીઓની હાજરી રહેતી. પહેલા ફૂલોની માંગ પણ ઓછી રહેતી તેથી નિર્દોષ ફૂલો મળી રહેતા. આજે બોમ્બે જેવા શહેરોમાં પરિસ્થિતિ આખી ઉંધી થઈ ગઈ છે. તેથી નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખીને યોગ્ય લાગે તેમ કરવું.

(૧) સવારે દેરાસરમાં ફૂલવાળો જે ફૂલ લઈને આવે છે તે છોડ પરથી ચૂંટેલા ફુલો હોય છે. તે પૂર્ણ ખિલેલા ફૂલો નથી ચૂંટતા પણ કળીઓ ચૂંટી લે છે. અશુધ્ધિવાળી બહેનો પણ આ ફૂલ ચૂંટવામાં સાથે હોય છે.

(૨) આ પૈસા લક્ષી દુનિયામાં એક જ ફૂલ પર બે-કે ત્રણવાર પૈસા કમાવાય છે. કબ્રસ્તાન પર ચઢેલા કે શોભા-શણગાર કે સન્માન માટે વપરાયેલા, પણ સારી કંડીશનમાં રહેલા ફૂલોને એકત્રિત કરી એને અમુક પ્રકારના કેમીકલમાં રાખવામાં આવે છે. જેથી ત્રીજે દિવસે પણ એ તરોતાજા દેખાય છે. જે મંદિરો વગેરેમાં ત્રીજે દિવસે વહેંચાય છે. માટે આ બધી બાબતોમાં ખૂબજ ચોકસાઈની જરૂર છે. બીજી એક વાત પણ ધ્યાનમાં રાખો પહેલાનાં સમયમાં ઘરો છૂટાછવાયા હતા અને ચારેબાજુ ખૂબજ વનરાજી હતી. ને વૃક્ષોમાંથી એટલા બધા ફૂલો નીચે ખરતા કે જમીન ઢંકાઈ જતીને જમીન પર ફૂલોના ઢગલા થઈ જતા. તેમાથી સુગંધિત અને અખંડ (ઉંદર વગેરે જીવજંતુ કે જનાવરે કરડ્યા ન હોય તેવા) ફૂલો લઈ લોકો પૂજા કરતા. જે ફૂલો આમ પણ ખરી ગયેલા જ હતા. એટલે તો દૂહામાં કહ્યું કે **''સુરભી અખંડ કુસુમ ગ્રહી''**

જ્યારે જે પ્રમાણે અનુકૂળતા હતી તે પ્રમાણે રચનાઓ થઈ. આજે તો સિમેન્ટના જંગલો થઈ ગયા છે. ને ફૂલોના વૃક્ષો તો જોવાય નથી મળતા. તો સમજો ફૂલોને ઝાડપરથી ચૂંટવાના નથી કહ્યાં... નીચે પડેલામાંથી વીણવાના છે.

**સ. ૩૩૩ ફૂલ તો આમેય એક-બે દિવસમાં મરી જ જવાનું છે, તો પછી તોડીને ભગવાનને ચઢાવવામાં શું વાંધો છે ? એને તો ઉંચુ સ્થાન મળે છે ને ? કોઈ ભિખારીને સમ્રાટને મિલાવીએ તો તે ખુશ થાય કે નહીં ?**

જ. ૩૩૩ જીવ એકેન્દ્રિય હોય કે પંચેન્દ્રિય, દરેકને પોતાનું જીવન એટલું જ વહાલું છે. જીવન ટૂંકુ હોય કે લાંબુ મરવું કોઈનેય નથી ગમતું. કોઈ અતિશય બિમાર, દુ:ખથી કણસતું દર્દી હોયને ડૉક્ટરે કીધું હોય કે 'હવે આ ચાર-પાંચ કલાકથી વધારે નહીં જીવે, છતાં પણ એના કુદરતી મોત પહેલાં આપણે એને મારી નથી નાંખતા. ભગવાન મહાવીરસ્વામી એ બધા જ જીવને એક સરખી જ મહત્તા આપી છે. તો પછી ફૂલ માટે એમ કેમ વિચારવાનું કે એ તો એક-બે દિવસમાં મરવાનું જ છે, માટે તોડી નાંખો.' જો કોઈ ભીખારીને તમે શહેનશાહને મિલાવો તો એને જરૂર ખુશી થશે, પણ એના હાથ-પગ તોડીને શહેનશાહને મિલાવો તો એ ખુશ થશે કે દુ:ખી થશે ? એ તો કહેશે ભાઈ મારે હાથ-પગ તોડીને શહેનશાહને નથી મળવું, મારે માટે તો આ ફૂટપાથ સ્વર્ગ છે. મને એમનેએમ શહેનશાહને મિલાવતા હોય તો હું રાજી છું. તેમ દોષિત નહીં પણ નિર્દોષ ફૂલ ભગવાનને ચઢાવતા હો તો ફૂલ રાજી છે.

**સ. ૩૩૪ રાજા કુમારપાળે આગલા ભવમાં ફક્ત પાંચ કોડીના ફૂલડે ભગવાનને પૂજ્યા હતા. તેના ફળ સ્વરૂપે તેઓ અઢાર દેશના રાજા બન્યા, તો આપણે તો દરરોજ આટલા રૂપિયાના ફૂલ ચડાવીએ છીએ તો...કેટલું પુન્ય ?**

જ. ૩૩૪ **રાજા કુમારપાળની વાતમાં નતો પાંચ કોડીનું મહત્વ હતું કે ન તો ફૂલનું મહત્વ. મહત્વ હતું એનું સર્વસ્વ અર્પણ કરી દેવાની ભાવનાનું.** જરા એનો આગલો ભવ જાણો એટલે વાત તમારા મગજમાં બેસસે. કુમારપાળ રાજા એના આગલા ભવમાં નરવીર નામનો લૂંટારો-ડાકુ હતો. એક વખત ધનદત્ત નામના માળવાના મોટા વેપારીના ધનથી ભરેલા ગાડાંને ગાડાં લૂંટી લીધા. એનું વેર વાળવા માટે ધનદત્તે માળવાના રાજાનું લશ્કર લઈ નરવીરની પલ્લીને ઘેરી લીધી. બંને વચ્ચે લડાઈમાં નરવીરનાં બધા માણસોને તેની ગર્ભવતી પત્ની પણ હણાઈ ગઈ. નરવીર એકલો ભાગી છૂટયો. નિ:સહાય નરવીર ચિંતા કરતો બેઠો હતો ત્યાંથી

સાધુગણ પસાર થાય છે. તેમના આચાર્ય શ્રી યશોભદ્ર સૂરી ને નરવીરને જોઈ દયા આવી. નરવીર બધી હકીકત જણાવે છે. **આચાર્યશ્રી એને ફરી એવું પાપ નહી કરવાને સજ્જન બની રહેવાનો ઉપદેશ આપે છે** ને બાજુમાં એકશીલા નગરીમાં જવા માટે જણાવે છે. નરવીર ત્યાં પહોંચ્યો ત્યારે એક હવેલી આગળ મોટું ટોળું ઉભું હતું ત્યાં ઓઢર નામના શેઠનું સદાવ્રત ચાલતું હતું. શેઠ અજાણ્યા માણસને વિચારોમાં ઉભેલો જોઈ જમી લેવા કહ્યું. પણ નરવીર કહ્યું **'કાંઈ કામ બતાવો તો કામના બદલામાં જમીશ, મફતમાં નથી જમવું.'** આવો પ્રમાણિકતાનો જવાબ સાંભળી ઓઢર શેઠે એને ઘરમાં કામ કરવા રાખી લીધો. થોડા દિવસો બાદ શ્રી યશોભદ્રસૂરિ વિહાર કરતા એકશીલા નગરી પધાર્યા. નરવીરે ઉપકારી ગુરૂને ઓળખી લીધાને રોજ વ્યાખ્યાન સાંભળવા જવા લાગ્યો. તે જાણી ઓઢર શેઠ ખુશ થયાને તે પણ સાથે જવા લાગ્યા. સૂરીદેવીની પ્રેરણાથી ઓઢર શેઠે મહાવીરસ્વામીનું ભવ્ય જિનમંદિર બંધાવ્યું. ચોમાસામાં બંનેએ ઘણી આરાધના કરી. સંવત્સરીના દિવસે બધાની સાથે નરવીર પણ ઉપવાસ કર્યો. પૂજા કરવા ઓઢર શેઠની સાથે જાય છે. શેઠ પોતાની સામગ્રી વાપરે છે. **નરવીર પોતાની બચાવેલ પાંચ કોરીથી ફૂલ ખરીદી ભગવાનને હર્ષોલ્લાસથી ચઢાવે છે.** પારણાના દિવસે બધા ખૂબ આગ્રહ કરી પારણું કરાવે છે. નરવીરના પેટમાં પીડા ઉપડે છે. પીડા વધતી જાય છે. શેઠ નરવીરને અંતીમ આરાધના કરાવે છે. નવકાર સાંભળતા સાંભળતા નરવીર અવસાન પામે છે. મરીને ત્રિભુવનપાળાના પુત્ર તરીકે જન્મે છે. તે જ પુણ્યશાળી રાજા કુમારપાળ.

હવે તમે વિચારો કે નરવીર પાસે ટોટલ મુડી જ પાંચ કોરીની હતી. ત્યારે તેણે એ ન વિચાર્યું કે આમાંથી બે કોરીના ફૂલ લઉં ને ત્રણ કોરી મારા માટે રાખું. કાલે જરૂર પડશે તો હું શું કરીશ? એના બદલે એને એવા ઉત્કૃષ્ટ ભાવ જાગ્યા કે એની પાસે જે કાંઈ હતું તે તેણે સર્વસ્વ ફૂલના રૂપમાં અર્પણ કરી દીધું. એના લીધે એનો એવો ઉત્કૃષ્ટ કર્મનો બંધ પડ્યો કે તે અઢારદેશનો રાજા બન્યો. **અહીં મહત્વ ફૂલનું નથી, એણે ફૂલને બદલે બીજું કાંઈ લીધું હોત તોય એના પુણ્યબંધમાં કાંઈ ફરક ન પડત કેમકે વાતતો અહીં સર્વસ્વ અર્પણ કરવાની છે. છે આવા સર્વસ્વ અર્પણ કરી દેવાના ઉત્કૃષ્ટ ભાવ તમારા? તમારી સ્થાવર-જંગમ જે કાંઈ પાંચ-પચ્ચીસ કરોડની મિલ્કત હોય તો સર્વસ્વ પ્રભુને અર્પણ કરી દેવાની ભાવના છે તમારી પાસે?** પછી તે ફૂલના રૂપમાં અર્પણ કરો કે કોઈ પણ

રૂપમાં... પણ એ વિચાર આવશે કે નહીં કે 'હું બધું આપી દઈશ તો કાલે ક્યાં રહીશ?' શું ખાઈશ? નરવીરને એવો કોઈ વિચાર આવ્યો? એને આની દ્વારા કોઈ પુણ્ય કમાવાની પણ ભાવના હતી? કેટલું નિર્દોષ-સ્વચ્છ સમર્પણ હતું? એના પાંચ કોરીના ફૂલમાં ને તમારા ૫૦૦૦ રૂા. ના ફૂલમાં શું ફરક છે તે હવે ખબર પડી? કરી દો...તમેય તમારૂં સર્વસ્વ અર્પણ ઉત્કૃષ્ટ ભાવથી તમારી ગાડી-બંગલો ફ્લેટ-બેંક બેલેંસ બધુજ જે ૫-૨૫ કરોડનું હોય તે, તો અઢાર શું? અઢારસો દેશ પામશો... પણ નરવીર જેવા ભાવ ક્યાંથી લાવશો?

**સ. ૩૩૫ આપણે ઘરમાં તો વનસ્પતિ જીવોની હિંસા કરીએ છીએ શાકભાજી વગેરે એકેન્દ્રિય જીવો જ છે ને? તો પછી ભગવાનને ફૂલ ચઢાવવામાં થોડી હિંસા વધારે થાય તો શું વાંધો છે?**

જ. ૩૩૫ શ્રી મહાવીરસ્વામીનો ધર્મ એમ નથી કહેતો કે તમે એક પાપ કરો છો તો તેનું ઉદાહરણ લઈને બીજું કરો...બીજાનું ઉદા. લઈને ત્રીજું કરો. **શ્રી મહાવીરસ્વામી કહે છે કે 'જીવન ટકાવવા માટે ખાવું તો પડશે. ને ખાસો એટલે જીવહિંસા થવાની જ છે. પણ એવું ખાઓ કે જેમાં ઓછામાં ઓછી જીવહિંસા હોય..** દા.ત. કેળાની આખી લૂમમાં એક જીવ છે ને એક છાલના જીવ... બે કેળા ખાવાથી પેટ ભરાઈ જાય છે તો ખાવાની છૂટ આપી જ્યારે સીતાફળમાં ખાવાનું ઓછું ને ફેંકી દેવાનું વધારે ને જેટલા બીયાં એટલા જીવને એક છાલનો જીવ.... તેથી તેને તુચ્છ ફળ કહીને વર્જ્ય ગણ્યું. જ્યારે બટાટામાં અનંતાઅનંત જીવોની હિંસા હોવાથી તેને પણ વર્જ્ય ગણ્યું. આમ શ્રાવકે પણ સંસારમાં ઓછામાં ઓછી હિંસાથી કેમ જીવવું તેનો વિવેક રાખવાનો છે... નહીં કે આ હિંસા કરીએ છીએ એટલી પેલી પણ કરો.... તો તો હિંસાનો છૂટો દોર મળી જાય. કહેવાનો મતલબ એ છે કે શાકફળમાં વનકાય જીવોની હિંસા કરો છો એટલે ફૂલો પણ બિન્ધાસ્ત તોડો ને ચડાવો એવો હિસાબ નથી. લગાવવાનો એને વિવેક ન કહેવાય. ક્રિયાધર્મમાં વિવેક રાખવો ખૂબ જ જરૂરી છે.

**સ. ૩૩૬ આપણા પૂર્વાચાર્યો તો ખૂબ જ્ઞાની હતા, જાણકાર હતા...તો તેમણે આ પૂષ્પપૂજાને મહત્વ કેમ આપ્યું?**

જ. ૩૩૬ પુષ્પપુજાના બે કારણો ધ્યાનમાં આવે છે. (૧) ફૂલોને લીધે તેની સુવાસને લીધે, દેરાસરમાં ભક્તિ કરવા આવેલા દેવ-દેવીઓની હાજરી રહે છે. આપણી જેમ અમુક પ્રકારના દેવ-દેવીઓ પણ ભક્તિ માટે દેરાસરમાં આવે છે. તેઓ પૃથ્વીની દુર્ગંધ સહન કરી શકતા નથી. પૃથ્વીથી

અમુક યોજન દૂર જ રહે છે. પણ પ્રભુભક્તિ માટે આકર્ષાઈને આવે છે. તો દેરાસરમાં સુગંધિત ફૂલો હોય તો એની સુવાસથી દુર્ગંધ ઓછી થાય છે. ને દેવો ભક્તિ કરી શકે છે. બીજું કારણ છે આપણને પાંચમાં આરાના છેવટના સંઘયણ વાળા માણસોને આવા કંઈક અવલંબનની જરૂર છે. તેથી નિર્દોષ ફૂલોનું અવલંબન આપ્યું પણ આપણે અતિરેક કર્યો ને દોષિત ફૂલોને ખૂબ મહત્વ આપી દીધું. વિવેક ને ખોઈ બેઠા... વિવેક એજ ધર્મ છે તે યાદ રહે. (૨) ક્યારેક આ ક્રિયા દરમ્યાન ભગવાન પ્રત્યે અહોભાવ, ભક્તિભાવ કે સમર્પણનો ઉત્કૃષ્ટ ભાવ આવી જાય છે. તો આ બંને કારણો માટે એકતો નિર્દોષ ફૂલ ચઢાવવાના છે. દોષિત નહિ. એમાં પણ વિવેક રાખવાનો છે. એક-કે બે ફૂલ. ઢગલાને ઢગલા નહિ. વળી તમારા મનને, તમારી જાતને ચેક કરતા રહો કે આ ફૂલ ચઢાવવાથી મારામાં સમર્પણનો કોઈ ઉત્કૃષ્ટ ભાવ પેદા થાય છે ? **જેમાં નફો ન થતો હોય એવો ધંધો વેપારી પણ છોડી દે છે. દરેક ક્રિયામાં વિવેક ખૂબજ જરૂરી છે.**

**સ. ૩૩૭ શાસ્ત્રમાં તો આવે છે કે નાગકેતુ ભગવાનની પુષ્પ પૂજા કરતાં કરતાં કેવળજ્ઞાન પામ્યા...**

જ. ૩૩૭ નાગકેતુ માટે પુષ્પપૂજા એ કેવળજ્ઞાન પામતા પહેલાનું છેલ્લું નિમિત્ત હતું. કેવળજ્ઞાન મેળવવા માટેની તો એની કેટલાય જન્મોની સાધના ને પુરૂષાર્થ હોય છે. આતો એવું બને છે ને કે રૂનો ઢગલો આખો તૈયારજ હોય છે. પછી તેને બાળવા માટે છેલ્લે એક ચીનગારી લગાવીએ ને એ દેખાય છે. (રૂનો ઢગલો ક્યાં દેખાય છે ?) ને ચીનગારીનું જ અનુકરણ કરવા લાગી જઈએ છીએ. નિમિત્ત તો કાંઈ પણ બની શકે,..... બાહુબલીને કેવળજ્ઞાન માટે શું નિમિત્ત બન્યું ? નાના ભાઈસાધુઓને વંદન કરવા પગ ઉપાડ્યો ને કેવળજ્ઞાન... બસ એટલું જ સમજીએ છીએ ને આપણે ? બાહુબલીએ એક વર્ષ સુધી એક આંગળી પણ ન હલે એવી સ્થિરતાથી સાધના કરી કર્મોના ભૂક્કા બોલાવ્યા હતા...માથે ચકલાએ માળો ક્યારે બાંધ્યો હોય ? જરાક માથું હલે તો ચકલાં ઉડી જાય. આવી ઉત્કૃષ્ટ સાધના...એટલેકે આખો રૂનો ઢગલો તૈયાર કર્યો એ દેખાય છે ? ના...આપણને તો પગ ઉપાડ્યોને કેવળજ્ઞાન થયું, એટલી ચીનગારી...અંતીમ નિમિત્ત જ દેખાય છે. પણ એવું નથી હોતું...અર્ણિકા પુત્ર આચાર્યને જૂઓ... ગંગાનદી પાર કરતાં દેવીએ તેમને ત્રિશૂળમાં વીંધ્યા...ગરમ લોહીના ટીપાં પાણીમાં પડતાં તેઓ વિચારે છે...''અરેરે...

મરતાં મરતાં પણ હું કેટલા બધા જીવોને મારી રહ્યો છું. મારા ગરમ લોહીના ટીપાંથી ઠંડા-કાચા પાણીના કેટલા જીવો હણાઈ રહ્યા છે. આ કરૂણાના આંશું ને મોક્ષની પ્રાપ્તિ...'' જાણો છો આ મોક્ષની પ્રાપ્તિ માટે એમની પહેલાની કેટલી સાધના હશે ? કેવા કેવા કર્મોની નિર્જરા કરી હશે ? આતો એક તણખલા જેટલું બાકી હોય... તેને માટે નિમિત્ત કાંઈપણ બને... એનું અનુકરણ ન હોય... એનું મહત્વપણ ન હોય... શું આપણે અર્ણિકાપુત્ર આચાર્યનું અનુકરણ કરી શું ? ના... નાગકેતુનું અનુકરણ કેમ ? કેમકે આપણને એ અનુકૂળ છે. આપણને જે અનુકૂળ હોય તેનું જ આપણે અનુકરણ કરીએ છીએ. પરંતુ દરેક વસ્તુ માટે ઉંડાણમાં જઈ તથ્ય શોધવું જરૂરી છે. સમજ કેળવવી જરૂરી છે.

**સ. ૩૩૮ ફૂલ ભગવાન પર ચઢે છે તે ભવિ બને છે તે સાચું નથી ?**

જ. ૩૩૮ ના બેન... જીવ ભવિ કે અભવિ તે તો નિગોદમાં જીવ હોય ત્યારે જ તેનો સ્વભાવ નક્કી જ હોય છે. તે પોતાના સ્વભાવ સાથેજ બહાર આવે છે. ફક્ત ભવિ થઈ જવાથી શું થઈ ગયું ? અરે ભવિ જીવ હોય ને નિગોદમાંથી નીકળી વ્યવહાર રાશીમાં આવ્યો હોય (આપણી જેમ) છતા પણ જો પુરૂષાર્થ કરી મોક્ષ ન પામે તો ૨૦૦૦ સાગરોપમનો સમય પૂરો થતાં પાછો નિગોદ કે એકેન્દ્રિયમાં ચાલ્યો જાય... એટલે ભવિ થઈ ગયા એટલે જગજીતી ગયા એવું નથી. જીવ ભવિ હોય કે અભવિ બંને માટે નિગોદમાંથી બાર નિકળ્યાં પછી ટાઈમ લીમીટ તો ૨૦૦૦ સાગરોપમ જ છે. એ સમયમાં પુરૂષાર્થ કરી મોક્ષ પામ્યા તો ઠીક છે નહી તો કંપલસરી જીવ એકેન્દ્રિય (પૃથ્વી-પાણી-તેઉ-વાયુ-વનસ્પતિ) કે નિગોદમાં ચાલ્યો જાય. તો આપણે અભવિ જીવની વાત કરીએ તો **અભવિજીવ ચારિત્રપણ ગ્રહણ કરે, નવગ્રૈવેયકના દેવ સુધી જન્મ ધારણ કરે, પણ તેનો મોક્ષ કદી પણ ન થાય.... કેમકે એને પોતાને મોક્ષ માટેની અંદરની ઈચ્છા ક્યારે પણ ન થાય. ભલે એના ઉપદેશથી અન્ય ભવિ જીવ કદાચ મોક્ષ પામી જાય પણ એ પોતે કેટલીપણ વાર ચારિત્ર ગ્રહણ કરે છતાં પણ મોક્ષ ન થાય...**જો તમે આ મહાવીરની કહેલી ને ગણધરોએ ગુંથેલી શાસ્ત્રની વાત સમજી શકો તો એ ચોક્કસ સમજી શકશો કે જે જીવ સ્વભાવથીજ અભવિ છે જે જીવ કેટલીયેવાર ચારીત્ર ગ્રહણ કરવા છતાં પણ ભવિ જીવ નથી બની શકતો એવા અભવિ જીવ (ફૂલ વગેરે) મૂર્તિ પર મૂકવાથી ભવિ જીવ બની જશે ? જે ફૂલનો જીવ ભવિ છે તે તો ભવિ જ રહેવાનો છે તેને મૂર્તિ પર મૂકો કે ન મૂકો. માટે ભવિ અને

અભવિ તે જીવને સ્વભાવગત છે. ભવિ કદી પણ અભવિ નથી બનતો ને અભવિ કદી પણ ભવિ બની શકતો નથી. આ સિધ્ધાંત છે. વળી આપણે તો ફૂલને ઝાડ પરથી તોડીને ચઢાવીએ છીએ.... એના પ્રાણ પંખેરૂ હણી લઈને ચઢાવીએ છીએ. મારા પ્રાણપંખેરૂ હણી લઈને મારામડદાને મૂર્તિ પર ચઢાવી દેશો તો હું અભવિ હોઈશ તો ભવિ બની જઈશ ? ? ને કોને ચઢાવો છો ? જેણે સચિત વસ્તુનો ત્યાગ કર્યો છે એનાજ ખોળામાં સચિત વસ્તુનો ઢગલો ? વળી પાછું મનમાં અહમ્ કરવાનો કે મેં ફૂલો ચડાવ્યા ભગવાનને એટલે મેં એને ભવિ બનાવી દીધા ? વાહ માનવ વાહ ? તને તો માનવ જન્મ મળ્યો છે, અનુકૂળ સંજોગો મળ્યા છે તો પણ તું સ્વાધ્યાય - ધ્યાન મૌન અને કાયોત્સર્ગની સાધના નથી કરતો. પોતાની જાત પર તો ઉપકાર નથી કરતોને ફૂલનું જીવન છીનવી લઈ એને ભવિ બનાવવા નિકળ્યો છે ? એ તો સ્વભાવત જે છે તે જ છે. ભવિ જીવ છે તો ભવિ ને અભવિ જીવ છે તો અભવિ... ભવિ જીવને કોઈ અભવિ ન બનાવી શકે. અભવિને કોઈ ભવિ ન બનાવી શકે. ને ભવિ જીવ બધા મોક્ષે જતાજ રહે એવું પણ નથી. માટીનો ઘડો બને પણ બધીજ માટીના ઘડા બની જાય તેવું નથી. માટે ફૂલને તમે તોડશો મરોડશો, ભગવાનને ચઢાવશો. માથામાં સજાવશો કે પગ નીચે કચડશો જે ભવિ છે તે ભવિ જ રહેશે. જે અભવિ સ્વભાવગત છે તે અભવિ જ રહેશે.

**સ. ૩૩૯ અભવિ આત્મા, અર્થાત્, મહાઅશુભ કર્મોનો કર્તા એવો આત્મા કાળે કરીને અજીવ બને છે ? કે કાયમ પરિભ્રમણ કરે છે ? અથવા શાશ્વત કાળ માટે અભવિ તરીકે ચોક્કસ યોનીમાં રહે છે ?**

જ. ૩૩૯ ભાઈશ્રી... કોઈપણ જીવ ક્યારે પણ, કેટલો પણ કાળ વીતે છતાં પણ જીવ કદી અજીવ બનતો નથી. અજીવ કદી જીવ બનતો નથી. અભવિ જીવ શાશ્વતકાળ માટે કોઈ ચોક્કસ યોનિમાં રહેતો નથી. એ કાયમ પરિભ્રમણ કરે છે. પહેલા તો તમે અભવિ આત્માની જે વ્યાખ્યા કરી છે તે યોગ્ય નથી. અભવિ આત્મા, અર્થાત મહા અશુભ કર્મોનો કર્તા એવું નહિ. ગમે તેવા અશુભ કર્મોનો કર્તા જીવ હોય તે પોતાના કર્મની નિર્જરા કરીને કર્મને ખપાવીને સિદ્ધ થઈ શકે છે. મોક્ષે જઈ શકે છે. ભવ્ય જીવ એટલે સિદ્ધ થવાની યોગ્યતા વાળા અને અભવ્ય એટલે સિદ્ધ થવાને અયોગ્ય જીવ. જેમ માટીનો ઘડો બને પણ રેતીનો ન બને... તેવી જ રીતે ભવ્ય-અભવ્યમાં સ્વભાવથી જ ભેદ છે. અભવિ આત્મા

મોક્ષની વાતો કરે. મોક્ષને સમજાવે, મોક્ષના ઉપાયો બતાવે પણ અંતરથી કદી મોક્ષને ઈચ્છે નહિ. દેવલોકના સુખ મેળવવા, અભવિ આત્મા દીક્ષા લે કે ભયાનક કષ્ટ પણ વેઠે, પણ મોક્ષને માને નહિ. અભવ્ય આત્માની પરિણીતી અત્યંત કઠોર હોય, તેની આંખમાં કરુણાના, અનુમોદનાના કે પશ્ચાતાપના આંસુ ન આવે. તે નિર્દય, કઠોર, નઠોર હોય. અભવ્ય જીવો પણ શ્રાવકના ને સાધુના વ્રત અંગિકાર કરે. સૂત્ર સિદ્ધાંત જાણે, એમના ઉપદેશથી બીજા તરી જાય, પોતે બાહ્યકરણી પણ ઘણી કરે, છતાં તેઓને સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્રની પ્રાપ્તિ થતી જ નથી. તેથી જ્ઞાનીની દૃષ્ટિએ તો તેઓ અજ્ઞાની ને મિથ્યાત્વી જ છે. અભવિ જીવો પણ સાધુના વ્રત પાળી નવમી ગ્રૈવેયકના દેવલોકના સુખ ભોગવવા જઈ શકે છે... પરંતુ અભવિ જીવમાં પરાત્મશક્તિની પ્રગટતા કેવળ જ્ઞાનરૂપે કદી નહીં થાય. એ જીવ અનંતો અનંતો કાળ સંસાર પરિભ્રમણ કર્યા જ કરશે.

**સ. ૩૪૦ દેરાસરમાં 'સ્ત્રી-પુરૂષનો સંઘટ્ટો ટાળો' એમ બોલતાં હોય છે...તે તો મહારાજ સાહેબ માટેને આપણે શું ?**

જ. ૩૪૦ મહારાજ સાહેબ માટે તો કાયમ માટે સર્વથા સ્ત્રી પુરૂષનો સંઘટ્ટો વર્જ્ય છે. પરંતુ આપણા માટેના પણ નિયમો જાણી લો. પ્રભુજીની સમક્ષ પુરૂષોએ પ્રભુજીની જમણી બાજુ અને સ્ત્રીઓએ ડાબી બાજુ ઊભા રહેવું જોઈએ. દેરાસરમાં પુરૂષોને સ્ત્રીઓ વચ્ચે ઓછામાં ઓછું એક હાથનું અંતર રહેવું જોઈએ. નહીં તો અબ્રહ્મનું પાપ લાગે છે. એકબીજાના વસ્ત્રો પણ અડવા જોઈએ નહીં. પોતાની સ્ત્રી હોય છતાં પણ જોડાજોડ બેસીને ચૈત્યવંદન કરાય નહીં. દેરાસરમાં પુરૂષોને નિયત જગ્યાએ તથા સ્ત્રીઓએ સ્ત્રીઓની નિયત જગ્યાએ બેસીને ચૈત્યવંદન કરવું જોઈએ. નહીં તો એક હાથનું અંતર રાખવું જોઈએ. એમ નહીં કરવાથી બ્રહ્મચર્યની અમુક વાડનો ભંગ થાય છે. શાંતિ કળશ વખતે સ્ત્રી પુરૂષે સાથે હાથ પર હાથ રાખી કળશ ધરાય નહીં. બ્રહ્મચર્ય માટેની કલ્યાણકારી મર્યાદાનું ઉલ્લંઘન થાય છે. ઘણાને આ બધું મગજમાં બેસશે નહીં. પણ આનું કારણ જાણશો એટલે સમજમાં આવી જશે.

દરેકે દરેક મનુષ્ય કહો કે, તિર્યંચ કે ઝાડ પાન દરેક સજીવને પોતાનું આભામંડળ હોય છે. તેને ઈલેકટ્રોબોડી કે તેજોવલય કહે છે. તે પાંચ પ્રકારના શરીર પૈકી તમારૂં તૈજસ શરીર છે. તમારી ભાવના પ્રમાણે તેમાં રંગો બદલાય છે. જે ખૂબ જ ચારિત્રવાન, પવિત્ર, સકારાત્મક,

ઉચ્ચ ભાવના ધરાવતા જીવોમાં અતિશય, સુંદર, ઘટ્ટ હોય છે. ને હલકા-તુચ્છ વિચારો ધરાવતા , માયા-કપટ, કામુકતા, દુર્ભાવનાવાળા જીવોમાં આભામંડળ નીલ કપોત કૃષ્ણ લેશ્યાવાળા રંગો ધરાવતું ને તીરોહીત્ત હોય છે. તે તમારા શરીરની ફરતે લગભગ એક હાથ જેટલું વિસ્તરેલું હોય છે. ઉચ્ચ કક્ષાના જીવોમાં લગભગ ત્રણ હાથ જેટલું વિસ્તરેલું હોય છે. તમે જ્યારે સ્ત્રી-પુરૂષ નજદીક આવો છો ત્યારે એકબીજાનું આભામંડળ એક-બીજાને ટચ થઈ જાય છે. ને એકબીજાના ભાવોની, દુર્ભાવોની, કામુકતાની આપ-લે થઈ જાય છે. જે તમને ખબર પણ નથી હોતી.

હવે તમને ખ્યાલ આવ્યો હશે કે સ્ત્રી-પુરૂષ વચ્ચે અંતર રાખવાનું શું કારણ છે ? તેવી જ રીતે ભગવાનને દૂધ કે પાણીનો અભિષેક કરતી વખતે સ્ત્રીઓ તથા પુરૂષે અલગ અલગ કળશ લેવો જોઈએ. એક જ કળશથી સ્ત્રી-પુરૂષ સાથે કળશ લઈ પ્રક્ષાલ કરે તો એકબીજાના હાથ-આંગળા અડી જવાથી અબ્રહ્મનું પાપ લાગે છે. દેરાસરમાં એકબીજાને અડકાય તો નહીં પણ સ્ત્રી-પુરૂષે દૃષ્ટિ પણ મેળવાય નહીં. આ છે દરાસરની મર્યાદા...એ મર્યાદાનું ઉલ્લંઘન કરાય નહીં. જેવા તમે બાહર, જેવા તમે ઘરમાં તેવા જ અહીંયા તો અહીં આ આવવાની શું જરૂર છે ? તમે જાણો છો ને કે જે તીર્થયાત્રા બીજે કરો ને તે જ પાલીતાણાની કરો તો સોગણું પુણ્ય મળે. તો એ પણ જાણી લો કે જે પાપ બીજે કરો ને તે પાપ દેરાસરમાં કરો તો સોગણું પાપ બંધાય.. જુઓ આ શ્લોક શું કહે છે ?

**''અન્ય ક્ષેત્રે કૃતં પાપં, તીર્થ ક્ષેત્રે વિનશ્યતિ।**
**તિર્થક્ષેત્રે કૃતં પાપં, વજ્રલેપો ભવિષ્યતિ ।।''**

એટલે યાદ રાખો દેરાસરમાં સ્ત્રી-પુરૂષનો સંઘટ્ટો ટાળો.

**સ. ૩૪૧ તો સજાતિય આભામંડળમાં પણ વિચારોની આપ-લે તો થાય ને ?**

**જ. ૩૪૧** હા, ચોક્કસ થાય. હવે આભામંડળની વાત નીકળી છે તો બીજી એક વાત પણ જાણી લો કે સાધુ-સાધ્વીજી તથા બ્રહ્મનિષ્ઠના આભામંડળ તેમના ઉચ્ચ જીવનને લીધે અતિ વિસ્તરિત, સુરેખ તથા ઘનિષ્ઠ હોય છે. તમે જાણો છો કે વાંદણામાં ''અણુજ્જાણહ..મે મિ ઉગ્ગહં...'' કહીને તમે એમના અવગ્રહમાં (આભામંડળમાં) પ્રવેશવાની રજા માંગો છો. સ્વપક્ષે (સજાતીયમાં) એટલે સાધ્વીજી ને બહેનો વચ્ચે તથા સાધુ ભગવંતો ને શ્રાવકો વચ્ચે સાડા ત્રણ હાથનું અંતર તથા પર પક્ષે એટલે

કે વિજાતિયમાં ૧૩ હાથનું અંતર જરૂરી છે. હવે તમને ખબર પડી કે બહેનોએ સાધ્વીજી મહારાજને તથા ભાઈઓએ સાધુ મહારાજને જઇને એકદમ ચોંટાય નહીં. હાથ લગાવાય નહીં. એમની નજદીક જતાં પહેલાં એમની રજા લેવી જોઈએ. નહીં તો તમારૂં કામુકતાભર્યું આભામંડળ એમાં પ્રવેશે છે ને એમનું પતન કરે છે. નિમિત્ત તમે બનો છો જે તમે જાણતા પણ નથી હોતા. મહારાજ સાહેબ પાસે વાસક્ષેપ નંખાવતા બહેનોએ માથે ઓઢવાનું તથા ભાઈઓએ પાઘડી કે ટોપી પહેરવાનો રિવાજ પણ આ જ કારણસર પડ્યો છે. પણ સાચું કારણ કોઈ જાણતા નથી ને અમે તો લેટેસ્ટ, અમે તો ફોરવર્ડ કરીને સુંદર મજાના રિવાજોનો ઉચ્છેદ ઉડાડી દીધો છે. અરે બીજી જ્ઞાતિઓમાં પણ તમે જુઓ. શીખમાં પાઘડી પહેરવાનો રીવાજ. મુસ્લિમોમાં બુરખો તથા ભાઈઓના માથા પર ટોપી પહેરવાનો રીવાજ, હિન્દુઓમાં ગુજરાતી સાડી પહેરી માથે ઓઢવું, પુરૂષોએ પાઘડી કે ટોપી પહેરવી આ રીવાજો બહુ સહેતુક બન્યા હતા. પણ આપણે ગુજરાતીઓએ પાશ્ચાત્ય અનુકરણમાં આપણા રત્ન જેવા સંસ્કાર ખોઈ નાંખ્યા...જ્યારે શીખ-મુસલમાન ભલે કારણ કંઈ જાણતા નથી પરંતુ વડીલોએ કર્યું તે બરાબર જ હશે એટલા આદરપૂર્વક સંસ્કારોને પકડી રાખ્યા... આમ આભામંડળને જાણશો..સમજશો તો ઘણી બધી વાતો સમજમાં આવી જશે.

**સ. ૩૪૨ તીર્થ સ્થાનમાં લોકો બૂમ બરાડા પાડીને વચ્ચે ઘૂસીને, ધક્કામુક્કી કરીને પૂજા કરે છે તે કેટલું યોગ્ય છે ?**

જ. ૩૪૨ તમે દેરાસરમાં પ્રવેશતાં પહેલાં કપાળમાં ચંદનતીલક કરો છો. તેનો મતલબ છે કે 'હું ભગવાનની આજ્ઞા વિરુદ્ધ કાંઈ નહીં કરૂં.' પરંતુ દેરાસરમાં પ્રવેશતાં જ આ આજ્ઞાને ભૂલી જાવ છો. ભગવાનની આજ્ઞામુજબ જ્યાં સુધી દેરાસરમાં છો ત્યાં સુધી મનને બિલકુલ ચંચલ થવા દેવું નહીં. મૂર્તિ ઉપર ધ્યાન સ્થિર કરી સંપૂર્ણપણે મૌન પાળવું. મૌનના બદલે દેરાસરમાં બૂમ-બરાડા પાડીને તમે તો જે લોકોએ મનને સ્થિર કર્યું છે... તેનું પણ વિચલિત કરી નાખો છો... આ મહાપાપ છે. **જે ભગવાને કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી, સંપૂર્ણ મૌન પાળ્યું છે, તેના ગુણ મેળવવા ચિત્તને સ્થિર કરવા દેરાસર જવાનું છે. યાદ રાખો જેટલો સમય મૌનપણે મૂર્તિ ઉપર મન સ્થિર થયું એટલો સમય જ તમારા દર્શન થયા... પછી ભલેને તમે દેરાસરમાં કલાક બેસો... વાતો કરનારની ને બૂમ-બરાડા પાડનારની ક્રિયા ફોક જાય છે.**

ઘણા કહે છે કે અમે દેરાસર સંબંધી જ વાતો કરીએ છીએ. પણ એ વાત પણ મોટેથી કહેવાની નથી. એટલી ધીમેથી કહો કે અન્યનું મન વિચલિત થાય નહિ. એનાથી પાપના પોટલા બાંધીને બહાર આવો છો. ચૂપચાપ દેરાસરમાં પ્રવેશો. ત્યાં જે કાંઈ ક્રિયાવિધિ ચાલી રહી હોય તેમાં મૌનપણે ભાગ લો. જે કાંઈ વિધિ પૂર્ણ થઈ ગઈ છે, તેના માટે કોઈજ સવાલ નહીં. બૂમ બરાડા નહીં. મન ચંચલ નહિ, તો જે કાંઈ કરશો તેનો પૂરેપૂરો લાભ મળશે. પુણ્યાનું બંધી પુણ્યના ભાગીદાર બનશો. બાકી તો કરવા આવ્યા તા શું ? ને કરીને ગયા શું ? ને પાછા મનથી માનો છો કે મારી પૂજા થઈ ગઈ, મારો પ્રક્ષાલ થઈ ગયો. પણ તે શૂન્ય થઈ ગયું તે ખબર ન પડી.

તમે તીર્થસ્થાનમાં હો કે અહીં, ક્યાંય પણ લાઈનમાં વચ્ચે ઘૂસીને કે ધક્કા-મુક્કી કરીને ભગવાનની પૂજા કરાય નહીં. આ તો કપટ થયું. **કપટ કરવાની ભગવાનની આજ્ઞા છે ? તારી ક્રિયા ભગવાન જેવા બનવા માટેની પણ તારૂં વર્તન તો ભગવાનની આજ્ઞા વિરુદ્ધ તો તું ભગવાન જેવો ક્યાંથી બની શકવાનો છે ?** આવું કરીને તો તું બીજા બધાને અડચણરૂપ બને છે. જો તારી પાસે લાઈનમાં બેસવાની શક્તિ, સંજોગ કે સમય નથી તો તું આજુબાજુમાં અંગપૂજા કરી, મૂળનાયકની સામે બેસી ભાવપૂજા કરી લે. તો તું સાચું પુણ્ય કમાઈશ. તું એમ ન વિચારીશ કે આટલા ગાડીભાડા ખરચીને આટલે લાંબે સુધી ગયા ને ભગવાનની પૂજા કર્યા વગર પાછા આવવાનું ? પણ તું એ સમ્યક્‌જ્ઞાન કેળવ કે દ્રવ્યથી કદાચ સંજોગો અનુસાર દ્રવ્ય પૂજા  ન પણ થાય, પણ વચ્ચે ઘૂસીને કપટ કરીને પાપના પોટલા તો ન બાંધું. હું અહીં પાપ કમાવવા આવ્યો છું કે પુણ્ય ? હું તમને નેમીનાથ ભગવાનના સમયની એક વાત કહું... શ્રીકૃષ્ણે તેના બંને પુત્ર, સાંબ અને પાલકને કહ્યું, કે તમારા બંનેમાથી જે સૌ પ્રથમ નેમીનાથ ભગવાનને વંદન કરશે, તેને હું મારો શ્રેષ્ઠ અશ્વ ભેટ આપીશ. વહેલી સવારે અંધારામાં જ પાલકે દોડતા જઈને ભગવાનને વંદના કરી આવ્યો. જ્યારે શાંબે વિચાર્યું, ‘આટલા અંધારામાં ન જવાય. કેટલા બધા જીવો પગ નીચે આવી કચડાઈ જાય. જીવોની હિંસા થાય. જયણા ન પળાય.’ તેણે પોતાના સ્થાને બેઠા બેઠા ભાવ વંદના કરી. **શ્રીકૃષ્ણે નેમીનાથને પૂછ્યું, ‘ભગવાન ! પહેલી વંદના કોણે કરી ? ભગવાને કહ્યું, શાબે. તેની ભાવ વંદના હતી. પાલકની દ્રવ્ય વંદના હતી. બસ આ વાત પરથી સમજી લો કે શેનું મહત્ત્વ વધારે છે ?’**

**સ. ૩૪૩ ઘણા ભાગી ભાગીને પ્રદક્ષિણા દેતા હોય છે. યોગ્ય છે ?**

જ. ૩૪૩ ના... બિલકુલ નહિ. તમે આડાઅવડા ડાફોળિયા મારતા ને પૂરઝડપે ભમતી ભમો તો દ્રવ્ય પ્રદક્ષિણા થાય. કેમકે તમારો ઉપયોગ નથી કે કોઈ જીવ પગ નીચે આવીને કચડાઈ જશે. તમારો ઉપયોગ ન હોય તો જીવ ન કચડાય તો પણ તમને એનું પાપ લાગે છે ને ઉપયોગ હોવા છતાં, અચાનક જીવ કચડાઈ જાય તો તેનું પાપ લાગતું નથી. તો પ્રદક્ષિણા બહુ ઉતાવળથી નહીં તેમ બહુ ધીમેથી પણ નહીં જેથી બીજાને તકલીફ થાય તેવી રીતે દૃષ્ટિનો ઉપયોગ રાખી ભગવાનને ભાવવંદના કરતાં કરતાં પ્રદક્ષિણા દેવી જોઈએ. ગભારામાં ઝડપથી ચલાય પણ નહિ.

**સ. ૩૪૪ દેરાસરમાં પૂજા-પ્રક્ષાલ કરતી વખતે યાદ રાખવા જેવી બીજી બાબતો કહો.**

જ. ૩૪૪ ૧) દેરાસરમાં કોઈપણ સંપ્રદાયના સાધુ-સાધ્વીજી ભગવંતો પધારે તો તેમનો ઉચિત વિનય જાળવવો. તેમની આડે આવીએ એમ ઉભા રહેવું નહીં.

૨) શરીરના કોઈપણ ભાગમાંથી રસી નીકળવાનું ચાલુ હોય ત્યારે અંગપૂજા કરવી નહીં.

૩) શરીરના કોઈપણ ભાગ પર પાટો બાંધેલો હોય, તે પાટો બાંધી ખાધું હોય, બાથરૂમ ગયા હોય એવા અપવિત્ર પાટા સાથે અંગપૂજા કરાય નહીં.

૪) પ્રક્ષાલ માટેના પાણીથી હાથ ધોવાય નહિ. પબાસણ પર કે ન્હવણ જલની કુંડીમાં હાથ ધોવાય નહિ.

૫) ફૂલને પાણીમાં નંખાય નહિ કે ધોવાય પણ નહિ. કેમકે તેમ કરવાથી તેમાં રહેલા ત્રસ જીવોની વિરાધના થાય. વાસી ફૂલો નવણ જળમાં નંખાય નહિ.

૬) અંગપૂજા મૌનપણે કરવી. પૂજાના દૂહા અંગપૂજા કરનારે મનમાં બોલવા. બીજા દૂર ઉભેલા મોટેથી બોલી શકે. પણ પ્રભુના અવગ્રહની બાર હોવા જોઈએ.

૭) આશાતના ટાળવા માટેના ઉચિત અંતરને અવગ્રહ કહેવાય. મોટા જીનાલયમાં ઓછામાં ઓછું ૯ હાથને નાના જીનાલયમાં ૧ હાથનું અંતર જરૂરી છે.

૮) ધૂપ-દીપ-ચામર-ઘંટી વગેરે પ્રભુજીથી થોડે દૂર રહીને કરવું. ઘણા પ્રભુજીના નાક આગળ ધૂપ કરે છે. કાન આગળ ઘંટી વગાડે છે. શું આ

તમને યોગ્ય લાગે છે ? ઘંટી ભગવાનને નથી સંભળાવવાની. એ તમારા આત્માને જાગૃત કરવા માટે છે. તમારા નાક પાસે લાવીને કોઈ ધૂપ કરશે તો તમે શું કરશો ? જરા વિવેકનો ઉપયોગ કરો. ધૂપની તમને અને તમારા ઉપકરણને જરૂર છે. ભગવાન તો પવિત્ર જ છે.

૯) ચૈત્યવંદન એટલે ભાવપૂજા છે. તે કરતાં કરતાં સાથિયો વગેરે કાંઈ જ ન થાય. ફળ-નૈવેદ્ય-પૈસા વગેરે કાંઈ ચઢાવાય નહીં. કેમકે એ દ્રવ્ય પૂજા છે.

૧૦) પ્રતિમાજી કે સિદ્ધચક્ર ગમે તેટલા નાના હોય છતાં એક હાથે કદી ઉપાડાય નહી. બે હાથ બહુમાન બતાવે છે. એક હાથે કળશ પકડી પ્રક્ષાલ કરાય નહી. પ્રતિમાજી લેતી વખતે કે અંગલૂછણા કરતી વખતે પ્રતિમાજી આડા કે ઊંધા કરાય નહીં.

૧૧) પૂજા પ્રભુજીના નવ અંગે જ કરવાની છે. નવ અંગ સિવાય હથેળી કે લાંછન કે બીજે ક્યાંય પૂજા થાય નહીં.

૧૨) પાર્શ્વનાથની ફણા તથા પ્રભુજીનું પરિકર, પ્રભુજીના અંગ તરીકે જ માનેલું છે. તેથી તેના પૂજા પ્રક્ષાલ પ્રભુના પૂજા પ્રક્ષાલ સાથે જ થઈ શકે.

૧૩) પૂજાના પ્રયોજન વિના પ્રભુજીના પગને કે પ્રભુજીના કોઈપણ અંગને અડકાય નહી. પ્રભુજીના ખોળામાં માથું મૂકાય નહીં.

૧૪) પ્રક્ષાલ માટે દૂધનો ખૂબ જ ઓછો ઉપયોગ કરવો. ફક્ત પાણી દૂધનો કલર પકડે એટલું જરાક જ દૂધ નાંખવું. આ તો ક્ષીરસમુદ્રના પાણીનું પ્રતિક છે. ક્ષીરસમુદ્રનું પાણી દૂધીયા કલરનું હતું બાકી તે પાણી જ હતું. તેમાં દૂધના કોઈ લક્ષણ નહોતા. તેને દૂધની જેમ જમાવી શકાતું નહોતું. જ્યારે આ દૂધમાં ચીકાશ હોવાથી વાંદા વગેરે અનેક જંતુઓ થાય છે. માટે ઉપયોગ રાખવો. બહુ દૂધ લાવીને રેડવું નહીં. તમે ગમે તેટલી પ્રતિમા સાફ કરો છતાં દૂધની ચિકાશ ચોંટી જાય છે ને પરોઢિયે તમે જુઓ તો ગભારામાં વાંદાનો ઢગલો હોય છે. માટે દરેક વસ્તુ સમજીને કરવી.

(૧૫) ચામડાના બૂટ-ચંપલ કે પ્યોર સિલ્કના વસ્ત્રો પહેરીને દર્શન-પૂજા કરાય નહિં. હિંસક વસ્ત્રો પહેરીને દેરાસર ઉપાશ્રયમાં જવાય નહિ.

(૧૬) દેરાસરમાં પ્રતિમાને આંગી માટે વરખ વાપરવો નહિ. કેમકે પ્યોર ચાંદીનો વરખ...ઢોરના ચામડા વચ્ચે મુકીને ટીપીને બનાવાય છે. અને આ ચામડા માટે વર્ષે સાડા બાર હજાર થી વધુ ઢોરોની કતલ થાય

છે. તો અહિંસા ના પૂજારીને આવો હિંસક વરખ લગાડીને શું મેળવી લેવું છે ? જે વરખ મશીનમાં બને છે તે એલ્યુમીનીયમનો હોય છે એ પણ ચઢાવાય નહી. ને જે ચાંદીનો હોય છે તે ઢોરના ચામડામાં ટીપાય છે. માટે એકપણ જાતનો વરખ આંગી માટે કે ખાવા માટે વપરાય નહિ.

(૧૭) દેરાસરમાં સંપૂર્ણ મૌન રાખી, ધ્યાન મૂર્તિપર સ્થિર કરી ભગવાનના ગુણો યાદ કરી ભગવાનનું (પોતાના આત્માનું) ધ્યાન ધરવું. કોઈને આડા આવીએ એમ ઉભા રહેવું નહી. બીજાને તકલીફ થાય કે તેનું ધ્યાન વિચલિત થાય તો બહુ મોટા પાપના ભાગીદાર બનીએ છીએ.

**સ. ૩૪૫ આજકાલ પુરૂષોના વસ્ત્રોમાં પણ ભાતભાતની ડીઝાઈન ને રંગબેરંગી પૂજાની જોડી, ભરતકામવાળી પૂજાની જોડી... આ બધું યોગ્ય છે ?**

**જ. ૩૪૫** ના... બિલકુલ ખોટું છે. પુરૂષ માટે સીવ્યા વગરના બે અખંડ વસ્ત્રો, તથા સ્ત્રીઓ માટે ત્રણ વસ્ત્રો પહેરવાની આજ્ઞા છે. ભરતકામથી સોયના ટાંચણા લાગવાથી, કાણા પડવાથી વસ્ત્રની અખંડતા તૂટી જાય છે. બીજું તમારા વિવિધ કલર-ડિઝાઈન, ભરતકામવાળા વસ્ત્રો દેરાસરમાં રહેલા અન્ય ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. ચિત્ત ભગવાનની મૂર્તિમાં સ્થિર બનવાને બદલે તમારા વસ્ત્રોમાં આકર્ષાય છે. 'હું પણ આવું લઉં, પહેરૂં, સારૂં લાગશે, બીજા બધાની વચ્ચે મારો વટ્ટ પડશે.' આવી ચંચલ મનની સ્થિતિ થાય છે. આનાથી મોટું બીજું પાપ શું કે ચિત્ત જ્યાં સ્થિર કરવાનું છે તે નિમિત્ત બાજુ પર રહી જાય ને તમારા વસ્ત્રોમાં ચંચલ થઈ જાય. બનાવવાવાળા પૈસા કમાવવા માટે કંઈપણ બનાવશે પરંતુ લેવાવાળા સૌથી વધુ દોષના ભાગીદાર બને છે. કેમકે એવું લેવાવાળા છે તો જ તો બનાવવાવાળા બનાવે છે ને ? ખરેખર જેને આત્મકલ્યાણ કરવું હોય તો સાદા-સરળ ને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરવા જોઈએ. નહિ તો અંતરમાં પડેલું આ બધું મિથ્યાત્વ અનુબંધ પાપનો કરાવશે.

અનુચિત વસ્ત્ર તથા અંગપ્રદર્શન થાય એવા વસ્ત્ર પહેરી દેરાસરમાં જવાય નહિ. તમારા અંગપ્રદર્શનથી કોઈનાપણ મનમાં અંશમાત્ર કામુકતા જાગે તો તમે અબ્રહ્મના ભયંકર પાપના ભાગીદાર બનો. તમે દેરાસરમાંથી બહાર નીકળો ને કોઈ તમને કહે છે કે, વાહ ! આ વસ્ત્રની ડિઝાઈન, બહુ ગમી... ક્યાં સીવડાવ્યું ? તો ખુશ નહીં થવાનું... સમજવાનું કે... 'મેં ભલે ભગવાનના દર્શન કર્યા, પણ મારી

પાછળવાળાએ મારા વસ્ત્રના દર્શન કર્યા, તો મેં કેવા પાપના પોટલા બાંધ્યા ? હવે ક્યાં છૂટીશ ? ક્યારે છૂટીશ ?' સમજો... દેરાસર, ઉપાશ્રય એ કોઈ ફેશનપરેડનું સ્થાન નથી.

કાળાં વસ્ત્રો પહેરીને પૂજા થાય નહિ. તમને થશે કે ભગવાન તો નિરંજન નિરાકાર છે. એમને વળી કાળાં ધોળા કલરથી શું મતલબ ? હા... ભગવાનને કોઈ કલર સાથે કોઈ લેવાદેવા નથી. પણ પ્રભુભક્તિ કરવા આપણી જેમ દેવ-દેવીઓ પણ પધારતા હોય છે. તેમને કાળો કલર અમાંગલિક લાગે છે. તેમને તમારા પર દ્વેષ આવે ને અહિત પણ કરે. માટે પૂજા-પૂજનમાં કાળા કલરના વસ્ત્રો નિષેધ ગણ્યા છે.

**સ. ૩૪૬ દેવ-દેવીઓ પણ આપણા દેરાસરમાં આવે ? એ લોકો તો એમના દેવલોકના દેરાસરમાં જ જાયને ?**

**જ. ૩૪૬** હા... તીર્થના સ્થાન હોય. પ્રાચીન દેરાસર હોય અથવા દેરાસર કદાચ પ્રાચીન ન હોય પણ એમાં રખાયેલી એકાદ મૂર્તિ અતિ પ્રાચીન હોય એવા કોઈ કારણસર દેવો ભક્તિ કરવા આવે છે. હવે એ પણ જાણી લો કે જે કોઈ દેવ ભક્તિ કરવા આવે તેમાં ઉચ્ચ પ્રકારના દેવો પણ હોય ને હલકી પ્રકારના દેવો પણ હોય. આપણને તો એ દેખાતા નથી. હવે એ દેવો ભક્તિ કરવા આવ્યા હોય ને આપણાથી વચ્ચે કાંઈ આડ પડી ગઈ તો હલકી પ્રકારના દેવો વિશેષ રાગી દ્વેષી હોવાથી આપણને તકલીફ ઉભી કરે. કહેવાય છે કે હલકી પ્રકારના દેવો લગભગ સવારે પાંચ થી અગિયાર વાગ્યા સુધી બંધાયેલા હોય છે. પછી છૂટા થાય છે ને સાંજે ચાર-પાંચથી રાતના ૧૧ વાગ્યા સુધી બંધાયેલા હોય છે. માટે દરેક જણે લગભગ અગિયાર વાગ્યા પહેલાં દેરાસરમાં ભક્તિ કરી લેવી જોઈએ. એટલા માટે જ પહેલા બાર થી ચાર દેરાસર બંધ રાખવાનો રિવાજ હતો... આજકાલ તો બહેનોના મંડળો, પૂજા, પૂજન બધું બપોરના જ હોય છે. એક એક રિવાજ પાછળનું તથ્ય કાંઈ જાણતા નથી હોતા ને રિવાજોને ઉડાવવામાં આપણે આપણી જાતને મહાન ગણીએ છીએ.

બીજી એક વસ્તુ ધ્યાનમાં રાખવી કે દરેક દેરાસરની બહાર બિરાજમાન કરેલા અધિષ્ટાયક દેવો જે તે દેરાસરના રક્ષક એટલે કે વોચમેન જેવા છે. શાસ્ત્રવિધિ પ્રમાણે કોઈને મધ્યાન્હ પૂજા કરવી હોય કે અગિયાર વાગ્યા પછી દેરાસરમાં પ્રવેશ કરવો હોય તો શાસનદેવોની આજ્ઞા, આદેશ લઈ દેરાસરમાં પ્રવેશ કરવો. તે આ રીતે, 'હે શાસન દેવો, આપો આદેશ તો કરૂં દેરાસરમાં પ્રવેશ ને ભગવાનની ભક્તિ કરૂં.' આ રીતે શાસનદેવોની રજા લઈ દેરાસરમાં પ્રવેશ કરવાથી

તમારી ભક્તિ સુંદર થશે ને કોઈ બીજા દેવો તમને ઉપદ્રવ કરી શકશે નહિં.

**સ. ૩૪૭ નમસ્કાર મહામંત્રના અધિષ્ઠાયક દેવ કોણ છે ? એના રચયિતા કોણ છે ? શું આ મંત્ર સતત ગણ્યા કરવાથી જાતિ સ્મરણ જ્ઞાન થઈ શકે ?**

જ. ૩૪૭ અન્ય મંત્રોમાં કોઈને કોઈ દેવ તેનો અધિષ્ઠાયક હોય છે. તે વશ થાય કે પ્રસન્ન થાય તો જ તે મંત્ર સિધ્ધ થાય છે. ત્યારપછી જ તે પોતાનું ફળ આપે છે. પરંતુ એ દેવોને વશ કરવાનું સહેલું નથી. કઠીન અનુષ્ઠાનો કર્યા પછીજ તેમાં સફળતા મળે છે. તેમાં ભયસ્થાનો પણ ઘણા છે. કાંઈ ફેર થયો કે આડું પડ્યું તો સાધક પોતાનો પ્રાણ પણ ગુમાવે છે અથવા અન્ય કષ્ટ ભોગવે છે. પરંતુ નવકાર મંત્રનો કોઈ એક અધિષ્ઠાયક દેવ નથી, વધારે સ્પષ્ટ કહીએ તો તેનો અધિષ્ઠાયક દેવ થઈ શકે એમ નથી કેમકે સમકિતધારી અનેક દેવો તેના સેવક થઈને રહેલા છે અને તે અનન્યભાવે આરાધન કરનારના સર્વ મનોરથો પૂરા કરે છે.

આ પંચ પરમેષ્ઠિ મહામંત્ર અનંત અનાદિ કાળથી પ્રતિષ્ઠિત છે. તેથી તેનો સર્જક કોણ છે તે કોઈ જાણતું નથી. પ્રાચિન કાળમાં 'ચૌદપૂર્વધર શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુ સ્વામિએ' સર્વપ્રથમ પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર ઉપર નિર્યુક્તિ રચેલી 'મહાનિષિથ' આગમમાં નમસ્કાર મહામંત્રને 'મહાશ્રુતસ્કંધ' તરીકે વર્ણવેલ છે. મહાનિષિથ આગમ નવ પૂર્વના આધારે રચેલ છે. એમાં નમસ્કાર મહામંત્રને 'પંચ મંગલ મહાશ્રુત સ્કંધ' તરીકે નામ આપેલ છે. દસપૂર્વધર અને તેરમા પટ્ટધર યુગાચાર્ય શ્રી વ્રજસ્વામિએ સર્વ સૂત્રોની (આગમોની) આદિમાં મંગલ તરીકે નમસ્કાર મહામંત્રને સ્થાપિત કરેલ છે. નવકાર ગણ્યા કરવાથી જાતિસ્મરણ જ્ઞાન થઈ જાય એવું ન હોય. જાતિસ્મરણ જ્ઞાન બધાનેજ થાય એવું નથી. જેને આ જાતિસ્મરણ જ્ઞાન થાય તે પાછલા ભવ જાણી શકે છે. પણ તે ક્યાં સુધી કે જ્યાં સુધી પાછલા ભવમાં અસંજ્ઞી પણું ન આવ્યું હોય ત્યાં સુધી આગળ ચાલી શકે છે. અસંજ્ઞીપણું એટલે શું કે મન વગરનો ભવ-દેવ, નારકી, મનુષ્ય તથા તિર્યંચ - પંચેન્દ્રિય એ બધા મન સાથેના ભવ છે. એટલે ધારો કે આની પહેલાનો મારો ભવ વાંદા-કીડી-મકોડા કે એકેન્દ્રિય વનસ્પતિ વગેરેમાં હોય તો મને જાતિસ્મરણ જ્ઞાન થઈજ ન શકે. જો આની પહેલાનો ભવ-વાઘ-બકરી-દેવ-નારકી વગેરેમાંથી કોઈ સંજ્ઞી પંચેન્દ્રિયનો હોય અને એની પહેલાનો વિકલેન્દ્રિયમાં હોય તો મને એક પૂર્વજન્મનું જાતિસ્મરણ જ્ઞાન થાય

પણ પછી એના આગલા જન્મનું ન થાય કેમકે તે ભવ અસંજ્ઞી આવી ગયો. બસ ત્યાંથી રીલ કપાઈ જાય. કેમકે મન વગરનો ભવ હતો તો સ્મરણમાં ક્યાંથી આવે ? તે પણ એવા મહાત્માઓ કે જે યોગ-ધ્યાન આદિના અભ્યાસબળ વડે સ્થિત હોય તેઓ ભવાંતર જાણી શકે. જેમ ગર્ભાવાસ તથા બાલપણું સ્મૃતિમાં રહે નહી તેમ પૂર્વભવનું ભાન રહેતું નથી. ક્યારેક ક્યારેક કોઈને જાતિસ્મરણજ્ઞાન થઈ આવે છે. બાકી પૂર્વ દેહ છોડતાં મૃત્યુ આદિ વેદનાના કારણને લઈને, બાહ્ય પદાર્થોને વિષે જીવ વળગી રહી મરણ કરે છે અને નવો દેહ પામી તેમાંજ આશક્ત રહે છે એટલે પૂર્વભવ યાદ આવવાની સંભાવના ઘણી ઓછી થઈ જાય છે. ભગવાનના સમવસણમાં આવેલા ને પોતાના ત્રણ ભવ આગળના ને ત્રણ ભવ પાછળના જાણી શકે છે. ભગવાનને વૈરાગ્ય થતાં જાતિસ્મરણ જ્ઞાન હોવું તે સહજનીયમ છે.

**સ. ૩૪૮ કેમ ધર્મી જીવને મોટા-મોટા કષ્ટ પડતા હોય ને વધુ તકલીફો આવતી હોય એવું દેખાય છે ? તેથી ધર્મ ઉપર શંકા થાય છે**

જ. ૩૪૮ તમે કદી એ વિચાર્યું કે મહાવીરને સૌથી અઘોર ઉપસર્ગ, જેવાકે કાનમાં ખીલા ઠોકાવા, મહાવીર પર તેજોલેસ્યા ફેંકાવી, વગેરે કેમ છેલ્લા ભવમાંજ આવ્યા ? પાર્શ્વનાથ ભગવાનને નેકમઠને ૧૦ ભવથી વેર ચાલતું હતું ને ભગવાનના હાથીના ભવમાં, મનુષ્યના ભવમાં કમકે એમને ઉપસર્ગ કર્યા પણ સૌથી આકરો ઉપસર્ગ અતિવૃષ્ટિ કરી પાણીમાં ડૂબાડી દેવા જેવો અઘોર ઉપસર્ગ કેમ છેલ્લા ભવમાં જ કેમ આવ્યો ? એનું કારણ એ છે કે જેમ-જેમ જીવ સાધનાના પગથિયા ચઢતો જાય છે તેમ તેમ તેનામાં વધુને વધુ કષ્ટ **સમતાભાવે** સહન કરવાની શક્તિ વિકસતી જાય છે...અને જે જીવમાં જ્યારે જે પ્રમાણેની ક્ષમતા આવે છે, કુદરતી એને તકલીફ પણ એ પ્રમાણેનીજ ઉદયમાં આવે છે. અલબત્ત કર્મ તો જીવે કોઈ પૂર્વ ભવમાં કરેલા હોય તેજ ઉદયમાં આવે છે પણ કુદરતી એની ગોઠવણ પણ એવીજ રીતે થઈ જાય છે કે, એની ભવિતવ્યતા પણ એજ રીતના નક્કી થઈ જાય છે કે...ચલો આ ધર્મીજીવમાં હવે આટલી સહનશીલતા આવી તો હવે એને જરા આકરૂં કર્મ ઉદયમાં આવે... કર્મ ઉદયમાં આવ્યા પછી જોવાનું એ છે કે...સમતાના પગથિયા ચઢતાં ચઢતાં જીવ હવે આ ઉદયમાં આવેલું કર્મ સમતાભાવે સહન કરીને નિર્જરે છે કે આર્ત-રૌદ્રધ્યાન કરીને કર્મોના ગુણાકાર કરે છે ? ? ? જો આવેલુ કર્મ સમતાભાવે નિર્જરી દીધું તો હવે એ જીવમાં એટલી ક્ષમતા આવી એટલે

હવે પછી એનાથી પણ કોઈ આકરૂં કર્મ કરેલું સત્તામાં પડ્યું હશે તો એ ઉદયમાં આવશે... કેમકે એ ધર્મીજીવને હવે એકેક અઘોર કર્મને નિર્જરીને છૂટા થવું છે. આવે છે સમજમાં ? એટલે હવે કોઈ ધર્મીજીવને આકરૂં કષ્ટ આવે તો ધર્મ પર શંકા નહી કરવાની પણ એમ વિચારવાનું કે એ જીવ હવે એટલો આગળ વધ્યો છે માટે વધારે આકરા કર્મો વેદાવા માટે આવી રહ્યા છે. જેમ તમે કોઈ દોડવાની હરિફાઈમાં ભાગ લો તો પહેલા નાના નાના હર્ડલ્સને પછી મોટા મોટા હર્ડલ આવે તેમ...કુદરત પણ તમારી સમતા જોઈને તમને તમારા જ કરેલા કર્મ કષ્ટ રૂપે આપે છે... હવે તમે એને સમતાભાવે નિર્જરો છો તો આગળ વધો છો....ને જો આર્તધ્યાન કરો છો તો પાછળ ખસો છો. દરેકને માટે આજ નિયમ છે. મહાવીરમાં પણ આ છેલ્લા ભવમાંજ એટલી ક્ષમતા આવી કે આવા ભયંકર કાનમાં ખીલા ઠોકાય તે સમતાથી સહન કરી શકે. આની પહેલાના કોઈ ભવમાં આવું અઘોરકર્મ ઉદયમાં આવ્યું હોત તો તેમણે કર્મના ગુણાકાર કરી નાખ્યા હોત. પણ હવે એ એટલા આગળ વધ્યા હતા કે પોતે સમતાથી સહન કરી છૂટી ગયા...તો શું આપણે એમ કહીશું કે મહાવીરે બહુ ધર્મ કર્યો એટલે એમને આવું કષ્ટ પડયું ? ના... દરેકની પાસે સત્તામાં આવા પોતાનાજ કરેલા કઠીન કર્મો પડયા જ હોય છે. જે ભવમાં જેવી ક્ષમતા પ્રાપ્ત થશે... તે પ્રમાણે તે કર્મ ઉદયમાં આવશે...તો ધર્મીજીવ ધર્મમાં આગળ વધ્યો છે એમ વિચારવાનું ધર્મ પર શંકા નહી કરવાની.

**સ. ૩૪૯ સમભાવી દેવી નાંણદેવી માઁ આ પુદ્‌ગલને ચાર પ્રકારના ડબ્બાનું રૂપક આપીને શું કહે છે તે જણાવો ?**

**જ. ૩૪૯ પૂ.નાંણદેવીમાં એ જ્ઞાનની દેવી છે. સરસ્વતીદેવીના મોટા બહેન ગણાય. (શક્તિના અંશ પ્રમાણે નાના-મોટા ગણાય) 'ૐ નમો નાણસ્સ' પદ એ નાંણદેવી માતાને પણ પહોંચે છે. એવા નાંણદેવીમાઁ પૂજ્ય શારદામાં ગાંધી પર છેલ્લા પાંચ દાયકાથી પ્રસન્ન છે. એમના મુખેથી ઝરેલી અમૃતવાણીના અંશમાંથી છેલ્લા બે સવાલ જવાબ અને રત્નકણિકા લીધી છે. જુઓ આ પુદ્‌ગલને 'માઁ' એ ચાર ડબ્બાનું ઉદાહરણ આપી સુંદર સમજાવ્યું છે.**

**ચાર ડબ્બા-માટીનો-લોખંડનો-સોનાનો-ચાંદીનો** પુદ્‌ગલમાં બધા ડબ્બા ગોઠવેલા છે. **જે ડબ્બો છેલ્લો માટીનો છે તે બનાવવાનો છે. પહેલાં લોખંડનો જે ડબ્બો છે તે કાળ છે. તે ચોવીસ કલાક તમારી આગળ આવીને ઉભો રહી જાય.** કાળ એટલે નાગ જરાક ચૂક્યા એટલે તમારી પર સવારી કરી જાય.

બીજો **સોનાનો ડબ્બો તમારો ક્રોધ છે.** અગ્નિજવાળા નીકળે તેમાં ક્યારે કઈ વસ્તુ ભસ્મ થઈ જાય તે ન કહેવાય. **કાળ-ક્રોધ બે દોસ્ત એવું કામ કરી જાય કે મનુષ્યને અધોગતિમાં નાખી દે. ત્રીજો ચાંદીનો ડબ્બો તે તમારી ઈર્ષ્યા. મોઢે મીઠું બોલે પણ આંખને તો ફેરવ્યેજ રાખવાની.** મોઢે ભલે ન બોલું પણ એક વખત એવો નીચે પાડું. ઝેર પલે પલે ઈર્ષ્યાને ઝેર. જેના પર ઈર્ષ્યા છે તેને છોડતો નથી. એનું કાંડુ પકડી રાખે. ગમે ત્યાં બેઠો હોય એને બતાવી દઉં. ઝેરને ઈર્ષ્યા બે બહેનો. કાળને ક્રોધ બે દોસ્ત. આ ચારેય ભેગા થાય એટલે વેર બંધાય. વેદનીય કર્મ બંધાય જેટલા વેર રાખો તેટલા પલે પલે કર્મ બંધાય. ઝેરથી વેર વધે છે. બાંધેલા કર્મ આપણને છોડતા નથી. ઝેરને વેર ન હોય તો વાત ગઈ, એને છોડો. મનમાં ન હોય. ઝેર હોય તો અધોગતિમાં આત્મા પડે. આ **વેર-ઝેર એકેન્દ્રિય, બેઈન્દ્રિય તીર્યંચમાં લઈ જાય. ને લોખંડનો ડબ્બો નારકીનો ડબ્બો છે.** આપણો આત્મા એવા ડબ્બામાં પૂરાઈ ગયો છે. કે બહાર નહિ આવી શકે. આ બધામાં પુણ્યનું રજ ક્યાં મળશે ? આત્માની અંદર કાળ-ક્રોધ ભરાયેલા હશે અનંતા ભવ, અનંતા ફેરાની પરંપરા ચાલુજ રહેશે. ધગધગતો, તપતપતો ત્રાસ વેદના - અપરંપાર ઉદ્વેગ. લોખંડના ડબ્બાને ગમે તેટલો તપાવસો પાર નહીં આવે. લોખંડનો ડબ્બો એટલે કાળ-ક્રોધ, નાગનાગણીના ફૂંફાડા. આ બધા ડબ્બા છોડવાના છે. **માટીનો ડબ્બો શું છે ?** આત્માની કોમળતા, શાંતિ, સરળતા, દયા, ભાવ, પ્રેમ, નિર્દોષતા આ બધી વસ્તુ હોય તો આત્મા જલ્દી છૂટી જાય અને સરળતાથી મુક્ત થાય. માટીનો ડબ્બો જલ્દી ફૂટી જાય ને આત્મા તેની જગ્યા પર પહોંચી જાય. બહુ કાળ-ક્રોધ-ઈર્ષ્યા-વેર-ઝેર ઓછું કરવું ક્યારેય કોઈની નીંદા ન કરવી. હાલતા ચાલતાં માટીનો ડબ્બો ફૂટી જશે ને આત્મા સરળતાથી એની જગ્યા પર પહોંચી જશે. બીજા ત્રણેય ડબ્બામાં યમરાજા ટીપી ટીપીને અધમુઓ કરી નાખશે પણ આત્મા બહાર નહી આવે. માટીના ડબ્બાને સીધો - સરળ ગુલાબના ફૂલ જેવો રસ્તો મળી જાય. ‘‘ભલે જે કીધું તે કહેવા દેને, કોનુ બગડ્યું ? જે બોલે તેનું બગડ્યું.’’ આજ જેણે નીંદા કરી તેનું બગડ્યું. કપટથી જૂઠું બોલે તે હારી જશે. આત્માની સરળતા મેળવી આત્માની ઉચ્ચગતિ મેળવવી. આપણા પુદ્‌ગલને ડબ્બા બનાવ્યા. આ ડબ્બાને સરળ બનાવવા ‘‘પૂ.માઁ’’ના શબ્દો યાદ આવે તો *Let go* કરતાં શીખી જવાય. વિકરાળ સ્વરૂપના આત્મા હોય, તો પણ એકદમ શાંત બની જવાય. માટીનો ડબ્બો આત્માની

સરળતા કહેવાય, પુદ્‌ગલને ડબ્બા બનાવ્યા છે ને ડબ્બામાં બધું સમાવેલું છે. પણ કાળ-ક્રોધ ફૂંફાડો મારે ત્યારે તેને માઁના શબ્દો યાદ કરી બેસાડી દેવા. **માટીના ડબ્બામાંથી, મનુષ્ય જીવન, કરૂણતાનો સાગર, ઉચ્ચકુળ મળે.**

જે માટીનો ડબ્બો મેં કીધો તે માટીનો ડબ્બો તમારે બનાવવાનો દોરવાનો મારે. તો તમને પણ તકલીફ નહિં. મને પણ નહિ. માટીનો ડબ્બો સાચવવો ખૂબજ અઘરો. તમારા હાથમાંથી લેતા લેતા ફુટી જાય. જ્યાં સુધી વસ્તુને સમજાતી નથી અને જ્યાં સુધી સરળતાથી માની શકાતી નથી ત્યાં સુધી માટીનો ડબ્બો ના તૂટે. લોખંડનો ડબ્બો આવીને ઉભો રહે. શાંતિ-નિર્મળતા રાખવાની. અહીંયા સમજાવું પણ ઘરે જઈને કાળ-ક્રોધ-દ્વેષ-ઈર્ષ્યા આવે. ઈર્ષ્યા - ઝેર બે બહેનો. આંખને કાતરવાની શું કામ? થોડામાંથી થોડું આપવાનું. આ બધું એટલુંજ સહેલું છે. બીજા બધા ડબ્બા સાચવવા ગમે છે. પણ માટીનો ડબ્બો બહુ અઘરો છે. હાલતા, ચાલતા, રૂમમાં, રસોડામાં બોલવાનું ચાલુજ હોય તો લોખંડનો ડબ્બો ક્યારેય નહી ઠરે. લોખંડના ડબ્બામાં અપરંપાર કાળ છે. કાળ-ક્રોધ આ બે દોસ્તાર ભેગા થાય એટલે કાંઈ બાકી ન રહે. આ બે ની ગડમથલ ચાલુ જ હોય. એનો છેડોજ ન હોય. **લોખંડનો ડબ્બો દુર્ગતી કરાવે.** સાગરોપમ એનું આયુષ્ય. ઉચ્ચ આત્મા હોય તો ક્યારેક નમે પણ બાકી તો બે દોસ્ત ભેગા થાય ત્યારે હારે લઈને જાય. નાગણીના મોઢામાંથી જે લાળ પડે તે ઝેર ક્યારેય ઓછું ન થાય. ખબર કાઢવા જાવ તો પ્રેમથી જવું. ફરજથી નહિ. આપણી અંદર ઝેર હોય તો વેર બંધાય. વેર ક્યારેય છૂટતું નથી. તમારા મગજમાં ચાલુજ રહે. કાળ એટલે નાગ. ક્રોધ એટલે નાગણી. ઝેર એટલે બંધાઈ ગયેલી લાળ. કાળ-ક્રોધ હોય તોજ ઝેર-વેર. ઝેર-વેર હોય તો ઈર્ષ્યા. કાળ આવીને ઉભો નહિ રહેતો ક્રોધ ઓછો થાય. જે અસત્ય કરે તે એનું જાણે આપણે કાંઈ નહિ. ઈર્ષ્યાજ નકામી છે. તેં બોલ માર્યો. મને ન વાગતાં દિવાલ હારે ભટકાયો ને પાછો તારી સામેજ ફર્યો. કુદરત જરૂર તમાચો મારશે. તમાચો એવો લાગશે કે, ગાલ એવો લાલ થશે કે દવાથી કે કોઈથી પણ જશે નહિ. આ તાજું કર્મ. ગયા ભવનું નહિ, આજ ભવનું. કુદરત ફટકો આપે જ. જીવનના અંત સમયે જ આ કર્મ ભોગવવાના આવે. કેન્સર વગેરે રોગો કોઈ ભવના નહિ પણ આજ ભવના કર્મ. તમે આત્માને કો, તમારી જાતને કો કે જે તે કર્યું છે, તેજ આ છે. કર્મના ઉદય થયા કહેવાય. ઉદયમાં આવેલા કર્મ શાંતિથી ભોગવવા.

**સ. ૩૫૦ સમદૃષ્ટિ દેવી શ્રી નાંણદેવીમાઁ જ્ઞાનપાંચમનું મહત્વ સમજાવતા શું કહે છે ?**

**જ. ૩૫૦** કષ્ટહણનાર પ્રસંન્ન શક્તિ શ્રી નાંણદેવીમાંની અમીરસ વાણી શારદામાં સ્વરૂપે જ્યારે જ્યારે વરસે છે ત્યારે અનેરો પ્રકાશ મળે છે. અલૌકિક વાણી, ક્યાંય શાસ્ત્રમાં વાંચી ન હોય એવી વાણી સત્ય સરળ જ્ઞાનને આત્માને તારનાર જ્ઞાન આપણા પુન્ય હોય તોજ પામી શકાય છે. પૂ.માંએ 'આત્મજ્ઞાન' વિષે પ્રસંગોપાત જે કાંઈ સમજાવ્યું છે તેના અંશ પ્રસ્તુત છે....

જ્ઞાનપાંચમ આ દિવસે જ્ઞાનપાંચમનું મહત્વ! સમાજવ્યુ....જ્ઞાન પામ્યા. ઘણા સમકીતને પામ્યા. ઘણા સિધ્ધિને પામ્યા. ઘણા જીવો તીર્થંકર-સિધ્ધ થયા. ઘણા સાધુને કેવળજ્ઞાન થયું. ઘણાને જ્ઞાન પ્રગટ થયું. ઘણાંને ખાલી જ્ઞાન પ્રાપ્ત થયું. ઘણાને ઉલ્લાસથી જ્ઞાન પ્રાપ્ત થયું. ઘણાને ઉંડાણથી જ્ઞાન પ્રાપ્ત થયું. ઘણા મોક્ષધામી બન્યા.

(સમજ :- આ એકજ ક્ષેત્ર કે એકજ કાળની વાત નથી. અલગ અલગ કાળે અને અલગ અલગ ક્ષેત્રે કેટલાય જીવો આ સિધ્ધિને પામ્યા છે.)

જ્ઞાની તીર્થંકર પરમાત્માએ દેશના દીધી છે, પણ આપણે તેનો અર્થ નથી સમજ્યાં. પંથ બતાવ્યો છે પણ પંથ પર ચાલનાર કોઈ નથી. જ્ઞાનમોક્ષધામી બનવું હોય તો એના પંથે ચાલો તો બનાય. જ્ઞાન માટે શું ચોપડીનું પૂજન કર્યું, લેખની મૂકી, કાગળ મૂક્યો એટલે જ્ઞાન પ્રાપ્ત થયું ? ચોપડા ઉલડી જાય ? જ્ઞાનના જ્ઞાન ઉલળી જાય, પણ જ્ઞાન પ્રાપ્તિ ન થાયતો શું કરવું ? ક્યાંય મારગ નથી, ક્યાંય સુઝતું નથી. જ્ઞાન મોક્ષધામી બનવું હોય તો આપણે આપણા આત્માને કેળવવો...મારે કોઈની હારે કંઈ લેવા દેવા નહી. કોઈ સજીવ હારે નથી લેવા દેવા કે નથી કોઈ વસ્તુ હારે લેવા દેવા. જેને જે કરવું હોય ઈ કરે. એકજ સમતા, એકજ શાંતિ, એકજ જ્ઞાન....

એક શબ્દના કેટલા અર્થ હોય છે. ભગવાન મનુષ્યમાંથી તીર્થંકર થયા, ક્ષત્રિયમાંથી ચારિત્ર્ય લીધું, ને જ્ઞાનને પ્રાપ્ત કર્યું....હે પ્રભુ....રજ રજ આપો, બિંદુ બિંદુ પીવડાવો, ટૂકડો ટૂકડો આપોને રતીભાર જ્ઞાનને પ્રાપ્ત કરાવો....

જ્ઞાનપાંચમે નવકાર પર વાસક્ષેપ પૂજા કરતાં બોલવું કે....''હે અરિહંત દેવ, હે ત્રિલોકનાથ તમને જે જ્ઞાન પ્રાપ્ત થયું છે, તમે જે જ્ઞાન પ્રાપ્ત કરી કષાયોમાંથી મુક્ત થયા છો, એવી જ રીતે અમે કષાયોમાંથી મુક્ત થઈએ. એવી અમારી માંગણી. જ્ઞાન પ્રાપ્ત કરવા માટે આ પૂજન કરીએ છીએ.''

અંદરનું જે જ્ઞાન હોય, એનો ફુવારો થવો જોઈએ. જ્ઞાનની છોળ કહેવાય. એજ્ઞાન આપણા મનમાં જાગ્રત થાય, જ્ઞાન પ્રત્યે ભાવના જાગે. આત્મા કોમળ બને. પછી જ્ઞાનનો પ્રકાશ મળે, ને એ પ્રકાશ મળ્યા પછી આત્મામાં જ્ઞાનનો ફુવારો છૂટે. એમાં આત્માને શાંતિ ને સ્થિરતા મળે એવું ક્યાંય ન મળે.

આત્માની અંદર શું છે ? માટીમાં હીરો જડેલો છે. એ માટીમાં પ્રકાશ છે. દીવાનો પ્રકાશ. દીવો હોય ત્યાં સુધી, પણ અંધારૂ હોયને પ્રકાશ મળે ઈ પ્રકાશ સાચો. હીરા-માણેક જડેલા છે ઈ રહેવાના નથી. ઈ નીકળી જશે ત્યારે શું રહેશે ? માટી. આત્માને સમજીને આત્માનું નહી કરો તો આત્મા માટીજ થશે. મનુષ્ય જન્મ જ મળશે એવી ખાતરી છે ? તીર્યંચ પણ બને. પુદ્ગલતો ઘડાવાનું છે.

(આપણા ભૌતિક શરીરને પૂ.માંએ માટી સાથે સરખાવ્યું છે ને એમાં જે આત્મા છે તે હીરો છે. હીરાની જ્યાં સુધી હાજરી છે ત્યાં સુધી આ માટીમાં (શરીરમાં) પ્રકાશ છે. જો આ મનુષ્ય જન્મ મેળવીને આત્માને કષાયોથી મુક્ત કરવાનું જ્ઞાન ન મેળવ્યું તો અંધકાર જ છે. પણ જો આત્મામાં જ્ઞાનનો પ્રકાશ મેળવ્યો તો કર્મોની આંધાધૂધીમાં કે અંધકારમાં પણ પ્રકાશ મળે.)

## અરિહંતના રસ્તે જવાનો માર્ગ શોધો

પૂજ્ય માઁ કહે ''જ્ઞાનનો દરિયો ઘણો ભરેલો છે, મોટો છે. એમાં મોજા હિલોળા ખાય છે. ખાલી કચરો કેમ નાખો છો ? ફૂલ નાખો એની હારે પાંદડી પણ નાખવી. દરિયો સુગંધ પણ આપે.''

(પૂ.માઁ કહે છે કે તું જ્ઞાનરૂપી સમુદ્રમાં ક્રોધ, માન, માયા, લોભ રૂપી કચરો શા માટે નાખે છે ? જરા શાંતથા... સમતા રૂપી ફૂલ નાખ, સમજણ રૂપી પાંદડી નાખ તો અગાધ જ્ઞાનના દરિયામાંથી તને રજકણ જેટલું જ્ઞાન પ્રાપ્ત થશે.)

## જ્ઞાન ક્યારે પ્રાપ્ત થાય ?

લોહી શુધ્ધ હોય તો જ્ઞાન પ્રાપ્ત થાય (લોહીની અંદર કષાયો, વિકારો, હું પદ, અહંકાર ઓછા થાય તો લોહી શુધ્ધ કહેવાય) લોહીની અંદર જ્ઞાન પ્રાપ્ત થાય ને કરૂણા ઉત્પન્ન થાય.

મનુષ્ય ગમે તેવો ક્રોધી હોય, પણ દયા-કરૂણા-ભાવનાને પરોપકાર હોય તો ક્રોધ સમાઈ જાય અને આત્માનું કલ્યાણ થઈ જાય. આત્મા તરી જાય. એક વખત ક્રોધ આવી ગયો, પણ ક્રોધ આવ્યા પછી કરૂણા, દયા,

પ્રેમ લાવો, ગમે તેવો ક્રોધ, પણ એ ક્રોધનો સમાવેશ થઈ આત્મા તરી જાય. પૂ.માઁ કહે, બધું જતું કરી, ક્રોધનો સમાવેશ કરો. (ક્રોધને શાંત કરો. જેના પર ક્રોધ આવ્યો છે, તેના પર પ્રેમ, દયા, કરૂણા, ભાવના લાવો તો ક્રોધ શમી જાય) તો કરૂણા, પરોપકાર જેવા ગુણો ઉત્પન્ન થાય. લોહી શુધ્ધ થાય ને જ્ઞાનની પ્રાપ્તી થાય. જ્ઞાનની કોઈ સીમા નથી. ફક્ત ગુરૂપૂજનથી જ્ઞાન પ્રાપ્ત નથી થતું. આત્માને જાગ્રત કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેમ પરેજી રાખીએ તો બિમારી દૂર થાય. એકવાર ઘી, એકવાર તેલ ત્યાગીએ, તેવીજ રીતે એક એક દિવસ કેળવી કેળવીને કષાયોનો ત્યાગ કરવો. તો જ્ઞાન પ્રાપ્ત થાય. આ મનુષ્ય જન્મની અંદરજ વિચારીને જ્ઞાન પ્રાપ્ત થઈ શકશે. મનનો ચોપડો ખોલીએ તો જ્ઞાન પ્રાપ્ત થાય. તોજ જ્ઞાનરૂપી સત્યવચન સમજાય. ને ભગવાનને પંથે ચાલીએ ત્યારે પ્રભુનું શરણું મલે. આપણી અંદર સમજ આવવી જોઈએ. પુસ્તકો વાંચી ગાથા કરો પણ જ્ઞાન કેટલું પ્રાપ્ત થયું ? જો તમારા હાથ પર જ્ઞાનનો પ્રકાશ આવે તો જ શાંતિ પામો. અને દયાભાવ જાગી શકે. સમતા રાખશો તો જ બાંધેલા કર્મ તૂટશે અને નવા ઓછા બંધાશે.... (પૂ. માઁ કહે છે કે જ્ઞાન પ્રાપ્તિ માટે આત્મા સતત જાગૃત રહેવો જોઈએ. માન-માયા અહંકાર-કષાયો ઉદય પ્રમાણે આવી જશે.... પણ તરત જાગ્રત થાવ કે ''આ ખોટું થયું. હવે આવું ન થાય એવી શક્તિ માંગો સતત જાગ્રત રહી, સમતામાં રહી કષાયોમાંથી બહાર નીકળીએ તો જ જ્ઞાન પ્રાપ્ત થઈ શકે. ભગવાનને પણ જ્ઞાન (કેવળજ્ઞાન) ત્યારેજ પ્રાપ્ત થયું જ્યારે અંદરના શત્રુઓની સાથે લડી તેમને ખતમ કર્યા... આપણા માટે પણ જ્ઞાન મેળવવાનો એજ રસ્તો છે.)''

**''જ્ઞાન માંગુ માઁ એટલું કે, અજ્ઞાન મારૂં દૂર હટે... દર્શન માંગુ માઁ એટલું કે, જીવન સત્વ ન ખૂટે.... ચારિત્ર માંગુ માઁ એટલું કે, ભવોભવના બંધન તૂટે.... સમતા માંગુ માઁ એટલી કે.... જન્મ મરણના ચક્કર છૂટે''**

પુદ્‌ગલ માટે જૈન ધર્મ, ગર્વ માટે જૈન ધર્મ પણ જ્ઞાન પ્રાપ્ત નથી તો જૈન ક્યાંથી? ભંગી છે, પણ જૈન છે કેમકે અંતરમાં જ્ઞાન પ્રાપ્ત થયેલું છે. (સમજ : કહેવત છે કે, ''કથા સાંભળી ફૂટ્યા કાન તોયે ન આવ્યું બ્રહ્મજ્ઞાન'' એમ વ્યાખ્યાન ગમે તેટલા સાંભળો પણ જો આત્મામાં જ્ઞાન ઉતર્યું નહી, પાચન થયું નહી, આચરણમાં આવ્યું નહી તો એ જ્ઞાન, જ્ઞાન નહીં. ક્રોધ, માન, માયા, લોભ જે આત્માના દુશ્મનો છે, ક્ષણવારમાં આત્માને દુર્ગતિમાં ફેંકી દેનાર છે, એ આત્મામાંથી તસુભારે ઓછા થયા નથી. બલ્કે વાત-વાતમાં અહંકાર ઉભો થાય છે. દુરાગ્રહ થાય છે. ઝગડા-કંકાસ-કજીયા વધતાં જ જાય છે. ક્યાંય આત્મામાં સમતાનું નામોનિશાન નથી. તો જૈન ક્યાંથી? જન્મથી ભલે જૈન પણ કર્મથી જૈન નહીં એને જ્ઞાનનો કોઈ અંશ પણ પ્રાપ્ત થયો નથી.)

।।ॐ નમો નાણસ્સ।।

## પૂ.નાંણશારદા માઁએ વરસાવેલી અમૃતવાણીમાંથી વીણેલા રત્નો

(૧) કર્મના યોગથી, પુણ્યના પ્રભાવથી, પાપના દોષથી લેણાદેણા સર્વ પૂરા કરવા પડે છે. કોઈ ચાર લાખ લઈ ગયો તો ગયાભવનું માંગે છે. કોઈ લઈ નથી જતું, કોઈ આપતું નથી. પુણ્યનો પ્રભાવ છે. ઋણાનુંબંધ છે. ઈ પૈસા ન આપે તો તમે એને ગાળ આપો છો. જૈન ધર્મ શું કહે છે, તમારૂં કર્મ છે. લાખો તો મુકીને જઈશું પણ આત્માનું કલ્યાણ??

(૨) પાડોશી પર રોષ. એણે મને મિચ્છામિ દુક્કડમ્ નથી કર્યું. તો તું કર. એનામાં ભગવંતના ગુણ આવશે. કે હું આટલી ઉગ્રતા લાવ્યો પણ ઈ એક શબ્દ નથી બોલ્યો. તો મિચ્છામિ દુક્કડમ્ આપશે. મિચ્છામિ દુક્કડમ્ ઈ ભગવંતનો પંથ કહેવાય.

(૩) મહત્વ અને ભલું એ બે માં ફરક છે. મહત્વ એટલે 'હું' 'અહમ્' આ મેં કર્યું. ભલું એટલે સર્વનું - બધાયનું. તે લાડુ ખાધા એનું શું ? તું બીજાને ખવડાવ તો ભલું. મહત્વ બતાવવું હોય - ઈ પોતાનામાંથી જ ઉપર ન આવે. ભલું કરતો હોય, ભલું તો ફાટેલ વસ્ત્ર માંથી ઉંચુ આવે.

(૪) તરવું તો પાણી જોઈ જોઈને તરવું. સંસારમાં સંબંધ અંદર રહીને તરવું. ફરજ બજાવવી પડે, આત્માને નથી ગમતું. આત્માને ઠોકર મારી ફરજ પૂરી પાડવી. કર્મના બંધ કેમ ના પડે. ગાંઠ કેમ ન વળે ઈ માટે પ્રયત્ન કરવો. (સંસારમાં રહ્યાં આપણે વ્યવહાર સાચવવા પડે, ફરજ બજાવવી પડે પણ એવી રીતે સમજીને રહેવું કે કર્મના બંધ ગાઢા ન પડે)

(૫) ઉગ્રતા હોય તો પર્યુષણના આંઠ દિવસ ખાસ ઉગ્રતા ને ઓછી કરો. તમને ઉગ્રતા કેમ આવે છે ? જોઈતી વસ્તુ મળતી નથી એટલે, તમારૂં ધાર્યું થતું નથી એટલે, તમે કહો એમ નથી થતું એટલે, તમે કહો એમ નથી થતું એટલે, સહેજ વહેલા મોડું થાય તો ઉગ્રતા આવે. પણ નથી તો જવા દે... તમે જ્ઞાનની પ્રાપ્તિ કરી. ભેગું કર્યું. મીનીટમાં ધોઈ નાખો છો.

(૬) કુતરો વફાદાર છે. જ્યારે ભૂલા પડો ત્યારે રસ્તો બતાવે છે. તમારે આંગણે જ્યારે કુતરૂ આવે ત્યારે એને અપાય તો આપજો, પણ લાકડી તો ન જ મારતા. કુતરૂં તમને પુણ્ય આપવા આવ્યું છે. જ્યારે તમે લાકડી મારીને કાઢી મૂકો છો એમ ન કરતાં. પુણ્ય હાથેથી ન ઠેલતા. પુન્ય આવતું હોય

તો આવવા દેજો. એ પુન્ય દેવા આવ્યું છે પણ તમને લેતાં નથી આવડતું.

(૭) ઘરમાં નોકર હોયને એનું ય પુન્ય હોયને તમે ખાતા હો. ફેક્ટરીમાં કામ કરતો નોકર હોયને તેનુંય તમે પુન્ય હોયને ખાતાં હોય. પશુ પણ વાણી સાંભળે છે. આપણને લાગે નાનું બાળક શું સાંભળે? પણ નાનું બાળક સાંભળે તો તે પણ તરી જાય.

(૮) તમે બધાં બીજાને તમારા શત્રુ માનો છો. પણ પહેલા પોતાના શત્રુને યાદ કરો. તમારા શત્રુ તમારી જોડે છે, એને સંભાળો. ૨૪ ક્લાક જોડે ને જોડેજ છે. પોતાના શત્રુને કોઈ યાદ કરતું નથી. બીજાના શત્રુને જુએ છે. કાળ, ક્રોધ, રાગ, દ્વેષ, ખોટી દૃષ્ટિ એ નજીકના શત્રુ છે. તેનાથી ચેતીને ચાલો. એક અરિહંતને પકડો. પછી સમજો કે અરિહંત ક્યાં પહોંચી ગયા. ક્યાં અમર થઈ ગયા. જેમ એમણે અંદરના શત્રુ જીત્યા તેમ તમે અંદરના શત્રુને જીતો.

(૯) જ્ઞાન પ્રાપ્ત કરવું હોય, તો ભગવંતનું જ્ઞાન આચરણમાં લેવું હોય, ભગવંતની વાણીનો આદેશ લેવો હોય તો **પલે પલે વસ્તુનો ત્યાગ કરવો પડે.** ત્યાગ હોય તો પ્રભુની વાણીનો આદેશ મળે. ત્યાગ હોય તો જ્ઞાન પ્રાપ્ત થાય. હાથમાં ગ્લાસ લીધો. તરસ લાગી. ગળું સુકાયું હોય પણ અંદરથી અવાજ આવે કે ''પાણી નથી પીવું.'' ગળું સુકાય પણ **તમારો આત્મવિશ્વાસ હોય તો ગળું ન સુકાય.** હાથમાંથી ગ્લાસ મુકાઈ જાય, એ ત્યાગ છે. ક્રિયા વગર આરાધના વગર તપ નહિ. ક્રિયા થતી જાય ને **ક્રોધ આવે છે તપ કરવો છે તો તપ પર પાણી ફરી જાય.**

(૧૦) પૂ.માઁ કહે,'એક અરિહંત પદ બોલો એમાં કેટલા કર્મ ખપે.' અરિહંતની અંદર બધું આવી જાય. અરિહંત દરેક માટે છે. જૈન કે અજૈન માટે અરિહંત બધી જગ્યાએ છે. (અરિ = દુશ્મન. હંત = હણવાવાળા. અરિહંત એટલે પોતાના આંતરિક શત્રુ કાળ, ક્રોધ, રાગ, દ્વેષ, ઈર્ષ્યારૂપી શત્રુને હણવાવાળા. એમ અજૈન માં કહે છે હરિ = હ + અરિ. હ = હણવાવાળા. અરિ = દુશ્મનને. આમ હરિ, હરિ ૐ, અરિહા, અરિહંત બધા શબ્દો એકજ અર્થમાં છે. કાળજતાં લોકો શબ્દના અર્થ સમજી નથી શકતા માટે અલગ વિભાગ, વાડા પડે છે. બાકી અરિહંત બધા ધર્મમાં છે.)

(૧૧) પર્યુષણમાં આ એક વાવણી છે. તમે જાણો છો કે ઉગ્રતાથી કર્મ બંધાય છે. છતાં બાંધો છો તમારે કર્મ તોડવાની કોઈ તૈયારી નથી. સંવત્સરી પ્રતિક્રમણ કર્યા પછી પણ રાગને દ્વેષ તો ઉભાજ છે. જેની સાથે વેર છે તેને નહિ ખમાવું. હું શું કામ એને ખમાવું? એવું વિચારો છો.

(૧૨) ઘરમાં પણ શું કહો છો ? ''મારા ભાગ્યમાં ભટકાઈ ગયા. ક્યાં આની સાથે રહેવાનું આવ્યું ? નથી બોલવું જવાદો.'' પણ તમે શું કારણથી નથી બોલતા ? તમારે રાગથી નથી બોલવું ? દ્વેષથી નથી બોલવું ? પણ એમ વિચારો કે ''કર્મનાં બંધ તોડવા માટે મારે નથી બોલવું હું બાંધેલા કર્મથી મુક્ત થાઉં જેથી હું દોષથી બચું, એવી હું ભાવના ભાવું છું.'' આત્માનું એ પ્રત્યેનું રટણ હોવું જોઈએ.

(૧૩) આપણે કહીએ છીએ કે ''હવે જન્મ હોય તો જૈન કુળ મળજો'' પૂ.માઁ કહે છે કે ''જૈન કુળ મળશે ઈ ખાતરી છે ? જૈન હોય અભક્ષ્ય ખાતા હોય તો ક્યાંથી મળે ?'' માટે એમ બોલો...''જન્મ જો હોય તો ઉચ્ચકુળ આપજો ભગવંતના સિધ્ધાંતે ચાલી શકું...''

(૧૪) તમે ભગવાન પાસે શિવસુખ માંગો છો ને ? શિવસુખ એટલે શું ? શિવસુખ એટલે આત્માની અંદર પરમ શાંતિ. આ શિવસુખ જેને હોય તેને દુઃખ કદી થતું જ નથી. જે આવે એને આવવા દો. સહન કરવાની તાકાત હોય. સંસારની અંદર રહીને ગમે તેવા સુખ આવે કે દુઃખ આવે મનની તો શાંતિ જ હોય ઈ શિવસુખ. દુઃખ એટલે દુઃખ દર્દથી ભરેલો માનવી મૃત્યુ સુધી દુઃખ નથી મટવાનું. દુઃખના દર્દને દર્દના દુઃખ - એક પછી એક ચાલુજ રહેવાનું છે. જેને શિવસુખ એને ક્યાંય દુઃખ નથી. શિવસુખ તમારામાં ક્યાં દેખાય છે ? તમારી અંદર છે પણ તમે એને જોઈ નથી શકતાં પણ તમે એને મેળવો.

(૧૫) ભગવાનનો સિધ્ધાંતને ભગવાનનો ભેખ ક્યાં ? ભગવાનનો સત્ય મારગ ક્યાં રહ્યો ? પંથ ભૂલ્યા તો બરબાદી થઈ. (ભગવાનનો ભેખ અહિંસાનો ભેખ પહેર્યા પણ અહિંસાના સિધ્ધાંતને અનુસરતા નથી.)

(૧૬) ભગવંતને ઓળખી નથી શકતા, જ્ઞાનને પ્રાપ્ત નથી કરી શકતા ત્યાં શું ભગવાનનું શરણું મળે ? ભગવંતનું શરણું મળવું મુશ્કેલ છે. શરણું લેવા જ્ઞાન પ્રાપ્ત કરવું પડે, જ્ઞાન પ્રાપ્ત થાય તો સમજ આવે. જ્ઞાનથી ઓળખી શકીએ. જ્ઞાન પ્રાપ્ત ક્યારે થાય ? બેઠાંબેઠાં વિચારણા કરો. જ્ઞાનરૂપી સત્ય વચન સમજાય.

(૧૭) દર્શનથી દર્શન નથી. પૂજાથી પૂજા નથી. સમજથી દર્શન કરીએ તો દર્શન, સમજથી પૂજા કરી એ તો પૂજા અંગુઠામાંથી શું લેવું, ઢીંચણમાંથી બાવડામાંથી શું લેવું આ બધું લઈ એક પેટીમાં ભરી દેવું. ઈ પેટીમાં અવળ-સવળ કર્યા કરીએ તો ઈ પેટી હંમેશા ચોક્ખી રહેશે. ક્યારે કાટ નહીં લાગે. (પેટી એટલે આત્મા....અવળ-સવળ કરવું એટલે આત્માને જાગૃત રાખી

યાદ કરવું.) ભગવાનની સ્તુતિ ગુણગાન ગમે તેટલા કરો પણ નથી ઓળખાણ તો શું કરશો ?

(૧૮) તમે દસ સામાયિક કરી. પણ નીંદા કેટલી કરી? તો તમે સામાયિક કરી પણ સમજ વગરની કરી. એકજ સામાયિક કરો. એક સામાયિકમાં સમજ લાવો. દસની નીંદા ન કરો.

(૧૯) કર્મને તોડવા હોય તો મોહ ન રાખવો જોઈએ. આત્માને જે દુઃખ થાય, પીડા થાય, આત્મા થકી શરીરને પીડા છે. આત્મા મજબુત હોય, સરળ હોય ને ધ્યેય પર જતો હોય તો આત્માને કોઈ પીડા નથી.

(૨૦) પૂ.માઁએ કહ્યું, ''કોઈએ હું હું ન કરવું. જૈન ધર્મની થીયરી એમ કહે છે કે આત્માને ચડાવો તો ઉપર ચડાવજો, નીચે પાડતા નહીં.''

(૨૧) ભગવંતના મૂર્તિના વખાણ પણ ભગવંતના આત્માનો ઉપદ્રવનો, ઉપસર્ગનો વિચાર કરો. એમણે શું કષ્ટ વેઠ્યું એ વિચારો. કેવા ઉપસર્ગ સહન કર્યા તે મોહમાયામાંથી મુક્ત થયા. ભગવંતને દુઃખ નહોતું તમને નાની નાની વાતમાં દુઃખ છે. તમારે તો એકવાર બતાવી દઉં એવી ભાવના બદલો લેવાની ભાવના. જ્યારે ભગવાન વિચારે કે એને એકવાર બુઝવીને શાંત કરી એના આત્માને તારૂં.

(૨૨) તમારા પર કોઈને રોષ આવતો હોય તો એનાથી દૂર હટી જાઓ. તમે તો જો કોઈ રોષ કરે તો પાકું કરવા ઝગડવા જાઓ. પણ ભગવન એમ કહે છે જો તમને જોઈ રોષ આવતો હોય તો એનાથી દૂર હટી જાઓ. ઈ રસ્તો કાપી નાંખવો. દલીલ ચર્ચા નહિ. એની સામે હાથ ન ફેલાવવા.

(૨૩) માર ખાઈને નહિ આવવાનું પણ મારીને હુશિયારી બતાડવી નહિ કે મેં એને માર્યું. ''આ તો એણે મને માર્યું એટલે મારે મારવું પડ્યું.'' પણ હું તેને પહોંચી ને આવ્યો એવું ગર્વ કર્યું તો કર્મનો બંધ પડ્યો. વિચાર કરી, સમજ કરી અમલમાં મુકવું. કર્મ બાંધવાથી ભવ આવે છે. માટે કર્મ તોડવા પ્રયત્ન કરવો પડે. કોઈને ક્રોધ આવ્યો પણ થોડો પગ પાછો લઈલો તો બંને બચો.

(૨૪) મનુષ્ય ગમે તેટલો ક્રોધી હોય પણ બે મિનિટ પછી ભાવ-પ્રેમ-કરૂણા આવી જાય તો આ બધો ક્રોધ સમાઈ જાય ને આત્માનું કલ્યાણ થાય. ક્રોધ પછી દયા-પ્રેમ લાવજો તો ક્રોધનો સમાવેશ થઈ આત્મા તરી જશે.

(૨૫) ભગવંતનું જ્ઞાન વૈરાગ્ય બધું પ્રાપ્ત કરવા માટે હું (નાંણમાં) એક મંત્ર આપું, શુધ્ધભાવથી એકવાર બોલો અથવા એક નવકારવાળી ગણો. મંત્રઃ-

**''પારકુમારનું જ્ઞાનને નેમકુમારનો પંથ''** (પારકુમાર એ પાર્શ્વનાથ ભગવાનનું હુલામણુ નામ) આત્મા નિર્મળ હોય તો ગમે તેટલો કાદવ (કષાયો) હોય તો ઉપરથી જતો રહે. દરેક તપ કરે, ક્રિયા કરે એવું નથી. પ્રાર્થના કરવાની છે, પ્રાપ્ત કરવાનું છે. મેળવવાનું છે.

(૨૬) જૈન ધર્મને જે માનનારા, તપ કેમ કરવો ? આરાધના કેમ કરવી ? કીધું એટલે કરવું એમ નહિ, પણ કરવું જ છે એટલે કરવું. કોઈના કહેવાથી કરે તો વિરાધના આત્માથી કરે, આત્માના ભાવથી કરે આત્માને જાગ્રત કરવા માટે કરે તે આરાધના. તો જ આત્માને સફળ કરે.

(૨૭) ''મારે કાંઈ જોતું નથી. મારે આત્માનું કરી બેસવું છે.'' આ રસનો સ્વાદ લાગ્યો હોય તેને બીજો કોઈ રસ ન ગમે. ભગવાન વગર ભાવ નથી જાગતા, તેમ શક્તિ વગર ભક્તિ નથી થતી. ભક્તિની વખતે લીન લાગી જાય તો ભાવ જાગે.

(૨૮) શાસન દેવીની આજ્ઞા લઈ જિનમંદિરની અંદર પ્રવેશ કરવો જોઈએ. આપણી શ્રધ્ધા...મેં ભગવાનના શાસનદેવીની આજ્ઞા લીધી છે પછી પૂજા ભણાવી છે. આજ્ઞા લઈને કરેલી ભક્તિ ક્યારેય નિષ્ફળ નહિ જાય. શાસનદેવીની કાંતો નાંણદેવીમાંની કાંતો જે માઁને માનતા હોઈએ તેની આજ્ઞા લેવી જોઈએ. શાસન દેવીની આજ્ઞા ન હોય તો જૈન ધર્મનો કોઈ ઉધ્ધાર નથી. મંદિરમાં પ્રવેશતા પહેલા મંદિરની બાર બિરાજમાન શાસનદેવને કહેવું કે ''હે શાસનદેવો આદેશ આપો. કરૂં પ્રવેશને ભગવાનની ભક્તિ કરૂં'' જેમ રાજાને મળવા માટે દ્વારપાલની રજા લેવી પડે એમ.

(૨૯) જિનમંદિરમાં પૈસેથી કામ ન કરાવવું. ૨૫રૂા. આપી પહેલી પૂજા કરૂં એમ લક્ષ્મીથી નહિ આત્માથી ભગવાનને જીતો. આજે ભલે ગમે તેટલા વાગે નંબર આવે પણ પ્રભુની ભક્તિમાં લીન થઈ આરાધના કરવી. પૂજારીએ લક્ષ્મીને હા પાડી તમને નહિ. નિરંજન નિરાકાર ક્યારેય લક્ષ્મીને જોતા નથી ને તમે લક્ષ્મીમાં ભગવંતને પાડો છો. જો ગુપ્તદાન હશે. હું પદ નહીં, તક્તિ નહી તો તમને જે રસ્તો બતાવ્યો છે તે રસ્તા પર ચાલી શકશો.

(૩૦) કોઈ અપમાન કરતું હોય, માન ન આપતા હોય, પણ આત્મા સુંદર રાખવો. દુઃખ ન લગાડવું. બાકી આત્મા પાછો પડી જાય.

(૩૧) ધન-દૌલત જેટલું ખાવાનું છે, વાપરવાનું છે એટલુંજ - તો કરોડો અબજો ભેગા કરી લઉં કોના માટે ? જ્યાં પૈસો મૂક્યો હોય (કે ધન દાટ્યું હોય) ત્યાં તમારો આત્મા રખડે છે. આ તો માઁ કહે તમને રસ્તો બતાવું. મારે

તમારા આત્માને તારવો છે માટે સમજાવું.

(૩૨) સંસારની અંદર તમારૂં કાર્ય-કર્તવ્ય હોય તે બધું કરવું પડે પણ એના માટે પછી વિચારવાનું કે ''મેં આ શું કર્યું?'' તો તમે તરી શકો.

(૩૩) કર્મ સુખશાંતિથી આ ભવમાં ખપાવી શકો તો પાછલો ભવ તમારો સુધરે, સુધરે ને સુધરે.

(૩૪) આપણી પાછળ કોઈ ઉભું રહેવા કે બેસવા આવશે તો મોઢેથી નહી બોલો પણ કોણી મારશો. ભગવાન કેવી રીતે બનાય? ભગવાન કોઈને કોણી ધક્કો ન મારે. આગળ-પાછળ ન કરે. ભગવાન તો ભક્તિમાં જેને રસ છે ઈ આગળના ન હોય પણ પાછળના હોય તેય જુવે છે.

(૩૫) પ્રતિક્રમણ કરવા બેસો, ઢીંચણ ઉંચો કરો. પલાઠો મોટો કરો. ભગવાન એમ કહે છે? પ્રતિક્રમણ એટલે ધાર્મિક ક્રિયા-જગ્યા બીજાને આપી તો ડબ્બલ પુણ્ય.

(૩૬) ઉપવાસ - બેસણા કરું, સર આગળ ભણું, પણ તારા આત્માને જગાડ. જો જાગી ગયો તો બેડો પાર.

(૩૭) જૈન હોય કે ઈત્તર કોમ જેનો આત્મા જાગૃત હોય ઈ આ બધું કરી શકે છે સંસાર ત્યાગ કરી શકે છે. માઁએ કીધું એટલે કરવું એમ નહિ, તમારો આત્મા જાગૃત કરીને કરો.

(૩૮) કોઈ મારતું હોયતો હજી માર, હજી માર તો આપણા કર્મ બંધાય. તો આમ બોલાય? મરાય કે બચાવાય? ''એને બરાબર કર જરૂર છે'' એવું કહેવાવાળા હોય. ટી.વી. ચાલુ કર્યું હોય તો ફાસ્ટ કર કહે. તો આ બધું કરનારને દોષ નથી પણ કહેનારને દોષ છે.

(૩૯) મૂળ તો આત્મા જ. ઝાડુવાળા હોય, ઈત્તરકોમ હોય કોઈપણ હોય પણ ઈ બધું તો એના પુદ્‌ગલને કહો છો. આત્માને નહીં. એનો આત્મા પરમેશ્વરનો નહિ હોય કોણે કીધું? પણ જીવ એટલે આત્માને કેળવવો આપણા હાથની વાત છે.

(૪૦) ધંધાની અંદર કદાચ પાપ કરવું પડે તો હસીને નહી રડીને કરવાનું. ખાવામાં ભાગીદાર બધા પણ કર્મ ભોગવવામાં તું એકલો. આપણે હસીને કરીએ છીએ ઈ નહીં રોતા કરજો.

(૪૧) તમે ધર્મ કરો, લોકોની સેવા કરો પણ જો વચ્ચે ઘુસીને કર્યું તો ચોકડી. તો એ ધર્મ કોઈ કામનો નહીં બધું ધોવાઈ જાય. ન પૂજા થાય તો ન કરો. બહાર બેસી ભાવના કરો. ભાવથી નવ અંગે પૂજા કરો. પણ સમાજમાં

મોટા છો તો આગળ આવો એમ નહિ. તે મોટા હોય એની ફરજ શું છે ? પહેલા જઈ આચરણમાં મુકવું જોઈએ. પછી આગળ વધવું જોઈએ.

(૪૨) તમારી ભૂલ થાય તો શું માંગો ? ક્ષમા ત્રિલોકના નાથ પાસે ક્ષમા માંગો. ભગવાન આગળ કર્મ ખપાવવાની વિનંતી કરો.

(૪૩) મમતા છોડો માયા મુકો ને સાચામાર્ગે ચાલો. જીવદયા રાખો. જીવોને મરતાં જોતાં આત્માને દુઃખ આવે. આંખમાં પાણી આવે ઝણઝણાટી થાય.

(૪૪) જ્યારે પુણ્યનો ઉદય હોય ત્યારે વિચારો એક સેકંડમાં ફરે. ગૌતમના વિચારો ૧ સેકંડમાં ફર્યા ને વર્ધમાનના શિષ્ય બન્યા.

(૪૫) તમારી અંદર, મનની અંદર, આત્માની અંદર મન નચાવે, માંકડાને કંટ્રોલમાં રાખો. આત્માને જાગૃત રાખો. મારે આ કરવાનું એટલે કરવાનું. અંદર ઉતરી જવું જોઈએ. થોડુંક સમજી શકો તો પુન્યનું ત્રાજવું કદી નીચું નહીં આવે.

(૪૬) ''મેં કર્યું'' એમ નહીં કહેતા ''મેં કુતરાને બચાવ્યો'' ''કબુતરને જાર નાખી'' એવું ક્યારેય ન બોલવું. **'ગુપ્તદાન'** રાખો. તરવું છે તો ગુપ્તદાન હંમેશ માટે આત્માને તરવા, બચાવવા, કુણો પાડવા માટે.

(૪૭) ''મેં કર્યું'' તો ડુબવા માટે. તમે ઓળખાઈ ગયા. મેં કર્યું કહો તો તમે ઓળખાઈ ગયા. ક્યારેક પોલીસ આવે એને ખબર જ ન હોય કે કોણે કર્યું તો ક્યાં ગોતશે ? પણ ''મેં કર્યું'' તમારૂં નામ આવ્યું તો પોલીસ તમને પકડી લેશે. (કેટલું સરસ ઉદા. આપ્યું છે. 'મેં કર્યું' એમ થાય, તો હું પદ, અહંકારરૂપી પોલીસ તમને પકડી લેશે ને જન્મ-મરણ રૂપી જંજીરથી તમે બંધાઈ જશોને ભવસમુદ્ર રૂપી જેલમાં નાંખી દેશે) તો મનના માંકડાની લગામ બરાબર રાખવી.

(૪૮) સમદ્રષ્ટી કોને કહી શકાય કે, પોતાના દ્વારપર દુશ્મન પોતાનું અહિત કરવા આવ્યો હોય, પોતાનો અવગુણ લઈને આવ્યો હોય, તો પણ જે વ્યક્તિ એમ સમજી શકે કે કર્મના યોગથી આ બધું બને છે, પાપનો ઉદય છે, માણસ ખરાબ નથી પણ આપણું કર્મ એવું છે તો સમદ્રષ્ટી આવે. પણ મનમાં એમ હોય કે ''આજે ભલે તે અંદર આવ્યો, પણ કાલે તો હું એને બતાવી દઈશ'' તો સમદ્રષ્ટી ક્યાંથી આવે ? મનુષ્યને સમદ્રષ્ટી લાવવી બહુ મુશ્કેલ હોય **ને સમદ્રષ્ટી જો રાખવી હોયતો આત્માની સરળતા શીતળતા, સમભાવના હોય તો સમદ્રષ્ટી રહી શકે.**

(૪૯) શાક સુધારો, પાંદડા સમારો તો પણ પાપ, હોંસે હોંસે ખાવ તો પણ

પાપ, વસ્તુ વગર નથી ચાલતુ તો પણ પાપ. નથી ભાવતું ને નથી ખાતા એમ નહીં, પણ ઈચ્છા થી તમે જો ત્યાગ કરી દો, કે આજે નથી ખાવું તો દયા ભાવના આવે. આઠમ-ચૌદશશાસ્ત્ર કેમ કહે છે કે નહીં ખાવાનું, અંદર બેટા...જીણા જીણા જીવ છે. પૂ. માં. એ કહ્યું કે, આ વસ્તુ સમજાય તો આપણને એના પર દયા આવે. આઠમ છે એટલે નથી ખાવું, ચૌદશ છે એટલે નથી ખાવું, એમ નહીં. ચાલુ દિવસે કહો કે આજે બે શાક છે, મારે એક નથી ખાવુ, મારે એકજ શાક ખાવું છે. પણ એટલું તમે મનથી વિચારીને કરો તો તમને એકજ શાકનો દોષ લાગે. **આત્માને જગાડીને ન ખાવું તો એ પુણ્યશાળી આત્મ કરી શકે.**

(૫૦) વાત કરતા કોઈને તરછોડો તો કેમ તરછોડો ? હું કંઈક છું એટલે તમે તરછોડો. નહીંતો ના તરછોડો. તમારા હું પદને છોડતા નથી એટલે હું કહું એજ સાચું. હું પદ એટલે જીદ, મારે મારૂ કરાવવુંજ છે. ગમે તેમ થાય છેલ્લે પોલીસ રાખીશ, વકીલ કરીશ પણ આ કામ એની આગળ કરાવીશ. જે ખોટું કામ કરાવો તે અન્યાયથી કરાવો છો. અનિતિથી કરાવો છો. સંસારમાં આજ હોય બેટા...પણ આપણે જરા વીચારીએ તો બે પગલાં પાછા પડીએ.

(૫૧) પૂ. માઁ કહે છે...તમે એમ કહો છો કે ભગવાન સામું નથી જોતો, પણ ભગવાન એમ કહે છે કે તું પાપ કરવામાં કાંઈ બાકી નથી રાખતો, છેતરવામાં કાંઈ કમીના નથી રાખતો, લુંટવામાં કાંઈ હિસાબ નથી રાખતો, તો તારી જોડે, એટલે કે અસત્યની જોડે હું ક્યાં ઉભો રહું ?

(૫૨) શ્રી નાણંદેવીમાઁએ કહ્યું કે,''તમારૂં છેલ્લું જીવન સુધારી લેજો. આજથી પાંચ વર્ષ પછી એવો સમય આવશે કે કુટુંબમાં લાગણી જેવું કાંઈ નહી રહે...'' ''તમે ગાંડાવેડા નહીં કાઢો, છાનામાના બેસી રહો.'' આ શબ્દો સાંભળતા જીવન આકરૂં થઈ જશે. આ શબ્દો અથડાયા કરશે. ત્યારે તમારા આત્માને પડવા ન દેશો. કાંઈપણ થાય આત્માનું ગુમાવતા નહિ. આ ચેતવણી છે. જે ભગવાન ભાખીને ગયા છે. તે સમય આવી રહ્યો છે.

(૫૩) અંતિમ ઘડીએ 'મેં કર્યું' 'મેં કર્યું નહીં' કરતા મેં મારા દિકરા માટે આટલું કર્યું. પત્ની માટે આટલું કર્યું. સગાવહાલા પાડોસી માટે કર્યું પણ હમણા એ મારૂં કંઈ નથી કરતા. એમ નહીં વિચારતા. આખી જીંદગી તો પરિવાર માટે દોડાદોડી કરવી પડી છે. પણ હવે આત્માનો જ વિચાર કરો. આત્મા માટે કરો. અને મેં કર્યું, મેં કર્યું છોડો.

**(આ દેવી વાણી અમૃત તુલ્ય છે. જેટલી હૃદયમાં ઉતરશે તેટલો આત્મા સુંદર, નિર્મળને પ્રેમાળ બનશે)**

# આટલું જરૂર કરો...

**સજીવ હોય કે નિર્જીવ દરેકનો આભાર માનો.**
**દરેકને ક્ષમાપના આપો. દરેકનું કલ્યાણ ઈચ્છો**

સવારે ઉઠીને શાંત ચિત્તે બેઠા હોય, ત્યારે, અથવા તો સવારે કે સાંજે ચાલવા જતા હોય ત્યારે, અથવા કામ કરતાં અથવા તો રાતના ઉંઘ ન આવે ત્યાં સુધી નીચેની ભાવના જરૂર ભાવો, જેનાથી આત્મા પર લાગેલા કર્મો ઓછા થશે, આત્મા નિર્મળ થશે અને સદ્‌ગુણોનો અવિર્ભાવ થશે. આ બધી ભાવના મનમાં ભાવવાની છે.

(૧) હે સિદ્ધ પરમાત્મા! આપના અનંત ઉપકારને કારણે મારો જીવ નિગોદમાંથી નીકળી વ્યવહાર રાશિમાં આવ્યો નહિ તો હજી હું એક શ્વાસમાં સાડાસત્તર વખત જન્મ-મરણના દુઃખ સહતો હોત! માટે હે સિદ્ધમાતા હું તમારો ખૂબ જ આભાર માનું છું.

(૨) હે કુદરત! ધર્મ આરાધના કરવા માટે મને આટલો સુંદર દિવસ આપ્યા બદલ હું આપનો ખૂબ ખૂબ આભાર માનું છું.

(૩) હે માતા-પિતા! આપે દુઃખ વેઠી મને જન્મ આપ્યો, પાળી પોષી મોટો કર્યો તથા દેવ-ગુરૂને ધર્મ પમાડવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર માનું છું. હે માતા પિતા મેં ઘણી વખત આપની આજ્ઞા નહી પાળી હોય, આપને સામો થયો હોઈશ, આપના હૃદયને ઘણું ઘણું દુઃખ પહોંચાડયું હશે, તો હે માતા-પિતા આપનો આત્મા જ્યાં પણ હોય... હું મારા શુદ્ધાત્માની સાક્ષીએ આપના શુદ્ધાત્માની ક્ષમા માંગુ છું. મને જરૂર ક્ષમા કરશો.

(૪) હે કુળદેવી માતા! આપ અમારા કુળની રક્ષા કરો છો. તે માટે અમે આપનો ઘણો ઘણો આભાર માનીએ છીએ. અમારાથી આજ દિન સુધી જાણતા અજાણતા જે કાંઈપણ ભૂલચૂક - દોષ થયો હોય તો સહપરિવાર આપની ખરા અંતરથી માફી માંગીએ છીએ.

(૫) હે પતિદેવ (પત્ની)! આપ મારા જીવનસાથી બની મને જીવન જીવવામાં સહાયતા કરી તે બદલ આપનો ઘણો જ ઘણો આભાર માનું છું. આજદિન સુધી આપના હૃદયને દુઃખ લાગે તેવું મારા વાણી તથા વર્તન દ્વારા કાંઈપણ બન્યું હોય તો મારા શુદ્ધાત્માની સાક્ષીએ આપના શુદ્ધાત્માની મન-વચનન કાયાથી ક્ષમા માગું છું. આપ મને જરૂર ક્ષમા કરશો.

(૬) હે પુત્ર, પુત્રી, પૌત્ર, પૌત્રીઓ! (દરેકનું નામ દઈ અલગ અલગ પણ માફી માંગી શકાય છે) જેની જોડે વેરના સંબંધ વધારે હોય અને પ્રેમના સંબંધ વધારે હોય તેજ આત્મા આપણી વધુ નજીક આવે છે. આપ દરેકને મોટા કરતાં ક્યારેક મારવું પડયું હશે તો ક્યારેક લડવું પડયું હશે. મારા શુદ્ધાત્માની સાક્ષીએ આપના શુધ્ધાત્માની મન-વચનને કાયાથી ક્ષમા ઈચ્છું છું.

આ રીતે ભાઈ-બહેન-દેરાણી-જેઠાણી-સાસુ-કાકા-મામા-માસી-ફઈ-બાળપણના મિત્રો-અત્યારના મિત્રો - જૂના પાડોશી - નવા પાડોશી - દરેકનું વ્યક્તિગત નામ દઈને અથવા સમૂહમાં દરેકનો આભાર માનવો તથા દરેકના શુદ્ધાત્માનો આપણા શુદ્ધાત્માની સાક્ષીએ મન-વચન-કાયાથી ક્ષમા માંગવી.

નિર્જીવ વસ્તુ જેવી કે ઘર છે કે જેણે આપણને ટાઢ-તડકા તથા વરસાદથી બચાવ્યા છે, તેવી રીતે ઓફીસ, દુકાન તથા ગાડી - મોટર - સ્કુટર જેણે આપણને એક જગ્યાથી બીજી જગ્યાએ જવામાં સહાય કરી છે એવી જે જે નિર્જીવ વસ્તુ પણ યાદ આવે તે દરેકનો ખૂબ ખૂબ આભાર માનવો. જેનાથી નિર્જીવ વસ્તુઓ પણ આપણને ખૂબ સહાય કરે છે. દા.ત. તમારી ગાડી બગડશે તો એવી જગ્યાએ ખોટવાશે કે જ્યાં તમને સહેલાઈથી મીકેનીક મળી જાય.

તેવી રીતે સવારે ઉઠો ત્યારથી સુઈ જાવ ત્યાં સુધી જે જે વ્યક્તિ કે વસ્તુ સામે આવે તે દરેકનું ખૂબ ખૂભ કલ્યાણ ઈચ્છો. દા.ત. સવારે ઉઠતાં પતિ-પત્ની-મા-બાપ કે બાળકોને જોતા ભગવાન તેઓનું ખૂબ ખૂબ કલ્યાણ કરો તેવી ભાવના ભાવવી સવારે દૂધ લેવા જાઓ તો આ દૂધવાળાનું ખૂબ ખૂબ કલ્યાણ થાઓ. તેમ વિચારવું. તેમ સવારે વોક લેવા જાઓ. ત્યારે આજુબાજુ રહેલા ઝાડ-પાન-પશુ-પક્ષી-માણસો દરેકનું ભગવાન ખૂબ ખૂબ કલ્યાણ કરો. એવી ભાવના ભાવવી. આ રીતના જગતના સર્વ પ્રાણીનું ખૂબ ખૂબ કલ્યાણ ઈચ્છવું.

આપણો જીવ પ્રથમવાર નિગોદમાંથી નિકળ્યો ત્યારથી આજ સુધી કેટલાય જીવોને હણ્યા હશે, કેટલાયને છેદ્યા છૂંદ્યા હશે, ઉકાળ્યા હશે, કાપ્યા હશે, કેટલાયને બંધનમાં નાખ્યા હશે, અનેકવિધ રીતે દુઃખ પહોંચાડ્યું હશે. કોઈને શારિરિક તો કોઈને માનસિક, કોઈને મારી વાણીથી દુઃખ પહોંચાડયું હશે તો કોઈને મરવા માટે મજબૂર કર્યા હશે. એ દરેકે દરેક જીવની મન-વચન-કાયાથી ત્રિવિધે ક્ષમાયાચના કરૂં છું.

મિચ્છામિદુક્કડમ

# આભાર વંદના

પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨ પુસ્તકમાં મેં છેલ્લા બે સવાલ-જવાબ અને 'રત્નકણિકા' એ પૂજ્ય સમભાવી દેવી શ્રી નાંણદેવીમાઁ જેમના પર છેલ્લા પાંચ દાયકાથી પ્રસન્ન છે એવા પૂજ્ય શ્રી શારદામાઁ (ગાંધી) એ કહેલી દિવ્યવાણીનું મેં જે આલેખન કર્યું છે તેમાંથી લીધી છે. પૂજ્યમાઁએ જૈનધર્મ વિષે વાણી વરસાવી પ્રકાશ પાડ્યો છે. તે સમજવા જેવો છે. આ કળિયુગમાં શાક્ષાત દૈવીશક્તિ દ્વારા ધર્મનું જ્ઞાન મળી રહ્યું છે. જીવન જીવવાની કળા મળી રહી છે. અગોચર એવા કેટલાય વિષયો પર ઉંડી સમજણ મળી રહી છે. પરદુઃખભંજનમાઁ ભક્તોને ભૌતિક દુઃખોમાંથી તો બહાર કાઢે છે, પણ સાથે સાથે એમના પરભવની પણ ચીંતા કરે છે કે મારો કોઈ ભક્ત ભવસાગરમાં ડૂબી ન જાય. માટે કરૂણામયી માઁ પરમાર્થનો આત્માનો મોક્ષનો માર્ગ બતાવે છે. પૂજ્ય શારદામાઁએ કહેલી દિવ્યવાણી સામાન્ય લોક જનને થયેલા ઘણા શારિરિક તથા માનસિક શાંતિ આપનારા અનુભવો, તથા આધ્યાત્મિક શાંતિ આપનારા વચનોનો સમાવેશ કરતું દિવ્ય પુસ્તકનું નામ છે **'મહેર મળજો માઁની'** જેમાં ઘણા ભક્તજનોને થયેલા ચમત્કારિક અનુભવોનું વર્ણન પણ છે. **'મહેર મળજો માઁની'** ની પુસ્તક આપને ''શારદાગ્રામ, શ્રી નાંણદેવીમાઁ મંદિર, પિયુષપાણી તીર્થની બાજુમાં, વેસ્ટર્ન એક્ષપ્રેસ હાઈવે નં.૮, વરસાવા, જી.ઠાણા'' આ એડ્રેસ પરથી મળી શકશે. ''કષ્ટહણનાર, પ્રસન્નશક્તિ શ્રી નાંણશારદામાઁના આશીર્વાદથી જ આ પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨નું લેખન શક્ય બન્યું છે, એવું હું દૃઢપણે માનું છું.''

નાંણદેવી માઁનું મૂળ સ્થાનક ડીશા પાસે આવેલ થરાદ ગામ ખાતે વર્ષો જૂના મંદિરમાં આવેલ છે. મુંબઈ નગરીમાં પિયુષપાણી તીર્થધામની પાસે આવેલા શારદા ગ્રામમાં પૂજ્ય શ્રી નાંણદેવીમાઁના ભવ્ય મંદિર નિર્માણનું કાર્ય પૂર્ણતાએ છે. આ મંદિર લગભગ ૫૦૦૦ ચો.ફૂટના વિશાળ પરિસરમાં ભવ્ય રંગમંડપ સાથે આકાર લઈ રહ્યું છે. ઘણા ભાવિક ભક્તો ત્યાં આવેલા હાલમાં સ્થાપિત થયેલા નાના-સુંદર રમણિય મંદિરના દર્શનનો લાભ લઈ રહ્યા છે.

પૂજ્ય માઁના ફોટા પાસે બે ફુલવાટનો દીવો કરી નીચે મુજબની પ્રાર્થના કરવી.

**હે નાંણદેવી માઁ.... સહાય કરો, રક્ષા કરો, મારી ઈચ્છા પરિપૂર્ણ કરો, મારા ખોટા કાર્યનો નાશ કરો, હું તમારા આશરે છું.**

આ ગુજરાતી સરળ શબ્દોથી ગુફીત મંત્રાક્ષરો છે. દરરોજ માઁનું સ્મરણ કરી, મંત્રાક્ષર બોલવાથી મનોકામના પૂર્ણ થાય છે. પછી માઁના મંદિરે દર્શન કરવાથી ફળની પ્રાપ્તિ થાય છે. એવો અનેક ભાવિકજનોનો અનુભવ છે. પરમ સત્ રીબાતું

હોય તો દૈવીશક્તિ જરૂર મદદ કરે છે ને જ્ઞાનમાર્ગમાં, ધર્મમાર્ગમાં આગળ વધવાની સહાય કરે છે તેવો મારો અનુભવ છે. છેલ્લા ૪૫ વર્ષથી સમકિત દેવી શ્રી નાંણદેવી માઁ શ્રી શારદામાઁ માં શક્તિ સ્વરૂપ પ્રસન્ન છે. શારદામાં ભક્તોના તથા સાધુ-સાધ્વીજી ભગવંતોના કલ્યાણના જે કાર્ય કરી રહ્યા છે તે સંપૂર્ણ જૈન વિધિ, જૈન સિધ્ધાંત અનુસાર કરી રહ્યા છે. કેમકે જૈન સંસ્કારોથી એમનું જીવન ઘડતર થયું છે. નાતજાતના કોઈપણ ભેદભાવ વગર ભક્તોના ભૌતિક દુઃખ દૂર કરી આધ્યાત્મિક માર્ગે વાળી ભવોભવના ફેરાના દુઃખમાંથી ઉગારવા આત્માને જગાડે છે. દરરોજ હજારો ભક્તોનું ઘરમાં આવવું-જવું, કોઈનો એકપણ પૈસો લીધા વગર હજારો ભક્તો માટે કાર્ય કરવું, એના માટે પ.પૂ.શ્રી છોટુભાઈ, પૂ.શારદામાઁ અને એમના પરિવારજનોએ જે બલિદાન આપ્યું તે અકલ્પ્ય છે, અલૌકિક છે. ''શ્રી શારદા મંદિર ટ્રસ્ટ'' નામે એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ પણ ચાલે છે જેમાં મેડીકલ, એજ્યુકેશન, અનાજ, તથા જરૂરિયાતવાળાને સહાય પણ આપવામાં આવે છે. આ બધા ઉમદા કાર્યોને ધ્યાનમાં લઈને મુંબઈ મ્યુનિસિપાલિટીએ ચિનાઈ કોલેજ (અંધેરી ઈસ્ટ)ના સામેના રસ્તાને ''શ્રી નાંણ શારદામાં માર્ગ'' એવું નામ આપ્યું છે જે આપ બાજુના ફોટામાં જોઈ શકો છો.

શ્રીપાલ મહારાજાએ પણ નવપદની આરાધના કરતાં પહેલાં શ્રી ચક્રેશ્વરી દેવીની ઉપાસના કરી હતી. આજ પણ સમકિત દેવી નાંણ દેવીમાઁની શક્તિનો લાભ કેટલાયે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ લઈ રહ્યા છે અને ધર્મ આરાધનામાં આગળ વધી રહ્યા છે. આવા શ્રી નાણં શારદામાઁએ મને આ અમૂલ્ય પુસ્તક ''પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ તથા ભાગ-૨'' લખવામાં જે સહાયતા કરી છે તે બદલ હું એમને અત્યધિક આભાર સહ વંદન કરૂ છું.

**સુબોધી સતીશ મસાલીયા જય જીનેન્દ્ર**

ખાસનોંધ : આ પુસ્તકની હિન્દીમાં પણ અત્યંત માંગને કારણે આ પુસ્તકનું હિન્દી રૂપાંતર પણ થયું છે. જે તમને નીચેના નંબર પર કોન્ટેક્ટ કરવાથી વિનામુલ્ય પ્રાપ્ત થઈ શકશે.

**જૈન મંદિર - 9320306187 (ન્યુ દિલ્લી)**
**હિતેશભાઈ - 9429461594, 8320641461 (અમદાવાદ)**
**શ્રીમતી મીનાબેન દશરડા - 28918350 / 9821116250**
**શ્રીમતી સુબોધીબેન મસાલીયા - 8850088567 / 9892163609**
**દુબઈ : શ્રેયશ મસાલીયા : +971506402282 / સ્મીતા મહેતા : +971504831290**

❖ **પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ અને ભાગ-૨ વાંચતા કોઈપણ વાચકને કાંઈપણ સવાલ ઉદ્દ્ભવે તો ફોન પર નહીં પૂછતા...8850088567 નંબર પર વોટસઅપ કરી દેવું - સુબોધી મસાલીયા**

# શંકા અને સમાધાન

ઘણાનો મને એ સવાલ આવે છે કે ''બેન આ બુક અમને અંગ્રેજી માં આપો ને...'' એ દરેકને જણાવવાનું કે અંગ્રેજીમાં ટ, ઠ, ડ, ઢ, ણ માટે કોઈ આલ્ફાબેટ છે નહિ તેના માટે શું લખવાનું? વળી પાછું આ ભાષા પાસે કોઈ ફીક્ષ ઉચ્ચાર (Pronounce) નથી... એકજ શબ્દ ત્રણ જણ વાંચશે તો ત્રણેય અલગ ઉચ્ચાર કરશે. દા.ત.મેં આગમ - Aagama... લખ્યું હશે તો કોઈ અગમા વાંચશે, કોઈ આગમા વાંચશે કોઈ અગમ વાંચશે... ચલો આજે તો કોઈ કહેવાવાળું મળી જશે કે ભાઈ... આ અગમા નથી પણ આગમ છે... પણ આજથી ૨૦૦ વર્ષ પછીનો વિચાર કરો...આપણે તો જતાં રહેશું પણ આ શાસ્ત્ર તો એમજ રહેશે...પણ એ વખતે કોઈ કહેવા વાળું નહી બચ્યું હોય કે ભાઈ... આ 'આગમ' વંચાય...ને ત્યારે આ ત્રણેય કહેશે કે અમેજ સાચા છીએ, અમારા બાપા આમજ બોલતા હતા...અને આપણે લખવા વાળા ઉત્સુત્ર ભાષણના પ્રણેતા બની જઈશું ને આપણો અનંતો સંસાર વધારી દેશું. આપણે આપણા છોકરાઓને હોંસે હોંસે અંગ્રેજી પુસ્તકમાંથી સૂત્રો શીખવાડીએ છીએ... પણ આપણે એ નથી જાણતા કે...આજથી ૧૦ પેઢી પછી જૈન કુટુંબમાં મારો જન્મ થશે તો મને સાચો નવકારપણ નહી મળે... કોઈ નમો અરિહંતાનામ્ બોલતું હશે તો કોઈ નામો અરિહંતાનમ બોલતું હશે... માટે જરા દિર્ઘદૃષ્ટા બની જરા શાંત મનથી વિચારો કે જે ભાષા પાસે પૂરા આલ્ફાબેટ નથી, જેની પાસે ફીક્ષ પ્રોનાઉન્સ નથી એવી Poor Language માં હું આટલી ઉચ્ચ કક્ષાની તત્ત્વની વાતો કેવી રીતે આપી શકું ? જો તમે પણ ખરેખર તમારૂં ને તમારા બાળકોનું ને ભાવીપેઢીનું ભવિષ્ય ઈચ્છતા હો ને એવુ ઈચ્છતા હો કે મારા બાળકો પણ ધર્મના સૂત્રો ભણે... તત્ત્વની વાતો જાણે... તેઓ પણ કંઈ પામે તો એ લોકોને નાનપણથી જ પહેલા ધોરણથી જ ગુજરાતી અથવા હિન્દી શીખવાડો. એકજ વરસમાં એટલું સરસ ગુજરાતી કે હિન્દી શીખી જશે, એ મારો પોતાનો અનુભવ છે... ગુજરાતી કે હિન્દી ધરતીના છેડે લોકો વાંચશે તો પણ બધાનો ઉચ્ચાર તો એકજ રહેશે...જાગ્યા ત્યારથી સવાર સમજીને આજે જે નાના છોકરાઓ છે પહેલા-બીજા ધોરણમાં એમના મા-બાપ એમને ગુજરાતી કે હિન્દી શીખવવાનું ચાલુ કરી દે અને અંગ્રેજીના સૂત્રોના પુસ્તકો ઘરમાં રાખે જ નહીં. તો આપણું ને બાળકોનું ભવિષ્ય સુધરી શકે છે. એટલે જ મેં આ પુસ્તકનું અંગ્રેજી નહી કરાવતા હિન્દી અનુવાદ કરાવ્યો.

જય જિનેન્દ્ર - સુબોધી મસાલીયા

આપને આ પુસ્તક સારૂ લાગ્યું હોય, જાણવા જેવું લાગ્યું હોય તો પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ તથા ભાગ-૨ નો વધુમાં વધુ પ્રચાર કરો. જેથી વધુમાં વધુ લોકો સુધી આ પુસ્તક પહોંચી શકે. મને 8850088567 નંબર પર વોટસઅપ કરો. તમારૂં નામ અને ક્યાં રહો છો તે લખો અને પ્રશ્નોત્તર રત્નમાલા બુક એટલું લખો. હું તમને બુક ક્યાં મળશે તે બધા કોન્ટેક્ટ નંબર, બુકની epub file, PDF Podcast on link વોટસઅપ કરી દઈશ. તે તમારા બધા ગ્રુપમાં વધુમાં વધુ ફોરવર્ડ કરીને આપ આ ધર્મપ્રચારના કાર્યમાં સહભાગી બની શકો છો.

- સુબોધી સતીશ મસાલીયા

## -: આત્મભાવના :-

**દરેકે દરેક જીવ યથાયોગ્ય જ્ઞાન પામીને પરમાત્માની આશાતના થી બચે એજ અંતરભાવના** (કોણ છે પરમાત્મા ? કેવી આશતના ?) આ દેહાલય એજ દેવાલય. એમાં વિરાજમાન આપણો આત્મા એજ પરમાત્મા. (તો એની વળી આશાતના કેવી ?) હા.... જ્યારે જ્યારે ક્રોધ આવે છે ત્યારે આત્માની આશાતના થાય છે. જ્યારે જ્યારે અહંકાર આવે છે, જ્યારે કપટ કરો છો, જ્યારે જૂઠ બોલો છો, જ્યારે અબ્રહ્મનું સેવન કરો છો, જ્યારે હિંસા કરો છો, જ્યારે ચોરી કરો છો, અઢારે પાપસ્થાનકમાંથી કોઈપણ પ્રકારના પાપનું સેવન કરો છો ત્યારે ત્યારે તમેજ તમારામાં બિરાજમાન પરમાત્માની આશાતના કરો છો... કેમકે તમેજ આત્મા પર કર્મના પડ ચઢાવી તેને સંસારમાં ભટકવા માટે ને અનંત દુઃખો ભોગવવા માટે મજબૂર કરો છો **તો મારી અંતરભાવના છે કે આ પુસ્તક વાચ્યા પછી મારા ને તમારામાં એટલી જાગૃતતા આવે કે વિષયકષાયોનું સેવન કરતાં તેજ ઘડીએ ભાન આવે કે ''હું પરમાત્માની આશાતના કરી રહ્યો છું.'' હે આત્મા, પરમાત્મા મને ક્ષમા કરો... ફરી આવું ન થાય એવું કરો**

સુબોધીબેન લીખીત પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧ અને ભાગ-૨ થઈને તત્વજ્ઞાન વિષયક ૭૦૦ સવાલ જવાબનો સંગ્રહ છે. બંને ભાગ વાંચવાથી નિગોદથી મોક્ષ સુધીની યાત્રામાં ઉત્પન્ન થતા મનના ઘણા સવાલોનું સમાધાન થઈ જશે... આ પુસ્તકો વાંચતા વાંચતા જીવન પરિવર્તન થયાના, સ્વભાવ બદલાયાના ઘણાના ફોન કે મેસેજ આવ્યા કરે છે. ડોનર્સના સહકારથી આપણે ૨૨૦૦૦ ગુજરાતી બુક તથા ૭૦૦૦ હિન્દી બુકનું ફ્રીમાં વિતરણ કરી શક્યા છીએ.

કોઈને પણ પુસ્તક છપાવવાનો લાભ લેવો હોય તો
સુબોધીબેનનો કોન્ટેક્ટ કરવો. મો.: - 8850088567

આ પુસ્તકમાં જ્યાં જ્યા 'મહાવીર' લખાઈ ગયું છે ત્યાં ભગવાન મહાવીર એમ વાચવું.



છેલ્લા પાંચ દાયકાથી પૂજ્ય નાંણદેવીમાઁ જેના પર પ્રસન્ન છે. એવા
પૂજ્ય શ્રી નાંણશારદામાઁ (શ્રીમતી શારદાબેન સી. ગાંધી - ધ્રાંગધ્રા)
તથા તપસ્વીરત્ન પરમપૂજ્ય શ્રી હંસરત્ન વિજયજી મહારાજ.




શ્રી નાંણ શારદામાં માર્ગ ના ઉદ્‌ઘાટન પ્રસંગપર પધારેલા અગ્રણી
જૈન રત્ન શ્રેષ્ઠી શ્રી દિપચંદભાઈ ગાર્ડી, એસીપી. શ્રી અરવિંદ મહાબદી
ની ઉપસ્થિતિમાં શ્રી નાંણશારદામાં ના હાથેથી સન્માન ચિન્હ
સ્વીકારતા દેખાય છે.

શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી નાંણદેવી માતાય નમઃ

નાંણશારદા માતાય નમઃ



## હે માત-પિતા તમને વંદન હો વાર હજાર

સ્વ.દલસુખભાઈ ફતેચંદ મસાલીયા



સ્વ.મોતીબેન દલસુખભાઈ મસાલીયા



સ્વ.શ્રી સતીશભાઈ દલસુખભાઈ મસાલીયા



સ્વ.વરઘીભાઈ છોટાલાલ શાહ



સ્વ.ઝેણીબેન વરઘીભાઈ શાહ



મા-બાપ હયાત હોય ત્યારે, હૈયુ એનું ઠારજો
પાનખરમાં વસંત આવે, એવો વ્યવહાર રાખજો.

❊ નતમસ્તક : સુબોધી સતીશ મસાલીયા ❊

૧૯, ધર્મપ્રતાપ, અશોક ચક્રવર્તી રોડ, દામોદર વાડીની સામે, કાંદિવલી (પૂર્વ),
મુંબઈ - ૪૦૦ ૧૦૧. ફોન : ૮૮૫૦૦૮૮૫૬૭ / ૯૮૯૨૧ ૬૩૬૦૯

LUCKY PRINTERS
9821289971 / 28823592